પાપપ્રતિઘાત-ગુણબીજાધાનસૂત્ર
સાધુધર્મપરિભાવનસૂત્ર
પ્રવ્રજ્યાગ્રહણવિધિસૂત્ર
પ્રવ્રજ્યાપરિપાલનસૂત્ર
પ્રવ્રજ્યાફલસૂત્ર



શ્રી ચિરન્તનાચાર્ય વિરચિત
આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકા સહિત

# પંચસૂત્ર

શબ્દશઃ વિવેચન (ભાગ-૨)

સૂત્ર ૩-૪-૫

વિવેચનકાર : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીઁ શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર ગુરુભ્યો નમઃ
ઐઁ નમઃ

# पञ्चसूत्रकम्

## શબ્દશઃ વિવેચન (સૂત્ર ૩-૪-૫)

: મૂળગ્રંથકાર :
जिनप्रवचनपारदृश्वा योगमार्गमर्मज्ञः
**चिरन्तनाचार्यः**

: ટીકાકાર :
याकिनीमहत्तराधर्मसून्वाचार्यप्रवर
**श्रीहरिभद्रसूरिः**

: આશીર્વાદદાતા :
પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક, આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમપૂજ્ય
**મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા** અને
સન્માર્ગ દેશનાદક્ષ, પરમતત્ત્વવિદ્ પરમપૂજ્ય
**ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મહારાજા**

: વિવેચનકાર :
**પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

: સંપાદિકા :
**સ્મિતા ડી. કોઠારી**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા
૩૬
૫, જૈન મરચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

# પંચસૂત્ર

## શબ્દશઃ વિવેચન સૂત્ર ૩-૪-૫


: વિવેચનકાર :

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**



**વીર સં. ૨૫૩૦ ❖ વિ.સં. ૨૦૬૦**

**આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૧૦૦૦**

**મૂલ્ય રૂા. ૫૦/-**

: આર્થિક સહયોગ દાતા :

પરમ પૂજ્ય **ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબ** નાં ઉપદેશથી ડૉ. દિનેશચંદ્ર મણીલાલ કોઠારી પરિવાર તરફથી માતુશ્રી સ્વ. ચંપાબેન અને પિતાશ્રી સ્વ. મણીલાલ છગનલાલ કોઠારી અને ભાઈઓ સ્વ. શ્રી શાંતિભાઈ અને સ્વ. શ્રી રમણીકભાઈના આત્મશ્રેયાર્થે આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

**ગીતાર્થગંગા**

૫, જૈન મરચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

: મુદ્રક :

**મુદ્રેશ પુરોહિત**

**સૂર્યા ઓફસેટ,** આંબલી ગામ,
સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

# પ્રાપ્તિસ્થાન

**✱ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ - ૭.
✆ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૦૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઇ એમ. શાહ (આફ્રિકાવાળા)**
૯, 'પરિશ્રમ', બેંક ઓફ ઇન્ડિયા સોસા.,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
✆ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨, ૨૭૪૭૮૬૧૧

**✱ મુંબઇ :**

**શ્રી નીકુંજભાઇ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઇ-૨૦.
✆ (૦૨૨) ૫૬૩૪૦૮૨૮

**શ્રી ચીમનભાઇ ખીમજી મોતા**
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર,
ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૬૨
✆ (૦૨૨) ૨૮૭૩૪૫૩૦

**શ્રી લલિતભાઇ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર,
જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦.
✆ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**✱ પૂના :**

Shree Maheshbhai C. Patva
1/14, Vrindavan Sociey,
Behind Mira Society,
Nr. Anand Marg Society,
Off. Shanker Sheth Road,
Poona - 411 037
✆ (020) 643 62 65

**✱ સુરત :**

ડૉ. પ્રફુલભાઇ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ, બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત.
✆ (૦૨૬૧) ૨૪૭૧૩૨૮.

**✱ રાજકોટ :**

કમલેશભાઇ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
✆ (૦૨૮૧) ૨૩૩૧૨૦

**✱ બેંગલોર :**

વિમલચંદજી
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560053
✆ (O) 2875262, (R) 2259925

**✱ જામનગર :**

ઉદયભાઇ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9 સુપરમાર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
✆ (૦૨૮૮) ૬૭૮૫૧૩

## પ્રકાશકીય

**"ગીતાર્થ ગંગા"** નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે **પ.પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી** આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, **પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ.સા.** તથા **પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ.સા.**નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય **શ્રી પ્રવિણભાઇ મોતા**એ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમજ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનનાં ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત મ. સા.)**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.)**

૧. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૨. ચિત્તવૃત્તિ
૩. શાસન સ્થાપના
૪. કર્મવાદ કર્ણિકા
૫. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૬. પ્રશ્નોત્તરી
૭. દર્શનાચાર
૮. સદ્ગતિ તમારા હાથમાં
૯. યોગદષ્ટિ સમુચ્ચય
૧૦. અનેકાંતવાદ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાવધર્મ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત મ. સા.) સંપાદિત**

૧. શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित म. सा.)**

१. जैन शासन स्थापना
२. चित्तवृत्ति

**प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित म. सा.) संपादित**

१. श्रावक के बारह व्रत के विकल्प

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ

## સંપાદિકાનું કથન

૧૪૪૪ ગ્રંથના રચયિતા ભગવંતશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ પંચસૂત્ર ઉપર વિવેચન કર્યું છે. આ વિવેચનના આધારે સંસ્કૃત પંક્તિઓ પર શબ્દશઃ વિવેચના પંડિતવર્યશ્રી પ.પૂ.પ્રવિણભાઇ મોતાએ કરી છે.

ગીતાર્થગંગામાં ગતવર્ષે પૂ.સા.શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. ના શિષ્યા સા. ચારૂનંદિતાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં ચાતુર્માસ કરવાનું બન્યું એ સમયે યોગગ્રંથો અને યોગમાર્ગના રસિક એવા પંડિતવર્યશ્રી પ્રવિણભાઇ પાસે પંચસૂત્ર ગ્રંથ વાંચન સમયે સંસ્કૃત ટીકા સાથે તેનું ગુજરાતીમાં ભાષાંતર થાય તો સ્વ અને પરનું કલ્યાણ થાય એ ખ્યાલથી મેં તો માત્ર ત્રીજા પંચસૂત્રની નોંધ તૈયાર કરેલ અને પૂ.ચારુગિરાશ્રીજી મહારાજસાહેબે ચોથા પંચસૂત્રની નોંધ તૈયાર કરેલ. અને દેવાંગીબેન સંઘવીએ પાંચમા પંચસૂત્રની નોંધ તૈયાર કરવામાં ખૂબ મદદ કરેલ. સકલ સંઘના તત્ત્વજિજ્ઞાસુઓને તેનો લાભ મળે તે હેતુથી ગીતાર્થ ગંગા ટ્રસ્ટ તેને પ્રકાશિત કરે છે.

આ પંચસૂત્ર ગ્રંથ અતિગંભીર છે. આ ગ્રંથમાં મોક્ષમાર્ગ માટે ક્રમિક સાધનાનું વર્ણન કર્યું છે. તેથી પંચસૂત્રનો અભ્યાસ મુમુક્ષુ માટે અતિજરૂરનો છે. તથાભવ્યત્વના પરિપાક માટે આ સૂત્રનું પુનઃ પુનઃ ચિંતન અને મનન અતિ આવશ્યક છે. પ્રથમ સૂત્રમાં દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદનાથી ધર્મરુચિ થયા પછી બીજા સૂત્રમાં સાધુધર્મપરિભાવન દર્શાવેલ. અહીં ત્રીજા સૂત્રમાં ચારિત્રધર્મ સ્વીકાર માટે યોગ્યજીવે કઇ રીતે સંયમગ્રહણ કરવું જોઇએ અને ચોથાસૂત્રમાં દીક્ષાર્થી સંયમગ્રહણ કર્યા પછી અવશ્ય સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે તેનું ખૂબ સુંદર વર્ણન કરેલ છે અનેપાંચમાસૂત્રમાં પૂર્ણસુખમય મોક્ષનું સ્વરૂપ બતાવેલ છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પૂ.સા.શ્રી ચારૂનંદિતાશ્રીજી મહારાજ સાહેબ અને પૂ. સા. ચારુગિરાશ્રીજી મહારાજ સાહેબ અને પ્રસ્તાવનાની સંકલના માટે પૂ.સા.શ્રી બોધિરત્નાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. પ્રુફ સંશોધન અને ભાષાકીય દષ્ટિએ જરૂરી સૂચનો આપવા બદલ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો સહયોગ મળ્યો તે બદલ ધન્યતા અનુભવું છું.

ગ્રંથકારના આશયથી અને જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ જે કંઇ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં. આ યોગગ્રંથનું સતત ચિંતન-મનન આપણા જીવનમાં ચિરકાળ રહે એ જ અપેક્ષા.

વિ.સં.૨૦૬૦ કા. સુ. પાંચમ
બુધવાર. તા. ૨૯-૧૦-૨૦૦૩
૧૨, બેન્ક ઓફ ઇન્ડિયા સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

*સ્મિતા ડી. કોઠારી*

# ત્રીજા પંચસૂત્રની અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | અપરોપતાપ સાધુધર્મનો સ્વીકાર, માતા-પિતાને સંતાપ થવાની મુખ્યરુપે સંભાવના, એથી પરોપતાપના પરિહાર અર્થે માતા-પિતાને પ્રતિબોધની વિધિ. | ૨૬ |
| ૨. | પ્રવ્રજ્યાગ્રહણ કરનાર દ્વારા માતા-પિતાને સંયમને અભિમુખ કરવા અર્થે કરાતા ઉચિત યત્ન | ૩૨ |
| ૩. | નાવના ઉદાહરણથી સંસાર તરવાની ક્રિયા | ૪૦ |
| ૪. | મોક્ષની ઉપાદેયતા અને સંસારનું સ્વરૂપ | ૪૧ |
| ૫. | દીક્ષાર્થીનું માતાપિતા પ્રત્યે કર્તવ્ય | ૫૪ |
| ૬. | અસ્થાનમાં ગ્લાન થયેલ માતા-પિતાદિના ઔષધ માટે માતા-પિતાદિના ત્યાગનું દૃષ્ટાન્ત | ૬૨ |
| ૭. | અસ્થાનમાં ગ્લાન થયેલ માતા-પિતાદિના ઔષધ માટે માતા-પિતાદિના ત્યાગના દૃષ્ટાન્તનો ઉપનય | ૬૬ |
| ૮. | પ્રવ્રજ્યાગ્રહણ વિષયક શેષ વિધિ | ૮૧ |

# ચોથા પંચસૂત્રની અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | વિધિપૂર્વક સંયમગ્રહણ કરેલા ચારિત્રીની વિશેષતા | ૮૮ |
| ૨. | પ્રવ્રજિતમાં વર્તતા સમભાવનું સ્વરૂપ | ૯૬ |
| ૩. | અધ્યયન સમ્યક્પરિણમન પમાડવાની યોગ્યતાનું સ્વરૂપ | ૯૬ |
| ૪. | સંયમી સાધુમાં વર્તતા શુશ્રૂષાદિ આઠગુણોનું સ્વરૂપ | ૯૬ |
| ૫. | સંયમગ્રહણ કરીને શાસ્ત્ર ભણનારામાં ત્રણ અનારાધક, ત્રણ વિરાધક અને આરાધકનું સ્વરૂપ | ૯૬ |
| ૬. | અનારાધક જીવનાં લિંગો | ૧૦૫ |
| ૭. | અવિધિથી શાસ્ત્ર અધ્યયનથી થતા અનર્થરુપ ફળ | ૧૦૫ |
| ૮. | વિરાધક જીવનાં લિંગો | ૧૧૪ |
| ૯. | આરાધક જીવનું સ્વરૂપ | ૧૨૪ |
| ૧૦. | ક્ષયોપશમિક જ્ઞાન અને ક્ષયોપશમિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્રને આશ્વાસદીપ અને આશ્વાસદીપની ઉપમા | ૧૨૯ |
| ૧૧. | વ્યાધિગ્રસ્ત સુક્રિયાનું દૃષ્ટાન્ત | ૧૪૧ |
| ૧૨. | વ્યાધિગ્રસ્ત સુક્રિયાના દૃષ્ટાન્તનો ઉપનય | ૧૪૬ |
| ૧૩. | ગુરુબહુમાનથી જ યોગમાર્ગની નિષ્પત્તિની યુક્તિઓ | ૧૫૯ |
| ૧૪. | દીક્ષાગ્રહણ કર્યા પછી અપ્રમત્તપણાથી આરાધન કરનાર સાધુને વધતી જતી તેજોલેશ્યાનું સ્વરુપ | ૧૭૫ |
| ૧૫. | ગુરુબહુમાન જ એકાંતે હિતકારી છે એ પ્રકારના જ્ઞાનથી કઇ રીતે હિતની પરંપરા અને અંતે ચરમભવની પ્રાપ્તિ | ૧૮૧ |

## પાંચમા પંચસૂત્રની અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | સિદ્ધનું સ્વરૂપ | ૨૦૨ |
| ૨. | સંસારનું સુખ અપારમાર્થિક અને મોક્ષનું સુખ પારમાર્થિક છે તેની યુક્તિ | ૨૦૩ |
| ૩. | સિદ્ધના આત્માને નિશ્ચયનયથી આકાશ સાથે યોગ નથી તેની યુક્તિ | ૨૧૬ |
| ૪. | સિદ્ધના સુખનું દૃષ્ટાન્તથી સ્પષ્ટીકરણ | ૨૨૮ |
| ૫. | તથાભવ્યત્વાદિના ભેદને કારણે દરેક જીવો ભિન્ન ભિન્ન કાળમાં સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કરે છે તેની યુક્તિ | ૨૩૫ |
| ૬. | અનાદિનો કર્મબંધ અને બદ્ધને જ મુક્તિના સંભવની યુક્તિ | ૨૫૧ |
| ૭. | અનાદિ શુદ્ધ આત્માને પણ દિદક્ષાથી કર્મબંધની પ્રાપ્તિ સ્વીકારીને સાદિ કર્મબંધ માનનાર મતનું નિરાકરણ | ૨૫૩ |
| ૮. | આત્માથી અતિરિક્ત કર્મને નહિ માનનાર પરંતુ આત્મારૂપ જ કર્મ માનનાર અને પરિકલ્પિત કર્મ માનનાર બૌદ્ધમતનું નિરાકરણ. | ૨૬૮ |
| ૯. | સિદ્ધનું સુખ અપર્યવસિત હોવાથી ઉત્તમ છે તેની યુક્તિ | ૨૮૨ |
| ૧૦. | એક જ સ્થાનમાં અનંતાસિદ્ધોનો નિવાસ હોવા છતાં પરસ્પર બાધાનો અભાવ | ૨૮૬ |
| ૧૧. | અસ્પૃશદ્ગતિથી સિદ્ધશિલા ઉપર ગમન | ૨૮૭ |
| ૧૨. | સદા મુક્તિમાં જીવો જાય છે છતાં ભવ્યનાં વિચ્છેદનો અભાવ | ૨૯૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | ભવ્ય પણ કેટલાક મોક્ષમાં નહિ જાય તેની યુક્તિ | ૨૯૯ |
| ૧૪. | પ્રસ્તુત ગ્રંથ વ્યવહાર-નિશ્ચય ઊભયરુપ હોવાથી સમંતભદ્ર છે, ત્રિકોટી પરિશુદ્ધ છે તેની યુક્તિ | ૩૦૯ |
| ૧૫. | પ્રસ્તુતગ્રંથના અધિકારી અપુનર્બંધકાદિ | ૩૧૦ |
| ૧૬. | અપુનર્બંધકનાં લિંગો | ૩૧૮ |
| ૧૭. | સમાપ્તિનું ગ્રંથકારનું મંગલાચરણ. | ૩૩૧ |

## તૃતીય પ્રવ્રજ્યાગ્રહણવિધિસૂત્રની સંક્ષિપ્ત સંકલના

દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદનાથી ધર્મરૂચિ થયા પછી સંયમની પ્રાપ્તિની ભૂમિકારૂપે સાધુધર્મ પરિભાવન બતાવ્યું. હવે ચારિત્રધર્મ સ્વીકાર માટે યોગ્ય જીવે કઇ રીતે સંયમ ગ્રહણ કરવું જોઇએ તે બતાવે છે.

**(૧) ઉચિત પ્રવૃત્તિ વગર સંયમ ગ્રહણ કરવાથી થતા પરોપતાપનું સ્વરૂપ**

- સંયમના પરિણામમાં વિધ્નરૂપ (યોગ્યતા છતાં ભાવથી સંયમ પ્રાપ્ત ન થવા દે માટે)
- સંયમ ધર્મનો અનુપાય (સંયમ ગ્રહણ ઔચિત્યપૂર્વક થતું નથી માટે)
- સંયમ સ્વીકારવામાં અકુશળ આરંભ (હિત થતું ન હોવાથી)

યોગમાર્ગની પ્રવૃત્તિ અત્યંત ઉચિત પ્રવૃત્તિ છે અને સર્વવિરતિ તે ઉચિત પ્રવૃત્તિની ખીલેલી ભૂમિકા છે, તેથી ઉત્તમ એવા સંયમને ગ્રહણ કરવા માટે કોઇને પણ પરોપતાપ ન થાય તે રીતે શક્ય યત્ન કર્યા પછી પરોપતાપનો પરિહાર અશક્ય જણાય તો જ ઉપેક્ષા કરીને સંયમ ગ્રહણ કરી શકાય, અન્યથા નહિ.

**(૨) એકેન્દ્રિય જીવોની કાયસ્થિતિ**

- પૃથ્વીકાયાદિ ચારની અસંખ્ય (ઉત્સર્પિણી અને અવસર્પિણી)
- વનસ્પતિકાયની અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી

**(૩) એકેન્દ્રિયાદિ ભવોનું સ્વરૂપ**

- ઉત્કટ અશાતા વેદનીયના ઉદયવાળા હોવથી દુઃખબહુલ
- મોહનો તીવ્ર ઉદય હોવાથી મોહના અંધકારવાળા
- પ્રકૃતિથી અસત્ ચેષ્ટાના હેતુ હોવાથી અકુશળ અનુબંધવાળા

ચારિત્રરૂપ શુદ્ધધર્મને માટે અયોગ્ય

**(૪) આત્મહિત સાધવામાં મનુષ્યભવની ઉપયોગિતા**

- ધર્મસામગ્રીયુક્ત મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે.
- મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત સાધનાનું પ્રબળ સાધન મનુષ્યભવ છે.

સંસારવર્તી અન્ય જન્મોમાં આત્મહિત સાધી શકાતું નથી. યત્કિંચિત દેવાદિભવમાં આત્મહિત સાધી શકાય છે તો પણ પૂર્ણ આત્મહિત સાધવામાં પ્રબળ કારણ મનુષ્યભવ જ છે માટે ક્ષણ પણ પ્રમાદ વગર શુદ્ધધર્મ માટે જ મનુષ્યભવનો ઉપયોગ કરવો જોઈએ.

**(૫) ચારિત્રધર્મગ્રહણ કરતી વખતે ઉચિત કૃત્યો કરવા વિષયક પરમ મુનિનું વચન**

- આ લોકની પ્રશંસાઆદિ અપેક્ષા રાખ્યા વગર સંયમ ગ્રહણ કરે.
- પરલોકમાં વૈભવની આશંસા રાખ્યા વગર સંયમગ્રહણ કરે.

સંયમ ગ્રહણ કરતી વખતે ભગવાનની ભક્તિ, ગુણવાન ગુરુની ભક્તિ કરવા પૂર્વક યોગ્યજીવોને બીજાધાન આદિની પ્રાપ્તિ થાય એ રીતે સર્વ ઉચિત કૃત્યો પૂર્વક સંયમ ગ્રહણ કરવાનું પરમ મુનિનું વચન છે.

**(૬) પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર દ્વારા માતા-પિતાને સંયમને અભિમુખ કરવા અર્થે કરાતા ઉચિત યત્ન**

| | |
|---|---|
| ૧. ઉભયલોક સફલ જીવિત પ્રશંસા પાત્ર | આ લોકમાં સારી રીતે જીવ્યા છો, તેમ પરલોકના હિત માટે સંયમમાં યત્ન કરશો તો ઉભયલોક સુધરશે. |
| ૨. સમુદાયમાં કરાયેલા શુભ કર્મો સમુદાય ફળવાળા | સાથે સંયમ ગ્રહણ કરીશું તો જન્માંતરમાં પણ ઉત્તમ સામગ્રી યુક્ત ભવને પામી ફરી ભેગા થઈશું એ રીતે પુત્ર સ્નેહથી ફરી અન્ય જન્મમાં સંયોગની બુદ્ધિ થતા સંયમાર્થે ઉત્સાહિત થાય. |

| | | |
|---|---|---|
| ૩. | દીર્ઘકાળ સુધી ભવપરંપરા દ્વારા અવિયોગ | સાથે સંયમ લેવાથી જેમ અહીં અનુકૂળ સંયોગ થયો તેમ પરલોકમાં સંયોગની પરંપરા દ્વારા મોક્ષમાં સદા માટે અવિયોગની પ્રાપ્તિ થશે. |
| ૪. | સાથે સંયમ નહીં ગ્રહણ કરીએ તો એક વૃક્ષ નિવાસી પક્ષી તુલ્ય આપણી ચેષ્ટા છે. | આપણા બંન્નેનો માર્ગ જુદો થઇ જવાથી આયુષ્ય પૂર્ણ થવાથી ફરી એક વૃક્ષ ઉપર ભેગા થયેલા પક્ષીઓની જેમ ક્યારેય એકઠા ન થઇએ તેવી શક્યતા રહે |
| ૫. | મૃત્યુ ઉદ્દામ છે (મૃત્યુનું આગમન નિવારી શકાય તેવું નથી) | તેથી સંયમમાં જ યત્ન કરવો ઉચિત છે. |
| ૬. | પૃથ્વીકાયઆદિની કાયસ્થિતી ઘણી લાંબી હોવાથી અન્ય અન્ય ભવોની પ્રાપ્તિ થવાને કારણે સમુદ્રમાં પડેલ રત્નની પ્રાપ્તિ તુલ્ય મનુષ્યભવ અતિ દુર્લભ છે = દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવો છે. | ભાગ્ય યોગે સમુદ્રમાં પડેલ રત્ન પણ પ્રાપ્ત થાય પણ ભવરૂપી સમુદ્રમાં ચાલ્યો જનાર મનુષ્યભવ પ્રાયઃ પ્રાપ્ત થવો દુર્લભ છે |
| ૭. | સંસાર સમુદ્રને તરવા માટે નાવ સમાન મનુષ્યભવ હોવાથી ધર્મરૂપ સ્વકાર્યમાં ઉપયોગ કરવો જોઇએ. | તેથી હિતમાં પ્રયત્ન કરવાથી દુરંત સંસારનું પરિભ્રમણ અટકે અને પ્રાપ્ત મનુષ્યભવ સાધના દ્વારા સફળ થાય તેમ માતાપિતાને સમજાવે. |

## (૭) નાવની જેમ મનુષ્યભવથી સંસાર તરવાની પ્રક્રિયા

| | | |
|---|---|---|
| ૧. | છિદ્ર વિનાની નાવ જોઇએ જેથી પાણી ભરાવવાથી નાવ ડૂબી ન જાય. | આશ્રવ દ્વારા કર્મનું આગમન થવાથી ભારે થયેલો જીવ સંસારમાં ડૂબે માટે પ્રાણાતિપાત અવિરમણાદિ છિદ્રોને ગુપ્તિ રૂપ સંવર દ્વારા ઢાંકી દેવા જોઇએ |
| ૨. | કુશળ સુકાની જોઇએ જેથી બરાબર ઉચિત દિશામાં નાવ લઇ જાય. | પ્રતિક્ષણ શાસ્ત્રવચનનાં સ્મરણરૂપ સુકાની શ્રુતજ્ઞાનના ઉપયોગથી મનુષ્યભવને મોક્ષ ની દિશામાં લઇ જાય. |
| ૩. | અનુકૂળ પવન જોઇએ તો જ ઉચિત દિશામાં સહેલાઇથી ગમન થાય. | અનશનાદિ તપરૂપ અનુકૂળ પવનથી નાવની ગતિ થાય તો જ સહેલાઇથી સંસાર સમુદ્રને તરી શકાય. |

## (૮) મોક્ષ અને સંસારનું સ્વરૂપ

| મોક્ષનું સ્વરૂપ | સંસારનું સ્વરૂપ |
| --- | --- |
| ૧. સંપૂર્ણ ઉપદ્રવરહિત હોવાથી પૂર્ણ સુખરૂપ (જન્મ-જરા-મરણ નથી માટે) | ૧. સર્વ ઉપદ્રવોનું સ્થાન (જન્મ-જરા-મરણની વિડંબના અવસ્થાવાળો) |
| ૨. સંયોગથી વિપરીત કદર્થના રહિત | ૨. સંયોગ વિયોગની કદર્થનાવાળું |
| ૩. શરીરના અભાવે શરીરકૃત ક્ષુધા, પિપાસા કે શીતોષ્ણાદિ ઉપદ્રવોથી રહિત | ૩. શરીરકૃત ક્ષુધા, તૃષા, શીતોષ્ણાદિ દોષવાળું |
| ૪. સર્વથા અપરતંત્ર અવસ્થાવાળો | ૪. કર્મ અને શરીર સંયોગને પરતંત્ર |
| ૫. અશુભરાગાદિરહિત (રાગાદિ આપાદક કર્મ નથી માટે) | ૫. અશુભરાગાદિભાવોની વિડંબના |
| ૬. શાંત (ક્રોધાદિ અભાવ હોવાથી) | ૬. અશાંત (ક્રોધાદિ આકુળ) |
| ૭. ક્રિયા વગરની અવસ્થા હોવાથી અવ્યાબાધ | ૭. ક્રિયાકૃત બાધાઓ |

## (૯) સંસારનું અનવસ્થિત સ્વરૂપ

| | |
| --- | --- |
| ૧. મોક્ષથી વિપરીત સંસાર છે | તેથી જન્માદિરૂપ હોવાના કારણે સર્વ ઉપદ્રવોનું કારણ છે. |
| ૨. સંસારનું સ્વરૂપ સદા ફર્યા કરે છે. સુખી પણ પર્યાયથી અસુખી બને છે. | પુન્યના ઉદયથી વૈભવ પામી સુખી થાય પુન્ય સમાપ્ત થતા વૈભવરહિત અસુખી થાય તથા પુન્યના સહકારથી આરોગ્યવાળો અને પાપના ઉદયથી વ્યાધિગ્રસ્ત પણ બને. |

| | |
|---|---|
| ૩. સદ્‌વસ્તુ પણ પર્યાયથી અસદ્‌ છે. | ધનની સામગ્રી અત્યારે મળી તે પણ થોડી ક્ષણ પછી ચાલી જવાના સ્વભાવવાળી છે. તેથી વિચારક તેમાં કેવી રીતે આસ્થા કરી શકે ? |
| ૪. સ્વપ્ન જેવું સર્વ આકુળ છે | સ્વપ્નમાં મળેલ વૈભવની જેમ અલ્પકાલીન રહેનારા બાહ્ય વૈભવને પ્રાપ્ત કરી ભોગાદિ પ્રત્યે વિચારક આસ્થા કેમ કરી શકે ? |

## (૧૦) દીક્ષાર્થીનું માતાપિતા પ્રત્યે કર્તવ્ય

- માતાપિતાને પ્રતિબોધ કરે અને તેમની સાથે સંયમ ગ્રહણ કરે.
- માતા-પિતા પ્રતિબોધ ન પામે તો તેમના જીવન નિર્વાહ માટે ધનાદિની ગોઠવણી કરે.
- માતા-પિતા અનુજ્ઞા ન આપે અને સ્વ-પરનું સાનુબંધહિત દેખાય તો ભાવથી માયારહિત પણ માયાભાવાવાળો થાય એટલે કે દુઃસ્વપ્નાદિના કથન દ્વારા અલ્પાયુ જણાવીને માતા-પિતાની રજા મેળવવા પ્રયત્ન કરે.
  - માતાપિતાને દુર્ધ્યાનાદિ થાય કે અકાળે મૃત્યુ થાય તો દીક્ષા ગ્રહણ કરવામાં કાળક્ષેપ કરે.
  - માયા કરવા છતાં માતા-પિતા અનુજ્ઞા ન આપે તો અસ્થાનમાં ગ્લાન થયેલ માતા-પિતાદિના ઔષધ માટે ત્યાગ કરીને ઔષધ લાવનારના દૃષ્ટાન્તથી માતા-પિતાનો ત્યાગ કરે.

## (૧૧) અસ્થાનમાં ગ્લાન થયેલ માતા-પિતાદિના ઔષધ માટે માતા-પિતાદિના ત્યાગનું દૃષ્ટાન્ત

| દૃષ્ટાન્ત | ઉપનય |
|---|---|
| ૧. માતા-પિતાદિ પ્રત્યે રાગવાળો, સંસારમાં માતાપિતાના સ્નેહવાળો આ પુરુષ માતા-પિતા આદિ સાથે ઇચ્છિત સ્થાને જવા જંગલમાં વિચરી રહ્યો છે. | ૧. ધર્મ પ્રત્યે ગાઢ ખેંચાણવાળો, સંસારથી વિરક્ત શુક્લપાક્ષિક જીવ મોક્ષે જવાની ઇચ્છાથી, સંયમને અભિમુખ થયો હોવા છતાં ગૃહસ્થાવાસમાં જ રહેલો છે. |
| ૨. જંગલમાં માતાપિતાને નિયમાઘાત કરનાર<br><br>પુરુષમાત્રના પ્રયત્નથી અસાધ્ય અને ઔષધથી મટી શકે તેવા સંભવવાળો<br><br>સદ્યઘાતિ એવો રોગ થાય છે | ૨. સંસારરૂપી અટવીમાં માતા-પિતાને નિયમા વિનાશક અપ્રાપ્ત બીજાદિવાળા<br><br>પુરુષ માત્રના પ્રયત્નથી અસાધ્ય અને સમ્યક્ત્વાદિ ઔષધથી મટી શકવાની સંભાવનાવાળો<br><br>મરણાદિ વિપાકવાળો કર્મનામનો મહારોગ થયો છે. |
| ૩. માતા-પિતાના સ્નેહથી આ પુરુષ આલોચન કરે છે.<br>ઔષધ વિના માતા-પિતા જીવી શકશે નહિ તેવો આ રોગ છે.<br>ઔષધ મળવાથી રોગ મટે અને જીવી શકે તેવી સંભાવના છે.<br>તેથી જંગલમાં એકલા મૂકીને તેમના ઔષધ માટે અને | ૩. ધર્મ પ્રત્યેના રાગથી આ શુક્લપાક્ષિક જીવ આલોચન કરે છે.<br>સમ્યક્ત્વાદિ ઔષધના અભાવથી માતા-પિતા અવશ્ય વિનાશ પામશે.<br>સમ્યક્ત્વાદિ ઔષધ મળે તો રોગ મટવાની સંભાવના છે.<br>તેથી સંસાર અટવીમાં એકલા મૂકીને તેમને ધર્મરૂપી ઔષધની પ્રાપ્તિ કરાવવા અને |

પોતાના જીવનનિર્વાહની સામગ્રી માટે નગરમાં જઇ ઔષધ લઇને પાછો ફરુ.

પોતાને આવશ્યક એવા પુન્ય સંચય માટે પોતાના પરલોકના ભાતા માટે સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રો ભણીને તેમને ધર્મ પમાડું.

૪. માતા-પિતા પાસે નગરમાં જવાની રજા માંગે
પણ અતિરાગના કારણે માતા-પિતા નગરમાં જવા રજા ન આપે
અને કહે કે અમે જીવીએ ત્યાં સુધી તારે અમને મૂકીને જવાનું નથી.

૪. માતા-પિતા પાસે સંયમ ગ્રહણ કરવાની રજા માંગે
પણ પુત્ર પ્રત્યેના અતિ સ્નેહના કારણે સંયમ માટે રજા ન આપે
અને કહે કે અમારા જીવતા તારે સંયમ લેવું નહિ.

૫. તો પણ તે પુરુષ તેમના આહારાદિની વ્યવસ્થા કરી
તેમને સુરક્ષિત સ્થાનમાં જંગલમાં સ્થાપન કરી
તેમની રજા લીધા વિના પણ
માતા-પિતાના ઔષધ નિમિત્તે
અટવી ઓળંગવાની આવશ્યક સાધનસામગ્રી નિમિત્તે
શહેરમાં જાય છે.

૫. તો પણ તે શુક્લપાક્ષિક જીવ તેમની આજીવિકાની વ્યવસ્થા કરી
તેમને સંસારમાં છોડીને
તેમની રજા લીધા વિના પણ
માતાપિતાને સમ્યક્ત્વાદિરૂપ ઔષધ આપીને મરણાદિ વ્યાધિમાંથી બચાવવા માટે અને
પોતે પણ સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરી શકે તે માટે
સંયમ ગ્રહણ કરે છે.

૬. ઔષધ માટે માતા-પિતાનો ત્યાગ કર્યો તે અત્યાગ છે;
કેમકે માતા-પિતા ઔષધથી જીવી જાય તો દીર્ઘકાળ સુધી ફરી માતા-પિતાનો સંયોગ

૬. દીક્ષા લઇ શાસ્ત્રો ભણી ગીતાર્થ આદિ ભાવોને પામી માતા-પિતાદિને ઔષધરૂપ ધર્મ પમાડી શકે તે માટે માતા-પિતાનો ત્યાગ કર્યો તે અત્યાગ છે;
કેમ કે હવે ગીતાર્થ બનેલ તે સાધુ ધર્મરૂપી ઔષધ પમાડે તો સંસારરૂપી

કરાવનાર છે.

અટવીમાંથી માતાપિતાને બહાર કાઢી શકે .

૭. માતા-પિતાના આગ્રહને વશ થઈને જો
ત્યાગ ન કરે તો
અત્યાગ જ ત્યાગ છે;
કેમ કે ઔષધના અભાવે અકાળે મૃત્યુથી
સદા માતા-પિતાનો વિયોગ થાય.

૭. માતા-પિતાની લાગણીને વશ થઈને
જો ત્યાગ ન કરે તો
અત્યાગ જ ત્યાગ છે;
કેમકે સમ્યક્ત્વાદિ ઔષધના અભાવે
માતા-પિતા ઘણી કદર્થના પામે અને
અનર્થની પરંપરા પ્રાપ્ત કરે અને
આયુષ્ય પૂરું થતા માતા-પિતા
દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરશે તે રૂપ
અહિતની પ્રવૃતિ થાય.

૮. ધીર પુરુષો નિપુણ બુદ્ધિથી
ફળને
જોનારા હોય છે.
તેથી માતા-પિતા પ્રત્યે લાગણી
હોવા છતાં
તેમની લાગણીને વશ થઈને
તેમના હિતની ઉપેક્ષા કરતા નથી પણ
હિતાહિતનો વિચાર કરી
ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે.

૮. ધીર, બુદ્ધિમાન આસન્ન ભવ્ય જીવ
સાનુબંધફળને
જોનારા હોય છે.
તેથી દુષ્પ્રતિકાર એવા માતાપિતાના
હિત અર્થે
તેમની લાગણીને વશ થયા વગર
તેમના હિતની ઉપેક્ષા કરતા નથી પણ
હિતાહિતનો વિચાર કરી
ઉચિત પ્રવૃત્તિ કરીને સંસારમાં જન્મ-મરણરૂપ ઉપદ્રવથી માતા-પિતાને
મુક્ત કરી શકે તે રીતે અવશ્ય યત્ન
કરે અને સ્વના પારમાર્થિક હિતમાં
પણ ઉચિત યત્ન કરે.

(૧૨) **પ્રવ્રજ્યાગ્રહણ વિષયક શેષ વિધિ**

| વિધિ | ફળ |
|---|---|
| ૧. ઉત્તમ સામગ્રીથી વીતરાગ ભગવાનની પૂજા કરવી. | જેથી સંયમને અનુકુળ વિશેષ પ્રકારની વિશુદ્ધિ થાય |
| ૨. સાધુની ભક્તિ કરવી | જેથી સંયમના પ્રતિબંધક કર્મો શિથિલ થાય ને સંયમની પરિણતિ શીઘ્ર પ્રાપ્ત થાય. |
| ૩. દુઃખી જીવોને વૈભવાનુસાર ઉચિત દાન આપી સંતોષ કરવો. | જેથી યોગ્ય જીવોમાં સમ્યક્ત્વાદિ બીજનો અંકુર થવાનો સંભવે |
| ૪. ઉચિત વસ્ત્રાદિ ધારણ કરે | જેથી શાસનની પ્રભાવના થાય. |
| ૫. સુવિશુદ્ધિ નિમિત્ત જોઇ ને જાય | જેથી સંયમ નિષ્કંટક નિવિઘ્ન પ્રાપ્ત થાય. |
| ૬. ગુરુ પાસે આવે ત્યારે ગુરુ વાસક્ષેપથી દરેક ક્રિયામાં મંત્રથી વાસિત કરે | જેથી દીક્ષા ગ્રહણ કરનારને ભાવની શુદ્ધિ થાય. |
| ૭. સંસાર તરણનો બદ્ધ અભિલાષ હોવાને કારણે જેમ જેમ પ્રવ્રજ્યા સ્વીકારવાની નજીક જાય તેમ તેમ પરિણામની વિશુદ્ધિ થાય છે અને અત્યંત ઉપયોગપૂર્વક ક્રિયામાં યુક્ત હોવાને કારણે ચિત્ત ગુપ્તિને અભિમુખ બને છે. | જેથી પ્રતિજ્ઞાકાળમાં જ પ્રાયઃ ભાવથી સંયમની પ્રાપ્તિ થાય છે. |

## ચતુર્થ પ્રવ્રજ્યાપરિપાલનાસૂત્રની સંક્ષિપ્ત સંકલના

બીજા સૂત્રમાં બતાવેલ વિધિથી સાધુધર્મનાં પરિભાવનને કારણે જીવ સર્વવિરતિને અનુકૂળ યોગ્યતાને પ્રાપ્ત કરે છે અને ત્રીજાસૂત્રમાં બતાવેલ વિધિથી દીક્ષા ગ્રહણ કરે તો તે ન્યાયપૂર્વકની દીક્ષા થાય છે અને આવો દીક્ષાર્થી સંયમગ્રહણ કર્યા પછી અવશ્ય સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે તે બતાવવા માટે ચોથા સૂત્રની રચના કરી છે.

**(૧) વિધિપૂર્વક સંયમ સ્વીકારેલ ચારિત્રીની વિશેષતા**

- વિશુદ્ધ ચારિત્રવાળો (ગુપ્ત માનસવાળો)
- મહાસત્ત્વશાળી (યથાર્થ બોધ કરી સમ્યક્ પરિણામ પમાડી શકે તેવો)
- અપ્રમાદભાવથી ગ્રહણ શિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરનારો હોવાથી સંયમના કંડકની વૃદ્ધિને પામનારો.

સંસારથી વિમુખભાવવાળો, ભગવાનના વચન અનુસાર પ્રવૃત્તિ કરનારો, શક્તિના પ્રકર્ષથી ગ્રહણ શિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરનારો સાધુ લેશ પણ અનુપાયમાં પ્રવૃત્તિ કરતો નથી તેથી પ્રતિક્ષણ સંયમના કંડકોની વૃદ્ધિને પામે છે.

આ નિશ્ચયનયનો મત છે અને અપ્રમાદી સાધુ કેવો હોય તે બતાવવા માટે જ અહીં નિશ્ચયનયને ગ્રહણ કરેલ છે.

**(૨) પ્રવ્રજિતમાં વર્તતો સમભાવનો પરિણામ**

- સુવર્ણ અને માટીના ઢેફાં પ્રત્યે સમાન ભાવવાળો
- શત્રુ-મિત્ર પ્રત્યે સમાન ભાવવાળો
- * નિવૃત આગ્રહ દુઃખવાળો (વસ્તુના પક્ષપાતરૂપ અંતરંગ રાગાદિપીડારહિત.
- પ્રશમ સુખયુક્ત

ભાવસાધુને મોક્ષનો અને મોક્ષના ઉપાયનો રાગ હોય છે અને મોક્ષને પ્રતિકૂળભાવો તરફ દ્વેષ હોય છે અને જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષા હોય છે તેથી ઉપર દર્શાવેલા ભાવોવાળો હોય છે.

**(3) અધ્યયનને સમ્યક્ પરિણમન પમાડવાની પ્રવ્રજિતની યોગ્યતા**

- ગુરુકુલવાસી (ભગવાનના વચન યથાર્થ બતાવીને શિષ્યને નિર્જરામાં પ્રવૃત્તિ કરાવે તે ગુરુ અને તેને સમ્યગ્ પરતંત્ર રહીને ઉચિત પ્રવૃત્તિ કરનાર તે ગુરુકુલવાસી)
- ગુરુપ્રતિબદ્ધ (મોક્ષના એકકારણભૂત ગુરુની આજ્ઞાપાલનમાં એકચિત્તવાળો)
- વિનય (બાહ્ય ઉચિત વિનયવાળો)
- ભૂતાર્થદર્શી તત્વને જોનારો (સર્વજ્ઞના વચનને યથાર્થ કહેનારા ગુણવાન ગુરુને પરતંત્ર થવું એ જ તત્ત્વ છે, એ જ હિત છે એમ જોનારો
- શુશ્રૂષાદિગુણયુક્ત (ભગવાનનાં વચનને સમ્યક્ જાણવામાં અને પરિણમન પમાડવામાં અત્યંત ઉપકારી એવા બુદ્ધિનાં આઠગુણોથી યુક્ત
- તત્ત્વઅભિનિવેશને કારણે વિધિપૂર્વક સૂત્ર-અધ્યયનની પ્રવૃત્તિ
- બદ્ધલક્ષ્યવાળો (વીતરાગતાનું કારણ બને તે રીતે અનુષ્ઠાનમાં અપ્રમાદભાવથી યત્નવાળો)
- આશંસાથી રહિત (આલોક અને પરલોકની)
- આયતાર્થી (મોક્ષાર્થી)
- ધીર (સૂત્રના પરમાર્થને સમજીને જીવનમાં ઉતારવામાં સુદૃઢ યત્નવાળો)

અપ્રમાદીસાધુ ગુણવાન ગુરુને પરતંત્ર થઇને ભગવાનનાં વચનના પરમાર્થને જાણવામાં સુદૃઢ યત્નવાળા હોય છે અને પરમાર્થને જાણીને તે પ્રકારે જીવનમાં ઉતારવા માટે યત્નશીલ હોય છે. તેથી એકક્ષણ પણ પ્રમાદ કર્યા વિના સૂત્રને સમ્યક્ જાણીને જીવનમાં ઉતારે છે જેથી પ્રતિક્ષણ સંયમના કંડકની વૃદ્ધિ થાય છે તેનું કારણ ઉપરમાં બતાવેલા ભાવવાળો પ્રવ્રજિત હોય છે.

(૪) **શુશ્રૂષાદિ આઠ ગુણ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શુશ્રૂષા | શ્રવણ | ગ્રહણ | ધારણા | વિજ્ઞાન | ઉહ | અપોહ | તત્ત્વાભિનિવેશ |

પ્રવ્રજિત સંસારના સ્વરૂપે જાણીને સંસારથી વિરક્ત હોય છે અને સંસારથી તરવાનો ઉપાય ભગવાનનાં વચનઅનુસાર ઉચિત પ્રવૃત્તિ છે તેમ જાણે છે તેથી ભગવાનનાં વચનને જાણવામાં ઉપકારી શુશ્રૂષાદિ આઠ ગુણો તેનામાં વર્તે છે જેના કારણે ભગવાનનું વચન સમ્યક્ પરિણમન પામે છે.

(૫) **શાસ્ત્ર ભણનારા જીવોનાં સાત પ્રકારો**

| અનારાધક | | | વિરાધક | | | આરાધક |
|---|---|---|---|---|---|---|
| માર્ગદેશના સાંભળતા દુઃખ થાય | માર્ગદેશના સાંભળીને અવગણના થાય. | માર્ગદેશના સાંભળીને અસ્વીકાર થાય. | માર્ગદેશના સાંભળવામાં અનભિનિવેશ વાળો | માર્ગદેશના સાંભળવામાં પ્રતિપત્તિ માત્રવાળો | માર્ગદેશના સાંભળીને ક્રિયાના આરંભવાળો | |

શાસ્ત્ર ભણનારા ત્રણ પ્રકારના અનારાધક જીવો ભવાભિનંદી છે અને તેઓની ભણવાની ક્રિયા પરમાર્થથી ભણવાની ક્રિયા નથી તેથી તેઓની શાસ્ત્ર ભણવાની ક્રિયાને અન્ય શાસ્ત્રો ભણવાની તુલ્ય કહેલ છે માટે તેનું કોઇ ઇષ્ટ કે અનિષ્ટ ફળ નથી. પરંતુ સંસારની અન્ય ક્રિયા તુલ્ય શાસ્ત્ર ભણવાની ક્રિયા છે. અને તે ત્રણમાં સૌથી ક્લિષ્ટ કર્મવાળો જીવ પ્રથમ પ્રકારનો છે તેનાથી ઓછા ક્લિષ્ટકર્મવાળાં બીજા પ્રકારનાં જીવ છે અને ત્રીજા પ્રકારના જીવ તેથી ઓછા ક્લિષ્ટ કર્મવાળાં છે.

શાસ્ત્ર ભણનારા ત્રણ પ્રકારના વિરાધક જીવો મોક્ષમાર્ગમાં જનારા છે. છતાં શાસ્ત્ર અધ્યયનમાં અને શાસ્ત્ર પરિણમન પમાડવામાં અત્યંત અપ્રમાદી નથી તેથી ભગવાનના વચનને પ્રાપ્ત કરીને પણ કંઇક અંશથી વિરાધના કરે છે તેને આશ્રયીને આ ત્રણેયને વિરાધક કહ્યા છે. આમ છતાં ભગવાનના વચનના પરમાર્થને પણ તેઓ પામે છે. અને આમાંથી કેટલાક અવિધિથી અધ્યયન કરીને અનર્થો પણ પ્રાપ્ત કરે છે અને ક્યારેક દુર્લભબોધિ પણ થાય છે તો પણ તેઓની અધ્યયનની ક્રિયા આત્મકલ્યાણ અર્થે હોવાથી મોક્ષનું પણ કારણ છે જ.

શાસ્ત્ર ભણનારા આરાધક સાધુ સંસારથી અત્યંત વિરક્ત છે, સદા ગુપ્તમાનસવાળા છે અને વીતરાગ થવાના એક લક્ષ્યવાળા છે અને તેના ઉપાયરૂપે જ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને અપ્રમાદભાવથી શાસ્ત્ર ભણવા માટે અને શાસ્ત્રના પરમાર્થને યથાર્થ પ્રાપ્ત કરવા માટે સુદૃઢ યત્ન કરે છે. એટલું જ નહિ પણ પ્રાપ્ત થયેલા શાસ્ત્રના અર્થને જીવનમાં તે રીતે યોજન કરે છે કે જેથી તે શાસ્ત્રનો બોધ જેમ જેમ અધિક થાય છે તેમ તેમ સંવેગ વધે છે અને જેમ જેમ સંવેગ વધે તેમ તેમ નિર્લેપ બને છે અને આ રીતે શાસ્ત્રને જીવનમાં ઉતારનાર સંપૂર્ણ આરાધક છે.

## (૬) અનારાધક જીવોનાં લિંગ

| | | |
|---|---|---|
| માર્ગદિશના સાંભળતા દુઃખ થાય = અરૂચિ થાય. | માર્ગદિશના સાંભળીને અવધીરણા = અવગણના થાય. | માર્ગદિશના સાંભળીને અસ્વીકાર થાય. |
| ↓ | ↓ | ↓ |
| ભગવાનનાં વચન પ્રત્યે અરૂચિ પેદા થાય છે. | ભગવાનનાં વચન પ્રત્યે અરૂચિ પેદા થતી નથી પણ અવગણના થાય છે. | ભગવાનનાં વચન પ્રત્યે અરૂચિ પેદા થતી નથી, અવગણના પણ નથી થતી પણ ભગવાનનાં વચનોનો સહેજ પણ સ્વીકાર થતો નથી. |
| ↓ | ↓ | ↓ |
| ધર્મથી અત્યંત વિમુખ થાય. | લેશ પણ મોક્ષનો ભાવ થતો નથી. | મોક્ષને અભિમુખ પરિણામ થતો નથી. |
| ↓ | ↓ | ↓ |
| સૌથી ક્લિષ્ટ કર્મવાળા ક્ષુદ્ર જીવો | પ્રથમ જીવો કરતા કંઈક લઘુકર્મી જીવો | પ્રથમ અને બીજા પ્રકારના જીવો કરતાં કંઈક વધુ લઘુકર્મી જીવો |

## (૭) વિરાધક જીવોનાં લિંગ

- માર્ગદેશનામાં અનભિનિવેશ કરનારા
  - ↓ ‘આ આમ જ છે’ તેવો અભિનિવેશ થતો નથી
  - ↓ હેતુથી સમ્યગ્ દર્શનની ભૂમિકામાં રહેલા છે
  - ↓ સૂત્રની પ્રતિપત્તિ નથી.
- માર્ગદેશનામાં પ્રતિપત્તિમાત્ર કરનારા
  - ↓ ‘આ આમ જ છે’ એ પ્રકારની પ્રતિપત્તિ માત્ર થાય છે.
  - ↓ સ્વરૂપથી સમ્યગ્ દર્શન છે અર્થાત્ ક્ષયોપશમભાવ આદિરૂપે સમ્યગ્ દર્શન છે.
  - ↓ સૂત્રની માત્ર પ્રતિપત્તિ કરે છે.
- માર્ગદેશનાથી ક્રિયાનો આરંભ કરનારા
  - ↓ ‘આ આમ જ છે’ એમ યથાર્થ રૂચિ કરે છે.
  - ↓ ક્ષયોપશમભાવ આદિરૂપે સમ્યગ્દર્શન પણ છે અને કંઇક ચારિત્ર પણ છે.
  - ↓ સૂત્ર અનુસાર ક્રિયાનો આરંભ કરે છે પણ અત્યંત અપ્રમાદ નહિ હોવાથી સૂત્ર અનુસાર આચરણા કરતા નથી.

## (૮) મોક્ષમાર્ગમાં ગમન કરનાર પણ સાધુ અવિધિથી શાસ્ત્ર અધ્યયન કરે તો તેનાથી થતા અનર્થનાં ફળ

- (૧) આલોકના અનર્થ
  - ઉન્માદની પ્રાપ્તિ
  - રોગની પ્રાપ્તિ
  - સમ્યગ્ બોધના અભાવની પ્રાપ્તિ
- (૨) પારલૌકિક અનર્થ
  - જન્માંતરમાં ભગવાનનાં ધર્મની અપ્રાપ્તિ

## (૯) યોગી

- સાપાય યોગી
  - ત્રણ પ્રકારના વિરાધક સાપાય યોગી છે.
- નિરપાય યોગી
  - ભગવાનનાં વચન અનુસાર ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા કરનાર યોગી નિરપાય યોગી છે.

## સાપાય યોગી

મોક્ષમાર્ગ માટે તત્પર થયેલા અને સંયમગ્રહણ કરીને શાસ્ત્રઅધ્યયનમાં યત્ન કરનાર પણ સાધુ કંટક, જ્વર અને મોહથી મુસાફરની જેમ સ્ખલના પામતા હોય તો તેઓની સંયમયોગની પ્રવૃત્તિ વિરાધનાવાળી છે અને તેમની અધ્યયનની ક્રિયામાં પણ વિરાધના છે તેઓ સાપાયયોગી છે.

## નિરપાય યોગી

શાસ્ત્ર વચનઅનુસાર ઉચિત ક્રિયાઓ કરનાર, અષ્ટપ્રવચન માતાથી યુક્ત અને સમિતિ-ગુપ્તિનો ત્યાગ અનર્થકારી છે તેમ જાણનાર, અને આથી જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી શાસ્ત્રવચનને પરિણમન પમાડવામાં ઉદ્યમશીલ હોય છે અને તેઓ જાણે છે કે જ્યાં સુધી ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્ર ન આવે ત્યાં સુધી લેશ પણ પ્રમાદ વગર ભગવાનનાં વચનને જાણવામાં અને પરિણમન પમાડવામાં યત્ન કરવો તે જ એકાંતે હિતકારી છે, તેઓ નિરપાય યોગી છે.

**(૧૦)** **સમુદ્રના આશ્વાસદ્વીપ પ્રકાર**

- સ્પંદનાવાળો (પાણીની ભરતી આવતા સમુદ્રમાં ડૂબી જાય તેવો તેની જેમ ક્ષયોપશમિક ચારિત્ર)
- અસ્પંદનવાળો (ગમે તેટલી ભરતીમાં પણ પાણીમાં ડૂબે નહિ તેવો તેની જેમ ક્ષાયિક ચારિત્ર)

**(૧૧)** **આશ્વાસદીપ પ્રકાર**

- સ્થિર (ક્યારેય બુઝાય નહિ તેવો દીવો તેની જેમ ક્ષાયિક એવું કેવળજ્ઞાન)
- અસ્થિર (પવનઆદિથી બુઝાય જાય તેવો દીવો તેની જેમ ક્ષાયોપશમિક એવું શ્રુત જ્ઞાન)

## (૧૨) વ્યાધિવાળા રોગીની સુક્રિયાના દૃષ્ટાન્ત સાથે અપ્રમત્ત સાધુની સંયમની આરાધનાનું યોજન

| દૃષ્ટાન્ત | ઉપનય |
|---|---|
| ૧. કુષ્ટાદિ મહાવ્યાધિગ્રસ્ત રોગી જીવ | ૧. કર્મવ્યાધિથી ગૃહિત સંસારી જીવ |
| ૨. રોગની વેદનાથી અત્યંત ઉદ્વેગ પામેલો. | ૨. અનાદિનાં જન્મ-જરા-મરણ, રોગ શોક આદિની વેદનાથી ઉદ્વેગ પામેલા |
| ૩. સુવૈદ્યના વચનથી વિધિપૂર્વક રોગ મટાડવાની ક્રિયામાં યત્નવાળો | ૩. સુગુરુના વચનથી શાસ્ત્રાનુસારી સુક્રિયારૂપ પ્રવજ્યામાં યત્ન કરનારો. |
| ૪. નિરુદ્ધ યદચ્છાચાર=વૈદ્યના વચનથી લેશ પણ વિપરીત પ્રવૃત્તિ નહિ કરનારો. | ૪. નિરુદ્ધ પ્રમાદાચારવાળો = સંયમયોગમાં ક્ષણભર પણ પ્રમાદ નહિ કરનારો. |
| ૫. તુચ્છ, પથ્યભોજી | ૫. અસાર, શુદ્ધભોજી=અન્ત, પ્રાન્ત, તુચ્છ અને ગોચરીના ૪૭ દોષથી રહિત ભોજન કરનાર |
| ૬. વ્યાધિથી મૂકાતો | ૬. કર્મવ્યાધિથી મૂકાતો |
| ૭. ખણજઆદિ વેદનાથી નિવર્તમાન | ૭. ઇષ્ટ વિયોગાદિ વેદનાથી નિવર્તમાન |
| ૮. આરોગ્યને પ્રાપ્ત કરતો. | ૮. ચારિત્ર્યરૂપ આરોગ્યને પ્રાપ્ત કરતો |
| ૯. પ્રવર્ધમાન આરોગ્યના ભાવવાળો | ૯. પ્રવર્ધમાન ચારિત્રરૂપ આરોગ્યના ભાવવાળો. |
| ૧૦. આરોગ્યના પ્રત્યે રાગના કારણે શિરાવેધ અને ક્ષારપાતાદિમાં પણ અવ્યાકૂળ | ૧૦. પરિષહ-ઉપસર્ગમાં પણ અવ્યાકૂળ |
| ૧૧. ક્રિયામાં ઇતિકર્તવ્યતાનાં બોધને કારણે અપીડીત, અવ્યથિત અને આરોગ્ય પ્રત્યે બદ્ધ પરિણામવાળો વૈદ્યને બહુમાને છે. | ૧૧. સંયમમાં ઇતિકર્તવ્યતાના બોધને કારણે પ્રશાંત, તેજોલેશ્યાની વૃદ્ધિને પામતો ભાવવૈદ્ય એવા ગુરુને બહુમાને છે. |

**(૧૩)** ગુરુબહુમાનનું સ્વરૂપ –

અસંગ પ્રતિપત્તિરૂપ = ભગવાનના વચનનું અત્યંત બહુમાન હોવાથી ભગવાનના વચનને કહેનારા ગુરુ પ્રત્યે ગુણના રાગથી બહુમાનનો ભાવ, જે અસંગભાવનું કારણ હોવાથી અસંગપ્રતિપત્તિરૂપ છે.

**(૧૪)** **ગુરુ બહુમાનના અભાવથી કરાતી ક્રિયાનું સ્વરૂપ**

- કુલ્ટા નારી જેવી સંયમની ક્રિયા
- તત્ત્વના જાણનારાઓથી ગર્હિત
- મોક્ષથી વિપરીત સંસારના ફળને દેનારી
- અશુભ અનુબંધવાળી

ગુરુ બહુમાન એ પરમાર્થથી સર્વજ્ઞના વચનનું બહુમાન છે અને જેઓને ગુરુ પ્રત્યે બહુમાન નથી તેઓને સર્વજ્ઞના વચન પ્રત્યે બહુમાન નથી, તેથી તેઓની સંયમની ક્રિયા પણ સંસારફળવાળી છે.

**(૧૫)** **ગુરુ બહુમાનનું ફળ**

- મોક્ષનું અવન્ધ્ય કારણ
- ગુરુબહુમાનથી પરમગુરુનો સંયોગ
- અસંશય મોક્ષની પ્રાપ્તિ
- શુભના ઉદયવાળો
- પ્રકૃષ્ટ શુભના અનુબંધવાળો
- ભવવ્યાધિ માટે ચિકિત્સા સમાન
- ગુરુ બહુમાન તત્ત્વથી ભગવાનનાં બહુમાનરૂપ

સર્વજ્ઞના વચનને કહેનારા એવા ગુરુ પ્રત્યેનું બહુમાન એ સર્વજ્ઞના વચનનું બહુમાન છે. અને સર્વજ્ઞના વચનનું બહુમાન એ તત્ત્વથી સર્વજ્ઞ અને વીતરાગ પ્રત્યેનું બહુમાન છે; કેમ કે સર્વજ્ઞનું વચન સર્વજ્ઞ અને વીતરાગ થવાનો જ માર્ગ બતાવે છે તેથી તત્ત્વથી સર્વજ્ઞનાં વચનનું બહુમાન સર્વજ્ઞ અને વીતરાગ થવાનું અવન્ધ્ય કારણ છે.

**(૧૬) અપ્રમતસાધુની ક્રમસર ભૂમિકા**

- પ્રતિદિન તેજોલેશ્યાની વૃદ્ધિ (બાર માસના પર્યાયથી સવાર્થસિદ્ધના સુખનું અતિક્રમ)
- શુક્લ
  - અભિન્ન ચારિત્રવાળો
  - અમત્સરી
  - કૃતજ્ઞ
  - સદારંભી
  - હિતાનુબંધ
- શુક્લાભિજાત્ય
  - શુક્લનાં જ સર્વગુણો અતિશયવાળા
  - પ્રાયઃ કર્મના અનુબંધનાં છેદવાળો
  - લોકસંજ્ઞા થી પર
  - પ્રતિસ્રોતગામી
  - અનુસ્રોતથી નિવૃત્ત
  - સદાશુભયોગવાળો
  - સાધુપણાનો આરાધક
  - યથા-ગૃહીત પ્રતિજ્ઞાવાળો
  - સર્વ ઉપધાથી શુધ્ધ ચરમભવની પ્રાપ્તિ

જે સાધુ નિરપાય યોગી છે તે અપ્રમાદભાવથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરીને બારમહિનાના પર્યાયથી શુક્લ બને છે ત્યારપછી શુક્લાભિજાત્ય થાય છે. ત્યારે પ્રાયઃ કરી અશુભકર્મના અનુબંધોનો ઉચ્છેદ થાય છે, લોકસંજ્ઞા સંપૂર્ણ દૂર થાય છે શુદ્ધ આત્મામાં નિવિશમાન બને છે અને આવો સાધુ આ ભવમાં મોક્ષ ન પામે તો પણ સર્વઉપધાથી શુદ્ધ, સુરુપાદિરૂપ ભોગક્રિયાથી યુક્ત સમ્યગ્ અભવના સાધક એવા શુદ્ધ મનુષ્યભવને પ્રાપ્ત કરે છે.

**(૧૭) અસંગ પ્રતિપત્તરૂપ ગુરુ બહુમાનનું ફળ**

- ઉચિત-પ્રતિપત્તિ પ્રધાન શુભયોગની સિદ્ધિ
- સદંતકરણરૂપ ભાવ પ્રવર્તક મોહ નહિ
- પ્રાયઃ વિઘ્નનો અભાવ (કેમકે નિરનુબંધ અશુભકર્મનો ભાવ)
- સુપ્રવ્રજ્યાના વ્યાપારનો જન્માંતરમાં આક્ષેપ (તેનાથી અનાકુળ ઈષ્ટક્રિયામાં પ્રવૃત્તિ જેના ફલરૂપ શુભ અનુબંધવાળા ઉત્તરોત્તર યોગની શુદ્ધિ તેનાથી પ્રકૃષ્ટપરાર્થની નિષ્પત્તિ અને અંતે તીર્થંકર જન્મ આદિની પ્રાપ્તિ

## પાંચમું સૂત્ર પ્રવ્રજ્યાફળસૂત્રની સંક્ષિપ્ત સંકલના

તૃતીય સૂત્રમાં બતાવ્યું એ રીતે સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારપછી ચોથા સૂત્રમાં પ્રવ્રજ્યાનું પાલન કરતાં ક્રમસર સુખની પરંપરાની વૃદ્ધિ કેમ થાય તે બતાવ્યું અને હવે પ્રવ્રજ્યાપાલનનું અંતિમફળ મોક્ષની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવ કેવો હોય છે ? તે પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ છે.

**(૧) પ્રવ્રજ્યાના ફળરુપમોક્ષને પ્રાપ્ત જીવનું સ્વરૂપ**

- પરબ્રહ્મરુપ (સર્વકાળ સર્વ ઉપદ્રવોનો અભાવ હોવાથી)
- મંગલનું સ્થાન (ગુણોનો ઉત્કર્ષ હોવાથી પરમમંગલનું નિમિત્ત)
- સર્વથા અશુભ ભાવથી રહિત
- જન્મ-જરા મરણરહિત (નિમિત્તનો અભાવ હોવાથી વિડંબના નથી)
- અશુભની અનુબંધ શક્તિથી રહિત
- સંપ્રાપ્તિ નિજ સ્વરુપવાળા
- અક્રિય (ગમનાદિ ક્રિયા શૂન્ય)
- સ્વભાવ સંસ્થિત (સ્વરુપમાં સંસ્થિત)
- અનંતજ્ઞાન દર્શન ધર

**(૨) વ્યતિરેકથી મોક્ષનું સ્વરુપ**

- શબ્દરહિત
- રુપરહિત
- ગંધરહિત
- રસરહિત
- સ્પર્શ રહિત

**(૩) અન્ય રીતે મોક્ષનું સ્વરુપ**

- અરુપી એવી જ્ઞાનની સત્તાવાળા
- અનિત્થંસ્થ અચોક્કસ આકારવાળા
- અનંતવીર્યવાળા
- કૃતકૃત્ય (સર્વકૃત્યો નિષ્પાદન કરેલ હોવાથી
- સર્વબાધાથી રહિત (શરીર-કર્માદિના અભાવના કારણે અને કષાયના અભાવને કારણે બાધાથી રહિત)
- સર્વથા નિરપેક્ષ (અપેક્ષાના કારણભૂત મોહનો અભાવ હોવાથી)
- સ્તિમિત (નિસ્તરંગ સમુદ્ર જેવા)
- પ્રશાંત (સુખનો પ્રકર્ષ હોવાથી)
- અસાંયોગિક આનંદવાળા

### (४) સાંયોગિક સુખની અસારતાનાં કારણો

૧. ઔત્સુક્ય દુઃખ હોવાને કારણે ઔત્સુક્યતાવાળું સાંયોગિક સુખ દુઃખ અનુવિધ છે.
૨. ઇચ્છિતનો સંયોગ વિયોગવાળો હોવાથી દુઃખસુખ છે.
૩. સાંયોગિક સુખ નાશ થનાર હોવાથી તત્ત્વથી સુખ નથી.
૪. અસાંયોગિકસુખની અપેક્ષાએ સાંયોગિક સુખ તુચ્છ અને અસાર છે.
૫. મોહના કારણે સાંયોગિક સુખમાં થતી સુખબુદ્ધિ આરંભસમારંભ દ્વારા દુર્ગતિઓનાં અનર્થોનું કારણ.

જીવ સુખનો અર્થી છે. અસાંયોગિક સુખનું અજ્ઞાન છે. તેથી અસાર અને અનર્થની પરંપરાના કારણભૂત એવા સાંયોગિક સુખ માત્રમાં સુખબુદ્ધિને ધારણ કરીને તેની પ્રાપ્તિ અર્થે આરંભ-સમારંભ દ્વારા કર્મ બાંધીને અનેક દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે તેથી સાંયોગિક સુખ પરમાર્થથી અસાર છે.

### (૫) ઉપમાતીત સિદ્ધનું અનંત સુખ

૧. ઉપમા ન આપી શકાય તેવું=સંસારમાં ઉત્કટમાં ઉત્કટ સુખની ઉપમાથી પણ ન બતાવી શકાય તેવું.
૨. જેમ કુંવારી કન્યા સંભોગજન્ય સુખની કલ્પના કરી શકતી નથી તેમ ભોગરસિક જીવોથી ન કલ્પી શકાય તેવું સિદ્ધનું સુખ છે.
૩. યોગી=ફક્ત કેવળીગમ્ય સિદ્ધનું સુખ છે.
૪. સ્વસંવેદ્ય=સિદ્ધના આત્માઓથી સંવેદ્ય સિદ્ધનું સુખ છે.

સંસારમાં સિદ્ધનાં સદૃશ સુખે ક્યાંય પ્રાપ્ત થતું હોય તો તેની ઉપમાથી સિદ્ધનું સ્વરુપ બતાવી શકાય. પરંતુ સંસારનું સુખ અપ્રકર્ષવાળું અને રાગાદિ સંક્લશથી આક્રાન્ત છે અને કિંચિતકાળ સ્થાયી છે. જ્યારે સિદ્ધનું સુખ પૂર્ણ હોવાથી પ્રકર્ષ-અપ્રકર્ષ વગરનું અને સદા સ્થાયી છે માટે ઉપમાથી બતાવી શકાય નહિ તેવું છે અને માત્ર સિદ્ધના આત્માઓને તેનો અનુભવ છે અને કેવળજ્ઞાનથી કેવળીને જણાય છે અને કેવળીના વચનના બળથી અન્ય જીવો શ્રદ્ધા કરી શકે છે તે સિવાય છદ્મસ્થને માટે સિદ્ધનું સુખ જાણવું અસંભવિત છે.

**(૬) સિદ્ધના સ્વરુપને કાંઈક સમજાવવા માટે દૃષ્ટાન્ત**

- સર્વશત્રુનો ક્ષય (રાગાદિ સર્વ ભાવશત્રુનો ક્ષય)
- સર્વવ્યાધિનો ક્ષય (કર્મના ઉદયરુપ સર્વ વ્યાધિઓનો અપગમ)
- સર્વ ઈષ્ટઅર્થની પ્રાપ્તિ (ક્ષાયિકભાવ હોવાને કારણે સર્વલબ્ધિઓરુપ ઈષ્ટઅર્થની પ્રાપ્તિ)
- સર્વ ઈચ્છાની પ્રાપ્તિ (સાધનાકાળમાં અન્ય સર્વ ઈચ્છાઓના તિરોધાન દ્વારા માત્ર અનિચ્છાની ઈચ્છા હતી તે પૂર્ણ થવાથી સર્વ ઈચ્છાની સંપ્રાપ્તિ)

સર્વશત્રુ અને સર્વવ્યાધિના વિગમનથી સિદ્ધ અવસ્થામાં પૂર્ણ ઉપદ્રવનો અભાવ અને જીવને પરમાર્થથી ઈષ્ટ અંતરંગ લબ્ધિઓ છે અને ક્ષાયિકભાવમાં સર્વલબ્ધિઓની પ્રાપ્તિ હોવાથી સિદ્ધ અવસ્થામાં સર્વ ઈષ્ટ અર્થની પ્રાપ્તિનું સુખ છે અને સાધનાકાળમાં સર્વ ઈચ્છાઓ પૂર્ણ થયેલી અને માત્ર અનિચ્છાની ઈચ્છા હતી અને વીતરાગ થવાથી અનિચ્છાભાવની પ્રાપ્તિ થઈ તેથી સર્વ ઈચ્છાની સંપ્રાપ્તિનું સુખ સિદ્ધના જીવોને છે.

**(૭) સિદ્ધનો આત્મા અને સિદ્ધનું સુખ**

- એક જીવને આશ્રયીને સાદિ અનંત
- સર્વ જીવોને આશ્રયીને પ્રવાહથી અનાદિ અનંત

**(૮) સમાન પણ ભવ્યત્વ હોવા છતાં ભિન્નકાળમાં મોક્ષ પ્રાપ્તિનાં કારણો**

- તથા ભવ્યત્વ (સ્વભાવ)
- તથા કર્મનો વિપાક
- તથા પુરુષકાર
- તથા પ્રકારનાં કાળનો પરિપાક
- તથા પ્રકારની નિયતિ (ભવિતવ્યતા)

૧. **તથાભવ્યત્વ :** જે પ્રકારનું કાર્ય થાય છે તે પ્રકારનું ભવ્યત્વ જે દ્રવ્ય, ક્ષેત્ર, આદિને પામીને જે જીવ મોક્ષમાં જાય છે તે પ્રકારનું તે જીવનું ભવ્યત્વ હોવાથી તે રીતે જ મુક્તિની પ્રાપ્તિ.

૨. **તથા કર્મનો વિપાક :** મોક્ષ પ્રાપ્તિકાળમાં જે પ્રકારના કર્મનો વિપાક થાય તે પ્રકારના ભવઆદિની પ્રાપ્તિ દ્વારા સાધનામાં સહાયકતા મળે છે તેથી તે પ્રકારની સામગ્રીના સંયોગથી મુક્તિની પ્રાપ્તિ થાય.

૩. **તથા પુરુષકાર :** જે પ્રકારનું કાર્ય થાય તે પ્રકારનો પુરુષકાર તે તથાપુરુષકાર. જેમ ચરમભવમાં જે ક્ષેત્રમાં જે સમયે જે પ્રકારનો પુરુષકાર કરે તે તે સમયે તે તે ક્ષેત્રમાં તે તે ગુણસ્થાનકની પ્રાપ્તિનાં ક્રમથી જ્યારે ક્ષપક શ્રેણીનો પુરુષકાર થાય ત્યારે ક્ષપકશ્રેણી પ્રગટે અને જ્યારે યોગનિરોધનો પુરુષકાર થાય ત્યારે યોગનિરોધ થાય અને અંતે મોક્ષ થાય.

૪. **તથા પ્રકારનાં કાળનો પરિપાક :** જે જીવ જે કાળમાં મોક્ષમાં જાય છે તે કાળ તે જીવ માટે મોક્ષને અનુકૂળ પુરુષકારમાં યત્ન કરાવીને મોક્ષનું કારણ બને તેવા પ્રકારનો છે તેથી તે જીવ તે કાળમાં મોક્ષમાં જાય છે અન્યકાળમાં નહિ.

૫. **તથાનિયતિ :** જે જીવની જે પ્રકારની નિયતિ છે તે પ્રકારની સામગ્રી પામીને તે તે પ્રકારના યત્ન દ્વારા તે કાળે તે રીતે મોક્ષમાં જાય છે અન્યકાળમાં કે અન્ય રીતે મોક્ષમાં જતો નથી.

**(૯) ઉભયનય ગર્ભ ભગવાનની આજ્ઞાનું સ્વરૂપ**

- સમંતભદ્ર
- ત્રિકોટીથી પરિશુદ્ધ
- અપુનર્બંધકાદિ જીવોથી ગમ્ય

ભગવાનની આજ્ઞા નિશ્ચયનયને અભિમત, મોક્ષને અનુકૂળ એવા પરિણામને લક્ષ કરવાની છે અને તે લક્ષ્યરૂપ પરિણામને પ્રગટ કરવાનું કારણ બને તેવી વ્યવહારનયને માન્ય સ્વભૂમિકાને અનુરુપ ઉચિતક્રિયા કરવાની છે, જે નિશ્ચય-વ્યવહાર ઊભયનયગર્ભ છે. અને આ આજ્ઞાનું પાલન જીવના કલ્યાણનું કારણ બને છે માટે સમંતભદ્ર છે. વળી, કષ-છેદ-તાપ ત્રણ કોટિથી શુદ્ધ છે. તેથી ૧૦૦ ટચના સુવર્ણની જેમ એકાંત કલ્યાણકારી છે અને આ આજ્ઞાને અપુનર્બંધકઆદિ જીવો સમજી શકે છે, અન્ય નહિ.

**(૧૦) અપુનર્બંધક જીવોના લિંગો**

- દઢપ્રતિજ્ઞાવાળા
- તત્ત્વનું આલોચન કરનારા
- આજ્ઞાનું પ્રિયપણું અને તેનું ફળ સંવેગ
- શ્રવણનું પ્રિયપણું
- અભ્યાસનું પ્રિયપણું

**(૧૧) અયોગ્યજીવોને ગ્રંથ ન આપવામાં તે જીવો પ્રત્યેની કરુણાનું સ્વરુપ**

- એકાંત પરિશુદ્ધ
- અવિરાધના ફલવાળી
- મોક્ષ સાધિકા

અયોગ્ય જીવોને પ્રસ્તુતગ્રંથ નહિ ભણાવવા પાછળ તેઓની એકાંત હિતચિન્તા છે તેથી તે કરુણા એકાંત પરિશુદ્ધ છે. વળી, આ કરુણા ભગવાનની આજ્ઞાના પાલનરુપ છે તેથી અવિરાધના ફળવાળી છે. વળી, આ કરુણા ભગવાનની આજ્ઞાના પાલનરુપ હોવાથી કરુણા કરનારને મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

વિ.સં. ૨૦૬૦, જેઠ સુદ તેરસ
મંગળવાર. તા. ૦૧-૦૬-૨૦૦૪
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

# तृतीयं
# प्रव्रज्याग्रहणविधिसूत्रम् ।

**અવતરણિકા :**

अधुना तृतीयसूत्रव्याख्या प्रक्रम्यते। अस्य चायमभिसंबन्धः-अनन्तरसूत्रे जातायां धर्मगुणप्रतिपत्तिश्रद्धायां यत् कर्त्तव्यं तदुक्तम्, तच्च कुर्वता साधुधर्मः परिभावितो भवति, तस्मिन् परिभाविते यत् कर्त्तव्यं तदभिधातुमाह-

**અવતરણિકાર્થ :**

હવે ત્રીજા સૂત્રની વ્યાખ્યા શરૂ કરાય છે, અને આનો=ત્રીજા સૂત્રનો, આ સંબંધ છે=બીજા સૂત્ર સાથે આગળમાં કહેવાય છે એ સંબંધ છે. અને તે સંબંધ જ બતાવે છે–

અનન્તર સૂત્રમાં=બીજા સૂત્રમાં, ચારિત્રધર્મરૂપ ગુણના સ્વીકારની રુચિ થયે છતે જે કરવું જોઈએ તે કહેવાયું, અને તે કરવાથી=બીજા સૂત્રમાં કહેલા વચન પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી, સાધુધર્મ પરિભાવિત થાય છે. સાધુધર્મ પરિભાવિત થયે છતે જે કરવું જોઈએ તેને કહેવા માટે કહે છે–

**ભાવાર્થ :**

પ્રથમસૂત્રમાં દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદના બતાવી, અને તે પ્રમાણે સુદૃઢ યત્ન કરતાં કરતાં જીવને જ્યારે એવો પરિણામ થાય છે કે, મનુષ્યભવને પામીને ચારિત્રધર્મ સ્વીકારવો જોઈએ, જેથી આત્માનું એકાંતે હિત થાય; આવા પ્રકારની રુચિ થાય ત્યારે જો સીધું જ ચારિત્ર સ્વીકારે તો સામાન્ય રીતે આજીવન ચારિત્ર પાળવું અતિદુષ્કર બને છે. તેથી તેની ભૂમિકા કઈ રીતે પેદા કરવી તે બતાવવા માટે બીજા સૂત્રમાં સાધુધર્મનું પરિભાવન કઈ રીતે કરવું જોઈએ તે બતાવ્યું, અને તે સૂત્રમાં બતાવેલા ક્રમથી સંયમનો અર્થી જીવ જ્યારે તેને એમ જણાય કે હવે મારું ચિત્ત સાધુધર્મથી અત્યંત ભાવિત થઈ ગયું છે, માટે સંસારનો ત્યાગ કરીને એકાંતે કલ્યાણકારી એવા સાધુધર્મનો સ્વીકાર કરું, જેથી શીઘ્ર આ સંસારનો અંત થાય, અને જ્યારે આવો પરિણામ જીવમાં સ્થિર થાય ત્યારે પ્રથમ શું કરવું જોઈએ, જેથી સંયમનું ગ્રહણ ઔચિત્યપૂર્વક બને તે બતાવવા માટે કહે છે–

સૂત્ર :

परिभाविए साहुधम्मे, जहोदियगुणे जएज्जा सम्ममेयं पडिवज्जित्तए अपरोवतावं । परोवतावो हि तप्पडिवत्तिविग्घो । अणुपाओ खु एसो । न खलु अकुसलारंभओ हियं । अप्पडिबुद्धे कहिंचि पडिबोहेज्जा अम्मापियरे ।

સૂત્રાર્થ :

સાધુધર્મ પરિભાવન કરાયે છતે યથોદિતગુણવાળો એવો શ્રાવક= પૂર્વસૂત્રના અંતે બતાવ્યું એ પ્રમાણે સાધુધર્મના પરિભાવનથી થયેલી સાધુધર્મની યોગ્યતાવાળો શ્રાવક, આ ધર્મને સમ્યગ્ સ્વીકારવા માટે= સર્વવિરતિધર્મને સમ્યગ્ સ્વીકારવા માટે, અપરોપતાપ=બીજાને ઉપતાપ ન થાય તે રીતે, યત્ન કરે.

અહીં પ્રશ્ન થાય કે બીજાને પરોપતાપ થાય કે ન થાય, તેને સંયમ ગ્રહણ કરવા સાથે શું પ્રયોજન છે, જેથી પરોપતાપનો પરિહાર કરવા માટે યત્ન કરે ? તેથી કહે છે–

જે કારણથી પરોપતાપ સંયમની પ્રાપ્તિમાં અંતરાય છે. અને એ જ વાતને સ્પષ્ટ કરે છે–

ધર્મ સ્વીકારવામાં પરોપતાપ અનુપાય જ છે.

અનુપાય કેમ છે તે બતાવે છે–

ખરેખર અકુશલ આરંભથી હિત નથી.

હવે પરોપતાપ પરિહાર માટે પ્રધાન સ્થાનને બતાવે છે–

કોઇક રીતે માતા-પિતા પ્રતિબોધ પામ્યા ન હોય તો તેઓને પ્રતિબોધ કરે.

ટીકા :

परिभाविए साधुधम्मे जहोदियगुणे इत्यादि । परिभाविते साधुधर्मे अनन्तरसूत्रोदितेन विधिना, यथोदितगुणः संसारविरक्तः संविग्नः अममः अपरोपतापी विशुद्धः विशुद्ध्यमानभावः सन्, यतेत सम्यग् विधिनाऽमुं धर्मं प्रतिपत्तुम् । कथम् ? इत्याह-अपरोपतापमिति क्रियाविशेषणम् । किमेतदाश्रीयते?

इत्याह-परोपतापो हि तत्प्रतिपत्तिविघ्नः, परोपतापो यस्माद्धर्मप्रतिपत्त्यन्तरायः । एतदेवाह-अनुपाय एवैष धर्मप्रतिपत्तौ परोपतापः । कथम्? इत्याह–न खल्वकुशलारम्भतो हितम् । अकुशलारम्भश्च धर्मप्रतिपत्तावपि परोपतापः । न चान्यस्तत्र प्रायः, अयं संभवतीति संभविपरिहारार्थमाह-अप्रतिबुद्धौ कथञ्चित् कर्मवैचित्र्यतः, प्रतिबोधयेन्मातापितरौ । न तु प्रायो महासत्त्वस्यैतावप्रतिबुद्धौ भवत इति 'कथञ्चित्' इत्याह ।

**ટીકાર્થ :**

**'परिभाविए साधुधम्मे जहोदियगुणे इत्यादि' એ પ્રતીક છે.**

**આગળના સૂત્રમાં કહેલી વિધિ વડે સાધુધર્મનું પરિભાવન કરાયે છતે= સાધુધર્મને અત્યંત અભિમુખ ચિત્ત થયે છતે, શ્રાવક યથોદિતગુણવાળો થાય છે=આગળના સૂત્રના અંતમાં બતાવ્યા તેવા ગુણવાળો થાય છે.**

તે ગુણ જ સ્પષ્ટ કરે છે–

**શ્રાવક સંસારથી વિરક્ત થાય છે, સંવિગ્ન થાય છે=મોક્ષમાર્ગને સાધવાની અભિલાષાવાળો થાય છે, મમતા વગરનો થાય છે=સંસારના પદાર્થો પ્રત્યે આકર્ષણ વગરનો થાય છે, પોતાની મન-વચન-કાયાની પ્રવૃત્તિથી કોઈને પરિતાપ ન થાય તેવા દયાળુ ચિત્તવાળો થાય છે, અજ્ઞાનરૂપી અંધકાર નાશ થયેલો હોવાને કારણે વિશુદ્ધ પરિણામવાળો થાય છે અને વારંવાર તત્ત્વના અવલોકનને કારણે વિશુદ્ધ્યમાન ભાવવાળો બને છે. આવા શ્રાવકે આ ધર્મને સ્વીકારવા માટે સમ્યગ્ =વિધિપૂર્વક, પરને ઉપતાપ★ ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ.**

★ અહીં '**अपरोपतापं**' શબ્દ 'યત્ન કરવો જોઈએ' એ ક્રિયાનું વિશેષણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વવિરતિ ગ્રહણ કરવા માટે માત્ર વિધિપૂર્વક યત્ન કરવાનો નથી પરંતુ સર્વવિરતિના ગ્રહણ પૂર્વે પરોપતાપના વર્જન માટે પણ યત્ન કરવાનો છે.

અહીં શંકા થાય કે આનો=સંયમ ગ્રહણ કરવામાં પરોપતાપના વર્જનનો, આશ્રય કેમ કરાય છે ? એથી કરીને મૂળગાથામાં કહે છે–

જે કારણથી પરોપતાપ તેના=ધર્મના, સ્વીકારમાં અંતરાય છે.

★ **સૂત્રમાં 'हि' શબ્દ 'यस्मात्' નાં અર્થમાં છે.**

**એને જ=ધર્મને સ્વીકારવામાં આ પરોપતાપ અંતરાય છે એને જ, કહે છે–**

**ધર્મ પ્રતિપત્તિમાં આ=પરોપતાપ, અનુપાય જ છે.**

**કેમ અનુપાય છે ? એથી કરીને કહે છે–**

**ખરેખર, અકુશલના આરંભથી હિત થતું નથી અને ધર્મના સ્વીકારમાં પણ પરોપતાપ અકુશલ આરંભ છે.**

★ **'धर्मप्रतिपत्तावपि'** માં **'अपि'** થી એ કહેવું છે કે સંસારની પ્રવૃત્તિમાં તો પરનો ઉપતાપ અકુશલ આરંભ છે પરંતુ ધર્મના સ્વીકારમાં પણ પરનો ઉપતાપ અકુશલ આરંભ છે.

**અને ત્યાં=સંયમ સ્વીકારમાં, પ્રાયઃ કરીને અન્ય નથી=અન્ય પરોપતાપ નથી; આ સંભવે છે=આગળમાં કહેવાશે એ પરોપતાપ સંભવે છે, એથી કરીને સંભવતા એવા પરોપતાપના પરિહાર માટે સૂત્રમાં કહે છે–**

**કર્મના વૈચિત્ર્યથી કોઈક રીતે માતાપિતા પ્રતિબોધ ન પામે તો માતાપિતાને પ્રતિબોધ કરે.**

**મહાસત્ત્વવાળા એવા દીક્ષાના અભિલાષી શ્રાવકના માતાપિતા પ્રાયઃ પ્રતિબોધ પામેલા ન હોય તેમ બને નહિ. આમ છતાં ક્યારેક માતાપિતા પ્રતિબોધ પામેલા ન હોય એમ બને એ બતાવવા માટે સૂત્રમાં 'कर्हिंचि' એ પ્રમાણે કહેલ છે.**

**ભાવાર્થ :**

પૂર્વસૂત્રમાં બતાવ્યું એ પ્રમાણે સાધુધર્મ પરિભાવન કર્યા પછી જ્યારે શ્રાવક સાધુધર્મને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે ત્યારે તે સંસારથી વિરક્ત થાય છે, મોક્ષમાત્રની ઇચ્છાવાળો થાય છે, સંસારના સર્વ પદાર્થો પ્રત્યે મમત્વરહિત થાય છે, પોતાનાથી કોઈને પીડા ન થાય એ રીતે ઉચિત આચરણા કરનારો થાય છે, અજ્ઞાનરૂપી અંધકારની ગ્રંથિનો ભેદ થયેલો હોવાથી અને ભોગની લાલસા ચાલી ગયેલી હોવાથી વિશુદ્ધ પરિણામવાળો થાય છે, અને તત્ત્વના ભાવનથી શુભકંડકની વૃદ્ધિ દ્વારા વિશુદ્ધ્યમાન પરિણામવાળો બને છે; કેમ કે આવા શ્રાવકનું ચિત્ત મનુષ્યજન્મને પામીને હવે પૂર્ણશક્તિથી આત્મકલ્યાણ કરવા માટે

તત્પર થયેલ છે અને તેથી વિધિપૂર્વક સંયમસ્વીકારનો અર્થી બને છે. તેને ગ્રંથકાર કહે છે કે વિધિપૂર્વક ધર્મના સ્વીકાર માટે જેમ ચિત્તની ઉત્તમતા આવશ્યક છે, તેમ પોતાની સંયમગ્રહણની ક્રિયાથી કોઈને પણ ઉપતાપ ન થાય તેવો યત્ન પણ આવશ્યક છે. અને જો તેવો યત્ન ન કરે તો સંયમનો સ્વીકાર ઉચિત પ્રયત્નરૂપ બનતો નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે શ્રાવક મોક્ષનો અર્થી છે અને મોક્ષના ઉપાયરૂપ સંયમ ગ્રહણ કરે તે જોઈને અન્ય કોઈને ઉપતાપ થાય તો શ્રાવકનો તેમાં શું દોષ છે ? તેથી ગ્રંથકાર કહે છે–

સંયમના સ્વીકારમાં પરનો ઉપતાપ અંતરાય છે. તેથી જો પરોપતાપનો પરિહાર કર્યા વિના સંયમ ગ્રહણ કરવામાં આવે તો સાધુધર્મના પરિભાવનથી પ્રગટ થયેલી યોગ્યતાવાળા શ્રાવકને પણ ભાવથી સંયમ પ્રાપ્ત થતું નથી. આથી જ કહે છે કે સર્વવિરતિનાં સ્વીકારમાં પરનો ઉપતાપ અંતરાયરૂપ છે.

સર્વવિરતિના સ્વીકારમાં પરનો ઉપતાપ અંતરાય કેમ છે તેને જ સ્પષ્ટ કરે છે. આ પરનો ઉપતાપ ધર્મસ્વીકારમાં અનુપાય જ છે; કેમ કે અકુશલ આરંભથી હિત થતું નથી, અને ધર્મસ્વીકારમાં પરનો ઉપતાપ એ અકુશલ આરંભ છે.

આશય એ છે કે જો પરના ઉપતાપનો પરિહાર થઈ શકતો હોય છતાં પરના ઉપતાપના પરિહાર માટે યત્ન કર્યા વગર દીક્ષા ગ્રહણની ક્રિયા કરવામાં આવે તો તે દીક્ષાગ્રહણની ક્રિયા અકુશલ આરંભરૂપ છે. તે આ રીતે–

ભગવાનની આજ્ઞા છે કે પરપીડાના પરિહાર માટે અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ. પરપીડાના પરિહારની ઉપેક્ષા કરીને અવિવેકી વ્યક્તિ સંયમમાં યત્ન કરે છે તેના કારણે પરને ઉપતાપ થાય છે, અને તે પરોપતાપની પ્રવૃત્તિ અનુચિત હોવાથી સંયમ ગ્રહણ કરવાની ક્રિયા સર્વથા ઔચિત્યપૂર્વક બનતી નથી. તેથી અનુચિત પ્રવૃત્તિપૂર્વક ગ્રહણ કરાયેલી વ્રતની ક્રિયા ભાવથી સંયમ પ્રાપ્ત કરવા માટે સમર્થ બનતી નથી. તેથી તે અકુશલ આરંભરૂપ છે.

આ પરોપતાપ પ્રાયઃ કરીને અન્ય જીવો માટે સંભવતો નથી, પરંતુ માતાપિતા વિષયક સંભવે છે. તેથી સંભવિત એવા પરના ઉપતાપના પરિહાર માટે કહે છે–

કર્મના વૈચિત્ર્યને કારણે કોઈક રીતે માતાપિતા પ્રતિબોધ પામ્યાં ન હોય તો તેઓને પ્રતિબોધ કરવો જોઈએ.

આશય એ છે કે સંયમ ગ્રહણ કરનાર વ્યક્તિ જ્યારે સંયમ માટે ઉદ્યમી થાય છે ત્યારે ઘણા પ્રકારના પરોપતાપ થવાની સંભાવના છે, તો પણ પ્રાયઃ કરીને માતાપિતાને પરોપતાપ થવાનો વિશેષ સંભવ છે. જો કે કુટુંબની અન્ય વ્યક્તિને, મિત્રને કે સ્નેહીઓને, સ્વજનોને પણ ક્યારેક પરિતાપ થવાનો સંભવ છે, અને રાજા હોય તો તેના આશ્રિતોને પણ પરિતાપ થવાનો સંભવ છે. તો પણ સૌથી વધારે પરિતાપ માતા-પિતાને થવાનો સંભવ છે. તેથી તેના વિષે વિધિ બતાવે છે અને તેના ઉપલક્ષણ દ્વારા અન્ય જે કોઈ જીવને ઉપતાપની સંભાવના હોય તેના પરિહાર માટે પણ શક્ય પ્રયત્ન કરવો જોઈએ, જેથી કોઈનું પણ અહિત થાય નહિ.

વિવેકી શ્રાવક સંયમને અભિમુખ બને છે ત્યારે પ્રાયઃ કરીને તેના સંપર્કથી તેનાં માતાપિતા પણ સ્વયં સંયમને અભિમુખ બને છે, આમ છતાં દરેક જીવનાં કર્મ વિચિત્ર હોય છે. તેથી કર્મની વિચિત્રતાને કારણે કોઈક રીતે આટલી સામગ્રી પામવા છતાં માતાપિતા પ્રતિબોધ પામ્યાં ન હોય તો દીક્ષા લેવા તત્પર થયેલા શ્રાવકે માતાપિતાને બોધ કરવા માટે અવશ્ય ઉચિત યત્ન કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે વિવેકી શ્રાવક સાધુધર્મના પરિભાવનથી જ્યારે આવું ઉત્તમ ચિત્ત પેદા કરે છે અને સંયમને અભિમુખ બને છે, ત્યારે તેનું લોકોત્તમ ચિત્ત માતાપિતાને પ્રસંગે પ્રસંગે દેખાય છે, અને તે જોઈને જો થોડી પણ વિચારકતા માતા-પિતામાં હોય તો તેમને સહજ રીતે થાય છે કે પુત્ર જ્યારે યુવાવસ્થામાં આ વૈભવને છોડીને ભોગોથી વિરક્ત બનેલો સંયમમાં ઉદ્યમ કરે છે, તો આપણે પણ હવે આ ભોગોથી સર્યું, એ પ્રકારનો પરિણામ માતા-પિતાને થવાનો સંભવ રહે છે. આમ છતાં કોઈક કર્મવિશેષ હોય તો માતાપિતા સ્વયં પ્રતિબોધ પામે નહિ, તો પણ વિવેકીપુત્રનાં સમ્યગ્ યત્નથી તે પ્રકારનો બોધ થવાની ઘણી શક્યતા રહેલી છે. તેથી સંયમ ગ્રહણ કરવામાં યત્કિંચિત કાલવિલંબન કરીને પણ સંયમના અર્થીએ માતા-પિતાને બોધ કરાવવા માટે અવશ્ય યત્ન કરવો જોઈએ, જેથી માતાપિતાનો પોતાના ઉપર થયેલા ઉપકારનો બદલો પણ વાળી શકે છે, અને માતાપિતાનું હિત થવાથી પોતે પણ તેમાં

નિમિત્તભાવ પામવાને કારણે મહાકલ્યાણને પામે છે; અને જો તેમના હિતની ઉપેક્ષા કરીને તરત જ સંયમ ગ્રહણ કરે તો તેમના કલ્યાણની કરવામાં આવેલી ઉપેક્ષાને કારણે વિશેષ પ્રકારનું ચારિત્રમોહનીયકર્મ પણ બાંધે છે. તેથી વિવેકસંપન્ન શ્રાવક શક્તિને ગોપવ્યા વિના બોધ પમાડવા માટે ઉચિત પ્રયત્ન અવશ્ય કરે.

**ઉત્થાન :**

હવે માતાપિતાને પ્રતિબોધ કરવા માટે શું કરે ? તે બતાવે છે–

**સૂત્ર :**

**उभयलोगसफलं जीवियं, समुदायकडा कम्मा समुदायफल त्ति । एवं सुदीहो अविओगो अण्णहा एगरुक्खनिवासिसउणतुल्लमेयं । उद्दामो मच्चू पच्चासण्णो य । दुल्लहं मणुयत्तं समुद्दपडियरयणलाभतुल्लं । अइप्पभूया अन्ने भवा दुक्खबहुला मोहंधयारा अकुसलाणुबंधिणो अजोग्गा सुद्धधम्मस्स जोग्गं च एयं पोयभूयं भवसमुद्दे, जुत्तं सकज्जे निउंजिउं, संवरछुइयछिद्दं नाणकण्णधारं तवपवणजवणं ।**

**સૂત્રાર્થ :**

**ઉભયલોગસફલ જીવીત છે, સમુદાયમાં કરાયેલાં કર્મો સમુદાયફલવાળાં છે.**

**આ બે કથન દ્વારા સાથે દીક્ષા લેવા માટે યત્ન કરવો જોઇએ, એ પ્રકારનું કથન સમાપ્ત થાય છે, તે બતાવવા માટે 'त्ति' પ્રયોગ છે.**

**આ રીતે=સાથે દીક્ષા લેવાથી, સુદીર્ઘ અવિયોગ થશે. અન્યથા=સાથે દીક્ષા લેવામાં ન આવે તો, એક વૃક્ષ ઉપર નિવાસી પક્ષીતુલ્ય આ=આપણું વર્તન છે.**

સાથે સંયમ લેવું જોઇએ એ વાતને પુષ્ટ કરવા માટે કહે છે–

**ઉદ્દામ મૃત્યુ છે=નિવારણ ન કરી શકાય તેવું મૃત્યુ છે, અને તમારુ મૃત્યુ પ્રત્યાસન્ન છે=નજીક છે.**

**મનુષ્યભવ દુર્લભ છે**

તે દુર્લભતા જ સ્પષ્ટ કરે છે–

**સમુદ્રમાં પડી ગયેલા રત્નલાભ તુલ્ય છે.**

તેમાં યુક્તિ બતાવે છે–

**અન્યભવો અતિઘણા છે, તેથી મનુષ્યભવની પ્રાપ્તિ અતિદુર્લભ છે.**

અહીં કોઈને શંકા થાય કે જેમ મનુષ્યભવ છે તેમ અન્ય ભવ છે, તેથી મનુષ્યભવની પ્રાપ્તિ થાય કે અન્ય ભવની પ્રાપ્તિ થાય તેમાં શું વાંધો ? તેથી કહે છે–

**અન્યભવો ઘણા દુઃખવાળા છે, મોહના અંધકારવાળા છે, અકુશલ અનુબંધવાળા છે, શુદ્ધધર્મ માટે અયોગ્ય છે અને આ મનુષ્યભવ શુદ્ધધર્મ માટે યોગ્ય છે, ભવસમુદ્રમાં નાવ જેવું છે. (માટે) મનુષ્યભવને સ્વકાર્યમાં નિયોજન કરવો યુક્ત છે. કેવી રીતે મનુષ્યભવને સ્વકાર્યમાં નિયોજન કરવો જોઇએ તે સ્પષ્ટ કરે છે–**

**મનુષ્યભવરૂપી નાવને સંવર દ્વારા છિદ્ર વગરની, જ્ઞાનરૂપી કર્ણધારવાળી અને તપરૂપી પવનથી ગતિવાળી કરવી જોઇએ.**

★ **संवरट्ठइयछिड्डं नाणकण्णधारं तवपवणजवणं** આ ત્રણે શબ્દો ભવરૂપી સમુદ્રમાં નાવ જેવા મનુષ્યભવનાં મોક્ષગમન પ્રત્યે હેતુ બતાડવા માટે વિશેષણો છે.

**ટીકા :**

**उभयलोकसफलं जीवितं** 'प्रशस्यते' इति शेषः। तथा **समुदायकृतानि कर्माणि** प्रक्रमाच्छुभानि, **समुदायफलानीति**, अनेन भूयोऽपि योगाक्षेपः । तथा चाह-**एवं सुदीर्घोऽवियोगः** भवपरम्परया सर्वेषामस्माकमिति प्रक्रमः । **अन्यथैवमकरणे एकवृक्षनिवासिशकुनतुल्यमेतच्चेष्टितमिति** शेषः । यथोक्तम्-

वासवृक्षं समागम्य विगच्छन्ति यथाऽण्डजाः ।
नियतं विप्रयोगान्तस्तथा भूतसमागमः॥ [ ] ॥ इत्यादि ।

एतदेव स्पष्टयन्नाह-**उद्दामो मृत्युः** अनिवारितप्रसरः, प्रत्यासन्नश्चाल्पायुष्ट्वेन। तथा **दुर्लभं मनुजत्वं** भवाब्धाविति शेषः । अत एवाह-**समुद्रपतितरत्नलाभ-**

**तुल्यम्**, अतिदुरापमित्यर्थः । कुतः? इत्याह-**अतिप्रभूता अन्ये भवाः** पृथिवीकायादिसंबन्धिनः कायस्थित्या । यथोक्तम्-

अस्संखोसप्पिणि-सप्पिणीओ एगिंदियाण उ चउण्हं ।
ता चेव उ अणंता, वणस्सतीए उ बोधव्वा॥१॥ [ बृहत्सं. ३३३ ]

**एते च दुःखबहुला** उत्कटासातवेदनीयाः, **मोहान्धकाराः** तदुदयतीव्रतया, **अकुशलानुबन्धिन** प्रकृत्याऽसच्चेष्टाहेतुत्वेन, यत एवमतः **अयोग्याः शुद्धधर्मस्य** चारित्रलक्षणस्य । **योग्यं चैतन्मनुजत्वम्** । किंविशिष्टम्? इत्याह-**पोतभूतं भवसमुद्रे**, तदुत्तारकत्वेन । यत एवमतो **युक्तं स्वकार्ये नियोक्तुं** धर्मलक्षणे । कथम्? इत्याह-**संवरस्थगितच्छिद्रम्**, छिद्राणि प्राणातिपाताविरमणादीनि । तथा **ज्ञानकर्णधारम्**-भीक्ष्णं तदुपयोगतः । **तपःपवनजवनम्** अनशनाद्यासेवनतया । **एवं युक्तं स्वकार्ये नियोक्तुम्** ।

**ટીકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે માતાપિતાને પ્રતિબોધ કરે. તે કઇ રીતે કરે તે બતાવે છે–

**ઉભયલોકસફલ જીવીત પ્રશંસનીય છે.**

★ અહીં સૂત્રમાં '**प्रशस्यते**' શબ્દ અધ્યાહાર છે.

**અને સમુદાયમાં કરાયેલાં શુભકર્મો સમુદાયના ફલવાળાં છે** (આ પ્રકારે માતાપિતાને કહે) **અને આ બીજા કથનથી ફરી પણ સંબંધનો આક્ષેપ છે= સમુદાયમાં કરવામાં આવે તો જન્માંતરમાં પણ ફરી તે તે જીવો સાથે સંબંધની પ્રાપ્તિ થાય.** (અને તે રીતે=સમુદાયમાં શુભકર્મો કરવામાં આવે તો ફરી સંબંધ થાય તે રીતે, સૂત્રમાં કહે છે.) **આ રીતે=સાથે દીક્ષા લેવામાં આવે એ રીતે, ભવપરંપરાથી સુદીર્ઘકાળ સુધી આપણા બધાનો અવિયોગ પ્રાપ્ત થશે. અન્યથા =આમ ન કરવામાં આવે=સાથે દીક્ષા લેવામાં ન આવે તો, એકવૃક્ષનિવાસી પક્ષી તુલ્ય આ ચેષ્ટિત છે=આપણું વર્તન છે.**

★ સૂત્રમાં 'ચેષ્ટિત' અધ્યાહાર છે. સાથે દીક્ષા લેવામાં ન આવે તો એકવૃક્ષનિવાસી પક્ષીઓ જેવી આપણી પ્રવૃત્તિ છે, એમ જે માતાપિતાને કહ્યું તેમાં '**यथोक्तम्**' થી સાક્ષી આપે છે–

નિવાસસ્થાનરૂપ વૃક્ષ ઉપર આવીને જે પ્રમાણે પક્ષીઓ ઊડી જાય છે તે પ્રમાણે જીવોનો સમાગમ નિયત વિયોગ અંતવાળો છે ઇત્યાદિ.

★ અહીં '**इत्यादि**' થી આના જેવા જ કથનને ઇત્યાદિ કહેનારા અન્ય શ્લોકોનું ગ્રહણ કરવાનું છે.

**આને જ=આપણે સાથે દીક્ષા લેવી જોઈએ એને જ, સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહે છે–**

**અનિવારીત પ્રસરવાળો ઉદ્દામ મૃત્યુ છે, અને માતાપિતાને પોતાની અપેક્ષાએ અલ્પ આયુષ્ય હોવાને કારણે મૃત્યુ પ્રત્યાસન્ન છે, અને ભવસમુદ્રમાં મનુષ્યપણું દુર્લભ છે.**

★ અહીં મૂળસૂત્રમાં '**भवसमुद्रे**' અધ્યાહાર છે.

**મનુષ્યભવ દુર્લભ છે, આથી કરીને જ કહે છે–**

**સમુદ્રમાં પડેલા રત્નના લાભ જેવું અતિદુઃખે કરીને પ્રાપ્ત થાય તેવું મનુષ્યપણું છે.**

**કેમ ? એથી કરીને કહે છે–**

**પૃથ્વીકાયઆદિ સંબંધી કાયસ્થિતિ હોવાને કારણે અન્ય ભવો અતિઘણા છે.**

**પૃથ્વીકાયઆદિ સંબંધી કાયસ્થિતિને કારણે અન્ય ભવો ઘણા છે તે બતાવવા માટે '**यथोक्तम्**' થી સાક્ષી આપે છે–**

**"એકેન્દ્રિયાદિમાંથી પૃથ્વીકાયઆદિ ચારની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી છે, અને વનસ્પતિકાયની તે જ=ઉત્સર્પિણી–અવસર્પિણી જ, અનંત જાણવી."**

અહીં પ્રશ્ન થાય કે અન્ય ભવો ઘણા હોય તો જીવને શું વાંધો છે ? તેથી કહે છે–

**આ એકેન્દ્રિયાદિના ભવો ઉત્કટ અશાતાવેદનીયવાળા હોવાના કારણે દુઃખબહુલ છે, અને મોહનીયકર્મ અને જ્ઞાનાવરણીયકર્મનો તીવ્ર ઉદય હોવાના કારણે મોહ અને અંધકારથી યુક્ત છે.**

**વળી, આ એકેન્દ્રિયાદિભવો પ્રકૃતિથી અસત્ પ્રવૃત્તિના હેતુ હોવાના કારણે અકુશળની પરંપરાને કરનારા છે, જે કારણથી આવું છે આથી કરીને, આ**

**એકેન્દ્રિયાદિભવો ચારિત્રરૂપ શુદ્ધધર્મને માટે અયોગ્ય છે, અને આ મનુષ્યપણું ચારિત્ર માટે યોગ્ય છે.**

**વળી, આ મનુષ્યભવ કેવો વિશેષ છે, 'એથી કરીને કહે છે–**

**ભવસમુદ્રમાં નાવ જેવો (આ મનુષ્યભવ) છે; કેમ કે ભવસમુદ્રમાંથી મનુષ્યભવથી ઉદ્ધાર થઈ શકે છે. જે કારણથી આમ છે=મનુષ્યભવ સંસારસમુદ્રમાં નાવ જેવો છે, આથી કરીને સંસારસમુદ્રને તરવારૂપ ધર્મરૂપ સ્વકાર્યમાં મનુષ્યભવનો ઉપયોગ કરવો જોઈએ.**

કેવી રીતે મનુષ્યભવનો સંસારથી તરવા માટે ઉપયોગ થઇ શકે ? એથી કહે છે–

**જ્યારે મનુષ્યભવરૂપી નાવને સંવર દ્વારા સ્થગિતછિદ્રવાળું કરવામાં આવે તથા જ્ઞાનરૂપી સુકાની કરવામાં આવે અને તપરૂપી પવનની ગતિ થાય, ત્યારે આ મનુષ્યભવરૂપી નાવ સંસાર તરવાનું કારણ બને.**

**અહીં મનુષ્યભવરૂપી નાવમાં પ્રાણાતિપાતનાં અવિરમણાદિ છિદ્રો છે, અને *તે જ સંવર દ્વારા* ઢાંકી દેવામાં આવે, તો નાવ તરવાનું કારણ બને; અને પ્રતિક્ષણ જ્ઞાનના ઉપયોગથી નાવને ગતિ કરાવવામાં આવે તો મોક્ષનું કારણ બને, અને *અનશનઆદિ તપ દ્વારા અનુકૂળ પવનની ગતિ થાય તો તરવાનું કારણ બને.* આ રીતે=મનુષ્યભવરૂપી નાવને નિશ્છિદ્ર કરીને જ્ઞાનરૂપી સુકાનીથી અને તપરૂપી પવનથી સંસાર તરવારૂપ કાર્યમાં નિયોજન કરવી યુક્ત છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં કહ્યું કે કોઇક રીતે માતાપિતા પ્રતિબોધ પામ્યાં ન હોય તો દીક્ષા લેવા તત્પર થયેલા શ્રાવકે માતાપિતાને પ્રતિબોધ કરવો જોઈએ. તે પ્રતિબોધ કઇ રીતે કરવો જોઇએ તે બતાવે છે–

શ્રાવક પ્રથમ માતાપિતાને કહે છે કે, 'ઉભયલોગસફલ જીવીત' પ્રશંસાપાત્ર છે અર્થાત્ જે લોકોને મનુષ્યભવ મળ્યો છે અને આલોકમાં પણ ઉચિત રીતે જીવ્યા છે તેથી આલોક તેઓના માટે સુખરૂપ છે, આમ છતાં પરલોક માટે કોઇ યત્ન કરવામાં ન આવે તો તેમનું જીવન ઉભયલોક માટે સુંદરફળવાળું નથી, તેથી જેમ તમે આ લોકમાં સારી રીતે જીવ્યા છો તેમ પરલોકના હિત માટે સંયમમાં

યત્ન કરશો તો તમારું જીવન ઉભયલોકમાં સુંદર ફળવાળું થશે. આમ કહીને શ્રાવક માતાપિતાને સંયમને અભિમુખ થવા માટે સમજાવે છે, અને આ કથનથી તેની ભૂમિકાને અનુરૂપ જે જે કથન ઉચિત જણાય તે સર્વ શ્રાવક અવસરે કહે.

વળી, શ્રાવક માતા-પિતાને કહે છે કે સમુદાયમાં કરાયેલાં શુભકર્મો સમુદાયફળવાળાં છે. આમ કહીને શ્રાવક, માતાપિતાને એ કહેવા માંગે છે કે જો આપણે સાથે સંયમ ગ્રહણ કરીએ તો જન્માંતરમાં પણ ઉત્તમ સામગ્રીયુક્ત ભવને પામીને ફરી સાથે ભેગા થઈશું. આ પ્રકારના વચનથી પણ પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે, ફરી આપણો યોગ થાય તેવી બુદ્ધિ માતા-પિતાને થવાથી પણ સંયમ માટેનો ઉત્સાહ માતાપિતાને થાય છે, અને સંયમ માટે ઉત્સાહી થઈને ઉચિત સંયમની આરાધના કરીને અવશ્ય જન્માંતરમાં પણ ફરી સાથે યોગને પામે છે.

વળી, તે રીતે શ્રાવક કહે છે કે, આ રીતે જો આપણે સાથે સંયમ લઈશું તો દીર્ઘકાળ સુધી આપણા બધાનો ભવપરંપરા દ્વારા અવિયોગ થશે. આનાથી એ કહેવું છે કે જેમ સંસારમાં આપણો યોગ પરસ્પર એકબીજાને માટે અનુકૂળરૂપે પ્રાપ્ત થયો તેમ ભવપરંપરાથી આપણો યોગ પરસ્પર અનુકૂળ બને એવો પ્રાપ્ત થશે, અને પરલોક પણ ઉત્તમ થશે, જેનાથી હિતની પરંપરા પ્રાપ્ત થશે. માટે પ્રમાદ છોડીને આપણે સાથે સંયમમાં ઉદ્યમ કરીએ.

વળી, શ્રાવક માતાપિતાને કહે છે કે જો આપણે આ રીતે સાથે સંયમગ્રહણ ન કરીએ તો એક વૃક્ષ ઉપર નિવાસ કરનાર પક્ષી તુલ્ય આ ચેષ્ટિત છે. આશય એ છે કે તમે સંયમ ગ્રહણ ન કરો અને હું સંયમગ્રહણ કરું એ આપણી ચેષ્ટા એક વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીની જેમ છે. જેમ એક વૃક્ષ ઉપર ઘણાં પક્ષીઓ આવીને બેઠાં અને કોઈક ક્યારે ઊડી ગયું અને કોઈક વળી અન્ય કાળે ઊડી ગયું અને તે પક્ષીઓ ઘણા કાળ સુધી ભેગાં થતાં નથી, તેમ આપણા સર્વનું જ્યારે જ્યારે આયુષ્ય પૂર્ણ થશે ત્યારે ત્યારે આ ભવને છોડીને બીજા ભવોમાં ચાલ્યા જઈશું, અને ફરી એકઠા થવાની કોઈ શક્યતા રહેશે નહીં; કેમ કે આપણા બધાનો માર્ગ જુદો પડે છે. પરંતુ જો આપણે સાથે સંયમ ગ્રહણ કરીએ તો સમાન આરાધના કરીને ફરી અન્ય જન્મમાં સાથે ભેગા થઈને અવશ્ય હિત સાધી શકીશું; કેમ કે કર્મની આ પ્રકારની વ્યવસ્થા છે કે સમુદાયમાં કરાયેલાં કર્મ સમુદાયમાં ફળ આપે

છે. તેથી સાથે દીક્ષા લઇને સમાન આરાધના કરવાથી તેના ફળરૂપે અન્યભવમાં સમાન પુણ્ય સહિત આપણે ભેગા થઈશું, જેથી ભવપરંપરા દ્વારા આપણો અવિયોગ થશે અને અંતે મોક્ષમાં પણ આપણો અવિયોગ થશે.

આ રીતે શ્રાવકે માતાપિતાને સમજાવ્યું કે જો આપણે સાથે દીક્ષા ન લઈએ તો એક વૃક્ષ નિવાસી પક્ષીતુલ્ય આપણી પ્રવૃત્તિ થશે, તેમાં જ સાક્ષી આપે છે, તેનો ભાવ આ પ્રમાણે છે–

નિવાસસ્થાનરૂપ વૃક્ષને પામીને જે પ્રમાણે પક્ષીઓ ઊડી જાય છે તેમ શરીરધારી જીવોનો સમાગમ નિયત વિયોગઅંતવાળો છે.

આને જ અર્થાત્ પૂર્વમાં કહ્યું કે "ઉભયલોગસફળ જીવીત છે" અને ત્યારપછી કહ્યું કે "સમુદાયમાં કરાયેલાં કર્મો સમુદાયમાં ફળ આપે છે" આ બે કથન દ્વારા શ્રાવકે માતાપિતાને એ સમજાવવા પ્રયત્ન કર્યો કે પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સફળ કરવો હોય તો સાથે જ દીક્ષા લેવી જોઇએ જેથી ભવપરંપરા દ્વારા આપણે સદ્‌ગતિ પામીને દીર્ઘકાળ સુધી અવિયોગને પામીએ એને જ, સ્પષ્ટ કરવા કહે છે–

મૃત્યુ ઉદ્દામ છે=મૃત્યુનું આગમન નિવારણ થઇ શકે તેવું નથી. વળી, માતા-પિતાએ સંસારમાં ઘણો કાળ પસાર કર્યો છે તેથી કહે છે કે, તમારું મૃત્યુ પ્રત્યાસન્ન છે; કેમ કે મેં હજી આયુષ્ય અલ્પ પૂરું કર્યું છે જ્યારે તમે ઘણું આયુષ્ય પસાર કર્યું છે, તેથી અવશેષ આયુષ્ય તમારું અલ્પ છે તેમ સંભવે છે. તેથી મારા મૃત્યુની અપેક્ષાએ તમારું મૃત્યુ નજીક છે, તેથી સંયમમાં યત્ન કરવો ઉચિત છે. આ પ્રકારે માતાપિતાને સમજાવે.

વળી, કહે છે કે ભવરૂપી સમુદ્રમાં મનુષ્યભવ દુર્લભ છે, આથી કરીને આ મનુષ્યભવ સમુદ્રમાં પડેલા રત્નના લાભ તુલ્ય અતિદુર્લભ છે. એનો ફલિતાર્થ કહે છે કે મનુષ્યભવ દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવો છે; કેમ કે પૃથ્વીકાયઆદિ સંબંધી કાયસ્થિતિ હોવાને કારણે અન્ય ભવો ઘણા છે.

આશય એ છે કે પૃથ્વીકાયઆદિની કાયસ્થિતિ ઘણી લાંબી હોવાથી ઘણા અન્ય ભવોની પ્રાપ્તિ પછી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ દુઃખે કરીને ફરી પ્રાપ્ત થાય તેવો છે જેમ સમુદ્રમાં કોઇક મૂલ્યવાન રત્ન પડી જાય અને તેને શોધવા માટે

પ્રયત્ન કરવામાં આવે તો પ્રાયઃ કરીને તેની પ્રાપ્તિ અતિદુર્લભ છે, આમ છતાં સમુદ્રમાં પડેલું રત્ન કોઈકને ભાગ્યના યોગે પ્રાપ્ત થઈ જાય, તેમ પ્રાપ્ત થયેલો મનુષ્યભવ ભવરૂપી સમુદ્રમાં એક વખત ચાલ્યો ગયો તો, પ્રાયઃ કરીને પ્રાપ્ત થવો અતિદુર્લભ છે. આમ છતાં કોઈક રીતે મનુષ્યભવ પ્રાપ્ત થઈ ગયો હોય તો તે મનુષ્યભવને પામીને હિતમાં જ પ્રયત્ન કરવો જોઈએ, જેથી દુરંત સંસારનું પરિભ્રમણ અટકી જાય. આ પ્રકારનો ઉપદેશ આપીને માતાપિતાને સંયમને અભિમુખ પરિણામવાળા કરે.

પૃથ્વીકાયઆદિની કાયસ્થિતિ ઘણી છે તે બતાવવા માટે સાક્ષી આપે છે—

એકેન્દ્રિયાદિ ચારની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી છે, અને તે જ ઉત્સર્પિણી-અવસર્પિણી વનસ્પતિકાયની અનંતી જાણવી. આનાથી એ પ્રાપ્ત થાય કે જો જીવ પૃથ્વીકાયઆદિમાં જાય તો એક એક કાયમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી રહી શકે, અને તે અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી પણ પૃથ્વીકાયઆદિ ચારને આશ્રયીને છે. અને વનસ્પતિકાયમાં જાય તો અનંતા ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પસાર થઈ જાય. તેથી કાયસ્થિતિનો વિચાર કરીને મનુષ્યભવની અતિદુર્લભતાનો વિચાર કરવો જોઈએ, જેથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં અન્ય તુચ્છ ભવોની જેમ કાળ પસાર ન થાય, પરંતુ આત્મહિત માટે જ યત્ન થાય.

અહીં પ્રશ્ન થાય કે એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ દીર્ઘ હોય તો એમાં આપણને શું વાંધો ? ત્યાં પણ મનુષ્યભવની જેમ કાળ નિર્ગમન થઈ શકે છે. તેથી કહે છે—

આ ભવો દુઃખબહુલ છે=ઉત્કટ અશાતાવેદનીયના ઉદયવાળા છે. વળી, મોહના અંધકારવાળા છે; કેમ કે આ ભવમાં મોહનો તીવ્ર ઉદય હોય છે. વળી, આ ભવો પ્રકૃતિથી અસત્ ચેષ્ટાના હેતુ હોવાને કારણે અકુશળ અનુબંધવાળા છે. આથી કરીને ચારિત્રરૂપ શુદ્ધધર્મને માટે અયોગ્ય છે.

આશય એ છે કે મનુષ્યભવ સિવાયના એકેન્દ્રિયાદિ ભવોના જીવોને સતત અશાતાવેદનીયકર્મનો અનુભવ થતો હોય છે, ક્યારેક જ શાતાવેદનીયકર્મનો અનુભવ થતો હોય છે, અને તેથી અનંતકાળના પરિભ્રમણના ભયથી મનુષ્યજન્મને સાધના દ્વારા સફળ કરવો જોઈએ. વળી, આ એકેન્દ્રિયાદિભવો તીવ્ર મોહના ઉદયવાળા હોય છે, જેથી જીવને હિતાહિતમાત્રનો પણ વિચાર આવતો નથી; અને કવિચત્ તિર્યંચ કે દેવભવની પ્રાપ્તિ થાય તો પણ

શુદ્ધચારિત્રધર્મ માટે તે ભવો અનુપયોગી છે. આથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં લેશ પણ પ્રમાદ કર્યા વગર સંયમમાં ઉદ્યમવાળા થવું જોઇએ.

વળી, એકેન્દ્રિયાદિ ભવો પ્રકૃતિથી જ અસત્ ચેષ્ટાનાં કારણભૂત છે, તેથી જીવને અકુશલની પરંપરાના હેતુ બને છે. આથી આ ભવો ચારિત્ર માટે અયોગ્ય છે અને આ મનુષ્યભવ જ ચારિત્ર માટે યોગ્ય છે. આથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવને ધર્મની સાધનામાં પ્રવર્તાવવો જોઇએ.

આ મનુષ્યભવ કેવો છે તે વિશેષથી બતાવે છે— જેમ સમુદ્રમાં તરવાનું સાધન નાવ છે, તેમ સંસારરૂપી સમુદ્રમાં ધર્મસામગ્રીથી યુક્ત આ મનુષ્યભવ નાવ જેવો છે. માટે આ મનુષ્યભવનો સંસારથી તરવા માટે જ ઉપયોગ કરવો જોઇએ અને તે કઇ રીતે થઇ શકે તે બતાવે છે—

જેમ નાવમાં છિદ્ર ન હોય તો તે નાવ દ્વારા સમુદ્ર તરી શકાય, અને વળી તે નાવને ચલાવનાર સુકાની હોય તો તે નાવ ઉચિત દિશામાં જઇ શકે. વળી નાવને ચલાવવા અનુકૂળ પવન હોય તો ઉચિત દિશામાં સહેલાઇથી ગમન શક્ય બને. તેમ મનુષ્ય ભવરૂપી નાવ દ્વારા સંસારથી તરવા માટે પ્રથમ સંવર દ્વારા સ્થગિતછિદ્રવાળો મનુષ્યભવ કરવો જોઇએ.

આશય એ છે કે જીવ આશ્રવભાવમાં રહે તો તે મનુષ્યભવરૂપી નાવમાં છિદ્રો જેવા પ્રાણાતિપાતઆદિ પરિણામો જીવમાં વર્તે છે, તેથી આશ્રવ દ્વારા આત્મામાં કર્મોનું આગમન થાય છે, અને કર્મોથી ભારે થયેલો જીવ સંસાર સમુદ્રમાં ડૂબે છે. માટે મનુષ્યભવને પામીને ગુપ્તિમાં યત્ન કરવો જોઇએ, અને તેના દ્વારા કર્મના આગમનના કારણભૂત એવાં આશ્રવછિદ્રોને બંધ કરવાં જોઇએ; અને ત્યારપછી પ્રતિક્ષણ શાસ્ત્રવચનરૂપ શ્રુતજ્ઞાનના ઉપયોગથી મનુષ્યભવને મોક્ષમાર્ગ તરફ સતત ગતિમાન કરવો જોઇએ. મોક્ષમાર્ગ તરફ સતત ગતિમાન કરવા માટે તપરૂપી અનુકૂળ પવનમાં યત્ન કરવો જોઇએ, તો મનુષ્યભવને પામીને ગુપ્ત થયેલો આત્મા શ્રુતજ્ઞાનનું અવલંબન લઇને તપરૂપી પવન દ્વારા મોક્ષમાર્ગમાં અસ્ખલિત યત્ન કરી શકે. જેથી આ સંસાર-સમુદ્રના પારને પામે. આ રીતે પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સ્વકાર્યમાં યોજન કરવું ઉચિત છે, એ પ્રકારે માતાપિતાને દીક્ષાર્થી જીવ સમજાવે.

**ઉત્થાન :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે મનુષ્યભવ દુર્લભ હોવાથી મનુષ્યભવને આત્મહિત સાધવા માટે જોડવો યુક્ત છે. હવે કેમ યુક્ત છે તે બતાવવા અર્થે કહે છે.

**સૂત્ર :**

खणे एस दुल्लहे सव्वकज्जोवमाईए सिद्धिसाहगधम्मसाहगत्तेण । उवादेया य एसा जीवाणं । जं न इमीए जम्मो, न जरा, न मरणं, न इट्ठविओगो, नाणिट्ठसंपओगो, न खुहा, न पिवासा, न अन्नो कोइ दोसो, सव्वहा अपरतंतं ज़ीवावत्थाणं असुभरागाइरहियं संतं सिवं अव्वाबाहं ति।

**સૂત્રાર્થ :**

**આ ક્ષણ=મનુષ્યભવની પ્રાપ્તિરૂપ ક્ષણ, દુર્લભ છે. મોક્ષને સાધનાર એવા ધર્મનું સાધકપણું હોવાને કારણે સર્વકાર્ય સાધવા માટે ઉપમાતીત એવી આ મનુષ્યક્ષણ છે અને જીવને આ=સિદ્ધિ, ઉપાદેય છે; જે કારણથી સિદ્ધિની પ્રાપ્તિમાં જન્મ નથી, જરા નથી, મરણ નથી, ઇષ્ટનો વિયોગ નથી, અનિષ્ટનો સંયોગ નથી, ક્ષુધા નથી, પિપાસા નથી, ઠંડી-ગરમીરૂપ અન્ય કોઇ દોષ નથી, સર્વથા અપરતંત્ર છે. અશુભ એવા રાગાદિથી રહિત, શાંત, શિવ અને અવ્યાબાધરૂપ જીવનું અવસ્થાન છે. 'त्ति' શબ્દ મોક્ષના સ્વરૂપના કથનની સમાપ્તિ માટે છે.**

**ટીકા :**

किम्? इत्यत आह- क्षण एष दुर्लभः । क्षणः प्रस्तावः । सर्वकार्योपमातीत एषः । कथम्? इत्याह— सिद्धिसाधकधर्मसाधकत्वेन हेतुना । उपादेया चैषा जीवानां सिद्धिरेव । यन्नास्यां सिद्धौ जन्म प्रादुर्भावलक्षणम् । न जरा वयोहानिलक्षणा । न मरणं प्राणत्यागलक्षणम् । नेष्टवियोगः, तदभावात् । नानिष्टसंप्रयोगोऽत एव हेतोः । न क्षुद् बुभुक्षारूपा । न पिपासा उदकेच्छारूपा। न चान्यः कश्चिद्दोषः शीतोष्णादिः । सर्वथाऽपरतन्त्रं जीवावस्थानम् अस्यां सिद्धाविति प्रक्रमः । अशुभरागादिरहितमेतदवस्थानम् । एतदेव विशेष्यते-शान्तं

शिवमव्याबाधमिति । शान्तं शक्तितोऽपि क्रोधाद्यभावेन । शिवं सकलाऽशिवाभावतः । अव्याबाधं निष्क्रियत्वेनेति ।

**ટીકાર્થ :**

કેમ મનુષ્યભવને સંસાર તરવા માટે નિયોજન કરવો ઉચિત છે ? એથી કરીને કહે છે–

આ મનુષ્યક્ષણ દુર્લભ છે. અહીં ક્ષણનો અર્થ એક સમય કે એક ક્ષણ ગ્રહણ કરવાની નથી, પણ ક્ષણ એટલે પ્રસ્તાવ, અને પ્રસ્તાવ મનુષ્યભવનો છે. તેથી મનુષ્યભવની પ્રાપ્તિરૂપ પ્રસ્તાવને 'ક્ષણ' શબ્દથી ઉલ્લેખ કરેલ છે અને તે મનુષ્યભવરૂપ ક્ષણ દુર્લભ છે એમ અન્વય છે.

આ મનુષ્યક્ષણ સર્વકાર્ય સાધવા માટે ઉપમાતીત છે.

કેવી રીતે ઉપમાતીત છે ? એથી કરીને કહે છે–

મોક્ષને સાધનાર એવા ધર્મનું સાધકપણું હોવાને કારણે સર્વ કાર્યો સાધવા માટે આ મનુષ્યક્ષણ ઉપમાતીત છે, અને જીવોને આ મોક્ષ જ ઉપાદેય છે= પ્રાપ્ત કરવા જેવો છે; જે કારણથી આ મોક્ષની પ્રાપ્તિ થયે છતે નવા ભવના પ્રાદુર્ભાવરૂપ જન્મ નથી, ઉંમરની હાનિરૂપ જરા નથી, પ્રાણત્યાગરૂપ મરણ નથી, તેનો અભાવ હોવાથી=બાહ્ય પદાર્થરૂપ ઇષ્ટનો અભાવ હોવાથી, ઇષ્ટનો વિયોગ નથી, આ જ હેતુથી=બાહ્ય પદાર્થરૂપ ઇષ્ટનો અભાવ છે એ જ હેતુથી, અનિષ્ટનો સંયોગ નથી, ખાવાના અભિલાષરૂપ ક્ષુધા નથી, પીવાની ઇચ્છારૂપ પિપાસા નથી અને શીત-ઉષ્ણાદિ અન્ય કોઈ દોષ નથી. આ સિદ્ધિમાં સર્વથા અપરતંત્ર એવું જીવનું અવસ્થાન છે.

આ અવસ્થાન અશુભ એવા રાગાદિથી રહિત છે. આને જ=સિદ્ધમાં જીવના અવસ્થાનને જ, વિશેષરૂપે બતાવે છે–

શક્તિથી પણ ક્રોધાદિનો અભાવ હોવાને કારણે સિદ્ધમાં જીવનું અવસ્થાન શાંત છે, સંપૂર્ણ ઉપદ્રવનો અભાવ હોવાને કારણે સુખરૂપ છે અને ક્રિયા વગરની અવસ્થા હોવાને કારણે અવ્યાબાધરૂપ છે.

'इति' શબ્દ મોક્ષના સ્વરૂપની સમાપ્તિ અર્થે છે.

★ અહીં '**शीतोष्णादि**' માં '**आदि**' પદથી રોગ નથી, શોક નથી, વગેરે ગ્રહણ કરવાનું છે.

★ અહીં '**शक्तितोऽपि**' માં '**अपि**' પદથી ઉદયથી તો ક્રોધાદિનો અભાવ છે, પણ શક્તિથી પણ ક્રોધાદિનો અભાવ ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :**

મનુષ્યભવને પામીને પોતાના હિતરૂપી કાર્યમાં જ તેનું યોજન કરવું જોઈએ, એ પ્રકારે દીક્ષાર્થી માતાપિતાને કહે છે, તેનું કારણ શું ? એથી કહે છે—

મનુષ્યભવની પ્રાપ્તિરૂપ ક્ષણ દુર્લભ છે. વળી, આ ક્ષણ સર્વકાર્યો સાધવા માટે ઉપમાતીત છે; કેમ કે મોક્ષસાધક એવા ધર્મનું સાધક આ મનુષ્યભવ છે અને જીવ માટે મોક્ષ જ ઉપાદેય છે.

આશય એ છે કે, મનુષ્યભવ સિવાય અન્ય ભવમાં મોક્ષરૂપ કાર્ય સાધી શકાતું નથી. કંઈક અંશે તિર્યંચ અને દેવભવમાં ક્યારેક મોક્ષને અનુકૂળ પ્રારંભિક ભૂમિકાનો ધર્મ સાધી શકાય છે, જ્યારે સંપૂર્ણ આત્મહિત માટે તો ઉપમાતીત એવો આ મનુષ્યભવ જ છે; કેમ કે જો મનુષ્યભવમાં યત્ન કરવામાં આવે તો સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને મોક્ષને પણ જીવ સાધી શકે છે. જ્યારે અન્ય ભવમાં ધર્મ માટે યત્ન કરે તો પણ પૂર્ણ ધર્મને પ્રગટ કરી શકે નહિ. તેથી આ મનુષ્યભવ સર્વકાર્ય સાધવા માટે ઉપમાતીત છે.

વળી, આ મનુષ્યભવની પ્રાપ્તિ અતિદુર્લભ છે, આથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં મોક્ષની સિદ્ધિ થાય તેવા ધર્મને સાધવા માટે યત્ન કરવો જોઈએ. આ પ્રકારનો ઉપદેશ માતાપિતાને દીક્ષાર્થી આપે છે, અને કહે છે કે જીવને માટે મોક્ષ જ સાધવા જેવો છે. અને તેમાં યુક્તિથી બતાવે છે કે મોક્ષની પ્રાપ્તિ પછી જન્મ નથી, જરા નથી, મરણ નથી. એનાથી એ બતાવવું છે કે આ ત્રણે અવસ્થા સ્પષ્ટપણે જીવની વિડંબણા સ્વરૂપ છે, અને મોક્ષમાં આવી વિડંબણા નથી.

વળી, સંસારમાં પુણ્યના ઉદયથી જીવને ઈષ્ટનો સંયોગ પ્રાપ્ત થાય છે, ત્યારે પણ જીવને અનિષ્ટનો સંયોગ ઈષ્ટ નથી તેથી અનિષ્ટના સંયોગથી દૂર રહેવા પ્રયત્ન કરે છે તો પણ આ સંસારચક્રમાં વારંવાર તેને અનિષ્ટનો સંયોગ થાય છે; અને ઈષ્ટને વિયોગ પણ થાય છે. અને મોક્ષમાં તો કોઈ સંયોગ જ નથી

તેથી ઇષ્ટના વિયોગનો પ્રશ્ન જ નથી. વળી, સંસારમાં જીવને કોઇ સંયોગ હોય છે તેથી તેના ઉપઘાતક એવા અનિષ્ટનો સંયોગ પ્રાપ્ત થઇ શકે, પરંતુ મોક્ષમાં સંયોગ નહિ હોવાથી પોતાને ઉપઘાતક એવા અનિષ્ટનો સંયોગ પણ થઇ શકતો નથી. તેથી જેમ મોક્ષમાં જન્માદિની કદર્થના નથી તેમ ઇષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગની પણ કદર્થના નથી.

વળી, સંસારમાં શરીરને કારણે ક્ષુધા, તૃષા, શીતઉષ્ણાદિ દોષો જીવને પ્રાપ્ત થાય છે, જ્યારે મોક્ષમાં આત્મા અશરીરી હોવાથી ક્ષુધા, તૃષા, ઠંડી-ગરમી આદિના ઉપદ્રવો પણ નથી.

વળી, સંસારમાં જીવ કર્મને, શરીરને અને સંયોગને પરતંત્ર જીવે છે, જ્યારે મોક્ષમાં સર્વથા અપરતંત્ર જીવનું અવસ્થાન છે, માટે પણ મોક્ષ ઉપાદેય છે.

વળી, સંસારમાં જીવ અશુભ એવા રાગાદિ ભાવોથી પીડાય છે, જ્યારે મોક્ષમાં રાગાદિનાં આપાદક કર્મો નહિ હોવાથી અશુભ એવા રાગાદિની પરિણતિ રહિત જીવનું અવસ્થાન છે=રાગાદિમાત્ર જીવની વિડંબણારૂપ અશુભભાવો છે, અને તેનાથી રહિત જીવનું અવસ્થાન મોક્ષમાં છે.

વળી, મોક્ષમાં શક્તિથી પણ ક્રોધાદિ ભાવોનો અભાવ હોવાને કારણે આત્મા શાંત છે, બધા ઉપદ્રવો નહિ હોવાથી સુખમય છે અને સંસારી જીવોની જેમ કોઇ ક્રિયા કરવાની નહિ હોવાથી બાધા વગરનું જીવનું અવસ્થાન છે. માટે મનુષ્યભવને પામીને મોક્ષના સાધક એવા ધર્મમાં જ યત્ન કરવો જોઇએ.

**ઉત્થાન :**

પૂર્વમાં મોક્ષની ઉપાદેયતા બતાવીને માતાપિતાને મોક્ષના ઉપાયરૂપ સંયમ માટે દીક્ષાર્થીએ પ્રેરણા કરી. હવે સંસારનું સ્વરૂપ વિપરીત છે તે બતાવીને પણ સંસારનો ત્યાગ કરીને સંયમમાં યત્ન કરવાનું માતાપિતાને સમજાવે છે–

**સૂત્ર :**

**विवरीओ य संसारो इमीए अणवट्ठियसहावो । एत्थ खलु सुही वि असुही, संतमसंतं, सुविणे व सव्वमाउलं ति । ता अलमेत्थ पडिबंधेणं । करेह मे अणुग्गहं । उज्जमह एयं वोच्छिंदित्तए । अहं पि तुम्हाणुमईए**

साहेमि एयं निव्विण्णो जम्ममरणेहिं । समिज्झइ य मे समीहियं गुरुपभावेणं । एवं सेसे वि बोहेज्जा । तओ सममेएहिं सेवेज्ज धम्मं । करेज्जोचिय-करणिज्जं निरासंसो हु सव्वदा । एयं परममुणिसासणं ।

**સૂત્રાર્થ :**

**અને સંસાર આનાથી=મોક્ષથી, વિપરીત છે, અનવસ્થિત સ્વભાવવાળો છે, અહીં=સંસારમાં, સુખી પણ અસુખી છે, સદ્‌વસ્તુ પણ અસદ્ છે, સ્વપ્ન જેવું સર્વ આકુળ છે=આસ્થા કરવા જેવું નથી; તે કારણથી અહીં=સંસારમાં પ્રતિબંધ વડે સર્યું. મારા ઉપર અનુગ્રહ કરો, આના=સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમવાળા થાઓ. હું પણ તમારી અનુમતિથી આને=સંસારના ઉચ્છેદને, સાધીશ.**

કેમ સંસારના ઉચ્છેદને સાધીશ ? એથી કહે છે–

**હું જન્મ-મરણ દ્વારા ઉદ્વિગ્ન થયો છું, અને મારું સંસારના વ્યવચ્છેદરૂપ સમીહિય=ઇચ્છિત, ગુરુના પ્રભાવથી પ્રગટ થશે.**

**આ રીતે માતાપિતાને પ્રતિબોધ કર્યા પછી શેષને પણ=પત્ની આદિને પણ, પ્રતિબોધ કરે. ત્યારપછી આ બધાની સાથે ચારિત્રધર્મને સ્વીકારે ચારિત્રધર્મ ગ્રહણ કરતા પહેલા શું ઉચિત કર્તવ્યો કરે, તે બતાવે છે–**

**સદા નિરાશંસ ઉચિત કૃત્યો કરે. આ=દીક્ષાગ્રહણ કરતા પહેલા સદા નિરાશંસ ઉચિત કૃત્યો કરે એ, પરમમુનિનું શાસન છે.**

**ટીકા :**

विवरीओ य इत्यादि । विपरीतश्च संसारोऽस्याः सिद्धेः, जन्मादिरूपत्वात् सर्वोपद्रवालयः, यथाह–

जरा-मरण-दौर्गत्य-व्याधयस्तावदासताम् ।
मन्ये जन्मापि वीरस्य भूयो भूयस्त्रपाकरम् ॥ [ ]

अत एवाह–अनवस्थितस्वभावः संसारः । अत्र खलु सुख्यप्यसुखी, पर्यायतः । सदप्यसत्, पर्यायत एव । स्वप्न इव सर्वमाकुलमास्थाऽभावेनेति। यत एवं तदलमत्र प्रतिबन्धेन संसारे । कुरुत ममानुग्रहम् । कथम्? इत्याह–उद्यच्छतैनं व्यवच्छेत्तुं संसारं यूयम् । अहमपि युष्माकमनुमत्या साधयाम्येतद्

व्यवच्छेदनम् । किमिति अत आह-निर्विण्णो जन्ममरणाभ्यां संसारगामिभ्याम् । समृध्यति च मम समीहितं संसारव्यवच्छेदनं गुरुप्रभावेन । एवं शेषाण्यपि भार्यादीनि बोधयेदौचित्योपन्यासेन । ततः सममेभिर्मातापित्रादिभिः सेवेत धर्मं चारित्रलक्षणम् ।( करेज्जोचियकरणिज्जं संयमस्य उचितकरणीयं कुर्यात् ) कथम्? इत्याह–निराशंस एव सर्वदा इहलोकपरलोकाभ्याम् । एतत् परममुनि-शासनं वीतरागवचनमित्यर्थः ।

**ટીકાર્થ :**

'विवरीओ य इत्यादि' એ પ્રતીક છે.

અને આનાથી=સિદ્ધિથી, સંસાર વિપરીત છે.

સંસાર વિપરીત કેમ છે ? તે બતાવે છે–

જન્માદિરૂપ હોવાને કારણે સર્વ ઉપદ્રવનું સ્થાન છે.

સંસાર ઉપદ્રવનું સ્થાન છે તે 'यथाह-' થી ટીકામાં બતાવે છે–

જરા-મરણ-દૌર્ગત્ય(દરિદ્ર અવસ્થા) અને વ્યાધિઓ તો દૂર રહો (પરંતુ) વીરને જન્મ પણ અત્યંત લજ્જાને કરનારો છે એમ હું માનું છું.

આથી કરીને જ=સંસાર સર્વ ઉપદ્રવનું સ્થાન છે એથી કરીને જ, સૂત્રમાં કહે છે–

સંસાર અનવસ્થિત્ સ્વભાવવાળો છે.

સંસારનું અનવસ્થિત સ્વરૂપ બતાવે છે–

અહીં=સંસારમાં, પર્યાયથી સુખી પણ અસુખી છે, સત્ પણ પર્યાયથી જ અસત્ છે. વિચારકને સંસારમાં આસ્થાનો અભાવ હોવાને કારણે આ સંસારમાં સ્વપ્ન જેવું સર્વ આકુળ છે=અનાસ્થાનું સ્થાન છે.

'इति' શબ્દ મોક્ષથી વિપરીત એવા સંસારના સ્વરૂપના કથનની સમાપ્તિ માટે છે.

જે કારણથી આવું છે=આ સંસારનું સ્વરૂપ ઉપદ્રવરૂપ છે, તે કારણથી અહીં =સંસારમાં, પ્રતિબંધથી (આકર્ષણથી) સર્યું. મારા ઉપર અનુગ્રહને કરો.

કેવી રીતે અનુગ્રહને કરો ? એથી કરીને કહે છે–

**તમે આ સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમવાળા થાઓ. હું પણ તમારી અનુમતિથી આને=સંસારના વ્યવચ્છેદને, સાધીશ.**

કેમ સંસારના વ્યવચ્છેદને સાધીશ ? આથી કરીને કહે છે–

**સંસારના આગામી એવા જન્મ-મરણથી હું ઉદ્વેગ પામ્યો છું અને ગુરુના પ્રભાવથી સંસારના ઉચ્છેદરૂપ મારું ઈષ્ટ પ્રગટ થશે. આ પ્રમાણે માતા-પિતાને બોધ કરાવીને, શેષ પણ પત્ની આદિને, ઔચિત્યપૂર્વકના કથનથી બોધ કરાવે. ત્યારપછી માતા-પિતા આદિ બધા સાથે ચારિત્રધર્મને સ્વીકારે.**

ચારિત્રધર્મને કેવી રીતે સ્વીકારે ? એથી કરીને કહે છે–

**ઉચિત કરણીઓને કરે.**

કેવી રીતે ઉચિત કરણીઓને કરે ? એથી કરીને કહે છે–

**હંમેશા આલોક અને પરલોકથી આશંસા વગરનો જ એવો સંયમગ્રહણ કરનાર ચારિત્ર સ્વીકારની ઉચિતકરણીઓ કરે. આ પ્રકારનો અન્વય છે.**

**આ=દીક્ષા ગ્રહણ કરતા પહેલા સદા નિરાશંસ જ ઉચિત કૃત્યો કરે એ, પરમમુનિનું શાસન છે=વીતરાગનું વચન છે.**

★ ટીકામાં '**सेवेत धर्मं चारित्रलक्षणम् ।**' એના પછી અને '**कथम्**' એના પૂર્વે '**करेज्जोचियकरणिज्जं संयमस्य उचितकरणीयं कुर्यात्**' આટલો ભાગ રહી ગયો હોય તેમ ભાસે છે.

**ભાવાર્થ :**

દીક્ષા લેનાર વ્યક્તિ માતાપિતાને પ્રતિબોધ કરવા માટે યત્ન કરે, અને તે યત્ન કરતાં મોક્ષનો સાધક એવો ધર્મ જ આ મનુષ્યભવને પામીને સાધવો જોઈએ એમ કહે તે પૂર્વમાં બતાવ્યું, અને ત્યારપછી મોક્ષ કેમ ઉપાદેય છે તે માતાપિતાને યુક્તિથી કહે તેમ બતાવ્યું. હવે મોક્ષથી વિપરીત સંસાર છે તેથી તેનું સ્વરૂપ બતાવીને તેના ઉચ્છેદ માટે પણ મનુષ્યભવ પામીને ધર્મમાં જ યત્ન કરવો જોઈએ તે બતાવતાં માતા-પિતાને કહે છે–

પ્રથમ માતા-પિતાને બતાવે છે કે મોક્ષથી વિપરીત સંસાર છે. જેમ મોક્ષ સંપૂર્ણ ઉપદ્રવ વગરનો પૂર્ણ સુખરૂપ છે તેમ આ સંસાર જન્માદિરૂપ હોવાને કારણે સર્વ ઉપદ્રવનું સ્થાન છે, અને આથી કરીને આ સંસાર અનવસ્થિત સ્વભાવવાળો છે અર્થાત્ તેનું સ્વરૂપ સદા ફર્યા કરે છે, પરંતુ તેનું કોઇ અવસ્થિત સ્વરૂપ નથી. જેમ પુણ્યના ઉદયથી ક્યારેક જીવ વૈભવને પામે તો પણ જેવું પુણ્ય સમાપ્ત થાય ત્યારે સર્વ વૈભવરહિત પણ બની જાય છે, વળી, ક્યારેક પુણ્યના સહકારથી આરોગ્યવાળો હોય છે તો વળી પાપનો ઉદય થાય ત્યારે વ્યાધિઓથી ગ્રસ્ત બની જાય છે. આ રીતે સંસારનું સ્વરૂપ સદા ફરનારું છે તેથી વિચારકને આસ્થા કરવા જેવું નથી.

વળી, આ સંસાર અનવસ્થિત સ્વભાવવાળો કઇ રીતે છે તે જ માતા-પિતાને સ્પષ્ટ કરે છે. આ સંસારમાં સુખી પણ પર્યાયથી અસુખી છે. આમ કહીને એ બતાવવું છે કે સંસારમાં કોઈપણ સુખી સદા સુખી રહી શકતો નથી, પરંતુ અત્યારે પુણ્યનો ઉદય છે તેથી જીવ સુખી છે, જેવો એ પુણ્યનો ઉદય સમાપ્ત થાય છે ત્યારે તે અસુખી થાય છે.

આ સંસારમાં જે પોતાને સારી વસ્તુ વિદ્યમાન દેખાય છે તે પણ પર્યાયથી અસત્ છે. આમ કહીને એનાથી માતા-પિતાને એ કહેવું છે કે અત્યારે આપણને જે ધનની સામગ્રી મળી છે તે પણ થોડી ક્ષણ પછી ચાલી જવાની છે. તેથી આવા અનવસ્થિત સ્વભાવવાળા સંસાર પ્રત્યે વિચારક કઇ રીતે આસ્થા કરી શકે ? અને તે પદાર્થ અતિશય સ્પષ્ટ કરતા માતા-પિતાને કહે છે—

સ્વપ્ન જેવું સર્વ આકુળ છે; કેમ કે આસ્થા કરી શકાય તેવું નથી. જેમ સ્વપ્નમાં કોઇને વૈભવ પ્રાપ્ત થાય તો તેના ઉપર વિચારક જીવ આસ્થા રાખીને હું વૈભવસંપન્ન છું તેમ માનતો નથી, તેમ સ્વપ્નની જેમ, અલ્પકાલીન રહેનાર એવા બાહ્ય વૈભવને પ્રાપ્ત કરી, વિચારક જીવ આ ભોગાદિ પ્રત્યે કઇ રીતે આસ્થા રાખી શકે ? અને માની શકે કે હું આનાથી સુખી છું ? માટે સુખનાઅર્થી જીવે તો પ્રાપ્ત થયેલા મનુષ્યભવ દ્વારા પૂર્ણસુખના ઉપાયભૂત મોક્ષમાર્ગમાં જ આસ્થા કરવી જોઇએ. આ પ્રકારે માતા-પિતાને કહીને કહે છે કે, આ સંસારમાં પ્રતિબંધથી સર્યું અર્થાત્ સંસારના ભોગો પ્રત્યે આસ્થા રાખવાથી સર્યું.

હવે મોક્ષના ઉપાયમાં યત્ન કરવા જેવો છે એ પ્રમાણે ઉપદેશ આપીને માતાપિતા પ્રત્યે ઉચિત વિનયની વૃદ્ધિ અર્થે કહે છે કે મારા ઉપર અનુગ્રહ કરો અને તમે આ સંસારના ઉચ્છેદ માટે, યત્ન કરો.

વળી, પોતે સ્વમતિથી માતાપિતાની આજ્ઞા વગર જવાની ઇચ્છાવાળો નથી પરંતુ તેમની અનુમતિથી જવાની ઇચ્છાવાળો છે, એ પ્રકારનો વિનય બતાવવા અર્થે કહે છે કે, તમારી અનુમતિથી હું પણ આ સંસારના વ્યવચ્છેદને સાધીશ; કેમ કે હું સંસારના આગામી જન્મ-મરણથી ઉદ્વિગ્ન થયો છું અને મને ઇષ્ટ એવો સંસારનો વ્યવચ્છેદ ગુરુના પ્રભાવથી થશે. આ પ્રમાણે માતા-પિતાને કહેવા પાછળનો આશય એ છે કે, કદાચ સંસારમાં બધી અનુકૂળતા હોય અને હું સંસારની સર્વ પ્રવૃત્તિ છોડીને માતાપિતા સાથે રહીને ધર્મમાં યત્ન કરું એવો અભિપ્રાય માતાપિતાને હોય, તો તે દૂર થાય. અને ગુરુના પ્રભાવથી મારું ઇચ્છિત સિદ્ધ થશે એ વચન દ્વારા માતા પિતાને જણાવવું છે કે સંસારનો વ્યવચ્છેદ ગુરુના પ્રભાવ વગર થઇ શકે એમ નથી, માટે સંસારનો વ્યવચ્છેદ કરવો હોય તો ગુણવાન એવા ગુરુને પરતંત્ર થઇને યત્ન કરવો જોઇએ.

આ રીતે માતા-પિતાને પ્રતિબોધ કર્યા પછી પત્ની આદિ સર્વને પણ ઉચિત વચનો દ્વારા પ્રતિબોધ કરે. આ રીતે પ્રતિબોધ કર્યા પછી માતાપિતા આદિ જે કોઇ પ્રતિબોધ પામ્યા છે તેઓની સાથે ચારિત્રધર્મને ગ્રહણ કરે.

ચારિત્રધર્મને કેવી રીતે ગ્રહણ કરે ? તે બતાવવા કહે છે–

આલોકથી અને પરલોકથી સદા નિરાસંશ થયેલો એવો તે સર્વ ઉચિત કૃત્યો કરીને ચારિત્ર ગ્રહણ કરે.

આશય એ છે કે સંયમ લેવા માટે તત્પર થયેલો જીવ પણ જો સાવધાન ન રહે તો અનાદિકાળના અભ્યાસના કારણે લોકસંજ્ઞા પણ સદ્અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવે. જેમ દીક્ષાર્થી જીવ સંયમ માટે તત્પર થયેલો હોય અને તેને અનુરૂપ દીક્ષાનો મહોત્સવ આદિ કે વરસીદાન આદિ કૃત્યો કરે અને ગુરુઆદિની ભક્તિ કરે તે સર્વમાં પણ, આ રીતે નહિ કરીએ તો લોકમાં ખરાબ દેખાશે, તેવા પરિણામો પ્રવૃત્તિમાં પ્રવર્તક બની શકે, અથવા તો ગુરુઆદિને પણ પોતે મહાવૈભવ છોડીને આવ્યો છે તેવું દેખાશે તો સંયમ ગ્રહણ કર્યા પછી પણ મને ત્યાં અનુકૂળતા રહેશે, તેવી આલોકની આશંસાથી કરવામાં આવે તો તે ઉચિત

કૃત્યો પણ નિરાશંસ બને નહીં. અથવા તો આ સત્પ્રવૃત્તિ દ્વારા પરલોકમાં મને સારો વૈભવ પ્રાપ્ત થાય, તેવી આશંસાથી કરવામાં આવે તો પણ તે ઉચિત પ્રવૃત્તિ નિરાશંસ બને નહિ. માટે સંયમગ્રહણ કરતી વખતે સર્વ ઉચિત કરણીઓને નિરાશંસભાવથી કરવાની છે અને સંયમગ્રહણ કર્યા પછી પણ સર્વ ઉચિત કરણીઓ નિરાશંસભાવથી કરવાની છે. તે બતાવવા માટે જ કહ્યું કે–

સર્વદા નિરાશંસ જ ઉચિત કૃત્યો કરે, અને આ પરમમુનિનું વચન છે.

આશય એ છે કે દીક્ષા લેનાર વ્યક્તિ ઉચિત વિવેકપૂર્વક માતાપિતાદિ સર્વને પ્રતિબોધ કરે, અને સર્વ ઉચિત કૃત્યો કરીને સંયમ ગ્રહણ કરે, અને સર્વદા આલોક અને પરલોકની આશંસા વગરનો સંયમમાં યત્ન કરે એ પરમમુનિ એવા ભગવાનનું વચન છે.

**ઉત્થાન :**

પૂર્વમાં બતાવ્યું કે દીક્ષા લેવા તત્પર થયેલ વ્યક્તિ માતા-પિતા આદિ સર્વને પ્રતિબોધ કર્યા પછી તેઓની સાથે સંયમ ગ્રહણ કરે. હવે કદાચ સમ્યક્ યત્ન કરવા છતાં પણ માતાપિતાદિ સંયમ માટે તૈયાર થાય નહિ તો શું કરવું જોઈએ? તે બતાવે છે–

**સૂત્ર :**

**अबुज्झमाणेसु य कम्मपरिणईए विहेज्जा जहासत्तिं तदुवकरणं आओवायसुद्धं समईए । कयण्णुया खु एसा । करुणा य धम्मप्पहाणजणणी जणम्मि । तओ अणुण्णाए पडिवज्जेज्ज धम्मं । अण्णहा अणुवहे चेवोवहाजुत्ते सिया । धम्माराहणं खु हियं सव्वसत्ताणं । तहा तहेयं संपाडेज्जा । सव्वहा अपडिवज्जमाणे चएज्ज ते अट्ठाणगिलाणो[1]सहत्थ-चागनाएणं ।**

---

१. सहचाग०

तुला– "तथा गुरुजनाद्यनुज्ञेति ।। २३ ।। ( २४९ )

गुरुजनो-मातापित्रादिलक्षणः, आदिशब्दात् भगिनीभार्यादिशेषसंबन्धिलोकपरिग्रहः, तस्य अनुज्ञा- प्रव्रज त्वमित्यनुमतिरूपा, विधिरित्यनुवर्त्तते ।।२३।। यदा पुनरसौ तत्तदुपायतोऽनुज्ञापितोऽपि न मुञ्चति तदा यद्विधेयं तदाह–

**સૂત્રાર્થ :**

**અને કર્મપરિણતિને કારણે માતા-પિતા બોધ ન પામે તો તેમનાં જીવનનિર્વાહ માટે લાભના ઉપાયથી શુદ્ધ એવા તદ્‌ઉપકરણને = જીવનનિર્વાહના ઉપકરણને, યથાશક્તિ સ્વમતિથી એકઠાં કરે. કૃતજ્ઞતા જ આ = ઉપકરણને એકઠાં કરવાની ક્રિયા છે અને જનમાં=લોકમાં, ધર્મપ્રધાનજનની = શાસન ઉન્નતિનું નિમિત્ત એવી કરુણા છે. ત્યારપછી માતા-પિતાદિથી અનુજ્ઞાત થયેલો ચારિત્રધર્મને સ્વીકારે. અન્યથા = માતાપિતા રજા ન આપે તો, ભાવથી માયા વગરનો જ માયાવાળો થાય.**

પૂર્વમાં કહ્યું કે માતાપિતા રજા ન આપે તો ભાવથી માયા વગરનો જ માયાવાળો થાય. આ રીતે માયા કરવી તે સર્વજીવોના હિતરૂપ છે તે બતાવવા માટે કહે છે–

---

**तथा तथोपधायोग इति ॥२४॥ ( २५० )**

**'तथा तथा' तेन तेन प्रकारेण सर्वथा परैरनुपलक्ष्यमाणेन 'उपधायोगः' मायायाः प्रयोजनम् ॥२४॥ कथमित्याह–**

**दुःस्वप्नादिकथनमिति ॥२५॥ ( २५१ )**

**दुःस्वप्नस्य-खरोष्ट्रमहिषाद्यारोहणादिदर्शनरूपस्य आदिशब्दान्मातृमण्डलादिविपरीता-लोकनादिग्रहः, तस्य कथनं - गुर्वादिनिवेदनमिति ॥२५॥**

**तथा-विपर्यलिङ्गसेवेति ॥२६॥ ( २५२ )**

**विपर्ययः - प्रकृतिविपरीतभावः स एव मरणसूचकत्वात् लिङ्गम्, तस्य सेवा-निषेवणं कार्यं येन स गुर्वादिजनः संनिहितमृत्युरयमित्यवबुध्य प्रव्रज्यामनुजानीते इति विपर्ययलिङ्गानि ॥२६॥ तेषु स्वयमेवाबुध्यमानेषु किं कृत्यमित्याह–**

**दैवज्ञैस्तथा तथा निवेदनमिति ॥२७॥ ( २५३ )**

**'दैवज्ञैः' निमित्तशास्त्रपाठकैः 'तथा तथा' तेन तेन निमित्तशास्त्रपाठादिरूपेणोपायेन 'निवेदनं' गुर्वादिजनस्य ज्ञापनं विपर्ययलिङ्गानामेवये कार्यमिति ॥२७॥ नन्वेवं मायाविनः प्रव्रज्याप्रतिपत्तावपि को गुणः स्यादित्याशङ्क्याह–**

**न धर्मे मायेति ॥२८॥ ( २५४ )**

**'न' नैव धर्मे साध्ये माया क्रियामाणा 'माया' वञ्चना भवति, परमार्थतोऽमायात्वात्तस्याः ॥२८॥ एतदपि कुत इत्याह –**

**સર્વજીવોનું ધર્મઆરાધના જ હિત છે. (એથી કરીને) તે તે પ્રકારે=દુઃસ્વપ્નાદિ કથન દ્વારા આ=ધર્મઆરાધન, સંપાદન કરે. સર્વથા દીક્ષા લેવાની અનુજ્ઞા ન આપે તો અસ્થાન ગ્લાન ઔષધાર્થ ત્યાગના દૃષ્ટાન્તથી તેઓનો=માતા-પિતાદિનો ત્યાગ કરે.**

**ટીકા :**

अबुज्झमाणेसु इत्यादि । अबुध्यमानेषु च मातापित्रादिषु कर्मपरिणत्या हेतुभूतया, विदध्यात् यथाशक्ति शक्त्यनुसारेण तदुपकरणमर्थजातादीत्यर्थः । किम्? कारणे कार्योपचारात् । किंभूतम्? इत्याह-आयोपायशुद्धं स्वमत्या ।

---

उभयहितमेतदिति ॥२९॥ ( २५५ )

उभयस्य-स्वस्य गुर्वादिजनस्य च हितं-श्रेयोरूपम्, एतद्-एवं प्रव्रज्याविधौ मायाकरणम्, एतत्फलभूतायाः प्रव्रज्यायाः स्वपरोपकारकत्वात्, पठ्यते च-"अमायोऽपि हि भावेन, माय्येव तु भवेत्क्वचित् । पश्येत्स्वपरयोर्यत्र, सानुबन्धं हितोदयम् ॥ १४१॥" अथेत्थमपि कृते तं विना गुर्वादिजनो निर्वाहमलभमानो न तं प्रव्रज्यार्थमनुजानीते तदा किं विधेयमित्याशङ्क्याह—

यथाशक्ति सौविहित्यापादनमिति ॥३०॥ ( २५६ )

'यथाशक्ति' यस्य यावती शक्तिः शतसहस्त्रादिप्रमाणनिर्वाहहेतुद्रव्यादिसमर्पणरूपा तया सौविहित्यस्य-सौस्थ्यस्यापादनं-विधानं येन प्रव्रजितेऽपि तस्मिन्नसौ न सीदति, तस्य निर्वाहो-पायस्य करणमिति भावः, एवं कृते कृतज्ञता कृता भवति, करुणा च मार्गप्रभावनाबीजं, ततस्तेनानुज्ञातः प्रव्रजेदिति ॥३०॥ अथैवमपि न तं मोक्तुमसावुत्सहते तदा—

ग्लानौषधादिज्ञातात्त्याग इति ॥३१॥ ( २५७ )

ग्लानस्य-तथाविधव्याधिबाधावशेन ग्लानिमागतस्य गुर्वादेर्लोकस्य औषधादिज्ञातात्-औषधस्य आदिशब्दात् स्वनिर्वाहस्य च ग्रहः, तस्य गवेषणमपि औषधादीत्युच्यते, ततो ग्लानौषधाद्येव ज्ञातं-दृष्टान्तः, तस्मात् त्यागः कार्यो गुर्वादेरिति, इदमुक्तं भवति- यथा कश्चित्कुलपुत्रकः कश्चिदपारं कान्तारं गतो मातापित्रादिसमेतः तत्प्रतिबद्धश्च तत्र व्रजेत्, तस्य च गुर्वादेः तत्र व्रजतो नियमधाती वैद्यौषधादिरहितपुरुषमात्रासाध्यः तथाविधौषधादिप्रयोगयोग्यश्च महानातङ्कः स्यात्, तत्र चासौ तत्प्रतिबन्धादेवमालोचयति-यथा न भवति नियमादेष गुरुजनो नीरुक् औषधदिमन्तरेण, औषधादिभावे च संशयः कदाचित्स्यात् कदाचिन्नेति, कालसहश्चायम्, ततः संस्थाप्य तथाविधचित्रवचनोपन्यासेन तं तदौषधादिनिमित्तं स्ववृत्तिहेतोश्च त्यजन् सन्नसौ साधुरेव भवति, एष हि त्यागोऽत्याग एव, यः पुनरत्यागः स परमार्थतस्त्याग एव, यतः फलमत्र प्रधानम्, धीराश्चैतद्दर्शिन एव भवन्ति, तत औषधसंपादनेन तं जीवयेदपीति, संभवात् सत्पुरुषोचितमेतत् । एवं शुक्लपाक्षिको महापुरुष- संसारकान्तारपतितो मातापित्रादिसंगतो

ततोऽन्यसंभूतिरायः, कलान्तरादिरुपायः। किमेतदेवं कुर्यात्? इत्याह-**कृतज्ञतैवैषा वर्त्तते**, करुणा च किंविशिष्टेयम्? इत्याह-**धर्मप्रधानजननी जने**, शासनोन्नति-निमित्तमित्यर्थः। ततोऽनुज्ञातः सन् मातापित्रादिभिरिति प्रक्रमः । **प्रतिपद्येत धर्मं** चारित्रलक्षणम् ।

**अन्यथैवमपि तदनुज्ञाऽभावे, अनुपध एव भावतः ।** उपधायुक्तः स्यात्, व्याजवान् स्यादित्यर्थः । उक्तं च–

निर्माय एव भावेन मायावांस्तु भवेत् क्वचित् ।
पश्येत् स्वपरयोर्यत्र सानुबन्धं हितोदयम्॥ [ ]

**टीकार्थ :**

"अबुज्झमाणेसु इत्यादि" એ પ્રતીક છે.

હેતુભૂત એવી કર્મપરિણતિને કારણે માતા-પિતાદિ અબોધ પામે છતે દીક્ષાર્થી વ્યક્તિ પોતાની શક્તિને અનુરૂપ જીવનનિર્વાહના ઉપકરણને માતા-પિતાદિ માટે એકઠાં કરે. અહીં જીવનનિર્વાહના ઉપકરણોથી ધનનો સમુદાય ગ્રહણ કરવાનો છે; કેમ કે કારણમાં કાર્યનો ઉપચાર છે. અર્થાત્ જીવનવ્યવસ્થાની સામગ્રીનું કારણ ધન છે. તેમાં જીવનનિર્વાહની સામગ્રીનો ઉપચાર કરીને સૂત્રમાં જીવનવ્યવસ્થાનાં ઉપકરણને એકઠા કરે એમ કહેલ છે. અને તે ધનસંચય કેવી રીતે કરે તે બતાવે છે–

धर्मप्रतिबद्धो विहरेत्, तेषां च तत्र नियमविनाशकोऽप्राप्तसम्यक्त्वबीजादिना पुरुषमात्रेण साधयितुमशक्यः संभवत्सम्यक्त्वाद्यौषधो दर्शनमोहाद्युदयलक्षणः कर्मातङ्कः स्यात्' तत्र स शुक्लपाक्षिकः पुरुषो धर्मप्रतिबन्धादेवं समालोचयति, यदुत-विनश्यन्त्येतान्यवश्यं सम्यक्त्वाद्यौषधविरहेण, तत्संपादने विभाषा, कालसहानि चेमानि व्यवहारतस्ततो यावद्गृहवासं निर्वाहादिचिन्तया तथा तथा संस्थाप्य तेषां सम्यक्त्वाद्यौषधनिमित्तं स्वचारित्रलाभनिमित्तं च स्वकीयौचित्यकरणेन त्यजन् सन्नभीष्टसंयमसिद्ध्या साधुरेव, एष त्यागोऽत्यागस्तत्त्वभावनातः, अत्याग एव च त्यागो मिथ्याभावनातः, तत्त्वफलमत्र प्रधानं बुधानाम्, यतो धीरा एतद्दर्शिन आसन्नभव्याः, एवं च तानि सम्यक्त्वाद्यौषधसंपादनेन जीवयेदात्यन्तिकम् अपुनर्मरणेनामरणा-वन्ध्यबीजयोगेन, संभवात् सुपुरुषोचितमेतद्, यतो दुष्प्रतिकारौ नियमान्मातापितरौ शेषश्च यथोचितं स्वजनलोकः, एष धर्मः सज्जनानां, भगवानत्र ज्ञातं परिहरन्नकुशलानुबन्धिमातापित्रादिशोकमिति ॥३१॥' इति आचार्यश्रीहरिभद्रसूरिविरचिते मुनिचन्द्रसुरिविरचितवृत्तिसहिते धर्मबिन्दौ चतुर्थेऽध्याये ॥

**સ્વમતિ પ્રમાણે આય ઉપાય શુદ્ધ કરે.**

ત્યાં આયનો અર્થ કરે છે–

તેનાથી અન્યની પ્રાપ્તિ આય છે. અર્થાત્ પોતાની પાસે જે ધન છે તેનાથી અન્ય ધનની પ્રાપ્તિ થાય તે આય છે, અને કલાન્તરઆદિ ઉપાય છે. કલાન્તર =વ્યાજ. અહીં 'कलान्तरादि' માં 'आदि' પદથી ધનવૃદ્ધિના અન્ય ઉપાયોને ગ્રહણ કરવાના છે. તેથી એ પ્રાપ્ત થાય કે વ્યાજથી કે ધનવૃદ્ધિના અન્ય ઉપાયથી પોતાના ધનની વૃદ્ધિ થાય તે રીતે પોતાનું ધન યોગ્ય સ્થાને ગોઠવે, જેથી પોતાની સંપત્તિ નાશ ન પામે અને વ્યાજ આદિ દ્વારા વૃદ્ધિ થાય, જેનાથી માતા-પિતાદિની જીવનવ્યવસ્થા પોતાની દીક્ષા લીધા પછી પણ જળવાઈ રહે.

આ પ્રમાણે કેમ કરે એથી કરીને સૂત્રમાં કહે છે–

કૃતજ્ઞતા જ આ વર્તે છે=આ પ્રકારની માતા-પિતા આદિ માટે વ્યવસ્થા કરી તે દીક્ષાર્થીનો કૃતજ્ઞતા ગુણ છે, અને તેઓ પ્રત્યે કરુણા છે. વળી, આ ઉચિત ક્રિયા કેવા પ્રકારની વિશિષ્ટતાવાળી છે એથી કરીને કહે છે–

લોકમાં પ્રધાન એવા ધર્મને પેદા કરનારી છે=શાસનની ઉન્નતિનું કારણ છે. અહીં 'धर्मप्रधान' એવા પ્રકારનો સમાસ કોઈક નિયમથી થયો છે તેનો અર્થ પ્રધાન એવો ધર્મ કરવાનો છે. ત્યારપછી=આ પ્રકારની માતા-પિતા આદિ માટે વ્યવસ્થા કર્યા પછી, માતા-પિતા આદિ દ્વારા અનુજ્ઞા પામેલો તે ચારિત્રરૂપ ધર્મને સ્વીકારે. અન્યથા=આ રીતે પણ=પૂર્વમાં કહ્યું એ રીતે પ્રયત્ન કરવા છતાં પણ તેઓની=માતાપિતાની અનુજ્ઞાના અભાવમાં, ભાવથી માયા વગરનો જ માયાવાળો થાય=માયા કરીને તેમની પાસે રજા મેળવવા યત્ન કરે.

આવા પ્રસંગે ભાવથી માયા વગરનો માયાવાળો થાય, એ વાતમાં જ 'उक्तं च' થી સાક્ષી આપે છે–

જ્યાં સાનુબંધ સ્વ-પરનું હિત જુએ ત્યાં ભાવથી માયા વગરનો જ વળી ક્યારેક માયાવાળો થાય.

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે માતા-પિતા આદિ સર્વ પ્રતિબોધ પામે તો તે સર્વની સાથે સંયમ ગ્રહણ કરે, આમ છતાં, માતા-પિતા આદિની કર્મપરિણતિ તીવ્ર હોય

તો ઉચિત ઉપદેશથી પણ સંયમનો પરિણામ થાય નહિ અને તે વખતે સંયમનો અર્થી શું કરે, તે બતાવે છે–

સંયમના અર્થી જીવે પોતાની શક્તિને અનુરૂપ પોતાની જે સંપત્તિ છે તેને એ રીતે ગોઠવવી જોઈએ કે જેથી તેનાં વ્યાજ આદિથી માતા-પિતાદિનાં જીવનનો નિર્વાહ થાય. અહીં વ્યાજ આદિમાં 'આદિ' પદથી પોતાની મિલકત, મકાન આદિમાં એ રીતે ગોઠવે કે જેનાથી ભાડાં વગેરેની આવક થાય અને આ ગોઠવણી સ્વમતિ પ્રમાણે શુદ્ધ કરવી જોઈએ, અર્થાત્ એ રીતે ગોઠવવી જોઈએ કે જેથી પાછળથી પોતાની સંપત્તિ કોઈક રીતે વિનાશ ન પામે અને આવક ઊભી રહે. સ્વમતિથી કહીને એ કહેવું છે કે, ગમે તેટલા પ્રયત્નો કરે છતાં ન કલ્પી શકાય તેવા પ્રસંગો આવે તો ગોઠવાયેલી સંપત્તિનો નાશ પણ થઈ શકે, આમ છતાં દીક્ષા લેનાર વ્યક્તિ પોતાની મતિ પ્રમાણે ઉચિત વિચાર કરીને એ રીતે જ વ્યાજ વગેરેમાં ધન ગોઠવે જેથી નાશ થવાનો સંભવ ન રહે. આ રીતે ધન આદિની વ્યવસ્થા કરવાથી માતા-પિતાદિ પ્રત્યેનો પોતાનો કૃતજ્ઞતાગુણ જળવાય છે અને માતા-પિતાને ભવિષ્યમાં આપત્તિ ન આવે તેવા પ્રકારની કરુણા દીક્ષાર્થી દ્વારા કરાય છે.

વળી, આ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ જોઈને વિચારક જીવોને શાસન પ્રત્યે અહોભાવ થાય છે કે જૈનશાસન કેવું વિવેકવાળું છે, કે સંયમ ગ્રહણ કરતાં પૂર્વે પોતાનાં આશ્રિત એવાં માતા-પિતાદિ સર્વ વિષે ઉચિત હિતચિન્તા કરીને સાધક આત્મા સંયમ ગ્રહણ કરે છે !

અહીં વિશેષ એ છે કે જો સ્થૂલદૃષ્ટિથી જોવામાં આવે તો કોઈને એમ લાગે કે, સંયમ ગ્રહણ કરનાર વ્યક્તિ પોતાની સંપત્તિ માતા-પિતાદિ અર્થે આ રીતે વ્યાજમાં કે અન્ય વૃદ્ધિના ઉપાયમાં રોકે, તેનાથી જે આરંભ સમારંભ થાય, તે સર્વની અનુમતિ સંયમ ગ્રહણ કરનારને પ્રાપ્ત થશે. વસ્તુતઃ સંયમ ગ્રહણ કરનારને આ પ્રકારની વ્યવસ્થા કરવામાં પાછળથી થતા આરંભદોષમાં અનુમતિની પ્રાપ્તિ નથી, પરંતુ આ પ્રકારની વ્યવસ્થા કરવાથી જ પોતાનો કૃતજ્ઞતાગુણ અને કરુણાગુણ જળવાય છે, એટલું જ નહિ પણ શાસનની ઉન્નતિના નિમિત્તભૂત આ ક્રિયા બને છે. તેથી સંયમ ગ્રહણ કર્યા પછી તેના ધનથી થતા આરંભ-સમારંભમાં તેને કોઈ અનુમતિદોષ પ્રાપ્ત થતો નથી.

આ રીતે માતા-પિતા માટે જીવનવ્યવસ્થા કર્યા પછી તેઓની રજાથી ચારિત્રનો સ્વીકાર કરે. આમ છતાં, કોઇક તેવા પ્રકારના પુત્ર પ્રત્યેના રાગાદિભાવને કારણે બધી વ્યવસ્થા કરવા છતાં માતા-પિતા અનુજ્ઞા ન આપે, તો તેમની અનુજ્ઞા મેળવવા માટે ભાવથી માયા વગરનો જ રહીને બાહ્ય આચરણાથી માયાવાળો થાય.

તેમાં સાક્ષી આપી, તેનો ભાવ એ છે કે "જે પ્રવૃત્તિમાં સ્વ અને પરનું સાનુબંધ હિત દેખાય ત્યારે વિવેકી જીવ ભાવથી માયા વગરનો જ, કોઇક પ્રસંગમાં માયાવાળો થાય."

આશય એ છે કે, આ રીતે માયા કરવાથી માતા-પિતાદિની રજા મળશે અને પોતાને સંયમ પ્રાપ્ત થશે અને સંભવ છે કે પાછળથી માતા-પિતાને પણ સંયમનો ભાવ થઇ શકે. કદાચ માતા-પિતાદિને સંયમનો ભાવ ન થાય તો પણ તેમનું અહિત તો નહિ જ થાય તેવું જણાય તો સંયમ ગ્રહણ કરે, તેમજ પોતાના સંયમને જોઇને માતાપિતાદિને ધર્મભાવની વૃદ્ધિ થવાની સંભાવના રહે તેવું જણાય તો માયા કરીને પણ દીક્ષા ગ્રહણ કરે. પરંતુ જો પોતાના સંયમગ્રહણને જાણીને અતિરાગને કારણે માતા-પિતાદિને દુર્ધ્યાનાદિ થાય અને અકાળે મૃત્યુ થાય તેવું જણાય, તો દીક્ષા ગ્રહણ કરવામાં કાળક્ષેપ પણ કરે. વીર ભગવાને માતા-પિતાના હિત ખાતર જ સંયમમાં વિલંબન કરેલ. પરંતુ તેવું વિશિષ્ટ કારણ કાંઇ ન દેખાય અને માતા-પિતાનું અને પોતાનું સાનુબંધ હિત દેખાતું હોય તો વજ્રસ્વામીની જેમ માયા કરીને પણ સંયમ ગ્રહણ કરે.

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે ભાવથી માયા વગરનો પણ માતા-પિતાની રજા મેળવવા માટે માયાવાળો થાય. તે કઇ રીતે થાય, તે સ્પષ્ટ કરે છે–

**ટીકા :**

**एवं च धर्माराधनमेव हितं सर्वसत्त्वानामिति । तथा तथैव दुःस्वप्नादिकथनेन संपादयेद् धर्माराधनम् । सर्वथाऽप्रतिपद्यमानान् अमुनाऽपि प्रकारेण, त्यजेत्तान् मातापित्रादीन् अस्थानग्लानौषधार्थत्यागज्ञातेन । ज्ञातमुदाहरणम् ।**

**ટીકાર્થ :**

**અને આ રીતે=કોઈપણ રીતે માતા-પિતા સંયમ મટે રજા ન આપે ત્યારે માયાપૂર્વક માતા-પિતાની સંયમ માટે સંમતિ મેળવે એ રીતે, સર્વજીવોનું ધર્મઆરાધન જ હિત છે. એથી કરીને તે તે પ્રકારે જ દુઃસ્વપ્નાદિ કથન દ્વારા ધર્મઆરાધનને સંપાદન કરે. આ પણ પ્રકારે=દુઃસ્વપ્નાદિ કથન દ્વારા પણ સર્વથા માતાપિતાદિ રજા ન આપે તો અસ્થાને ગ્લાન થયેલાં એવા માતા-પિતાના ઔષધ માટે પુત્ર જેમ માતા-પિતાનો ત્યાગ કરે તે દૃષ્ટાન્તથી માતા-પિતાનો ત્યાગ કરે. અહીં 'જ્ઞાત' શબ્દ ઉદાહરણના અર્થમાં છે.**

★ અહીં '**दुःस्वप्नादि**' માં '**आदि**' પદથી અલ્પઆયુષ્યનાં સૂચક અંગસ્ફુરણાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :**

આ રીતે સંયમ ગ્રહણ કરવું જ સર્વજીવોનું હિત છે, એથી કરીને તે તે પ્રકારે દુઃસ્વપ્નાદિ કહેવા દ્વારા સંયમના ગ્રહણરૂપ ધર્મઆરાધનાને સંપાદન કરે.

આશય એ છે કે જ્યારે દીક્ષાર્થી જીવને એમ જણાય કે મારા ઉપરના રાગના કારણે માતા-પિતા મને સંયમ ગ્રહણ કરવામાં અનુજ્ઞા આપતા નથી, ત્યારે તેમનો રાગ તોડવ ા અર્થે પોતે માયા કરીને પોતાને દુઃસ્વપ્નાદિ આવે છે તેમ કહે. અને તે દુઃસ્વપ્નનું ફળ માતા-પિતા સ્વપ્નપાઠકને પૂછે તો તે પણ કહે કે આ સ્વપ્ન જેને આવ્યું હોય તે અલ્પઆયુષ્યવાળો છે તેથી માતાપિતાને વિચાર આવે કે જો આ અલ્પઆયુષ્યવાળો છે તો ભલે તે સુખે ધર્મઆરાધના કરીને હિત સાધે. તેથી તેને દીક્ષા માટે અનુજ્ઞા આપે. આ રીતે અનુજ્ઞા આપવાથી માતા-પિતાને પણ સંયમમૂાં અંતરાય કરવારૂપ કર્મ પ્રાપ્ત થાય નહિ, તે રીતે તેમનું હિત થાય છે.

વળી, માતા-પિતાની અનુજ્ઞા લઈને પોતેં સંયમ ગ્રહણ કરે, ત્યારપછી માતા-પિતાને પણ પુત્રના જવાથી સંયમ ગ્રહણ કરવાનો અભિલાષ થઈ શકે. કદાચ સંયમનો અભિલાષ ન થાય તો પણ પુત્રના ઉપદેશ આદિને પામીને સંયમનો પરિણામ થઈ શકે, અને તેવી શક્તિ ન હોય તો કદાચ ધર્મ પ્રત્યેનું વિશેષ વલણ પણ થઈ શકે અને સંયમગ્રહણ કરનાર પણ વિશેષ આરાધના કરી શકે. તેથી તે તે પ્રકારે દુઃસ્વપ્નાદિ દ્વારા માયા કરવામાં પણ દીક્ષા લેનારને અને તેનાં માતા-

પિતાને પણ ધર્મઆરાધનારૂપ હિતની પ્રાપ્તિ થાય છે. માટે હિતના અર્થે અંતરંગ માયા વગરનો પરિણામ હોવા છતાં માયા કરે તે ઉચિત છે, જેનાથી ધર્મઆરાધનાના ફળની પ્રાપ્તિ થાય છે.

આ રીતે માયા કરવા છતાં પણ માતા-પિતા દીક્ષા આપવાની સંમતિ ન આપે તો, અસ્થાનમાં ગ્લાન થયેલા એવા માતા-પિતાદિના ઔષધ માટે માતા-પિતાદિનો ત્યાગ કરીને ઔષધ લાવનારના દૃષ્ટાન્તથી માતા-પિતાનો ત્યાગ કરે, એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે.

**અવતરણિકા :**

एतदेवाह से जहेत्यादिना-

**અવતરણિકાર્થ :**

પૂર્વમાં કહ્યું કે માયાપૂર્વક દુઃસ્વપ્નાદિ કહેવા છતાં માતા-પિતા દીક્ષા આપવાનું સ્વીકારે નહિ તો, અસ્થાને ગ્લાન થયેલા એવા માતા-પિતાદિના ઔષધ માટે પુત્ર માતા-પિતાનો ત્યાગ કરે એ દૃષ્ટાન્તથી સંયમ ગ્રહણ કરે. એને જ "से जहेत्यादिना" ના કથન દ્વારા કહે છે–

**સૂત્ર :**

**से जहा केइ पुरिसे कहंचि कंतारगए अम्मापितिसमेए तप्पडिबद्धे वच्चेज्जा । तेसिं तत्थ नियमघाई पुरिसमित्तासज्झे संभवंतोसहे महायंके सिया । तत्थ से पुरिसे तप्पडिबंधाओ एवमालोचिय 'न भवंति एए नियमओ ओसहमंतरेण, ओसहभावे य संसओ, कालसहाणि य एयाणि', तहा संठविय संठविय तदोसहनिमित्तं सवित्तिनिमित्तं च चयमाणे साहू । एस चाए अचाए । अचाए चेव चाए । फलमेत्थ पहाणं बुहाणं । धीरा एयदंसिणो ।**

**સૂત્રાર્થ :**

**से जहा=તે આ પ્રમાણે –**

**કોઇક રીતે જંગલમાં રહેલો કોઇક પુરુષ માતા-પિતાથી યુક્ત, તેમના પ્રત્યે પ્રતિબંધવાળો કોઇક સ્થાને જાય છે. માતા-પિતાને ત્યાં=જંગલમાં, નિયમા**

ઘાત કરનાર, પુરુષમાત્રના પ્રયત્નથી અસાધ્ય અને જેનું ઔષધ સંભવે તેવો મોટો રોગ ઉત્પન્ન થાય, ત્યાં આ પુરુષ માતા-પિતાના સ્નેહથી આ પ્રમાણે આલોચન કરીને → આ માતાપિતા ઔષધ વગર નિયમથી જીવશે નહીં અને ઔષધના ભાવમાં સંશય છે=ઔષધની પ્રાપ્તિમાં કદાચ જીવે તેવો સંભવ છે, અને તેમને છોડી જવાથી અત્યારે મૃત્યુ પામે તેવા નથી ← એ પ્રમાણે આલોચન કરીને વૃત્તિ આચ્છનાદિરૂપ તે પ્રકારની અત્યંત સંસ્થાપન કરીને, તેમના ઔષધ નિમિત્તે અને પોતાની આજીવિકા નિમિત્તે ત્યાગ કરતો, સાધુ છે=સુંદર છે. અને આ ત્યાગ અત્યાગ છે અને અત્યાગ જ ત્યાગ છે; કેમ કે આવા પ્રસંગમાં પંડિત પુરુષોને ફળપ્રધાન છે, ધીરો = નિપુણ બુદ્ધિવાળાઓ આને = ફળને, જોનારા છે.

**ટીકા :**

तद्यथा कश्चित् पुरुषो विवक्षितः कथञ्चित् कान्तारगतः सन् मातापितृसमेतः, भार्याद्युपलक्षणमेतत्, तत्प्रतिबद्धो व्रजेत् । तयोर्मातापित्रोस्तत्र कान्तारे नियमघाती पुरुषमात्रासाध्यः संभवदौषधः महातङ्कः स्यात् । आतङ्कः सद्योघाती रोगः । तत्रासौ पुरुषः तत्प्रतिबन्धात् मातापितृप्रतिबन्धेन एवमालोच्य 'न भवत एतौ मातापितरौ नियमत औषधमन्तरेण औषधं विना। औषधभावे च संशयः-कदाचिद् भवतोऽपि । कालसहौ चैतौ मातापितरौ' । तथा तेन वृत्त्याच्छादनादिना प्रकारेण संस्थाप्य संस्थाप्य तदौषधनिमित्तं तयोर्मातापित्रोरौषधार्थं स्ववृत्तिनिमित्तं च आत्मवृत्त्यर्थं च त्यजन् साधुः शोभनः। कथम् ? इत्याह-एष त्यागोऽत्यागः, संयोगफलत्वात् । अत्याग एव त्यागः, वियोगफलत्वात् । यद्रि नामैवं ततः किम्? इत्याह-फलमत्र प्रधानं बुधानां पण्डितानाम् । [१]धीरा एतद्दर्शिनः, निपुणबुद्ध्या फलदर्शिनः ।

**ટીકાર્થ :**

તે આ પ્રમાણે છે=પૂર્વમાં દૃષ્ટાન્ત કહ્યું તે આ પ્રમાણે છે–

१. "धीराः पण्डिताः फलदृष्टिपूर्वकं क्रियादर्शिनः, मोक्षफलं प्रति एषा क्रिया कारणीभविष्यति' इति दर्शिन इत्यर्थः । न तु क्रियादृष्टिपूर्वकं फलदर्शिन फलदर्शिन इति"

**કોઈક વિવક્ષિત પુરુષ કોઈક રીતે માતા-પિતાથી યુક્ત જંગલમાં ગયો છતો તેમના પ્રત્યે પ્રતિબંધવાળો=રાગવાળો, અટવી પસાર કરે છે. અહીં માતા-પિતાદિએ ભાર્યાઆદિનું ઉપલક્ષણ છે. તે જંગલમાં માતા-પિતાને નિયમથી ઘાત કરનાર, પુરુષમાત્રથી અસાધ્ય=પુરુષના પ્રયત્નમાત્રથી ન મટે તેવો, સંભવતા ઔષધવાળો=ઔષધથી મટે તેવા સંભવવાળો મોટો આતંક થાય. आतङ्कः= સદ્ય ઘાતિ રોગ. ત્યાં=અટવીમાં, આ પુરુષ માતા-પિતાદિના સ્નેહને કારણે આ પ્રમાણે આલોચન કરીને અર્થાત્ આ માતા-પિતા નિયમથી ઔષધ વગર જીવશે નહિ અને ઔષધના સદ્ભાવમાં સંશય છે=ક્વચિત્ જીવે એવો પણ સંભવ છે, અને માતા-પિતા કાલસહ છે=ઔષધ માટે તેમને મૂકીને હું જઈશ અને ઔષધ લઈને પાછો આવીશ ત્યાં સુધી જીવી શકે તેવા છે. આ પ્રમાણે આલોચન કરીને તે પ્રકારે=વૃત્તિ આચ્છાનાદિ પ્રકારે માતા-પિતાને અત્યંત સંસ્થાપન કરીને તે માતા-પિતાના ઔષધ માટે અને સ્વવૃત્તિ માટે=અટવી ઓળંગવા અર્થે પોતાને આવશ્યક આહારાદિ સામગ્રી માટે, ત્યાગ કરતો=માતાપિતાનો ત્યાગ કરતો સાધુ છે=તે પુરુષ સુંદર છે.**

કેમ સુંદર છે એથી કરીને કહે છે–

**આ ત્યાગ=આવા સંયોગમાં કરાયેલો માતા-પિતાનો ત્યાગ, અત્યાગ છે; કેમ કે સંયોગફળવાળો છે=માતાપિતાના સંયોગફળવાળો છે. અત્યાગ જ ત્યાગ છે=માતા-પિતાનો અત્યાગ જ ત્યાગ છે; કેમ કે માતા-પિતાના વિયોગફળવાળો છે. જો આમ છે તેનાથી શું ? એથી કરીને કહે છે–**

પૂર્વમાં કહ્યું કે ત્યાગ અત્યાગ છે અને અત્યાગ જ ત્યાગ છે, એનાથી શું પ્રાપ્ત થયું ? અર્થાત્ એ વચન જ પરસ્પર અસંબદ્ધ જેવા જણાય છે; કેમ કે ત્યાગ કહો તો તેને અત્યાગ ન કહી શકાય અને અત્યાગ કહો તો તેને ત્યાગ ન કહી શકાય. તેથી આવા કથનથી શું અર્થ પ્રાપ્ત થયો ? એથી કરીને સૂત્રમાં કહે છે–

**બુધોને=પંડિતોને, અહીંયાં=આવા પ્રસંગમાં, ફળ પ્રધાન છે.**

અહીં શંકા થાય કે આવા સમયે શું કરવું સુંદર છે ? એ કોણ નક્કી કરી શકે ? એથી કહે છે–

**ધીરો આને જોનારા છે=ધીર પુરુષો નિપુણબુદ્ધિથી ફળને જોનારા છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં કહ્યું કે માયા આદિ કરીને પણ દીક્ષા લેનાર વ્યક્તિ માતા-પિતાની રજા મેળવે અને ત્યારપછી સંયમ ગ્રહણ કરે, અને આમ કરવા છતાં પણ માતા-પિતા રજા ન જ આપે તો અસ્થાન ગ્લાન ઔષધના ત્યાગના દૃષ્ટાન્તથી માતા-પિતાનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરે. અને તે દૃષ્ટાન્ત સૂત્રમાં **'से जहा'** થી બતાવે છે.

કોઈક પુરુષ માતા-પિતાદિ સાથે કે ભાર્યાદિ સાથે કોઈક રીતે જંગલમાં ગયો હોય અને રાગથી માતા-પિતાદિ પ્રત્યે પ્રતિબંધવાળો હોય અને પોતાને ઇચ્છિત સ્થાનમાં જવા માટે માર્ગમાં પ્રવૃત્ત હોય, ત્યાં, માતા-પિતાને તરત વિનાશ કરે તેવો મોટો રોગ ઉત્પન્ન થાય, જે રોગ ઔષધ વગર મટે તેમ નથી પરંતુ ઔષધથી મટી શકે તેવી સંભાવના છે તે વખતે તે પુરુષ માતા-પિતાદિ પ્રત્યેની લાગણીને કારણે આ પ્રમાણે વિચારે છે–

ઔષધ વગર માતા-પિતાદિ નિયમથી જીવી શકશે નહિ તેવો આ રોગ છે, પરંતુ ઔષધ કરવાથી સંભવ છે કે તેઓ જીવી પણ શકે તેમ છે. તેથી હું જંગલમાં તેઓને એકલા મૂકીને તેમના ઔષધ માટે અને પોતાના જીવનનિર્વાહ માટેની સામગ્રી લેવા માટે નગરમાં જઈશ અને ઔષધ લઈને હું પાછો આવીશ ત્યાં સુધી તેઓ જીવી શકે તેમ છે. એમ લાગવાથી તે વખતે માતા-પિતાને કહે છે કે તમે અહીં રહો, હું ઔષધ લઈને તુરત પાછો આવું છું. તે વખતે પુત્ર પ્રત્યેના અતિરાગના કારણે માતા-પિતા તેને જવાની રજા ન આપે અને કહે કે અમે જીવીએ ત્યાં સુધી અમને મૂકીને તારે જવાનું નથી. ત્યારે માતા-પિતાદિ રજા ન આપે તો પણ તે પુરુષ તેઓના આહારાદિ અને સૂવાઆદિની વ્યવસ્થા કરીને, જંગલમાં સુરક્ષિત સ્થાનમાં તેઓને સ્થાપન કરીને, માતા-પિતાદિની રજા વગર પણ તેમના ઔષધ નિમિત્તે અને પોતાને અટવી ઓળંગવા માટે જરૂરી આવશ્યક સાધન સામગ્રી માટે શહેરમાં જાય, અર્થાત્ પોતાના સ્થાનથી નીકળેલો હોય ત્યારે જે આહારઆદિની સામગ્રી લઈને નીકળ્યો, પણ માતા-પિતાદિને રોગ થવાથી કાળવિલંબન થવાથી તે સામગ્રી પૂરતા પ્રમાણમાં ન હોય તો, માતા-પિતાદિનાં ઔષધ માટે અને અટવી ઉલ્લંઘન માટે આવશ્યક આહારાદિની સામગ્રી માટે

શહેરમાં જાય, અને ત્યાંથી તે ઔષધ અને આહારાદિની આવશ્યક સામગ્રી લઇને પાછો આવે, તે વખતે તેણે માતા-પિતાદિનો ત્યાગ કર્યો તે અત્યાગ જ છે, અને વિચારક વ્યક્તિ એમ જ કહે કે તેણે સુંદર કર્યું; કેમ કે આ પ્રકારનો તેનો માતા-પિતાદિનો ત્યાગ એ ફરી માતા-પિતાનાં સાથે સંયોગફળવાળો છે કેમ કે ઔષધ લઇને આવે અને માતા-પિતાદિ તે ઔષધથી જીવી જાય તો દીર્ઘકાલ સુધી માતા-પિતાનો સંયોગ રહે.

જો માતા-પિતાદિના આગ્રહને વશ થઇને માતા-પિતાદિનો ત્યાગ ન કરે તો તેમનો અત્યાગ જ ત્યાગ છે; કેમ કે આ રીતે માતા-પિતાદિના આગ્રહને વશ થઇને તેમની પાસે બેસી રહે તો માતા-પિતાનું અકાળ મૃત્યુ થવાથી વિયોગની પ્રાપ્તિ થાય. માટે આવા સમયે વિવેકી વ્યક્તિ માતા-પિતાદિનો ત્યાગ કરીને તેમની ઇચ્છા વિરુદ્ધ ઔષધ માટે જાય તે ઉચિત જ છે. આવો પરમાર્થ પંડિત પુરુષો જ સમજી શકે; કેમ કે પંડિત પુરુષો ફળને જોનારા હોય છે. તેથી તેઓ વિચારે છે કે માતા-પિતાની ઇચ્છા નહિ હોવા છતાં આવા સમયે તેમનો ત્યાગ કરીને ઔષધ લેવા માટે જવાથી જ સુંદર ફળ આવે છે, અને આવો નિર્ણય ધીર પુરુષો કરી શકે છે; કેમ કે ધીર પુરુષો નિપુણ બુદ્ધિથી ફળને જોનારા હોય છે. જ્યારે જેઓ ધીર નથી તેઓ તો માતા-પિતાની લાગણીને વશ થઇને તેમના કહેવા પ્રમાણે તેમની પાસે બેસી રહે છે, જેના ફળસ્વરૂપે માતા-પિતાનું મૃત્યુ થાય છે; અને આ રીતે જંગલમાં બેસી રહેવાથી પોતાની પણ જીવનનિર્વાહની સામગ્રી ન મળવાથી માતા-પિતાની જેમ પોતાનું પણ અકાળે મૃત્યુ થાય. તેથી ધીર પુરુષો માતા-પિતા પ્રત્યે લાગણીવાળા હોવા છતાં પણ હિતાહિતનો વિચાર કરીને ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે.

**સૂત્ર :**

**स ते ओसहसंपाडणेण जीवावेज्जा । संभवाओ पुरिसोचियमेयं । एवं सुक्कपक्खिगे महापुरिसे संसारकंतारपडिए अम्मापिइसंगए धम्मपडिबद्धे विहरेज्जा । तेसिं तत्थ नियमविणासगे अपत्तबीजाइपुरिसमित्तासज्झे संभवंतसम्मत्ताइओसहे मरणाइविवागे कम्मायंके सिया । तत्थ से सुक्कपक्खिगपुरिसे धम्मपडिबंधाओ एवं समालोचिय 'विणस्संति एए अवस्सं सम्मत्ताइओसहविरहेण, तस्संपायणे विभासा, कालसहाणि य**

एयाणि ववहारओ', तहा संठविय संठविय इहलोगचिंताए तेसिं सम्मत्ताइओसहनिमित्तं विसिट्ठगुरुमाइभावेणं सवित्तिनिमित्तं च किच्चकरणेण चयमाणे संयमपडिवत्तीए ते साहु ( हू? ) सिद्धीए । एस चाए अचाए, तत्तभावणाओ । अचाए चेव चाए, मिच्छाभावणाओ । तत्तफलमेत्थ पहाणं बुहाणं परमत्थओ । धीरा एयदंसिणो आसन्नभव्वा ।

સૂત્રાર્થ :

તે પુરુષ તે માતા-પિતાને ઔષધ સંપાદન દ્વારા જીવાડે. માતા-પિતાને જીવાડવાનો સંભવ હોવાને કારણે આ=માતાપિતાને છોડીને ઔષધ માટે જવું એ કૃત્ય પુરુષને ઉચિત છે.

આ રીતે=પૂર્વમાં દૃષ્ટાન્તમાં બતાવ્યું એ રીતે, શુક્લપાક્ષિક મહાપુરુષ સંસારરૂપી અટવીમાં રહેલો, માતા-પિતાથી યુક્ત, ધર્મમાં પ્રતિબંધવાળો=ગાઢ ખેંચાણવાળો, વિચરે છે. ત્યાં=સંસારરૂપી અટવીમાં, નિયમા વિનાશક, અપ્રાપ્તબીજાદિવાળા પુરુષમાત્રથી અસાધ્ય, સમ્યક્ત્વાદિ ઔષધથી મટી શકવાની સંભાવનાવાળો, મરણાદિવિપાકવાળો, કર્મ નામનો મહારોગ તેઓને=માતા-પિતાને થાય, ત્યાં=સંસારરૂપી અટવીમાં, આ શુક્લપાક્ષિક પુરુષ ધર્મપ્રત્યેના રાગના કારણે આ પ્રમાણે સમાલોચન કરીને→ આ માતા-પિતાદિ અવશ્ય સમ્યક્ત્વાદિ ઔષધ વિના વિનાશ પામશે, અને તેના સંપાદનમાં=સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદનમાં, વિભાસા છે=રોગ મટવાનો વિકલ્પ છે, અને માતા-પિતા વ્યવહારથી કાલસહ છે=હું ઔષધ લઇને આવું ત્યાં સુધી માતા-પિતા જીવી શકે તેવી સંભાવનાવાળા છે, આ પ્રમાણે સમાલોચન કરીને← અને આલોકની ચિન્તાથી તે રીતે=સંસારમાં જીવનવ્યવસ્થામાં કોઇ તકલીફ ન થાય તે રીતે, અત્યંત સંસ્થાપન કરીને, વિશિષ્ટ ગુરુ આદિ ભાવ દ્વારા તેઓના સમ્યક્ત્વાદિ ઔષધ નિમિત્ત અને કૃત્યકરણ દ્વારા સ્વવૃત્તિનાં નિમિત્તે=પોતાની આજીવિકાના નિમિત્તે, સંયમપ્રતિપત્તિ દ્વારા માતા-પિતાનો ત્યાગ કરતો કાર્યસિદ્ધિના વિષયમાં સાધુ છે=ધર્મશીલ છે; અને તત્ત્વભાવને કારણે આ ત્યાગ અત્યાગ છે અને મિથ્યાભાવને કારણે અત્યાગ જ ત્યાગ છે. પરમાર્થથી બુદ્ધિમાન પુરુષોને અહીં =આવા પ્રસંગમાં, તત્ત્વફળ પ્રધાન છે=સાનુબંધ ફળ પ્રધાન છે. ધીર એવા આસન્નભવ્ય જીવો આને=સાનુબંધ ફળને જોનારા છે.

टीका :

स ते इत्यादि, स पुरुषः तौ मातापितरौ औषधसम्पादनेन जीवयेत्, सम्भवत्येतत् । अत एवाह-सम्भवात् पुरुषोचितमेतद् यदुतेत्थं त्याग इति ।

एष दृष्टांतः । अयमर्थोपनय इत्याह एवमित्यादिना-

एवं शुक्लपाक्षिको महापुरुषः परीत्तसंसार इत्यर्थः । यथोक्तम्-

जस्स अवड्ढो पोग्गलपरियट्टो सेसओ य संसारो ।
सो सुक्कपक्खिओ खलु, अहिगे पुण कण्हपक्खीओ ॥ [ श्रावकप्रज्ञप्तौ गा. ७२ ]

किमयम् ? इत्याह-संसारकान्तारपतितः सन् मातापितृसङ्गतः, उपलक्षणमेतत् भार्यादीनाम्, धर्मप्रतिबद्धो विहरेत्, तयोर्मातापित्रोस्तत्र संसारकान्तारे नियमविनाशकः अप्राप्तबीजादिपुरुषमात्रासाध्यः संभवत्सम्यक्त्वाद्यौषधो मरणादिविपाकः कर्मातङ्कः स्यात्, क्लिष्टं कर्मेत्यर्थः । तत्रासौ शुक्लपाक्षिकः पुरुषः धर्मप्रतिबन्धाद्धेतोः एवं समालोच्य 'विनश्यत एतौ मातापितरौ अवश्यं सम्यक्त्वाद्यौषधविरहेण सम्यक्त्वाद्यौषधाभावेन । तत्संपादने सम्यक्त्वाद्यौषधसंपादने विभाषा 'कदाचिदेतत् संपादयितुं शक्यते कदाचिन्न' इत्येवंरूपा । कालसहौ चैतौ व्यवहारतः, तथा जीवनसंभवात्, निश्चयतस्तु न । यथोक्तम्-

'आयुषि बहूपसर्गे वाताहतसलिलबुद्बुदानित्यतरे ।
उच्छ्वस्य निःश्वसिति यः सुप्तो वा यद्विबुध्यते तच्चित्रम्॥' [ ]

तथा तेन सौविहित्यापादनप्रकारेण संस्थाप्य संस्थाप्य इहलोकचिन्तया तयोर्मातापित्रोः सम्यक्त्वाद्यौषधनिमित्तं विशिष्टगुर्वादिभावेन धर्मकथादिभावात् स्ववृत्तिनिमित्तं च कृत्यकरणेन हेतुना त्यजन् संयमप्रतिपत्त्या तौ मातापितरौ साधुः धर्मशीलः सिद्धौ सिद्धिविषये ।

किमित्येतदेवम् ? इत्याह-एष त्यागोऽत्यागः, तत्त्वभावनातस्तद्धितप्रवृत्तेः । अत्याग एव त्यागः, मिथ्याभावनातस्तदहितप्रवृत्तेः । तत्त्वफलं सानुबन्धमत्र प्रधानं बुधानां परमार्थतः परमार्थेन । धीरा एतद्दर्शिन आसन्नभव्या, नान्ये ।

**ટીકાર્થ :**

'स ते इत्यादि' એ પ્રતીક છે.

તે પુરુષ તે માતા-પિતાને ઔષધ સંપાદન દ્વારા જિવાડે એ સંભવે છે. આથી કરીને જ કહે છે=આવો ધીર નિપુણ બુદ્ધિથી ફળને જોઈને ઔષધ સંપાદન દ્વારા માતા-પિતાને જિવાડે એ સંભવ છે એમ પૂર્વમાં કહ્યું, આથી કરીને જ કહે છે.–

સંભવ હોવાથી=માતા-પિતાને જીવવાનો સંભવ હોવાથી, પુરુષ ઉચિત આ છે.

અહીં પુરુષ ઉચિત આ શું છે ? તે 'यदुत' થી કહે છે. આ પ્રકારનો ત્યાગ એ પુરુષ ઉચિત છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. આ=પૂર્વમાં કહ્યું એ દૃષ્ટાન્ત છે. આ અર્થ ઉપનય છે. એ પ્રમાણે 'एवमित्यादि' દ્વારા સૂત્રમાં કહે છે.

આ પ્રકારનો શુક્લપાક્ષિક=પરિમિત સંસારવાળો, મહાપુરુષ સંસારરૂપી અટવીમાં પડેલો છતો માતા-પિતાથી સંગત ધર્મપ્રતિબદ્ધ વિચરે છે=ધર્મ પ્રતિબદ્ધ રહેલો છે. આ પ્રકારે ટીકામાં અન્વય છે.

આ શુક્લપાક્ષિક=પરિમિત સંસારવાળો મહાપુરુષ છે. એમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે.

જેનો અર્ધપુદ્‌ગલ પરાવર્ત શેષ સંસાર છે તે શુક્લપાક્ષિક છે. વળી, અધિક સંસાર છે તે કૃષ્ણપાક્ષિક છે.

આ શુકલપાક્ષિક મહાપુરુષ કેવો છે ? એથી કરીને કહે છે–

સંસારરૂપી અટવીમાં પડેલો છતો, માતા-પિતાથી યુક્ત, ધર્મમાં પ્રતિબંધવાળો=ગાઢ ખેંચાણવાળો, વિચરે છે.

અહીં માતા-પિતાદિથી યુક્ત એમ કહ્યું તેમાં ઉપલક્ષણથી ભાર્યાઆદિનું ગ્રહણ કરવાનું છે.

સંસારરૂપી અટવીમાં માતા-પિતાને નિયમથી વિનાશ કરે એવો, અને અપ્રાપ્તબીજાદિવાળા માતા-પિતાદિરૂપ પુરુષમાત્રથી અસાધ્ય=ઔષધ વગર સ્વપ્રયત્નથી ન મટે એવો, અને સમ્યક્ત્વાદિ ઔષધથી મટે તેવી સંભાવનાવાળો,

મરણાદિવિપાકવાળો કર્મ નામનો મહારોગ થાય. કર્મનામના મહારોગથી ક્લિષ્ટ કર્મ ગ્રહણ કરવાનું છે. ત્યાં=સંસારરૂપી અટવીમાં, આ શુક્લપાક્ષિક પુરુષ ધર્મ પ્રત્યેનાં પ્રતિબંધવાળો હોવાને કારણે આ પ્રમાણે વિચારે. આ માતા-પિતા સમ્યક્ત્વાદિ ઔષધના અભાવથી અવશ્ય વિનાશ પામશે, અને સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદનમાં વિભાસા છે. અને તે વિભાસા સ્પષ્ટ કરે છે– કદાચિત્ આ=ઔષધ સંપાદન કરવું શક્ય છે અને કદાચિત્ નથી એ પ્રકારની વિભાસા છે. અને આ માતા-પિતાદિ વ્યવહારથી કાલસહ છે; કેમ કે તે પ્રકારે જીવનનો સંભવ છે=પોતે સમ્યક્ત્વાદિ ઔષધ પ્રાપ્ત કરીને તેમને આપવા માટે આવે, ત્યાં સુધી તેઓ જીવી શકે તેવો સંભવ છે.

વળી, નિશ્ચયનયથી નહિ=નિશ્ચયનયથી તેઓ જીવશે જ તેમ કહી શકાય નહિ, અને તેમાં '**यथोक्तम्**' થી સાક્ષી આપે છે.

વાયુથી હણાયેલા પાણીના બુંદબુંદથી અનિત્યતર બહુઉપસર્ગવાળું આયુષ્ય હોતે છતે જે આ પુરુષ ઉચ્છ્વાસ લઈને નિશ્વાસ મૂકે છે અથવા સૂતેલો જે જાગે છે તે આશ્ચર્ય છે.

તે પ્રકારની શારીરિક જરૂરીયાતોના આપાદનરૂપે આલોકની ચિન્તાથી માતા-પિતાને અત્યંત સંસ્થાપન કરીને, દીક્ષા લઈને પોતાનામાં વિશિષ્ટ ગુરૂ આદિ ભાવ પ્રગટ થવાથી માતા-પિતા પાસે આવીને ધર્મકથાદિના કથનનો સંભવ હોવાથી માતા-પિતાનાં સમ્યક્ત્વાદિ ઔષધ નિમિત્તે=વિશિષ્ટ ગુરૂ આદિ ભાવ દ્વારા માતાપિતાદિનાં સમ્યક્ત્વાદિ ઔષધ નિમિત્તે અને કૃત્યકરણરૂપ હેતુ દ્વારા સ્વવૃત્તિ નિમિત્તે સંયમની પ્રતિપત્તિથી માતા-પિતાને ત્યાગ કરતો સિદ્ધિના વિષયમાં=કાર્યસિદ્ધિના વિષયમાં, સાધુ છે=ધર્મશીલ છે=અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનાર છે.

અહીં માતાપિતાદિના સમ્યક્ત્વાદિ ઔષધનું કઈ રીતે નિમિત્ત બને એ બતાવવા માટે કહ્યું કે વિશિષ્ટ ગુરુ આદિ ભાવથી સમ્યક્ત્વાદિ ઔષધનું નિમિત્ત બને.

અહીં પ્રશ્ન થાય કે પોતે દીક્ષા લઈને વિશિષ્ટ ગુરુ આદિ ભાવને પ્રાપ્ત કરે એટલા માત્રથી માતા-પિતાદિના સમ્યક્ત્વાદિ ઔષધનું નિમિત્ત કઈ રીતે બને? તેથી કહે છે–

પોતે દીક્ષા લઈને વિશિષ્ટ ગુરુ આદિ ભાવ પ્રાપ્ત કરીને માતા-પિતાદિ પાસે આવીને ધર્મકથાદિના ભાવથી=ધર્મકથાદિના કથનથી, સમ્યક્ત્વાદિ ઔષધનું નિમિત્ત બને.

**આ=પૂર્વમાં કહ્યું એ પ્રકારનું શુક્લપાક્ષિકપુરુષનું સમાલોચન, આવું= અત્યંત ઉચિતપ્રવૃત્તિરૂપ છે એવું, કેમ છે ? એથી કરીને કહે છે.**

**તત્ત્વભાવનને કારણે માતા-પિતાના હિતની પ્રવૃત્તિ હોવાથી, આ ત્યાગ અત્યાગ છે. મિથ્યાભાવનને કારણે=માતા-પિતાના અહિતની પ્રવૃત્તિ હોવાથી, અત્યાગ જ ત્યાગ છે. પરમાર્થથી બુદ્ધિમાન પુરુષો આવા પ્રસંગમાં તત્ત્વફળને =સાનુબંધ ફળને, જોનારા છે. ધીર એવા આસન્નભવ્ય જીવો આને=તત્ત્વફળને જોનારા છે, અન્ય નહિ.**

**ભાવાર્થ :**

પૂર્વમાં દૃષ્ટાન્ત આપ્યું કે પુરુષ, ઔષધસંપાદન દ્વારા માતા-પિતાને જિવાડે તે પ્રકારનો સંભવ છે, અને એને જ સામે રાખીને કહ્યું કે, પુરુષને ઉચિત આ છે. અર્થાત્ જે પુરુષને માતા-પિતા પ્રત્યે સ્નેહ છે તે પુરુષ પણ આવા સમયે માતા-પિતાની અનિચ્છા હોવા છતાં તેમનો ત્યાગ કરીને ઔષધ લેવા જાય તે પુરુષને ઉચિત છે.

આ દૃષ્ટાન્તનો ઉપનય બતાવે છે, તે આ પ્રમાણે છે–

જે જીવ સંસારથી વિરક્ત થયેલો છે અને કલ્યાણના અર્થે વિવેકપૂર્વક સંયમ ગ્રહણ કરવા અત્યંત અભિમુખ થયેલો છે તેવો આ દીક્ષાર્થી શુક્લપાક્ષિક છે અર્થાત્ પરિમિત સંસારવાળો છે, અને અત્યંત ઉચિત પ્રયત્ન કરનાર હોવાથી મહાપુરુષ છે; કેમ કે મહાપુરુષો ક્યારેય અનુચિત પ્રવૃત્તિ કરતા નથી, તેમ આ મહાપુરુષ પણ દીક્ષા લેવા માટે તત્પર થયેલો હોવા છતાં લેશ પણ અનુચિત પ્રવૃત્તિ કરતો નથી.

અહીં શુક્લપાક્ષિકનો અર્થ કર્યો પરિમિત સંસારવાળો, અને તેમાં સાક્ષી આપી તે પ્રમાણે તો અર્ધપુદ્ગલ પરાવર્ત સંસારવાળો શુક્લપાક્ષિક પ્રાપ્ત થાય, અને અર્ધપુદ્ગલપરાવર્તમાં તો અનંત ચોવીસીઓ થાય. તેથી તેને પરિમિત સંસારવાળો કેમ કહેવાય ? તેવી શંકા થઇ શકે પરંતુ શુકલપાક્ષિક મહાપુરુષને પરિમિત સંસારવાળો કહીને સાક્ષીમાં અર્ધપુદ્ગલ પરાવર્તનવાળાને શુક્લપાક્ષિક કહ્યું તેનો આશય એ છે કે, ખરેખર સંસાર તરવા માટે તત્પર થયેલો મહાપુરુષ જો સાધના કરીને સંસારનો ઉચ્છેદ કરે તો આ ભવમાં પણ મોક્ષે જઇ શકે છે, અને કદાચ આ ભવમાં સાધના પૂરી ન થાય તો થોડા ભવમાં તે સાધના પૂરી કરી અવશ્ય મોક્ષે જાય. પરંતુ કોઇ કર્મના દોષના કારણે માર્ગમાંથી ખસી જાય અને સાધના

પૂર્ણ ન થઇ હોય તો ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર પણ સંભવે, પરંતુ તેનાથી અધિક તો નહિ જ.

આ મહાપુરુષ આ સંસારરૂપી અટવીમાં રહેલો છે, માતા-પિતાદિથી યુક્ત છે અને ધર્મ પ્રત્યે પ્રતિબદ્ધ માનસવાળો છે એમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, આ જીવ હજી મોક્ષમાં પહોંચ્યો નથી અને સંયમ લેવા માટે અભિમુખ થયેલો હોવા છતાં હજી ગૃહસ્થાવસ્થામાં જ રહેલો છે, તેથી માતા-પિતા સાથે સંબંધથી જોડાયેલો છે; આમ છતાં સંસારી જીવોને જે રીતે પરસ્પર સંબંધની લાગણી હોય છે તેવી લાગણીથી માતા-પિતા સાથે જોડાયેલો નથી. વળી, ધર્મ સાથે પ્રતિબદ્ધ માનસવાળો છે આથી સંયમ લેવા માટે અભિમુખ થયેલો છે, અને ધર્મ હંમેશાં ઉચિત પ્રવૃત્તિ જ કરાવનાર છે તેથી સંયમ લેવા તત્પર થયેલો પણ માતા-પિતાના હિતની ઉપેક્ષા કરે તેવો નથી.

સંસારરૂપી અટવીમાં માતા-પિતાને કર્મરૂપી મહારોગ થયો છે જે નિયમથી વિનાશક છે, અને અપ્રાપ્તબીજાદિવાળા એવા માતા-પિતાઆદિ પુરુષમાત્રથી અસાધ્ય છે અને સમ્યક્ત્વાદિ ઔષધથી મટી શકે તેવી સંભાવનાવાળો છે, અને મરણાદિવિપાકવાળો આ મહારોગ છે.

આશય એ છે કે, દીક્ષાર્થી જીવ માતા-પિતાને અનેક યુક્તિઓથી સંસારનું સ્વરૂપ સમજાવે છે છતાં માતા-પિતાને લેશ પણ ધર્મ પ્રત્યે વલણ થતું નથી, તે બતાવે છે કે તેઓને ક્લિષ્ટ કર્મનો ઉદય છે. અને જો આ કર્મરૂપી રોગ સંયમની સાધના કરીને મટશે નહિ તો આયુષ્ય પૂરું થયા પછી ફરી ફરી જન્મમરણની પરંપરારૂપ ફળવાળો એવો કર્મરૂપી રોગ માતા-પિતાદિનો વિનાશ કરશે. અને કેટલાકના માતાપિતાને કર્મરૂપી રોગ ઔષધ વગર પણ મટે તેવા હોય છે પરંતુ પોતાના માતાપિતાને કર્મરૂપી આ રોગ ઔષધ વગર મટે તેવો નથી; કેમ કે જે જીવોએ ધર્મના બીજની પ્રાપ્તિ કરી હોય છે તે જીવોને જ કર્મરૂપી રોગ ઔષધ વગર પણ મટી શકે, પરંતુ મારા માતા-પિતાએ ધર્મનાં બીજાદિને પ્રાપ્ત કર્યા નથી તેથી અપ્રાપ્ત બીજવાળા એવા મારા માતા-પિતાદિને સ્વયં રોગ મટી શકે તેમ નથી. આથી આટલો ધર્મઉપદેશ આપવા છતાં પણ ધર્મ પ્રત્યે તેઓને સહેજ પણ વલણ થતું નથી.

વળી, ધર્મ પ્રત્યેના રાગના કારણે શુક્લપાક્ષિક મહાપુરુષ વિચારે છે કે મારા માતાપિતાએ ધર્મબીજની પ્રાપ્તિ કરી નથી તો પણ જો પોતે સંયમ ગ્રહણ કરીને,

વિશિષ્ટ શાસ્ત્રો ભણીને, ગંભીર પદાર્થોનો પરમાર્થ માતા-પિતાને સમજાવી શકે, તો સમ્યક્ત્વાદિ ઔષધ તેમને પ્રાપ્ત થાય, તો કદાચ આ તેમનો રોગ મટી શકે તેવી સંભાવના દેખાય છે; અને જો આ રોગ નહિ મટે તો માતા-પિતા નિયમા દુરંત સંસારમાં ભટકશે. વળી, સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદન વગર આ માતા-પિતા અવશ્ય વિનાશ પામશે અને સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદનમાં કદાચ જીવે તેવી પણ સંભાવના છે.

વળી, તે વિચારે છે કે દીક્ષા લઈને શાસ્ત્રો ભણીને તેમના ઉપકારઅર્થે હું આવું ત્યાં સુધી તેઓ વ્યવહારનયથી જીવી શકે તેમ છે; કેમ કે માતા-પિતા હજી અતિવૃદ્ધ નથી અને શરીર પણ તેવું નથી કે શીઘ્ર આયુષ્ય પુરું થઈ જાય. આમ છતાં તે જાણે છે કે નિશ્ચયનયથી તો તેઓ કેટલો સમય જીવશે તે નક્કી થઈ શકે તેમ નથી, તો પણ વ્યવહારનયને આશ્રયીને જીવવાની સંભાવના હોવાથી મારે તેમને ધર્મની પ્રાપ્તિ કરાવવા અર્થે ઔષધ લેવા માટે જવું જોઈએ.

આમ વિચારીને આલોકની ચિન્તાથી તેમની આજીવિકાની દરેક સામગ્રીની વ્યવસ્થા કરીને માતા-પિતાદિના સમ્યક્ત્વાદિ ઔષધ માટે અને પોતાની આજીવિકા માટે=સંસાર અટવી ઓળંગીને મોક્ષનગરે પહોંચવા માટે, ભાતા સ્થાનીય પુન્યાનુબંધી પુન્યઅર્થે સંયમ સ્વીકારવા દ્વારા માતા-પિતાદિનો ત્યાગ કરે તે ઉચિત છે.

આશય એ છે કે, જો માતા-પિતાદિના આગ્રહને વશ થઈને સ્વયં દીક્ષા ન લે તો માતા-પિતા ધર્મને પામ્યા વિના મનુષ્યભવ પૂરો કરશે અને દુરંત સંસારમાં ભટકશે. માટે તેમની અનિચ્છા હોવા છતાં આલોકની ઉચિત જીવન જરૂરીયાતની વ્યવસ્થા કરીને તેમને ધર્મ પમાડવા અર્થે તેણે દીક્ષા લેવી જોઈએ; કેમ કે જો પોતે દીક્ષા લે તો શાસ્ત્રો ભણીને વિશિષ્ટ ગીતાર્થ આદિ ભાવોને પ્રાપ્ત કરીને માતા-પિતાદિને ધર્મ પમાડી શકે.

વળી, જેમ અટવીમાં રહેલો પુરુષ માતા-પિતાદિના ઔષધ નિમિત્તે અને અટવી ઓળંગવામાં પોતાની જરૂરીયાત નિમિત્તે માતા-પિતાને જંગલમાં છોડીને નગરમાં જાય છે, તેમ પ્રસ્તુત મહાપુરુષ પણ માતા-પિતાદિના ઔષધ માટે અને પોતાની આ સંસારરૂપી અટવીના ઉલ્લંઘન માટે આવશ્યક એવી સંયમની પરિણતિ નિમિત્તે, માતા-પિતાનો ત્યાગ કરે તે ઉચિત છે.

અહીં પ્રશ્ન થાય કે માતા-પિતાની અત્યંત અનિચ્છા હોવા છતાં તેઓની રજા વગર આ રીતે સંયમ ગ્રહણ કરવો કઇ રીતે ઉચિત ગણાય ? તેથી કહે છે–

આ રીતે માતા-પિતાનો ત્યાગ અત્યાગ છે અને અત્યાગ જ ત્યાગ છે. આશય એ છે કે, જેમ અટવીમાં રહેલ પુરુષ માતા-પિતાદિના ઔષધ માટે અને અટવી ઓળંગવામાં પોતાને જરૂરી સામગ્રી માટે, માતા-પિતાની અનિચ્છા હોવા છતાં પોતે શહેરમાં જાય અને શહેરમાંથી ઔષધ અને અન્ય જરૂરી સામગ્રી લઇને આવે તેનાથી માતા-પિતાને જિવાડી પણ શકે છે અને પોતે પણ સુખેથી તે અટવી પસાર કરી શકે છે તેથી માતા-પિતાને છોડીને તેમની અનિચ્છા છતાં શહેરમાં જાય તે ત્યાગ અત્યાગ જ છે તેમ પ્રસ્તુતમાં દીક્ષાર્થી જીવ માતા-પિતાને ધર્મ પમાડવાના આશયથી અને પોતાની સંસારરૂપી અટવીના ઉલ્લંઘન માટે આવશ્યક એવી સંયમરૂપ આજીવિકા માટે માતા-પિતાનો ત્યાગ કરે તે ત્યાગ અત્યાગ જ છે; કેમ કે જેમ સંસારમાં સંપત્તિથી માણસ સુખે જીવે છે, તેમ તત્ત્વનો જાણ મહાપુરુષ સંયમ પાળીને સંચય કરેલ પુન્યના બળથી મોક્ષ ન પ્રાપ્ત કરે, ત્યાં સુધી સારી રીતે જીવી શકે છે, તેથી આ મહાપુરુષ જેમ માતા-પિતાના ઔષધ માટે તેમનો ત્યાગ કરે છે, તેમ આ સંસારરૂપી અટવીમાં પોતે વિનાશ ન પામે, અને સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષને પામે, તદ્અર્થે સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રો ભણે છે અને તે મહાપુરુષ શાસ્ત્રો ભણીને જ્યારે ગીતાર્થ થશે ત્યારે માતા-પિતાને પણ આ સંસારરૂપી અટવીમાંથી બહાર કાઢી શકશે, અને કર્મરૂપી રોગ મટાડી શકશે તેવી સંભાવના છે. માટે માતા-પિતાના હિત અર્થે તેમનો ત્યાગ કરવો એ પરમાર્થથી તેમનો અત્યાગ છે. પરંતુ જો માતા-પિતાની લાગણીને વશ થઇને આ મહાપુરુષ દીક્ષા ગ્રહણ ન કરે તો આયુષ્ય પૂરું થતાં માતા-પિતા દીર્ઘકાળ સુધી આ સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરે, તે રૂપ અહિતની પ્રવૃત્તિ થવાથી માતા-પિતાનો અત્યાગ કરે તે પરમાર્થથી માતાપિતાનો ત્યાગ જ છે. આ પ્રકારનો પરમાર્થ બુદ્ધિમાન પુરુષ જ જોઇ શકે છે.

આશય એ છે કે, સ્થૂલબુદ્ધિવાળા તો એ જ જુએ કે માતા-પિતાને અત્યંત ઇચ્છા છે તેથી તેમની ઇચ્છા ખાતર તેણે સંયમ ગ્રહણ કરવું ન જોઇએ; પણ જે બુદ્ધિમાન પુરુષ સંયમના પરમાર્થ સ્વરૂપને જુએ છે તે વિચારે છે કે, આ રીતે દીક્ષા લેવાથી માતા-પિતાને સાનુબંધ હિતની પ્રાપ્તિ થાય છે તેથી તે ઉચિત છે; કેમ કે જો માતા-પિતાની ઘેલી લાગણીને વશ થઇને માતા-પિતાનો ત્યાગ કરીને

દીક્ષા લેવામાં ન આવે તો તેઓ ઘણા ભવો સુધી સંસારમાં જે કદર્થના પામે તેની ઉપેક્ષા થવાથી માતા-પિતાનું અહિત થાય અને સંયમ ગ્રહણ કરીને પોતાનું પણ જે હિત થવાનું હતું તે ન થાય, તેનું નિમિત્ત પોતે બને છે, આથી વિચારકે તો આવી ઘેલી લાગણીનો ત્યાગ કરીને જે રીતે માતા-પિતાનું હિત થાય તે રીતે જ પ્રયત્ન કરવો જોઈએ.

ધીર એવા આસન્નભવ્યજીવો જ આ પરમાર્થને જોનારા છે. આ કથનથી એ કહેવું છે કે, જે જીવો હિતાહિતનો વિચાર કરી શકે તેવી ધીરતાવાળા છે, અને સંયમના પરમાર્થ સ્વરૂપને જાણનાર હોવાથી નજીકમાં મોક્ષે જનાર છે, તેવા જીવો જ ખરું માતા-પિતાનું હિત શું છે તે વિચારી શકે છે. જ્યારે જે જીવો આસન્નભવ્ય નથી અને તત્ત્વની વિચારણા કરવામાં ધીરતાવાળા નથી, તેવા જીવો તો માતા-પિતાના આગ્રહને વશ થઈને માતા-પિતાનું તાત્કાલિક આ ભવનું જ સુખ માત્ર જોઈ શકે છે, પરંતુ તેમને ભવિષ્યમાં જે અનર્થની પરંપરા થશે તેનો વિચાર કરતા નથી. જ્યારે ધીર અને આસન્નભવ્ય જીવો તો પરમાર્થનો વિચાર કરીને એકાંતે માતા-પિતાના અને પોતાના હિતનો વિચાર કરીને ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે.

**સૂત્ર :**

**स ते सम्मत्ताइओसहसंपाडणेण जीवावेज्जा अच्चंतियं अमरणमरणावंझबीअजोगेणं । संभवाओ सुपुरिसोचियमेयं । दुप्पडियाराणि अम्मापिईणि । एस धम्मो सयाणं । भगवं एत्थ नायं परिहरमाणे अकुसलाणुबंधि अम्मापिइसोगं ति । एवमपरोवतावं सव्वहा सुगुरुसमीवे, पूजिऊण भगवंते वीयरागे साहू य, तोसिऊण विहवोचियं किवणाई, सुप्पउत्तावस्सगे सुविसुद्धनिमित्ते समहिवासिए विसुज्झमाणे महया पमोएणं सम्मं पव्वएज्जा लोगधम्मेहिंतो लोगुत्तरधम्मगमणेणं । एसा जिणाणमाणा महाकल्लाण त्ति न विराहियव्वा बुहेणं महाणत्थभयाओ सिद्धिकंखिण त्ति ।**

पव्वज्जागहणविहिसुत्तं समत्तं ।।३।।

સૂત્રાર્થ :

स=શુક્લપાક્ષિક પુરુષ, ते=માતા-પિતાને, સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદન દ્વારા અમરણનાં અવંધ્ય બીજના યોગથી અત્યંત જિવાડે.

અહીં પ્રશ્ન થાય કે માતા-પિતાને સમ્યક્ત્વાદિ ઔષધ આપી શકશે તેવો નિર્ણય નથી તો તે જિવાડશે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે–

સંભવ હોવાને કારણે=માતા-પિતાને પોતે ઔષધ લાવી આપશે તેવો સંભવ હોવાને કારણે, સુપુરુષને ઉચિત આ=તેમના ઔષધ માટે તેમનો ત્યાગ કરે એ, છે.

અહીં પ્રશ્ન થાય કે માતા-પિતાના ઔષધ માટે તેમનો ત્યાગ કરવો ઉચિત કેમ છે ? તેથી કહે છે–

દુષ્પ્રતિકાર માતા-પિતા છે=માતાપિતાના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી, તેથી તેમના ઔષધ અર્થે સંયમ ગ્રહણ કરવું ઉચિત છે. સત્પુરુષોનો આ ધર્મ છે=ઉત્તમપુરુષોનો એ ધર્મ છે કે દુષ્પ્રતિકાર એવાં માતા-પિતાના હિત અર્થે ઉચિત પ્રવૃત્તિ કરે.

અકુશલાનુબંધવાળા માતા-પિતાના શોકને પરિહાર કરતા એવા ભગવાન મહાવીર આમાં=માતા-પિતાનાં હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરવામાં, દૃષ્ટાન્ત છે.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું કે માતા-પિતાના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે એ રીતે, સર્વથા પરોપતાપ રહિત, વીતરાગ ભગવંતને અને સાધુને પૂજીને, કૃપણ આદિને વૈભવ ઉચિત તોષ આપીને, સારી રીતે શોભાયમાન વસ્ત્ર પહેર્યા છે જેણે એવા, પ્રતિયોગને આશ્રયીને સુવિશુદ્ધનિમિત્તવાળો (ગુરૂ દ્વારા ગુરૂમંત્રથી) સમભિવાસિત, મોટા પ્રમોદથી વિશુદ્ધ્યમાન એવો દીક્ષાર્થી લોકધર્મથી લોકોત્તરધર્મના ગમનરૂપે સુગુરૂ સમીપમાં સમ્યક્ પ્રવ્રજ્યા ગ્રહણ કરે.

આ=પૂર્વમાં બતાવ્યું એ રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી એ જીનોની આજ્ઞા છે. મહાકલ્યાણ છે. એથી કરીને મહાઅનર્થના ભયના કારણે મોક્ષની ઇચ્છાવાળા એવા બુધપુરુષો વડે વિરાધના કરવી જોઇએ નહિ.

**'त्ति' શબ્દ સૂત્રની સમાપ્તિ માટે છે.**

**અહીંયા સૂત્ર સમાપ્ત થયું છે તે બતાવવા માટે નામ કહે છે–**

**'પ્રવ્રજ્યાગ્રહણવિધિસૂત્ર' સમાપ્ત થયું.**

**ટીકા :**

स ते इत्यादि । स शुक्लपाक्षिकः पुरुषः तौ मातापितरौ **सम्यक्त्वाद्यौषध-संपादनेन जीवयेदात्यन्तिकम्** । कथम्? इत्याह-**अमरणमरणावन्ध्यबीजयोगेन** चरममरणावन्ध्यकारणसम्यक्त्वादियोगेनेत्यर्थः । संभवत्येतदत एवाह-**संभवात् पुरुषोचितमेतद्** यदुतैवं तत्त्याग इति । किमिति अत आह-**दुष्प्रतिकारौ मातापितरौ** इति कृत्वा । **एष धर्मः सतां** सत्पुरुषाणाम् । भगवानत्र ज्ञातं महावीर एव परिहरन् गर्भाभिग्रहप्रतिपत्त्याऽकुशलानुबन्धिनं तथा कर्मपरिणत्या मातापितृशोकं प्रव्रज्याग्रहणोद्भवमिति । उक्तं च-

अह सत्तमम्मि मासे गब्भत्थो चेवऽभिग्गहं गेण्हे ।
णाहं समणो होहं अम्मापियरे जियंतम्मि ॥ [ आवश्यकमूलमाष्ये. पे.४९ ]

**ટીકાર્થ :**

"स ते इत्यादि ।" એ પ્રતીક છે.

તે શુક્લપાક્ષિક પુરુષ સમ્યક્ત્વાદિ ઔષધના સંપાદન દ્વારા તેને=માતા-પિતાને આત્યંતિક જિવાડે.

કેવી રીતે જિવાડે ? આથી કરીને કહે છે.

અમરણમરણમાં અવંધ્ય બીજ દ્વારા જિવાડે=ચરમમરણના અવન્ધ્ય કારણ એવા સમ્યક્ત્વાદિના યોગ વડે કરીને જિવાડે.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે દીક્ષાર્થી માતા-પિતાને છોડી જાય તો માતા-પિતાદિને સમ્યક્ત્વાદિ ઔષધ દ્વારા અવશ્ય જિવાડે તેવું કેમ કહી શકાય ? તેથી કહે છે–

આ સંભવે છે=દીક્ષા લે અને પછી માતા-પિતાને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવે તે સંભવે છે. આથી કરીને સૂત્રમાં કહે છે–

સંભવ હોવાને કારણે=સમ્યક્ત્વાદિ બીજનો સંભવ હોવાને કારણે, પુરુષને ઉચિત આ છે=વિવેકી પુરુષને ઉચિત આ છે, અને તે ઉચિત શું છે તે જ "यदुत" થી કહે છે–

આ રીતે તેમનો ત્યાગ ઉચિત છે=માતા-પિતાદિને ધર્મ પમાડવા અર્થે તેમનો ત્યાગ ઉચિત છે.

"इति" શબ્દ શું ઉચિત છે તે કથનની સમાપ્તિ માટે છે.

માતા-પિતાને ધર્મ પમાડવા માટે તેમનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરવી તે ઉચિત કેમ છે ? એથી કરીને કહે છે–

માતા-પિતા દુષ્પ્રતિકાર છે, એથી કરીને તેમના હિત માટે તેમનો ત્યાગ કરીને જવું ઉચિત છે. આવો વિવેકવાળો પ્રયત્ન કોણ કરી શકે ? તેથી કરીને કહે છે–

સત્પુરુષોનો આ ધર્મ છે=દુષ્પ્રતિકાર એવા માતા-પિતાના હિત માટે ઉચિત પ્રવૃત્તિ કરવી એ સત્પુરુષોનો ધર્મ છે. અહીંયાં=દુષ્પ્રતિકાર એવા માતા-પિતાના હિતની ઉચિત પ્રવૃત્તિમાં, ગર્ભમાં અભિગ્રહના સ્વીકાર દ્વારા અકુશલ અનુબંધવાળા એવા માતા-પિતાના શોક પરિહાર કરતા ભગવાન મહાવીર જ દૃષ્ટાન્ત છે. માતા-પિતાનો અકુશલ અનુબંધવાળો શોક શેનાથી થાય તે કહે છે–

પ્રવ્રજ્યાગ્રહણથી ઉદ્ભવ થનારો એવો માતા-પિતાનાં શોકનો ભગવાને પરિહાર કર્યો. અહીં માતા-પિતાને તેવો શોક થવાનું અંતરંગ કારણ તેવા પ્રકારની માતા-પિતાની કર્મની પરિણતિ હતી.

"इति" શબ્દ દૃષ્ટાન્તની સમાપ્તિ અર્થક છે.

પૂર્વમાં કહ્યું કે માતા-પિતાદિના અકુશલ અનુબંધવાળા શોકના પરિહાર માટે ભગવાને અભિગ્રહ ગ્રહણ કર્યો, તેમાં સાક્ષી આપતાં "उक्तं च" થી કહે છે જેનો ભાવ આ પ્રમાણે છે–

ગર્ભમાં આવ્યા પછી સાત મહિના થયા ત્યારે ભગવાને અભિગ્રહ ગ્રહણ કર્યો કે, માતા-પિતા જીવિત હોતે છતે હું સાધુ થઈશ નહિ.

**ભાવાર્થ :**

જે જીવ સંસારથી વિરક્ત છે અને સંયમ ગ્રહણ કરવા અભિમુખ થયેલ છે પરંતુ માતા-પિતા તેને સંયમ ગ્રહણ કરવા માટે રજા આપતાં નથી, અને વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે તે માતા-પિતાદિને સમ્યક્ત્વાદિ ઔષધ પ્રાપ્ત કરાવી શકે તેમ નથી, તેવો શુક્લપાક્ષિક પુરુષ માતા-પિતાદિ માટે સમ્યક્ત્વાદિ ઔષધની પ્રાપ્તિ અર્થે સંયમ ગ્રહણ કરે. સંયમ ગ્રહણ કર્યા પછી વિશેષ પ્રકારના શ્રુતની પ્રાપ્તિ કરીને માતા-પિતાદિને સમ્યક્ત્વાદિ ઔષધ પ્રાપ્ત કરાવી શકે, અને તેનાથી માતા-પિતાને સંસારમાં આત્યાંતિક જીવાડે અર્થાત્ દુરંત સંસારમાં જન્મ-મરણ ઉપદ્રવથી મુક્ત કરે તે આ રીતે–

જો માતા-પિતાદિને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થાય તો તે સમ્યક્ત્વ અમરણ એવો જે મોક્ષ તેનું કારણ એવું જે ચરમ-મરણ તેનું અવંધ્ય બીજ છે, અને તેનો યોગ માતા-પિતાદિને થવાથી તેઓ પણ આ સંસારમાં સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરશે, તેથી તેઓ સદા માટે શાશ્વત ભાવરૂપે સિદ્ધઅવસ્થામાં જીવંત રહેશે; અને જો આ મહાપુરુષ દીક્ષાગ્રહણ કરે નહિ તો સમ્યક્ત્વઆદિ ઔષધની પ્રાપ્તિ થાય નહિ અને તેથી માતા-પિતાને સમ્યક્ત્વઆદિ ઔષધ આપી શકે નહિ તો તેઓ આ દુરંતસંસારમાં પરિભ્રમમ કરે. આમ માતા-પિતાનું હિત કરવા માટે શુક્લપાક્ષિક મહાપુરુષ દીક્ષા ગ્રહણ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે, પોતે દીક્ષા લેશે અને માતા-પિતાદિને અવશ્ય સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવી શકશે તેવો નિર્ણય તો અતિશયજ્ઞાની સિવાય કોઈ કરી શકે નહિ, તેથી તેવો નિર્ણય કરીને માતા-પિતાદિનો ત્યાગ આ મહાપુરુષ કઈ રીતે કરી શકે ? તેથી કરીને કહે છે–

સંયોગને જોઈને માતા-પિતાદિને સમ્યક્ત્વાદિ ઔષધની પ્રાપ્તિ થશે તેવો સંભવ આ મહાપુરુષને દેખાય છે. આથી જ વિવેકી પુરુષને આ ઉચિત છે અર્થાત્ તેમને અત્યંત જિવાડવા માટે તેમનો ત્યાગ કરવો ઉચિત છે.

અહીં પ્રશ્ન થાય કે માતા-પિતાદિના હિત માટે તેમનો ત્યાગ કરવો ઉચિત કેમ છે ? તેથી કહે છે–

માતા-પિતાદિના ઉપકારનો પ્રતિકાર થઈ શકે નહિ અર્થાત્ માતા-પિતાદિએ નાનપણથી પાલનપોષણ કરીને જે ઉપકાર કર્યો છે તેને ઉત્તમ પુરુષ ભૂલી શકે

નહિ, અને આથી જ ઉત્તમ પુરુષનો એ ધર્મ છે કે માતા-પિતાદિના ઉપકારને યાદ કરીને તેમના અત્યંત હિત માટે ઉચિત યત્ન કરે અને ઉત્તમ પુરુષો માતા-પિતાદિના હિત માટે ઉચિત યત્ન કરે તેમાં ભગવાન મહાવીર દૃષ્ટાન્ત છે.

ભગવાન મહાવીર જાણતા હતા કે જો હું દીક્ષા લઇશ તો અકુશલફળવાળો એવો માતા-પિતાને શોક થશે; કેમ કે પોતે પ્રવ્રજ્યા ગ્રહણ કરશે તો તેનાથી શોકાતુર થઇને તેઓને દુર્ધ્યાન થાય તેવા પ્રકારનાં માતા-પિતાને કર્મનાં પરિણામો છે. તેથી તેમના હિત માટે ભગવાને ગર્ભમાં અભિગ્રહ સ્વીકારીને માતાપિતાના અશુભ ફળવાળા શોકનો પરિહાર કર્યો. આનાથી એ પ્રાપ્ત થાય કે માતાપિતાદિનો ઉપકાર યાદ કરીને ઉત્તમ પુરુષ જે રીતે એકાંતે તેમનું હિત થાય તે રીતે પ્રવૃત્તિ કરે છે, અને આથી જ ભગવાન મહાવીરે જોયું કે મારી પ્રવ્રજ્યા ગ્રહણથી માતા-પિતાને એવો શોક થશે કે જેથી તેઓને સંસારની વૃદ્ધિની પ્રાપ્તિ થશે, તેથી તેમના હિત માટે પોતે પ્રવ્રજ્યાના અભિલાષવાળા હોવા છતાં અભિગ્રહ ગ્રહણ કરીને પ્રવ્રજ્યાને તેમના મૃત્યુ પછી જ ગ્રહણ કરેલ. આમ, જે મહાપુરુષ એમ જુએ કે હું માતા-પિતાદિનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીશ તો માતા-પિતાદિનું હિત થાય તેમ છે. તો તે મહાપુરુષ માતા-પિતાદિના હિત માટે તેમનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરે; અને જે મહાપુરુષને એમ જણાય કે હું પ્રવ્રજ્યાને વિલંબનથી ગ્રહણ કરીશ તો માતા-પિતાનું હિત થાય તેમ છે, તો તે મહાપુરુષ માતા-પિતાના હિત માટે પોતાને પ્રવ્રજ્યાની ઇચ્છા હોવા છતાં પ્રવ્રજ્યાને વિલંબનથી ગ્રહણ કરે.

અહીં "**तथाकर्मपरिणत्या**" કહ્યું તેનાથી એ કહેવું છે કે, ભગવાન મહાવીરનાં માતા-પિતાને તેવા પ્રકારનાં કર્મોની પરિણતિ હતી, જેથી ભગવાન દીક્ષા ગ્રહણ કરે તો શોકાતુર થઇને સંસારની વૃદ્ધિ થાય; જ્યારે ઋષભદેવ ભગવાનની માતા પણ ભગવાનની દીક્ષાથી શોકાતુર હોવા છતાં તેમની કર્મની પરિણતિ તેવી ન હતી, કે જેથી તેમના તે શોકથી મોટું કોઇ અહિત થાય; અને આથી શોકથી મરુદેવામાતાએ આંખો ખોઇ નાખી તો પણ અંતે કેવળજ્ઞાન પામ્યાં. તેથી વીર ભગવાને માતાપિતાના શોકના અકુશલ અનુબંધી એવા પરિહાર અર્થે પ્રવ્રજ્યામાં વિલંબન કરેલ અને ઋષભદેવ ભગવાને માતાનો શોક અકુશલ અનુબંધી નહિ હોવાના કારણે દીક્ષા ગ્રહણ કરી.

માતા-પિતાનાં અકુશલ અનુબંધી શોકના પરિહાર માટે ભગવાને યત્ન કર્યો તેમાં આપેલ 'ભાષ્ય' ની સાક્ષીનો અર્થ આ પ્રમાણે છે–

ભગવાન ગર્ભમાં આવ્યા પછી સાત મહિનાના થયા ત્યારે માતા પ્રત્યેની ભક્તિથી માતાના પીડાના પરિહાર અર્થે ગર્ભમાં નિષ્પ્રકંપ રહ્યા, અને તેનાથી માતા-પિતાને થયેલા શોકને જોઈને તેઓ જાણી શક્યા કે માતા-પિતાને પોતાના પ્રત્યે અત્યંત સ્નેહ છે. આથી તેમણે જોયું કે, જો હું તેમના જીવતાં છતાં દીક્ષા ગ્રહણ કરું તો તેઓ જીવી શકશે નહિ અને દુર્ધ્યાનથી મૃત્યુ પામશે. આથી કરીને ગર્ભમાં રહેલા ભગવાને અભિગ્રહ ગ્રહણ કર્યો; કેમ કે ભગવાન ત્રણ જ્ઞાનથી યુક્ત હોવાથી આ સ્નેહના ફળને જાણી શક્યા અને આથી જ પ્રભુએ અભિગ્રહ કર્યો કે તેમના જીવનકાળ સુધી દીક્ષા ગ્રહણ કરીશ નહિ.

**ટીકા :**

प्रस्तुतनिगमनायाह-**एवमपरोपतापं सर्वथा सम्यक् प्रव्रजेदिति** योगः । विधिशेषमाह-**सुगुरुसमीपे**, नान्यत्र । **पूजयित्वा भगवतो वीतरागान् जिनान्**, तथा **साधून्** यतीन् । **तोषयित्वा विभवोचितं कृपणादीन्** दुःखितसत्त्वानित्यर्थः । **सुप्रयुक्तावश्यकः** सन्नुचितेन नेपथ्यादिना **सुविशुद्धनिमित्तः प्रतियोगं समभिवासितो गुरुणा गुरुमन्त्रेण विशुद्ध्यमानो महता प्रमोदेन लोकोत्तरेण सम्यग्** भाववन्दनादिशुद्ध्या **प्रव्रजेत्** । किमुक्तं भवति? **लोकधर्मेभ्यः स( श? )** बलेभ्यः लोकोत्तरधर्मगमनेन प्रकर्षेण व्रजेदित्यर्थः । **एषा जिनानामाज्ञा यदुतैवं प्रव्रजितव्यम्** । **इयं च महाकल्याणेति** कृत्वा **न विराधितव्या बुधेन**, नान्यथा कर्तव्येत्यर्थः ।

कस्मात्? इत्याह-**महानर्थभयात्** । नाज्ञाविराधनतोऽन्योऽनर्थः । अर्थवत्तदाराधना इति । अत एवाह- **सिद्धिकाङ्क्षिणा** मुक्त्यर्थिनेति । न खल्वाज्ञाराधनातोऽन्यः सिद्धिपथ इति भावनीयम् ।

**प्रव्रज्याग्रहणविधिसूत्रं समाप्तम्**, तत्त्वतः **प्रव्रज्याग्रहणविध्यर्थसूचकं** सूत्रं समाप्तम् ॥

॥ पञ्चसूत्रकव्याख्यायां तृतीयसूत्रव्याख्या समाप्ता ॥

**ટીકાર્થ :**

પ્રવ્રજ્યા ગ્રહણવિધિ સૂત્રનો પ્રારંભ કરતા પ્રથમ માતા-પિતા આદિ સાથે ઉચિત પ્રવૃત્તિ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ તે વાત પૂર્વમાં બતાવી તે પ્રસ્તુત વાતનાં નિગમનને કહે છે–

**આ રીતે**=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, **સર્વથા અપરોપતાપ "સમ્યક્ પ્રવ્રજ્યા ગ્રહણ કરે"** એ પ્રકારે સૂત્રમાં સંબંધ છે.

આ રીતે પૂર્વના કથનનું નિગમન કરીને વિધિ શેષને કહે છે=પૂર્વમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે માતા-પિતાને કેવી રીતે પ્રતિબોધ કરે અને પ્રતિબોધ ન પામે તો શું કરે તે સર્વ વિધિ બતાવી, હવે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટેની શેષવિધિ છે તેને બતાવે છે–

**પ્રવ્રજ્યા સુગુરુના સમીપમાં ગ્રહણ કરે,** અન્યત્ર નહિ.

કેવી રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરે તે બતાવે છે–

**ભગવાન વીતરાગને**=જિનને, **અને સાધુને**=યતિને **પૂજન કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરે.**

વળી, અન્ય શું કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરે તે બતાવે છે–

**કૃપણ આદિ જીવોને**=દુઃખી જીવોને **વૈભવ ઉચિત તોષ આપીને દીક્ષા ગ્રહણ કરે.**

વળી, કેવી રીતે દીક્ષા ગ્રહણ કરે તે બતાવે છે–

**સુપ્રયુક્ત આવશ્યકવાળો**=પોતાને ઉચિત એવા નેપથ્યઆદિથી અર્થાત્ વસ્ત્રાદિથી સારી રીતે શોભાયમાન થાય એવો, **પ્રતિયોગને આશ્રયીને**=દરેક પ્રવૃત્તિને આશ્રયીને, **સુવિશુદ્ધ નિમિત્તવાળો**=સંયમ ગ્રહણને અનુકૂળ સર્વ પ્રવૃત્તિઓમાં સુવિશુદ્ધ નિમિત્તવાળો, **ગુરૂ વડે** ગુરૂ મંત્ર દ્વારા **સમભિવાસિત**=મંત્રોચ્ચારપૂર્વક વાસક્ષેપથી સમભિવાસિત કરાયેલો, **મોટા પ્રમોદથી**=લોકોત્તર પ્રમોદથી, **વિશુદ્ધ્યમાન પરિણામવાળો**=હવે સંપૂર્ણ નિરવદ્ય જીવન પ્રગટ થશે તે પ્રકારના લોકોત્તર પ્રમોદથી વિશુદ્ધ્યમાન પરિણામવાળો, **સમ્યગ્**=ભાવવંદન આદિની શુદ્ધિથી, **પ્રવ્રજ્યા ગ્રહણ કરે.**

પ્રવ્રજ્યા ગ્રહણ કરે તેનાથી શું કહેવાયેલું થાય છે ? એથી કરીને કહે છે–

સબલ એવા લોકધર્મથી=ચિત્ર પ્રકારના એવા ગૃહસ્થધર્મથી, લોકોત્તરધર્મના ગમનરૂપપ્રકર્ષવડે જાય. એ પ્રવ્રજ્યાનો અર્થ છે. આ ભગવાનની આજ્ઞા છે. ભગવાનની આજ્ઞા 'यदुत' થી સ્પષ્ટ કરે છે.

આ પ્રમાણે=પૂર્વમાં બતાવ્યું કે સર્વથા અપરોપતાપ ઉચિત વિધિપૂર્વક સુગુરૂ સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરે એ પ્રમાણે, પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ એ પ્રકારે ભગવાનની આજ્ઞા છે તેમ સંબંધ છે. અને આ પૂર્વમાં ભગવાનની આજ્ઞા બતાવી એ, મહાકલ્યાણ છે એથી કરીને બુધપુરૂષ વડે વિરાધિત કરવી જોઇએ નહિ=અન્યથા કરવી જોઇએ નહિ=પૂર્વમાં બતાવ્યું એ વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ, યથાતથા પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ નહિ.

કેમ આજ્ઞાની વિરાધના કરવી જોઇએ નહિ ? એથી કરીને કહે છે–

મહાઅનર્થનો ભય હોવાથી ભગવાનની આજ્ઞાની વિરાધના કરવી જોઇએ નહિ એમ અન્વય છે.

મહાઅનર્થ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે.

આજ્ઞા વિરાધનાથી અન્ય અનર્થ નથી. અર્થવાળી તેની આરાધના છે=સમ્યગ્ફળવાળી આજ્ઞાની આરાધના છે, એથી કરીને (આજ્ઞાની વિરાધના કરવી જોઇએ નહિ.)

આથી કરીને કહે છે=આજ્ઞા આરાધના મહાફળવાળી છે આથી કરીને જ કહે છે.

સિદ્ધિનો કાંક્ષી હોવાથી=મુક્તિનો અર્થી, હોવાથી (આજ્ઞા વિરાધના કરવી જોઇએ નહિ.) આજ્ઞાની આરાધનાથી અન્ય સિધ્ધિનો માર્ગ નથી એ પ્રમાણે ભાવન કરવું જોઇએ.

અહીંયા સૂત્ર સમાપ્ત થયું છે એ બતાવવા માટે કહે છે–

પ્રવ્રજ્યા ગ્રહણવિધિ સૂત્ર સમાપ્ત થયું=તત્ત્વથી પ્રવ્રજ્યાગ્રહણની વિધિના અર્થનું સૂચક સૂત્ર સમાપ્ત થયું.

પંચસૂત્રની વ્યાખ્યામાં ત્રીજાસૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ.

**ભાવાર્થ :**

પૂર્વમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરનારે પ્રવ્રજ્યા ગ્રહણ કરતાં પહેલાં માતા-પિતાદિની સંમતિ વગેરે શું ઉચિત કરવું જોઇએ એ બતાવ્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે–

આ રીતે=સર્વથા પરોપતાપ ન થાય એ રીતે, સમ્યક્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ.

દીક્ષા ગ્રહણ કરનાર વ્યક્તિએ પોતે દીક્ષા ગ્રહણ કરે તેનાથી માતા-પિતાનું કે અન્ય કોઇનું અહિત સર્વથા ન થાય તેનો સંપૂર્ણ વિચાર પૂર્વમાં કહ્યું તે રીતે કરવો જોઇએ અને ત્યારપછી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ. એ પ્રમાણે નિગમન કરીને હવે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના વિષયમાં જે શેષવિધિ છે તે બતાવે છે–

દીક્ષા ગ્રહણ કરતાં પહેલાં વીતરાગ ભગવંતની પૂજા કરવી જોઇએ અને સાધુની પુજા કરવી જોઇએ. આ રીતે પૂજા કરવાથી સંયમને અનુકૂળ એવી વિશેષ પ્રકારની વિશુદ્ધિ થાય છે. સંયમ ગ્રહણ કર્યા પછી વીતરાગ ભગવંતની ભાવથી પૂજા કરવાની છે, પણ જ્યાં સુધી સંયમ ગ્રહણ કરેલ નથી ત્યાં સુધી પોતાની પાસે જે ઉત્તમ સામગ્રી છે તેનાથી ભગવાનની અને સાધુની ભક્તિ કરવાની છે. આ રીતે ભક્તિ કરવાથી વીતરાગતાને અને સંયમને પ્રતિબંધક એવાં કર્મો શિથિલ થાય છે, જેનાથી સંયમની પરિણતિ શીઘ્ર પ્રાપ્ત થાય છે.

વળી, કૃપણઆદિ જીવોને=દુઃખી જીવોને, પોતાના વૈભવ અનુસાર ઉચિતને તોષ આપીને સંયમ ગ્રહણ કરવું જોઇએ, જેથી યોગ્ય જીવોમાં=સમ્યક્ત્વાદિ બીજનો, અંકુર થવાનો સંભવ છે.

વળી, દીક્ષા લેવા માટે નીકળે ત્યારે ઉચિત વસ્ત્રાદિ ધારણ કરવાં જોઇએ જેથી શાસનની પ્રભાવના થાય.

વળી, દીક્ષા લેનાર વ્યક્તિએ દરેક પ્રવૃત્તિઓમાં સુવિશુદ્ધ નિમિત્તવાળા થઇને દીક્ષા ગ્રહણ કરવા જવું જોઇએ, જેથી સંયમ નિષ્કંટક-નિર્વિઘ્ન પ્રાપ્ત થાય.

આ રીતે જ્યારે દીક્ષા ગ્રહણ કરવા માટે ગુરુ પાસે આવે ત્યારે ગુરુ તેને ગુરુમંત્રથી વાસિત થયેલા વાસક્ષેપ દ્વારા અભિવાસિત કરે છે જેથી દીક્ષા ગ્રહણ કરનારના ભાવની શુદ્ધિ થાય છે.

વળી, તે દીક્ષાર્થી લોકોત્તર એવા મોટા પ્રમોદ વડે વિશુદ્ધયમાન થતો દીક્ષા ગ્રહણ કરે.

આશય એ છે કે, દીક્ષાર્થી જીવને બાહ્ય સુંદર સામગ્રી કે બાહ્ય મહોત્સવ આદિને જોઈને જે પ્રમોદ થાય તે લૌકિક પ્રમોદ છે; પણ હવે આ સંસાર તરવાનું અનન્ય કારણ એવું સંયમ હું ગ્રહણ કરું છું, અને તે સંયમ પ્રત્યેના બદ્ધ રાગને કારણે સંયમ પ્રત્યે ખેંચાણથી થયેલો જે પ્રમોદ છે તે લોકોત્તર પ્રમોદ છે. આવા લોકોત્તર પ્રમોદના કારણે દીક્ષાર્થી જીવ સંયમ ગ્રહણ કરવાની ક્રિયા દરમ્યાન વિશુદ્ધયમાન પરિણામવાળો થાય છે અર્થાત્ જેમ જેમ તે સંયમગ્રહણની ક્રિયા કરે છે, તેમ તેમ તે ગુપ્ત ગુપ્તતર પરિણામવાળો થાય છે, અને આ ક્રિયાના ઉપયોગથી સંયમગ્રહણકાળમાં ભાવથી સંયમના પરિણામો પ્રાપ્ત કરે છે.

આવા પ્રકારના લોકોત્તર પ્રમોદ દ્વારા વિશુદ્ધ થતો એવો દીક્ષાર્થી સમ્યક્ પ્રવ્રજ્યા ગ્રહણ કરે=દીક્ષાગ્રહણની ક્રિયા દરમ્યાન ભાવથી વંદનાદિની શુદ્ધિ દ્વારા પ્રવ્રજ્યા ગ્રહણ કરે, અને આ ભાવથી વંદનાદિની શુદ્ધિના કારણે દીક્ષાર્થીને પ્રવ્રજ્યા ગ્રહણ કરતાંની સાથે સંયમની પરિણતિનો સ્પર્શ થાય.

પ્રવ્રજ્યા ગ્રહણ કરે એટલે શું ? તે પદાર્થ સ્પષ્ટ કરતાં કહે છે—

સબલ એવા લોકધર્મથી લોકોત્તરધર્મના ગમનરૂપે પ્રકર્ષથી જાય, એ પ્રવ્રજ્યા છે.

આશય એ છે કે, દીક્ષા ગ્રહણ કરતાં પહેલાં જીવ લોકધર્મમાં હતો. લોકધર્મ સબલ છે=અનેક પ્રકારનો છે. લોકધર્મ એ શ્રાવકધર્મનાં બારવ્રત આદિ સ્વરૂપ છે; અને ગૃહસ્થના ઔચિત્ય સ્વરૂપ પણ છે. અને આથી જ ગૃહસ્થ અવસ્થામાં પોતાની પત્ની, પુત્ર, કુટુમ્બઆદિ પ્રત્યે ઉચિત વર્તનના પાલન સ્વરૂપ અને શ્રાવકધર્મ અંગીકાર કર્યા પછી દેશવિરતિઆદિના પાલન સ્વરૂપ તે લોકધર્મ હતો, પણ હવે તેને છોડીને સંપૂર્ણ નિરવદ્ય એવા આચારના પાલનરૂપ લોકોત્તર ધર્મ તરફ પ્રકર્ષથી જવારૂપે જે યત્ન છે, તે પ્રવ્રજ્યા છે. અર્થાત્ સંયમ ગ્રહણ કર્યા પછી સાધુ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સંપૂર્ણ નિરવદ્ય આચારનું પાલન કરે છે. તે પ્રવ્રજ્યા છે.

આ ભગવાનની આજ્ઞા છે કે, આવી રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ. અર્થાત્ પૂર્વમાં કહ્યું કે વીતરાગ ભગવાન અને સાધુ આદિની પૂજા કરીને સુગુરુની

પાસે ઉચિત વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ, અને લોકધર્મથી લોકોત્તર ધર્મ તરફ પ્રકર્ષથી જવું જોઇએ. એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે.

આ પ્રકારની આજ્ઞા મહાકલ્યાણનું કારણ હોવાથી બુધ પુરુષ વડે વિરાધવી જોઇએ નહિ.

આશય એ છે કે, સાધુએ વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનરૂપ લોકોત્તરધર્મ તરફ પ્રકર્ષથી જવું જોઇએ, એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. અને આ પ્રકારની ભગવાનની આજ્ઞાનું જો સમ્યક્ પાલન કરવામાં આવે તો અવશ્ય સંસારનો ઉચ્છેદ થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય. તેથી બુદ્ધિમાન પુરુષે પૂર્વમાં કહેલ સર્વ વિધીમાં યત્નપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ પરન્તુ લેશ પણ વિરાધના કરવી જોઇએ નહિ; કેમ કે આજ્ઞાવિરાધનાથી મહાઅનર્થનો ભય પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે, આજ્ઞાના વિરાધનથી મોટો કોઇ બીજો અનર્થ નથી. તેથી જો સંયમ ગ્રહણ કરતી વખતે ઉચિત વિધિમાં અપ્રમાદરૂપે દૃઢ યત્ન ન કરવામાં આવે તો મહાઅનર્થની પ્રાપ્તિ થાય તેમ છે, અને આજ્ઞાનું આરાધન કરવામાં આવે તો અવશ્ય મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય તેમ છે. માટે મોક્ષનાં અર્થી જીવે લેશ પણ આજ્ઞાની વિરાધના કરવી જોઇએ નહિ; અને આજ્ઞાના આરાધનને છોડીને અન્ય કોઇ મોક્ષનો માર્ગ નથી, તેથી સંયમ ગ્રહણ વખતે ઉચિત વિધિમાં અવશ્ય યત્ન કરવો જોઇએ જેથી નિર્વિઘ્ન સંયમનું પાલન થઇ શકે.

પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિ સૂત્ર સમાપ્ત થયું. તત્ત્વથી પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિ અર્થનું સૂચક સૂત્ર સમાપ્ત થયું.

આશય એ છે કે, સંયમનો ભાવ થયો અને સંયમ ગ્રહણ કરી લેવું અને તે વખતે કરાતી વિધિ એ તત્ત્વથી પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિ નથી, પરંતુ પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યું એ પ્રમાણે, માતા-પિતાદિ વિષયક સર્વ ઉચિત પ્રવૃતિ કરવાપૂર્વક સુગુરુ પાસે ઉચિત વિધિથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી તે તત્ત્વથી પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિ છે, અન્ય નહિ. તે અર્થનું સૂચક પ્રસ્તુત સૂત્ર સમાપ્ત થયું.

પંચસૂત્રની વ્યાખ્યામાં ત્રીજા સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઇ.

# चतुर्थं
# प्रव्रज्यापरिपालनासूत्रम् ।

**અવતરણિકા :**

साम्प्रतं चतुर्थसूत्रव्याख्याऽऽरभ्यते । अस्य चायमभिसंबन्धः- अनन्तरसूत्रे साधुधर्मे परिभाविते यत् कर्त्तव्यं तदुक्तम्, तच्च विधिना प्रव्रज्या ग्राह्येत्येतत् । अस्य चर्यामभिधातुमाह–

**અવતરણિકાર્થ :**

હવે ચોથા સૂત્રની વ્યાખ્યાનો આરંભ કરાય છે. અને આનો=ચોથા સૂત્રનો, આ સંબંધ છે=ત્રીજા સૂત્રની સાથે આગળમાં કહેવાશે તે સંબંધ છે. અને તે સંબંધ બતાવે છે–

અનન્તર સૂત્રમાં સાધુધર્મ પરિભાવન કરાયે છતે જે કર્તવ્ય છે=પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સુધીનું જે કાંઈ કર્તવ્ય છે, તે કહેવાયું. અને તે=જે કહેવાયું તે, વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ, એ છે.

'**अस्य**'=આની=પ્રવ્રજિતની, ચર્યાને કહેવા માટે સૂત્રકાર કહે છે–

★ '**ग्राह्या**' પછી '**इति**' શબ્દ સ્વરૂપ પરામર્શક છે, અને તે '**एतत्**' ના સ્વરૂપને બતાવે છે=વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ, એ બતાવે છે.

★ '**अस्य**' શબ્દ પ્રવ્રજિતનો પરામર્શક છે, કારણ કે વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી વ્યક્તિ પ્રવ્રજિત બને છે.

**સૂત્ર :**

**स एवमभिपव्वइए समाणे सुविहिभावओ किरियाफलेण जुज्जइ, विसुद्धचरणे महासत्ते, न विवज्जयमेइ, एयाभावेऽभिप्पेयसिद्धी उवायपवित्तीओ । नाविवज्जत्थोऽणुवाए पयट्टइ उवाओ य उवेयसाहगो नियमेण । तस्सतत्तच्चाओ अण्णहा, अइप्पसंगाओ, निच्छयमयमेयं ।**

**સૂત્રાર્થ :**

**તે=પ્રસ્તુત મુમુક્ષુ, આ રીતે=બીજા અને ત્રીજા સૂત્રમાં વિધિ બતાવી એ રીતે, અભિપ્રવ્રજિત થયે છતે, સુવિધિના ભાવને કારણે, ક્રિયાના ફળની સાથે જોડાય છે=સંયમ ગ્રહણ કર્યા પછી કરાતી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ**

ક્રિયા દ્વારા સંયમના કંડકની વૃદ્ધિરૂપ ફળ સાથે જોડાય છે.

પૂર્વમાં કહ્યું કે પ્રવ્રજિત ક્રિયાના ફળની સાથે જોડાય છે, એ જ વાતને વિશેષરૂપે બતાવે છે–

વિશુદ્ધ ચારિત્રવાળો, મહાસત્ત્વશાળી એવો પ્રવ્રજિત વિપર્યયને પામતો નથી, આના અભાવમાં=વિપર્યયના અભાવમાં, ઉપાયમાં પ્રવૃત્તિ હોવાના કારણે અભિપ્રેતની સિદ્ધિ છે.

અવિપર્યસ્ત જીવને અભિપ્રેતની સિદ્ધિ કેમ છે ? એથી કરીને કહે છે.

અવિપર્યસ્ત અનુપાયમાં પ્રવર્તતો નથી અને ઉપાય નિયમથી ઉપેયનો સાધક છે અન્યથા=ઉપાય ઉપેયનો સાધક ન હોય તો, અતિપ્રસંગ હોવાના કારણે, તેના=ઉપાયના, સ્વતત્ત્વનો ત્યાગ છે.

આ=સમ્યગ્જ્ઞાન ઉપાયમાં જ પ્રવૃત્તિ કરાવે છે એ, નિશ્ચયનયનો મત છે.

ટીકા :

स एवमभिपव्वइए समाणे सुविहिभावतो किरियाफलेण जुज्जतीत्यादि। स प्रस्तुतो मुमुक्षुः, एवमुक्तेन विधिनाऽभिप्रव्रजितः सन् सुविधिभावतः कारणात् क्रियाफलेन युज्यते, सम्यक्क्रियात्वादधिकृतक्रियायाः। स एव विशेष्यते- विशुद्धचरणो महासत्त्वः, यत एवंभूतः अतो न विपर्ययमेति मिथ्याज्ञानरूपम्। एतदभावे विपर्ययाभावेऽभिप्रेतसिद्धिः सामान्येनैव । कुतः? इत्याह- उपायप्रवृत्तेः । इयमेव कुतः ? इत्याह- नाविपर्यस्तोऽनुपाये प्रवर्त्तते । इयमेवाविपर्यस्तस्याविपर्यस्तता यदुतोपाये प्रवृत्तिः, अन्यथा तस्मिन्नेव विपर्ययः। एवमपि किम्? इत्याह-उपायश्चोपेयसाधको नियमेन, कारणं कार्याव्यभिचारी-त्यर्थः, अतज्जननस्वभावस्य तत्कारणत्वायोगादतिप्रसङ्गात् । एतदेवाह- तत्स्वतत्त्वत्याग एव उपायस्वतत्त्वत्याग एवान्यथा स्वमुपेयमसाधयतः । कुतः? इत्याह- अतिप्रसङ्गात्, तदसाधकत्वाविशेषेणानुपायस्याप्युपायत्वप्रसङ्गात् । न चैवं व्यवहारोच्छेद आशङ्कनीय इत्याह-निश्चयमतमेतदतिसूक्ष्मबुद्धिगम्यम् ।

**ટીકાર્થ :**

**'स एवमभिपव्वइए समाणे सुविहिभावतो किरियाफलेण जुज्जतीत्यादि' એ પ્રતીક છે.**

**તે=પ્રસ્તુત મુમુક્ષુ,=બીજા સૂત્રમાં બતાવેલ વિધિપૂર્વક સાધુધર્મથી પરિભાવિત થયેલો મુમુક્ષુ, एवं=આ રીતે=ત્રીજા સૂત્રમાં બતાવેલી વિધિથી, અભિપ્રવ્રજિત થયેલો છતો, સુવિધિના ભાવના કારણે=ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા વિષયક શાસ્ત્રાનુસારી વિધિ હોવાના કારણે, ક્રિયાના ફળ સાથે જોડાય છે=ઉત્તરોત્તર સંયમના કંડકસ્થાનની વૃદ્ધિરૂપ ફળ સાથે જોડાય છે.**

તેમાં હેતુ બતાવે છે–

**આવા પ્રવ્રજિતની અધિકૃત ક્રિયાનું=ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ અધિકૃત ક્રિયાનું, સમ્યક્ ક્રિયાપણું હોવાથી, ક્રિયાના ફળની સાથે જોડાય છે, એમ અન્વય છે.**

**स एव विशेष्यते=તે જ=પ્રસ્તુત મુમુક્ષુ જ, વિશેષરૂપે બતાવાય છે–**

**પ્રસ્તુત મુમુક્ષુ વિશુદ્ધ ચારિત્રવાળો અને મહાસત્ત્વશાળી છે. જે કારણથી આવા પ્રકારનો છે=વિશુદ્ધ ચારિત્રવાળો અને મહાસત્ત્વશાળી છે, એ કારણથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યયને પામતો નથી.**

★ વિશુદ્ધ ચારિત્રવાળા અને મહાસાત્ત્વિકને મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યય થતો નથી, એમ નિશ્ચયનય કહે છે; કારણ કે મહાસાત્ત્વિક બોધ પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે જ્યારે ભાવચારિત્રવાળો હોવા છતાં પણ મહાસત્ત્વવાળો ન હોય તો બોધ પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરી શકતો નથી, તેથી ક્રિયાના ફળને પામી શકતો નથી.

**આના અભાવમાં=વિપર્યયના અભાવમાં, સામાન્યથી જ અભિપ્રેતની સિદ્ધિ છે.**

★ અહીં સામાન્યથી જ અભિપ્રેતની સિદ્ધિ છે તેમ કહ્યું તેનાથી એ કહેવું છે કે ઉપાયના અર્થી જીવને ઉપાયમાં વિપર્યય ન હોય તો તે ઉપાયમાં જ પ્રવૃતિ કરે

છે તેથી સર્વ કાર્યના વિષયમાં ઉપાયમાં પ્રવૃત્તિ કરવાથી અવશ્ય અભિપ્રેતની સિદ્ધિ થાય તેવો નિયમ છે પરંતુ કેટલાંક કાર્યોમાં ઉપાયમાં પ્રવૃત્તિ કરવાથી અભિપ્રેતની સિદ્ધિ થાય તેવો નિયમ નથી, તેવું બતાડવા માટે 'સામાન્યથી' જ વિપર્યયના અભાવમાં અભિપ્રેતની સિદ્ધિ છે, એમ કહેલ છે.

**વિપર્યયના અભાવમાં અભિપ્રેતની સિદ્ધિ કેમ છે ? આથી કરીને કહે છે–**

**ઉપાયમાં પ્રવૃત્તિ હોવાથી (અભિપ્રેતની સિદ્ધિ છે.)**

**इयमेव कुतः?=આ જ અર્થાત્ અવિપર્યસ્ત વ્યક્તિની ઉપાયમાં પ્રવૃતિ જ કેમ છે ? એથી કરીને કહે છે–**

**અવિપર્યસ્ત જીવ અનુપાયમાં પ્રવર્તતો નથી.**

અવિપર્યસ્ત જીવ અનુપાયમાં પ્રવર્તતો નથી, એ જ વાતને યુક્તિથી દૃ કરતાં કહે છે–

**इयमेव=અવિપર્યસ્ત જીવની આ જ અવિપર્યસ્તતા છે. અને અવિપર્યસ્તતા 'यदुत' થી બતાવે છે–**

**ઉપાયમાં પ્રવૃત્તિ છે. અન્યથા=ઉપાયમાં પ્રવૃત્તિ ન હોય તો તેમાં જ= ઉપાયમાં જ, વિપર્યય છે.**

**एवमपि किम्? इत्याह– આ રીતે પણ શું ?=અવિપર્યસ્ત જીવ ઉપાયમાં જ પ્રવૃતિ કરે છે, એ રીતે પણ શું પ્રાપ્ત થાય ? એથી કરીને કહે છે–**

**ઉપાય નિયમથી ઉપેયનો સાધક છે.**

તેનું જ તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે–

**(નિશ્ચયનયથી) કારણ કાર્યનું અવ્યભિચારી છે એ પ્રકારનો અર્થ છે.**

★ અહીં કારણ કાર્યનું અવ્યભિચારી છે, એમ કહ્યું તે નિશ્ચયનયને આશ્રયીને કહ્યું છે. નિશ્ચયનય કહે છે કે કારણ હોય ત્યાં અવશ્ય કાર્ય થાય જ, અને આથી જ નિશ્ચયનય કહે છે કે જે કારણ કાર્ય ન કરતું હોય તે કારણ નથી.

કારણ કાર્યનું અવ્યભિચારી કેમ છે ? તે યુક્તિથી સ્પષ્ટ કરતા કહે છે–

**અતત્જનનસ્વભાવનું તત્કારણત્વનો અયોગ છે=જે કારણમાં કાર્યનો જનક સ્વભાવ ન હોય તે કારણમાં तद्=તે કાર્યના કારણત્વનો અયોગ છે; કેમ કે અતિપ્રસંગ છે=જે વસ્તુનો तत् જનન સ્વભાવ ન હોય તે વસ્તુને તેનું કારણ માનવાનો અતિપ્રસંગ છે.**

તે આ રીતે – જે માટી વર્તમાનમાં ઘટરૂપ કાર્ય ન કરતી હોય, તે માટીમાં, નિશ્ચયનયથી ઘટજનન સ્વભાવ નથી, માટે અતત્જનન સ્વભાવ તેનામાં છે, તેથી અતત્જનન સ્વભાવવાળી તે માટીમાં ઘટના કારણત્વનો અયોગ છે; કેમ કે, જે માટી ઘટરૂપ કાર્યને કરતી નથી, તે માટીમાં પણ, તત્જનન સ્વભાવ માનો =ઘટજનન સ્વભાવ માનો, તો તંતુને પણ ઘટજનન સ્વભાવ માનવાનો અતિપ્રસંગ આવે, કેમ કે માટી પણ તંતુની જેમ વર્તમાનમાં ઘટરૂપ કાર્ય કરતી નથી, છતાં માટીને ઘટનું કારણ કહી શકાય તો તંતુને પણ ઘટનું કારણ કહી શકાય.

**एतद् एवाह=આને જ કહે છે=ઉપાય ઉપેયનો નિયમથી સાધક છે, એને જ કહે છે.**

**અન્યથા=ઉપાય પોતાના ઉપેયને ન સાધતો હોય તો, તેના સ્વતત્ત્વનો ત્યાગ જ છે=ઉપાયના ઉપાયત્વરૂપ સ્વતત્ત્વનો ત્યાગ જ છે. કેમ ત્યાગ છે ? એથી કરીને કહે છે–**

**અતિપ્રસંગ હોવાના કારણે-**

તે અતિપ્રસંગને સ્પષ્ટ કરતાં કહે છે–

**तत्=તેના=ઉપેયના, અસાધકત્વનો અવિશેષ હોવાના કારણે અનુપાયના પણ ઉપાયત્વનો પ્રસંગ છે=અનુપાય પણ ઉપેયનો સાધક નથી અને ઉપાય પણ ઉપેયનો સાધક નથી, તેથી જો ઉપાય ઉપેયનો સાધક ન હોવા છતાં તે ઉપાયને ઉપાય કહેવાય તો અનુપાયને પણ ઉપાય માનવાનો અતિપ્રસંગ આવે. જેમ કે ઘટરૂપ ઉપેય માટે માટી ઉપાય છે અને જો તે માટીરૂપ ઉપાય ઘટરૂપ ઉપેયનો સાધક ન બનતી હોય છતાં તેને ઉપાયરૂપ માનવામાં આવે તો અનુપાય એવા તંતુને પણ ઘટના ઉપાયરૂપે માનવાનો પ્રસંગ આવે.**

**न च एवं=અને આ રીતે=ઉપાય નિયમા ઉપેયનો સાધક હોય એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, વ્યવહારનો ઉચ્છેદ થશે તેમ આશંકા ન કરવી= જે માટીમાંથી ઘટ ન બને તે માટીને પણ ઘટના કારણરૂપે નિશ્ચયનય સ્વીકારતો નથી, છતાં લોકવ્યવહારમાં માટી ઘડાના કારણરૂપે સ્વીકારાય છે, તે રૂપ વ્યવહારનો ઉચ્છેદ થશે અર્થાત્ ઘટના ઉપાદાનરૂપ એવી બધી માટીને વ્યવહારમાં ઘટનું કારણ કહેવાય છે તે રૂપ વ્યવહાર કરી શકાશે નહીં, એમ આશંકા ન કરવી, એ પ્રમાણે કહે છે—**

**અતિસૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય આ નિશ્ચયનયનો મત છે.**

**ભાવાર્થ :**

બીજા સૂત્રમાં બતાવેલ વિધિથી દીક્ષા માટેની યોગ્યતાથી સંપન્ન થયેલ સાધુ, ત્રીજા સૂત્રમાં બતાવેલ વિધિથી દીક્ષા ગ્રહણ કરે તો, ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા સુવિધિપૂર્વક કરે છે, તેથી ઉત્તરોત્તર સંયમના કંડકની વૃદ્ધિરૂપ ફળને પામે છે.

આશય એ છે કે, બીજા સૂત્રમાં બતાવેલ વિધિપૂર્વક જ્યારે સાધુધર્મનું પરિભાવન થાય છે ત્યારે જીવમાં સાધુ ધર્મની યોગ્યતા પ્રગટે છે, અને જ્યારે ત્રીજા સૂત્રમાં બતાવેલી વિધિથી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે તે ભાવથી સંયમના સ્થાનને પામે છે. આથી આવી રીતે પ્રવ્રજિત થયેલો સાધુ ગુપ્ત માનસવાળો હોય છે અને નિર્લેપદશાની વૃદ્ધિના ઉપાયરૂપે એ સાધુ ગ્રહણશિક્ષા અને આસેવન-શિક્ષામાં અત્યંત વિધિપૂર્વક યત્ન કરે છે. તેથી જેમ જેમ નવા નવા સૂત્ર ગ્રહણ કરે છે અને તે સૂત્રમાં બતાવેલ ભાવોથી આત્માને સંપન્ન કરે છે, તેમ તેમ તે સાધુને વિશેષ વિશેષ પ્રકારના સંયમના કંડકની પ્રાપ્તિ થાય છે.

ત્રીજા સૂત્રમાં બતાવ્યું તે રીતે પ્રવ્રજિત થયેલ સાધુ સંયમના કંડકની વૃદ્ધિરૂપ ફળને કેમ પામે છે ? તે વાતને સ્પષ્ટ કરતા કહે છે—

આવો પ્રવ્રજિત સાધુ વિશુદ્ધ ચારિત્રના પરિણામવાળો છે=ગુપ્ત માનસવાળો છે, અને મહાસત્ત્વવાળો છે=હવે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરવાનો છે તેનો યથાર્થ બોધ કરીને તેને સમ્યક્ પરિણામ પમાડી શકે તેવો મહાસત્ત્વવાળો

છે, અને આથી કરીને જ આવો સાધુ જ્યારે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરે છે, ત્યારે મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યયને પામતો નથી, અને વિપર્યયના અભાવમાં જીવ ઉપાયમાં જ પ્રવૃત્તિ કરીને અભિપ્રેતની સિદ્ધિ કરે છે.

આશય એ છે કે આવા વિશુદ્ધ ચારિત્રવાળો સાત્ત્વિક સંયમી જીવ, ગ્રહણશિક્ષા પ્રાપ્ત કરે છે ત્યારે ભગવાનનાં વચનો જે તાત્પર્યથી પદાર્થને બતાવે છે, તે જ તાત્પર્યથી તે પદાર્થનો બોધ કરે છે, અને તે યથાર્થ બોધવાળો પોતાને જે ફળ જોઈએ છે, તેના ઉપાયમાં જ પ્રવૃતિ કરે છે, તેથી ઉપરના કંડક સ્થાનોની વૃદ્ધિ થાય તે રીતે આસેવનશિક્ષામાં પ્રવૃતિ કરે છે; કેમ કે સંયમીને, સંયમ ગ્રહણ કર્યા પછી ઉત્તરોત્તર ચારિત્રની વૃદ્ધિ દ્વારા વીતરાગભાવની પ્રાપ્તિ કરવાનો આશય હોય છે. તેથી વીતરાગભાવનો અર્થી વીતરાગભાવના ઉપાયરૂપ આસેવનશિક્ષામાં એ રીતે પ્રવૃતિ કરે છે કે જેથી સંયમના કંડકની વૃદ્ધિ દ્વારા વીતરાગભાવ શીઘ્ર પ્રાપ્ત થાય.

વિપર્યયના અભાવમાં જીવ ઉપાયમાં જ પ્રવૃતિ કરીને અભિપ્રેતની સિદ્ધિ કરે છે. આ વાતને યુક્તિથી બતાવે છે–

અવિપર્યસ્ત જીવ અનુપાયમાં પ્રવર્તતો નથી, કેમ કે અવિપર્યસ્ત જીવની અવિપર્યસ્તતા એ જ છે કે ઉપાયમાં પ્રવૃતિ કરે.

આશય એ છે કે અવિપર્યસ્ત બોધ તે કહેવાય જે ઉપાયમાં પ્રવૃત્તિ કરાવે, અને જો ઉપાયમાં પ્રવૃત્તિ ન કરતો હોય તો એમ જ કહેવું પડે કે તેના બોધમાં વિપર્યય છે. અને ઉપાય હંમેશાં ઉપેયનો સાધક હોય છે, તેથી વિશુદ્ધ ચારિત્રવાળો મહાસાત્ત્વિક સાધુ ગ્રહણશિક્ષાથી થયેલા બોધ દ્વારા આસેવનશિક્ષામાં તે રીતે યત્ન કરે છે કે જેથી અવશ્ય ક્રિયાનું ફળ પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનય સમ્યગ્ જ્ઞાનના ફળરૂપે સમ્યગ્ પ્રવૃત્તિને સ્વીકારે છે, અને તે નયને આશ્રયીને અહીં કહેલ છે કે વિશુદ્ધ ચારિત્રવાળો મહાસાત્ત્વિક સાધુ જેમ જેમ નવું શ્રુત ભણે છે, તેમ તેમ તે શ્રુતાનુસાર સુદૃઢ ઉચિત પ્રવૃત્તિ કરીને અવશ્ય સંયમના ઉપરના કંડકની પ્રાપ્તિ કરે છે; કેમ કે નિશ્ચયનય માને છે કે, જે જ્ઞાન સમ્યગ્ પ્રવૃત્તિનું કારણ ન હોય તે સમ્યગ્ જ્ઞાન જ નથી, જ્યારે વ્યવહારનય તો માને છે કે સમ્યગ્ જ્ઞાન હોવા છતાં પ્રબળ

ચારિત્ર મોહનીય હોય, અથવા જીવ તેવા પ્રકારનો અપ્રમાદી ન હોય તો સમ્યગ્ પ્રવૃત્તિ ન પણ કરી શકે.

જોકે પૂર્વ સૂત્રોમાં બતાવ્યું તે રીતે વિધિપૂર્વક પ્રવ્રજિત થયેલો સાધુ દીક્ષા ગ્રહણ કરીને ભાવથી ગુણસ્થાનકને પામેલો હોય, તેથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરનારો હોય, તો પણ બધા સાધુ ગ્રહણશિક્ષાથી યથાર્થ બોધ કર્યા પછી તે બોધને અનુરૂપ ઉપરના કંડકમાં જવા માટે મન, વચન અને કાયાના ત્રણે યોગોથી અત્યંત ઉપયોગપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયા કરે તેવો નિયમ નથી; કેમ કે જીવને પ્રમાદ અનાદિથી અભ્યસ્ત છે, તેથી સંયમની ભૂમિકા સુધીનો અપ્રમાદ કર્યા પછી પણ ઉપરનાં કંડક સ્થાનોમાં જવા માટેનો અપ્રમાદ કેટલાક જીવો કરી શકતા નથી, અને તેથી સમ્યગ્ બોધ હોવા છતાં, તે બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ ન થવાના કારણે, અથવા સંયમના ઉપરના કંડકમાં જવામાં પ્રતિબંધક એવું બળવાન ચારિત્ર મોહનીય કર્મ હોવાના કારણે, ક્રિયાના ફળને પામતા નથી. આમ છતાં તેના જ્ઞાનને પણ વ્યવહારનય શાસ્ત્રનો યથાર્થ બોધ હોવાના કારણે સમ્યગ્ જ્ઞાન કહે છે, જ્યારે નિશ્ચયનય તો બોધને અનુરૂપ લેશ પણ સ્ખલના વગર શક્તિના પ્રકર્ષથી ઉચિત પ્રવૃત્તિ કરનારના બોધને સમ્યગ્ બોધ કહે છે અર્થાત્ નિશ્ચયનય તો ઉપેયને સાધે તે રીતે ઉપાયમાં પ્રવૃત્તિ કરતો હોય તો તેને સમ્યગ્ બોધ છે, તેમ માને છે, જ્યારે વ્યવહારનય યથાર્થ બોધ થયા પછી તેના ઉપાયમાં પ્રવૃત્તિ કરતો હોય છતાં અત્યંત અપ્રમાદ નહીં હોવાના કારણે ત્રુટિત પ્રવૃત્તિ થતી હોય તો પણ ઉપાયમાં પ્રવૃત્તિ છે એમ માને છે અને ઉપાયમાં સમ્યગ્ પ્રવૃત્તિ ન હોય તો પણ સમ્યગ્ બોધ હોઈ શકે તેમ માને છે.

આનાથી એ ફલિત થયું છે છઠ્ઠા ગુણસ્થાનકવાળો સાધુ ભાવથી ગુણસ્થાનકવાળો હોય અને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરતો હોય, આમ છતાં તે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાથી વિશેષ ગુપ્તિરૂપ ફળને પામે નહીં, તો નિશ્ચયનય કહે છે કે તે સાધુએ ઉપાયમાં પ્રવૃત્તિ કરી નથી; કેમ કે જો ઉપાયમાં પ્રવૃત્તિ કરી હોત તો ઉપાય હંમેશાં ઉપેયનો સાધક હોય, તેથી સંયમ પ્રાપ્ત થયા પછી, ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ ક્રિયા ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિ કરાવે જ. અને જો ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિ ન કરાવે છતાં તે ક્રિયાને ઉપાયરૂપે કહેવામાં આવે તો અતિપ્રસંગ આવે. તે આ રીતે—

જેમ અન્ય ક્રિયા કરવાથી ઉપરનું સંયમસ્થાન પ્રાપ્ત થતું નથી, તેમ પ્રસ્તુત ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાથી ઉપરનું સંયમસ્થાન પ્રાપ્ત થતું નથી. આમ છતાં પ્રસ્તુત ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાને ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિનો ઉપાય કહેવામાં આવે તો અન્ય કોઈ પણ ક્રિયાને ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિનો ઉપાય કહેવાનો પ્રસંગ આવે.

જેમ જે માટીમાંથી ઘડો પેદા ન થતો હોય તે માટીને પણ વ્યવહારનય ઘટનું કારણ કહે છે, તેને નિશ્ચયનય કહે છે કે, જે માટીમાંથી ઘડો થતો નથી, છતાં તે માટી ઘટનું કારણ છે એમ વ્યવહારનય કહેતો હોય તો તંતુને પણ ઘટનું કારણ માનવાનો પ્રસંગ આવે, તેથી કુર્વદ્રૂપત્વવાળી માટી જ ઘટનું કારણ છે, અન્ય નહીં. તેમ પ્રસ્તુતમાં કુર્વદ્રૂપત્વવાળી જ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા સંયમવૃદ્ધિનો ઉપાય છે, એમ નિશ્ચયનય કહે છે.

**ઉત્થાન :**

પૂર્વસૂત્રમાં કહેલી વિધિથી પ્રવ્રજિત થયેલો સાધુ સુવિધિપૂર્વક ક્રિયા કરતો હોવાના કારણે, ક્રિયાના ફળની સાથે કઈ રીતે જોડાય છે, તે નિશ્ચયનયની યુક્તિથી બતાવ્યું, હવે તે પ્રવ્રજિત કેવા પ્રકારની પરિણતિવાળો છે. અને કઈ રીતે સૂત્રને ભણીને ક્રિયાના ફળની સાથે જોડાય છે તે વાત બતાવતાં કહે છે–

**સૂત્ર :**

**से समलेट्ठुकंचणे समसत्तुमित्ते नियत्तग्गहदुक्खे पसमसुहसमेए सम्मं सिक्खमाइयइ, गुरुकुलवासी,गुरुपडिबद्धे, विणीए, भूयत्थदरिसी, न इओ हियतरं ति मन्नइ, सुस्सूसाइगुणजुत्ते तत्ताभिनिवेसा विहिपरे परममंतो त्ति अहिज्जइ सुत्तं बद्धलक्खे आसंसाविप्पमुक्के आययट्ठी। स तमवेइ सव्वहा। तओ सम्मं निउंजइ। एयं धीराण सासणं । अण्णहा अणिओगो, अविहिगहियमंतनाएणं ।**

સૂત્રાર્થ :

(આ રીતે) પ્રવ્રજિત થયેલો તે, લેટ્ઠુ=ઢેફું અને કાંચન પ્રત્યે સમાન વૃત્તિવાળો, શત્રુ-મિત્ર પ્રત્યે સમાન ભાવવાળો, નિવૃત્ત આગ્રહ દુઃખવાળો=ભૌતિક પદાર્થો પ્રત્યે રાગભાવરૂપ આગ્રહનું દુઃખ નિવૃત થયું છે જેને એવો, પ્રશમસુખથી યુક્ત, શિક્ષાને સમ્યગ્ ગ્રહણ કરે છે.

કેવી રીતે શિક્ષા ગ્રહણ કરે છે ? તેથી કહે છે–

ગુરુકુલવાસી, ગુરુમાં પ્રતિબદ્ધ=બહુમાનવાળો, વિનયવાળો, ભૂતાર્થદર્શી =તત્ત્વને જોનારો, આનાથી=ગુરુકુલવાસથી હિતતર નથી એ પ્રમાણે માને છે, શુશ્રૂષાદિ ગુણથી યુક્ત, તત્વના અભિનિવેશને કારણે વિધિમાં તત્પર થયો છતો બદ્ધલક્ષ્યવાળો, આશંસાથી મુક્ત, મોક્ષનો અર્થી એવો સાધુ સૂત્રને પરમમંત્ર છે એ રીતે, ભણે છે.

તે=પ્રવ્રજિત, તેને=સૂત્રને, સર્વથા=યથાર્થરૂપે જાણે છે. ત્યારપછી તે બોધને સમ્યગ્ યોજે છે.

આવો ગુણવાન સાધુ સૂત્રને યથાર્થ રીતે જાણીને આચરણામાં સમ્યગ્ રીતે યોજન કરવારૂપ કઠિન કાર્ય કેમ કરી શકે છે ? તેથી કહે છે–

આ ધીરોનું શાસન છે

ધીર પુરુષો જ આ રીતે સૂત્રનો સમ્યગ્ બોધ કરીને ક્રિયામાં યોજે છે. આમ છતાં આ શાસનને પામીને સૂત્રનો યથાર્થ બોધ કરી ક્રિયામાં યોજન કરતા નથી તેનું અધ્યયન કેવું છે ? તે 'अण्णहा' થી બતાવે છે–

અવિધિથી ગ્રહણ કરાયેલા મંત્રના દૃષ્ટાન્તથી, અન્યથા=અવિધિના અધ્યયનમાં, સૂત્રનો અનિયોગ છે.

ટીકા :

से समेत्यादि । स एवमभिप्रव्रजितः समलोष्टकाञ्चनः सन् सर्वथा समशत्रुमित्रः । एवं निवृत्ताग्रहदुःखः, अतः स प्रशमसुखसमेतः अधिकारितया

सम्यक् शिक्षामादत्ते ग्रहणाऽऽसेवनारूपाम्। कथम्? इत्याह-**गुरुकुलवासी**, तदनिर्गमनेन। **गुरुप्रतिबद्धः**, तद्बहुमानात्। **विनीतो** बाह्यविनयेन। **भूतार्थदर्शी** तत्त्वार्थदर्शी। **न इतो गुरुकुलवासात् हिततरमिति मन्यते**, वचनानुसारित्वात्। वचनं च-

[१]णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य।
धण्णा आवकहाए, गुरुकुलवासं ण मुंचंति ॥ [ पञ्चाशके ११।१६ ]

स खल्वत्र **शुश्रूषादिगुणयुक्तः**, शुश्रूषा-श्रवण-ग्रहण-धारणा-[२]विज्ञाने (नो)-हा-ऽपोह-तत्त्वाभिनिवेशाः प्रज्ञागुणा इत्येतद्युक्तः, **तत्त्वाभिनिवेशाद् विधिपरः** सन्, किम्? इत्याह-**परममन्त्रो** रागादिविषघ्नतयेति कृत्वाऽ**धीते सूत्रं** पाठ-श्रवणाभ्याम्। किंविशिष्टः सन्? इत्याह-**बद्धलक्षोऽनुष्ठेयं** प्रति, **आशंसाविप्रमुक्तः** इहलोकाद्यपेक्षया, **आयतार्थी** मोक्षार्थी। अत एव स एवंभूतः **तत् सूत्रमवैति सर्वथा** याथातथ्येन। ततः किम्? इत्याह-**ततोऽवगमात् सम्यग् नियुङ्क्ते तत् सूत्रम्। एतद्धीराणां शासनं** यदुतैवमधीतं सम्यग् नियुक्तमिति।

---

१. गाथेयं पञ्चवस्तुके १३५८ उपदेशपदे ६८२ चाप्यस्ति। "ज्ञानस्य श्रुतज्ञानादेः भवति स्यात्, भागी भाजनम्, गुरुकुले वसन्निति प्रकृतम्, प्रत्यहं वाचनादिभावात्। तथा स्थिरतरकः पूर्वप्रतिपन्नदर्शनोऽपि सन्नतिशयस्थिरो भवति दर्शने सम्यक्त्वेऽन्वहं स्वसमयपरसमयतत्त्वश्रवणात्। तथा चरित्रे चरणे स्थिरतरो भवति, अनुवेलं वारणादिभावात्। चशब्दः समुच्चये। यत एवं ततो धन्या धर्मधनं लब्धारः यावत्कथं यावज्जीवम् गुरुकुलवासं गुरुगृहनिवसनं न मुञ्चन्ति न त्यजन्ति। इति गाथार्थः।" इति अभयदेवसूरिविरचितायां पञ्चाशकवृत्तौ पृ. १८२ ॥

२. "शुश्रूषा-श्रवण-ग्रहण-धारणा-विज्ञानोहापोह-तत्त्वाभिनिवेशा प्रज्ञागुणाः" इति ललितविस्तरायां 'सरणदयाणं' इत्यस्य व्याख्यायाम्। "शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा। ऊहोऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥ तत्र शुश्रूषा श्रोतुमिच्छा। श्रवणमाकर्णनम्। ग्रहणं शास्त्रार्थोपादानम्। धारणमविस्मरणम्। ऊहोऽविज्ञातमर्थमवलम्ब्यान्येषु तथाविधेषु व्याप्त्या वितर्कणम्। अपोह उक्ति-युक्तिभ्यां विरुद्धादर्थाद् हिंसादिकात् प्रत्यपायसम्भावनया व्यावर्तनम्। अथवा ऊहः सामान्यज्ञानम्, अपोहो विशेषज्ञानम्। अर्थविज्ञानमूहापोहयोगाद् मोह-सन्देह-विपर्यासव्युदासेन ज्ञानम्। तत्त्वज्ञानमूहापोहविज्ञानविशुद्धम् 'इदमित्थमेव' इति निश्चयः। शुश्रूषादिभिर्हि उपाहितप्रज्ञाप्रकर्षः पुमान् न कदाचिदकल्याणमाप्नोति। एते च बुद्धिगुणा यथासम्भवं द्रष्टव्याः ॥" इति योगशास्त्रस्वोपज्ञवृत्तौ प्रथमप्रकाशे पृ. १५३ ॥

अन्यथाऽविध्यध्ययनेऽनियोगः, नियोगादन्योऽनियोगः, विपर्ययानियोग इत्यर्थः । अत एवाह-*अविधिगृहीतमन्त्रज्ञातेन*, *तत्रापि ग्रहादिभावाद्विपर्ययात् अनियोग एव ।*

**ટીકાર્થ :**

'से समेत्यादि' એ પ્રતીક છે.

આ રીતે=પૂર્વ સૂત્રમાં બતાવ્યું એ રીતે, પ્રવ્રજિત થયેલો=સમ્યગ્ પ્રકારે પ્રવ્રજિત થયેલો તે સાધુ, સર્વથા સમલોષ્ટુકાંચનવાળો થયો છતો, સમશત્રુમિત્ર છે. एवं=આ રીતે=સમલોષ્ટુકાંચનવાળો અને સમશત્રુમિત્રવાળો છે એ રીતે, નિવૃત્ત આગ્રહદુઃખવાળો છે=વસ્તુના પક્ષપાતરૂપ અંતરંગ રાગાદિ પીડા વગરનો છે. આથી કરીને પ્રશમસુખથી યુક્ત તે=પ્રવ્રજિત, અધિકારી હોવાના કારણે ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષાને સમ્યગ્ ગ્રહણ કરે છે.

कथं=આવો સાધુ સમ્યગ્ શિક્ષાને કેવી રીતે ગ્રહણ કરે છે ? એથી કરીને કહે છે–

★ અહીં **कथं** થી પ્રશ્ન કર્યો કે ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષાને કેવી રીતે સમ્યગ્ ગ્રહણ કરે છે ? તેનો ઉત્તર - **ततोऽवगमात् सम्यग् नियुङ्क्ते तत् सूत्रम** ત્યાં પૂર્ણ થાય છે.

આવો સાધુ ગુરુકુલવાસને નહીં છોડવાના કારણે ગુરુકુલવાસી છે. ગુરુ પ્રત્યે બહુમાનવાળો હોવાથી ગુરુપ્રતિબદ્ધ છે. બાહ્ય વિનયવાળો હોવાથી વિનીત છે. ભૂતાર્થદર્શી=તત્ત્વના અર્થને જોનારો છે.

આનાથી=ગુરુકુલવાસથી હિતતર તત્ત્વ (અન્ય કોઈ) નથી એ પ્રમાણે માને છે; કેમ કે તેનામાં વચનાનુસારીપણું છે. અને તે વચન આ પ્રમાણે છે–

ગુરુકુલવાસમાં વસતો એવો સાધુ જે કારણથી જ્ઞાનનો ભાગી થાય છે, દર્શન અને ચારિત્રમાં સ્થિરતર થાય છે. (તે કારણથી) તે શિષ્યો ધન્ય છે, જે યાવજ્જીવ ગુરુકુલવાસને છોડતા નથી.

તે=પૂર્વમાં વર્ણન કરાયેલા ગુણવાળો સાધુ, અહીં=ગુરુ પાસેથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા ગ્રહણ કરવામાં, નિશ્ચે શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત છે.

અને તે શુશ્રૂષાદિ આઠ ગુણોને બતાવે છે.

(૧) શુશ્રૂષા (૨) શ્રવણ (૩) ગ્રહણ (૪) ધારણા (૫) વિજ્ઞાન (૬) ઉહ (૭) અપોહ (૮) તત્ત્વાભિનિવેશ પ્રજ્ઞાગુણો છે.

**इति** શબ્દ આઠ ગુણોના કથનની સમાપ્તિસૂચક છે.

આનાથી યુક્ત=આ આઠ ગુણોથી યુક્ત પ્રવ્રજિત સાધુ, તત્ત્વનો અભિનિવેશ હોવાના કારણે વિધિપર થયો છતો, રાગાદિ વિષનો નાશ કરનાર હોવાના કારણે આ સૂત્ર પરમ મંત્ર છે એથી કરીને=એ પ્રમાણે માનીને, પાઠ અને શ્રવણ દ્વારા સૂત્રને ભણે છે.

કેવી વિશેષતાવાળો થયો છતો સૂત્ર ભણે છે ? એથી કરીને કહે છે–

અનુષ્ઠેય=અનુષ્ઠાન પ્રતિ બદ્ધલક્ષ્યવાળો, ઈહલોકાદિની અપેક્ષાએ આશંસાથી રહિત, આયાતાર્થી=મોક્ષનો અર્થી એવો તે સૂત્ર ભણે છે એમ અન્વય છે.

★ અનુષ્ઠાન જ અનુષ્ઠેય છે તેથી '**अनुष्ठेयं**' શબ્દથી અનુષ્ઠાનને ગ્રહણ કરેલ છે.

★ '**इहलोकादि**' માં '**आदि**' પદથી પરલોકની અપેક્ષા ગ્રહણ કરવાની છે.

આથી કરીને જ, આવા પ્રકારનો તે=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો તે સાધુ સર્વથા યથાર્થપણાથી તે સૂત્રને જાણે છે=બોધ કરે છે.

**ततः**=સૂત્રનો યથાર્થ બોધ કરે છે તેનાથી શું પ્રાપ્ત થાય ? એથી કરીને કહે છે–

તેનાથી=સૂત્રના બોધથી, તે સૂત્રને સમ્યગ્ નિયોજન કરે છે.

પૂર્વમાં કહ્યું કે સૂત્રનો યથાર્થ બોધ કરીને આવો સાધુ તે સૂત્રને ક્રિયામાં સમ્યગ્ યોજન કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે સમ્યગ્ બોધ કર્યા પછી તે બોધને સમ્યગ્ રીતે ક્રિયામાં યોજન કરવાનું કઠિન કાર્ય તે સાધુ કેમ કરી શકે છે ? તેથી કરીને કહે છે–

આ='**यदुत**'થી જે આગળમાં કહેવાશે એ, ધીરોનું શાસન છે.

અને તેનું જ તાત્પર્ય '**यदुत**' થી સ્પષ્ટ કરે છે–

**આ રીતે ભણેલું સૂત્ર આચરણામાં સમ્યગ્ નિયુક્ત કરાયું.**

**'इति' શબ્દ ધીર પુરુષોનું આ શાસન છે, તેના તાત્પર્યની સમાપ્તિ માટે છે.**

**अन्यथा=અવિધિથી કરાતા અધ્યયનમાં, સૂત્રનો અનિયોગ છે.**

**તે અનિયોગના અર્થને સ્પષ્ટ કરે છે–**

**નિયોગથી અન્ય અનિયોગ છે.**

અહીં કોઈને પ્રશ્ન થાય કે અનિયોગનો અર્થ નિયોગનો અભાવ ગ્રહણ કરવાનો છે કે 'વિપર્યયના કારણે અનિયોગ છે તેને ગ્રહણ કરવાનો છે, તે બતાવવા કહે છે–

**વિપર્યયરૂપે અનિયોગ છે.**

★ **'विपर्ययानियोग'** છે ત્યાં **'विपर्ययेन अनियोग'** એ પ્રમાણે સમાસ ખોલવાનો છે. (વિપર્યયરૂપે અનિયોગ છે, અભાવરૂપે અનિયોગ નથી.)

**આથી કરીને જ કહે છે, અવિધિગ્રહણમંત્રના દૃષ્ટાંતથી અનિયોગ છે. तत्रापि =ત્યાં પણ=મંત્રગ્રહણના પ્રસંગમાં પણ, ગ્રહાદિનો ભાવ હોવાથી વિપર્યયના કારણે અનિયોગ જ છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં બીજા અને ત્રીજા સૂત્રમાં બતાવ્યું એ રીતે દીક્ષા લીધેલો સાધુ સંસારના બાહ્ય એવા સર્વ પુદ્ગલો પ્રત્યે સર્વથા સમતાના પરિણામવાળો હોય છે, અને તે બતાવવા માટે કહ્યું કે લેષ્ટુ=ઢેફા અને કાંચન પ્રત્યે સમાન સમાન ભાવવાળો છે. આનું કારણ એ છે કે દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે તેણે સાધુધર્મનું પરિભાવન કર્યું છે, તેથી તે નિર્મમ થયેલો છે. તેથી તેના ચિત્તમાં જગતના રમ્ય, અરમ્ય સર્વ પદાર્થ પ્રત્યે આકર્ષણ પેદા થતું નથી.

વળી, જગતના જીવમાત્ર તેને સમાન છે તે બતાવવા કહ્યું કે જે પોતાની સાથે પ્રતિકૂળ વર્તન કરે છે એવા શત્રુ અને જે પોતાના પ્રત્યે અનુકુળ વર્તન કરે છે એવા મિત્ર, એ બન્ને પ્રત્યે સમાન વૃત્તિવાળો છે અર્થાત્ શત્રુની જેમ વર્તન

કરનારા પ્રત્યે લેશ પણ અરુચિનો ભાવ થતો નથી અને મિત્રની જેમ વર્તન કરનારા પ્રત્યે લેશ પણ લાગણી ઉત્પન્ન થતી નથી.

સર્વ પુદ્ગલનાં ભાવો પ્રત્યે અને સર્વજીવો પ્રત્યે સમભાવવાળો હોવાના કારણે તે નિવૃત્ત આગ્રહદુઃખવાળો છે અર્થાત્ કોઈ પદાર્થમાં તેને આગ્રહ નથી =મમત્વ નથી. આગ્રહ એ જીવનો રાગથી આકુળ પરિણામ છે અને તેનાથી નિવૃત્ત થયેલો હોવાના કારણે સાધુ આગ્રહના દુઃખ વગરનો છે અને આથી પ્રશમસુખનો અનુભવ કરે છે, અને જે પ્રશમસુખથી યુક્ત હોય તે ખરેખર ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા માટે અધિકારી છે.

વળી, તે સૂક્ષ્મ પ્રજ્ઞાવાળો છે આથી તે તત્ત્વને જોનારો છે, અને તે તત્ત્વ ગુરુકુલવાસ છે, જેને આધીન બધાં હિત રહેલાં છે. તેથી ગુરુકુલવાસથી હિતતર અન્ય કોઈ નથી, તેવું તે માને છે; કેમ કે આવો સાધુ ભગવાનના વચનને પરમમંત્રરૂપે માને છે, અને ભગવાનનું વચન ગુરુકુલવાસને કલ્યાણના પ્રથમ ઉપાય તરીકે કહે છે; કેમ કે સંસારને તરવાનો ઉપાય સર્વજ્ઞના વચનનો સમ્યગ્ બોધ અને બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ છે, અને આવો બોધ અને આવી ઉચિત પ્રવૃત્તિ ગુરુકુલવાસમાં રહીને પ્રાપ્ત થઈ શકે છે; કેમ કે જે ગુરુએ ગુરુકુલવાસમાં રહીને સ્વયં પરમાર્થને પ્રાપ્ત કર્યો છે, તે ગુરુ પાસેથી પરમાર્થ પ્રાપ્ત થઈ શકે, માત્ર પુસ્તક વાંચીને પ્રાપ્ત થતા જ્ઞાનથી પરમાર્થની પ્રાપ્તિ મુશ્કેલ છે, અને પરમાર્થને પ્રાપ્ત કર્યા વગર બાહ્ય રીતે સર્વ પ્રવૃત્તિ ભગવાનના વચનાનુસાર કરવામાં આવે તો પણ કલ્યાણનું કારણ ન થઈ શકે. માટે સમ્યગ્ બોધના ઉપાયરૂપ ગુરુકુલવાસ ખરેખર આત્મકલ્યાણનું અનન્ય કારણ છે, તેવું તે માને છે અને તેથી ગુરુકુલવાસને યાવજ્જીવ છોડતો નથી.

અહીં વિશેષ એ છે કે, "આ મારા ગુરુ અને હું એનો શિષ્ય" એમ માનીને ગુરુ સાથે રહેતો હોય તેટલામાત્રથી તે ગુરુકુલવાસી નથી, અને ઘણા શિષ્યોનો સમુદાય હોય એટલામાત્રથી પણ તે ગુરુકુલવાસી નથી, પરંતુ "**गृणाति शास्त्रतत्त्वमिति गुरु**" આ પ્રકારની વ્યુત્પત્તિથી જે ગુરુ પોતાના શરણાગત આવેલા શિષ્યોને ભગવાનના વચનનો યથાર્થ બોધ કરાવી શકે તેવા હોય અને પોતે ગુરુગુણથી યુક્ત હોય અને યોગ્ય શિષ્યને એકાંત વિશુદ્ધ ભગવાનના વચનાનુસાર ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરાવતા હોય, તે પરમાર્થથી ગુરુ છે. અને તેવા

ગુરુને એકાંતે પરતંત્ર રહીને, જે શિષ્ય શક્તિના પ્રકર્ષથી સત્ શાસ્ત્રમાં યત્ન કરે છે તે ગુરુકુલવાસી છે. આવા ગુરુને પરતંત્ર તે થઇ શકે કે જે શિષ્યને ખબર છે કે આ મારા ગુરુ ભગવાનના વચનને યથાર્થ જાણનારા છે અને ભગવાનના વચનાનુસાર મને સમ્યગ્ પ્રવૃત્તિ કરાવીને અવશ્ય નિર્જરાના ભાગી બનાવશે. અને આથી તેઓના પ્રત્યે અંતરંગ બહુમાનવાળો છે જેથી સર્વ પ્રવૃત્તિ તેમના વચનથી નિયંત્રિત કરવા માટે પ્રતિબદ્ધ માનસવાળો રહે છે. અને જેમ તે સાધુને ગુરુ પ્રત્યે આવા પ્રકારની અંતરંગ પ્રીતિ છે, તેમ બાહ્ય ઉચિત વિનય પણ છે.

આવા સાધુનું પણ ગુરુકુલવાસમાં રહેવામાત્રથી કલ્યાણ થતું નથી, પરંતુ ગુરુ પાસે વિધિપૂર્વક શાસ્ત્ર ભણીને સમ્યગ્ બોધ કરે અને તે બોધ અનુસારે ઉચિત પ્રવૃત્તિ કરે તેનાથી તેનું કલ્યાણ થાય છે એમ તે જાણે છે. તેથી શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત એવો તે સાધુ સંસારસાગર તરવાની અત્યંત ઉત્કંઠાથી ગુણવાન ગુરુને પરતંત્ર થઇને શાસ્ત્રાભ્યાસમાં યત્ન કરે છે. અને શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત એવી માર્ગાનુસારી બુદ્ધિ હોવાના કારણે શાસ્ત્રનાં અભ્યાસથી ક્રમસર તેને તત્ત્વનો અભિનિવેશ થાય છે, તેથી અત્યંત વિધિપૂર્વક પરમમંત્રની જેમ સૂત્રને, પાઠ અને શ્રવણ દ્વારા ભણે છે.

અહીં સૂત્રને પરમમંત્રરૂપ એટલા માટે કહેલ છે કે બીજા મંત્રોથી કદાચ આકાશગામિની આદિ વિદ્યા પ્રાપ્ત થાય, જેનાથી તુચ્છ અને થોડા કાળ રહેનારું ફળ મળે છે, જ્યારે આ સૂત્રો પરમમંત્ર છે, જે જીવને સંસારમાં રહે ત્યાં સુધી પુણ્યપ્રકૃતિ બંધાવે છે, સદ્ગતિ અપાવે છે અને હિતની પરંપરા ચલાવીને અંતે રાગાદિનો નાશ કરાવીને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

વળી, તે સાધુ સૂત્રને ભણીને તે સૂત્રના ભાવોથી આત્માને ભાવિત કરવારૂપ અનુષ્ઠાનમાં પ્રતિબદ્ધ ચિત્તવાળો હોય છે. વળી, આલોકની માનાદિ આકાંક્ષા કે પરલોકની કોઇ ભૌતિક આશંસાથી રહિત માત્ર મોક્ષ મેળવવાના આશયવાળો હોય છે. અને આવો સાધુ જાણે છે કે વીતરાગભાવમાં યત્ન કરવાથી સંસારનો ઉચ્છેદ થઇ શકે છે અને ભગવાનનાં દરેક વચનો નિર્લેપભાવ કરવા માટેનો સૂક્ષ્મમાર્ગ બતાવનારા છે જેથી ઉચિત અનુષ્ઠાન સેવીને તે સાધુ અધિક અધિક નિર્લેપભાવને પામે અને સુગુરુ પણ યોગ્ય જીવને દરેક સૂત્રના અર્થો તે રીતે બતાવે છે અને જે સાધુને આલોક અને પરલોકની આશંસા નથી તેવો સાધુ સૂત્ર ગ્રહણ કરતી વખતે તે પ્રકારના ઉપયોગવાળો હોય છે જેથી સૂત્રના પરમાર્થને

પકડીને પોતાના નિર્લેપભાવની વૃદ્ધિમાં આ સૂત્ર કઇ રીતે ઉપયોગી થઇ શકે તેનો યથાર્થબોધ કરીને તે સૂત્રથી આત્માને ભાવિત કરે છે જેથી ઉત્તરોત્તર સંયમનાં કંડકની વૃદ્ધિ થાય છે.

સૂત્ર અતિગંભીર હોવાથી તેનો બોધ કરવો પણ અતિ દુષ્કર છે, તો તે સૂત્રને યથાર્થ જાણીને સાધુએ જે રીતે જાણ્યું છે તે રીતે જીવનમાં કઇ રીતે ઉતારી શકે? આ પ્રકારની શંકાને સામે રાખીને સૂત્રકાર કહે છે– આ ધીરોનું શાસન છે. આ કથન દ્વારા સૂત્રકારને એ કહેવું છે કે સંસારથી ભય પામેલા અને મોક્ષ માટે બદ્ધલક્ષ્યવાળા એવા ધીર પુરુષો આ શાસનમાં સૂત્રને યથાર્થ જાણીને તે રીતે જીવનમાં ઉતારી શકે છે, અને જે તેવા નથી તેઓ પરમાર્થથી જૈન શાસનમાં નથી. અને તે વાતને સ્પષ્ટ કરતાં કહે છે–

જે લોકો આ રીતે સૂત્રનું અધ્યયન કરતા નથી અર્થાત્ સૂત્રના પરમાર્થને પામીને પોતાના જીવનમાં તે ભાવો અભ્યસ્ત થાય તે રીતે અધ્યયન કરતા નથી, તેઓમાં સૂત્રનો અનિયોગ છે. અહીં પ્રશ્ન થાય કે સૂત્રનો અનિયોગ છે એટલે શું ? તેથી ટીકાકારે ખુલાસો કર્યો કે નિયોગથી અન્ય તે અનિયોગ છે=અવિધિથી કરેલા અધ્યયનમાં સૂત્રનું આત્મામાં સમ્યગ્ બોધરૂપે યોજન નથી અને કદાચ બોધરૂપે આત્મામાં યોજન હોય તો પ્રવૃત્તિરૂપે યોજન નથી.

અહીં કોઇને શંકા થાય કે જે લોકો સૂત્રના પરમાર્થને જીવનમાં ઉતારી શકતા નથી, તેવા લોકો પણ સૂત્ર ભણવાની ક્રિયાઓ કરે છે, તો તેઓને બોધ નથી તેમ કેમ કહી શકાય ? તેથી ટીકાકારે ખુલાસો કર્યો કે વિપર્યયના કારણે અનિયોગ છે=સાચો બોધ નથી.

અને તે જ વાત દૃષ્ટાંતથી બતાવતાં કહે છે–

જેમ કોઇ જીવ અવિધિથી મંત્ર ગ્રહણ કરે તો તે મંત્રનો જાપ કરવાથી તેને ઉન્માદાદિ દોષો થાય છે, તેથી તે મંત્રનો તેનામાં વિપર્યયથી યોગ છે. તે રીતે જે લોકો ઐદંપર્યપૂર્વક ભગવાનના વચનનો બોધ કરીને પણ તે બોધને જીવનમાં ઉતારતા નથી, તેઓ બાહ્ય રીતે સૂત્ર ભણવાની બધી વિધિ સાચવતા હોય તો પણ પરમાર્થથી અવિધિથી ભણે છે; કેમ કે વિધિ જેમ બાહ્ય આચરણામાં જોડાયેલી છે તેમ ઐદંમપર્યાર્થના બોધ સુધીના યત્નમાં જોડાયેલી છે અને તે બોધ અનુસાર અપ્રમાદભાવથી યત્નમાં પણ જોડાયેલી છે તેથી તે રીતે જે સાધુઓ યત્ન કરતા

નથી તેઓના સૂત્રઅધ્યયનની ક્રિયામાં અનર્થની પ્રાપ્તિ છે. માટે વિપર્યય હોવાથી તેઓમાં સૂત્રનો અનિયોગ છે.

સામાન્યથી અનિયોગ શબ્દમાં રહેલ 'અ' છે તે અભાવવાચી છે અને અભાવ બે પ્રકારનો છે.

(૧) પ્રસજ્ય પ્રતિષેધરૂપ અભાવ– જેમ ઘટનો અત્યંત અભાવ બતાવવો હોય ત્યારે ઘટ નથી તેમ કહેવામાં આવે ત્યારે ઘટનો પ્રસજ્ય પ્રતિષેધ છે અર્થાત્ "તદ્ વસ્તુનો અભાવ" બતાવે છે.

(૨) પર્યુદાસરૂપ અભાવ– જેમ અજીવ કહેવામાં આવે ત્યારે જીવનો અત્યંત અભાવ કહેવામાં આવતો નથી, પરંતુ જીવમાં રહેલ જીવત્વના અભાવવાળી વસ્તુ છે અર્થાત્ તદ્નિષ્ઠ ધર્મનો અભાવ છે, તે બતાડવામાં આવે છે જે "પર્યુદાસરૂપ અભાવ" છે.

તે રીતે પ્રસ્તુતમાં અનિયોગ શબ્દ નિયોગનો અત્યંત અભાવ બતાવતો નથી, પરંતુ નિયોગમાં રહેલ નિયોગત્વ ધર્મના અભાવને બતાવે છે=પર્યુદાસરૂપ અભાવને બતાવે છે. તેથી જેમ જીવથી વિપરીત ધર્મવાળી વસ્તુ અજીવ છે, તેમ પ્રસ્તુતમાં વિપરીત નિયોગ તે અનિયોગ છે, તેમ બતાવવું છે.

**ઉત્થાન :**

પૂર્વમાં કહ્યું કે આ ધીરોનું શાસન છે. ધીર પુરુષો આ શાસનને પામીને સૂત્રને યથાર્થ જાણે છે અને સૂત્રને તે પ્રકારે જીવનમાં ઉતારે છે. અને જે ધીર નથી, તેઓમાં અવિધિથી ગૃહિત મંત્રના દૃષ્ટાંતથી સૂત્રનો અનિયોગ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અવિધિથી મંત્ર ભણનારને જેમ ઉન્માદાદિ અનર્થો પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનના શાસનને પામીને અવિધિથી સૂત્ર ભણનારને પણ ઉન્માદાદિ દોષો થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે અવિધિથી સૂત્ર ભણનાર બધાને જ ઉન્માદાદિ દોષો થાય છે ? તેથી કહે છે–

**સૂત્ર :**

**अणाराहणाए न किंचि, तदणारंभओ धुवं । एत्थ मग्गदेसणाए दुक्खं, अवधीरणा, अप्पडिवत्ती । नेवमहीयमहीयं, अवगमविरहेण । न एसा मग्गगामिणो ।**

સૂત્રાર્થ :

સૂત્ર ભણનારાઓમાં કેટલાકને નક્કી તેનો=સૂત્ર ભણવાનો, અનારંભ હોવાના કારણે અનારાધનામાં કાંઇ (ફળ) નથી.

અહીં સૂત્ર ભણનારામાં પણ સૂત્રનો નક્કી અનારંભ કરનારા ત્રણ પ્રકારના જીવો કેવા છે ? તે બતાવે છે–

एत्थ=અહીં=અનારાધનામાં, માર્ગની દેશના સંભળાયે છતે સાંભળતાં (૧) દુઃખ થાય છે, (૨) અવધીરણા=અવગણના થાય છે અને (૩) અપ્રતિપત્તિ =અસ્વીકાર, થાય છે.

આ ત્રણે અનારાધક છે.

આ રીતે ભણાયેલું સૂત્ર ભણાયેલું નથી; કેમ કે બોધનો વિરહ છે. આ= એકાંત અનારાધના, માર્ગગામીને નથી.

ટીકા :

अनाराधनायामेकान्तेन प्रवृत्तस्य न किञ्चिदिष्टमनिष्टं वा फलं मोक्षोन्मादादि। सदनुष्ठानं हि मोक्षफलमेव । यथोक्तम्–

श्रामण्यस्य फलं मोक्षः प्रधानमितरत् पुनः ।
तत्त्वतोऽफलमेवेह ज्ञेयं कृषिपलालवत् ॥[ ]

भङ्गस्याप्युन्मादाद्येव, यथोक्तम्– [१]उम्मादं व लभेज्जा रोगातङ्कं व पाउणे दीहं ।
केवलिपण्णत्ताओ धम्माओ वा वि भंसेज्जा ॥[ आव. नि. १४१४ ] न पुनरसम्यक्त्वमेव।

कथमत्र 'अनाराधनायां न किञ्चित्'? इत्याह-तदनारम्भतो ध्रुवम्, तत्त्वतस्तस्यानारम्भात् । न चान्यस्मिन्नेवोद्भवत्यतिप्रसङ्गात्। इहैव लिङ्गमाह- अत्रानाराधनायाम्, मार्गदेशनायां तात्त्विकायां दुःखं श्रृण्वतो भवति । उक्तं च-

शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः ।[ ललितविस्तरा पृ.६ ]

---

१. व्याख्या - "खेत्तादिगो उम्माओ, चिरकालिओ रोगो, आसुधाती आयंको, एतेण वा पावेज्जा, धम्माओ भंसेज्जा, मिच्छद्दिट्ठी वा भवति, चरित्ताओ वा परिवडइ ॥" इति आवश्यकसूत्रस्य हरिभद्रसूरिविरचितायां वृत्तौ ॥

**तथा अवधीरणा मनाग्लघुतरकर्मणः, न दुःखम्। तथा अप्रतिपत्तिस्ततोऽपि लघुतरकर्मणः, नावधीरणा। ततः किम्? इत्याह-नैवमनाराधनयाऽधीतमधीतं सूत्रं तत्त्वतः। कुतः? इत्याह-अवगमविरहेण सम्यगवबोधाभावेन। नैषा मार्गगामिन एकान्तमनाराधना भवति, सम्यक्त्वादिभावे सर्वथाऽसत्क्रियायोगात्।**

**ટીકાર્થ :**

**એકાંતથી અનારાધનામાં પ્રવૃત્તને કાંઈ ઈષ્ટ કે અનિષ્ટ ફળ નથી=ઈષ્ટ એવું મોક્ષફળ કે અનિષ્ટ ઉન્માદાદિ ફળ નથી.**

**★ 'उन्मादादि' માં 'आदि' પદથી રોગની પ્રાપ્તિ, આંતકની પ્રાપ્તિ અને કેવલીભગવાનના ધર્મથી ભ્રંશની પ્રાપ્તિ ગ્રહણ કરવાનું છે.**

**અહીં પ્રશ્ન થાય કે શ્રુત અધ્યયનની ક્રિયામાં મોક્ષફળની વાત ક્યાંથી આવી? એથી કહે છે–**

**જે કારણથી સદ્અનુષ્ઠાન મોક્ષફળવાળું જ છે.**

**અને તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે–**

અહીં=સંસારમાં, શ્રામણ્યનું=ચારિત્રનું પ્રધાનફળ મોક્ષ છે. વળી, ખેતીમાં ઘાસની જેમ ઈતર=મોક્ષથી ઈતર અર્થાત્ સદ્ગતિની પ્રાપ્તિરૂપ ફળ તત્ત્વથી અફળ જ જાણવું.

**આ રીતે સદ્અનુષ્ઠાન મોક્ષફળવાળું છે તે બતાવ્યું. હવે સદ્અનુષ્ઠાન વિપરીત રીતે કરવામાં આવે તો શું થાય છે ? તે બતાવે છે–**

**ભંગનું પણ ઉન્માદાદિ પણ ફળ છે, વળી, અસમ્યક્ત્વ જ નથી.**

★ અહીં ભંગનું ફળ ઉન્માદાદિ છે, અસમ્યક્ત્વ જ નહીં, એમ કહેવાથી એ કહેવું છે કે અવિધિથી ભણનારને શાસ્ત્રનો સમ્યગ્ બોધ થતો નથી તે રૂપ માત્ર અસમ્યક્ત્વ જ નથી, પરંતુ ઉન્માદાદિ પણ છે.

★ **भंगस्यापि** માં '**अपि**' થી એ કહેવું છે કે સદ્અનુષ્ઠાનની આરાધનાનું ફળ મોક્ષ છે, તેમ ભંગનું ફળ પણ ઉન્માદાદિ છે.

**ભંગનું ઉન્માદાદિ ફળ છે એમ કહ્યું તેમાં 'यथोक्तम्' થી જે સાક્ષી આપે છે, તેનો અર્થ આ પ્રમાણે છે–**

ઉન્માદ પ્રાપ્ત કરે અથવા દીર્ઘ રોગ અથવા આતંક પ્રાપ્ત કરે, અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી પણ ભ્રષ્ટ થાય.

આનાથી એ ફલિત થાય કે જેઓ મોક્ષની આરાધના અર્થે શાસ્ત્રમાં પ્રવૃત્ત થયા છે, તેઓના અધ્યયનનું ફળ જેમ આરાધના કરીને મોક્ષ છે, તેમ અવિધિથી ભણનારને યથા-તથા અધ્યયન કરવાથી ઉન્માદાદિ પણ છે. અને અસમ્યક્ત્વ પણ છે=શાસ્ત્રનો મોક્ષને અનુકૂળ સમ્યગ્ બોધ કે સમ્યગ્ આચરણરૂપ પરિણમન તો નથી, પરંતુ વિપરીત પરિણમન પણ છે.

**જેઓ એકાંતે અનારાધનામાં પ્રવૃત્ત છે, તેઓને શાસ્ત્રઅધ્યયનનું ફળ જેમ મોક્ષ નથી, તેમ ઉન્માદાદિ પણ નથી, એમ કહ્યું ત્યાં શંકા કરતાં કહે છે–**

**અહીં=શાસ્ત્રાધ્યયનમાં, અનારાધના હોતે છતે કેમ કાંઈ ફળ નથી ? એથી કરીને કહે છે–**

**તેનો=સૂત્ર ભણવાનો, નિશ્ચિત અનારંભ હોવાથી (અનારાધનામાં કાંઈ ફળ નથી.)**

**અહીં પ્રશ્ન થાય કે ભણવાની તો ક્રિયા કરે છે, તો નિશ્ચિત અનારંભ છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે–**

**તત્ત્વથી=પરમાર્થથી, તેની=ભણવાની ક્રિયાનો, અનારંભ છે.**

**અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રો ભણે છે, છતાં પરમાર્થથી ભણવાનો અનારંભ છે, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે–**

**न चान्यस्मिन्–** અને અન્યમાં જ ઉદ્ભવ પામતું નથી=સત્શાસ્ત્રનું અધ્યયન મોક્ષ સિવાય અન્ય ફળમાં જ ઉદ્ભવ પામતું નથી, અતિપ્રસંગ હોવાથી અર્થાત્ જૈનશાસનનું અધ્યયન પણ મોક્ષ સિવાય અન્યફળમાં ઉદ્ભવ પામતું હોય તો, અન્ય લૌકિકશાસ્ત્રને પણ જૈનશાસ્ત્ર માનવાનો અતિપ્રસંગ આવે.

**इहैव**=અહીંયાં જ=એકાંત અનારાધનામાં જ, લિંગને કહે છે–

अत्र=અહીંયાં=અનારાધનામાં, તાત્ત્વિક માર્ગદેશના હોતે છતે સાંભળનારને દુઃખ થાય છે.

(૧)તાત્ત્વિક માર્ગદેશના હોતે છતે સાંભળનારને દુઃખ થાય છે, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે–

શુદ્ધ દેશના ક્ષુદ્ર જીવરૂપ મૃગના ટોળાને સંત્રાસ માટે સિંહનાદ જેવી છે.

(૨)અને થોડાક લઘુકર્મવાળા જીવને શુદ્ધ દેશના સાંભળતાં અવધીરણા થાય છે, દુઃખ થતું નથી.

(૩)तथा=અને તેનાથી પણ લઘુકર્મવાળા=અવધીરણા કરનારા જીવો કરતાં પણ લઘુકર્મવાળા જીવોને શુદ્ધ દેશના સાંભળતાં અપ્રતિપત્તિ થાય છે, અવધીરણા થતી નથી.

ततः किम्?=તેનાથી શું ?=આ ત્રણ પ્રકારના જીવોને જે ભાવો થાય છે, તેનાથી શું? એથી કરીને સૂત્રમાં કહે છે–

न एवम् =આ રીતે=શુદ્ધ દેશના સાંભળનાર ત્રણ પ્રકારના જીવો જે રીતે શાસ્ત્ર ભણે છે એ રીતે, અનારાધના હોવાના કારણે, ભણાયેલું સૂત્ર તત્ત્વથી ભણાયેલું નથી.

कुतः=કેમ ભણાયેલું નથી ? એથી કરીને કહે છે–

અવગમનો વિરહ હોવાથી=સમ્યગ્ બોધનો અભાવ હોવાથી ભણાયેલું સૂત્ર તત્ત્વથી ભણાયેલું નથી.

આ=એકાંતે અનારાધના માર્ગગામીને હોતી નથી; કેમ કે સમ્યક્ત્વાદિ ભાવ હોતે છતે=સૂત્રાભ્યાસ કરવાથી સમ્યક્ત્વાદિ ભાવ થયે છતે, સર્વથા અસત્ ક્રિયાનો અયોગ છે=ભણવાની ક્રિયા સર્વથા અસત્ ક્રિયારૂપે થતી નથી.

★ 'सम्यक्त्वादि' માં 'आदि' પદથી દેશવિરતિ વગેરે ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

શાસ્ત્ર ભણવામાં કેટલાક જીવો જેઓ લેશ પણ સંવેગ વગર પ્રવૃત્તિ કરનારા છે, તેઓ એકાંતે અનારાધનામાં પ્રવૃત્ત છે, અને તેઓને તે શાસ્ત્ર ભણવાથી

મોક્ષરૂપ ફળની પણ પ્રાપ્તિ થતી નથી અને ઉન્માદાદિ રૂપ અનિષ્ટ ફળની પ્રાપ્તિ પણ થતી નથી.

આશય એ છે કે ભગવાને બતાવેલાં શાસ્ત્રો સંવેગપૂર્વક ભણવામાં આવે તો એ શાસ્ત્ર ભણવાની ક્રિયાનો પ્રારંભ કર્યો કહેવાય. પરંતુ જે લોકોને મોક્ષનો લેશ પણ અભિલાષ પ્રગટ્યો નથી, આમ છતાં આલોકની કે પરલોકની કોઈક આશંસાથી કે અનાભોગથી સત્ શાસ્ત્ર ભણવાની પ્રવૃતિ કરે છે, તેઓની ભણવાની ક્રિયા એકાંતે અનારાધનામાં પ્રવૃત્તિ સ્વરૂપ છે. તેથી તે શાસ્ત્ર ભણવાથી મોક્ષરૂપ ફળ પણ મળતું નથી અને અવિધિપૂર્વક ભણવા છતાં ઉન્માદાદિરૂપ અનિષ્ટ ફળ પણ મળતું નથી.

હવે શાસ્ત્ર ભણવાનું ફળ મોક્ષ છે તે બતાવવા માટે કહે છે–

સદ્અનુષ્ઠાન મોક્ષ ફળવાળું જ છે. તેથી સંયમ ગ્રહણ કરીને જે સાધુ મોક્ષ માટે શાસ્ત્ર ભણતા હોય તો તે શાસ્ત્ર ભણવાની ક્રિયા સદ્અનુષ્ઠાનરૂપ છે અને તેનું ફળ મોક્ષ જ છે. અને તેમાં સાક્ષી રૂપે જે પાઠ આપેલ તેનો ભાવ એ છે કે, સાધુપણાના પાલનનું પ્રધાન ફળ મોક્ષ છે અર્થાત્ શાસ્ત્ર ભણવાની ક્રિયા સંયમ પાળવાની ક્રિયા છે, તેથી તેનું પ્રધાન ફળ મોક્ષ છે પરંતુ આનુષંગિક ફળ સુદેવત્વાદિની પ્રાપ્તિ છે અને તત્ત્વથી તે અફળ જ છે અર્થાત્ તત્ત્વથી તે સાધુપણાના પાલનનું ફળ નથી. જેમ ખેતી કરવાનું પ્રધાન ફળ ધાન્યની પ્રાપ્તિ છે અને આનુષંગિક ફળ ઘાસની પ્રાપ્તિ છે, જે તત્ત્વથી ખેતી કરવાનું ફળ નથી.

સંયમ એટલે જીવનો સંવરભાવ અને સંવરભાવથી નિર્જરા થાય, તેથી તેનાથી સુદેવત્વાદિ ન મળે, પરંતુ સંયમરૂપ સંવરભાવમાં ભગવાન પ્રત્યેનો જે અવિનાભાવી રાગાંશ છે, તેનાથી સુદેવત્વાદિ પુણ્યપ્રકૃતિઓ બંધાય છે, તેથી અહીં કહ્યું છે કે સુદેવત્વાદિ એ તત્ત્વથી સંયમનું ફળ નથી.

આ રીતે સદ્અનુષ્ઠાનનું ફળ મોક્ષ છે, તેમ બતાવીને હવે સદ્અનુષ્ઠાનના ભંગનું ફળ ઉન્માદાદિ છે તે બતાવે છે–

જે જીવો મોક્ષ અર્થે સંયમ ગ્રહણ કરીને સંયમના અંગરૂપે શાસ્ત્ર ભણવાની ક્રિયા અવિધિથી કરતા હોય તો તે ભણવાની ક્રિયાથી ઉન્માદાદિની પ્રાપ્તિ થાય, દીર્ઘકાળ સુધી શરીરમાં રોગો પ્રાપ્ત થાય અને તરત મૃત્યુને પ્રાપ્ત કરાવે તેવો

રોગ=આતંક, પ્રાપ્ત થાય. આ રીતે અવિધિથી અધ્યયન કરનારને આલોકના અનર્થ બતાવ્યા. વળી પરલોકનો અનર્થ એ પ્રાપ્ત થાય કે ભગવાને બતાવેલા ધર્મથી ભ્રષ્ટ થાય. અર્થાત્ અવિધિથી શાસ્ત્ર ભણવાના કારણે જીવ દુર્લભબોધિ થાય તેવું કર્મ બાંધે છે, જેથી જન્માંતરમાં ભગવાનનાં શાસનની અપ્રાપ્તિ થાય. વળી, અવિધિથી શાસ્ત્રનું અધ્યયન કરવાથી શાસ્ત્રનો સમ્યગ્ બોધ પણ ન થાય અને તેથી મોક્ષના અર્થે ભણાતું શાસ્ત્ર પણ મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ કરાવવા માટે અસમર્થ બને.

આનાથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્ર ભણનારા ત્રણ પ્રકારના જીવો છે. તેમાં (૧) જેઓ સંવેગપૂર્વક શાસ્ત્ર અધ્યયન વિધિપૂર્વક કરે છે, તેનું તે સદ્અનુષ્ઠાન છે અને તેનું ફળ તેને મોક્ષ મળે છે, (૨) જેઓ અવિધિથી સત્ શાસ્ત્રનું અધ્યયન કરે છે તેઓને તેનું ફળ ઉન્માદાદિ પ્રાપ્ત થાય છે, (૩) અને જે જીવો લેશ પણ સંવેગવાળા નથી, તેઓની શાસ્ત્ર ભણવાની પ્રવૃત્તિનો આરંભ મોક્ષ અર્થે થયો નથી. માટે તેઓએ પરમાર્થથી ભણવાની ક્રિયાનો પ્રારંભ જ કર્યો નથી તેથી તેમને કોઇ જ ફળ નથી. તેથી જ કહ્યું કે અનારાધનામાં ઇષ્ટ કે અનિષ્ટ કોઇ ફળ નથી.

હવે ત્રીજા પ્રકારના જીવો શાસ્ત્ર ભણે છે છતાં ભણવાનો તત્ત્વથી પ્રારંભ કર્યો નથી તે વાતને યુક્તિથી સ્પષ્ટ કરવા કહે છે કે–

સત્શાસ્ત્રનું અધ્યયન અન્યફળમાં જ ઉદ્ભવ પામતું નથી.

આશય એ છે કે જે જીવો સત્ શાસ્ત્રનું અધ્યયન મોક્ષના અર્થે કરે છે, તેનું અધ્યયન મોક્ષફળમાં ઉદ્ભવ પામે છે, અન્ય ફળમાં ઉદ્ભવ પામતું નથી. જ્યારે જે જીવો લેશ પણ સંવેગ વગર શાસ્ત્ર અધ્યયન કરે છે, તે જીવો શાસ્ત્ર અધ્યયનની ક્રિયા કરતા હોવા છતાં, પરમાર્થથી તેઓ ભણતા નથી; કેમ કે તેઓની શાસ્ત્ર ભણવાની ક્રિયા મોક્ષથી અન્ય ફળમાં ઉદ્ભવ પામે છે. તેથી જેમ કોઇ લૌકિક શાસ્ત્ર અર્થ ઉપાર્જનાદિ માટે ભણે છે, તેમ જે સંવેગ વગર શાસ્ત્ર ભણે છે, તેની શાસ્ત્ર ભણવાની ક્રિયા આલોકાદિના અર્થમાં ઉદ્ભવ પામે છે. માટે પરમાર્થથી તેઓની ભણવાની ક્રિયા અન્ય શાસ્ત્ર ભણવાની ક્રિયા તુલ્ય છે. તેથી તેઓએ સત્શાસ્ત્ર ભણવાનો આરંભ કર્યો નથી. અને જો માત્ર અન્ય અર્થમાં ઉદ્ભવ પામતા એવા શાસ્ત્રના અધ્યયનને સત્ શાસ્ત્ર ભણવાની ક્રિયા કહીએ

તો આલોકના અર્થે લૌકિક શાસ્ત્ર જેઓ ભણે છે, તેને પણ સત્ શાસ્ત્ર ભણવાની ક્રિયા કહેવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય.

★ સત્ શાસ્ત્રના અધ્યયનનું ફળ મોક્ષ છે, અન્ય કોઈ ફળ નથી, અને મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જે સુદેવત્વાદિ પ્રાપ્ત થાય છે, તે ધર્મનું આનુષંગિક ફળ છે, જે અંતે મોક્ષમાં જ વિશ્રાંત થનારું છે. અને અનારાધક જીવો જે સત્શાસ્ત્રનું અધ્યયન કરે છે તેનું મોક્ષફળ તો તેમને મળતું નથી જ, પરંતુ સુદેવત્વાદિ પણ મળતા નથી. ક્વચિત્ નવગ્રૈવેયક આદિ દેવલોકમાં જાય છે, પણ તે તેમને કુદેવત્વરૂપ હોવાથી સંસારના પરિભ્રમણમાં વિશ્રાંત થનારું છે, તેથી પરમાર્થથી તે ફળરૂપ કહેવાતું નથી.

★ અહીં '**न च अन्यस्मिन् एव उद्भवति**' તેમ કહ્યું ત્યાં '**एव**'કારથી એ કહેવું છે કે શાસ્ત્રનો આરંભ અન્યફળમાં જ ઉદ્ભવ પામતો નથી, પરંતુ મુખ્ય ફળમાં ઉદ્ભવ પામે છે. અને આનુષંગિકફળરૂપે અન્યમાં પણ ઉદ્ભવ પામે છે, જ્યારે અનારાધક જીવોની શાસ્ત્ર ભણવાની ક્રિયા માત્ર અન્યફળમાં ઉદ્ભવ પામે છે. અર્થાત્ માત્ર આલોક અને પરલોકના તુચ્છ ફળમાં ઉદ્ભવ પામે છે, જે મોક્ષફળનું કારણ બની શકતું નથી. માટે તેમની ભણવાની ક્રિયા હોવા છતાં પરમાર્થથી ભણવાનો અનારંભ છે તેમ કહેલ છે.

શાસ્ત્ર ભણવાની ક્રિયા કરતા હોય અને એકાંતે અનારાધનામાં પ્રવૃત્ત છે તેવા જીવોનાં લિંગ ત્રણ પ્રકારનાં છે, તે આ પ્રમાણે—

(૧) તેમાં પ્રથમ ભેદવાળાને તાત્ત્વિક માર્ગદેશના સાંભળતાં દુઃખ ઉત્પન્ન થાય છે; કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, શુદ્ધદેશના ક્ષુદ્ર જીવોરૂપી મૃગલાના ટોળા માટે સંત્રાસ કરે તેવા સિંહનાદ તુલ્ય છે. આશય એ છે કે જે જીવોની આલોક કે પરલોકની આશંસાથી શાસ્ત્ર ભણવાની પ્રવૃત્તિ છે, તેવા જીવોને તાત્ત્વિક માર્ગદેશના, મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે તે રીતે બતાવવામાં આવે તો તેઓનું મોક્ષ પ્રત્યેનું વલણ નહીં હોવાના કારણે તેવા જીવોને તે દેશના સાંભળતાં તે વચનો પ્રત્યે અરુચિ થાય છે. જેમ મૃગલાઓના ટોળામાં સિંહનાદ સંભળાય તો મૃગલાને સંત્રાસ પેદા થાય છે, તેમ આવા પ્રકારના જીવો તત્ત્વની દેશના સાંભળે છે ત્યારે ધર્મથી અત્યંત વિમુખ થાય છે.

(૨) બીજા પ્રકારના જીવો શુદ્ધ દેશના સાંભળે તો તેઓને દુઃખ થતું નથી, પરંતુ અવધીરણા થાય છે. આ જીવો પ્રથમ જીવો કરતા કંઈક લઘુકર્મી છે, તો પણ તેઓની શાસ્ત્રશ્રવણની ક્રિયા મોક્ષાર્થે બનતી નથી; કેમ કે શુદ્ધ દેશના સાંભળીને તેઓને અરુચિ નહીં થવા છતાં તેના પ્રત્યે અવગણનાનો ભાવ થાય છે. આ બીજા પ્રકારના જીવોને પણ સત્શાસ્ત્ર સાંભળીને લેશ પણ મોક્ષનો ભાવ થતો નથી, તેથી તેમની ભણવાની ક્રિયા પણ સત્શાસ્ત્ર ભણવાની ક્રિયા નથી.

(૩) ત્રીજા પ્રકારના જીવો પૂર્વના જીવો કરતા કાંઈક લઘુકર્મવાળા છે. આમ છતાં, તેઓ મોક્ષ અર્થમાં વિશ્રાંત થનારાં સત્શાસ્ત્રો સાંભળે તો પણ અપ્રતિપત્તિ થાય છે=મોક્ષ અર્થે લેશ પણ તે શાસ્ત્રવચનનો સ્વીકાર થતો નથી. આશય એ છે કે મોક્ષફળમાં વિશ્રાંત થનારાં શાસ્ત્રો ભણીને, હું પણ આ સંસારસાગરથી તરી જાઉં, તેવો ભાવ ત્રીજા પ્રકારના જીવોને થતો નથી; કારણ કે મોક્ષ પ્રત્યે રુચિ કે અભિમુખ ભાવ થઈ શકે તેવાં કર્મોનો અપગમ હજી તેઓમાં થયો નથી. આમ છતાં પ્રથમપ્રકારના જીવોની જેમ સત્શાસ્ત્રના શ્રવણથી દુઃખ થતું નથી અને બીજા પ્રકારના જીવોની જેમ અવગણના પણ થતી નથી. તે અપેક્ષાએ આ જીવો કંઈક લઘુકર્મી છે, તો પણ સત્શાસ્ત્રોનું શ્રવણ કરીને કંઈક મોક્ષને અભિમુખ પરિણામ થવો જોઈએ તેવો, લેશ પણ પરિણામ તેમને થતો નથી, માટે તેઓનો પણ શાસ્ત્રો ભણવાનો આરંભ એ આરંભ જ નથી.

પૂર્વમાં બતાવેલા ત્રણે પ્રકારના જીવો માર્ગગામી નથી, માટે સત્ શાસ્ત્રો ભણે છે તો પણ તેઓ એકાંતે સત્ શાસ્ત્રની અનારાધનામાં પ્રવૃત્ત છે, તેથી તેઓ વડે ભણાયેલું શાસ્ત્ર તત્ત્વથી ભણાયેલું નથી; કેમ કે શાસ્ત્ર ભણવાથી તેમને સમ્યગ્ બોધ થતો નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે જેમને શાસ્ત્ર ભણવાથી લેશ પણ સંવેગ ઉત્પન્ન નથી થતો, તેવા ઉપરમાં બતાવેલા ત્રણે પ્રકારના જીવો માર્ગગામી નથી અને જેઓને શાસ્ત્રો ભણવાથી કંઈક પણ સંવેગ ઉત્પન્ન થાય તેઓને શાસ્ત્ર ભણવાની ક્રિયાથી સમ્યગ્ બોધ થાય છે, જે બોધ પ્રકર્ષને પામીને મોક્ષમાં વિશ્રાંત થાય છે.

માર્ગગામી જીવોને આવા પ્રકારની એકાંતે અનારાધના હોતી નથી; કેમ કે માર્ગગામી જીવો શાસ્ત્ર ભણે છે ત્યારે સમ્યગ્-દર્શનઆદિ ભાવો તેઓને પ્રાપ્ત થાય છે, તેથી તેઓની શાસ્ત્ર ભણવાની ક્રિયા સર્વથા અસત્ ક્રિયારૂપ નથી. આશય

એ છે કે જે જીવો માર્ગગામી છે, તેઓ શાસ્ત્ર ભણતા હોય ત્યારે કંઈક તત્ત્વની રુચિ પણ તેઓને થાય છે અર્થાત્ કોઈક જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તો કોઈક જીવોને સમ્યક્ત્વની હેતુભૂત એવી રુચિ પણ થાય છે. આમ છતાં પૂર્વમાં બતાવ્યા તેવા શાસ્ત્રો ભણવાના અધિકારી સમિતિ ગુપ્તિવાળા સાધુ, જે શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત શાસ્ત્રશ્રવણની ક્રિયા કરીને તત્ત્વાભિનિવેશ દ્વારા શાસ્ત્રને પરિણમન પમાડે છે, તેમના જેવી શાસ્ત્ર ભણવાની સમ્યક્ ક્રિયારૂપ આરાધના સર્વ માર્ગગામી જીવો કરી શકતા નથી. તેથી તેઓની ભણવાની ક્રિયા કાંઈક અસત્ રૂપ છે તો પણ સર્વથા અસત્ ક્રિયારૂપ નથી.

**ટીકા :**

**अत एवाह—**

**ટીકાર્થ :**

**આથી કરીને જ કહે છે=પૂર્વમાં સ્થાપન કર્યું કે એકાંતે અનારાધનામાં પ્રવૃત્તને મોક્ષફળ કે ઉન્માદાદિ થતા નથી, અને માર્ગગામી જીવોને આવી એકાંત અનારાધના હોતી નથી, એથી કરીને જ કહે છે—**

**સૂત્ર :**

**विराहणा अणत्थमुहा, अत्थहेऊ, तस्सारंभओ धुवं । एत्थ मग्गदेसणाए अणभिनिवेसो, पडिवत्तिमेत्तं, किरियारंभो । एवं पि अहीयं अहीयं, अवगमलेसजोगओ । अयं सबीओ नियमेण । मग्गगामिणो खु एसा अवायबहुलस्स ।**

**સૂત્રાર્થ :**

**શાસ્ત્ર ભણવાની ક્રિયામાં થતી વિરાધના અનર્થમુખ છે.**

**વળી તે શાસ્ત્ર ભણવાની ક્રિયા લાભવાળી પણ છે, તે બતાવવા અર્થે કહે છે—**

**अत्थहेऊ=અર્થ હેતુ છે,=પોતાના ઇષ્ટનો હેતુ છે, કેમ કે તેનો=મોક્ષગમનનો, ध्रुव=નક્કી, આરંભ છે.**

एत्थ=અહીં=વિરાધના હોતે છતે, માર્ગદેશનામાં (૧) અનભિનિવેશ થાય છે, (૨) પ્રતિપત્તિ માત્ર થાય છે, (૩) ક્રિયાનો આરંભ થાય છે.

આ રીતે પણ=વિરાધનાપૂર્વક પણ, ભણાયેલું સૂત્ર ભણાયેલું છે; કેમ કે અવગમલેશનો યોગ છે=અલ્પબોધની પ્રાપ્તિ છે.

આ=વિરાધક, નિયમથી સબીજ છે.

આ વિરાધક સબીજ કેમ છે ? તે બતાવે છે–

અપાયબહુલ એવા,=આરાધનામાં સ્ખલના કરાવનારા અપાયભૂત કર્મો ઘણા છે જેને એવા, માર્ગગામીને આ=વિરાધના, છે.

ટીકા :

विराधनेत्यादि । विराधना प्रक्रमादध्ययनस्य अनर्थमुखा उन्मादादिभावेन। अ( इ? )यं च गुरुतरदोषापेक्षयाऽर्थहेतुः पारम्पर्येण मोक्षाङ्गमेवेत्यर्थः । कुतः? इत्याह- तस्यारम्भाद् ध्रुवम् मोक्षगमनस्यैवारम्भात् कण्टक-ज्वर-मोहोपेतमार्गगन्तृवत्। उक्तं च-

मुनेर्मार्गप्रवृत्तिर्या, सा सदोषाऽपि सैव हि ।
[१]कण्टक-ज्वर-सन्मोहयुक्तस्येव सदध्वनि।।[ ]

---

१. तुला– "विघ्नजयस्त्रिविधः खलु विज्ञेयो हीनमध्यमोत्कृष्टः । मार्ग इह कण्टक-ज्वर-मोहजय समः प्रवृत्तिफलः ।।३।९।।" इति आचार्यश्री हरिभद्रसूरिविरचिते षोडशकप्रकरणे ।।

"अपायमेवाधिकृत्य परमतसंवादमाह–

कण्टक-ज्वर-मोहैस्तु समो विघ्नः प्रकीर्तितः ।
मोक्षमार्गप्रवृत्तानामत एवापरैरपि ।।३७४।।

कण्टक-ज्वर-मोहैस्तु कण्टकेन ज्वरेण मोहेन च पुनः समस्तुल्यः विघ्नः प्रत्यूहो जघन्य-मध्यमोत्कृष्टभेदभिन्नः प्रकीर्तितो निरूपितः मोक्षमार्गप्रवृत्तानां सम्यग्दर्शनाद्याराधनावहितात्मनाम् अत एव योगनिरनुबन्धत्वादेव हेतोः अपरैरपि योगिभिः, न केवलमस्माभिरित्यपिशब्दार्थः । यथा हि केषांचित् पथिकानां क्वचित् पाटलिपुत्रादौ गन्तुं प्रवृत्तानां कण्टक-ज्वर-मोहैरभिभूतानां यथाक्रमं स्तोक-बहु-बहुतरकालं गमनभङ्गहेतुर्विघ्नः सम्पद्यते एवं योगिनामपि सिद्धिपथप्रस्थितानां तथाविधकर्मोदयात् त्रिप्रकारोऽन्तरायः समुपजायत इति ।।३७४।।" इति सटीके योगबिन्दौ ।।

एतद्भावे लिङ्गमाह-अत्र विराधनायां सत्यां मार्गदेशनायां पारमार्थिकायामनभिनिवेशः श्रृण्वतो भवति, हेयोपादेयतामधिकृत्य । यथाह-

समेषु स्खलन्नन्ध-बधिरवन्मूकवच्च रूपादिषु, तथा सन्मोहात् [ ]इति ।

तथा **प्रतिपत्तिमात्रं** मनाग् विराधकस्य, नानभिनिवेशः । तथा **क्रियारम्भो**ऽल्पतरविराधकस्य, न प्रतिपत्तिमात्रम् । एवं किम् ? इत्याह-**एवमपि** विराधनयाऽधीतमधीतं सूत्रं भावतः । कुतः ? इत्याह-**अवगमलेशयोगतः** सम्यगवबोधलेशयोगेन । **अयं सबीजो नियमेन** विराधकः, सम्यग्दर्शनादियुक्त इत्यर्थः । कुतः? इत्याह-**मार्गगामिन एवैषा** विराधना, प्राप्तबीजस्येति भावः । न सामान्येनैव, किं तर्हि ? **अपायबहुलस्य** निरुपक्रमक्लिष्टकर्मवतः ।

**ટીકાર્થ :**

'विराधनेत्यादि' એ પ્રતીક છે.

ઉન્માદાદિ ભાવ હોવાને કારણે પ્રક્રમથી અધ્યયનની વિરાધના અનર્થમુખ છે=અનર્થરૂપ છે અને આ=અનર્થરૂપ વિરાધના, ગુરુતર દોષની અપેક્ષાથી છે. (વળી,) અર્થહેતુ છે=પરંપરાએ મોક્ષનું અંગ જ છે એ પ્રકારનો અર્થ છે.

સૂત્રના અધ્યયનની વિરાધના પરંપરાએ મોક્ષનો હેતુ કેમ છે ? એથી કરીને કહે છે–

કંટક, જ્વર, મોહથી ઉપેત માર્ગગમન કરનારની જેમ=કંટક, જ્વર, મોહથી યુક્ત માર્ગમાં જનારા મુસાફરની જેમ, તેનો=મોક્ષગમનનો જ, ધ્રુવ =નક્કી, આરંભ છે.

તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે.

સન્માર્ગમાં કંટક, જ્વર અને સંમોહથી યુક્ત એવા મુસાફરની પ્રવૃત્તિની જેમ મુનિની જે માર્ગપ્રવૃત્તિ છે, તે સદોષ પણ તે જ છે=માર્ગપ્રવૃત્તિ જ છે.

एतद् भावे=આના ભાવમાં=વિરાધનાના સદ્ભાવમાં લિંગને કહે છે–

અહીં=સૂત્ર અધ્યયનમાં, વિરાધના હોતે છતે પારમાર્થિક માર્ગદેશનામાં સાંભળનારને હેય-ઉપાદેયને આશ્રયીને :-

(૧) અનભિનિવેશ થાય છે, તેમાં 'यथाह' થી સાક્ષી આપે છે– જે રીતે સમાન એવા રૂપાદિના વિષયમાં સ્ખલના પામતા આંધળા, બહેરા અને મુંગાની જેમ તે પ્રકારના સંમોહથી (હેય-ઉપાદેયને આશ્રયીને પારમાર્થિક દેશનામાં અનભિનિવેશ થાય છે.)

(૨) અને થોડાક વિરાધકને પ્રતિપત્તિમાત્ર થાય છે=સ્વીકારમાત્ર થાય છે, અનભિનિવેશ થતો નથી

(૩) અને પૂર્વ વિરાધક કરતાં, અલ્પતર વિરાધકને ક્રિયાનો આરંભ થાય છે. પ્રતિપત્તિમાત્ર નહીં=સ્વીકાર તો થાય છે, પણ ક્રિયાનો આરંભ પણ થાય છે.

★ 'रुपादिषु' માં 'आदि' પદથી શબ્દનું ગ્રહણ કરવું.

એ રીતે શું ?=આ ત્રણ પ્રકારના વિરાધક છે, એનાથી શું ? એથી કરીને કહે છે–

આ રીતે પણ, વિરાધનાથી ભણેલું સૂત્ર ભાવથી ભણાયેલું છે. कुत? = કેમ? એથી કરીને કહે છે–

આવા ભણનારને અવગમ લેશનો યોગ છે=સમ્યગ્ બોધના લેશનો યોગ છે. આ વિરાધક નિયમથી સબીજ છે=સમ્યગ્ દર્શન આદિથી યુક્ત છે.

कुतः ?=આ સૂત્રની વિરાધના કરનાર નિયમથી સબીજ કેમ છે ? એથી કરીને કહે છે–

માર્ગગામીને જ આ વિરાધના છે.

માર્ગગામીનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે–

પ્રાપ્તબીજવાળાને આ વિરાધના છે, એ પ્રમાણેનો ભાવ છે.

અહીં કોઈને શંકા થાય કે સામાન્યથી બધા માર્ગગામીને આ વિરાધના છે? એથી કહે છે–

સામાન્યથી જ નહીં=માર્ગગામી બધાને નહીં. તો કોને ? એથી કરીને કહે છે–

**નિરુપક્રમ ક્લિષ્ટ કર્મવાળા અપાયબહુલ એવા માર્ગગામીને આ વિરાધના હોય છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં સૂત્ર ભણનારા ત્રણ પ્રકારના જીવો બતાવ્યા. (૧) અનારાધક, (૨) વિરાધક અને (૩) આરાધક.

**(૧) અનારાધક :-** એકાંતે અનારાધનામાં પ્રવૃત્ત જીવને સૂત્ર ભણવાની ક્રિયાથી ઇષ્ટ ફળ મોક્ષ કે અનિષ્ટ ફળ ઉન્માદાદિ પ્રાપ્ત થતા નથી તે પૂર્વમાં બતાવ્યું, અને તે અનારાધક જીવો પણ ત્રણ પ્રકારે છે તેમ બતાવ્યું. અને આવા એકાંતે અનારાધના કરનારા જીવો માર્ગગામી હોતા નથી તે પૂર્વમાં બતાવ્યું. હવે **(૨) વિરાધક :-** બીજા પ્રકારના જીવો જે માર્ગગામી છે તેઓ સૂત્ર અધ્યયનની ક્રિયાની વિરાધના કરનારા છે અને **(૩) આરાધક :-** ત્રીજા પ્રકારના જીવો જે માર્ગગામી છે તેઓ એકાંતે આરાધના કરનારા છે

તેમાંથી હવે બીજા પ્રકારના જીવોમાં વિરાધના કરનારા કોણ કોણ છે અને તેઓની વિરાધના ઉન્માદાદિનું કારણ કેમ છે ? તે બતાવતાં કહે છે–

જે લોકો શાસ્ત્રમાં પ્રવૃત્ત છે અને શાસ્ત્રાનુસારી વિધિથી પ્રવર્તતા નથી, તેવા માર્ગગામી જીવોની વિરાધના ઉન્માદાદિનું કારણ હોવાથી અનર્થવાળી છે. **'उन्मादादि'** માં આદિ પદથી, પૂર્વનાં ઉધ્ધરણમાં આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૪૪૪ બતાવ્યું તે પ્રમાણે રોગની પ્રાપ્તિ, આતંકની પ્રાપ્તિ અને કેવલી ભગવાનના ધર્મથી ભ્રંશની પ્રાપ્તિ લેવાની છે, અને આ પ્રકારનું અનર્થનું ફળ ગુરુતર દોષ સેવનારને આશ્રયીને છે. આમ છતાં, માર્ગગામી જીવોની આવી અનર્થવાળી વિરાધના મોક્ષનું પણ અંગ છે; કેમ કે માર્ગગામી જીવોએ મોક્ષગમનનો આરંભ કરેલો હોવાથી સૂત્રઅધ્યયનની ક્રિયા મોક્ષગમનના એક અંગરૂપ છે. ફક્ત કોઈ જીવ જેમ માર્ગમાં જતો હોય ત્યારે કંટક, જ્વર કે દિગ્મોહના કારણે તેની ગમનની ક્રિયા સ્ખલના પામતી હોય તો પણ પરંપરાએ તે ઇષ્ટ સ્થાનમાં પહોંચે છે, તેમ જે સાધુ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલ છે, તેવો માર્ગગામી જીવ સૂત્ર અધ્યયનની ક્રિયામાં વિરાધના કરે અને ગુરુતર દોષ સેવે

તો ઉન્માદાદિ પ્રાપ્ત થાય છે, આમ છતાં તેઓની શાસ્ત્રઅધ્યયનની ક્રિયા પરંપરાએ મોક્ષનું કારણ બને છે. અહીં ગુરુતર દોષ આ પ્રમાણે છે–

શાસ્ત્રવચનથી નિરપેક્ષ સૂત્રઅધ્યયન કરવું, શાસ્ત્રવચનનો અપલાપ કરવો, ઉત્સૂત્ર ભાષણાદિ કરવું, વગેરે ગુરુતર દોષ છે. આવા ગુરુતર દોષના કારણે સાવદ્યાચાર્ય કેવલી ભગવાનના ધર્મથી ભ્રષ્ટ થયા, છતાં એકાંતે અનારાધક નહીં હોવાને કારણે પરંપરાએ મોક્ષને પામ્યા.

લઘુદોષો વિધિની ત્રુટીને કારણે થાય છે. અહીં લઘુત્તર દોષ આ પ્રમાણે છે–

તીવ્ર જિજ્ઞાસાપૂર્વક ભણવા બેસવું, તત્ત્વજિજ્ઞાસાથી ઉત્પન્ન થયેલા શુશ્રૂષાદિ ગુણથી યુક્ત અધ્યયન કરવું, તેમ જ પોતાની શક્તિને અનુસાર ઉચિત શાસ્ત્રાનુસારી વિધિનું પાલન કરવું, અત્યંત ઉપયોગપૂર્વક શ્રવણ કરવું, તત્ત્વનો નિર્ણય કરવો અને તત્ત્વનો નિર્ણય કર્યા પછી તે પ્રમાણે આચરણામાં સમ્યગ્ યોજન કરીને આત્મહિત માટે યત્ન કરવો - ઇત્યાદિ વિધિના પ્રયત્નમાં જે કાંઇ ત્રુટી હોય તે સર્વ ગુરુતર દોષો નથી, લઘુ દોષો છે, તો પણ સૂત્રઅધ્યયનની ક્રિયામાં અવિધિરૂપ હોવાથી, સૂત્રઅધ્યયન સમ્યગ્ પરિણામ પામતું નથી.

સૂત્રઅધ્યયનની ક્રિયા કરનારમાં ત્રણ પ્રકારના વિરાધક છે.

(૧) જે જીવોને પારમાર્થિક દેશના સાંભળતી વખતે શુશ્રૂષાદિ ગુણો પ્રવર્તતા નથી, અને તેના કારણે હેય-ઉપાદેયને આશ્રયીને અનભિનિવેશ થાય છે પરંતુ આ હેય જ છે અને આ ઉપાદેય જ છે એ પ્રકારનો અભિનિવેશ=આગ્રહ થતો નથી, તે પહેલા પ્રકારના વિરાધક છે. આવા વિરાધકને ત્રીજા પ્રકારના અનારાધકની જેમ સૂત્રની અપ્રતિપત્તિ નથી અર્થાત્ લેશ પણ રુચિ નથી થતી તેવું નથી. માર્ગદેશનામાં કાંઇક રુચિ થાય છે પરંતુ '**इदं इत्थमेव**'=આ આમ જ છે, તે પ્રકારનો અભિનિવેશ થતો નથી. આ ભૂમિકા તત્ત્વની જિજ્ઞાસાવાળા અપુનર્બંધક આદિ જીવોને હોય છે. તેઓને સૂત્ર ભણવાની ક્રિયામાં ઘણો અનાભોગ હોય છે અને યત્ કિંચિત સમ્યગ્ બોધ હોય છે તેથી તત્ત્વની રુચિ હોય છે, પણ સ્થૂલ બોધ હોવાને કારણે અત્યંત રુચિ હોતી નથી. સમ્યગ્ દર્શનની પૂર્વભૂમિકામાં રહેલા આ વિરાધક છે.

આવા પ્રથમ પ્રકારના વિરાધકને સાક્ષીપાઠ દ્વારા સમાન એવા રુપાદિના વિષયમાં, તથાપ્રકારના સંમોહથી સ્ખલના પામતા આંધળા, બહેરા અને મૂંગા સાથે સરખાવ્યા છે. તે આ પ્રમાણે જાણવું– (૧) જેમ કોઈ જીવ રુપાદિને સ્પષ્ટ જોતો હોય, તેવા જ સમાન રુપાદિને, સ્ખલના પામતો આંધળો=ધૂંધળી દૃષ્ટિવાળો, કંઈક અસ્પષ્ટ જુએ છે. તેમ આ પ્રકારના વિરાધક જીવ તત્ત્વને અસ્પષ્ટ જુએ છે. તેથી હેય-ઉપાદેયને આશ્રયીને જે રીતે પદાર્થ રહેલા છે, તે રીતે સ્પષ્ટ પ્રતિપત્તિ તેને થતી નથી. કારણ કે તત્ત્વના વિષયમાં તે પ્રકારનો તેને સંમોહ છે. અર્થાત્ એકાંતે અનારાધક જીવો જેવો ઉત્કટ સંમોહ નથી, તો પણ સમ્યગ્દૃષ્ટિને જે પ્રકારે હેય-ઉપાદેયને આશ્રયીને યથાર્થ બોધ થાય છે, તેવો યથાર્થ બોધ આ જીવોને થતો નથી. અથવા (૨) સાંભળવાના વિષયમાં સ્ખલના પામતો બહેરો=અસ્પષ્ટ સાંભળનાર, કહેલા શબ્દને યથાર્થ સાંભળનાર જીવની જેમ સ્પષ્ટ અવધારણ કરી શકતો નથી, છતાં કંઈક અવધારણ કરે છે, તેમ તત્ત્વના વિષયમાં આવો વિરાધક શાસ્ત્રોના વિષયમાં કંઈક રુચિ કરે છે, પણ તત્ત્વને યથાર્થ અવધારણ કરતો નથી. અથવા (૩) બોલવાના વિષયમાં સ્પષ્ટ બોલનાર જીવ જે કથન કરતો હોય, તે કથનથી સાંભળનારને સ્પષ્ટ બોધ થાય છે, અને તે કથન સ્ખલના પામતો મૂક=અસ્પષ્ટ બોલનાર, બોલતો હોય તો તે સાંભળનારને અસ્પષ્ટ બોધ થાય છે. તે અસ્પષ્ટ બોલનારના વચનથી જે પ્રકારનો સંમોહ થાય છે, તે પ્રકારનો સંમોહ શાસ્ત્રના વચનથી આ પ્રથમ વિરાધકને થાય છે, તેથી તેને તત્વનો અભિનિવેશ થતો નથી.

(૨)બીજા પ્રકારના વિરાધક જીવો સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા, આસેવનશિક્ષા કરે છે ત્યારે, શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત થઈને યથાર્થ બોધ થાય તે રીતે સૂત્રને ગ્રહણ કરે છે. તેથી ભગવાને બતાવેલા સૂત્રના તાત્પર્યને યથાર્થ જાણે છે અને તેથી 'આ આમ જ છે' તે પ્રકારની પ્રતિપત્તિ માત્ર થાય છે અર્થાત્ તેઓને અભિનિવેશ થાય છે, પણ અનભિનિવેશ થતો નથી. આમ છતાં તે સૂત્રના તાત્પર્યને યથાર્થ સ્વીકાર રૂપે માત્ર ગ્રહણ કરે છે, પણ આચરણારૂપે જીવનમાં યોજતા નથી. તેથી અનભિનિવેશવાળા કરતા આ જીવોની વિરાધના અલ્પ છે, તો પણ બોધ પ્રમાણે આચરણામાં યોજન કરતા નથી, તે અપેક્ષાએ વિરાધક છે.

અહીં પ્રતિપત્તિ શબ્દ અભિનિવેશના અર્થમાં છે, અને પ્રતિપત્તિ માત્ર કહીને એ કહેવું છે કે તેઓને માત્ર અભિનિવેશ થાય છે, પણ આચરણા કરતા નથી, તેથી તેઓ પણ વિરાધક છે.

(૩)પૂર્વના વિરાધક જીવો કરતાં સૂત્રગ્રહણની ક્રિયામાં અલ્પતર વિરાધક એવા આ ત્રીજા પ્રકારના જીવો, સૂત્ર-અર્થને ગ્રહણ કર્યા પછી માત્ર પ્રતિપત્તિ જ નથી કરતા, પરંતુ પોતાના જીવનમાં યોજન કરવા માટે ક્રિયાનો આરંભ પણ કરે છે અર્થાત્ જે સૂત્ર જે તાત્પર્યમાં છે તે તાત્પર્યમાં યથાર્થ રુચિ તો કરે છે, પરંતુ તે પ્રમાણે ક્રિયા કરવાનો આરંભ પણ કરે છે. આમ છતાં, અત્યંત અપ્રમાદપૂર્વક ક્રિયામાં યત્ન કરનારા નહીં હોવાથી, લબ્ધલક્ષવાળા થઈને ક્રિયા કરતા નથી, એથી તેઓ બીજા પ્રકારના વિરાધક કરતાં અલ્પતર વિરાધક હોવા છતાં સૂત્રને આચરણમાં સમ્યગ્ નિયોજન કરતા નથી, તે અપેક્ષાએ વિરાધક પણ છે.

આ રીતે ત્રણે પ્રકારના વિરાધકો દ્વારા ભણાયેલું સૂત્ર ભાવથી ભણાયેલું છે; કેમ કે થોડો સમ્યગ્ બોધ તો બધાને થાય છે. અહીં થોડો સમ્યગ્ બોધ કહેવાથી એ કહેવું છે કે સૂત્રનો સમ્યગ્ બોધ કરીને જીવનમાં યથાર્થ ઉતારે છે તેવા જીવોને જેવો બોધ થાય છે તેવો બોધ આ ત્રણ પ્રકારના વિરાધકને નથી. અને આ ત્રણે પ્રકારના વિરાધકો નિયમા સબીજ છે=સમ્યગ્દર્શનઆદિથી યુક્ત છે. અહીં સમ્યગ્દર્શનઆદિમાં આદિ પદથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર ગ્રહણ કરવાનું છે. અહીં હેતુથી સમ્યગ્દર્શન ગ્રહણ કરેલ છે તેથી પ્રથમ વિરાધકનું ગ્રહણ થાય છે અને સ્વરૂપથી સમ્યગ્દર્શન ગ્રહણ કરેલ છે તેથી બીજા વિરાધકનું ગ્રહણ થાય છે.

(૧) પ્રથમ પ્રકારના વિરાધક કે જેઓને અનભિનિવેશ થાય છે અર્થાત્ સૂત્રની પ્રતિપત્તિ નથી, તેથી મિથ્યાત્વ છે. તો પણ સમ્યક્ત્વની સન્મુખભાવવાળા છે તેથી હેતુથી સમ્યગ્દર્શન છે જેમાં અપુનર્બંધક જીવોનો સમાવેશ થાય છે.

(૨) બીજા પ્રકારના વિરાધક કે જેઓને સૂત્રની માત્ર પ્રતિપત્તિ થાય છે તેઓને સ્વરૂપથી સમ્યગ્દર્શન છે અર્થાત્ ક્ષયોપશમભાવઆદિરૂપે સમ્યગ્દર્શન છે.

(૩) ત્રીજા પ્રકારના વિરાધક કે જેઓ સંયમના પરિણામવાળા હોવાથી સૂત્ર પોરિસી અને અર્થપોરિસીમાં યત્ન કરીને ક્રિયાનો આરંભ કરે છે. આમ છતાં, અત્યંત અપ્રમાદભાવથી યત્ન કરતા નથી, તેઓમાં ક્ષયોપશમભાવઆદિરૂપે

સમ્યગ્દર્શન પણ છે અને સમ્યગ્ચારિત્ર પણ છે. આમ છતાં ચારિત્રની આચરણામાં અત્યંતઅપ્રમાદ નહિ હોવાથી સૂત્ર અનુસાર આચરણા કરતા નથી તેથી પ્રત્યાખ્યાનપરિજ્ઞાના અંશથી વિરાધક છે.

આ ત્રણે પ્રકારના વિરાધકો નિયમથી સબીજ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે–

પ્રાપ્ત બીજવાળા એવા માર્ગગામીને આ વિરાધના છે એમ કહ્યું ત્યાં પ્રથમ પ્રકારના જીવોને તત્ત્વનો અભિનિવેશ નથી છતાં માર્ગાનુસારી કેમ છે તેનો આશય એ છે કે જે જીવોએ મોક્ષગમનના અભિલાષથી સંયમ ગ્રહણ કરેલું છે, અને મોક્ષગમનના આશયથી જ સૂત્ર પોરિસી અને અર્થ પોરિસીમાં યત્ન કરે છે, આમ છતાં વિશેષ પ્રકારના શુશ્રૂષાદિ ગુણો પ્રગટ નહીં થયેલા હોવાના કારણે શાસ્ત્રના પરમાર્થનો સ્પષ્ટ બોધ થતો નથી, તેથી તેઓને શાસ્ત્રના વચનમાં 'આ આમ જ છે' એ પ્રકારનો અભિનિવેશ થતો નથી, તેથી તેઓને શ્રુતાનુસારી તત્ત્વનો બોધ નહિ હોવાથી શ્રુતના વિરાધક છે. તો પણ તેમને થોડો સમ્યગ્ બોધ થતો હોવાથી, શાસ્ત્રોનું ઓઘથી બહુમાન હોય છે તેથી માર્ગાનુસારી છે આ પ્રથમ પ્રકારના વિરાધક મોક્ષના આશયવાળા હોવાથી અને ઓઘથી શાસ્ત્રોનું બહુમાન હોવાથી પ્રાપ્તબીજવાળા છે.

બીજા પ્રકારના જીવો મોક્ષના આશયથી શાસ્ત્રાભ્યાસ કરે છે. તેઓને શુશ્રૂષાદિ ગુણો હોવાથી શાસ્ત્રના પદાર્થમાં **इदं इत्थमेव**=આ આમ જ છે તે પ્રકારની પ્રતિપત્તિ માત્ર થાય છે અર્થાત્ તેઓને માત્ર અભિનિવેશ થાય છે, પણ પ્રમાદના કારણે શાસ્ત્રવચનોને આચરણ દ્વારા પરિણમન પમાડવા સમ્યગ્ યત્ન કરતા નથી, તેથી તેઓ શ્રુતાનુસારી આચરણની અપેક્ષાએ શ્રુતના વિરાધક છે. આ બીજા પ્રકારના વિરાધક મોક્ષનાં આશયવાળા હોવાથી અને ભગવાનના વચનમાં સ્થિર રુચિ હોવાથી પ્રાપ્તબીજવાળા છે.

ત્રીજા પ્રકારના વિરાધકો પણ મોક્ષના આશયથી શાસ્ત્રાભ્યાસ કરે છે. તેઓને શુશ્રૂષાદિ ગુણો હોવાથી યથાર્થ બોધ કરે છે અને બોધને અનુસાર કંઈક સમ્યગ્ યત્ન કરે છે. તો પણ અપ્રમાદભાવ નહીં હોવાને કારણે સંપૂર્ણ શ્રુતાનુસાર પ્રવૃત્તિ કરી શકતા નથી, તેથી તેઓ પણ શ્રુતના વિરાધક છે. આ ત્રીજા પ્રકારના વિરાધક

મોક્ષના આશયથી પ્રવૃત્તિ કરનારા હોવાથી અને સંપૂર્ણપણે શ્રુતાનુસારી પ્રવૃત્તિ કરવાની ઇચ્છાવાળા હોવાથી પ્રાપ્તબીજવાળા છે.

અહીં પ્રશ્ન થાય કે સંયમ ગ્રહણ કરીને શ્રુત ભણનારા માર્ગગામી બધાને જ શું આ વિરાધના છે ? તેથી કહે છે–

સામાન્યથી બધા જ માર્ગગામીને આ વિરાધના નથી, પરંતુ અપાયબહુલ જીવોને અર્થાત્ આરાધનામાં સ્ખલના કરાવનારા અપાયભૂત કર્મો ઘણા છે જેને એવા માર્ગગામી જીવોને, આ વિરાધના છે અર્થાત્ નિરુપક્રમ ક્લિષ્ટ કર્મવાળા જીવોને આ વિરાધના છે.

આશય એ છે કે, શાસ્ત્રના પરમાર્થને કહેનારા યોગ્ય ગુરુ, શિષ્યના ક્ષયોપશમને અનુરૂપ તેને યથાર્થ બોધ થાય તે રીતે પદાર્થ બતાવે છે અને યોગ્ય શિષ્ય પણ શાસ્ત્રનો યથાર્થ બોધ કરવા દ્વારા પોતાના સંયમમાં સંવરનો અતિશય જે રીતે કરી શકે તે રીતે બોધ કરવા યત્ન કરે છે, આમ છતાં તે તે પ્રકારના ક્લિષ્ટ કર્મના કારણે શાસ્ત્ર ભણનાર સાધુઓમાં ત્રણ પ્રકારના વિરાધક પ્રાપ્ત થાય છે.

અહીં નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ કહેવાથી એ કહેવું છે કે, યથાર્થ બોધ કરાવવાની ઉત્તમ સામગ્રી મળી હોય, અને ઉપદેશક, શિષ્યના ક્ષયોપશમને અનુરૂપ તે રીતે બોધ કરાવવા યત્ન કરતા હોય કે જેથી શિષ્ય શાસ્ત્રનો પારમાર્થિક બોધ કરીને સંયમમાં વિશેષ યત્ન કરી શકે, અને સાંભળનાર સાધુ પણ મોક્ષના અર્થે દીક્ષા ગ્રહણ કરીને શ્રુત અધ્યયનમાં યત્ન કરતો હોય, આમ છતાં (૧) જે સાધુને વિશેષ પ્રકારના શુશ્રૂષાદિ ગુણોના પ્રતિબંધક એવા નિરુપક્રમ ક્લિષ્ટ કર્મો વર્તે છે તેઓને હેય ઉપાદેયને આશ્રયીને અભિનિવેશ થતો નથી. (૨) અને જે સાધુને શુશ્રૂષાદિ ગુણોના પ્રતિબંધક ક્લિષ્ટ કર્મ નથી, તે સાધુ તે સામગ્રીને પામીને હેય-ઉપાદેયને આશ્રયીને અભિનિવેશ કરે છે, અર્થાત્ પ્રતિપત્તિમાત્ર કરે છે પરન્તુ અનભિનિવેશ કરતા નથી. આમ છતાં થયેલા બોધને અનુરૂપ ક્રિયામાં યત્ન ન થવા દે તેવા પ્રકારનાં નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ હોવાથી ક્રિયાનો આરંભ કરતા નથી, અર્થાત્ સાધુ છે તેથી ગ્રહણશિક્ષારુપ ક્રિયા કરે છે તો પણ બોધથી નિયંત્રિત એવી આસેવનશિક્ષારુપ ક્રિયાનો આરંભ કરતા નથી, પ્રતિપત્તિ માત્ર કરે છે. (૩)

વળી, જે સાધુને શુશ્રૂષાદિગુણોના પ્રતિબંધક ક્લિષ્ટ કર્મ નથી તે સાધુ તે સામગ્રીને પામીને હેય-ઉપાદેયને આશ્રયીને અભિનિવેશ કરે છે, અને બોધને અનુરૂપ ક્રિયાનો આરંભ પણ કરે છે. પરન્તુ સંવરભાવને અનુકૂળ અપ્રમાદભાવથી સુદૃઢ યત્ન કરવામાં પ્રતિબંધક એવાં નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ હોવાથી તેમની ક્રિયા ત્રુટિત થાય છે.

અહીં વિશેષ એ છે કે, સંયમ ગ્રહણ કરીને ઘણા સાધુઓને શુશ્રૂષાનાં કે સંવરના પ્રતિબંધક નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ ન પણ હોય, તો પણ ઉપદેશાદિની તેવી સામગ્રી પ્રાપ્ત ન થાય તો શ્રુત અધ્યયન કરતી વખતે અભિનિવેશ કરી શકતા નથી. પરંતુ જે જીવોને ઉપદેશક તેવા સમર્થ મળ્યા હોય અને નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ ન હોય તો અવશ્ય તે પ્રકારનો બોધ કરી શકે છે. જેમ-૧૫૦૦ તાપસોને માર્ગાનુસારી બોધ ન હતો, છતાં ગૌતમસ્વામીના યોગથી દીક્ષા વખતે તે પ્રકારનો વિશેષ બોધ થયો કે જેથી દીક્ષા ગ્રહણ કરીને તરત જ ભાવથી સંયમની પ્રાપ્તિ થઈ અને ઉત્તરોત્તર સંયમના કંડકની વૃદ્ધિ દ્વારા ક્ષપકશ્રેણીને પામી કેવલજ્ઞાન પામ્યા.

**ઉત્થાન :**

સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રાભ્યાસ કરનારાઓમાં ત્રણ પ્રકારના અનારાધકો અને ત્રણ પ્રકારના વિરાધકો બતાવ્યા. હવે આરાધક જીવો કેવા હોય છે તે બતાવે છે–

અથવા

જે સાધુ વિશુદ્ધ ચરણવાળો મહાસાત્ત્વિક છે, તે સાધુ સંયમ ગ્રહણ કરીને શ્રુતઅધ્યયનમાં તે રીતે યત્ન કરે છે કે જેથી તેનું શ્રુત સંયમના કંડકની વૃદ્ધિનું અવશ્ય કારણ બને છે, તેનું સ્વરૂપ બતાવે છે–

**સૂત્ર :**

**निरवाए जहोदिए सुत्तुत्तकारी हवइ पवयणमाइसंगए पंचसमिए तिगुत्ते । अणत्थपरे एयच्चाए अवियत्तस्स, सिसुजणणिचायनाएण । वियत्ते एत्थ केवली एयफलभूए । सम्ममेयं वियाणइ दुविहाए परिण्णाए ।**

**સૂત્રાર્થ :**

પૂર્વમાં કહેલ એવો માર્ગગામી સાધુ નિરપાય સૂત્રોક્તકારી હોય છે અને તે પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ પ્રવચનમાતાથી યુક્ત હોય છે.

આવા સાધુને સમ્યગ્જ્ઞાન કેવા પ્રકારનું છે, તે બતાવે છે–

આવો સાધુ, "શિશુ-જનનીત્યાગના દૃષ્ટાંતથી અવ્યક્તને આનો=પ્રવચનમાતાનો, ત્યાગ અનર્થપર છે," એ બે પ્રકારની પરિજ્ઞાથી સમ્યગ્ જાણે છે.

एत्थ=અહીં=યોગમાર્ગમાં, 'વ્યક્ત' આના=પ્રવચનમાતાના ફળભૂત કેવલી છે.

**ટીકા :**

**निरपायो यथोदितः** मार्गगामीति प्रक्रमः । एतदेवाह-**सूत्रोक्तकारी भवति** सबीजो निरपायः । **प्रवचनमातृसङ्गतः**, सामान्येन तद्युक्तः । विशेषेणैतदेवाह- **पञ्चसमितः त्रिगुप्तः**=ईर्यासमित्याद्याः समितयः पञ्च, मनोगुप्त्याद्याश्च तिस्रो गुप्तय इति । सम्यग्ज्ञानपूर्वकमेवमित्याह- ( सम्यग्ज्ञानमेवमित्याह– ) **अनर्थपरश्चारित्र**-प्राणक्षरणेन **एतत्त्यागः** प्रवचनमातृत्यागः । सम्यगेतद्विजानातीति योगः । कस्यानर्थपर एतत्त्यागः? इत्याह-**अव्यक्तस्य** भावबालस्य । केनोदाहरणेन ? इत्याह- **शिशुजननीत्यागज्ञातेन**, शिशोर्बालस्य जननीत्यागोदाहरणेन, स हि तत्त्यागाद विनश्यति । **व्यक्तोऽत्र कः** ? इत्याह- व्यक्तोऽत्र भावचिन्तायां **केवली** सर्वज्ञः, **एतत्फलभूतः** प्रवचनमातृफलभूतः । **सम्यग्** भावपरिणत्या **एतद्विजानात्य**-नन्तरोदितम् । एतदेवाह-**द्विविधया परिज्ञया** ज्ञपरिज्ञया प्रत्याख्यानपरिज्ञया च । ज्ञपरिज्ञाऽवबोधमात्ररूपा, प्रत्याख्यानपरिज्ञा तद्गर्भक्रियारूपा ।

★ ટીકામાં सम्यग्ज्ञानपूर्वकमेवमित्याह– લખ્યું છે તેના સ્થાને सम्यग्ज्ञानमेवमित्याह– ભાસે છે.

**ટીકાર્થ :**

પૂર્વમાં કહેલો માર્ગગામી સાધુ નિરપાય છે, અહીં સૂત્રમાં 'यथोदित' કહેલ છે પણ 'मार्गगामी' કહેલ નથી છતાં પ્રક્રમથી 'मार्गगामी' ની પ્રાપ્તિ છે.

**एतदेवाह**=આને જ કહે છે અર્થાત્ **यथोदित**=પૂર્વમાં જે પ્રકારે કહેવાયેલા સ્વરૂપવાળો=ઢેફું અને કાંચન પ્રત્યે સમાનવૃત્તિવાળો, શત્રુ-મિત્ર પ્રત્યે સમાનભાવવાળો ઈત્યાદિ પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળો, માર્ગગામી નિરપાય =નિરપાયયોગી છે એને જ કહે છે–

સબીજ નિરપાય યોગી સૂત્રોક્ત ક્રિયા કરનારો છે. અર્થાત્ પૂર્વના ત્રણ વિરાધકો સાપાય સબીજ યોગી હતા, જ્યારે પ્રસ્તુત માર્ગગામી નિરપાય સબીજ યોગી છે.

વળી તે નિરપાય યોગી કેવો છે ? તે બતાવે છે–

સામાન્યથી પ્રવચનમાતાથી સંગત છે=પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિનો વિભાગ કર્યા વગર સામાન્યથી કહીએ તો પ્રવચનમાતાથી સંગત છે.

આને જ વિશેષથી કહે છે=પૂર્વમાં જે સામાન્યથી પ્રવચનમાતા બતાવી એને જ વિશેષથી કહે છે–

પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિવાળો છે=ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓ છે અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ છે.

'**इति**' શબ્દ આ સમિતિ-ગુપ્તિના ભેદની સમાપ્તિઅર્થક છે.

★ '**इर्यासमित्याद्याः**' માં '**आदि**' પદથી ભાષાસમિતિ, એષણા સમિતિઆદિને ગ્રહણ કરવું.

★ '**मनोगुप्ताद्याः**' માં '**आदि**' પદથી વચનગુપ્તિ, કાયગુપ્તિને ગ્રહણ કરવું.

**सम्यग्ज्ञानमेवमित्याह**=નિરપાય યથોદિત માર્ગગામી જીવનું સમ્યગ્ જ્ઞાન આવા પ્રકારનું છે. એને કહે છે–

ચારિત્રરૂપી પ્રાણનું ક્ષરણ=નાશ કરનાર, હોવાના કારણે આનો ત્યાગ= પ્રવચનમાતાનો ત્યાગ અનર્થપર છે, આ સમ્યગ્ જાણે છે, એ પ્રકારે સૂત્રના અંતિમ વાક્ય સાથે સંબંધ છે.

આનો ત્યાગ કોને અનર્થપર છે ? એથી કરીને કહે છે–

અવ્યક્તને=ભાવ બાલને અનર્થપર છે.

**કોના ઉદાહરણથી અનર્થપર છે ? એથી કરીને કહે છે.**

**બાળકને માતાના ત્યાગના દૃષ્ટાંતથી અનર્થપર છે.**

**स हि=જે કારણથી તે=ભાવબાળ, તેના ત્યાગથી=પ્રવચનમાતાના ત્યાગથી વિનાશ પામે છે.**

★ '**हि**' શબ્દ '**यस्मात्**' નાં અર્થમાં છે.

પૂર્વમાં કહ્યું કે અવ્યક્તને પ્રવચનમાતાનો ત્યાગ અનર્થપર છે. તેથી શંકા થાય કે અહીં=ભાવચિંતામાં વ્યક્ત કોણ છે ? એથી કરીને કહે છે–

**અહીં=ભાવચિંતામાં, આના ફળભૂત=પ્રવચનમાતાના ફળભૂત, કેવલી=સર્વજ્ઞ, વ્યક્ત છે.**

**આ=પૂર્વમાં કહેવાયેલી વાત, સમ્યગ્=ભાવપરિણતિથી યથોદિત નિરપાય યોગી જાણે છે.**

**એને જ=ભાવપરિણતિથી જાણે છે એને જ, કહે છે–**

**બે પ્રકારની પરિજ્ઞાથી જાણે છે, (૧) જ્ઞપરિજ્ઞાથી અને (૨) પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી જાણે છે. અવબોધમાત્રરૂપ જ્ઞ પરિજ્ઞા છે અને તદ્ગર્ભ=અવબોધ છે ગર્ભમાં જેને એવી ક્રિયારૂપ પ્રત્યાખ્યાનપરિજ્ઞા છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું કે વિશુદ્ધ ચારિત્રવાળો મહાસાત્ત્વિક સાધુ, વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી, વિધિપૂર્વક ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા કરીને ક્રિયાના ફળને પામે છે. તે યોગી કેવો છે ? તેનું જ સ્પષ્ટ સ્વરૂપ બતાવે છે–

આવો યોગી નિરપાય માર્ગગામી છે. આશય એ છે કે આવો યોગી સંયમ ગ્રહણ કર્યા પછી જે શ્રુત અધ્યયન કરે છે, તે શ્રુતને સમ્યગ્ પરિણમન પમાડવામાં પ્રતિબંધક ક્લિષ્ટ કર્મોવાળો નથી, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી તે જે શ્રુત ગ્રહણ કરે છે, તે શ્રુત સમ્યગ્ પરિણમન પમાડીને સંયમનાં કંડક સ્થાનોની અવશ્ય વૃદ્ધિ કરે છે.

આ યોગી કેવા પ્રકારનો છે કે જેથી તેને શ્રુત સમ્યગ્ પરિણમન પામે છે ? તેથી કહે છે–

સૂત્રમાં કહેલી વિધિ પ્રમાણે જ તે કરનારો છે અને નિરપાય સબીજ છે, તેથી શ્રુતને સમ્યગ્ પરિણમન પમાડે છે. પૂર્વના ત્રણ વિરાધકો સબીજ હોવા છતાં સાપાય હોવાથી શ્રુતના વિરાધક છે, તેવો વિરાધક આ નિરપાય સબીજ નથી.

આશય એ છે કે, આવા સાધુએ પૂર્વમાં બીજાધાન પ્રાપ્ત કરેલું છે, તેથી તે મોક્ષનો અભિલાષી થયેલો છે. મોક્ષના આશયથી તેણે સંયમ ગ્રહણ કરેલું છે અને મોક્ષની સાધના અર્થે શ્રુત અધ્યયન કરે છે. વળી તે શ્રુત અધ્યયનને સમ્યગ્ પરિણમન કરવામાં પ્રતિબંધક એવાં કર્મો તેને નથી, અને યોગ્ય સામગ્રીને પામીને અપ્રમાદભાવથી તે યત્ન પણ કરે છે તેથી તે શ્રુત તેને સમ્યગ્ પરિણમન પામે છે.

વળી આ યોગી કેવો છે, તે બતાવે છે–

આ યોગી સામાન્યથી પ્રવચનમાતાથી યુક્ત છે. આમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે દીક્ષા લે છે ત્યારે યોગીમાં પ્રવચનને પરિણમન પમાડે તેવી માતાસ્થાનીય પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની પરિણતિ છે, અને દીક્ષા લીધા પછી તે અપ્રમાદભાવથી શ્રુતને ગ્રહણ કરીને, તેને જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી ભાવશ્રુતરૂપે પરિણમન પમાડે છે. તેથી વિશેષ પ્રકારના પ્રવચનવાળા યોગીનો જન્મ થાય છે.

અહીં પ્રવચન શબ્દથી પ્રકૃષ્ટ વચન ગ્રહણ કરવાનું છે અને તે પ્રકૃષ્ટ વચન ભગવાને કહેલા શ્રુતરૂપે છે, અને તે શ્રુતને સમ્યક્ બોધ અને સમ્યક્ ક્રિયારૂપે પરિણમન પમાડવામાં પ્રબળ કારણ જીવમાં વર્તતી સમિતિ-ગુપ્તિની પરિણતિ છે, માટે તેને પ્રવચનની માતા કહી છે.

અહીં ઉપદેશરૂપે સામગ્રી, અને વિધિપૂર્વક ગ્રહણ કરવાનો સાધુનો યત્ન, શ્રુતને પરિણમન પમાડવામાં કારણરૂપે છે, તો પણ જીવમાં વર્તતી પ્રવચનમાતા શ્રુતને સમ્યગ્ પરિણમન પમાડવામાં મુખ્ય કારણ છે.

સામાન્યથી પ્રવચનમાતાથી યુક્ત છે તેમ કહીને હવે તે પ્રવચનમાતાના ભેદને બતાવે છે કે જેથી તે પ્રવચનમાતા શું છે, તેનો સમ્યગ્ બોધ થાય.

વિશેષથી તે પ્રવચનમાતા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે.

આવો નિરપાય યોગી સમ્યગ્ જ્ઞાનથી શું જાણે છે કે જેથી તેને પ્રવચન સમ્યક્ પરિણમન પામે છે ? તેને કહે છે–

આ પ્રવચનમાતાનો ત્યાગ ચારિત્રરૂપી પ્રાણનું ક્ષરણ હોવાના કારણે, અવ્યક્તને અનર્થપર છે, એ વાત યોગી સમ્યગ્ જાણે છે. આશય એ છે કે જેમ બાળક માતાનો ત્યાગ કરે તો માતાના પાલન વગર તે જીવી શકતો નથી, તેમ સંસારી જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે ભાવ બાલ છે. તેથી આવો જીવ પ્રવચનમાતાના બળથી આ સંસારમાં રક્ષિત છે અર્થાત્ ચારિત્રરૂપી ભાવ પ્રાણનું રક્ષણ પ્રવચનમાતાથી થાય છે, અને તેના બળથી જ યોગી યોગમાર્ગમાં જીવી શકે છે.

આ પ્રકારનું સમ્યગ્ જ્ઞાન યોગીને જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી હોય છે. તેથી આવા યોગીના બોધમાં પણ વિપર્યાસ નથી અને પ્રવચન માતાના રક્ષણ કરવાના યત્નમાં પણ વિપર્યાસ નથી અને તેથી સુદૃઢ યત્નથી પ્રવચનમાતામાં યત્ન કરે છે. તેથી સર્વ શ્રુત તેને સમ્યગ્ પરિણમન પામે છે અને સંયમના ઉપરના કંડકોની વૃદ્ધિ થાય છે.

**ઉત્થાન :**

વળી નિરપાય એવો યોગી પ્રવચનમાતાનો ત્યાગ અવ્યક્તને ઉચિત નથી એમ બે પરિજ્ઞાથી જાણે છે તેમ અન્ય પણ શું જાણે છે ? તે બતાવે છે–

**સૂત્ર :**

तहा आसासपयासदीवं संदीणाऽथिराइभेयं ।

**સૂત્રાર્થ :**

**તથા સ્પંદનવાન અને અસ્થિરાદિભેદવાળા આશ્વાસદ્વીપ અને પ્રકાશદીપને સમ્યગ્ જાણે છે.**

★ પૂર્વમાં "निखाए जहोदिए ....... सम्ममेयं वियाणइ दुविहाए परिण्णाए।" જે સૂત્ર છે તેમાંથી "सम्ममेयं वियाणइ" ની અનુવૃત્તિ કરીને અહીં "तहा आसायपसायदीवं संदीणाऽथिराइमेयं ।" સૂત્ર પછી તેને જોડવાનું છે અને તેને સ્પષ્ટ કરવા અર્થે ટીકાના અંતે "सम्यगेतद् विजानाति ।" એમ કહેલ છે.

**ટીકા :**

तहा आसासेत्यादि । तथा आश्वासप्रकाशद्वीपं दीपं वा 'सम्यग् विजानाति' इति वर्त्तते । किंविशिष्टम्? इत्याह-[१]स्पन्दनवदस्थिरादिभेदम् । इह भवाब्धावाश्वासद्वीपः, मोहान्धकारे दुःखगहने प्रकाशदीपश्च । तत्राद्यः स्पन्दनवानस्पन्दनवांश्च, प्लावनवानप्लावनवांश्चेत्यर्थः । इतरोऽपि स्थिरोऽस्थिरश्च, अप्रतिपाती प्रतिपाती चेत्यर्थः । अयं च [२]यथासंख्यं मानुष्ये [३]क्षायोपशमिक-क्षायिकचारित्ररूपः, क्षायोपशमिक-क्षायिकज्ञानरूपश्च । उभयत्राद्यो नाक्षेपेणेष्टसिद्धये, सप्रत्यपायत्वात् । चरमस्तु सिद्धये, निष्प्रत्यपायत्वात् । सम्यगेतद् विजानाति ।

**ટીકાર્થ :**

'तहा आसासेत्यादि ।' એ પ્રતીક છે.

અને આશ્વાસદ્વીપ અને પ્રકાશદીપને સમ્યગ્ જાણે છે. 'સમ્યગ્ જાણે છે' એ કથનની ઉપરના કથનથી અનુવૃત્તિ છે.

१. "जहा से दीवे असंदीणे एवं से धम्मे आरियपदेसिए" इति आचारङ्गसूत्रे षष्ठेऽध्ययने तृतीय उद्देशके । "द्विर्गता आपोऽस्मिन्निति द्वीपः, स च द्रव्यभावभेदाद्, द्वेधा-तत्र द्रव्यद्वीप आश्वासद्वीपः, आश्वास्यतेऽस्मिन्नित्याश्वासः, आश्वासश्चासौ द्वीपश्चाश्वासद्वीपः, यदिवा आश्वसनमाश्वासः, आश्वासाय द्वीप आश्वासद्वीपः, तत्र नदीसमुद्रबहुमध्यप्रदेशे भिन्नबोहित्थादयस्तमवाप्याश्वसन्ति । असावपि द्वेधा सन्दीनोऽसन्दीनश्चेति, यो हि पक्षमासादावुदकेन पलाव्यते स सन्दीनः, विपरीतस्त्वसन्दीनः सिंहलद्वीपादिः, यथा हि सांयात्रिकास्तं द्वीपमसन्दीनमुदन्वदादेरत्तितीर्षवः समवाप्याश्वसन्ति एवं तं भावसंधानायोत्थितं साधुमवाप्यापरे प्राणिनः समाश्वस्युः । यदिवा दीप इति प्रकाशदीपः, प्रकाशाय दीपः प्रकाशदीपः, स चादित्यचन्द्रमण्यादिरसन्दीनः विपरीतस्तु सन्दीन इति, यथा ह्यसौ स्थपुटाद्यावेदनतो हेयोपादेयहानोपादानवतां निमित्तभावमुपयाति तथा क्वचित्समुदाद्यन्तर्वर्त्तिनामाश्वासकारी च भवति एवं ज्ञानसंधानायोत्थितः परीषहोपसर्गाक्षोभ्यतयाऽसन्दीनः साधुर्विशिष्टोपदेशदानतोऽपरेषामुपकारायेति । अपरे भावद्वीपं भावदीपं वा अन्यथा व्याचक्षते, तद्यथा-भावद्वीपः सम्यक्त्वम्, तच्च प्रतिपातित्वादौपशमिकं

★ અહીં 'आसायपसायदीवं' શબ્દ લેવાનો છે ત્યાં 'दीवं' શબ્દની દ્વિરુક્તિ કરવાની છે. એક વખત દ્વીપ અર્થ અને બીજીવાર દીપ અર્થ કરવાનો છે. ત્યાં દ્વીપને આશ્વાસ સાથે જોડવાનો અને દીપને પ્રકાશ સાથે જોડવાનો છે. તેથી આશ્વાસદ્વીપ અને પ્રકાશદીપ એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે.

★ અહીં 'वा' કાર 'च'કારના અર્થમાં છે.

**આ યોગી આશ્વાસદ્વીપ અને પ્રકાશદીપને સમ્યગ્ જાણે છે.**

**આ આશ્વાસદ્વીપ અને પ્રકાશદીપ કેવા પ્રકારના વિશિષ્ટ છે ? એથી કરીને કહે છે–**

સ્પંદનવાળા અને અસ્થિરાદિ ભેદવાળા છે.

**અહીં=આ ભવરૂપી સમુદ્રમાં, આશ્વાસસ્થાનીય દ્વીપ છે, અને દુ:ખથી ગહન એવી મોહરૂપી અંધકારવાળી અટવીમાં પ્રકાશસ્થાનીય દીપ છે. ત્યાં આદ્ય =દ્વીપ, સ્પંદનવાળો=પાણીથી પ્લાવન થાય તેવો છે અને અસ્પંદનવાળો છે= પાણીથી પ્લાવન ન થાય તેવો છે, એ પ્રમાણે અર્થ છે. અને ઈત્તર પણ=દીવો પણ, સ્થિર અને અસ્થિર છે=અપ્રતિપાતી અને પ્રતિપાતી છે. અને મનુષ્યમાં આ=દ્વીપ અને દીપ, યથાક્રમ ક્ષાયોપશમિક અને ક્ષાયિક ચારિત્રરૂપ જાણવા**

---

क्षायोपशमिकं च संदीनो भावद्वीपः, क्षायिकं त्वसन्दीन इति, तं द्विविधमवाप्य परीतसंसारत्वात् प्राणिन आश्वसन्ति । भावदीपस्तु सन्दीनः श्रुतज्ञानम्, असंदीनस्तु केवलमिति, तच्चवाप्य प्राणिनोऽवश्यमाश्वसन्त्येवेति । अथवा धर्म्मं संदधानः समुत्थितः सन्नरतेर्दुष्प्रधृष्यो भवतीत्युक्ते कश्चिच्चोदयेत्-किम्भूतोऽसौ धर्म्मो यत्सन्धानाय समुत्थित इति, अत्रोच्यते, यथाऽसौ द्वीपोऽसन्दीनः -असलिलप्लुतोऽवरुग्णवहनानामितरेषां च बहूनां जन्तूनां शरण्यतया आश्वासहेतुर्भवत्येवमसावपि धर्म्मः 'आर्यप्रदेशितः' तीर्थकरप्रणीतः कष-ताप-च्छेद निर्घटितोऽसन्दीनः, यदिवा कुतर्काप्रधृष्यतयाऽसन्दीनः-अक्षोभ्यः प्राणिनां त्राणायाश्वासभूमि-र्भवति ।" इति शीलाचार्यविरचितायाम् आचाराङ्गसूत्रटीकायाम् पृ० २४७-२४८ ॥

२. 'यथासङ्ख्य' शब्देन स्पन्दनवदस्थिरादिभेदो द्वीपो दीपश्च ग्राह्यः ॥

३. "क्षायोपशमिकक्षायिकचारित्रयोः स्पन्दनवदस्पन्दनवत्पदवाच्ययोर्मध्येऽस्पन्दनबत्पदेन क्षायिकचारित्रमुच्यते इति । तथा स्थिराऽस्थिरपदवाच्ययोः क्षायिक-क्षायोपशमिकज्ञानयोर्मध्ये स्थिरपदेन क्षायिकज्ञानं केवलज्ञानरुपं गृह्यते । ततस्तदुभयावाप्त्यै यतेत्यर्थः ( यतत इत्यर्थः? )"॥ Aटि०॥

**અને ક્ષાયોપશમિક અને ક્ષાયિક જ્ઞાનરૂપ જાણવા. બન્ને ઠેકાણે=દ્વીપ અને દીપ બન્ને ઠેકાણે, આદ્ય=પ્લાવનવાળો દ્વીપ=ક્ષયોપશમ ભાવનું ચારિત્ર, અને અસ્થિર એવો દીપ=ક્ષયોપશમભાવનું જ્ઞાન, અક્ષેપથી=વિલંબન વગર, ઈષ્ટસિદ્ધિ માટે નથી. કેમ કે સપ્રત્યપાયપણું છે=વિનાશ પામે તેવા છે. અને વળી ચરમ=અપ્લાવનવાળો દ્વીપ=ક્ષાયિકભાવનું ચારિત્ર અને સ્થિર દીપ=ક્ષાયિક ભાવનું જ્ઞાન, બન્ને અક્ષેપથી ઈષ્ટ સિદ્ધિ માટે છે; કેમ કે નિષ્પ્રત્યપાયપણું છે=પાત પામે તેવા નથી. આ વાત નિરપાય યોગી સમ્યગ્ જાણે છે.**

**ભાવાર્થ :**

'**तथा**' શબ્દ સમુચ્ચયમાં છે, અને તે સમુચ્ચય કરે છે કે નિરપાય યોગી પ્રવચનમાતાનો ત્યાગ અવ્યક્તને અનર્થપર છે એ સમ્યગ્ જાણે છે, અને આગળ જે આશ્વાસદ્વીપ અને આશ્વાસદીપ કહેવાય છે, તે પણ સમ્યગ્ જાણે છે.

તે આ રીતે– સમુદ્રમાં પડેલા જીવને આશ્વાસસ્થાનીય દ્વીપ છે અને ગાઢ અંધકારમાં રહેલા જીવને પ્રકાશસ્થાનીય દીવો છે. તેમ સંસારરૂપી સમુદ્રમાં જીવને આશ્વાસસ્થાનીય ચારિત્રરૂપી દ્વીપ છે, અને દુઃખથી ગહન એવા મોહરૂપી અંધકારમાં પ્રકાશસ્થાનીય જ્ઞાનરૂપી દીવો છે. તે બતાડવા માટે મૂળમાં '**दीवं**' શબ્દ છે, જેના દ્વીપ અને દીપ એ બે અર્થ કરીને, એક વખત 'આશ્વાસદ્વીપરૂપે' ગ્રહણ કરેલ છે. અને બીજી વખત 'પ્રકાશદીપરૂપે' ગ્રહણ કરેલ છે. અને બન્નેનું સ્વરૂપ કેવું છે તે બતાડવા માટે સૂત્રમાં '**संदीणाऽथिराइभेयं**' એમ કહેલ છે. તેમાં આદિથી પ્રતિપક્ષ ગ્રહણ કરવાનું છે. તેથી (૧) સ્પંદનવાન દ્વીપ અને (૨) અસ્પંદનવાન દ્વીપ, અને (૧) અસ્થિર દીપ અને (૨) સ્થિર દીપ એમ બે પ્રકારના દ્વીપો અને બે પ્રકારના દીવા પ્રાપ્ત થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે–

સમુદ્રમાં પડેલા જીવને અનેક રોગો ઉત્પન્ન થાય છે અને રક્ષણ ન મળે તો ડૂબી પણ જાય છે, પણ જો તે જીવને દ્વીપ મળી જાય તો સુરક્ષિત બની જાય છે. તે રીતે સંસારસમુદ્રમાં રહેલા જીવોને અનેક પ્રકારના ભાવરોગો વર્તે છે, અને જો રક્ષણનું સ્થાન ન મળે તો સંસારસમુદ્રમાં ચારે ગતિઓમાં પરિભ્રમણ થવારૂપે વિનાશ પણ પામે છે આમ છતાં સંસારસમુદ્રમાં રહેલા જીવને દ્વીપસ્થાનીય પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ચારિત્ર મળી જાય તો સુરક્ષિત બની જાય છે.

સમુદ્રમાં બે પ્રકારના દ્વીપો હોય છે. તેમાં પ્રથમ પ્રકારના દ્વીપો સમુદ્રમાં ભરતી આવે ત્યારે પાણીમાં ડૂબી જાય છે અને બીજા પ્રકારના દ્વીપો એટલા ઊંચા હોય છે કે સમુદ્રમાં ભરતી આવે તો પણ પાણીમાં ડૂબતા નથી. તેમ સંસારરૂપી સમુદ્રમાં પણ પ્રથમ પ્રકારના દ્વીપ જેવું ક્ષયોપશમભાવનું ચારિત્ર છે જે ભવના અંતે નાશ પામે છે. અને બીજા પ્રકારના દ્વીપ જેવું ક્ષાયિકભાવનું ચારિત્ર છે જે અવશ્ય મોક્ષમાં વિશ્રાંત પામે છે. જેમ પ્રથમ પ્રકારના દ્વીપ ભરતીકાળમાં સમુદ્રમાં ડૂબી જાય છે તેમ ક્ષયોપશમભાવનું ચારિત્ર ભવના અંતે વિનાશ પામે છે અને બીજા પ્રકારના દ્વીપ જેમ ભરતીકાળમાં પણ સમુદ્રમાં ક્યારેય ડૂબતા નથી તેમ ક્ષાયિકભાવનું ચારિત્ર પણ ક્યારેય નાશ પામતું નથી અને આવું ક્ષાયિકભાવનું ચારિત્ર પામીને તે જીવ અવશ્ય મોક્ષ પામે છે તેથી આ સંસારરૂપી સમુદ્રમાં આશ્વાસસ્થાનીય ક્ષાયિકભાવનું ચારિત્ર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ક્ષયોપશમભાવનું ચારિત્ર પામેલો હોવા છતાં નિશ્ચિંત રહી શકતો નથી એ પ્રમાણે માર્ગગામી નિરપાય યોગી સમ્યગ્ જાણે છે. અને આથી જ ક્ષયોપશમભાવના ચારિત્રને પામીને ક્ષાયિક ચારિત્ર પ્રગટ ન થાય ત્યાં સુધી શાસ્ત્ર અધ્યયન કરીને ચારિત્રના પ્રકર્ષ માટે તે સદા યત્નવાળો હોય છે.

વળી જેમ સંસારરૂપી સમુદ્રમાં ચારિત્રરૂપી દ્વીપ આશ્વાસસ્થાનીય છે તેમ મોહરૂપી અંધકારથી વ્યાપ્ત એવી સંસાર અટવીમાં શ્રુતજ્ઞાનરૂપી દીવો પ્રકાશસ્થાનીય છે. પ્રસ્તુત યોગીને શ્રુતજ્ઞાનરૂપી પ્રકાશ કરનારો દીવો પ્રાપ્ત થયેલો છે, તેથી સંસાર અટવીને વાસ્તવિક રૂપે જોઈ શકે છે અને તેમાંથી બહાર નીકળવાના ઉપાયને પણ સમ્યગ્ રીતે જોઈ શકે છે અને તે એ પણ જાણે છે કે આ ક્ષયોપશમભાવનું જ્ઞાન અસ્થિર દીવા જેવું છે. જેમ કોઈ દીવો પૂર્ણ પ્રમાણમાં તેલ આદિથી યુક્ત ન હોય છતાં પ્રકાશ કરતો હોય તો ગમે ત્યારે ઓલવાઈ જાય તેવો અસ્થિર હોય છે, તેમ ક્ષયોપશમભાવનું શ્રુત અસ્થિર છે=ચાલ્યું જનારું છે. અને આ ક્ષયોપશમભાવના શ્રુતરૂપી દીવાના બળથી જ અટવી ઉલ્લંઘન કરવાની છે, પરંતુ આ ક્ષયોપશમભાવનો જ્ઞાનરૂપી દીવો ક્યારે ઓલવાઈ જાય તે કહી શકાય નહીં, માટે તેના ભરોસે રહીને નિશ્ચિંત પ્રયાણ થઈ શકે નહીં. પરંતુ જો ક્ષાયિકભાવનું જ્ઞાન પ્રાપ્ત થાય તો પછી અંધકાર થવાનો સંભવ જ ન રહે, અને અટવીનું ઉલ્લંઘન નિશ્ચે થઈ શકે. આ પ્રમાણે નિરપાય યોગી સમ્યગ્ રીતે જાણે છે અને તેથી ક્ષાયિકભાવનું કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અપ્રમાદભાવથી શ્રુતમાં યત્ન કરે છે.

અહીં ટીકામાં કહ્યું કે ઉભયત્ર=બન્નેમાં=ક્ષાયોપશમિક અને ક્ષાયિક બંનેમાં પ્રથમ અક્ષેપથી=વિલંબન વગર ઈષ્ટસિદ્ધિ માટે નથી, કારણ કે સપ્રત્યપાયપણું છે; અને ચરમ ઈષ્ટસિદ્ધિ માટે છે. કેમ કે નિષ્પ્રત્યપાયપણું છે અર્થાત્ નાશ ન પામે તેવા છે. એનાથી એ કહેવું છે કે ચારિત્રમાં જે ક્ષાયોપશમિક ચારિત્ર છે અને જ્ઞાનમાં જે ક્ષાયોપશમિક જ્ઞાન છે, તે બન્ને વિલંબન વગર મોક્ષરૂપ સિદ્ધિ માટે કારણરૂપ નથી; કેમ કે ક્ષયોપશમભાવનું ચારિત્ર કે ક્ષયોપશમભાવનું જ્ઞાન વિનાશક સામગ્રી મળે તો વિનાશ થઈ શકે તેમ છે, અને વિનાશ થયા પછી ઘણા કાળે પણ તેની ફરી પ્રાપ્તિ થાય, અને ઈષ્ટની સિદ્ધિ થાય. જોકે ક્ષયોપશમભાવનુ ચારિત્ર અને ક્ષયોપશમભાવનુ જ્ઞાન કોઈક જીવને તે જ ભવમાં ક્ષાયિકની પ્રાપ્તિ કરાવીને મોક્ષનું કારણ બને છે, તો પણ ઘણું કરીને પાત થવાનો સંભવ હોવાથી અક્ષેપથી ઈષ્ટસિદ્ધિ માટે નથી, તેમ કહ્યું છે. જ્યારે ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેનો પાત થવાનો સંભવ નથી. તેથી આ ભવના અંતે અવશ્ય મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે. આથી ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાનને નિષ્પ્રત્યપાયવાળા કહ્યા છે અર્થાત્ નાશ ન પામે તેવા કહ્યા છે.

**સૂત્ર :**

**असंदीणथिरत्थमुज्जमइ जहासत्तिमसंभंते अणूसगे । असंसत्त-जोगाराहए भवइ ।**

**સૂત્રાર્થ :**

**(આવો નિરપાય યોગી) યથાશક્તિ, અસંભ્રાંત અને ફલ પ્રત્યે અનુત્સુક અસ્પંદનવાળા દ્વીપ અને સ્થિર દીપ માટે ઉદ્યમ કરે છે.**

**આ રીતે ઉદ્યમ કરતો યોગી કેવો છે તે બતાવે છે–**

**અસંસક્ત યોગનો આરાધક હોય છે.**

**ટીકા :**

न केवलं विजानाति, **अस्पन्दनवत्-स्थिरार्थमुद्यमं करोति** सूत्रनीत्या । कथम् ? इत्याह-**यथाशक्ति** शक्त्यनुरूपम्, **असंभ्रान्तो** भ्रान्तिरहितः, **अनुत्सुक** औत्सुक्यरहितः फलं प्रति । **असंसक्तयोगाराधको भवति**, निःसपत्नश्रामण्य-

व्यापारकर्त्ता, सूत्रानुसारित्वात् । सूत्रं च-

'जोगो जोगो जिणसासणम्मि दुक्खक्खया पउंजंतो ।
अण्णोण्णमबाहंतो असवत्तो होइ कायव्वो ॥ [ ओघनि.२७६ ]

**ટીકાર્થ :**

**"ક્ષાયોપશમિક ચારિત્ર અને ક્ષાયોપશમિક જ્ઞાન પાત પામી શકે તેવા છે, અને ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન અક્ષેપથી સિદ્ધિ માટે છે" આ પ્રમાણે યથોદિત નિરપાય યોગી સમ્યગ્ જાણે છે, એટલું જ નહીં, પરંતુ સૂત્ર-નીતિથી અસ્પંદનવાળા એવા દ્વીપ માટે અને સ્થિર એવા દીપ માટે ઉદ્યમ કરે છે.**

કેવી રીતે ઉદ્યમ કરે છે ? તેથી કહે છે–

**પોતાની શક્તિને અનુરૂપ, માર્ગની ભ્રાંતિથી રહિત અને ફળ પ્રત્યે ઔત્સુક્યથી રહિત ઉદ્યમ કરે છે.**

આવો ઉદ્યમ કરનારો યોગી કેવો હોય છે તે બતાવતાં કહે છે–

**અસંસક્ત યોગનો આરાધક હોય છે=નિઃસપત્નશ્રામણ્ય વ્યાપારનો કર્તા છે; કેમ કે સૂત્રાનુસારી પ્રવૃત્તિ કરનાર છે.**

પૂર્વમાં કહ્યું કે સૂત્રાનુસારી પ્રવૃત્તિ કરનાર હોવાથી નિરપાય યોગી નિઃસપત્ન શ્રામણ્ય વ્યાપારનો કર્તા છે. તેમાં સૂત્રની સાક્ષી આપે છે–

---

१. "जोगो जोगो जिणसासणंमि दुक्खक्खया पउंजंते ।
अण्णोण्णमबाहाए असवत्तो होई कायव्वो ॥२७७॥

योगो योग इति वीप्सा, ततश्च व्यापारो जिनशासने प्रयुज्यमानो दुःखक्षयाय 'प्रयुज्यमानः' क्रियमाणः कथम् ? 'अन्योऽन्याबाधया' परस्परापीडया, एतदुक्तं भवति-यथा क्रिया क्रियमाणाऽन्येन क्रियान्तरेण न बाध्यते एवमन्योऽन्याबाधया प्रयुज्यमानः 'असवत्तो' असपत्नः अविरूद्धो भवति कर्त्तव्य इति । इदानीं फलं प्रदर्शयन्नाह–

जोगे जोगे जिणसासणंमि दुक्खक्खया पउंजंते ।
एक्किक्कंमि अणंता वट्टंता केवली जाया ॥२७८॥

सुगमा । नवरम् एकैकस्मिन् 'योगे' व्यापारे वर्त्तमाना अनन्ताः केवलिनो जाताः ॥" इति द्रोणाचार्यविरचितायाम् ओघनिर्युक्तिटीकायाम् ॥

**જિનશાસનમાં અન્યોન્ય અબાધાથી દુઃખક્ષય માટે કરાતો દરેક યોગ અસપત્ન=અવિરુદ્ધ કર્તવ્ય થાય છે. (ઓઘનિ. નં.૨૭૬)**

**ભાવાર્થ :**

ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ સંસારમાં પૂર્ણ નિર્ભયતા નથી, એ પ્રકારે, આવો નિરપાય યોગી માત્ર જાણે છે તેમ નહીં, પરંતુ ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન માટે સૂત્રનીતિથી, પોતાની શક્તિને અનુરૂપ, માર્ગની ભ્રાંતિથી રહિત અને ફળ પ્રત્યે ઔત્સુક્યથી રહિત ઉદ્યમ પણ કરે છે. આશય એ છે કે અતીન્દ્રિય પદાર્થમાં ફળની પ્રાપ્તિમાં ભગવાનનું વચન એક આલંબન છે. તેથી તે વચન અનુસાર યથાર્થ બોધ કરીને પ્રવૃત્તિ કરવામાં આવે તો સિદ્ધિ થાય. આવું જાણનાર એવો નિરપાય યોગી શ્રુતજ્ઞાનના બળથી ભ્રાંતિ વગર પ્રયત્ન કરે છે, અને આ પ્રયત્ન પણ શક્તિને ગોપવીને કરવામાં આવે તો કાર્ય શીઘ્ર પ્રાપ્ત થઇ શકે નહિ, અને શક્તિને ઓળંગીને પ્રયત્ન કરવામાં આવે તો વચમાં શક્તિ ક્ષય થવાથી કાર્ય નિષ્ઠા સુધી પહોંચી શકે નહીં, માટે યથોદિત નિરપાય યોગી શક્તિને ગોપવ્યા વગર અને શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર શ્રુતથી માર્ગનો યથાર્થ નિર્ણય કરીને સુદૃઢ યત્ન કરે છે. આથી તે સંયમ ગ્રહણ કર્યા પછી શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત શ્રુતના અધ્યયન દ્વારા તત્ત્વનો અભિનિવેશ કરીને, તે તત્ત્વથી પ્રાપ્ત થયેલા બોધને અનુરૂપ પ્રયત્ન કરે છે, તેથી તેવા સાધુનું ક્ષયોપશમભાવનું જ્ઞાન અને ક્ષયોપશમભાવનું ચારિત્ર અવશ્ય ક્ષાયિકભાવ તરફ પ્રસર્પણવાળું બને છે. આવો યોગી જાણે છે કે ઉપાયને સમ્યક્ યત્નપૂર્વક સેવવામાં આવે તો ચોક્કસ કાળે કાર્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. જેમ રસોઇની ક્રિયાનો પ્રારંભ કરાયા પછી અપ્રમાદભાવથી યત્ન કરવામાં આવે તો ચોક્કસ કાળે રસોઇ નિષ્પન્ન થાય છે, તેમ અપ્રમાદભાવથી શ્રુતમાં અને ચારિત્રમાં યત્ન કરવામાં આવે તો ચોક્કસ કાળે ક્ષાયિક ભાવની પ્રાપ્તિ થાય છે. તેથી ફળ પ્રત્યે ઉત્સુકતા રહિત થવું જોઇએ, અને જો ફળ પ્રત્યે ઉત્સુકતા રાખવામાં આવે તો કાર્યનિષ્પત્તિમાં તે પ્રવૃત્તિ ત્રુટિત થાય છે, જેમ રસોઇની ક્રિયાનો પ્રારંભ કરાયા પછી ચોક્કસકાળે રસોઈની પ્રાપ્તિ થાય તેના બદલે જલ્દી જલ્દી રસોઇ કરવા યત્ન કરે તો રસોઇ બગડે અને ફરી રસોઇ કરવા યત્ન કરવો પડે તેથી સમ્યગ્

રસોઈની પ્રાપ્તિમાં વિલંબ થાય છે તેમ યોગમાર્ગમાં પણ અપ્રમાદભાવથી યત્ન કરનાર સાધુ ફળ પ્રત્યે ઉત્સુકતા ધારણ કરે તો ત્વરાદોષને કારણે તે બાહ્ય સંયમની પ્રવૃત્તિથી સંયમના કંડકની વૃદ્ધિનો વ્યાઘાત થાય જેથી ક્ષાયિકભાવની પ્રાપ્તિમાં વિલંબ થાય છે. અને તેથી ફળ પણ વિલંબે પ્રાપ્ત થાય છે. આવા પ્રકારનું જ્ઞાન નિરપાય યોગીને હોવાથી તેને ફળમાં ઉત્સુકતા હોતી નથી, પરંતુ ફળપ્રાપ્તિમાં શક્તિ અનુરૂપ સુદૃઢ યત્ન હોય છે.

આવા યોગીના સંયમ યોગની આરાધના કેવી હોય છે તે બતાવતા કહે છે—

જે જીવ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરતો હોય તે જીવ ભગવાને બતાવેલ કોઈ પણ યોગમાં સંસક્ત ચિત્તવાળો હોતો નથી; કારણ કે તે જાણે છે કે ભગવાને બતાવેલા સમ્યક્ રીતે કરાયેલા બધા યોગો વીતરાગભાવમાં વિશ્રાંત થનારા છે. તેથી તે જે સમયે જે યોગથી વિશેષ પ્રકારના ભાવનો ઉત્કર્ષ થાય તે સમયે તે યોગમાં યત્ન કરે છે. તેથી જે યોગની તે આરાધના કરે છે, તે યોગની આરાધનાથી અન્ય યોગનો વ્યાઘાત થતો નથી, અને વર્તમાનમાં તે જે યોગમાં યત્ન કરે છે, તે યોગમાં અન્ય સર્વ યોગની આરાધનાનું ફળ પણ તે પામે છે; કેમ કે સર્વ યોગો ઉચિત કાળે ઉચિત કાર્ય કરાવીને સમભાવ તરફ લઈ જનારા છે.

સમભાવમાં વર્તતા સાધુ માટે દ્રવ્ય, ક્ષેત્ર આદિને આશ્રયીને, જે વખતે જે બળવાન યોગ હોય તે વખતે તેના માટે ઉદ્યમ આવશ્યક બને છે જેથી સમભાવની વૃદ્ધિ અને સમભાવનું રક્ષણ થાય છે, અને તેની ઉપેક્ષા કરીને સ્વરુચિ પ્રમાણે અબલવાન યોગમાં યત્ન કરવામાં આવે તો તે યોગમાં સ્વનો પક્ષપાત અધિક હોવાથી સમભાવનો નાશ થાય છે તેથી તેવો યોગ સપત્ન યોગ કહેવાય છે.

વળી, જે સાધુ દ્રવ્ય ક્ષેત્રાદિને આશ્રયીને જે બલવાન યોગ હોય તેમાં યત્ન કરતો હોય તો, અન્ય યોગમાં પ્રવૃત્તિ નહીં હોવા છતાં તે બલવાન યોગની અંતર્ગત અન્ય યોગની આરાધનાનો સમાવેશ થાય છે. તેથી ત્યાં અન્ય કોઈ યોગનો વ્યાઘાત નહીં હોવાથી તે સાધુ નિઃસપત્ન શ્રામણ્ય વ્યાપારનો કર્તા બને છે. જેમાં ઓઘનિર્યુક્તિની સાક્ષી આપેલ છે.

**સૂત્ર :**

उत्तरुत्तरजोगसिद्धीए मुच्चइ पावकम्मुण त्ति विसुज्झमाणो आभवं भावकिरियमाराहेइ । पसमसुहमणुहवइ अपीडिए संजमतवकिरिआए, अव्वहिए परीसहोवसग्गेहिं, वाहियसुकिरियानाएणं ।

**સૂત્રાર્થ :**

**આવો સાધુ ઉત્તર ઉત્તર યોગની સિદ્ધિ દ્વારા પાપ કર્મથી મુકાય છે. એથી કરીને વિશુદ્ધ્યમાન એવો સાધુ આભવ=આજન્મ અથવા આસંસાર ભાવક્રિયાને આરાધે છે સંયમની ક્રિયાથી અને તપની ક્રિયાથી અપીડિત, પરિષહ અને ઉપસર્ગથી અવ્યથિત એવો સાધુ વ્યાધિતની શુભક્રિયાના દૃષ્ટાંતથી પ્રશમસુખને અનુભવે છે.**

**ટીકા :**

एवमुत्तरोत्तरयोगसिद्ध्या धर्मव्यापारसिद्ध्येत्यर्थः । किम्? इत्याह- मुच्यते पापकर्मणा तत्तद्गुणप्रतिबन्धकेन इति=एवं विशुद्ध्यमानः सन् आभवं= आजन्म आसंसारं वा भावक्रियां निर्वाणसाधिकामाराधयति निष्पादयत्यौचित्या-रम्भनिर्वहणरूपाम् । तथा प्रशमसुखमनुभवति तात्त्विकम् । कथम्? इत्याह- अपीडितः संयमतपःक्रियया आश्रवनिरोधाऽनशनादिरूपया । तथा अव्यथितः सन् परीषहोपसर्गैः क्षुद्-दिव्यादिभिः । कथमेतदेवम्? इति निदर्शनमाह- व्याधितसुक्रियाज्ञातेन, रोगितस्य शोभनक्रियोदाहरणेन ।

**ટીકાર્થ :**

આ રીતે=ઉપરમાં કહ્યાં પ્રમાણે, અસંસક્ત યોગની આરાધના કરે છે એ રીતે, ઉત્તરોત્તર યોગની સિદ્ધિ દ્વારા=ઉત્તરોત્તર ધર્મવ્યાપારની સિદ્ધિ દ્વારા, આવો સાધુ તે તે ગુણના પ્રતિબંધક=પોતે જે સંયમસ્થાન પ્રાપ્ત કર્યું છે તેના કરતાં ઉપર ઉપરના સંયમગુણના પ્રતિબંધક, એવા પાપકર્મથી મુકાય છે. एवं=આ રીતે=પાપ કર્મથી મુકાયો એ રીતે, વિશુદ્ધ થયો છતો, આભવ=આજન્મ પર્યંત, અથવા આ ભવમાં મુક્ત ન થાય તો આસંસાર=સંસારપર્યંત અર્થાત્ જ્યાં સુધી સંસારનો ઉચ્છેદ ન થાય ત્યાં સુધી, નિર્વાણસાધક એવી ભાવક્રિયાને આરાધે

છે=ઔચિત્યના આરંભના નિર્વહણરૂપ ભાવક્રિયાનું નિષ્પાદન કરે છે, અને તાત્ત્વિક=અસદ્ગ્રહ રહિત વિવેકમૂલક એવા, પ્રશમસુખને અનુભવે છે.

કેમ આવા સુખને અનુભવે છે ? એથી કરીને કહે છે–

આશ્રવનિરોધરૂપ સંયમ અને અનશનાદિરૂપ તપક્રિયાથી અપીડિત, અને ક્ષુધાદિ પરિષહો અને દિવ્યાદિ ઉપસર્ગોથી અવ્યથિત થતો છતો, તાત્ત્વિક પ્રશમ સુખને અનુભવે છે.

**एतद्**=આ=તપ-સંયમ અને પરિષહ-ઉપસર્ગ **एवम् कथम्?**=આવા કેમ છે ?=સાધુને અપીડાનું કારણ અને અવ્યથાનું કારણ કેમ છે ? એથી કરીને દૃષ્ટાંતને કહે છે–

વ્યાધિતને સુક્રિયાના દૃષ્ટાંતથી=રોગિષ્ઠને શોભન ક્રિયાના ઉદાહરણથી, સાધુ તપ-સંયમની ક્રિયાથી અપીડિત છે અને પરિષહ-ઉપસર્ગથી અવ્યથિત છે. એથી કરીને તાત્ત્વિક પ્રશમ સુખને અનુભવે છે એમ અન્વય છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું કે યથોદિત નિરપાય યોગી સૂત્રનીતિથી ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાન માટે ઉદ્યમ કરે છે અને તેથી તે અસંસક્ત યોગનો આરાધક થાય છે. આ રીતે અસંસક્ત યોગનો આરાધક એવો નિરપાય યોગી ઉત્તરોત્તર ધર્મવ્યાપારની સિદ્ધિ દ્વારા તે તે ચારિત્રગુણ અને તે તે જ્ઞાનગુણનાં પ્રતિબંધક એવાં પાપકર્મોથી મૂકાય છે. આશય એ છે કે આવો મુનિ સૂત્રવચનાનુસાર સંયમયોગમાં યત્ન કરે છે, ત્યારે શક્તિ અનુસાર શ્રુત અધ્યયન અને ઉચિત ચારિત્રની ક્રિયામાં યત્ન કરતો હોય છે. અને તે યત્નથી જ્ઞાનની અને ચારિત્રની જે ભૂમિકામાં પોતે છે એનાથી ઉપરની ભૂમિકાનાં જ્ઞાન અને ચારિત્રનાં પ્રતિબંધક એવાં પાપકર્મો નાશ પામે છે અને તેથી ઉપરની ભૂમિકાના જ્ઞાન અને ચારિત્ર ગુણ તેનામાં પ્રગટ થાય છે. આ રીતે ઉત્તરોત્તર સંયમના યોગોના સેવન દ્વારા તે વિશુદ્ધ વિશુદ્ધતર ચારિત્રને પ્રાપ્ત કરે છે અને તેથી આ જન્મ સુધી નિર્વાણસાધક એવી ભાવક્રિયાનું આરાધન કરે છે. અર્થાત્ બાહ્ય આચરણારૂપ દ્રવ્યક્રિયાથી ચિત્તની અધિક અધિક નિર્લેપ દશારૂપ ભાવક્રિયાને પ્રગટ કરે છે; કેમ કે ત્રીજા સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ઔચિત્યથી દીક્ષા ગ્રહણ કરીને, ચોથા સૂત્રમાં બતાવેલ વિધિપૂર્વક ક્રિયાનો નિર્વાહ કરે છે તેથી તે ક્રિયા દ્વારા અવશ્ય

સંયમવૃદ્ધિના પરિણામ પેદા થાય છે. તેથી તેની ક્રિયા ભાવક્રિયા છે, અર્થાત્ મોક્ષને અનુકૂળ એવા ભાવને પેદા કરનારી ક્રિયા છે.

નિરપાય યોગી સંયમ ગ્રહણ કર્યા પછી ક્ષાયિક ભાવને લક્ષ્યરૂપે કરીને નિત્ય નવા નવા શ્રુતમાં યત્ન કરે છે, અને સૂત્ર વચનાનુસાર અપ્રમાદભાવપૂર્વક સંયમયોગમાં યત્ન કરે છે અને ક્વચિત્ અનાભોગ સહસાત્કારથી સ્ખલના થાય તો પણ તેની પ્રતિક્રિયા કરીને તે દોષને અવશ્ય દૂર કરે છે. તેથી ઉપર ઉપરની ભૂમિકાનાં જ્ઞાન અને ચારિત્ર ગુણનાં પ્રતિબંધક કર્મો નાશ થવાથી ઉત્તર ઉત્તર ભૂમિકાના વિશેષ જ્ઞાન અને ચારિત્ર ગુણોને પ્રાપ્ત કરીને આ જન્મ સુધી તે પ્રકારની ક્રિયા દ્વારા વિશુદ્ધ થતો, સંપૂર્ણ નિર્લેપ ચિત્ત બને તેવી ભાવક્રિયાને પ્રાપ્ત કરે છે; કેમ કે સંયમ ગ્રહણ કરીને આ જન્મ સુધી પોતાની ભૂમિકાને અનુરૂપ સંપૂર્ણ ઉચિત પ્રવૃત્તિ કરવાપૂર્વક તેણે સંયમનો આરંભ કરેલ છે, અને અપ્રમાદભાવથી તેનો નિર્વાહ કર્યો છે તેથી ઉત્તરોત્તર સંયમની વૃદ્ધિ દ્વારા કદાચ આ ભવમાં કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે. અને કોઈક સાધક કર્મની પ્રબળતાને કારણે કે અન્ય સામગ્રીની વિકલતાને કારણે આ ભવમાં ફળની નિષ્ઠા સુધી ન પહોંચી શકે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન કરી શકે તો પણ, આ જન્મમાં ઔચિત્યપૂર્વક આરંભ કરાયેલી ક્રિયાનો અંત સુધી નિર્વાહ કરેલો હોવાથી આવો યોગી જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી જન્માંતરમાં પણ ઔચિત્યપૂર્વક સંયમનો આરંભ કરીને તેનો નિર્વાહ કરવા દ્વારા અંતે ક્ષાયિક ભાવનાં પૂર્ણ ચારિત્ર અને પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કરશે.

વળી, આવો જીવ આશ્રવનિરોધરૂપ સંયમમાં અને અનશનાદિરૂપ તપમાં યત્ન કરે છે. તે પ્રવૃત્તિ તેઓને લેશ પણ પીડા કરતી નથી. સામાન્ય જીવો તપ-સંયમમાં યત્ન કરે તો પીડાને અનુભવે છે, પણ યોગીઓ આત્મિક સુખની અભિમુખ થયેલા છે, તેથી પ્રશમસુખને સર્વોત્તમ સુખ માને છે, તેથી પ્રશમસુખના ઉપાયભૂત એવા સંયમ અને તપમાં તેમને પીડાનો અનુભવ નથી થતો. પરંતુ જેમ જેમ તપ સંયમમાં યત્ન કરે છે તેમ તેમ પ્રશમસુખ વધતું જાય છે. જેમ ધનની બલવાન ઇચ્છાવાળાને ધનની પ્રાપ્તિના ઉપાયમાં કરાતો યત્ન પીડારૂપ નથી લાગતો, પણ ધનની પ્રાપ્તિના ઉપાયરૂપ લાગે છે; તેમ પ્રશમસુખની બલવાન ઇચ્છાવાળા યોગીને પ્રશમસુખની પ્રાપ્તિના ઉપાયભૂત તપ-સંયમમાં કરાતો યત્ન પીડારૂપ લાગતો નથી પરંતુ પ્રશમસુખની પ્રાપ્તિનો ઉપાય લાગે છે.

વળી, આવા યોગીઓને પરિષહ અને ઉપસર્ગની પ્રાપ્તિ થાય ત્યારે પણ તેમનું ચિત્ત વ્યથિત થતું નથી, પરંતુ તે પરિષહ અને ઉપસર્ગ તેમના નિર્લેપ ચિત્તની વૃદ્ધિનું કારણ બને છે, જેથી તે પ્રશમસુખને અનુભવે છે.

ઉપરના કથનમાં દૃષ્ટાંત બતાવે છે કે કોઈ વ્યાધિથી વ્યથિત થયેલો હોય અને રોગને મટાડવાની શોભન ક્રિયા કરતો હોય તો તે ક્રિયાથી જેમ જેમ રોગનું શમન થાય છે તેમ તેમ તે સુખને અનુભવે છે, અને રોગ મટાડવાની ક્રિયા પીડારૂપ હોવા છતાં તેને પીડારૂપ લાગતી નથી; પરંતુ સુખના કારણરૂપ લાગે છે. તેમ પ્રસ્તુત યોગીને તપ-સંયમની ક્રિયા કે પરિષહ-ઉપસર્ગના સહનની ક્રિયા વિશેષ નિર્લેપ દશાનું કારણ જ દેખાય છે, તેથી તે ક્રિયાઓથી તે તાત્ત્વિક પ્રશમસુખનો અનુભવ કરે છે.

અહીં વિશેષ એ છે કે વિવેકી યોગી તપ-સંયમની ક્રિયા કે ઉપસર્ગ-પરિષહના સહનની ક્રિયા પણ પોતાના પ્રશમસુખને અનુકૂળ ચિત્તની વૃદ્ધિનું કારણ બને તે રીતે કરે છે અને આથી અતિશય પરિષહ, ઉપસર્ગથી ચિત્ત પ્રશમભાવમાં સમર્થ ન બને તો તે પરિષહ, ઉપસર્ગના નિમિત્તથી દૂર રહીને પણ પ્રશમભાવની વૃદ્ધિ અર્થે યત્ન કરે છે.

**અવતરણિકા :**

एतदेवाह-

**અવતરણિકાર્થ :**

**આને જ કહે છે=પૂર્વમાં કહ્યું કે રોગની શોભન ક્રિયાના ઉદાહરણથી નિરપાય યોગી તપ-સંયમની ક્રિયાથી કે ઉપસર્ગ પરિષહથી પીડા પામતો નથી, એને જ કહે છે–**

**સૂત્ર :**

**से जहा केइ महावाहिगहिए, अणुभूयतव्वेयणे, विण्णाया सरूवेण, निव्विण्णे तत्तओ, सुवेज्जवयणेण सम्मं तमवगच्छिय जहाविहाणओ पवन्ने सुकिरियं, निरुद्धजहिच्छाचारे, तुच्छपत्थभोई मुच्चमाणे वाहिणा नियत्तमाणवेयणे समुवलब्भारोग्गं पवड्ढमाणतब्भावे, तल्लाभनिव्वुईए**

तप्पडिबंधाओ सिराखाराइजोगे वि वाहिसमारोग्गविण्णाणेण इट्ठनिप्फत्तीओ अणाकुलभावयाए, किरिओवओगेण अपीडिए, अव्वहिए, सुहलेस्साए वड्ढइ, वेज्जं च बहु मन्नइ ।

સૂત્રાર્થ :

તે આ પ્રમાણે–

કોઇક મહાવ્યાધિથી ગૃહિત, અનુભૂત એવી તેની=વ્યાધિની, વેદનાવાળો અને સ્વરૂપથી વેદનાને જાણનારો, તત્ત્વથી તે વેદનાથી નિર્વેદ પામેલો, સુવૈધના વચનથી સમ્યગ્ તે વ્યાધિને જાણીને, યથાવિધાનપૂર્વક શુભક્રિયાનો સ્વીકાર કર્યો છે જેણે એવો, નિરુદ્ધ કર્યો છે યદૃચ્છાચાર જેણે એવો, તુચ્છ-પથ્ય-ભોજી, વ્યાધિ દ્વારા મુકાતો, નિવર્તમાન વેદનાવાળો, આરોગ્યને પ્રાપ્ત કરીને, પ્રવર્ધમાન આરોગ્યના ભાવવાળો, અને તેના લાભની=આરોગ્યના લાભની, નિષ્પત્તિથી આરોગ્યમાં પ્રતિબંધ હોવાને કારણે, શિરાક્ષારાદિના યોગમાં પણ (અનાકુળ ભાવ છે.) વ્યાધિના શમનથી આરોગ્યનું સંવેદન હોવાના કારણે, (શિરાક્ષારાદિ યોગથી) ઈષ્ટનિષ્પત્તિ હોવાના કારણે (શિરાક્ષારાદિ યોગમાં અનાકુળ ભાવ છે) (અને શિરાક્ષારાદિ યોગમાં) અનાકુળ ભાવ હોવાના કારણે ક્રિયાના ઉપયોગ વડે અપીડિત, અવ્યથિત એવો તે રોગી શુભલેશ્યાથી વધે છે અને વૈધને બહુમાને છે.

ટીકા :

से जहेत्यादि । तद्यथा-कश्चित् सत्त्वो महाव्याधिगृहीतः कुष्ठादिग्रस्त इत्यर्थः। अनुभूततद्वेदनः, अनुभूतव्याधिवेदनः । विज्ञाता स्वरूपेण वेदनायाः, न कण्डूगृहीत-कण्डूयनकारिवद् विपर्यस्तः । निर्विण्णस्तत्त्वतः तद्वेदनयेति प्रक्रमः। ततः किम्? इत्याह- सुवैद्यवचनेन हेतुभूतेन सम्यगवैपरीत्येन तं व्याधिमवगम्य यथाविधानतो यथाविधानेन देवतापूजादिलक्षणेन, प्रपन्नः सुक्रियां परिपाचनादिरूपाम्, निरुद्धयदृच्छाचारः सन् प्रत्यपायभयात्, तथा तुच्छपथ्य-भोजी व्याध्यानुगुण्यतः, अनेन प्रकारेण मुच्यमानो व्याधिना खसराद्यपगमेन, निवर्त्तमानवेदनः कण्ड्वाद्यभावात्, समुपलभ्यारोग्यं सदुपलम्भेन,

प्रवर्द्धमानतद्भावः प्रवर्द्धमानारोग्यभावः, तल्लाभनिर्वृत्त्या आरोग्यलाभनिर्वृत्त्या, तत्प्रतिबन्धात् आरोग्यप्रतिबन्धाद्धेतोः, शिराक्षारादियोगेऽपि शिरावेध-क्षारपातभावेऽपीत्यर्थः । व्याधिशमारोग्यविज्ञानेन, व्याधिशमाद् यदारोग्यं तदवबोधेनेत्यर्थः । किम् इत्याह- इष्टनिष्पत्तेरारोग्यनिष्पत्तेर्हेतोरनाकुलभावतया निबन्धनाभावात्, तथा क्रियोपयोगेन इतिकर्त्तव्यतायां बोधेन हेतुना, अपीडितः, अव्यथितो निवातस्थानाऽऽसनौषधपानादिना । किम्? इत्याह-शुभलेश्यया प्रशस्तभावरूपया वर्द्धते वृद्धिमाप्नोति । तथा वैद्यं च बहु मन्यते, महापायनिवृत्तिहेतुरयं ममेति सम्यग् ज्ञानात् ।

**ટીકાર્થ :**

'से जहेत्यादि ।' એ પ્રતીક છે.

તે=રોગીનું ઉદાહરણ,=પૂર્વમાં કહ્યું કે રોગીને શોભન ક્રિયાના ઉદાહરણથી તે સાધુ અપીડિત અને અવ્યથિત છે ત્યાં રોગીનું ઉદાહરણ, આ પ્રમાણે છે–

કોઈ મહાવ્યાધિથી ગૃહીત=કુષ્ટાદિથી ગ્રસ્ત, એવો જીવ, અનુભૂત વ્યાધિની વેદનાવાળો, સ્વરૂપથી વેદનાને જાણનારો, પરંતુ ખણજથી ગ્રસ્ત એવા ખણજ કરનારની જેમ વિપર્યયવાળો નહિ એવો તત્ત્વથી તે વ્યાધિની વેદનાથી નિર્વેદ પામેલો છે.

★ અહીં મૂળ સૂત્રમાં '**निव्विण्णे**' લખેલુ છે, ત્યાં '**तत् वेदनया**' એ પ્રક્રમથી પ્રાપ્ત છે=**अनुभूअतव्वेअणे** માં **तत् वेयणे** છે તે પ્રક્રમથી અહીં પ્રાપ્ત છે.

પરમાર્થથી વેદનાથી નિર્વેદ પામેલો છે, તેનાથી શું ? એથી કહે છે–

હેતુભૂત એવા સુવૈદ્યના વચનથી સમ્યગ્=અવિપરિતપણાથી, તે વ્યાધિને જાણીને, યથાવિધાનથી=દેવતાપૂજાદિ સ્વરૂપ યથાવિધાનથી, પરિપાચનાદિ રૂપ સુક્રિયાને સ્વીકારેલો, વળી પ્રત્યપાયના ભયના કારણે યદચ્છાચારનો જેણે નિરોધ કર્યો છે તેવો, તથા વ્યાધિ મટાડવાને અનુરૂપ તુચ્છ=નિઃસાર, પથ્ય ભોજન કરનારો, આ પ્રકારથી=ઔષધ સેવનાદિ પ્રકારથી, ખસરાદિના અપગમને કારણે વ્યાધિથી મુકાતો, કંડુ આદિના અભાવને કારણે નિવર્તમાન વેદનાવાળો=કંઈક અંશથી ઓછી થતી વેદનાવાળો, સત્ ક્રિયાના ઉપલંભને કારણે=રોગ મટાડવાના

સદ્ઉપાયની પ્રાપ્તિ હોવાના કારણે, આરોગ્યને પ્રાપ્ત કરીને પ્રવર્ધમાન આરોગ્યના ભાવવાળો આરોગ્યના લાભની નિષ્પત્તિના કારણે આરોગ્ય પ્રત્યે પ્રતિબંધવાળો હોવાથી શિરાક્ષારાદિના યોગમાં પણ=શિરાવેધ અને ક્ષારપાતના ભાવમાં પણ, અનાકુળ ભાવવાળો છે; કેમ કે વ્યાધિના શમનને કારણે આરોગ્યનું સંવેદન છે=પૂર્વના ઔષધથી વ્યાધિનું જે શમન થયું તેનાથી જે આરોગ્ય પ્રાપ્ત થયું છે તેનું સંવેદન છે.

**किम? इत्याह=કેમ ? એથી કરીને કહે છે=શિરાક્ષારાદિ પીડારૂપ હોવા છતાં શિરાક્ષારાદિના યોગમાં અનાકુળ કેમ છે ? એથી કરીને કહે છે–**

ઇષ્ટની નિષ્પત્તિ હોવાથી=આરોગ્યની નિષ્પત્તિ હોવાથી, શિરાક્ષારાદિ યોગમાં પણ અનાકુળ ભાવ છે; એમ અન્વય છે, કેમ કે અનાકુળ ભાવ હોવાના કારણે નિબંધનનો અભાવ છે=શિરાક્ષારાદિ યોગના કારણે રોગની અલ્પતા થવાથી અનાકુળભાવની નિષ્પત્તિ હોવાના કારણે આકુળતાના કારણનો અભાવ છે. (માટે શિરાક્ષારાદિ યોગમાં પણ અનાકુળભાવ છે એમ અન્વય છે) અને ક્રિયામાં ઉપયોગ હોવાના કારણે=ક્રિયામાં ઇતિકર્તવ્યતાનો બોધ હોવાના કારણે, સુવૈદ્યની ક્રિયામાં અપીડિત છે, અને નિવાતસ્થાને=પવન વગરના સ્થાનમાં, આસન ઔષધપાનાદિથી અવ્યથિત છે.

**किम? इत्याह=કેમ અપીડિત, અવ્યથિત છે ? એથી કરીને કહે છે–**

"મને આરોગ્યની પ્રાપ્તિ થશે" તે પ્રકારની પ્રશસ્તભાવરૂપ શુભલેશ્યાથી વૃદ્ધિને પામે છે, અને આ=વૈદ્ય, મારા મહાઅપાયની નિવૃત્તિનો હેતુ છે, આ પ્રકારના સમ્યગ્ જ્ઞાનના કારણે વૈદ્યને બહુમાને છે.

**ભાવાર્થ :**

કોઇ જીવ કુષ્ટાદિ મહાવ્યાધિથી ગ્રસ્ત હોય અને તે રોગની વેદનાને અનુભવનારો હોય, પરન્તુ કેટલાક રોગો એવા હોય છે કે રોગીની ઇન્દ્રિયો કુંઠિત થવાના કારણે રોગની વેદનાનો અનુભવ નહિવત્ હોય છે, તેવો રોગી અહીં લેવાનો નથી, પરંતુ જે રોગીને તે મહાવ્યાધિની પીડાનો અત્યંત અનુભવ હોય તેવો રોગી અહીં લેવાનો છે. તેવો રોગી વળી તે વેદનાના સ્વરૂપને જાણનારો હોય, પરંતુ ખણજથી ગ્રસ્ત, ખણજ કરનાર રોગીની જેમ વિપર્યસ્ત ન હોય અર્થાત્

કેટલાક ખણજના રોગીને ખણજ કરવાથી થતા સુખમાં જ સુખબુદ્ધિ હોય છે પરંતુ આરોગ્યના સાચા સુખને જાણતા નથી. તેવો વિપર્યસ્ત રોગી અહીં લેવાનો નથી; પરંતુ રોગકૃત વેદનામાં દુઃખરૂપતાના અનુભવને જાણનાર રોગી અહીં ગ્રહણ કરવાનો છે. અર્થાત્ તત્ત્વથી વ્યાધિની વેદનાથી નિર્વેદ પામેલો હોય તેવો રોગી અહીં લેવાનો છે.*

આનાથી એ ફલિત થાય કે કુષ્ટાદિ રોગની અતિ પીડાને કારણે કંઈક રાહતના ઉપાયથી તેના શમનમાં યત્નવાળો હોય, અને તેના શમનનાં ઉપાયના વિચારો પણ કરતો હોય, તો પણ વાસ્તવિક રીતે તે વેદનાથી કંટાળેલો હોય છે અને આથી તે રોગનો મૂળથી નાશ થાય તેવા ઉપાયને સેવવાની અભિલાષાવાળો હોય તે રોગી તત્ત્વથી તે વેદનાથી નિર્વેદ પામેલો છે અને વેદનાથી નિર્વેદ પામેલ હોવાને કારણે સુવૈદ્યના વચનથી તે વ્યાધિને સમ્યગ્ રીતે જાણીને યથાવિધાનથી ક્રિયામાં પ્રયત્નવાળો હોય છે.

આશય એ છે કે વિવેકી જીવ સુવૈદ્યને પોતાના રોગવિષયક પૃચ્છા કરીને વ્યાધિનું મૂળ કારણ શું છે તે જાણીને દેવતા-પૂજાદિલક્ષણ યથાવિધાનથી પરિપાચનાદિરૂપ ક્રિયાને કરવાના પ્રયત્નવાળો હોય છે અર્થાત્ વિવેકી જીવ જાણે છે કે સુવૈદ્ય, રોગને અને રોગના ઉપાયને યથાર્થ જાણે છે, તેથી તે સુવૈદ્ય પાસે વિધિપૂર્વક રોગ મટાડવાની ક્રિયાનો પ્રારંભ કરે છે અર્થાત્ ઈષ્ટદેવતાની પૂજા કરે, સારા શુકનાદિ જુએ વગેરે વિધિ કરવાપૂર્વક પરિપાચનાદિરૂપ ક્રિયાનો પ્રારંભ કરે છે.

વળી, તે રોગી પરિપાચનાદિ સુક્રિયા કરતી વખતે યદચ્છાચાર કરનારો નથી; કેમ કે યદચ્છાચારથી અનર્થ થવાનો ભય છે. વળી, તે રોગી વ્યાધિ મટાડવાને અનુરૂપ તુચ્છ=નિઃસાર અને પથ્ય ભોજન કરે છે, અને આ રીતે ખસરાદિના અપગમને કારણે તે વ્યાધિથી મુકાતો હોય છે અને તેના કારણે ખણજ આદિનો અભાવ થવાથી વ્યાધિની વેદના પણ ઓછી થતી જાય છે અને તેથી કાંઈક આરોગ્યની પ્રાપ્તિ કરે છે. અર્થાત્ સાચું ઔષધ પ્રાપ્ત થવાના કારણે કંઈક આરોગ્યને પ્રાપ્ત કરે છે, ઔષધ સેવનથી પ્રવર્ધમાન આરોગ્યવાળો તે રોગી આરોગ્ય પ્રત્યે બદ્ધ રાગવાળો થાય છે. તેથી આરોગ્યના ઉપાયભૂત શિરાવેધ અને ક્ષારપાત આદિ ક્રિયામાં પણ ઈષ્ટ એવા આરોગ્યની નિષ્પત્તિ હોવાના કારણે

અનાકુળ ભાવવાળો હોય છે; કેમ કે વ્યાધિના શમનને કારણે તેને જે આરોગ્ય પ્રાપ્ત થયું છે તેનું તેને સંવેદન છે. તેથી વૈદ્યના ઉપદેશ પ્રમાણે શિરાવેધ કરવામાં આવે, અને તેના અંગ ઉપર ક્ષાર લગાડવામાં આવે તે સમયે સખત પીડા થતી હોવા છતાં આકુળતા અનુભવતો નથી; કેમ કે પૂર્વના ઔષધથી થતા વ્યાધિના શમનથી આરોગ્યનું સંવેદન કર્યું છે, તેથી તે જાણે છે કે આ શિરાવેધાદિથી પૂર્વમાં રોગનું શમન થયું છે, તેનાં કરતા પણ વિશેષ રીતે રોગનું શમન થશે, તેથી ઈષ્ટ એવા આરોગ્યની પ્રાપ્તિ હોવાથી તેને આકુળતા થતી નથી. વળી, તે રોગી આ ક્રિયામાં ઈતિકર્તવ્યતાના બોધવાળો હોય છે. આ બન્ને કારણોથી શિરાવેધ કે ક્ષારપાતાદિની ક્રિયા ચાલતી હોય ત્યારે પણ તે અપીડિત છે. વળી ક્રિયાકાળમાં પવન ન આવતો હોય તેવા સ્થાનમાં બેસવાથી અને અમુક જાતનાં કટુ ઔષધાદિનાં પાન કરવાથી પણ તે વ્યથા પામતો નથી. અને કેમ વ્યથા પામતો નથી તે બતાવતાં કહે છે કે, આ બધી પ્રવૃત્તિથી મને આરોગ્ય પ્રાપ્ત થશે એ પ્રકારના પ્રશસ્તભાવરૂપ શુભલેશ્યા વધે છે, અને આ વૈદ્ય મારા મહા અપાયની નિવૃત્તિના હેતુભૂત છે એ પ્રમાણે સમ્યગ્ જ્ઞાન હોવાના કારણે વૈદ્યને બહુમાને છે.

**અવતરણિકા :**

**एष दृष्टान्तः, अयमर्थोपनयः-**

**અવતરણિકાર્થ :**

एष=આ=આગળમાં કહેવાયુ એ, દષ્ટાંત છે. આ=હવે કહેવાશે એ, દષ્ટાંતના અર્થનો ઉપનય છે.

**સૂત્ર :**

**एवं कम्मवाहिगहिए, अणुभूयजम्माइवेयणे, विण्णाया दुक्खरूवेणं निव्विण्णे तत्तओ तओ, सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिय पुव्वुत्तविहाणओ पवन्ने सुकिरियं पवज्जं, निरूद्धपमायचारे, असारसुद्ध-भोई, मुच्चमाणे कम्मवाहिणा, नियत्तमाणिट्ठवियोगाइवेयणे, समुवलब्भ चरणारोग्गं पवड्ढमाणसुहभावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधविसेसओ परीसहोवसग्गभावे वि तत्तसंवेयणाओ कुसलासयवुड्ढीथिरासयत्तेण**

धम्मोवओगाओ सया थिमिए तेउल्लेसाए वड्डइ, गुरुं च बहु मन्नइ जहोचियं असंगपडिवत्तीए, निसग्गपवित्तिभावेण एसा गुरू वियाहिया भावसारा विसेसओ भगवंतबहुमाणेणं । जो मं पडिमन्नइ से गुरुं ति तयाणा ।

સૂત્રાર્થ :

આ રીતે=પૂર્વમાં રોગીનું દૃષ્ટાંત બતાવ્યુ એ રીતે, કર્મવ્યાધિથી ગ્રહિત, અનુભૂત જન્માદિ વેદનાવાળો, (જન્માદિ વેદનાને) દુઃખરૂપે જાણનારો, તેથી કરીને તત્ત્વથી જન્માદિ વેદનાથી નિર્વેદ પામેલો, સુગુરુના વચનથી (અને) અનુષ્ઠાનાદિથી તેને જાણીને=સુગુરુને અને કર્મવ્યાધિને જાણીને, પૂર્વ ઉક્ત વિધાનથી=ત્રીજા સૂત્રમાં કહેલી વિધિથી, શુભક્રિયારૂપ પ્રવ્રજ્યાને સ્વીકારેલો, નિરુદ્ધ પ્રમાદચારવાળો=નિરોધ કરાયેલા પ્રમાદના આચારવાળો, અસાર શુદ્ધ ભોજી=તુચ્છ નિર્દોષ આહાર કરનાર, કર્મવ્યાધિથી મુકાતો, નિવર્તમાન ઈષ્ટવિયોગાદિની વેદનાવાળો, ચારિત્રરૂપ આરોગ્યને પ્રાપ્ત કરીને પ્રવર્ધમાન શુભભાવવાળો, ચરણ-આરોગ્યના લાભની નિષ્પત્તિથી, ચરણ-આરોગ્યના પ્રતિબંધ વિશેષનાં કારણે, પરિષહ-ઉપસર્ગાદિ ભાવમાં પણ તત્ત્વસંવેદનને કારણે, કુશળ આશયની વૃદ્ધિને કારણે સ્થિર આશય થવાથી, અને ધર્મમાં ઉપયોગ હોવાને કારણે સદા સ્તિમિત એવો તે સાધુ, તેજોલેશ્યાથી વધે છે. અને અસંગ પ્રતિપત્તિ દ્વારા ઔચિત્યપૂર્વક ગુરુને બહુ=અત્યંત, માને છે.

અહીં અસંગ પ્રતિપત્તિથી ગુરુને બહુ કેમ માને છે ? એથી કરીને કહે છે–

નિસર્ગપ્રવૃત્તિપણું હોવાને કારણે આ=અસંગ પ્રતિપત્તિ ગુરુ કહેવાયી છે; કેમ કે વિશેષથી ભાવસાર છે. અસંગ પ્રતિપત્તિ ગુરુ કેમ કહેવાયી છે તેમાં જ બીજી યુક્તિ આપે છે–

ભગવાનનું બહુમાન છે.

ભગવાનનું બહુમાન કેમ છે ? તે યુક્તિથી બતાવે છે–

જે મને સ્વીકારે છે તે ગુરુને સ્વીકારે છે, એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે.

**ટીકા :**

एवमित्यादि । एवं कर्मव्याधिगृहीतः प्राणी । किंविशिष्टः? इत्याह-अनुभूतजन्मादिवेदनः । आदिशब्दाज्जरा-मरणादिग्रहः । विज्ञाता दुःखरूपेण जन्मादिवेदनायाः, न तु तत्रैवासक्त्या विपर्यस्त इति । ततः किम्? इत्याह-निर्विण्णस्तत्त्वतः ततो जन्मादिवेदनायाः । किम्? इत्याह-सुगुरुवचनेन हेतुनाऽनुष्ठानादिना उपायेन तमवगम्य सुगुरुं कर्मव्याधिं च, पूर्वोक्तविधान-तस्तृतीयसूत्रोक्तेन विधानेन प्रपन्नः सन् सुक्रियां प्रव्रज्याम्, निरुद्धप्रमादचारो यदृच्छया, असारशुद्धभोजी संयमानुगुण्येन, अनेन विधिना मुच्यमानः कर्मव्याधिना, निवर्त्तमानेष्टवियोगादिवेदनस्तथा मोहनिवृत्त्या, किम्? इत्याह-समुपलभ्य चरणारोग्यं सदुपलम्भेन, प्रवर्द्धमानशुभभावः=प्रवर्द्धमानचरणारोग्यभावः बहुतरकर्मव्याधिविकारनिवृत्त्या, तल्लाभनिर्वृत्त्या तत्प्रतिबन्धविशेषात् चरणारोग्यप्रतिबन्धविशेषात् स्वाभाविकात् कारणात्, परीषहोपसर्गभावेऽपि=क्षुद्-दिव्यादिव्यसनभावेऽपि, तत्त्वसंवेदनात्=सम्यग्ज्ञानाद्धेतोः, तथा कुशलाशयवृद्ध्या क्षायोपशमिकभाववृद्ध्या, स्थिराशयत्वेन=चित्तस्थैर्येण हेतुना, तथा धर्मोपयोगात् इतिकर्तव्यताबोधात् कारणात्, सदा स्तिमितः=भावद्वन्द्वविरहात् प्रशान्तः । किम्? इत्याह-तेजोलेश्यया शुभप्रभावरूपया वर्द्धते =वृद्धिमनुभवति, गुरुं च बहु मन्यते भाववैद्यकल्पम्, कथम्? इत्याह-यथोचितमौचित्येन, असङ्गप्रतिपत्त्या=स्नेहरहिततद्भावप्रतिपत्त्या । किमस्या उपन्यासः? इत्याह-निसर्गप्रवृत्तिभावेन सांसिद्धिकप्रवृत्तित्वेन हेतुना, एषाऽसङ्गप्रतिपत्तिर्गुर्वी व्याख्याता भगवद्भिः, किम्? इत्यत आह- भावसारा तथौदयिकभावविरहेण, विशेषतः असङ्गप्रतिपत्तेः । इहैव युक्त्यन्तरमाह-भगवद्बहुमानेन अचिन्त्यचिन्तामणिकल्पतीर्थंकरप्रतिबन्धेन । कथमयम्? इत्याह-यो मां प्रतिमन्यते भावतः स गुरुमित्येवं तदाज्ञा भगवदाज्ञा, इत्थं तत्त्वं व्यवस्थितम् ।

**ટીકાર્થ :**

'एवमित्यादि' એ પ્રતીક છે.

આ રીતે=પૂર્વમાં દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, કર્મવ્યાધિથી ગૃહીત જીવ, વળી તે કેવો વિશિષ્ટ જીવ છે, તે બતાવે છે–

અનુભૂત જન્માદિ વેદનાવાળો, જન્માદિમાં આદિ શબ્દથી જરા, મરણાદિનું ગ્રહણ કરવાનું છે. જન્માદિ વેદનાને દુઃખરૂપે જાણ્યુ છે તેવો, પરંતુ ત્યાં જ= સંસારમાં જ, આસક્તિ હોવાથી વિપર્યસ્ત નહિ એવો. તેનાથી શું ?=જન્માદિ વેદનાને દુઃખરૂપ જાણ્યું છે તેનાથી શું ? એથી કરીને કહે છે– તેનાથી=જન્માદિ વેદનાથી, તત્ત્વથી किम्?=નિર્વેદ પામેલો છે. તેનાથી શું ? એથી કરીને કહે છે–

સુગુરુના વચનરૂપ હેતુથી અને અનુષ્ઠાનાદિ ઉપાયથી તેને=સુગુરુને અને કર્મવ્યાધિને, જાણીને, પૂર્વમાં કહેલા વિધાનથી=ત્રીજા સૂત્રમાં કહેલી વિધિથી, પ્રવ્રજ્યારૂપ સુક્રિયાને સ્વીકારેલો છતો, યદચ્છાથી થતા પ્રમાદાચારનો નિરોધ કર્યો છે તેવો, સંયમને અનુરૂપ એવા અસાર અને શુદ્ધ ભોજનને કરનારો, આ વિધિ દ્વારા=સુગુરુના વચનથી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરી અને એના પ્રમાણે અપ્રમાદભાવથી યત્ન કરે છે એ વિધિ દ્વારા, કર્મવ્યાધિથી મુકાતો, તે પ્રકારના મોહની નિવૃત્તિ થવાથી=ઇન્દ્રિયોને અનુકુળમાં ઇષ્ટ બુદ્ધિ અને પ્રતિકૂળમાં અનિષ્ટબુદ્ધિ કરાવે તેવા પ્રકારના મોહની નિવૃત્તિ થવાથી, નિવર્તમાન ઇષ્ટવિયોગાદિની વેદના વાળો, किम् ? इत्याह=ઇષ્ટવિયોગાદિની વેદનાથી નિવર્તમાન હોવાથી શું ? એથી કહે છે–

સદ્‌ઉપલંભને કારણે=સદ્‌ઉપાયની પ્રાપ્તિને કારણે, ચરણ-આરોગ્યની સમ્યગ્ પ્રાપ્તિ કરીને, પ્રવર્ધમાન શુભભાવવાળો=બહુતર કર્મવ્યાધિના વિકારની નિવૃત્તિથી પ્રવર્ધમાન ચરણ-આરોગ્યના ભાવવાળો, તેના=ચરણ-આરોગ્યના, લાભની નિષ્પત્તિ હોવાના કારણે, ચરણ આરોગ્ય પ્રત્યે પ્રતિબંધવિશેષરૂપ સ્વાભાવિક કારણથી પરિષહ-ઉપસર્ગના ભાવમાં પણ=ક્ષુધાદિ પરિષહ અને દેવતાદિ કૃત ઉપસર્ગના ભાવમાં પણ, તત્ત્વસંવેદન હોવાને કારણે=સમ્યગ્ જ્ઞાન હોવાને કારણે, અને કુશળ આશયની વૃદ્ધિ થવાથી=ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ થવાથી, સ્થિર આશય હોવાને કારણે=ચિત્તસ્થૈર્ય થવાને કારણે, અને ધર્મનો ઉપયોગ હોવાને કારણે=સંયમધર્મમાં ઇતિકર્તવ્યતાનો બોધ હોવાને કારણે, સદા સ્તિમિત=ભાવદ્વંદ્વના વિરહને કારણે પ્રશાંત किम् ? इत्याह=પ્રશાંત છતો શું? એથી કહે છે–

**શુભ એવા પ્રકૃષ્ટભાવરૂપ તેજોલેશ્યાથી વૃદ્ધિને પામે છે અને ભાવવૈદ્ય તુલ્ય ગુરુને બહુમાને છે. ગુરુને કેવી રીતે બહુમાને છે ? એથી કરીને કહે છે–**

**અસંગ પ્રતિપત્તિથી=સ્નેહ રહિત તદ્ભાવ પ્રતિપત્તિથી=સ્નેહરહિત ગુરૂના ઉપકારરૂપ ભાવનાં સ્વીકારથી, ઔચિત્યપૂર્વક ગુરુને બહુમાને છે.**

**અહીં અસંગ પ્રતિપત્તિનો ઉપન્યાસ કેમ કર્યો છે ? એથી કરીને કહે છે–**

**નિસર્ગ પ્રવૃત્તિ હોવાને કારણે=સાંસિદ્ધિક પ્રવૃત્તિ હોવાને કારણે, આ અસંગ પ્રતિપત્તિ ભગવાન વડે ગુર્વી કહેવાઈ છે.**

**આ=અસંગ પ્રતિપત્તિ ગુર્વી કેમ કહેવાઈ છે ? એથી કરીને કહે છે–**

**તથાપ્રકારના ઔદાયિક ભાવનો વિરહ હોવાને કારણે ભાવસાર છે અને અસંગ પ્રતિપત્તિ હોવાને કારણે વિશેષથી ભાવસાર છે અર્થાત્ જીવના મૂળ ભાવસ્વરૂપ છે. અહીંયાં જ=અસંગ પ્રતિપત્તિ ભાવસાર છે એમાં જ, યુક્ત્યંતરને કહે છે. ભગવાનનું બહુમાન હોવાના કારણે=અચિંત્ય ચિંતામણિ તુલ્ય તીર્થંકરનો પ્રતિબંધ હોવાને કારણે, (આ અસંગ પ્રતિપત્તિ વિશેષથી ભાવસાર છે.)**

**આ કેમ છે ?=અસંગ પ્રતિપત્તિથી ગુરુને બહુમાને છે તે ભગવાનનુ બહુમાન છે એવું કેમ છે ? એથી કરીને કહે છે–**

**"જે મને ભાવથી માને છે તે ગુરુને માને છે", એ પ્રકારની તેમની= ભગવાનની આજ્ઞા છે. આ પ્રકારનું તત્ત્વ વ્યવસ્થિત છે=જે વ્યક્તિ ભગવાનને ભાવથી માને છે તે ગુરુને માને છે એ પ્રકારનું તત્ત્વ વ્યવસ્થિત છે.**

★ અહીં '**आदिशब्दाज्जरा-मरणादिग्रहः**' માં '**आदि**' પદથી ભય, શોક ગ્રહણ કરવાનું છે.

★ અહીં '**अनुष्ठानादि**' માં '**आदि**' પદથી રોગના શમનને ગ્રહણ કરવાનું છે અર્થાત્ અનુષ્ઠાનના સેવનથી થતા કષાયના ઉપશમને ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ અનુષ્ઠાનરૂપ ઉપાયથી સુગુરુ અને કર્મરૂપ વ્યાધિનો બોધ થાય છે, તેમ અનુષ્ઠાનના સેવનથી થયેલા વ્યાધિના કંઈક ઉપશમરૂપ ઉપાયથી પણ સુગુરુ અને કર્મવ્યાધિને જાણે છે.

★ અહીં '**इष्टवियोगादि**' માં '**आदि**' થી અનિષ્ટસંયોગને ગ્રહણ કરવાનુ છે.

★ અહીં '**परिषह-उपसर्ग-भावेपि**' માં '**अपि**' થી પરિષહ-ઉપસર્ગ ન હોય તો સ્તિમિત હોય છે, પણ પરિષહ-ઉપસર્ગના ભાવમાં પણ સ્તિમિત હોય છે, તે ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં દૃષ્ટાંત બતાવ્યું તે રીતે કર્મરૂપી વ્યાધિથી યુક્ત એવો સંસારી જીવ જ્યારે સદ્‌ગુરુ આદિના યોગથી જાણે છે કે હું અનાદિકાળથી છું અને મેં જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ દુઃખોને અનંતીવાર ભોગવ્યા છે, અને ખરેખર આ સંસારમાં જન્માદિની વેદના દુઃખરૂપ છે તેવું જ્ઞાન થવાથી સંસાર પ્રત્યે નિર્વેદ પામેલો છે.

આશય એ છે કે સામાન્ય રીતે સંસારી દરેક જીવે અનંતી વાર જન્માદિની વેદનાને અનુભવી છે. આમ છતાં જન્માદિની વેદનાને તે ભૂલી જાય છે અને આ જન્મમાં મળેલા વિષયોમાં આસક્ત રહે છે, તેથી વિપર્યાસવાળા હોય છે, અને તેથી સંસારના તુચ્છ એવા વિષયોમાં આસક્તિના કારણે ભોગાદિ પ્રવૃત્તિમાં તેને જન્મનું સાફલ્ય લાગે છે. જ્યારે વિવેકી જીવ ગુરુ આદિના યોગથી જાણે છે કે આ સંસારમાં જીવોને કર્મરૂપી વ્યાધિ છે, જેના ફળરૂપે જન્માદિ વેદના પ્રાપ્ત થાય છે, માટે પ્રાપ્ત થયેલા મનુષ્ય ભવમાં આત્મહિતને સાધવા માટે યત્ન કરવો જોઈએ. આવો જીવ સુગુરુના વચનથી અને સુગુરુએ બતાવેલા અનુષ્ઠાનથી સુગુરુને અને કર્મવ્યાધિને જાણે છે.

તાત્પર્ય એ છે કે સુગુરુએ સંસારનું સ્વરૂપ બતાવ્યું, અને તેમના વચનથી આ સંસારમાં કર્માદિ રોગો છે તેમ જાણ્યું અને આ કર્મરોગને મટાડવાનો ઉપાય આ સંયમ અનુષ્ઠાન છે તેમ પણ જાણ્યું, તેથી સુગુરુના વચનથી અને અનુષ્ઠાનથી જીવને જ્ઞાન થાય છે કે, ખરેખર જગતનું સાચુ સ્વરૂપ બતાવનાર હોવાથી આ સુગુરુ છે, અને તેમના વચનથી સંસારી જીવોને કર્મવ્યાધિ છે તેનું પણ જ્ઞાન થાય છે. વળી, કર્મરોગને મટાડવા માટે સુગુરુએ બતાવેલા અનુષ્ઠાનોથી પણ નક્કી થાય છે કે આ સુગુરુ છે; કેમ કે તેમના વચનઅનુસાર કરાયેલા અનુષ્ઠાનથી વ્યાધિનું શમન થતું દેખાય છે. વળી, સુગુરુએ બતાવેલા અનુષ્ઠાનથી પોતાનો

કર્મરોગ ઘટવાથી ભાવઆરોગ્યની પ્રાપ્તિનો અનુભવ થાય છે. તેથી પણ નક્કી થાય છે કે પોતાને કર્મવ્યાધિ છે. તે આ રીતે–

સંસારમાં રહેલ જીવ ભૌતિક સુખના ગાઢ આકર્ષણના કારણે અર્થોપાર્જન આદિમાં યત્ન કરીને પોતે કલેશને અનુભવતો હતો, પરંતુ સુગુરુના પરિચયથી પ્રતિબોધ પામ્યા પછી, તેમના વચનથી વિરતિની કાંઈક આચરણા કરીને રાગાદિરૂપ કર્મવ્યાધિના કંઈક વિગમનથી સ્વસ્થતાને અનુભવે છે. આ રીતે અનુષ્ઠાનના સેવનથી, અર્થોપાર્જન કરવાની અને ભોગાદિ કરવાની મનોવૃત્તિરૂપ પોતાનો વ્યાધિ અલ્પ થયેલો જણાય છે. તેથી તે નક્કી કરે છે કે, આ કર્મવ્યાધિના કારણે નિ:સાર એવા ભોગાદિમાં પ્રયત્ન કરીને હું કદર્થના પામું છું, જ્યારે નિસ્પૃહ મહાત્માઓ કોઈ પણ સંયોગમાં કર્મની કદર્થનાને પામતા નથી, તેથી કર્મવ્યાધિ દૂર કરવા જેવો છે અને નિસ્પૃહતા મેળવવા યોગ્ય છે.

જેમ રોગી વૈદ્યના વચનથી રોગને જાણીને વિધિપૂર્વક ઔષધ સેવે છે તેમ પ્રસ્તુત પ્રવ્રજિત સુગુરુના વચનથી અને સુગુરુએ બતાવેલા અનુષ્ઠાનના સેવનથી સુગુરુને સુગુરુરૂપે જાણે છે અને પોતાના કર્મવ્યાધિને વ્યાધિરૂપે જાણે છે. અને જેમ રોગી દેવતા-પૂજાદિલક્ષણ વિધિપૂર્વક પરિપાચનાદિરૂપ સુક્રિયાને સ્વીકારે છે તેમ પ્રસ્તુત પ્રવ્રજિત ત્રીજા સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ઔચિત્યપૂર્વક પ્રવ્રજ્યારૂપ સુક્રિયાને સ્વીકારે છે, અને આ જ સૂત્રમાં આગળ બતાવ્યા મુજબ ગ્રહણ શિક્ષા અને આસેવનશિક્ષારૂપ સુક્રિયાને સ્વીકારે છે અને જેમ રોગી ઔષધસેવનમાં મનસ્વીતાનો નિરોધ કરે છે અને વૈદ્યના સૂચન પ્રમાણે તુચ્છ અને પથ્ય ભોજન કરે છે તેમ અધિકૃત પ્રવ્રજિત પણ પ્રવ્રજ્યાને સ્વીકાર્યા પછી યદચ્છાચારથી થતા પ્રમાદચારનો નિરોધ કરે છે અને ગુરુના વચનાનુસાર અપ્રમાદથી સંયમયોગમાં મન, વચન, કાયાનાં યોગોને પ્રવર્તાવે છે, અને સંયમને ઉપકારક થાય એવી અસાર અને નિર્દોષ ભિક્ષા વાપરે છે, જેથી ભોજનની ક્રિયામાં પણ ઇન્દ્રિયોની પરવશતા કે આહારસંજ્ઞાની પરવશતાથી સંયમની મલિનતા થતી નથી. આ રીતે સંયમમાં યત્ન કરવા દ્વારા તે સાધુ કર્મવ્યાધિથી મૂકાય છે. અર્થાત્ રાગાદિરૂપ કર્મવ્યાધિ ક્ષીણ ક્ષીણ થતા જાય છે અને તેથી પૂર્વમાં ઇષ્ટના વિયોગ અને અનિષ્ટ સંયોગથી જે વેદના થતી હતી તે વેદના નિવર્તન પામે છે; કેમ કે બાહ્ય તુચ્છ પદાર્થોમાં ઇષ્ટત્વની બુદ્ધિ કરાવે અને દેહને અને ઇન્દ્રિયોને ઉપઘાતક એવા પદાર્થોમાં અનિષ્ટત્વની બુદ્ધિ કરાવે તેવો મોહ સંયમની ક્રિયાથી નિવર્તન પામે

છે. તેથી બાહ્ય પદાર્થોમાં ઇષ્ટત્વની બુદ્ધિ કે અનિષ્ટત્વની બુદ્ધિ નિવર્તન થવાને કારણે, પૂર્વમાં જીવ જે ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગની વેદનાને અનુભવતો હતો તે વેદના હવે થતી નથી, તેથી આરોગ્યના સુખને અનુભવે છે; કેમ કે રોગને નાશ કરવાના સમ્યગ્ ઉપાયની તેને પ્રાપ્તિ થઇ છે.

આશય એ છે કે, સુગુરુને પ્રાપ્ત કરીને સુગુરુના વચનનું દૃઢ અવલંબન મળવાથી દરેક ક્રિયાઓમાં તેને ભગવાનના વચનનું સ્મરણ થાય છે અને ભગવાનના વચનના સ્મરણને કારણે વીતરાગતા પ્રત્યેનો અહોભાવ વધતો જાય છે અને વીતરાગતા પ્રત્યેનો અહોભાવ વધવાને કારણે જેમ જેમ તે વીતરાગ ભગવંતે બતાવેલાં અનુષ્ઠાનોનું સેવન કરે છે તેમ તેમ વીતરાગભાવની નજીક જાય છે. આ પ્રકારના સમ્યગ્ ક્રિયાના ઉપલંભને કારણે વિકારોના શમનથી ચારિત્રરૂપ આરોગ્યને પ્રાપ્ત કરે છે અને તે ચારિત્રના આરોગ્યને પ્રાપ્ત કરીને પ્રતિદિન ભગવાનના વચનાનુસાર ક્રિયાના સેવનથી ઘણા કર્મવ્યાધિના વિકારની નિવૃત્તિ થવાથી પ્રવર્ધમાન ચરણ-આરોગ્યના ભાવવાળો થાય છે.

વળી, પ્રાપ્ત થયેલા ચારિત્રરૂપ આરોગ્ય પ્રત્યે સ્વાભાવિક રીતે અત્યંત રાગ થાય છે અને ચારિત્ર પ્રત્યેના અતિશય રાગના કારણે ક્ષુધાદિ પરિષહો કે દેવતાદિ કૃત ઉપસર્ગ આવે છે, ત્યારે પણ સદા સ્તિમિત ભાવમાં રહે છે=રાગદ્વેષની આકુળતાના ભાવ વગર પ્રશાંત ભાવની વૃદ્ધિમાં યત્ન કરે છે. આશય એ છે કે ગુરુના વચનનું અવલંબન લઇને પ્રતિદિન ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને અનુષ્ઠાન કરનાર સાધુ ઘણા વિકારોના શમનથી સ્વસ્થતાનો અનુભવ કરે છે તેના કારણે વધારે વધારે આરોગ્યની પ્રાપ્તિરૂપ શુભભાવ સદા વધતો હોય છે અને તેથી તેવો સાધુ ગુરુની આજ્ઞાનું દૃઢ અવલંબન લઇને સંયમયોગમાં દૃઢ યત્ન કરતો હોય છે અને જેમ જેમ સંયમની વૃદ્ધિ થાય છે તેમ તેમ સંયમનો રાગ સ્વાભાવિક વધતો જાય છે. તેથી આ સાધુને તથાવિધ સંયોગોમાં પરિષહ કે ઉપસર્ગો પ્રાપ્ત થાય તો પણ ચિત્ત રાગાદિથી આકુળ બનતું નથી. પરંતુ સંયમની વૃદ્ધિને અનુકૂળ પ્રયત્ન થાય છે. તેનું કારણ તેને સમ્યગ્ જ્ઞાન છે કે અપ્રમાદભાવથી ભગવાનના વચનાનુસાર ઉપસર્ગ-પરિષહના કાળમાં પણ સંયમમાં દૃઢ રીતે સમ્યગ્ યત્ન કરવામાં આવે તો વર્તમાન કાળના સંયમના સુખ કરતાં અધિક સુખની પ્રાપ્તિ થાય, અને જો સમ્યગ્ યત્ન કરવામાં ન આવે તો પ્રાપ્ત થયેલું સંયમ પણ વિનાશ પામે. આ પ્રકારનું સમ્યગ્ જ્ઞાન હોવાને કારણે

ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિ થાય તેવો યત્ન તે સાધુ કરે છે જેનાથી તેના ચિત્તમાં સ્વસ્થતા વધે છે, સ્થિરતા પ્રગટે છે.

આશય એ છે કે ક્ષયોપશમભાવની વૃદ્ધિને અનુરૂપ કરાતા યત્નથી ક્ષયોપશમભાવની વૃદ્ધિ થાય છે, અને અનાદિભવથી અભ્યસ્ત પ્રમાદ થાય તો ક્ષયોપશમભાવ નષ્ટ પણ થાય છે. અને જે સાધુને ચારિત્રનો પ્રતિબંધ છે તે સાધુ હંમેશા કુશળ આશયની વૃદ્ધિ માટે યત્ન કરે છે, અને તેથી ઉપસર્ગાદિના પ્રાપ્તિકાળમાં પણ ભગવાનના વચનનું દઢ અવલંબન લઈને યત્ન કરે છે, તેથી ક્ષયોપશમભાવની વૃદ્ધિ થવાથી ઉપસર્ગમાં પણ ચિત્તનું સ્થૈર્ય વધે છે. વળી, સંયમધર્મમાં ઈતિકર્તવ્યતાનો બોધ હોવાથી સંયમયોગમાં દઢ યત્ન વર્તે છે, તેથી ઉપસર્ગ-પરિષહ કાળમાં પણ રાગાદિ દ્વંદ્વ ઊભા થતા નથી, અને પૂર્વ કરતાં પણ વિશેષ એવા પ્રશાંત ભાવને અનુભવે છે અને તેનાથી શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યાની વૃદ્ધિ થાય છે અર્થાત્ ઉપસર્ગ-પરિષહકાળમાં પણ નિર્લેપ દશા તરફનો દઢ યત્ન વૃદ્ધિ પામે તેવી શુભલેશ્યાની વૃદ્ધિ થાય છે, અને ભાવવૈદ્ય જેવા ગુરુને બહુમાને છે; કેમ કે તે જાણે છે કે, જે ઉપસર્ગ અને પરિષહ પોતાના ચિત્તને વ્યાકુળ કરનારા હતા, તે ઉપસર્ગ-પરિષહ દ્વારા ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિ થઈ તેનું કારણ આ સુગુરુ છે, માટે આ ગુરુ ભગવંત મારા પરમ ઉપકારી છે, આ પ્રકારે ગુરુનું બહુમાન થાય છે અને આથી અસંગ પ્રતિપત્તિથી ઔચિત્યપૂર્વક ગુરુ પ્રત્યે તેના હૈયામાં બહુમાનભાવ પેદા થાય છે.

અસંગ પ્રતિપત્તિથી ઔચિત્યપૂર્વક ગુરુનું બહુમાન એ છે કે ગુરુને ભગવાનના વચનનો જે યથાર્થ બોધ છે, તેને અનુસારે ગુરુ પોતાને સંયમયોગમાં પ્રવર્તાવે છે. અને તેથી વર્તમાનમાં પોતાને જે ભાવ આરોગ્ય પ્રાપ્ત થયું છે તે તેમના વચનથી થતી પ્રવૃત્તિને કારણે થયું છે તેથી તેનું પ્રબળ કારણ આ ગુરુ ભગવંત છે, તેવી બુદ્ધિ થવાને કારણે ગુરુના ગુણો પ્રત્યેનું તેને જે બહુમાન છે તે અસંગપ્રતિપત્તિરૂપ છે. અને જે જીવોને પરિચયના કારણે કે ગુરુ પ્રત્યેથી મળતા ભૌતિક લાભને કારણે અથવા તો પૂર્વજન્મના સ્નેહને કારણે અથવા તો તેવા પ્રકારના અન્ય કોઈ કારણે ગુરુ પ્રત્યે સ્નેહ થાય, તો તે સસંગ પ્રતિપત્તિ છે, જે મોહના પરિણામરૂપ છે; જ્યારે કેવલ ગુણના કારણે થયેલો રાગ અસંગ પ્રતિપત્તિરૂપ છે, અને તેવી પ્રતિપત્તિના કારણે ગુરુ સાથે દરેક ઉચિત પ્રવૃત્તિ

દ્વારા પોતાના બહુમાનને તે અભિવ્યક્ત કરે છે.

અહીં અસંગ પ્રતિપત્તિથી ગુરુનું બહુમાન કરવાનુ કેમ કહ્યું ? તેથી કહે છે–

આ અસંગ પ્રતિપત્તિ જીવની સાંસિદ્ધિક પ્રવૃત્તિ છે અર્થાત્ જીવના સ્વભાવભૂત પરિણતિ છે. આશય એ છે કે મોહના ઉદયથી જીવ વિષયો તરફ જાય છે અને મોહના ઉદયના અવરોધને કારણે જીવ સ્વાભાવિક પોતાની પ્રકૃતિ તરફ જાય છે અને જીવનું પોતાની પ્રકૃતિ પ્રત્યેનું ગમન તે નૈસર્ગિક ગમન છે. જે જીવોને ગુણોનો પક્ષપાત થાય તે જીવો નૈસર્ગિક રીતે પોતાના ગુણોની વૃદ્ધિના ઉપાયભૂત એવા ગુરૂ પ્રત્યે પ્રીતિવાળા થાય છે અને તે પ્રીતિ જીવનો ક્ષયોપશમભાવ છે પરંતુ ઔદાયિકભાવ નથી. જે ઔદયિક ભાવ છે, તે જીવનો મૂળ પરિણામ નથી, તેથી ભાવસાર નથી, જ્યારે જીવના શુદ્ધ પરિણામને અનુરૂપ એવો ક્ષાયોપશમિકભાવ છે તે ભાવસાર છે. અને તે ભાવસાર પરિણતિમાં પણ જે અસંગ પ્રતિપત્તિ છે તેને ભગવાને વિશેષથી ભાવસાર કહેલી છે; કેમ કે સિદ્ધ અવસ્થામાં જીવ સર્વથા સંગ વગરનો છે અને સર્વથા સંગ વગરના થવા માટે જ ભગવાને અસંગ અનુષ્ઠાનનું વિધાન કરેલ છે.

આ અસંગ અનુષ્ઠાન જિનકલ્પી આદિને હોય છે, પરંતુ એ અવસ્થા પામી ન શકે ત્યાં સુધી સાધુ વચનાનુષ્ઠાનમાં પ્રયત્ન કરીને અસંગ અનુષ્ઠાનમાં જવા યત્ન કરે છે અને વચનાનુષ્ઠાનના સેવનકાળમાં પણ ગુણવાન એવા ગુરુ પ્રત્યે અસંગભાવથી સંગ કરે છે. આ અસંગભાવથી કરાયેલ સંગ મોહના પરિણામ વગરનો હોય છે; મોહના પરિણામવાળો સંગ આગળની ભૂમિકામાં જવા માટે પ્રતિબંધક બને છે; પરંતુ જે અસંગ પ્રતિપત્તિરૂપે ગુરુનો સંગ કરે છે, તે ઉત્તરોત્તર સંયમ સ્થાનમાં વૃદ્ધિ કરી શકે છે. તેથી અસંગ પ્રતિપત્તિ વિશેષથી ભાવસાર છે. સસંગ પ્રતિપત્તિથી જીવ ધર્મયોગમાં પ્રવર્તે તો પણ મોહાંશ સહવર્તી હોય છે, જ્યારે અસંગ પ્રતિપત્તિમાં ગુણવાન એવા ગુરુનો રાગ ગુણમાત્ર ઉપર જીવે છે અને તે રાગ ગુણનિષ્પત્તિના એક ઉપાયરૂપ હોવાથી સસંગ પ્રતિપત્તિ કરતાં અસંગ પ્રતિપત્તિ શ્રેષ્ઠ છે.

તેમાં યુક્તિ બતાવે છે કે જે જીવને અચિંત્ય ચિંતામણિ જેવા તીર્થંકર પ્રત્યે પ્રતિબંધ છે તે જીવને ભગવાનના વચનની પ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત એવા

ગુરુ પ્રત્યે ગુણકૃત રાગ હોય છે. માટે અસંગ પ્રતિપત્તિ વિશેષથી ભાવસાર છે. અને તેને સ્પષ્ટ કરતાં કહે છે કે, ભગવાને કહ્યું છે કે "જે મને ભાવથી બહુમાને છે તે ગુરુને બહુમાને છે", આ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. આશય એ છે કે ભાવથી વીતરાગ પ્રત્યે બહુમાન હોય તે જીવ વીતરાગતાનો અર્થી હોય છે અને વીતરાગતાનો અર્થી વીતરાગતાના ઉપાયભૂત વચનને જાણવા માટે અને તદનુસાર પ્રવૃત્તિ કરવા માટે અત્યંત યત્નવાળો હોય છે. અને જ્યારે સુગુરુના વચનથી વીતરાગના વચનને જાણીને, સુગુરુના અવલંબનથી તે પ્રકારે પ્રવૃત્તિ કરે છે ત્યારે તેને વીતરાગતાને અનુકૂળ પ્રવૃત્તિ કરવામાં આલંબનભૂત ગુરુ પ્રત્યે દૃઢ પ્રીતિ થાય છે, અને આથી ભગવાને કહ્યું કે જેને મારા પ્રત્યે બહુમાન છે, તેને ગુરુ પ્રત્યે બહુમાન છે આ વચનથી એ તત્ત્વ વ્યવસ્થિત થાય છે કે જે જીવને અસંગભાવથી ગુરુ પ્રત્યે પ્રીતિ છે તેને ભગવાનનું બહુમાન છે.

**સૂત્ર :**

**अन्नहा किरिया अकिरिया कुलडानारीकिरियांसमा, गरहिया तत्तवेईणं अफलजोगओ। विसन्नतत्तीफलमेत्थ नायं। आवट्टे खु तप्फलं असुहाणुबंधे।**

**સૂત્રાર્થ :**

**અન્યથા=ગુરુના બહુમાન વગર સંયમની ક્રિયા કુલટા નારીની ક્રિયા સમાન અક્રિયા છે, વિપરીત ફલનો યોગ હોવાને કારણે તત્વવેદીઓ વડે ગર્હિત છે. અહીંયા=આ ક્રિયામાં, વિષાન્ન-તૃપ્તિ-ફળ દૃષ્ટાંત છે. અશુભ અનુબંધવાળું આવર્ત=સંસાર, તેનું=તે ક્રિયાનું, ફળ છે.**

**ટીકા :**

**अन्यथेत्यादि । अन्यथा** गुरुबहुमानव्यतिरेकेण **क्रिया** उपधिप्रत्युपेक्षणादि-रूपा **अक्रिया** सत्क्रियातोऽन्या । किंविशिष्टा? इत्याह- **कुलटानारीक्रियासमा** दुःशील-वनितोपवासक्रियातुल्या । ततः किम्? इत्याह-**गर्हिता तत्त्ववेदिनां** विदुषाम् । कस्मात् ? इत्याह-**अफलयोगतः**, इष्टफलादन्यदफलम्, मोक्षात् सांसारिकमित्यर्थः, तद्योगात्। एतदेव स्पष्टयन्नाह-**विषान्नतृप्तिफलमत्र ज्ञातम**ल्पं विपाकदारुणम्, विराधनासेवनात् । एतदेवाह-**आवर्त्त एव तत्फलम्**, आवर्त्तन्ते

**प्राणिनोऽस्मिन्नित्यावर्त्तः संसारः, स एव तत्त्वतः तत्फलं विराधनाविषजन्यम् । किंविशिष्ट आवर्त्तः? इत्याह-अशुभानुबन्धः, तथा तथा विराधनोत्कर्षेण ।**

**ટીકાર્થ :**

'अन्यथेत्यादि' એ પ્રતીક છે.

અન્યથા=ગુરુના બહુમાન વગર, ઉપધિપ્રત્યુપેક્ષણાદિ સંયમની ક્રિયા અક્રિયા છે=સત્ ક્રિયાથી અન્ય એવી ક્રિયા છે. વળી તે કેવી વિશિષ્ટ છે ? એથી કહે છે– કુલટા નારીની ક્રિયા સમાન છે=ખરાબ શીલવાળી એવી સ્ત્રીની ઉપવાસાદિની ક્રિયા તુલ્ય છે.

ततः किम्=તેનાથી શું ?=કુલટા નારીના જેવી આ પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા છે તેનાથી શું ? એથી કરીને કહે છે–

તત્ત્વને જાણનારા એવા વિદ્વાનો વડે ગર્હિત છે.

कस्मात्?=અહીં પ્રશ્ન થાય કે ઉપધિપ્રત્યુપેક્ષણાદિ સુંદર ક્રિયાઓ વિદ્વાનો વડે કેમ ગર્હિત છે ? એથી કરીને કહે છે–

અફળનો યોગ હોવાથી=ઇષ્ટ એવા મોક્ષફળથી અન્ય સાંસરિક ફળનો યોગ હોવાથી, (વિદ્વાનો વડે ગર્હિત છે.)

एतदेव=આને જ=ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ સાંસારિક ફળવાળી છે એને જ, સ્પષ્ટ કરતાં કહે છે–

અહીં=ગુરુના બહુમાન વગર ઉપધિપ્રત્યુપેક્ષણાદિ રૂપ ક્રિયાથી થતા ફળમાં, વિપાકદારુણ એવું વિષાન્નથી થતું તૃપ્તિફલ અલ્પ=અલ્પ ફળવાળું દૃષ્ટાંત છે; કેમ કે વિરાધનાથી સેવન છે=ગુરુના અબહુમાનરૂપ વિરાધનાથી ઉપધિપ્રત્યુ-પેક્ષણાદિ ક્રિયાનું સેવન છે.

આને જ કહે છે=વિષાન્ન તૃપ્તિફળ અલ્પ દૃષ્ટાન્ત છે=અલ્પફળવાળું દૃષ્ટાન્ત છે એને જ કહે છે–

આવર્ત જ તેનું ફળ છે આવર્ત એટલે શું ? તેને સ્પષ્ટ કરતાં કહે છે– જેમાં પ્રાણીઓ નવા નવા ભવરૂપે પરાવર્તન પામે તે આવર્ત=સંસાર, અને તે જ વિરાધના વિષજન્ય તેનું=ગુરુના અબહુમાનથી કરાતી ક્રિયાનું ફળ છે.

**વળી તે આવર્ત કેવો વિશિષ્ટ છે ? એથી કહે છે–**

**અશુભ અનુબંધવાળો છે; કેમ કે તે તે પ્રકારની વિરાધનાનો ઉત્કર્ષ છે.**

★ અહીં '**उपधिप्रत्युप्रेक्षणादि**' માં '**आदि**' થી સાધ્વાચારની અન્ય ક્રિયાઓ લેવાની છે.

**ભાવાર્થ :**

જે જીવ સંયમ ગ્રહણ કરીને ગુરુ પ્રત્યે બહુમાન ધારણ કરતા નથી અને ગુરુકુલવાસને છોડીને નિર્દોષ રીતે ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓમાં યત્ન કરે છે, તેઓની તે ક્રિયા અક્રિયા છે=અસત્ ક્રિયા છે.

આશય એ છે કે વીતરાગતા પ્રત્યે જેને બહુમાન હોય તેની વિધિપૂર્વકની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ, ક્રમસર નિર્લેપદશાની પ્રાપ્તિ દ્વારા વીતરાગતાનું કારણ બને છે. પરંતુ જેઓને શાસ્ત્ર પ્રમાણે ચાલવાની વૃત્તિ નથી અને પોતાની રુચિ પ્રમાણે ક્રિયાઓ કરવાની મનોવૃત્તિ છે, તેઓ ક્રિયાદિવિષયક શાસ્ત્રવચનનું અવલંબન લઈને નિર્દોષ આચરણામાં યત્ન કરે છે, તો પણ સંવેગવૃદ્ધિના અનન્ય કારણભૂત એવા ગુરુકુલવાસનો ત્યાગ કર્યો હોવાથી અને ગીતાર્થને અનિશ્રિત હોવાથી; શાસ્ત્રના પારમાર્થિક અર્થને જાણી શકતા નથી, અને ઉચિત વિનયાદિ કરીને સંયમની શુદ્ધિ કરી શકતા નથી, અને સ્વમતિ પ્રમાણે માત્ર બાહ્ય આચરણા કરીને સંતોષ માને છે. તેવા જીવો અજ્ઞાનના કારણે પ્રસંગે જૈનશાસનના માલિન્યને પણ કરે છે. આવા જીવોની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયા મોક્ષનું કારણ બનતી નથી.

આ જ વાતને સ્પષ્ટ કરવા માટે કહે છે કે કુલટા નારીના ઉપવાસાદિની ક્રિયા જેવી આ ક્રિયા છે. જેમ સ્ત્રીનો મુખ્ય ગુણ શીલ છે, તેનો નાશ કરીને ઉપવાસાદિ કરે તો તેની તે ઉપવાસાદિની ક્રિયા વિદ્વાનોને ગર્હાપાત્ર છે, તેમ સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાનના વચનને કહેનારા એવા ગુરુ પ્રત્યે જેને બહુમાન છે તેની ક્રિયા સત્ક્રિયા બને છે પરંતુ જેઓને ગુરુ પ્રત્યે બહુમાન નથી તેને ભગવાનના વચન પ્રત્યે બહુમાન નથી અને તેથી તેવા સાધુની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ કુલટા નારીની ક્રિયાની જેમ વિદ્વાનોને ગર્હિત છે; કેમ કે તે ક્રિયાઓ મોક્ષનું કારણ બનતી નથી, પણ સંસારનું કારણ છે. જેમ

વિષવાળા ભોજનનું તત્કાલ ફળ તૃપ્તિ છે પણ પરિણામે પ્રાણનાશરૂપ દારુણ ફળ છે, તેમ અસદ્‌ગ્રહરૂપી વિષથી દૂષિત એવા જીવોની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાથી તુચ્છ પુણ્ય બંધાય છે પણ પરિણામે દુરંત સંસાર પરિભ્રમણનું કારણ બને છે.

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે જેની અંદર જીવો નવા નવા ભવરૂપે પરાવર્તન પામે તે આવર્ત કહેવાય. આવર્ત એટલે સંસાર અને તે સંસાર જ તે ક્રિયાનું ફળ છે; કેમ કે ગુરુના અબહુમાનથી કરાતી ક્રિયા ભગવાનની આજ્ઞાની વિરાધનારૂપ વિષથી જન્ય છે, તેથી તેનું ફળ સંસાર પરિભ્રમણ પ્રાપ્ત થાય છે. અને તે સંસાર પરિભ્રમણ પણ અશુભ અનુબંધવાળું છે; કેમ કે તે તે પ્રકારે વિરાધનાનો ઉત્કર્ષ કરીને ઘણા ભવ સુધી આવા જીવો સંસારપરિભ્રમણ કરે છે. આશય એ છે કે આ ભવમાં ગુણવાન એવા ગુરુના અબહુમાનથી ગુરુની આશાતના થાય છે અને ભગવાનના વચનની આશાતના થાય છે તેથી તેની ઉપધિપ્રત્યુપેક્ષણાદિ ક્રિયાથી બંધાયેલુ પુણ્ય, જન્માંતરમાં ફરી ગુણવાન એવા ગુરુની કે તીર્થંકરની આશાતના દ્વારા વિરાધના કરાવીને અશુભ સંસારની પરંપરા ચલાવશે; કેમ કે અનુચિત પ્રવૃત્તિ કરવાના સંસ્કારો જન્માંતરમાં સાથે આવે છે, તેથી તેવો સાધુ જન્માંતરમાં ફરી તેવી અનુચિત પ્રવૃત્તિ કરીને ભગવાનના વચનની આશાતના દ્વારા વિરાધના કરશે અને દુરંત સંસારમાં પરિભ્રમણ કરશે.

**અવતરણિકા :**

**एवं सफलं गुर्वबहुमानमभिधाय तद्बहुमानमाह आयत इत्यादिना-**

**અવતરણિકાર્થ :**

આ રીતે ફળ સહિત ગુરુના અબહુમાનને કહીને, તેના=ગુરુના, બહુમાનને આયત ઇત્યાદિ દ્વારા કહે છે–

**સૂત્ર :**

**आयओ गुरुबहुमाणो अवंझकारणत्तेण । अओ परमगुरुसंजोगो । तओ सिद्धी असंसयं । एसेह सुहोदए, पगिट्ठतयणुबंधे, भववाहितेगिच्छी ।**

न इओ सुंदरं परं । उवमा एत्थ न विज्जई । से एवंपण्णे एवंभावे एवंपरिणामे अप्पडिवडिए वड्ढमाणे तेउलेसाए दुवालसमासिएणं परियाएणं अइक्कमइ सव्वदेवतेउलेसं, एवमाह महामुणी । तओ सुक्के सुक्काभिजाई भवइ। पायं छिण्णकम्माणुबंधे खवइ लोगसण्णं । पडिसोयगामी, अणुसोयनियत्ते, सया सुहजोगे, एस जोगी वियाहिए । एस आराहगे सामण्णस्स । जहागहियपइण्णे सव्वोवहासुद्धे संधइ सुद्धगं भवं सम्मं अभवसाहगं भोगकिरियासुरूवाइकप्पं । तओ ता संपुण्णा पाउणइ अविगलहेउभावओ असंकिलिट्ठसुहरूवाओ अपरोवताविणीओ सुंदराओ अणुबंधेणं । न य अण्णा संपुण्णा, तत्तत्तखंडणेणं ।

સૂત્રાર્થ :

અવંધ્ય કારણપણું હોવાને કારણે ગુરુબહુમાન આયત છે=મોક્ષ છે. આનાથી =ગુરુબહુમાનથી, પરમગુરુનો સંયોગ થાય છે. તેથી અસંશય મોક્ષ થાય છે. અહીં=સંસારમાં, આ=ગુરુબહુમાન, પ્રકૃષ્ટ તેના અનુબંધવાળો=પ્રકૃષ્ટ એવા શુભોદયના અનુબંધવાળો, શુભનો ઉદય છે, ભવવ્યાધિનો ચિકિત્સક છે. આનાથી બીજું સુંદર નથી=ગુરુના બહુમાનથી બીજું સુંદર નથી. અહીં=ગુરુના બહુમાનમાં, ઉપમા વિદ્યમાન નથી.

से=પૂર્વમાં બતાવેલી વિધિપૂર્વક જેણે સંયમ ગ્રહણ કર્યું છે તેવો પ્રવ્રજિત સાધુ, આવી પ્રજ્ઞાવાળો, આવા ભાવવાળો, આવા પરિણામવાળો, અપ્રતિપતિત છતો=પોતાની સંયમની આચરણામાં અપ્રતિપતિત છતો, તેજોલેશ્યાથી વૃદ્ધિ પામતો બાર માસના પર્યાય વડે સર્વ દેવોની તેજોલેશ્યાને અતિક્રમ કરે છે. આ પ્રમાણે મહામુનિ કહે છે.

ત્યારપછી તે સાધુ શુક્લ-શુક્લાભિજાત્ય થાય છે. પ્રાયઃ કરીને છિન્નકર્મના અનુબંધવાળો લોકસંજ્ઞાને ખપાવે છે=લોકસંજ્ઞાનો નાશ કરે છે. પ્રતિસ્રોતગામી, અનુસ્રોતથી નિવૃત્ત, સદા શુભયોગવાળો એવો આ યોગી કહેવાયો છે. આ =યોગી શ્રામણ્યનો આરાધક છે. યથાગૃહિત પ્રતિજ્ઞાવાળો સર્વ ઉપધાથી =ઉપાયોથી, શુદ્ધ એવો સાધુ અભવસાધક અને ભોગક્રિયાનું કારણ સુરૂપાદિ કલ્પ એવા શુદ્ધ ભવને સમ્યગ્ સંઘટ્ટન કરે છે=પ્રાપ્ત કરે છે.

तओ=તેનાથી=સુરુપાદિથી યુક્ત એવા ભવથી, સંપૂર્ણ એવી તે= ભોગક્રિયા, પ્રાપ્ત કરે છે; કેમ કે અવિકલ હેતુ ભાવ છે=ભોગક્રિયાના સુરૂપાદિરૂપ અવિકલ હેતુઓનો સદ્ભાવ છે.

વળી, તે ભોગક્રિયા કેવી છે તે બતાવે છે–

અસંક્લિષ્ટ સુખરૂપ, અપરોપતાપિની, અનુબંધથી સુંદર છે, અને અન્ય=અવિકલ હેતુવાળી અસંક્લિષ્ટ સુખરૂપ અપરોપતાપિની અનુબંધથી સુંદર એવી ભોગક્રિયાથી અન્ય, સંપૂર્ણ નથી, કેમ કે તેના=ભોગક્રિયાના, તત્ત્વનું=સ્વરૂપનું, ખંડન છે.

ટીકા :

आयतो गुरुबहुमानः, साद्यपर्यवसितत्वेन, दीर्घत्वादायतो मोक्षः, स गुरुबहुमानः=गुरुभावप्रतिबन्ध एव मोक्ष इत्यर्थः । कथम्? इत्याह-अवन्ध्य-कारणत्वेन मोक्षं प्रत्यप्रतिबद्धसामर्थ्यहेतुत्वेन । एतदेवाह- अतः परम-गुरुसंयोगः,अतो गुरुबहुमानात्तीर्थकरसंयोगः। ततः संयोगादुचिततत्संबन्धत्वात् सिद्धिरसंशयं मुक्तिरेकान्तेन, यतश्चैवमतः एषोऽत्र शुभोदयो गुरुबहुमानः, कारणे कार्योपचारात्, यथाऽऽयुर्घृतमिति । अयमेव विशेष्यते-प्रकृष्टतदनुबन्धः प्रधानशुभोदयानुबन्धः, तथा तथाराधनोत्कर्षेण । तथा भवव्याधिचिकित्सकः गुरुबहुमान एव, हेतुफलभावात् । न इतः सुन्दरं परं गुरुबहुमानात् । उपमात्र न विद्यते गुरुबहुमाने सुन्दरत्वेन, भगवद्बहुमानादित्यभिप्रायः । स एवंप्रज्ञः=स तावदधिकृतप्रव्रजितः, एवंप्रज्ञो विमलविवेकात्, एवंभावः विवेकाभावेऽपि प्रकृत्या, एवंपरिणामः सामान्येन गुर्वभावेऽपि, क्षयोपशमान्माषतुषवत् । यथोक्तम्-

विवेक-शुभभाव-परिणामा वचन-गुरु-तदभावेषु यमिनाम् [ ]इति।

एवमप्रतिपतितः सन् वर्द्धमानस्तेजोलेश्यया नियोगतः शुभप्रभावरूपया। किम्? इत्याह-द्वादशमासिकेन पर्यायेण एतावत्कालमानया प्रव्रज्ययेत्यर्थः, अतिक्रामति सर्वदेवतेजोलेश्यां सामान्येन शुभप्रभावरूपाम् । क एवमाह? इत्याह-एवमाह महामुनिः=भगवान् महावीरः। तथा चागमः-

[1]जेमे अज्जत्ताए समणा णिग्गंथा एते णं कस्स तेउलेसं वीतिवयंति? गोयमा! मासपरियाए समणे णिग्गंथे वाणमंतराणं देवाणं तेउलेसं वीइवयइ । एवं दुमासपरियाए समणे णिग्गंथे असुरिंदवज्जिआणं भवणवासीणं देवाणं तेउलेसं वीतीवयति । तिमासपरियाए समणे णिग्गंथे असुरकुमारिंदाणं देवाणं तेउलेसं वीतीवयति । चउमासपरियाए समणे णिग्गंथे गहगण-णक्खत्त-तारारूवाणं जोतिसियाणं तेउलेसं वीतीवयति । पंचमासपरियाए समणे णिग्गंथे चंदिम-सूरियाणं जोतिसिंदाणं तेउलेसं वीतीवयति । छम्मासपरियाए समणे णिग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेउलेसं वीतीवयति । सत्तमासपरियाए समणे णिग्गंथे सणंकुमार-माहिंदाणं देवाणं तेउलेसं वीतीवयति । अट्ठमासपरियाए समणे णिग्गंथे बंभलोग-लंतगाणं देवाणं तेउलेसं वीतीवयति । णवमासपरियाए समणे णिग्गंथे महासुक्क-सहस्साराणं देवाणं तेउलेसं वीतीवयति । दसमासपरियाए समणे णिग्गंथे आणय-पाणय-आरण-ऽच्चुयाणं देवाणं तेउलेस्सं वीतीवयति । एक्कारसमासपरियाए समणे णिग्गंथे गेविज्जाणं देवाणं तेउलेसं वीतीवयति । बारसमासपरियाए अणुत्तरोववातियाणं देवाणं तेउलेसं वीतीवयति । तेण परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्झति, जाव अंतं करेति । [ भगवती.१४।९ ] अत्र तेजोलेश्या चित्तसुखलाभलक्षणा ।

१. "जे इमे भंते ! अज्जताए समणा निग्गंथा विहरंति एते णं कस्स तेयलेस्सं वीतीवयंति ? गोयमा ! मासपरियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेयलेस्सं वीइवयंति, दुमासपरियाए समणे निग्गंथे असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेयलेस्सं वीयीवयंति, एवं एएणं अभिलावेणं तिमासपरियाए समणे नि० असुरकुमाराणं देवाणं तेय०, चउम्मासपरियाए सगहनक्खत्ततारारूवाणं जोतिसियाणं देवाणं तेय० पंचमासपरियाए य सचंदिमसूरियाणं जोतिसिंदाणं जोतिसरायाणं तेय०, छम्मासपरियाए समणे सोहम्मीसाणाणं देवाणं०, सत्तमासपरियाए सणंकुमारमाहिंदाणं देवाणं०, अट्ठमासपरियाए बंभलोगलंतगाणं देवाणं तेय०, नवमासपरियाए समणे महासुक्कसहस्साराणं देवाणं तेय०, दसमासपरियाए आणयपाणय-आरणच्चुयाणं देवाणं०, एक्कारसमासपरियाए गेवेज्जगाणं देवाणं०, बारसमासपरियाए समणे निग्गंथे अणुत्तरोववाइयाणं देवाणं तेयलेस्सं वीयीवयंति, तेण परं सुक्के सुक्काभिजाए भवित्ता तओ पच्छा सिज्झति जाव अंतं करेति । सेवं भंते ! सेवं भंते त्ति जाव विहरति ( सूत्रं ५३७ ) ॥ १४-९॥

'जे इमे' इत्यादि, ये इमे प्रत्यक्षाः 'अज्जत्ताए' त्ति आर्यतया पापकर्म्मबहिर्भूततया अद्यतया वा-अधुनातनतया वर्त्तमानकालतयेत्यर्थः 'तेयलेस्सं' ति तेजोलेश्यां-सुखासिकां, तेजोलेश्या हि प्रशस्तलेश्योपलक्षणम्, सा च सुखासिकाहेतुरिति कारणे कार्योपचारा तेजोलेश्याशब्देन सुखासिका विवक्षितेति, 'वीइवयंति' व्यतिव्रजन्ति व्यतिक्रामन्ति । 'असुरिंदवज्जियाणं' ति चमरबलिवर्जितानाम् । 'तेण परं' ति ततः संवत्सरात्परतः 'सुक्के' त्ति शुक्लो नामाभिन्नवृत्तोऽमत्सरी कृतज्ञः सदारम्भी हितानुबन्ध इति, निरतिचारचरण इत्यन्ये, 'सुक्काभिजाई' त्ति शुक्लाभिजात्यः परमशुक्ल इत्यर्थ, अत एवोक्तम्— "आकिञ्चन्यं मुख्यं ब्रह्मापि परं सदागमविशुद्धम् । सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥१॥" एतच्च श्रमणविशेषमेवाश्रित्योच्यते न पुनः सर्व एवैवंविधो भवतीति ॥ चतुर्दशशते नवमः ॥१४-९॥ इति अभयदेवसूरिविरचितवृत्तिसहति भगवतीसूत्रे।

अत एवाह-ततः शुक्ल[ : ] शुक्लाभिजात्यो भवति । तत्र शुक्लो नामाभिन्नवृत्तोऽमत्सरी कृतज्ञः सदारम्भी हितानुबन्ध इति। शुक्लाभिजात्यश्चैतत्प्रधानः। प्रायश्छिन्नकर्मानुबन्धः, न तद्वेदयंस्तथाविधमन्यद् बध्नाति। प्रायोग्रहणम-चिन्त्यत्वात् कर्मशक्तेः कदाचिद् बध्नात्यपि । स एवंभूतः क्षपयति लोकसंज्ञां भगवद्वचनप्रतिकूलां प्रभूतसंसारा-भिनन्दिसत्त्वक्रियाप्रीतिरूपामिति । अत एवाह-प्रतिस्त्रोतोगामी लोकाचारप्रवाहनदीं प्रति । अनुस्त्रोतोनिवृत्तः एनामेवाधिकृत्य, एतदभ्यासत एव, न्याय्यं चैतत् । यथोक्तम्-

[१]अणुसोयपट्ठिए बहुजणंमि पडिसोयलद्धलक्खेणं ।
पडिसोयमेव अप्पा दायव्वो होउकामेणं ।
अणुसोयसुहो लोगो पडिसोओ आसवो सुविहियाणं ।
अणुसोओ संसारो पडिसोओ तस्स निप्फेडो ॥ [ दशवैकालिके गा. ५६१-५६२ ]

एवं सदा शुभयोगः श्रामण्यव्यापारसङ्गतः, एष योगी व्याख्यातः एवंभूतो भगवद्भिर्योगी प्रतिपादितः । यथोक्तम्-

सम्यक्त्वज्ञानचारित्रियोगः सद्योग उच्यते ।
एतद्योगाद्धि योगी स्यात् परमब्रह्मसाधकः ॥ [ ]

---

१. ''अणुसोयपट्ठिए बहुजणम्मि पडिसोयलद्धलक्खेणं ।
पडिसोयमेव अप्पा दायव्वो होउकामेणं ॥५६१॥
अणुसोयसुहो लोगो पडिसोओ आसवो सुविहियाणं ।
अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो ॥५६२॥''

इति दशवैकालिकसूत्रस्य द्वितीयायां चूलिकायाम् । अगस्त्यसिंहसूरिकृतायां दशवैकालिक-चूर्णौ 'तस्स उत्तारो' इत्यस्य स्थाने 'तस्स निप्फेडो' इति पाठः । वृद्धविवरणे तु 'तस्स निग्घाडो' इति पाठः। अस्य गाथाद्वयस्य आचार्यश्री हरिभद्रसूरिकृता व्याख्या– ''अनुस्त्रोतः प्रस्थिते नदीपूरप्रवाहपतितकाष्ठवद् विषयकुमार्गद्रव्यक्रियानुकूल्येन प्रवृत्ते बहुजने तथा विद्याभ्यासात् प्रभूतलोके तथा प्रस्थानेन उदधिगामिनि, किमित्याह– प्रतिस्त्रोतोलब्धलक्ष्येण द्रव्यतस्तस्यामेव नद्यां कथञ्चिद् देवतानियोगात् प्रतीपस्त्रोतःप्राप्तलक्ष्येण, भावतस्तु विषयादिवैपरीत्यात् कथञ्चिदवाप्तसंयमलक्ष्येण प्रतिस्त्रोत एव दुरपाकरणीयमप्यपाकृत्य विषयादि संयमलक्ष्याभिमुखमेव आत्मा जीवो दातव्यः प्रवर्त्तयितव्यः भवितुकामेन संसारसमुद्रपरिहारेण मुक्ततया भवितुकामेन साधुना, न क्षुद्रजनाचरितान्युदाहरणीकृत्यासन्मार्गप्रवणं चेतोऽपि कर्तव्यम्, अपि त्वागमैकप्रवणेनैव भवितव्यमिति । उक्तं च– ''निमित्तमासाद्य यदेव किञ्चन स्वधर्ममार्गं विसृजन्ति बालिशाः ।

**एष एवंभूत आराधकः श्रामणस्य**, निष्पादकः श्रमणभावस्य। **यथागृहीतप्रतिज्ञः**, आदित आरभ्य सम्यक्प्रवृत्तेः। एवं **सर्वोपधाशुद्धो** निरतिचारत्वेन। किम्? इत्याह- **संधत्ते** घटयति, **शुद्धं भवं** जन्मविशेषलक्षणं भवैरेव। अयमेव विशेष्यते- **सम्यगभवसाधकम्**, सत्क्रियाकरणेन मोक्षसाधकमित्यर्थः। निदर्शनमाह- **भोगक्रिया- सुरूपादिकल्पम्**, न रूपादिविकलस्यैताः सम्यग् भवन्ति। यथोक्तम्-

रूपवयोवैचक्षण्यसौभाग्यमाधुर्यैश्वर्याणि भोगसाधनम्। [ ] इति।

**ततस्ताः संपूर्णाः प्राप्नोति** सुरूपादिकल्पाद् भवाद् भोगक्रिया इत्यर्थः। कुतः? इत्याह- **अविकलहेतुभावतः** कारणादिति। किंविशिष्टाः? इत्याह- **असंक्लिष्टसुखरूपाः**, न्यूनताऽभावेन संक्लेशाभावात्। तथा **अपरोपतापिन्यो** वैचक्षण्यादिभावेन। तथा **सुन्दरा अनुबन्धेना**ऽत एव हेतोः। **न चान्याः संपूर्णा** उक्तलक्षणाभ्यो भोगक्रियाभ्यः। कुतः? इत्याह-**तत्तत्त्वखण्डनेन**, संक्लेशादिभ्य उभयलोकापेक्षया भोगक्रियास्वरूपखण्डनेनेति भावः।

**ટીકાર્થ :**

આયત ગુરુબહુમાન છે. અહીં આયત શબ્દથી મોક્ષ ગ્રહણ કરવાનો છે;

---

तपःश्रुतज्ञानधनास्तु साधवो न यान्ति कृच्छ्रे परमेऽपि विक्रियाम् ॥१॥" तथा- "कपालमादाय विपन्नवाससा वरं द्विषद्वेश्मसमृद्धिरीक्षिता। विहाय लज्जां न तु धर्मवैशसे सुरेन्द्रता( सा )र्थेऽपि समाहितं मनः॥२॥" तथा- "पापं समाचरति वीतघृणो जघन्यः प्राप्यापदं सघृण एव विमध्यबुद्धिः। प्राणात्ययेऽपि न तु साधुजनः स्ववृत्तं वेलां समुद्र एव लङ्घयितुं समर्थः ॥३॥" इत्यलं प्रसङ्गेन। इति सूत्रार्थः।

अधिकृतमेव स्पष्टयन्नाह- अनुस्रोतःसुखो लोकः उदकनिम्नाभिसर्पणवत् प्रवृत्त्यानुकूल-विषयादिसुखो लोकः, कर्मगुरुत्वात्। प्रतिस्रोत एव तस्माद् विपरीतः आश्रव इन्द्रियजयादिरूपः परमार्थपेशलः कायवाङ् मनोव्यापारः आश्रमो वा व्रतग्रहणादिरूपः सुविहितानां साधूनाम्। उभयफलमाह- अनुस्रोतः संसारः शब्दादिविषियानुकूल्यं संसार एव, कारणे कार्योपचारात्, यथा विषं मृत्युः, दधित्रपुषी प्रत्यक्षो ज्वरः। प्रतिस्रोतः उक्तलक्षणः तस्येति पञ्चम्यर्थे षष्ठी, 'सुपां सुपो भवन्ति' [ ] इति वचनात् तस्मात् संसारात् उत्तारः, उत्तरणमुत्तारः, हेतौ फलोपचारात् यथा आयुर्घृतम्, तन्दुलान् वर्षति पर्जन्य इति सूत्रार्थः।" इति आचार्यश्री हरिभद्रसूरिविरचितायां दशवैकालिकटीकायाम्॥

કેમ કે મોક્ષ સાદિ અપર્યવસિત હોવાને કારણે દીર્ઘ છે. તે ગુરુબહુમાન=ગુરુનો ભાવપ્રતિબંધ જ મોક્ષ છે.

ગુરુનો ભાવપ્રતિબંધ જ મોક્ષ કેમ છે? એથી કહે છે–

મોક્ષ પ્રત્યે અવંધ્ય કારણપણું છે=મોક્ષ પ્રતિ અપ્રતિબધ્ધ સામર્થ્યવાળો હેતુ છે.

આને જ કહે છે=ગુરુબહુમાન મોક્ષ પ્રતિ અવંધ્ય કારણ છે, એને જ કહે છે–

આનાથી=ગુરુના બહુમાનથી, પરમગુરુનો સંયોગ થાય છે=તીર્થંકરનો સંયોગ થાય છે. તેનાથી=પરમગુરુના સંયોગથી, સિદ્ધિ અસંશય છે=એકાંતથી =નિશ્ચે મુક્તિ છે; કેમ કે ઉચિત એવો તેનો સંબંધ છે=ઉચિત એવો તીર્થંકરનો સંયોગ છે. જે કારણથી આમ છે=ગુરુબહુમાનથી ઉચિત એવા તીર્થંકરનો સંયોગ થાય એમ છે, આથી અહીંયાં=સંસારમાં, આ=ગુરુબહુમાન, શુભનો ઉદય છે; કેમ કે કારણમાં કાર્યનો ઉપચાર છે, જે પ્રમાણે આયુષ્ય એ ઘી છે એ રીતે (ગુરુબહુમાન શુભોદય છે.)

આને જ=શુભોદયને, જ વિશેષ કહે છે– તે તે પ્રકારે આરાધનાનો ઉત્કર્ષ દ્વારા પ્રકૃષ્ટ તેનો અનુબંધ છે=પ્રધાન એવા શુભના ઉદયનો પ્રવાહ છે; અને ગુરુબહુમાન જ ભવવ્યાધિ-ચિકિત્સક છે; કેમ કે હેતુ-ફળ-ભાવ છે=કારણ-કાર્યભાવ છે=ગુરુબહુમાન એ ભવવ્યાધિ મટાડવાનુ કારણ છે અને ભવવ્યાધિનો નાશ એ ફળ છે. (તેથી ગુરુબહુમાન જ ભવવ્યાધિનો ચિકિત્સક છે.) આનાથી =ગુરુબહુમાનથી, બીજું સુંદર નથી. અહીં=ગુરુબહુમાનમાં, સુંદરપણા વડે કરીને ઉપમા વિદ્યમાન નથી; કેમ કે ભગવદ્ બહુમાન છે, એ પ્રકારનો અભિપ્રાય છે.

स=તે=અધિકૃત પ્રવ્રર્જિત=ત્રીજા સૂત્રમાં બતાવ્યું તે પ્રમાણે વિધિપૂર્વક સંયમ ગ્રહણ કર્યું છે જેણે એવો સાધુ, વિમલ વિવેક હોવાથી આવી પ્રજ્ઞાવાળો છે=મોક્ષનું અનન્ય કારણ ગુરુબહુમાન જ છે, એવી પ્રજ્ઞાવાળો છે. કદાચ કોઈ સાધુને વિવેકનો અભાવ હોય તો પણ પ્રકૃતિથી આવા ભાવવાળો છે= ગુરુબહુમાન એકાંતે કલ્યાણનું કારણ છે, એવા ભાવવાળો છે. કદાચ કોઈ સાધુને

ભગવાનના વચનને યથાર્થ કહેનારા એવા ગુરુની પ્રાપ્તિ ન થઈ હોય, તો પણ માર્ગાનુસારી ક્ષયોપશમ હોવાથી સામાન્ય રીતે આવો જ પરિણામ હોય છે= ભગવાનના વચનને યથાર્થ કહેનારા ગુરુ જ એકાંતે કલ્યાણના કારણ છે, એવા પરિણામવાળો હોય છે; માષતુષ મુનિની જેમ.

★ અહીં માષતુષ મુનિના દૃષ્ટાંતનું યોજન 'एवं भावः' અને 'एवं परिणामः' બન્ને સાથે છે.

પૂર્વમાં કહ્યું કે અધિકૃત પ્રવ્રજિત સાધુ આવી પ્રજ્ઞાવાળો છે, આવા ભાવવાળો છે અને આવા પરિણામવાળો છે. તેમાં જ 'यथोक्तम्' થી સાક્ષી પાઠ આપતાં કહે છે–

સંયમીઓને વચનમાં વિવેક, ગુરુમાં શુભભાવ અને તેના=ગુરુના, અભાવમાં પરિણામ હોય છે.

'इति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

★ ટીકામાં "एवं प्रज्ञः" કહ્યું, તેને બતાવવા ઉદાહરણમાં "વચનમાં વિવેકવાળા હોય છે"=ભગવાનના વચનના બોધનાં કારણે આ ગુરુ જ મારા એકાંતે હિતકારી છે તેવા વિવેકવાળા હોય છે તેમ કહ્યું છે. "एवं भावः" કહ્યું, તેને બતાવવા ઉદ્ધરણમાં, ગીતાર્થ ગુરુના વિષયમાં શુભભાવવાળા હોય છે તેમ કહ્યું છે. અને "एवं परिणामः" કહ્યું, તેને બતાવવા ઉદ્ધરણમાં, ગુરુના અભાવમાં આવા પરિણામવાળો હોય છે તેમ કહેલ છે.

આ રીતે જ=અધિકૃત પ્રવ્રજિત 'એવં પ્રજ્ઞાદિ' ભાવવાળો છે એ રીતે જ, અપ્રતિપતિત છતો=સંયમસ્થાનથી અપ્રતિપતિત છતો, નિયમથી શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યા વડે વધતો, किम्?=શું ? એથી કરીને કહે છે- બાર માસના પર્યાય વડે=આટલા કાળમાનવાળી પ્રવ્રજ્યા વડે, સામાન્યથી શુભ પ્રભાવરૂપ સર્વ દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે. કોણ આમ કહે છે ? એથી કરીને કહે છે મહામુનિ=ભગવાન મહાવીર, આમ કહે છે.

तथा च आगमः=અને તે પ્રકારે=અપ્રતિપતિત સંયમવાળો સાધુ તેજોલેશ્યા વડે બાર મહિનાના પર્યાયથી સર્વ દેવોની તેજોલેશ્યાને અતિક્રમણ કરે છે તે પ્રકારે, આગમ છે.

જે આ આર્યપણા વડે=પાપ કર્મના બહિર્ભૂતપણા વડે અથવા વર્તમાનપણારૂપે વિચરતા શ્રમણ નિર્ગ્રંથો છે, એવા સાધુઓ કોની તેજોલેશ્યાને અતિક્રમે છે ?

હે ગૌતમ ! એક માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણમંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે. એ રીતે=જે રીતે માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણમંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે એ રીતે, બે માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરઈંદ્રવર્જિત એવા ભવણવાસી દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

ત્રણ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરકુમારેન્દ્ર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

ચાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ જ્યોતિષ દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

પાંચ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ચંદ્ર, સૂરજ, જ્યોતિષ ઈન્દ્રોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

છ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સૌધર્મ, ઈશાન દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

સાત માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સનત્કુમાર, માહેંન્દ્ર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

આઠ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો બ્રહ્મલોક, લાતંગ દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

નવ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો મહાશુક્ર, સહસ્ત્રાર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

દસ માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો આનત, પ્રાણત, આરણ-અચ્યુત દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

અગિયાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રૈવેયક દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

બાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અનુત્તર ઉપપાતી દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.

तेण परं=ત્યારપછી શુકલ, શુકલાભિજાત્ય થઈને સિદ્ધ થાય છે, યાવત્ અંતને કરે છે.

**★ यावत् શબ્દ बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खाणं સુધીનો પરામર્શક છે.**

★ આ ભગવતીની ટીકાના ઉદ્ધરણ પ્રમાણે તેજોલેશ્યા શબ્દથી તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ ત્રણે પ્રશસ્ત લેશ્યાનું ગ્રહણ કરવાનું છે. તેથી જે દેવલોકમાં તેજો આદિ જે જે લેશ્યાઓ છે, તે તે લેશ્યાઓ કરતાં સાધુને સંયમના પર્યાયની વૃદ્ધિ વિશેષ પ્રકારની તેજો આદિ પ્રશસ્ત લેશ્યાઓ પ્રગટ થાય છે. અને દેવોને જેમ દેવલોકની લેશ્યાને કારણે, તે પ્રકારની ભાવલેશ્યા હોય તે વખતે જે સુખનો અનુભવ થાય છે, તેના કરતાં સાધુને વિશેષ પ્રકારની પ્રશસ્ત લેશ્યા

થવાના કારણે સુખનો અનુભવ થાય છે, અને તે બતાડવા માટે સૂત્રમાં તેજોલેશ્યા શબ્દથી સુખાસિકાની વિવક્ષા કરેલ છે, અને તે કારણમાં કાર્યના ઉપચારથી છે; કેમ કે સાધુને વધતી જતી લેશ્યાના કારણે સુખની વૃદ્ધિની અનુભૂતિ થાય છે અને તે બતાડવા માટે જ તેજોલેશ્યાને અહીં ગ્રહણ કરેલ છે.

**અહીં=ભગવતીના પાઠમાં, તેજોલેશ્યા ચિત્તમાં થતા સુખલાભ સ્વરૂપ છે.**

ભગવતીસૂત્રમાં સાધુ બાર માસના પર્યાય દ્વારા સર્વાર્થસિદ્ધની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે તેમ કહેલ છે, અને તે સૂત્રની ટીકામાં તેજોલેશ્યા, ત્રણ પ્રકારની પ્રશસ્ત લેશ્યાનું ઉપલક્ષણ છે તેમ બતાવ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે, તેજોશબ્દ તેજો, પદ્મ, શુક્લ ત્રણે લેશ્યાનો વાચક છે અને તે ત્રણે લેશ્યા, ક્રમસર ઉપર ઉપરના દેવલોકમાં હોય છે; પરંતુ શુક્લલેશ્યા તો અનુત્તરવાસીને જ હોય છે. આથી બાર માસના પર્યાય પછી સાધુ, અનુત્તરવાસીની શુક્લલેશ્યાનું અતિક્રમણ કરે છે તેમ પ્રાપ્ત થાય. તેજોલેશ્યાથી દ્રવ્યલેશ્યા કે ભાવલેશ્યાને ગ્રહણ કરવાની હોય તો બાર મહિનાના પર્યાય પછી અનુત્તરવાસીની શુક્લ લેશ્યા કરતાં પણ ઊંચી લેશ્યા સાધુને છે, તે બતાવવા માટે જેમ પૂર્વમાં શુક્લલેશ્યાને બદલે તેજોલેશ્યા બતાવી તેમ એમ જ કહેવું જોઈએ કે બાર મહિનાના પર્યાય પછી સાધુ અનુત્તરવાસી કરતાં પણ વિશેષ વિશેષ તેજોલેશ્યાને પ્રાપ્ત કરે છે. પણ તેમ ન કહેતાં, બાર મહિના પછી શુક્લ શુક્લાભિજાત્ય થાય છે, તેમ કહ્યું. તેથી તેજોલેશ્યાથી દ્રવ્યલેશ્યા કે ભાવલેશ્યાને ગ્રહણ કરવાની નથી, પણ ચિત્તના સુખની પ્રાપ્તિને ગ્રહણ કરવી છે, તે દ્યોતિત થાય છે; કેમ કે સાધુને વધતી જતી લેશ્યાને કારણે સુખની વૃદ્ધિની અનુભૂતિ થાય છે, અને ચિત્તના સુખની પ્રાપ્તિને આશ્રયીને જ સૂત્રમાં કહ્યું કે, બાર મહિનાના પર્યાયવાળો સાધુ અનુત્તરવાસીની તેજોલેશ્યાને અતિક્રમણ કરે છે; અને ત્યારપછી તેના કરતાં પણ નિર્મળ કોટિની ચેતના પ્રગટે છે, જે વિશેષ સુખરૂપ છે, તે બતાડવા કહ્યું કે, ત્યારપછી અતિશય કર્મના વિગમનથી સાધુ શુક્લ શુક્લાભિજાત્ય થાય છે.

**अत एव आह=આથી કરીને જ=તેજોલેશ્યા ચિત્તમાં થતા સુખલાભ સ્વરૂપ છે એથી કરીને જ કહે છે, ત્યારપછી શુક્લ શુક્લાભિજાત્ય થાય છે. ત્યાં= શુક્લ, શુક્લાભિજાત્ય કહ્યું ત્યાં, શુક્લ એટલે (૧) અભિન્ન ચારિત્રવાળો, (૨) અમત્સરી=પ્રાણાતિપાતાદિમાં અમત્સરવાળો, (૩) કૃતજ્ઞ, (૪) સદારંભી અને હિતાનુબંધવાળો. 'इति' શબ્દ શુક્લાભિજાત્યના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**શુક્લાભિજાત્ય=આ જ પ્રધાન છે જેમાં તે અર્થાત્ શુક્લમાં વર્તતા ભાવો જ અતિશયિત છે જેમાં તે શુક્લાભિજાત્ય.**

આ શુક્લાભિજાત્ય થયેલો સાધુ કેવો હોય છે ? તે બતાવે છે–

**પ્રાયઃ કરીને છિન્નકર્મના અનુબંધવાળો છે અર્થાત્ તે કષાયને વેદતો, તેવા પ્રકારના અન્ય કષાયને જે બાંધતો નથી, તે છિન્નકર્મના અનુબંધવાળો છે.**

★ કર્મશક્તિનું અચિંત્યપણું હોવાથી ક્યારેક કષાયને બાંધે પણ છે, તે બતાડવા માટે અહીં પ્રાયઃનું ગ્રહણ કરેલ છે.

**તે આવા પ્રકારનો સાધુ=પૂર્વમાં બતાવેલો એવો સાધુ, સંસારઅભિનંદી જીવોની ક્રિયામાં પ્રીતિરૂપ ભગવાનના વચનને પ્રતિકૂળ એવી લોકસંજ્ઞાને ખપાવે છે.**

**★ 'प्रभूतसंसाराभिनन्दिसत्त्वक्रियाप्रीतिरूपामिति' એ भगवद्वचनप्रतिकूलां નું હેતુઅર્થક વિશેષણ છે, તે બતાવવા માટે इति શબ્દનો પ્રયોગ છે.**

**આથી કરીને જ કહે છે=લોકસંજ્ઞાને ખપાવે છે એથી કરીને જ કહે છે, લોકાચારના પ્રવાહરૂપ નદી પ્રત્યે પ્રતિસ્રોતગામી છે.**

**આને જ આશ્રયીને=લોકાચારના પ્રવાહરૂપ નદીને જ આશ્રયીને, અનુસ્રોતથી નિવૃત્ત છે.**

કેમ નિવૃત્ત છે ? એથી કરીને કહે છે–

**આના અભ્યાસથી જ=સંયમના અભ્યાસથી જ, અનુસ્રોતથી નિવૃત્ત છે, અને આ=સંયમના અભ્યાસથી જ અનુસ્રોતથી નિવૃત્ત છે એ ન્યાય્ય=યુક્તિયુક્ત છે.**

**તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે–**

**અનુસ્રોતમાં પ્રસ્થિત બહુજન હોતે છતે, પ્રતિસ્રોતમાં લબ્ધલક્ષ્યવાળા મોક્ષની ઇચ્છાવાળા, એવા સાધુએ પ્રતિસ્રોતમાં જ આત્મા પ્રવર્તાવવો જોઇએ.**

**अणुसोयसुहो=અનુસ્રોતમાં સુખને જોનાર, લોક છે, સુવિહિતોનો પ્રતિસ્રોત આશ્રવ છે =ઇન્દ્રિયજયાદિરૂપ મન, વચન અને કાયાનો વ્યાપાર છે, અથવા પ્રતિસ્રોત આશ્રમ છે= વ્રતગ્રહણ આશ્રમ છે. અનુસ્રોત સંસાર છે. પ્રતિસ્રોત તેનાથી=સંસારથી, નિષ્ફેટ છે=ઉતાર =બહાર નીકળવાની ક્રિયા છે.**

★ 'तस्स' - પંચમી અર્થક છે.

આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ રીતે, હંમેશાં શુભયોગવાળો=શ્રામણ્યના

વ્યાપારથી સંગત એવો, આ યોગી કહેવાયો છે= ભગવાન વડે આવા પ્રકારનો યોગી કહેવાયો છે.

તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે–

સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો યોગ સદ્યોગ કહેવાય છે. એના યોગથી જ=સદ્યોગના યોગથી જ, યોગી પરમબ્રહ્મનો સાધક થાય છે.

આવા પ્રકારનો આ શ્રામણ્યનો આરાધક છે=શ્રમણભાવનો નિષ્પાદક છે આદિથી માંડીને સમ્યક્ પ્રવૃત્તિ હોવાના કારણે યથાગૃહિત પ્રતિજ્ઞાવાળો છે. એ રીતે=જે રીતે યથાગૃહિત પ્રતિજ્ઞાવાળો છે એ રીતે, નિરતિચારપણું હોવાના કારણે, સર્વ ઉપધાથી=ઉપાયથી, શુદ્ધ એવો સાધુ ભવો દ્વારા જ જન્મવિશેષલક્ષણ એવા શુદ્ધ ભવનું સંઘટન કરે છે=ચરમશરીરરૂપ શુદ્ધ ભવની પ્રાપ્તિ કરે છે. આ જ વિશેષ કહેવાય છે=શુદ્ધ ભવ જ વિશેષરૂપે કહેવાય છે– સમ્યગ્ અભવનો સાધક એવો આ શુદ્ધ ભવ છે=સત્ક્રિયાકરણ દ્વારા મોક્ષનો સાધક એવો શુદ્ધ ભવ છે, એ પ્રમાણે અર્થ છે.

દૃષ્ટાંત કહે છે=પૂર્વમાં કહ્યું કે સમ્યગ્ અભવનો સાધક એવો ભવ પ્રાપ્ત કરે છે. તે ભવ કેવા પ્રકારનો છે ? તેમાં દૃષ્ટાંતને કહે છે–

ભોગક્રિયા પ્રાપ્ત કરાવે એવા સુરુપાદિયુક્ત શુદ્ધ ભવ સંઘટન કરે છે. અહીં પ્રશ્ન થાય કે ભોગક્રિયાની પ્રાપ્તિ માટે સુરુપાદિની અપેક્ષા કેમ છે ? તેથી કહે છે– રૂપાદિવિકલને આ=ભોગક્રિયાઓ, સમ્યગ્ થતી નથી. તેમાં यथोक्तम् થી સાક્ષી આપે છે–

રૂપ, વય, વૈચક્ષણ્ય, સૌભાગ્ય, માધુર્ય, ઐશ્વર્ય આદિ ભોગસાધનો છે.

'इति' ઉદ્ધરણની સમાપ્તિઅર્થક છે.

તેનાથી=સુરુપાદિયુક્ત એવા ભવથી, તે=ભોગક્રિયા, સંપૂર્ણ પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે અર્થ છે. કેમ ? એથી કરીને કહે છે– સુરુપાદિરૂપ અવિકલ હેતુભાવ હોવાથી સંપૂર્ણ ભોગક્રિયા પ્રાપ્ત કરે છે.

તે ભોગક્રિયા કેવા પ્રકારની વિશિષ્ટ છે ? એથી કરીને કહે છે–

અસંક્લિષ્ટ સુખરૂપ છે, કેમ કે ન્યૂનતાના અભાવને કારણે સંક્લેશનો અભાવ છે. અને અપરોપતાપિની છે, કેમકે વૈચક્ષણ્યાદિભાવો છે. અને આ

**જ હેતુથી=અપરોપતાપિની છે એ જ હેતુથી, તે ભોગક્રિયા અનુબંધથી સુંદર છે. ઉક્તલક્ષણવાળી ભોગક્રિયાથી અન્ય(ભોગક્રિયા) સંપૂર્ણ નથી. કેમ સંપૂર્ણ નથી? એથી કરીને કહે છે– તત્તત્વનું અર્થાત્ ભોગક્રિયાના સ્વરૂપનું=ખંડન હોવાથી અર્થાત્ ઉભયલોકની અપેક્ષાએ સંક્લેશાદિથી ભોગક્રિયાના સ્વરૂપનું, ખંડન હોવાને કારણે (ઉક્તલક્ષણવાળી ભોગક્રિયાથી અન્ય ભોગક્રિયા સંપૂર્ણ નથી) એ પ્રકારનો ભાવ છે.**

**ભાવાર્થ :**

મોક્ષના અર્થીને મોક્ષનું અનન્ય કારણ ગુરુબહુમાન છે, તે બતાડવા માટે કહે છે કે ગુરુબહુમાન આયત છે અર્થાત્ મોક્ષનું અનન્ય કારણ છે, તેથી ગુરુબહુમાનને જ મોક્ષ કહેલ છે. અહીં ગુરુબહુમાન મોક્ષ છે તેમ ન કહેતાં 'આયત' છે તેમ કહેવાનો આશય એ છે કે, સંસારમાં કોઈ અવસ્થા સાદિ-અનંત નથી, તેથી જન્મ અને મૃત્યુની વિડંબણાવાળી છે, જ્યારે મોક્ષ સાદિ-અપર્યવસિત છે, માટે દીર્ઘ છે. અને 'આયત' શબ્દ દીર્ઘનો વાચક છે તેનાથી એ બતાવવું છે કે જ્યાં ગયા પછી આ પરિભ્રમણની ફરી વિડંબણા નથી તેવું આ સ્થાન છે, અને તેનું અનન્ય કારણ ગુરુબહુમાન છે. અને તે જ સ્પષ્ટ કરવા માટે કહે છે કે, મોક્ષ પ્રત્યે અપ્રતિબદ્ધ સામર્થ્યવાળું ગુરુબહુમાન છે.

આશય એ છે કે, જે જીવને ભગવાનના વચનને કહેનારા એવા ગુણવાન ગુરુ પ્રત્યે બહુમાન છે, તે જીવને પરમાર્થથી વીતરાગતા પ્રત્યે બહુમાન છે; અને જેના હૈયામાં વીતરાગતા પ્રત્યે બહુમાન હોય તે જીવ અવશ્ય વીતરાગ થવાનો છે. તેથી ગુરુનું બહુમાન મોક્ષ પ્રતિ અપ્રતિબદ્ધ=અકુંઠિત સામર્થ્યવાળો હેતુ છે. તાત્પર્ય એ છે કે, ભગવાને બતાવેલાં સદ્અનુષ્ઠાન મોક્ષના હેતુ છે, આમ છતાં જે જીવોને વીતરાગ પ્રત્યે અત્યંત બહુમાન નથી, પરંતુ અનુષ્ઠાન માત્ર કરીને આત્મહિત સાધવાની ઇચ્છાવાળા છે, તેમનાં અનુષ્ઠાન પ્રતિબદ્ધ=કુંઠિત સામર્થ્યવાળાં હોવાના કારણે મોક્ષનાં હેતુ હોવા છતાં મોક્ષ પ્રત્યે હેતુ બનતાં નથી, જ્યારે ગુણવાન એવા ગુરુનો જે રાગ છે, તે પરમાર્થથી ભગવાનના વચનનો રાગ છે, અને ભગવાનના વચનનો રાગ અવશ્ય ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરાવીને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે, માટે ગુરુનું બહુમાન મોક્ષ પ્રત્યે અપ્રતિબદ્ધ સામર્થ્યવાળું છે. પણ જેઓ ભગવાનના વચનના તાત્પર્યને જાણવાની બલવાન ઇચ્છાવાળા નથી, તેઓને ભગવાનના વચનના પરમાર્થને બતાવનારા

એવા ગુરુ પ્રત્યે બહુમાન નથી અને તેઓ જે મોક્ષના આશયથી પણ ધર્મની પ્રવૃત્તિ કરે છે તેમાં તેઓને તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય સંસારના રાગાદિના પ્રતિપક્ષભૂત પરિણામનો પ્રતિબંધક એવો પરિણામ=સંસારનો રાગ, વિદ્યમાન છે, અને તે પરિણામ કોઈકને સ્વમતિ પ્રમાણે પ્રવૃત્તિ કરવારૂપે હોય છે, અથવા તો કોઈકને સંસારના ભૌતિક પદાર્થો પ્રત્યે બલવાન રાગરૂપે હોય છે, અથવા કોઈકને ભગવાનના વચનથી વિપરીત ક્યાંક વિશેષ રુચિરૂપે પણ હોય છે, જેના કારણે સંયમની ક્રિયાઓથી પણ વીતરાગતાને અભિમુખ પરિણામ ઊઠતો નથી. કેમકે મોક્ષનાં કારણીભૂત એવાં અનુષ્ઠાનો પણ જીવમાં વર્તતા તત્ત્વ પ્રત્યેની ઉપેક્ષાભાવરૂપ વિપરીત ભાવથી પ્રતિબદ્ધ સામર્થ્યવાળાં હોવાના કારણે મોક્ષના હેતુ હોવા છતાં મોક્ષ પ્રત્યે હેતુ બનતાં નથી. વળી, ગુણવાન એવા ગુરુનો જે રાગ છે, તે પરમાર્થથી ભગવાનના વચનના જ રાગરૂપ છે, અને ભગવાનના વચનનો રાગ અવશ્ય ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરાવીને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે, માટે ગુરુનું બહુમાન મોક્ષ પ્રત્યે અપ્રતિબદ્ધ સામર્થ્યવાળું છે.

**મોક્ષ પ્રત્યે ગુરુબહુમાન અપ્રતિબદ્ધ સામર્થ્યવાળો હેતુ છે,** એ જ વાતને વિશેષથી કહે છે– જે જીવોને ગુરુ પ્રત્યે બહુમાન છે, તે બહુમાનથી બંધાયેલ પુણ્યાનુબંધી પુણ્ય, પરમગુરુનો સંયોગ કરાવી આપે છે, અને તે સંયોગ ભગવાનના ઉચિત સંબંધરૂપે છે તેથી અવશ્ય મોક્ષ થાય છે.

આશય એ છે કે, સંસાર પરિભ્રમણ કરતા જીવે અથડાતાં કૂટાતાં અનંતીવાર તીર્થંકરનો યોગ પ્રાપ્ત કર્યો છે અને તીર્થંકરની દેશના પણ સાંભળી છે, પરંતુ તીર્થંકરનો તે સંયોગ ઉચિત સંબંધરૂપ ન બન્યો. પરંતુ જે જીવને ગુરુ પ્રત્યે અત્યંત બહુમાન થાય છે અને તેથી ગુણવાન એવા ગુરુના વચનાનુસાર સુદૃઢ યત્ન કરીને મોક્ષમાર્ગમાં પ્રવૃતિ કરે છે, તે જીવને જે પુણ્ય બંધાય છે, તે પુણ્ય જન્માંતરમાં તીર્થંકરનો સંયોગ કરાવે છે અને તે વખતે પરમગુરુ પ્રત્યે અત્યંત બહુમાન જાગૃત થાય છે; કેમ કે પૂર્વભવમાં ભગવાનના વચનના બહુમાનને કારણે ગુણવાન એવા ગુરુ પ્રત્યે બહુમાન થયેલ તેનાથી બંધાયેલ પુન્યથી આ રીતે જ્યારે તીર્થંકરનો સંયોગ થાય છે ત્યારે પૂર્ણ ગુણના સમુદ્ર એવા પરમાત્મા પ્રત્યે અત્યંત બહુમાન થાય છે, તેથી તેમના સંયોગથી અવશ્ય તે જીવને મુક્તિ મળે છે. કદાચ તે ભવમાં મુક્તિ ન થાય તો પણ પરમાત્માના વચનનું સેવન કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ વિશિષ્ટ આરાધના કરીને થોડાક ભવોમાં તે અવશ્ય મોક્ષને પામે છે, જેના કારણે તે તીર્થંકરનો સંયોગ ઉચિત સંયોગરૂપ બને છે.

**ગુરુનું બહુમાન મોક્ષ પ્રત્યે અવંધ્ય કારણ છે** આથી કરીને જ ગુરુના બહુમાનને પ્રધાન શુભના અનુબંધવાળો શુભોદય કહેલ છે; કેમ કે જે જીવને ગુરુનું બહુમાન પ્રગટે છે, તે જીવની શુભ પ્રકૃતિનો ઉદય થાય છે, જેથી જન્માંતરમાં ઉત્તમ ધર્મસામગ્રીથી યુક્ત મનુષ્યજન્મ મેળવે છે અને ત્યાં પણ ભગવાનના વચનની આરાધનાનો ઉત્કર્ષ કરીને કલ્યાણની પરંપરાને પામે છે અને અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે.

**વળી આ ગુરુબહુમાન ભવવ્યાધિનો ચિકિત્સક છે;** કેમ કે જીવનું સંસારમાં જે પરિભ્રમણ છે તે ભવવ્યાધિ છે, અને આ ભવવ્યાધિ દૂર કરવાનો ઉપાય ગુરુબહુમાન છે. તેથી જે જીવને સંસારપરિભ્રમણ એ વ્યાધિસ્વરૂપ દેખાતું હોય તે જીવ ગુરુબહુમાનમાં અત્યંત યત્ન કરે તો તેનો સંસારપરિભ્રમણરૂપ વ્યાધિ અવશ્ય દૂર થાય છે.

**વળી સંસારમાં ગુરુબહુમાનથી અન્ય કોઈ સુંદર નથી.** આશય એ છે કે, જગતમાં જે કાંઈ સુંદર છે તે સર્વ કરતાં ગુરુબહુમાન અધિક સુંદર છે; કેમ કે તે એકાંતે કલ્યાણની પરંપરાનું કારણ છે, જ્યારે અન્ય કોઈ પણ સુંદર વસ્તુ તે રીતે એકાંતે હિતનું કારણ બને તેવો નિયમ નથી. માટે જીવની કોઈ પણ ભૌતિક, શારીરિક કે માનસિક ગુણોની સુંદરતા સાથે ગુરુબહુમાનની સુંદરતાની તુલના કરી શકાય નહીં; કેમ કે ગુણવાન ગુરુના બહુમાનમાં ભગવાનનું બહુમાન છે કારણ કે ગુણવાન ગુરુ ભગવાનના વચન અનુસાર શિષ્યોને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરાવે છે.

**स एवं प्रज्ञः** =અધિકૃત પ્રવ્રજિત વિમલ વિવેક હોવાને કારણે આવી પ્રજ્ઞાવાળો છે=ગુરુનું બહુમાન એકાંતે મારું કલ્યાણ કરનાર છે, આવી પ્રજ્ઞાવાળો છે. કેમ કે શાસ્ત્રોના અધ્યયન દ્વારા વિમલ વિવેક પ્રગટેલો છે. આશય એ છે કે, સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા અધિકૃત પ્રવ્રજિતની પ્રજ્ઞા નિર્મલ થાય છે, અને તેથી તેને એ દેખાય છે કે મોક્ષમાં જવું હોય તો પરમગુરુના વચનને કહેનારા એવા આ ગુરુ પ્રત્યેનું બહુમાન કરવું તે એકાંતે શ્રેયકારી છે. આવી નિર્મળ પ્રજ્ઞા તેને શાસ્ત્રના અધ્યયનથી પ્રગટેલ છે.

કદાચ કોઈક પ્રવ્રજિત તે પ્રકારે શાસ્ત્ર ભણીને નિષ્પન્ન થયેલો ન હોય તો તેવા પ્રકારના વિવેકનો અભાવ હોવા છતાં પણ માષતુષ મુનિની જેમ તે સાધુ પ્રકૃતિથી માર્ગાનુસારી ભાવવાળો હોવાથી આવા ભાવવાળો છે અર્થાત્

પરમગુરુના વચનને કહેનારા આ ગુરુ મારા માટે એકાંતે કલ્યાણને કરનારા છે, એવા ભાવવાળો છે.

વળી વિષમ કાળને કારણે તેવા ગુરુની પ્રાપ્તિ ન થઇ હોય તો પણ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને કારણે કોઇક જીવ સામાન્યથી આવા પરિણામવાળો હોય છે. આશય એ છે કે વિષમ કાળને કારણે તેવા ગીતાર્થ ગુરુની અપ્રાપ્તિ હોય તો પણ જે જીવોનો ક્ષયોપશમ સ્વાભાવિક માર્ગ પર જાય છે, તે જીવો ગુણવાન ગુરુને શોધવા શક્તિના પ્રકર્ષથી પ્રયત્ન કરે છે, અને ન મળે તો પણ ભગવાનનું વચન શું છે અને કઇ રીતે કલ્યાણનું કારણ બનશે, તે રીતે જાણવા પ્રયત્નવાળા હોય છે. અને આવા પરિણામને કારણે ક્વચિત્ ભગવાનના વચનથી તેઓની વિપરીત પરિણતિ હોય તો પણ તેઓમાં વર્તતા ભગવાનના બહુમાનના પરિણામથી યોગ્ય સંયોગ મળતાં વિપરીત ભાવથી નિવર્તન પામે તેવા હોય છે, અને સહજ રીતે ગુણવાન એવા ગુરુ પ્રત્યેના બહુમાનને વહન કરનારા તેઓ હોય છે. અહીં સામાન્યથી એમ કહીને એ કહેવું છે કે, સાક્ષાત્ ગુરુ મળ્યા નથી અને પોતાને પણ વિશેષ બોધ નથી, તો પણ ઓઘથી તેઓનો પરિણામ સર્વજ્ઞના વચન અનુસાર ચાલવાનો હોય છે, તેથી જેમ માષતુષમુનિ વિશેષ બોધ નહિ હોવા છતાં ભાવથી ગીતાર્થગુરુને પરતંત્ર છે તેમ જો કોઇ યોગ્ય ગીતાર્થ ગુરુ મળે તો તેઓને પરતંત્ર થાય તેવો પરિણામ ચારિત્રીને વિદ્યમાન હોય છે અને ગીતાર્થ ગુરુને પરતંત્ર થવાના પરિણામવાળા હોવાના કારણે આવા જીવો અવશ્ય મોક્ષફળને પામશે.

પૂર્વમાં ટીકામાં '**एवं प्रज्ञः**', '**एवं भाव**' અને '**एवं परिणाम**' એમ કહ્યું તેમાં '**यथोक्तम्**' થી સાક્ષી આપે છે, તેનો ભાવ આ પ્રમાણે છે–

**શાસ્ત્ર ભણેલા ચારિત્રીને આશ્રયીને :**

ટીકામાં '**एवं प्रज्ञः**' કહ્યું છે તેને બતાવવા ઉધ્ધરણમાં "સાધુને વચનમાં વિવેક હોય છે અર્થાત્ ભગવાનના વચનના બોધના કારણે આ ગુરુ મારાં એકાંતે હિતકારી છે તેવો વિવેક હોય છે" તેમ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુએ સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરી છે તેથી વિમલ વિવેક પ્રગટ્યો છે અને તેથી તે જાણે છે કે સર્વજ્ઞના વચનનું બહુમાન એકાંતે કલ્યાણનું કારણ છે અને જે ગુરુ પોતાને સર્વજ્ઞના વચનનો પરમાર્થ જણાવે છે તેના પ્રત્યે બહુમાન હોય તો જ મોક્ષની પ્રાપ્તિ થાય. અન્યથા નહિ. આવો પરિણામ ચારિત્રીને હોય છે.

**શાસ્ત્ર ભણી શક્યા નહિ હોવા છતાં સ્વભાવિક માર્ગાનુસારી પ્રકૃતિવાળા ચારિત્રીને આશ્રયીને :-**

ટીકામાં '**एवं भाव**' કહ્યું છે તેને બતાવવા ઉધ્ધરણમાં "ગીતાર્થ ગુરુના વિષયમાં શુભભાવવાળા હોય છે" તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયો નથી તેવો સાધુ ગીતાર્થ નહિ હોવાને કારણે વિશેષ વિવેકવાળો નથી તો પણ પ્રકૃત્તિથી સર્વજ્ઞના વચન પ્રત્યે બહુમાનવાળો હોવાથી સર્વજ્ઞના વચનને કહેનારા ગુરુમાં શુભભાવવાળો હોય છે. આવો પરિણામ ચારિત્રીને હોય છે.

**વિષમકાળના દોષને કારણે ગીતાર્થગુરુની અપ્રાપ્તિમાં પણ ભાવથી ચારિત્રીને આશ્રયીને :-**

વળી, ટીકામાં '**एवं परिणाम**' કહ્યું છે તેને બતાવવા ઉધ્ધરણમાં "ગુરુના અભાવમાં સામાન્યથી આવા પરિણામવાળો હોય છે" તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે વિષમકાળનાં દોષથી સર્વજ્ઞનાં વચનને કહેનારા ગીતાર્થ ગુરુ ન મળ્યા હોય તો પણ ભગવાનનાં વચન પ્રત્યે અત્યંત બહુમાન હોવાને કારણે ભગવાનના વચનને કહેનારા ગીતાર્થ ગુરુ પ્રત્યે આવો પરિણામ હોય છે પરન્તુ સાક્ષાત્ તેવા ગુરુ નહિ મળવાથી કોઇ ગુરુને આશ્રયીને તેવો પરિણામ વ્યક્ત થતો નથી છતાં તેવા ગીતાર્થ ગુરુ પ્રત્યે ભાવથી સમર્પણનો પરિણામ હોય છે. તેથી જો તેવા ગીતાર્થ ગુરુ મળે તો અવશ્ય તે રીતે સમર્પિત થાય. આવો પરિણામ ચારિત્રીને નિયમા હોય છે.

આ રીતે ભાવથી ચારિત્રી કેવા હોય છે તે બતાવ્યું હવે તે કઇ રીતે પ્રતિદીન સંયમમાં વધે છે તે બતાવે છે–

**एवमप्रतिपतितः सन्**=પૂર્વમાં બતાવ્યું તે રીતે અર્થાત્ રોગીની સુંદરક્રિયાનાં દૃષ્ટાન્તથી ચારિત્રી કેવો સંયમમાં યત્નવાળો હોય છે તે પૂર્વમાં બતાવ્યું તે રીતે, સંયમમાં અપ્રતિપતિત=સ્ખલના વગરનો છતો એવો સાધુ, નિયમથી તેજોલેશ્યા વડે કરીને વધતો બાર મહિનાના સંયમપર્યાયથી સર્વ દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે, એ પ્રમાણે મહામુનિ ભગવાન મહાવીર કહે છે. આશય એ છે કે, ત્રીજા સૂત્રમાં બતાવ્યું એ રીતે દીક્ષા ગ્રહણ કરીને સમ્યગ્ ઉપાયમાં પ્રવર્તતો એવો સાધુ હંમેશાં ઉત્તરોત્તર સંયમસ્થાનની વૃદ્ધિ કરતો હોય છે, પરંતુ કોઇ કર્મના ઉદયથી કે કોઇ નિમિત્તથી પતિત પરિણામવાળો થયો હોય તો ઉત્તરોત્તર સંયમસ્થાનની વૃદ્ધિને પામે નહિ. અને જે સાધુ નિરપાય યોગી છે, અર્થાત્

સંયમમાં સ્ખલના કરાવે તેવા ક્લિષ્ટ કર્મો નથી, તે સાધુ પ્રાયઃ કરીને સંયમસ્થાનોમાં સુદઢ યત્નવાળો હોય છે, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી નિયમથી તેજોલેશ્યાની વૃદ્ધિને પામતો હોય છે. મુનિ સંયમ ગ્રહણ કરે ત્યારે સંસારના ભૌતિક પદાર્થોથી ચિત્ત નિવૃત્ત થવાથી ગુપ્તિવાળો હોય છે અને ભાવથી સંયમના પરિણામ પામેલો હોય છે, તેથી નિર્લેપતાના કારણે કાંઈક સુખને અનુભવે છે, તો પણ સંયમની ક્રિયાઓ અત્યંત અભ્યસ્ત નહીં હોવાથી ક્રિયાઓમાં ચિત્ત કાંઈક વ્યગ્ર હોય છે, તેથી પ્રથમ ભૂમિકામાં વિશેષ સુખ અનુભવતો નથી. પરંતુ જેમ જેમ સંયમની ક્રિયાથી અભ્યસ્ત થાય છે તેમ તેમ તે ક્રિયાઓથી જીવને વિશેષ વિશેષ ઉપશમ પરિણામ પ્રાપ્ત થાય છે, અને તેના કારણે જ મુનિ વિશેષ સુખને અનુભવતો માસ પર્યાય પૂર્ણ થાય છે ત્યારે વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાના સુખને અતિક્રમણ કરે છે, અને બાર મહિનાનો પર્યાય પસાર થવાથી સંયમસ્થાનો અત્યંત અભ્યસ્ત થઈ ગયાં હોય છે, જેથી તે સંયમની પ્રવૃત્તિ તેમની પ્રકૃતિરૂપે વર્તે છે, તેથી તે સાધુ સર્વ દેવોની તેજોલેશ્યાથી થતા સુખ કરતાં વિશેષ સુખને અનુભવે છે.

અહીં વિશેષ એ છે કે, દેવોને પુણ્યનો પ્રકર્ષ હોય છે, તેથી અનુકૂળ સામગ્રીને કારણે ચિત્તની સ્વસ્થતારૂપ સુખનું વેદન કરે છે, પરંતુ તે સુખ ઈષ્ટસંયોગથી થનારું છે, પણ જીવની પ્રકૃતિરૂપ નથી. જ્યારે મુનિ તત્ત્વના ભાવનથી ચિત્તને વિષયોથી વિમુખ બનાવે છે, તેથી ચિત્તમાં સ્વસ્થતાના સુખને અનુભવે છે.

**ત્યારપછી મુનિ શુક્લ શુક્લાભિજાત્ય થાય છે.** અહીં શુક્લનો અર્થ અભિન્નવૃત્ત, અમત્સરી, કૃતજ્ઞ, સદારંભી અને હિતાનુબંધ છે. અહીં (૧) અભિન્નવૃત્ત એટલે સંયમ સાથે અભિન્ન પરિણામવાળો હોય છે અર્થાત્ બાર માસના પર્યાય પછી સંયમ પ્રકૃતિરૂપે બની જાય છે, તેથી નિરતિચાર ચારિત્રવાળો થાય છે.

(૨) અમત્સરી– અહીં માત્સર્ય એટલે પ્રાણાતિપાતઆદિ દોષો પ્રત્યે દ્વેષ, આવા દોષો પ્રત્યે દ્વેષ વગરનો છે તે અમત્સરી છે. પ્રથમ ભૂમિકામાં મુનિ અનાદિ ભવ અભ્યસ્ત પ્રમાદને કારણે સંયમમાં યત્ન કરતો હોય તો પણ સ્ખલનાઓ પામે છે અને તે સ્ખલનાઓ પ્રત્યે મત્સર ભાવને ધારણ કરે તો તે સ્ખલનાઓથી બચી શકે છે તેથી દોષોના પ્રતિપક્ષનું ભાવન કરીને દોષ પ્રત્યે મત્સરભાવ વધારે તો ક્રમે કરીને દોષો ઘટે છે. પરંતુ જ્યારે મુનિ શુક્લ પરિણામવાળો થાય છે, ત્યારે શુદ્ધ સામાયિકને પ્રાપ્ત કરેલો વિશેષ સમતાના પરિણામવાળો થાય છે.

તેથી વિહિત અનુષ્ઠાન પ્રત્યે રાગ પણ નથી અને નિષિદ્ધ આચરણરૂપ દોષ પ્રત્યે દ્વેષ પણ નથી. તેથી દોષ પ્રત્યે માત્સર્યભાવ વગરનો થાય છે અર્થાત્ અમત્સરી થાય છે.

(૩) કૃતજ્ઞ એટલે ભગવાનથી અને ગુરુથી થયેલા નાના પણ ઉપકારને ભૂલે નહિ તેવો પરિણામ. જો કે આદ્ય ભૂમિકામાં પણ મુનિ કૃતજ્ઞ હોય છે, તો પણ તે પ્રકારની નિર્મળતા નહીં હોવાથી તે કૃતજ્ઞ ગુણમાં પણ ક્યાંક હીનતા થવાની સંભાવના હોય છે.જ્યારે બાર માસના પર્યાય પછી તે ગુણ ખીલેલી અવસ્થામાં છે, તે બતાવવા અહીં કૃતજ્ઞ કહેલ છે.

(૪) સદારંભી અને હિતાનુબંધવાળો–

પ્રથમ ભૂમિકામાં સાધુ સદારંભવાળો હોય છે અને હિતાનુબંધવાળો આરંભ કરે છે. આમ છતાં અનાદિભવથી અભ્યસ્ત પ્રમાદ હોવાના કારણે ઉપયોગમાં સૂક્ષ્મ પણ સ્ખલના થવાથી ક્યારેક અસદ્ આરંભ પણ થાય છે. અને તેથી તે ઉપયોગ દ્વારા તેવા પ્રકારનો હિતનો અનુબંધ પણ થતો નથી. પરંતુ બાર માસના પર્યાય પછી સંયમ પ્રકૃતિરૂપ થવાના કારણે, મુનિનો દરેક મન, વચન, કાયાનો યોગ ઉત્તરોત્તર સંયમસ્થાનની વૃદ્ધિનું કારણ બને તેવો હોય છે અને અભિક્ષણ જ્ઞાનના ઉપયોગથી સદ્પ્રવૃત્તિ થાય છે. તેથી તે એકાંતે સદારંભી અને હિતાનુબંધવાળો છે.

**શુક્લ થયા પછી આ મુનિ શુક્લાભિજાત્ય થાય છે, જેમાં પૂર્વના જ ગુણો પ્રકર્ષવાળા થાય છે.** આશય એ છે કે, બાર માસના પર્યાયથી મુનિ શુક્લ બને છે ત્યારે તેને પૂર્વે જે ક્ષયોપશમભાવની વિશુદ્ધિ થઇ, તે ક્ષયોપશમભાવની વિશુદ્ધિ ત્યારપછી અધિક અધિક થાય છે. તેથી મુનિ શુક્લ થયો ત્યારે જે નિર્લેપતા હતી, તેના કરતાં પણ શુક્લાભિજાત્ય થાય છે ત્યારે અતિશય નિર્લેપતા થાય છે, જેથી જીવને પોતાના સ્વભાવમાં રહેવું પૂર્વ કરતાં વધારે સરળ બની જાય છે.

**વળી તે સાધુ પ્રાયઃ છિન્નકર્માનુબંધ વાળો છે.** અહીં પ્રાયઃ ગ્રહણ કરવાથી એ બતાવવું છે કે, કર્મશક્તિ અચિંત્ય છે, તેથી આવો પણ સાધુ સૂક્ષ્મ અનાભોગવાળો થાય ત્યારે જે કર્મોનું વેદન કરે છે તે કર્મોને બાંધે પણ છે. આશય એ છે કે, જ્યારે મુનિ શક્તિના પ્રકર્ષથી સમતામાં સુદૃઢ યત્નવાળો છે, ત્યારે ક્ષયોપશમભાવની સમતા વર્તે છે. તે વખતે સંજ્વલન કષાયનો વિપાકોદય છે,

તે મુનિના ઉપયોગથી ક્ષીણ ક્ષીણતર થાય છે. તેથી જેવા સંજ્વલન કષાયનું તે વેદન કરે છે, તેવાં અન્ય કર્મ તે બાંધતો નથી; કેમ કે તે વિપાકોદયમાં આવેલા કર્મથી વિરુદ્ધ એવો તેનો ઉપયોગ હોય છે. આમ છતાં ક્યારેક ઉપયોગમાં સૂક્ષ્મ પણ મ્લાની થાય ત્યારે ઉદયમાન કર્મ પોતાની શક્તિ પ્રમાણે જીવને કંઈક પરિણતિ પણ પેદા કરે છે. તેથી તે વખતે જેવાં કર્મ વેદે છે, તેવાં કર્મોનો બંધ પણ કરે છે. તેથી પ્રાયઃ છિન્નકર્મના અનુબંધવાળો છે, તેમ કહેલ છે.

**વળી આવા પ્રકારનો તે મુનિ લોકસંજ્ઞાની ક્ષપણા કરે છે.** લોકસંજ્ઞા એ સંસારના અત્યંત અભિનંદી જીવોની ક્રિયા પ્રત્યેની પ્રીતિરૂપ છે, તેથી ભગવાનના વચનને પ્રતિકૂલ છે. આશય એ છે કે અનાદિ કાળથી જીવ લોકસંજ્ઞાથી સંસારની ક્રિયાઓમાં પ્રવર્તે છે અને તે રીતે કષાયને વશ થઈને ધર્મઅનુષ્ઠાન પણ કરતો હોય છે, પરંતુ સર્વજ્ઞ ભગવંતે જે રીતે અનુષ્ઠાન કરવાનુ કહ્યું છે તે રીતે પ્રાયઃ કરતો નથી. જેમ કે ધર્મબુદ્ધિથી પણ સન્માર્ગમાં ધનવ્યય કરતો હોય ત્યારે પણ લોકમાં મારું શું સારું દેખાશે ? પોતાની પ્રતિષ્ઠા કેમ જળવાશે ? ઇત્યાદિ આશયથી પ્રાયઃ પ્રવૃત્તિ કરતો હોય છે, જ્યારે ભગવાને તો રાગાદિના પ્રતિપક્ષનું ભાવન થાય તે રીતે ધર્મઅનુષ્ઠાન કરવાનું કહ્યું છે. પરંતુ તે રીતે સંસારી જીવોને ધર્મ અનુષ્ઠાન કરવાનું દુષ્કર લાગે છે, તેથી ધર્મઅનુષ્ઠાન કરતી વખતે પણ સહવર્તી લોકસંજ્ઞાથી પ્રવૃત્તિ થાય છે. જ્યારે પ્રસ્તુત યોગી સંયમ ગ્રહણ કરીને સર્વ પ્રવૃત્તિ સર્વજ્ઞના વચનથી નિયંત્રિત થઈને કરે છે. તેથી તેની પ્રવૃત્તિમાં ક્યાંય લોકસંજ્ઞાની પુષ્ટિ મળતી નથી. આમ છતાં જ્યાં સુધી મુનિ શુક્લ શુક્લાભિજાત્ય થતો નથી, ત્યાં સુધી લોકસંજ્ઞાનું બીજ ચિત્તમાં પડેલુ છે. તેથી ક્વચિત્ પ્રમાદને વશ થઈને કે સુખશીલતાને કારણે સંયમમાં અતિચાર પણ પ્રાપ્ત કરે છે, જે ભગવાનના વચનને પ્રતિકૂળ એવી લોકસંજ્ઞારૂપ છે. જ્યારે મુનિ બાર મહિનાનાં સંયમપર્યાયથી શુક્લ શુક્લાભિજાત્ય બને છે, ત્યારે લોકસંજ્ઞાને પ્રવર્તાવવાના સંસ્કારો નષ્ટપ્રાયઃ થાય છે. તેથી મુનિ લોકસંજ્ઞાની ક્ષપણા કરનાર બને છે.

આથી જ લોકાચારના પ્રવાહરૂપ નદી પ્રત્યે પ્રતિસ્રોતગામી બને છે અને સંયમના અભ્યાસથી અનુસ્રોતથી નિવૃત્ત થાય છે. આશય એ છે કે, ઇન્દ્રિયો અને વિષયને અનુકૂળ એવા ભાવોમાં પ્રવૃત્તિ કરવી તે લોકાચારના પ્રવાહરૂપ નદી છે અને તેમાં અનાદિ કાળથી જીવ પ્રવર્તે છે, જ્યારે મુનિ સંયમ ગ્રહણ કર્યા પછી રાગાદિના પ્રતિપક્ષનું ભાવન થાય તે રીતે સર્વ ધર્મઅનુષ્ઠાન કરે છે;

કેમ કે ભગવાનનું વચન તે રીતે ઉચિત અનુષ્ઠાન કરવાનું કહે છે કે જે રીતે તે અનુષ્ઠાન કરવાથી જીવમાં રાગાદિનું સ્ફુરણ લેશ પણ ન થાય, પરંતુ તે તે ક્રિયાથી વિદ્યમાન રાગાદિના પ્રતિપક્ષભાવો નિષ્પન્ન થાય. અને મુનિ સંયમ ગ્રહણ કરીને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરતો હોવાથી પ્રતિસ્રોતગામી બને છે અને અત્યાર સુધી સંયમયોગમાં યત્ન કરતાં પણ ક્યારેક સંયમમાં સ્ખલના થતી હતી તે રૂપ અનુસ્રોતગમનથી સર્વથા નિવૃત્ત બાર માસનાં સંયમપર્યાય પછી થાય છે. તેથી શુક્લ શુક્લાભિજાત્ય થયેલો મુનિ લેશ પણ અનુસ્રોત પ્રવાહમાં જતો નથી, પરંતુ એકાંતે પ્રતિસ્રોતગામી થઈને આત્મામાત્રમાં નિવેશ કરવાનો સુદઢ યત્ન કરે છે, જેનાથી પ્રતિક્ષણ સમભાવની વૃદ્ધિ થાય છે. આ ન્યાય છે=યુક્તિયુક્ત છે. અર્થાત્ સાધુ સંયમના અભ્યાસને કારણે જ અનુસ્રોતથી નિવૃત્ત થાય છે, એ યુક્તિયુક્ત છે=સંગત છે. તેમાં સાક્ષી આપતાં દશવૈકાલિકનો પાઠ આપ્યો છે, તેનો ભાવ આ પ્રમાણે છે–

ઘણા જીવો અનુસ્રોતમાં પ્રવર્તે છે અર્થાત્ ઇન્દ્રિય અને વિષયને અનુકૂળ થઈને સંસારની પ્રવૃત્તિ કરે છે અને ધર્મઅનુષ્ઠાન પણ ધર્મની વૃદ્ધિ થાય તે રીતે કરતા નથી, પરંતુ અનાદિ કાળથી યથાતથા કરવાની પ્રકૃતિ છે તે રીતે કરે છે, જ્યારે મુનિઓ પ્રતિસ્રોતમાં લબ્ધલક્ષ્યવાળા થઈને મોક્ષની ઇચ્છાથી પ્રતિસ્રોતમાં આત્માને પ્રવર્તાવે છે. વળી અનુસ્રોતમાં સુખને અનુભવનારો લોક છે=અનુકૂળ એવા વિષયાદિના સુખને અનુભવનારો લોક છે, જ્યારે સુવિહિતો ઇન્દ્રિયજયાદિ-રૂપ પરમાર્થપેશલ મન, વચન અને કાયાના વ્યાપારવાળા હોય છે, જે પ્રતિસ્રોત ગમનરૂપ છે. અનુસ્રોતનું ફળ સંસાર છે અને પ્રતિસ્રોતનું ફળ સંસારનો નિસ્તાર છે.

આ રીતે=પૂર્વમાં બતાવ્યું તે રીતે, ભગવાનના વચનાનુસાર સંયમયોગમાં યત્ન કરતા મુનિ સદા સંયમના વ્યાપારથી યુક્ત હોય છે અને એવા સાધુને ભગવાને યોગી કહ્યા છે.

**આવા પ્રકારનો સાધુ સંયમનો આરાધક છે અને આવો સાધુ દીક્ષા ગ્રહણ કરે છે ત્યારથી સમ્યક્ પ્રવૃત્તિ કરનાર હોવાથી યથાગૃહિત પ્રતિજ્ઞાનો પાલક છે.** આશય એ છે કે, સંયમ ગ્રહણ કરતી વખતે સર્વ સાવદ્યયોગની નિવૃત્તિની જે પ્રતિજ્ઞા કરેલ છે તે પ્રમાણે ભગવાનના વચનના નિયંત્રણથી સર્વ પ્રવૃત્તિ કરે છે, તેથી સાવદ્યયોગની નિવૃત્તિ થાય છે. માટે તે સાધુ યથાગૃહિત પ્રતિજ્ઞાનો પાલક છે.

**વળી આવો સાધુ ભગવાનના વચનાનુસાર યાવદ્ પ્રવૃત્તિ કરનાર હોવાથી નિરતિચાર સંયમનું પાલન કરનાર હોય છે, તેથી તે સર્વ ઉપધાથી શુદ્ધ છે= સંયમના સર્વ ઉપાયોનું શુદ્ધ પાલન કરનારો છે.** અને તેના કારણે આ રીતે અમુક ભવો સુધી અભ્યાસ કરીને ચરમભવલક્ષણ શુદ્ધભવનું સંઘટન કરે છે=શુદ્ધ ભવને પ્રાપ્ત કરે છે. અને તે શુદ્ધ ભવ પણ સમ્યગ્ અભવનો સાધક હોય છે, એટલું જ નહીં પણ તે ભવ ઉત્તમ ભોગાદિ પ્રાપ્ત કરાવે તેવા સુરુપાદિ સામગ્રીથી યુક્ત હોય છે. આશય એ છે કે, પૂર્વમાં બતાવ્યું એ રીતે જે સાધુ પ્રતિજ્ઞા પ્રમાણે યાવજ્જીવ સંયમમાં સુદઢ યત્ન કરે છે, તેવો સાધુ સુદેવત્વ અને સુમાનુષત્વરૂપ ભવોની પ્રાપ્તિ કરીને વિશેષ વિશેષ સંયમને પ્રાપ્ત કરે છે અને તેના દ્વારા ચરમભવરૂપ શુદ્ધ ભવને પામે છે, અને તે ભવમાં સંયમની ઉચિત ક્રિયા કરીને પરમ નિર્લેપદશાને પ્રાપ્ત કરે છે, જેથી એ ભવમાં અવશ્ય મોક્ષમાં જાય છે. વળી આ ચરમભવ પણ એવા ઉત્તમ કુળમાં પ્રાપ્ત કરે છે કે જ્યાં ઉત્તમ ભોગક્રિયાઓ પ્રાપ્ત થઈ શકે તેવાં સુંદર રૂપ,વય, વૈચક્ષણ્ય, સૌભાગ્ય, માધુર્ય, ઐશ્વર્ય આદિ ભોગસાધનો વિદ્યમાન હોય છે, જેથી તે ચરમભવમાં દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે અનેક પ્રકારનાં શ્રેષ્ઠ સુખોને અનુભવે છે, અને અંતે સંયમ ગ્રહણ કરીને પૂર્ણ સંયમની ક્રિયા સારી રીતે સેવીને વીતરાગ બને છે અને તે ભવમાં સર્વ કર્મોનો અંત કરીને મોક્ષસુખને પામે છે. અહીં ચરમભવમાં સંપૂર્ણ શ્રેષ્ઠ કોટીની ભોગક્રિયાને પ્રાપ્ત કરે છે તેનું કારણ ભોગના સુખમાં આવશ્યક એવાં રૂપ, વય, વૈચક્ષણ્યાદિ ભાવોમાં કોઈ વિકલતા નથી; કેમ કે ભૂતકાળમાં સંયમના સેવનથી તેવા પ્રકારનું પુણ્ય બાંધેલ છે.

વળી આ ભોગક્રિયા અસંક્લિષ્ટ સુખરૂપ છે; કેમ કે ભોગના સાધનમાં સંક્લેશના કારણભૂત એવી લેશ પણ ન્યૂનતા નથી. વળી આવા જીવોમાં વૈચક્ષણ્યાદિ ભાવો હોવાને કારણે તેમના ભોગો પણ કોઈને ઉપતાપ કરનારા હોતા નથી. આશય એ છે કે, ભૂતકાળના સંયમના પાલનને કારણે માર્ગાનુસારિતા, વૈચક્ષણ્યાદિ ભાવો તેઓમાં વર્તે છે, તેથી તેઓ કોઈનું અહિત ન થાય તે રીતે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળા હોય છે. અને તેથી તેમના ભોગોથી તેમના સંપર્કમાં આવનારા કોઈ જીવને ઉપતાપ થતો નથી, પરંતુ તેમના સહવાસથી યોગ્યતાવાળા જીવોમાં નિર્મળ બુદ્ધિ પ્રગટે છે.

વળી વૈચક્ષણ્યાદિ ભાવો હોવાને કારણે તેમની ભોગક્રિયા અનુબંધથી પણ સુંદર હોય છે; કેમ કે તેઓના ભોગો અતિ વિવેકથી યુક્ત હોવાથી ક્યારે પણ બીજાને અનર્થકારી બનતા નથી, તેથી તે ભોગક્રિયા સંપૂર્ણ છે. પરન્તુ જે ભોગક્રિયા વર્તમાનમાં સંક્લેશ કરાવે અને પરલોકમાં અહિત કરાવે, તે ક્રિયામાં ભોગક્રિયાના સ્વરૂપનું ખંડન છે, તેથી તેવી ભોગક્રિયા સંપૂર્ણ નથી. આશય એ છે કે, ભોગક્રિયા તે કહેવાય કે જે જીવને સુખનું વેદન કરાવનાર થાય. તેથી જે ભોગક્રિયા વર્તમાનમાં ક્લેશ કરાવે, અન્યને પરિતાપ કરાવે અને પરલોકમાં દુર્ગતિઓમાં પાત કરાવે, તેવી ભોગક્રિયા પરમાર્થથી ભોગક્રિયા નથી. પરંતુ મહાત્માઓને તો પૂર્વભવના સંયમપાલનના ફળસ્વરૂપ ભોગક્રિયા પ્રાપ્ત થયેલી હોવાથી પોતાને પણ સંક્લેશનું કારણ બનતી નથી. અને કોઈના ઉપતાપનું કારણ પણ બનતી નથી. તેમ પરલોકમાં પોતાના અહિતનું કારણ પણ બનતી નથી. પરંતુ સંયમની આરાધનાથી પ્રાપ્ત થયેલા તે ભોગકર્મને માત્ર સુખરૂપે વેદન કરીને અંતે તેનાથી નિર્લેપ થઈને સંયમના પરિણામને પ્રાપ્ત કરે છે, જેના ફળરૂપે પરમ સુખરૂપ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**સૂત્ર :**

**एयं नाणं ति वुच्चइ। एयंमि सुहजोगसिद्धी उचियपडिवत्तिपहाणा । एत्थ भावे पवत्तगे । पायं विग्घो न विज्जइ निरणुबंधासुहकम्मभावेण। अक्खित्ता उ इमे जोगा भावराहणाओ तहा, तओ सम्मं पवत्तइ, निप्फाएइ अणाउले । एवं किरिया सुकिरिया एगंतनिक्कलंका निक्कलंकत्थसाहिया, तहा सुहाणुबंधा उत्तरुत्तरजोगसिद्धीए। तओ से साहइ परं परत्थं सम्मं तक्कुसले सया तेहिं तेहिं पगारेहिं साणुबंधं, महोदए बीजबीजादिट्ठावणेणं, कत्तिविरिआइजुत्ते, अवंझसुहचेट्ठे, समंतभद्दे, सुप्पणिहाणाइहेऊ, मोहतिमिरदीवे, रागामयवेज्जे, दोसाणलजलनिही, संवेगसिद्धिकरे हवइ अचिंतचिंतामणिकप्पे ।**

**से एवं परपरत्थसाहए तहा करुणाइभावओ अणेगेहिं भवेहिं विमुच्चमाणे पावकम्मुणा, पवड्ढमाणे अ सुहभावेहिं अणेगभवियाए आराहणाए पाउणइ सव्वुत्तमं भवं चरमं अचरमभवहेउं अविगलपरपरत्थनिमित्तं ।**

तत्थ काउण निरवसेसं किच्चं विहूयरयमले सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमंतं करेइ त्ति ।

पव्वज्जापरिपालणासुत्तं समत्तं ॥

સૂત્રાર્થ :

एयं=આ=પૂર્વમાં કહ્યું કે ગુરુબહુમાન મોક્ષ છે, ગુરુબહુમાન જ પ્રકૃષ્ટ શુભનો ઉદય છે, તેનાથી બીજું કાંઇ સુંદર નથી, ગુરુબહુમાનને બતાવવા માટે આ સંસારમાં કોઇ ઉપમા વિદ્યમાન નથી એ, જ્ઞાન છે, એ પ્રમાણે કહેવાય છે. આ જ્ઞાન હોતે છતે ઉચિત-પ્રતિપત્તિ-પ્રધાન શુભયોગની સિદ્ધિ છે. અહીં=શુભ વ્યાપારમાં, ભાવ પ્રવર્તક છે. નિરનુબંધ અશુભકર્મનો સદ્ભાવ હોવાને કારણે પ્રાયઃ વિઘ્ન વિદ્યમાન નથી. तथा=તે પ્રકારની ભાવ આરાધનાથી, આ યોગો =સુપ્રવ્રજ્યાના વ્યાપારો, પ્રસ્તુત યોગી દ્વારા આક્ષિપ્ત છે=સ્વીકૃત છે. તેનાથી =સુપ્રવ્રજ્યાના વ્યાપારના આક્ષેપથી, પ્રસ્તુત યોગી સમ્યક્ પ્રવર્તે છે=નિયમથી ફલ પેદા થાય તે રીતે પ્રવર્તે છે. અનાકુલ છતો (ઇષ્ટ એવા મોક્ષને) નિષ્પાદન કરે છે. एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે આ જ્ઞાન કહેવાય છે અને આ જ્ઞાન હોતે છતે ઉચિત-પ્રતિપત્તિ-પ્રધાન શુભયોગની સિદ્ધિ થાય છે એ રીતે, કરાયેલી ક્રિયા ઉત્તરોત્તર યોગની સિદ્ધિથી તે પ્રકારના શુભ અનુબંધવાળી એકાંત નિષ્કલંક, નિષ્કલંક અર્થની સાધિકા સુક્રિયા થાય છે. तओ=તેનાથી=શુભાનુબંધી શુભક્રિયાથી, તે=પ્રસ્તુત પ્રવ્રજિત, તત્કુશલ=પરાર્થ સાધનમાં કુશલ, સર્વકાલ, તે તે પ્રકારે સાનુબંધ એવા પર=પ્રધાન, પરાર્થને સમ્યગ્ સાધે છે, (અને) બીજબીજાદિ સ્થાપન દ્વારા મહોદય=પ્રસ્તુત પ્રવ્રજિત મહોદય છે. વળી (પરપરાર્થ પ્રત્યે) કર્તૃવીર્યાદિ યુક્ત, અવંધ્ય શુભ ચેષ્ટાવાળો, સમંતભદ્ર, સુપ્રણિધાનાદિ હેતુવાળો મોહતિમિર માટે દીપક સમાન, રાગાદિ રોગ માટે વૈદ્ય સમાન, દ્વેષરૂપી અગ્નિ માટે જલનિધિ સમાન સંવેગની સિદ્ધિ કરનાર, અચિંત્યચિંતામણિ તુલ્ય થાય છે.

આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, તે=અધિકૃત પ્રવ્રજિત, તથાકરુણાદિ ભાવને કારણે પરપરાર્થસાધક અનેક ભવો વડે કરીને પાપકર્મથી મુકાતો અને શુભભાવ વડે પ્રવર્ધમાન, અનેક ભવની આરાધનાથી અવિકલ પરપરાર્થના નિમિત્તરૂપ, અચરમભવના હેતુ એવા સર્વોત્તમ ચરમભવને પ્રાપ્ત કરે છે. ત્યાં=ચરમભવમાં,

**નિરવશેષ કૃત્ય કરીને વિધૂતરજમલવાળો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે, સર્વ દુઃખોનો અંત કરે છે. 'इति' સૂત્રની સમાપ્તિમાં છે.**

**પ્રવ્રજ્યાપરિપાલનાસૂત્ર સમાપ્ત થયું.**

**ટીકા :**

एतद् ज्ञानमित्युच्यते यदेवमिष्टवस्तुतत्त्वनिरूपकम् । एतस्मिन् शुभयोगसिद्धिः एतस्मिन् ज्ञाने सति शुभव्यापारनिष्पत्तिः लोकद्वयेऽपीष्टप्रवृत्तौ। किंविशिष्टा? इत्याह-उचितप्रतिपत्तिप्रधाना, संज्ञानालोचनेन तत्तदनुबन्धेक्षणात्, न ज्ञस्तदारभते यद्विनाशयति । अत एवाह-अत्र भावः प्रवर्त्तकः प्रस्तुतप्रवृत्तौ सदन्तःकरणलक्षणः, न मोह इति । अत एवाह-प्रायो विघ्नो न विद्यते अत्राधिकृतप्रवृत्तौ सदुपाययोगादित्यर्थः। एतद्बीजमेवाह- निरनुबन्धाशुभकर्म-भावेन, नह्यनीदृश इत्थं प्रवर्त्तते इति हृदयम्, सानुबन्धाशुभकर्मणः सम्यक् प्रव्रज्याऽयोगात्।

अत एवाह- आक्षिप्ताः स्वीकृता एवैते योगाः सुप्रव्रज्याव्यापाराः। कुतः? इत्याह- भावाराधनातः तथा जन्मान्तरे तद्बहुमानादिप्रकारेण। ततः किम्? इत्याह-तत आक्षेपात् सम्यक् प्रवर्त्तते नियमनिष्पादकत्वेन। ततः किम्? इत्याह-निष्पादयत्यनाकुलः सन् इष्टम्। एवमुक्तेन प्रकारेण क्रिया सुक्रिया भवति, सम्यग्ज्ञानादौचित्यारब्धेत्यर्थः। इयमेव विशेष्यते- एकान्तनिष्कलङ्का, निरतिचारतया । निष्कलङ्कार्थसाधिका, मोक्षसाधिकेत्यर्थः। यतस्तथा शुभानुबन्धा अव्यवच्छेदेनोत्तरोत्तरयोगसिद्ध्या। ततः शुभानुबन्धायाः सुक्रियायाः सकाशात् स प्रस्तुतः प्रव्रजितः साधयति निष्पादयति परं प्रधानं परार्थं सत्यार्थं ( सत्वार्थं ) सम्यगविपरीतम् तत्कुशलः परार्थसाधनकुशलः, सदा सर्वकालम्। कथम्? इत्याह- तैस्तैः प्रकारैर्बीजबीजन्यासादिभिः सानुबन्धं परार्थम्। महोदयोऽसौ परपरार्थसाधनात्। एतदेवाह-बीजबीजादिस्थापनेन, बीजं सम्यक्त्वम्, बीजबीजं तदाक्षेपकशासनप्रशंसादि, एतन्न्यासेन। किंविशिष्टोऽयम्? इत्याह-कर्तृवीर्यादियुक्तः, परं परार्थं प्रति। अवन्ध्यशुभचेष्टः, एनमेव प्रति।

**समन्तभद्रः**, सर्वाकारसंपन्नतया। **सुप्रणिधानादिहेतुः**, क्वचिदप्यन्यूनतया। **मोहतिमिरदीपः**, तदपनयनस्वभावतया। **रागामयवैद्यः**, तच्चिकित्सासमर्थयोगेन। **द्वेषानलजलनिधिः**, तद्विध्यापनशक्तिभावात्। **संवेगसिद्धिकरो भवति**, तद्धेतुयोगेन । **अचिन्त्यचिन्तामणिकल्पः**, सत्त्वसुखहेतुतया ।

सोऽधिकृतः प्रव्रजितः एवमुक्तनीत्या परपरार्थसाधकः धर्मदानेन । कुतो हेतोः? इत्याह-**तथा करुणादिभावतः**, प्रधानभव्यतया । किम् ? इत्याह- **अनेकैर्भवैर्जन्मभिर्विमुच्यमानः पापकर्मणा** ज्ञानावरणीयादिलक्षणेन **प्रवर्द्धमानश्च शुभभावैः** संवेगादिभिः **अनेकभविकयाऽऽराधनया** पारमार्थिकया **प्राप्नोति सर्वोत्तमं भवं** तीर्थकरादिजन्म । किंविशिष्टम् ? इत्याह-**चरमं** पश्चिमम**चरमभवहेतुं** मोक्षहेतुमित्यर्थः, **अविकलपरपरार्थनिमित्तम्** अनुत्तरपुण्यसंभारभावेन ।

**तत्र कृत्वा निरवशेषं कृत्यं** यदुचितं महासत्त्वानां **विधूतरजोमलः** बध्यमानप्राग्बद्धकर्मरहितो व्यवहारतः **सिध्यति, बुध्यते, मुच्यते, परिनिर्वाति, सर्वदुःखानामन्तं करोतीति।** अत्र **सिध्यति** सामान्येनाणिमाद्यैश्वर्यं प्राप्नोति। **बुध्यते** केवली भवति । **मुच्यते** भवोपग्राहिकर्मणा। **परिनिर्वाति** सर्वतः कर्मविगमेन। किमुक्तं भवति? **सर्वदुःखानामन्तं करोति**, सदा पुनर्भवाभावात्। यद्वा **सिध्यति** सर्वकार्यपरिसमाप्त्या । **बुध्यते** तत्रापि केवलाप्रतिघातेन। **मुच्यते** निरवशेषकर्मणा। **परिनिर्वाति** समग्रसुखाप्त्या। एवं **सर्वदुःखानामन्तं करोतीति** निगमनम्, नयान्तरमतव्यवच्छेदार्थमेतदेवमिति ।

**प्रव्रज्यापरिपालनासूत्रं समाप्तम्** । तत्त्वतः प्रव्रज्यापरिपालनासूत्रं समाप्तम्।

पञ्चसूत्रकव्याख्यायां चतुर्थसूत्रव्याख्या समाप्ता ॥

**ટીકાર્થ :**

एतद्=આ=→પૂર્વમાં કહ્યું કે ગુરુબહુમાન મોક્ષ છે, ગુરુબહુમાન જ પ્રકૃષ્ટ શુભના અનુબંધવાળો શુભોદય છે, ભવવ્યાધિ ચિકિત્સક છે, આનાથી બીજું કાંઈ સુંદર નથી, ગુરુબહુમાનમાં ઉપમા વિદ્યમાન નથી આ, ← જ્ઞાન છે એ

પ્રમાણે કહેવાયું છે=ભગવાન વડે આ જ્ઞાન છે એ પ્રમાણે કહેવાયું છે; જે કારણથી આ રીતે=પૂર્વમાં ગુરુબહુમાન મોક્ષ છે ઈત્યાદિ જે વર્ણન કરાયું એ રીતે, ઈષ્ટ વસ્તુના=મારે આત્મહિત સાધવું છે એ રૂપ ઈષ્ટ વસ્તુના, તત્ત્વનું =પરમાર્થનું નિરૂપક છે=આ જ્ઞાન નિરૂપક છે. આ જ્ઞાન હોતે છતે શુભયોગની સિદ્ધિ છે=આ જ્ઞાન હોતે છતે લોકદ્વયમાં પણ ઈષ્ટ પ્રવૃત્તિ હોવાના કારણે શુભવ્યાપારની નિષ્પત્તિ છે.

કેવા પ્રકારના વિશેષણથી વિશિષ્ટ શુભવ્યાપારની નિષ્પત્તિ છે ? એથી કરીને કહે છે–

ઉચિત પ્રતિપત્તિપ્રધાન=ઉચિત બોધપ્રધાન, શુભવ્યાપારની સિદ્ધિ છે; કેમ કે સમ્યગ્ જ્ઞાનપૂર્વક આલોચન હોવાને કારણે તે તે અનુબંધ જુએ છે=જે જે પ્રવૃત્તિ કરે છે, તે તે પ્રવૃત્તિના તે તે અનુબંધને=ફળને, જુએ છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્ જ્ઞાનપૂર્વક આલોચનને કારણે તે તે અનુબંધનું= ફળનું, દર્શન હોવાથી બોધમાત્ર થાય છે. પરંતુ ઉચિત વ્યાપાર થાય તેવો નિયમ નથી, તેથી કહે છે–

જાણકાર તે આરંભ કરતો નથી. જે વિનાશ કરે છે.

**अत एवाह**=આથી જ કહે છે=જે વિનાશને કરે તેવા આરંભને જાણકાર કરતો નથી એથી કરીને જ કહે છે– અહીંયાં=ગુરુના વચનાનુસાર શુભવ્યાપારરૂપ પ્રસ્તુત પ્રવૃત્તિમાં સદ્ અંતઃકરણલક્ષણ ભાવ પ્રવર્તક છે, મોહ નહિ. એથી કરીને જાણકાર વ્યક્તિ જેનાથી ફળ પ્રાપ્ત થાય તેવું જ આચરણ કરે છે, અન્ય નહીં, એ પ્રકારે 'इति' શબ્દથી દ્યોતિત થાય છે.

આથી જ કહે છે=અધિકૃત પ્રવ્રજિત સદ્અંતઃકરણ પ્રવર્તક છે, મોહ નહિ, એથી કરીને જ કહે છે– આ અધિકૃત પ્રવૃત્તિમાં=અધિકૃત પ્રવ્રજિતની સંયમયોગની પ્રવૃત્તિમાં, સદ્ઉપાયનો યોગ હોવાથી પ્રાયઃ વિઘ્ન વિદ્યમાન નથી, એ પ્રકારનો અર્થ છે.

આના=વિઘ્નઅભાવના બીજને જ=કારણને જ, કહે છે–

નિરનુબંધ અશુભ કર્મ હોવાને કારણે વિઘ્ન વિદ્યમાન નથી, એ પ્રમાણે અન્વય છે. તે જ સ્પષ્ટ કરતાં કહે છે–

જે આવો નથી=નિરનુબંધ અશુભકર્મવાળો નથી, તે, આ રીતે=ગુરુના વચનાનુસાર સદ્અંતઃકરણવાળો જે રીતે પ્રવૃત્તિ કરે છે એ રીતે, પ્રવર્તતો નથી, એ પ્રકારનું તાત્પર્ય છે; કેમ કે સાનુબંધ અશુભકર્મવાળાને=સમ્યક્ અપ્રમાદ-ભાવવાળી પ્રવ્રજ્યાનો અયોગ છે.

अत एवाह=આથી કરીને જ કહે છે=અધિકૃત પ્રવ્રજિત નિરનુબંધ અશુભકર્મવાળો છે એથી કરીને જ કહે છે– તે પ્રકારની=જન્માંતરમાં અર્થાત્ પૂર્વભવમાં ગુરુબહુમાનાદિ પ્રકારની, ભાવઆરાધના હોવાને કારણે આ યોગો =સુપ્રવ્રજ્યાના વ્યાપારો, અધિકૃત પ્રવ્રજિત દ્વારા આક્ષિપ્ત=સ્વીકૃત, કરાયા છે.

તેનાથી શું ?=શુભ પ્રવ્રજ્યાના વ્યાપારો સ્વીકૃત કરાયા છે, તેનાથી શું ? એથી કરીને કહે છે–

તેનાથી=સુપ્રવ્રજ્યાના વ્યાપારોના આક્ષેપથી, (અધિકૃત પ્રવ્રજિત) નિયમ નિષ્પાદકપણા વડે સમ્યગ્ પ્રવર્તે છે=પ્રવ્રજ્યાના ઈષ્ટફલરૂપ મોક્ષના નિયમથી નિષ્પાદકપણા વડે સમ્યગ્ પ્રવર્તે છે.

તેનાથી શું ?=અધિકૃત પ્રવ્રજિત સમ્યગ્ પ્રવર્તે છે, તેનાથી શું ? એથી કરીને કહે છે– અધિકૃત પ્રવ્રજિત અનાકુલ છતો ઈષ્ટને=મોક્ષરૂપ ઈષ્ટને, નિષ્પાદન કરે છે. આ રીતે=ઉક્ત પ્રકારે=પૂર્વમાં કહ્યું કે આ જ્ઞાન છે અને જ્ઞાનથી શુભયોગની સિદ્ધિ થાય છે ઈત્યાદિ પ્રકારે, ક્રિયા સુક્રિયા થાય છે=સમ્યગ્ જ્ઞાનથી ઔચિત્યપૂર્વક આરંભ કરાયેલી ક્રિયા થાય છે.

આને જ=સુક્રિયાને જ, વિશેષરૂપે કહે છે– નિરતિચારપણું હોવાને કારણે એકાંતે નિષ્કલંક, નિષ્કલંક અર્થનીસાધિકા=મોક્ષ અર્થની સાધનારી, ક્રિયા છે.

જે કારણથી ઉત્તરોત્તર યોગસિદ્ધિ દ્વારા તે પ્રકારે=અવ્યવચ્છેદ પ્રકારે, શુભ અનુબંધવાળી છે, આથી કરીને મોક્ષઅર્થસાધિકા છે, એ પ્રકારે અન્વય છે.

ततः=શુભ અનુબંધવાળી સુક્રિયાથી, તે=પ્રસ્તુત પ્રવ્રજિત, તત્ કુશલ= પરાર્થ સાધનામાં કુશલ, સદા=સર્વકાલ, પર=પ્રધાન, પરાર્થને=સત્ત્વાર્થને, સમ્યગ્=અવિપરિત સાધે છે=નિષ્પાદન કરે છે.

★ ટીકામાં પરાર્થનો અર્થ સત્યાર્થ કર્યો છે ત્યાં સત્ત્વાર્થ હોવું જોઈએ.

**કેવી રીતે પરપરાર્થને નિષ્પાદન કરે છે ? એથી કહે છે–**

**તે તે પ્રકારે બીજબીજાદિના સ્થાપન દ્વારા સાનુબંધ પરાર્થ નિષ્પાદન કરે છે. આ=અધિકૃત પ્રવ્રજિત, મહોદય છે; કેમ કે પરપરાર્થને સાધે છે.**

★ અધિકૃત પ્રવ્રજિત પરપરાર્થને સાધે છે, તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય દ્વારા તેનો મહોદય થવાનો છે, તેથી પ્રસ્તુત પ્રવ્રજિતને મહોદય કહેલ છે.

**एतदेवाह=આને જ કહે છે=અધિકૃત પ્રવ્રજિત પરપરાર્થ સાધતો હોવાને કારણે મહોદય છે, એને જ કહે છે– બીજબીજાદિ સ્થાપન દ્વારા અધિકૃત પ્રવ્રજિત મહોદય છે, એ પ્રકારનો અન્વય છે. અહીં બીજ=સમ્યક્ત્વ છે અને બીજનું બીજ=સમ્યક્ત્વના આક્ષેપક એવા શાસનપ્રશંસાદિ છે. તેના ન્યાસથી અધિકૃત પ્રવ્રજિત મહોદય છે.**

★ અહીં '**शासनप्रशंसादि**' માં '**आदि**' પદથી શાસન પ્રત્યેનું બહુમાન= અંતઃકરણની પ્રીતિ આદિ ગ્રહણ કરવાનાં છે.

**किं विशिष्टः?=કેવા પ્રકારના વિશેષણથી વિશિષ્ટ આ=પ્રસ્તુત પ્રવ્રજિત, છે ? એથી કરીને કહે છે–**

**(૧)પરપરાર્થ પ્રત્યે કર્તૃવીર્યાદિથી યુક્ત છે.**

★ અહીં '**कर्तृवीर्यादियुक्त**' માં '**आदि**' પદથી પરપરાર્થને અનુકૂળ જ્ઞાનથી યુક્ત છે, તેને ગ્રહણ કરવાનું છે.

**(૨)આના જ=પરપરાર્થના જ પ્રત્યે અવંધ્ય શુભ ચેષ્ટાવાળો છે.**

**(૩)વળી, સર્વ આકારસંપન્ન હોવાને કારણે=પરોપકારને અનુકૂળ એવી સર્વ શક્તિથી સંપન્ન હોવાને કારણે, સમંતભદ્ર છે.**

**(૪) સુપ્રણિધાનાદિનો હેતુ છે અર્થાત્ ક્યાંય પણ ન્યૂનતા નહીં હોવાને કારણે યોગ્ય જીવોને સન્માર્ગની પ્રવૃત્તિમાં સુપ્રણિધાનાદિનો હેતુ બને છે.**

★ અહીં '**सुप्रणिधानादि**' માં '**आदि**' પદથી સુપ્રવૃત્તિના હેતુને ગ્રહણ કરવાનું છે.

**(૫) અન્ય જીવોના મોહના અપનયનના સ્વભાવપણાથી, મોહરૂપી અંધકાર માટે દીપક સમાન છે.**

(૬) તેની=અન્ય જીવોના રાગરૂપી રોગની, ચિકિત્સાનો સમર્થ વ્યાપાર કરનાર હોવાથી  રાગરૂપી રોગનો વૈદ્ય છે.

(૭) તેને=અન્ય જીવોના દ્વેષરૂપી અગ્નિને, ઓલવવાની શક્તિનો ભાવ હોવાને કારણે દ્વેષરૂપી અગ્નિ માટે સમુદ્ર છે.

(૮) તેનાં=અન્ય જીવોમાં સંવેગ ઉત્પન્ન કરાવવાની શકિતનાં, હેતુ નો યોગ હોવાના કારણે સંવેગની સિદ્ધિ કરનાર છે=સંવેગની નિષ્પત્તિ કરનાર છે.

(૯) સત્ત્વના=પ્રાણીઓના, સુખનું હેતુપણું હોવાને કારણે અચિંત્યચિંતામણિ તુલ્ય છે.

**एवम्**=આ રીતે=ઉપરમાં કહ્યું એ રીતે, અધિકૃત પ્રવ્રજિત, ધર્મના દાન દ્વારા પરપરાર્થનો સાધક છે. કયા હેતુથી ધર્મદાન દ્વારા પરપરાર્થનો સાધક છે? એથી કહે છે– તે પ્રકારના કરુણાદિ ભાવને કારણે=સામે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે તેને ઉપકાર કરવાનો અધ્યવસાય થાય તે પ્રકારના કરુણાદિ ભાવને કારણે, પરપરાર્થનો સાધક છે; કેમ કે પ્રધાન ભવ્યપણું છે.

★ અહીં '**करुणादि**' માં '**आदि**' પદથી સામેની વ્યક્તિનાં હિતને અનુકૂળ ઉચિત પ્રવૃતિ કરવાનો ભાવ ગ્રહણ કરવાનો છે.

અધિકૃત પ્રવ્રજિત આ રીતે પરપરાર્થ સાધક થાય છે, એનાથી શું ? એથી કરીને કહે છે–

અનેક ભવો વડે કરીને જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપ પાપકર્મથી મુકાતો અને સંવેગાદિ શુભભાવો વડે પ્રવર્ધમાન અનેક ભવની પારમાર્થિક આરાધના વડે, સર્વોત્તમ એવા તીર્થંકરાદિ જન્મરૂપ ભવને પ્રાપ્ત કરે છે.

★ અહીં '**संवेगादि**' માં '**आदि**' આદિથી નિર્વેદઆદિ ગ્રહણ કરવાનું છે.

તીર્થંકરાદિ ભવ કેવા પ્રકારનો વિશિષ્ટ છે ? એથી કરીને કહે છે.

ચરમભવ છે=પશ્ચિમ ભવ છે, અચરમભવનો હેતુ છે=મોક્ષનો હેતુ છે. (અચરમભવ=જેના પછી ભવ નથી એવો ભવ=મોક્ષ, તેનો હેતુ ચરમભવ છે.) અનુત્તર પુણ્યસંભારનો સદ્ભાવ હોવાને કારણે અવિકલ પરપરાર્થનો નિમિત્ત છે.

तत्र=ત્યાં=ચરમભવમાં, મહાસત્ત્વવાળા જીવોને જે ઉચિત છે તે નિરવશેષ કૃત્ય કરીને વિધૂતરજમલવાળા=વ્યવહારથી અર્થાત્ ઉપચારથી, બધ્યમાન અને પ્રાગ્બદ્ધ કર્મથી રહિત એવા સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે, સર્વ દુઃખોના અંતને કરે છે. 'इति' શબ્દ સૂત્રની સમાપ્તિઅર્થક છે.

अत्र=અહીંયાં=सिध्यति, बुध्यते આદિ કહ્યું એ કથનમાં 'સિધ્યતિ' આદિનો અર્થ કરે છે– સિદ્ધ થાય છે=સામાન્યથી અણિમાદિ ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. બુદ્ધ થાય છે=કેવલી થાય છે. મુક્ત થાય છે=ભવોપગ્રાહી કર્મથી મુકાય છે. પરિનિર્વાણ પામે છે=સર્વથી કર્મના વિગમન વડે પરિનિર્વાણને પામે છે.

★ અહીં 'अणिमादि' માં 'आदि' પદથી ગરિમાદિ લબ્ધિઓને ગ્રહણ કરવાની છે.

સર્વથી કર્મના વિગમન વડે પરિનિર્વાણને પામે છે, એનાથી શું કહેવાયેલું થાય છે ? એથી કરીને કહે છે– સદા ફરી ભવનો અભાવ હોવાથી સર્વ દુઃખોનો અંત કરે છે.

અથવા सिध्यति આદિનો બીજી રીતે અર્થ કરે છે–

સર્વ કાર્ય પરિસમાપ્ત થવાથી સિદ્ધ થાય છે. ત્યાં પણ=સિદ્ધ અવસ્થામાં પણ કેવલજ્ઞાનનો અપ્રતિઘાત=અનાશ, હોવાને કારણે બુદ્ધ થાય છે, સમસ્ત કર્મ વડે મુક્ત થાય છે, સમગ્ર સુખની પ્રાપ્તિથી પરિનિર્વાણને પામે છે. આ રીતે સર્વ દુઃખોનો અંત કરે છે, એ પ્રમાણે નિગમન છે.

यद्वा થી सिध्यति, बुध्यते ઇત્યાદિનો બીજો અર્થ કર્યો, તેનું પ્રયોજન બતાવે છે– નયાન્તર મતના વ્યવચ્છેદ માટે. एतद्=આ=यद्वाथी કહ્યું એ, આ પ્રમાણે છે=બીજી રીતે અર્થ કર્યો એ પ્રમાણે છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિઅર્થક છે.

પ્રવ્રજ્યાપરિપાલનાસૂત્ર સમાપ્ત થયું=તત્ત્વથી અર્થાત્ પરમાર્થથી પ્રવ્રજ્યા-પરિપાલનાસૂત્ર સમાપ્ત થયું.

પંચસૂત્રની વ્યાખ્યામાં ચોથા સૂત્રની વ્યાખ્યા પૂર્ણ થઈ.

**ભાવાર્થ :**

પૂર્વમાં કહ્યું કે, ગુરુબહુમાન મોક્ષનું અવંધ્ય કારણ હોવાને કારણે મોક્ષ છે, અને આ ગુરુબહુમાનથી અન્ય કાંઇ સુંદર નથી, ઇત્યાદિ પરિણામવાળો પ્રસ્તુત પ્રવ્રજિત સંયમમાં અપ્રતિપતિત થયેલો, બાર મહિનાના પર્યાયથી સર્વાર્થસિદ્ધની લેશ્યાને અતિક્રમે છે, અને તે પ્રકારની આરાધનાને કારણે ભોગાદિ સામગ્રીથી યુક્ત, મોક્ષ સાધક એવા શુદ્ધ ભવને ક્રમે કરીને સાધે છે. આ રીતે ગુરુબહુમાનાદિને કારણે જીવ સુખની પરંપરાને પ્રાપ્ત કરે છે અને આ બતાવ્યાં પછી ગુરુબહુમાન કઇ રીતે સાધનાના પ્રકર્ષ દ્વારા તીર્થંકર આદિ ભવની પ્રાપ્તિ કરાવે છે, તેને કહે છે–

ગુરુબહુમાન જ સુખની પરંપરા દ્વારા મોક્ષનું કારણ છે એ પ્રકારનો જે બોધ અધિકૃત પ્રવ્રજિતને છે એ જ્ઞાન છે, કેમ કે પોતાને જે હિતકારી તત્ત્વનો બોધ કરાવે તે જ્ઞાન કહેવાય. અહીં અધિકૃત પ્રવ્રજિતને આ ગુરુબહુમાન જ એકાંતે પોતાના હિતનું કારણ જણાય છે તેથી તે જ્ઞાન છે, અને આવા જ્ઞાનને કારણે તેને શુભયોગની સિદ્ધિ થાય છે અર્થાત્ આ લોક અને પરલોકના શુભવ્યાપારની સિદ્ધિ થાય છે. વળી અધિકૃત પ્રવ્રજિત જે શુભવ્યાપારમાં યત્ન કરે છે, તે ઉચિત-પ્રતિપત્તિ-પ્રધાન છે; કેમ કે સમ્યગ્જ્ઞાનપૂર્વક આલોચનને કારણે તે તે પ્રવૃત્તિના ફળને જોઇ શકે છે. આશય એ છે કે, અધિકૃત પ્રવ્રજિતને ગુરુના વચન પ્રત્યે અત્યંત બહુમાન છે, અને તેનામાં સમ્યગ્જ્ઞાનશક્તિ હોવાથી ગુરુના વચનના પરમાર્થને જાણવામાં નિર્મળ બુદ્ધિવાળો છે, તેથી શુભયોગના ફળને સમ્યગ્ જોનારો છે. તેથી તે હંમેશાં સંયમની વૃદ્ધિનું કારણ બને એવા શુભયોગમાં પ્રવૃત્તિ કરે છે. જેમ માષતુષ મુનિને ગુરુએ 'મા રુષ' અને 'મા તુષ' નું અધ્યયન કરવાનું કહેલ, ત્યારે ગુરુએ બતાવેલ તે બે શબ્દના પરમાર્થને પોતાનામાં નિષ્પન્ન કરવા, તે રીતે સ્વાધ્યાયમાં પ્રયત્ન કર્યો, જેથી તે સ્વાધ્યાયના બળથી જ્ઞાનાવરણીયઆદિ કર્મોને તોડીને વીતરાગાદિ ભાવોને પ્રાપ્ત કરી શક્યા.

અહીં પ્રશ્ન થાય કે અધિકૃત પ્રવ્રજિતને સમ્યગ્જ્ઞાન છે એટલામાત્રથી ઉચિત-પ્રતિપત્તિ-પ્રધાન એવા શુભયોગની નિષ્પત્તિ કેમ કરે છે ? એથી કહે છે– સમ્યગ્ જાણનારો જીવ તેવો આરંભ કરે નહીં જે વિનાશને કરે. આશય એ છે કે નિશ્ચયનય જે કારણ કાર્ય કરતું હોય તે કારણને કારણ તરીકે સ્વીકારે છે. સમ્યગ્ જ્ઞાનનું કાર્ય સમ્યગ્પ્રવૃત્તિ છે અને જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી સમ્યગ્-

બોધવાળો હોય તે સાધુ સમ્યગ્પ્રવૃત્તિ જ કરે તે બતાવવા માટે નિશ્ચયનયની દષ્ટિથી અહીં કહ્યું કે સમ્યગ્ બોધવાળો સાધુ તેવો આરંભ કરે નહિ કે જે વિનાશનું કારણ બને. તેથી એ ફલિત થાય કે અધિકૃત પ્રવ્રજિતને સમ્યગ્ જ્ઞાન હોવાને કારણે શુભયોગની સિદ્ધિ છે.

અધિકૃત પ્રવ્રજિત સમ્યગ્ બોધ પ્રમાણે દઢ યત્નવાળો છે અને તેથી સાનુબંધ શુભવ્યાપારવાળો છે એ બતાવવા માટે કહે છે– અધિકૃત પ્રવ્રજિતની પ્રવૃત્તિમાં સદ્અંતઃકરણલક્ષણ ભાવ પ્રવર્તક છે, મોહ નહીં. આશય એ છે કે, અધિકૃત પ્રવ્રજિતને જેમ સમ્યગ્ જ્ઞાન છે તેમ સમ્યગ્ પ્રવૃત્તિ કરાવે તેવું સદ્અંતઃકરણ પણ છે, જે એકાંતે હિતનું કારણ બને છે. તેથી તેની પ્રવૃત્તિમાં મોહ પ્રવર્તક નથી, જ્યારે અવિરત સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન છે, પરંતુ તેની પ્રવૃત્તિમાં મોહ પ્રવર્તક બને છે. આથી તે અવિરતિની પ્રવૃત્તિ પણ કરે છે.

યોગમાર્ગના સૂક્ષ્મ બોધપૂર્વક રાગાદિના પ્રતિપક્ષભૂત એવા આત્મસ્વરૂપને લક્ષ્ય કરીને તેની નિષ્પત્તિ થાય તે રીતે ઉપાયોમાં દઢ પ્રવૃત્તિ કરાવે તેવો જીવનો પરિણામ તે સદ્અંતઃકરણ છે, પરંતુ ઉપેયની અભિમુખ જાય તે રીતે ઉપાયનું સેવન ન થતું હોય તો ત્યાં સદ્અંતઃકરણ પ્રવર્તક નથી પણ મોહ પ્રવર્તક છે.

અધિકૃત પ્રવ્રજિતની સંયમની પ્રવૃત્તિમાં સદ્અંતઃકરણ પ્રવર્તક છે. આથી કરીને તેની સંયમની પ્રવૃત્તિમાં પ્રાયઃ વિઘ્ન વિદ્યમાન નથી; કેમ કે સમ્યગ્ પ્રવૃત્તિના કારણીભૂત એવા સદ્ઉપાયનો યોગ છે અર્થાત્ તેનામાં સદ્અંતઃકરણ પણ છે અને પોતાને હિતકારી એવું જ્ઞાન પણ છે, અને તે જ્ઞાન પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરીને હિત પણ સાધે છે, તેથી તેની પ્રવૃત્તિ મોક્ષમાર્ગને અનુકૂળ બને છે. અને આવી સદ્અંતઃકરણપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ હોવાથી કાર્યની નિષ્પત્તિ સુધી પ્રાયઃ તેને વિઘ્ન આવતાં નથી. અહીં પ્રાયઃ કહેવાથી એ બતાવવું છે કે યોગમાર્ગથી દૂર ફેંકાઈ જાય તેવું વિઘ્ન તો આવતું નથી. છતાં ક્વચિત્ અનાભોગથી યત્કિંચિત્ સ્ખલના થાય તેવું વિઘ્ન આવે તો પણ અધિકૃત પ્રવ્રજિત સમ્યક્ આલોચનથી તેની શુદ્ધિ કરીને નિર્વિઘ્ન કાર્યની સમાપ્તિ કરી શકે તેવો છે; કેમ કે તેનું અશુભકર્મ નિરનુબંધ છે અને આથી સમ્યગ્ બોધપૂર્વક ગુરુના વચનાનુસાર યોગમાર્ગમાં તે સુદઢ પ્રવૃત્તિ કરે છે. અને જે નિરનુબંધ અશુભકર્મવાળા નથી તે સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુના વચનાનુસાર સુદઢ પ્રવૃત્તિ કરી શકતા નથી, તેથી સાનુબંધ અશુભકર્મવાળાને સમ્યગ્ પ્રવ્રજ્યાનો અયોગ

છે, અર્થાત્ સાનુબંધ અશુભ કર્મવાળા જીવો ક્વચિત્ વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો પણ તેને નિષ્ઠા સુધી વહન કરી શકતા નથી, જ્યારે નિરનુબંધ અશુભકર્મવાળા પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી, પ્રાયઃ વિઘ્નરહિત સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને ગ્રહણ કરેલી પ્રવ્રજ્યાને નિષ્ઠા સુધી પહોંચાડે છે.

પ્રવ્રજિતને પ્રાયઃ વિઘ્ન નથી આવતાં, તેનાં કારણો આ છે–

(૧) તેનું પ્રવર્તક સદ્અંતઃકરણ છે, મોહ નહિં.

(૨) સંયમની પ્રવૃત્તિના કારણીભૂત સદ્ઉપાયમાં તે વ્યાપાર કરે છે. આ બતાવે છે કે ફળનિષ્પત્તિમાં કોઈ વિઘ્ન નથી, જો વિઘ્ન હોય તો સદ્ઉપાયમાં પ્રવૃત્તિ ન થાય.

(૩) સંયમની પ્રવૃત્તિ કરવામાં બાધક એવાં અશુભ કર્મો નિરનુબંધ છે, તેથી તે સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે છે.

અધિકૃત પ્રવ્રજિતને પૂર્વ જન્મમાં ગુરુ પ્રત્યે બહુમાન હોવાથી અને પૂર્વભવમાં સુદૃઢ યત્નપૂર્વક સંયમના પાલન દ્વારા ભાવઆરાધના કરેલી હોવાથી, આ ભવમાં પ્રવ્રજ્યામાં સુદૃઢ યત્ન કરી શકે છે અને દુષ્કર એવી પણ સંયમની ક્રિયાનું આકુળતા વગર પાલન કરીને ઈષ્ટ એવા મોક્ષને નિષ્પાદન કરે છે. આ રીતે પ્રસ્તુત પ્રવ્રજિતની ક્રિયા સુક્રિયા થાય છે અર્થાત્ સમ્યગ્ જ્ઞાનપૂર્વક ઔચિત્યથી આરંભ કરાયેલી ક્રિયા થાય છે. અને આ રીતે નિરતિચાર સંયમના પાલનને કારણે તે ક્રિયા એકાંત નિષ્કલંક છે. આશય એ છે કે, પ્રાયઃ આવા જીવો સંયમ ગ્રહણ કર્યા પછી લેશ પણ અતિચાર લગાડતા નથી અને ક્વચિત્ અનાભોગથી કે સહસાત્કારથી અતિચાર લાગી જાય, તો પણ તરત તેની શુદ્ધિ કરીને સંયમને નિરતિચાર બનાવે છે. તેથી તેઓની ક્રિયા નિષ્કલંક છે અને તે ક્રિયા સર્વકલંકથી રહિત એવા મોક્ષરૂપ અર્થને સાધનારી છે; કેમ કે સંયમપાલન દ્વારા આવા જીવોનું ચિત્ત ઉત્તરોત્તર નિસ્પૃહ નિસ્પૃહતર નિષ્પન્ન થાય છે, તેથી પૂર્વ પૂર્વ કરતાં, ઉત્તર ઉત્તર યોગની સિદ્ધિ થાય છે, અને તે સિદ્ધિ અવ્યવચ્છેદથી શુભ અનુબંધવાળી હોય છે અર્થાત્ વચમાં વ્યવધાન કર્યા વગર ફળ નિષ્પન્ન થાય ત્યાં સુધી શુભઅનુબંધવાળી હોય છે. અને અધિકૃત પ્રવજિત તે ભવમાં મોક્ષ ન પામે તો જન્માંતરમાં દેવભવને પામે છે અને ત્યાં પણ તે યોગમાર્ગથી ભ્રષ્ટ થતો નથી,

પરંતુ જેમ માર્ગમાં જતો મુસાફર શ્રાંત થાય ત્યારે ઊંઘ લેવાની ક્રિયા કરે છે, તે પશ્ચાત્ માર્ગગમનની ક્રિયાને દૃઢ કરવાનું કારણ બને છે, તેમ જન્માંતરમાં દેવભવની પ્રાપ્તિ પણ દર્શનાચારઆદિનું પાલન કરવા દ્વારા શક્તિ સંચય કરાવીને અન્ય ભવમાં વિશેષ દૃઢતાપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ પેદા કરાવે તેવી હોય છે. તેથી તેની સંયમની ક્રિયા અવ્યવચ્છેદથી શુભ અનુબંધવાળી છે, તેમ કહેલ છે.

અધિકૃત પ્રવ્રજિત જ્યાં સુધી મોક્ષરૂપ ફળને પામતો નથી, ત્યાં સુધી તે શુભઅનુબંધવાળી ક્રિયાથી પ્રકૃષ્ટ એવા પરાર્થને અવિપરીતપણે સાધે છે; કેમ કે અધિકૃત પ્રવ્રજિત હંમેશાં પરાર્થસાધનામાં કુશલ છે. આશય એ છે કે, અધિકૃત પ્રવ્રજિત ઔચિત્યપૂર્વક સંયમ ગ્રહણ કરીને સુગુરુ પાસેથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા શ્રુતજ્ઞાન અને ચારિત્રની પરિણતિથી સંપન્ન થયેલો છે, અને આવા યોગીઓ હંમેશાં બીજાનું કલ્યાણ કરવામાં પણ કુશળ હોય છે, અને તેથી જગત્વર્તી યોગ્ય જીવોના પ્રધાન પરાર્થને અવિપરીતપણે સાધે છે અર્થાત્ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ દ્વારા, અનેક યોગ્ય જીવોને સંસારનું સ્વરૂપ સમ્યગ્ સમજાવીને, ભગવાનનો માર્ગ જેવો છે તેવો બોધ કરાવીને, કેટલાક જીવોને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કરાવે છે અને કેટલાક જીવોને શાસનપ્રશંસાદિરૂપ સમ્યગ્ દર્શનના બીજને પ્રાપ્ત કરાવીને કલ્યાણની પરંપરાનું સર્જન કરે છે.

આ રીતે પ્રસ્તુત પ્રવ્રજિત પરપરાર્થને સાધનાર છે, તેથી ભાવિમાં તેનો મહાન ઉદય થવાનો છે. તે માટે કહે છે કે પ્રસ્તુત પ્રવ્રજિત મહોદયવાળો છે. અને તે મહોદય કઇ રીતે છે ? તે સ્પષ્ટ કરતા કહે છે કે, અનેક જીવોમાં બીજબીજાદિના સ્થાપન દ્વારા મહોદયવાળો છે. આશય એ છે કે, આવા યોગીઓ યોગ્ય જીવોને સમ્યક્ત્વ કે સમ્યક્ત્વના બીજની પ્રાપ્તિ કરાવે છે, તેનાથી ઉત્તમ કોટિનાં પુણ્ય બાંધે છે, જેના કારણે મોક્ષમાં ન પહોંચે ત્યાં સુધી પણ આવા યોગીઓનો દરેક ભવ મહાન પુણ્યના ઉદયવાળો હોય છે. આ બતાવવા કહ્યું કે પ્રસ્તુત પ્રવ્રજિત મહોદય છે=મહોદયવાળો છે.

વળી, અધિકૃત યોગી કેવો વિશિષ્ટ છે તે બતાવતાં કહે છે—

(૧) અધિકૃત યોગી પોતાની શક્તિ પ્રમાણે પરપરાર્થમાં યત્નવાળો છે અને શાસ્ત્રઅધ્યયન દ્વારા માર્ગાનુસારી બોધ પ્રાપ્ત કરેલ હોવાથી કયા જીવને કઇ રીતે ઉપકાર થઇ શકે તેના સમ્યગ્ જ્ઞાનવાળો પણ છે, જેના દ્વારા બીજાને માર્ગમાં

સમ્યગ્ પ્રવર્તાવે પણ છે; અને તે બતાવવા માટે કહ્યું કે પરપરાર્થ પ્રત્યે કર્તૃવીર્યાદિથી યુક્ત છે.

(૨) વળી, જેમ તે પરપરાર્થ કરવા વીર્ય પ્રવર્તાવે છે, તેમ તેનો વિવેકપૂર્વક યત્ન હોવાથી પરપરાર્થ પ્રત્યે અવંધ્ય ચેષ્ટાવાળો છે; કેમ કે જ્યાં પોતાનું સામર્થ્ય હોય છે, ત્યાં ઔચિત્યનો વિચાર કરીને પરપરાર્થ માટે પ્રયત્ન કરે છે. તેથી તે જે પ્રયત્ન કરે છે તે સર્વ પ્રવૃત્તિ અવશ્ય સ્વ-પરના હિતનું કારણ બને છે, પરંતુ અહિતનું કારણ ક્યારે પણ બનતી નથી. તેથી તેને પરપરાર્થ પ્રત્યે અવંધ્ય શુભચેષ્ટાવાળો કહેલ છે.

(૩) વળી, અધિકૃત યોગી સમંતભદ્ર છે; કેમ કે સંયમ ગ્રહણ કરીને સમ્યગ્ રીતે શાસ્ત્રાભ્યાસ અને સંયમની પ્રવૃત્તિ કરે છે, તેથી પરના ઉપકારનું કારણ બને તેવા સર્વ આકારથી સંપન્ન છે અર્થાત્ તેની આચરણા, તેનો બોધ, તેની ઉપદેશની પ્રવૃત્તિ સર્વ અતિ વિવેકવાળી છે, તેથી સર્વ આકારસંપન્ન છે= સમંતભદ્ર છે, તેમ કહેલ છે.

(૪) વળી, અધિકૃત યોગી ઘણા યોગ્ય જીવોને યોગમાર્ગમાં સુપ્રણિધાનાદિનો હેતુ છે; કેમ કે કોઈપણ સ્થાનમાં ન્યૂનતા નથી. આશય એ છે કે, આવા યોગીઓને જોઈને કે તેમના વચનને સાંભળીને યોગ્ય જીવોને સુપ્રણિધાન થાય છે કે, મનુષ્યભવને પામીને એકાંતે દુઃખમય સંસારનો ઉચ્છેદ કરવા યોગ્ય છે, અને તે માટે યોગમાર્ગ સાધવા જેવો છે આવું પ્રણિધાન કેટલાક જીવોને મુનિઓના દર્શનમાત્રથી થાય છે, તો કેટલાક જીવોને તેઓની સર્વ ઉચિત પ્રવૃત્તિ જોઈને થાય છે. આવું સુપ્રણિધાન થવાનું કારણ એ છે કે આવા યોગીઓની આચરણામાં, બોધમાં કે ઉપદેશાદિ કોઈ પણ પ્રવૃત્તિમાં લેશ પણ ન્યૂનતા નથી. તેથી સર્વાંગે પરિપૂર્ણ હોવાથી યોગ્ય જીવોના સુપ્રણિધાનાદિના અવશ્ય હેતુ બને છે. અહીં 'આદિ' પદથી સુપ્રવૃત્તિના હેતુને ગ્રહણ કરવાનું છે. આથી આવા યોગીઓને પ્રાપ્ત કરીને ઘણા જીવો સન્માર્ગને પામીને સુપ્રણિધાનપૂર્વક દેશવિરતિ, સર્વવિરતિ આદિ ભાવોને સાધી શકે છે.

પૂર્વના કથનમાં અધિકૃત પ્રવજિત બીજબીજાદિન્યાસ દ્વારા સાનુબંધ પરાર્થ કરે છે, તેમ કહ્યું, ત્યાં બીજ=સમ્યક્ત્વ અને સમ્યક્ત્વનું બીજ=શાસનપ્રશંસાદિની પ્રાપ્તિ થાય છે તેનું ગ્રહણ કરેલ, પરંતુ કેટલાક જીવોને દેશવિરતિ આદિ ધર્મની

પ્રાપ્તિ પણ થાય છે, તેનું ગ્રહણ કરેલ નથી. પરંતુ આવા યોગીઓથી કેટલાક જીવોને દેશવિરતિ આદિ પ્રાપ્ત થાય છે તેનું ગ્રહણ, 'સુપ્રણિધાનાદિ' પદથી કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે યોગ્ય જીવો અધિકૃત પ્રવ્રજિતને પામીને યોગમાર્ગમાં સુપ્રણિધાનઆશયવાળા થાય છે, અને તે આશયપૂર્વક દેશવિરતિ કે સર્વવિરતિ આદિમાં પ્રયત્ન કરે છે અને કેટલાક જીવો પ્રવૃત્તિ આશયવાળા બનીને દેશવિરતિ કે સર્વવિરતિમાં પ્રવૃત્તિ કરે છે.

પ્રણિધાન આશય અને પ્રવૃત્તિ આશયમાં ભેદ એ છે કે, લક્ષ્યનું પ્રણિધાન કરીને ઉપાયમાં પ્રવૃત્તિ હોવા છતાં તેમાં કંઇક વિકલતા હોય ત્યારે, તેઓની પ્રવૃત્તિ સુપ્રણિધાનવાળી છે છતાં લક્ષ્યને અનુરૂપ સંપૂર્ણ યથાર્થ પ્રવૃત્તિ નથી; જ્યારે પ્રવૃત્તિ આશયવાળા, ઉપેયની ઇચ્છાથી સર્વથા ઔત્સુક્યરહિત ઉપાયમાં તેવી રીતે પ્રયત્ન કરે છે કે જેથી ચિત્ત અભિષ્વંગ વગરનું થઇને ઉપેય એવા મોક્ષ પ્રત્યે સુદઢ રીતે પ્રવર્તે છે.

(૫) વળી, અધિકૃત પ્રવ્રજિત અન્ય જીવોના મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે દીપક જેવા છે; કેમ કે યોગ્ય જીવોના મોહના અપનયન કરવાના સ્વભાવવાળા છે. આશય એ છે કે, અધિકૃત પ્રવ્રજિત ભગવાનના વચનથી વાસિત મતિવાળા હોવાથી ભગવાનના વચનાનુસાર સર્વ પ્રવૃત્તિ કરે છે, એટલું જ નહીં પણ જીવની યોગ્યતા પ્રમાણે ભગવાનના વચનના પરમાર્થને બતાવી શકે તેવી બોધની પરિણતિવાળા પણ છે, તેથી તેમના સાન્નિધ્યમાં આવનાર યોગ્ય જીવોના મોહરૂપી અંધકારનો નાશ કરે છે. માટે તેમને મોહરૂપી અંધકારનો નાશ કરવા દીપક તુલ્ય કહ્યા છે.

(૬) વળી, અધિકૃત યોગી રાગરૂપી રોગ માટે વૈદ્ય જેવા છે; કેમ કે યોગ્ય જીવોના રોગની ચિકિત્સા કરવામાં સમર્થ વ્યાપારવાળા છે. આશય એ છે કે, જે યોગ્ય જીવો રાગને રોગરૂપે સમજીને પ્રસ્તુત પ્રવ્રજિત પાસે સંયમ આદિ ગ્રહણ કરે છે, તેઓને રાગાદિ નાશ થઇ શકે તેવા યોગ્ય ઉપાયો બતાવીને સન્માર્ગમાં સુદઢ પ્રવર્તાવે છે, તેથી યોગ્ય જીવો આવા યોગીના સાન્નિધ્યમાં રહીને, તેમના અનુશાસનને પામીને અને સંયમની ઉચિત ક્રિયા કરીને રાગાદિ દોષોને અવશ્ય ક્ષીણ ક્ષીણતર કરે છે. તેથી તેમને રાગરૂપી રોગ માટે વૈદ્યતુલ્ય કહ્યા છે.

(૭) વળી, અધિકૃત યોગી દ્વેષરૂપી અગ્નિની જ્વાલા માટે જલનિધિ જેવા છે; કેમ કે તેઓ દ્વેષરૂપી અગ્નિને વિધ્યાપન કરવાની શક્તિવાળા છે. આશય એ છે કે,

આરાધક યોગ્ય જીવોને પણ દ્વેષ દૂર કરવો અતિ દુષ્કર હોય છે, તેથી દ્વેષરૂપી અગ્નિથી હંમેશાં સંતપ્ત હોય છે. પરંતુ પ્રસ્તુત યોગીના વચનશ્રવણથી કે ઉચિત માર્ગદર્શનથી તેવા જીવોમાં વર્તતો દ્વેષનો અગ્નિ અવશ્ય શમી જાય છે; કેમ કે વિશિષ્ટ યોગીઓના વચનમાં પણ વિશિષ્ટ સામર્થ્ય હોય છે. તેથી ઉત્તમ ભાવોથી વાસિત એવા તેમના ભાવોને કારણે તેમના વચનના બળથી યોગ્ય જીવો દોષ દૂર કરવાની અપૂર્વ દિશા જોઈ શકે છે, તેથી તેમનામાં ઉપશમભાવ અવશ્ય પ્રગટે છે. એટલું જ નહિ પણ આવા યોગીઓના દર્શનથી યોગ્ય જીવનો દ્વેષ શમી જાય છે.

(૮) વળી, અધિકૃત યોગી સંવેગની નિષ્પત્તિનું કારણ છે; કેમ કે આવા યોગીઓમાં સંવેગને પેદા કરે તેવા જ્ઞાનાદિનો યોગ છે. આશય એ છે કે, બાહ્ય નિમિત્તોને પામીને સંસારવર્તી જીવો ભોગાદિની વૃત્તિ વાળા થતા હોય છે, આમ છતાં જ્યારે આવા યોગીઓના સંપર્કમાં તેઓ આવે ત્યારે સંસારવર્તી ભોગરસિક એવા જીવોને પણ તેમના ઉપદેશઆદિની સામગ્રીથી સંવેગની વૃદ્ધિ થાય છે; કેમ કે યોગીઓનું અંતઃકરણ સંવેગથી વાસિત હોય છે, તેથી તેઓ જે ઉપદેશ આપે છે તેનાથી પણ યોગ્ય જીવોમાં અવશ્ય સંવેગ પેદા થાય છે; જેમ નંદિષેણ મુનિના વચનથી અનેક જીવોને સંવેગ પેદા થયો.

(૯) વળી, તેઓ અચિંત્ય ચિંતામણિ જેવા છે; કેમ કે જીવોના સુખના હેતુ છે. ચિંતામણિ રત્ન જેને પ્રાપ્ત થાય તે જીવ, તેની ઉપાસનાથી, આલોકમાં સુખ પ્રાપ્ત કરાવે તેવા ભૌતિક પદાર્થોને માત્ર મેળવી શકે છે, પરંતુ આ લોક અને પરલોકના બધા સુખની પરંપરાનું અર્જન કરવા દ્વારા સદ્ગતિ કે મોક્ષના સુખને મેળવી શકતો નથી. જ્યારે પ્રસ્તુત યોગી યોગ્ય જીવોને પોતાની શક્તિના પ્રકર્ષથી સન્માર્ગ દર્શાવીને અને સન્માર્ગમાં પ્રવર્તન કરાવીને, એકાંતે સુખની પરંપરા દ્વારા ચિંતામણિ રત્ન જે પ્રાપ્ત ન કરાવી શકે તેવા સુદેવત્વાદિ અને પરંપરાએ મોક્ષના સુખને પ્રાપ્ત કરાવે છે, માટે તેને અચિંત્ય ચિંતામણિ કહેલ છે.

**सो अधिकृतः प्रव्रजितः–**

આ રીતે અધિકૃત પ્રવ્રજિત ધર્મદાન દ્વારા પ્રકૃષ્ટ પરાર્થનો સાધક છે; કેમ કે તેનામાં તે પ્રકારની કરુણા અને ઉપકાર કરવાની પ્રવૃત્તિનો પરિણામ છે; કેમ કે આવા જીવોમાં

પ્રધાન ભવ્યતા છે. આશય એ છે કે સામાન્ય જીવો કરતાં, જેઓમાં વિશેષ ભવ્યતા હોય છે, તેવા જીવો આ રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને, શાસ્ત્રાભ્યાસથી સંપન્ન થઈને, સ્વ-પરનું કલ્યાણ કરી શકે તેવા હોય છે. આવા યોગી પુરુષોનું હૈયું તેવા પ્રકારની કરુણાવાળું હોય છે. તેથી ધર્મ પામ્યા પછી જેમ સ્વહિતમાં અત્યંત ઉદ્યમ કરે છે, તેમ અન્ય યોગ્ય જીવોને માર્ગનો બોધ કરાવવામાં અને સન્માર્ગમાં સુદૃઢ રીતે પ્રવર્તાવવામાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરે છે. આ રીતે ધર્મદાન કરવા દ્વારા શ્રેષ્ઠ કોટિના પરાર્થને સાધે છે.

ધર્મદાન દ્વારા જેમ પરપરાર્થ કરીને બીજા ઉપર ઉપકાર કરે છે, તેમ પોતાને પણ કેવા પ્રકારનો ઉપકાર થાય છે, તે બતાવે છે–

આવા યોગી પુરુષો આ પ્રકારે પરપરાર્થ સાધતા હોવાથી અનેક ભવ દ્વારા જ્ઞાનાવરણીયઆદિ પાપકર્મથી મુકાય છે અને સંવેગાદિ શુભભાવો વડે પ્રવર્ધમાન થાય છે આ રીતે અનેક ભવોની પારમાર્થિક આરાધના દ્વારા સર્વોત્તમ એવા તીર્થંકરઆદિ ભવને પામે છે. જે તેમનો ચરમભવ છે, મોક્ષનો હેતુ છે અને અવિકલ પરાર્થ કરવાનું નિમિત્ત છે.

આશય એ છે કે; જે જીવો સન્માર્ગને પામ્યા પછી શાસ્ત્રાનુસારી સુદૃઢ યત્ન કરીને શાસ્ત્રમાં નિપુણ બને છે, તે જીવો યોગ્ય જીવોને સન્માર્ગ પ્રાપ્ત કરાવવામાં પ્રબળ કારણ બને છે; કેમ કે તેમનું હૈયું કરુણાદિ ભાવવાળું છે. અને જેમ કરુણાદિ ભાવથી પરોપકાર કરે છે, તેમ પોતાનાં પણ જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો નાશ પામે છે, અને આ રીતે દરેક ભવમાં પૂર્વ પૂર્વ કરતાં વિશેષ ઉપકાર કરાવે તેવો ભવ પ્રાપ્ત થાય છે, તેથી વિશેષ વિશેષ જ્ઞાનાવરણીયઆદિ પાપકર્મોનો નાશ કરે છે, અને વિશેષ વિશેષ સંવેગાદિ ભાવો વડે પ્રવર્ધમાન શુભભાવવાળા થાય છે. આ રીતે અનેક ભવો સુધી ઉત્તરોત્તર વિશેષ કોટિની પારમાર્થિક આરાધના કરીને તીર્થંકર આદિ જન્મને પ્રાપ્ત કરે છે. જેના ફળરૂપે ચરમભવમાં *ઘણા જીવોનો ઉપકાર કરી શકે તેવી શ્રેષ્ઠ કોટિની સામગ્રી* મેળવે છે અને તેથી તેમના સંપર્કમાં આવતા યોગ્ય જીવોનો ઉપકાર અવશ્ય થાય છે. અને તે ભવમાં મહાસત્ત્વોને ઉચિત એવું નિરવશેષ કૃત્ય કરીને બધ્યમાન અને પ્રાગ્બદ્ધ કર્મથી રહિત થયેલા સિદ્ધ થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે અર્થાત્ છેલ્લા ભવમાં તીર્થંકરનો મહાસાત્ત્વિક એવો આત્મા ઉચિત એવાં નિરવશેષ કૃત્ય કરે છે, જેનાથી

ઘણા જીવોનો ઉપકાર થાય છે. અને અંતે અત્યંત નિર્લેપ થઈને પૂર્વના બંધાયેલા કર્મથી રહિત થાય છે, અને નવા કર્મ બાંધવાનું બંધ કરે છે, અને તેવા થયેલા તેઓ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે.

અહીં બધ્યમાન કર્મ અને પ્રાગૂબદ્ધકર્મથી રહિત આત્મા સિદ્ધ અવસ્થામાં હોય છે. આમ છતાં સંયમ ગ્રહણ કર્યા પછી નજીકમાં મોક્ષે જવાના છે, તેથી "થવાના હોય તે થયા" એ પ્રકારના ઉપચારને માનનાર વ્યવહારનયથી કહેલ છે કે બધ્યમાન અને પ્રાગ્બદ્ધ કર્મથી રહિત સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે ઇત્યાદિ કહેલ છે.

સિધ્યતિ, બુદ્ધયતે આદિનાં અર્થ બે રીતે કરે છે તેમાં પ્રથમ અર્થ નીચે પ્રમાણે છે.

**सिध्यति** એટલે સિદ્ધ થાય છે અર્થાત્ સામાન્યથી અણિમાદિ ઐશ્વર્યની પ્રાપ્તિને કરે છે. જ્યારે તીર્થંકરાદિ સંયમ લઈને સાધના કરતા હોય છે ત્યારે અણિમાદિ અનેક લબ્ધિઓ છદ્મસ્થ અવસ્થામાં તેઓને પ્રગટે છે, અને ત્યારે તેઓ બધ્યમાન અને પ્રાગ્બદ્ધ કર્મથી રહિત હોતા નથી, તો પણ નજીકના કાળમાં તેવા પ્રકારના અવશ્ય થવાના છે. તેને ગ્રહણ કરીને કહ્યું કે, વિધૂતરજોમલવાળા એવા ભગવાન અણિમાદિ ઐશ્વર્યને પામે છે.

**बुध्यते** એટલે બુદ્ધ થાય છે અર્થાત્ કેવલજ્ઞાનને પામે છે.

**मुच्यते** એટલે મુક્ત થાય છે અર્થાત્ ભવોપગ્રાહી કર્મથી મુકાય છે. આ અવસ્થા સર્વ કર્મથી રહિત એવી સિદ્ધ અવસ્થા છે.

સિદ્ધ અવસ્થામાં તેઓ કેવા છે તે જ સ્પષ્ટ કરતાં કહે છે–

**परिनिर्वाति** એટલે સર્વથી કર્મનું વિગમન થાય છે અર્થાત્ સંસારના સર્વ ભાવોથી રહિત થવાને કારણે પરિનિર્વાણને પામે છે.

પરિનિર્વાણ પામે છે એ કથનથી શું પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે–

સર્વ દુઃખોનો અંત કરે છે; કેમ કે સદા માટે ફરી ભવનો અભાવ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, ભવ સાથે દુઃખ અવિનાભાવી જોડાયેલું છે અર્થાત્ જ્યાં સુધી

ભવ છે ત્યાં સુધી દુઃખ છે; અને ભગવાન જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે સદા માટે ભવનો અભાવ થાય છે, માટે સર્વ દુઃખોના અંતની પ્રાપ્તિ થાય છે; કેમ કે હવે ફરી ક્યારે પણ તેમને દુઃખ પ્રાપ્ત થવાનું નથી.

સિધ્યતિ, બુદ્ધ્યતેનો બીજી રીતે અર્થ કરતાં કહે છે–

**सिध्यति** એટલે સિદ્ધ થાય છે અર્થાત્ સર્વ કાર્યની પરિસમાપ્તિ થવાથી સિદ્ધ થાય છે. આ મોક્ષની અવસ્થા છે; કેમ કે તેની પૂર્વે સર્વ કાર્યની પરિસમાપ્તિ નથી; કારણ કે કેવલીને પણ યોગનિરોધ કરીને સંપૂર્ણ કર્મનો નાશ કરવાનું કાર્ય બાકી છે, જ્યારે ભગવાન મોક્ષમાં જાય છે ત્યારે જ સર્વ કાર્યની પરિસમાપ્તિ થાય છે. આ કથન પ્રમાણે 'વિધૂતરજમલ' એ વિશેષણ વ્યવહારનયથી ગ્રહણ કરવાનું નથી; કેમ કે જ્યારે તીર્થંકરનો આત્મા નિરવશેષ કૃત્ય કરીને બધ્યમાન અને પ્રાગ્બદ્ધ કર્મથી રહિત થાય છે ત્યારે સિદ્ધ થાય છે અર્થાત્ મોક્ષને પામે છે માટે ઉપચાર નથી.

**बुध्यते** એટલે બુદ્ધ થાય છે અર્થાત્ બોધવાળા છે; કેમ કે મોક્ષમાં પણ કેવલજ્ઞાનનો પ્રતિઘાત નથી એકાંતનય પર ચાલનારા બૌદ્ધાદિ મોક્ષમાં કેવલજ્ઞાન સ્વીકારતા નથી, તેમના મતનો આ કથનથી વ્યવચ્છેદ થાય છે; કેમ કે મોક્ષમાં કેવલજ્ઞાન છે, પણ કેવલજ્ઞાન વગરનો આત્મા નથી, તે બતાવવા માટે 'બુધ્યતે' કહેલ છે.

'**मुच्यते**' એટલે સર્વકર્મથી રહિત થાય છે. અહીં સિધ્યતે અને મુચ્યતે એ બે વચ્ચે ભેદ એ છે કે સિદ્ધ થાય છે એટલે સર્વકાર્ય પૂર્ણ થયા છે અને મુક્ત થાય છે એટલે સર્વકર્મથી મૂકાય છે.

'**परिनिर्वाति**' એટલે સમગ્રસુખની પ્રાપ્તિ થવાથી સંસારભાવથી રહિત થાય છે.

'**परिनिर्वाति**' એ કથનથી સમગ્ર સુખની પ્રાપ્તિ થાય છે તેથી સર્વ દુઃખોનો અંત આવી જાય છે, તો પણ નિગમન કરવા અર્થે કહે છે–

**एवं सर्वदुःखानामन्तं** આ રીતે સર્વ દુઃખોનો અંત કરે છે.

**यद्वा**થી સિધ્યતે, બુધ્યતેનો જે બીજી રીતે અર્થ કર્યો એ નયાન્તરમતની માન્યતાના વ્યવચ્છેદ માટે કરેલ છે. તેનાથી અન્ય દર્શનવાળાની માન્યતાનો વ્યવચ્છેદ થાય છે.

'**इति**' શબ્દ ચોથા સૂત્રની ટીકાની સમાપ્તિ માટે છે.

પ્રવ્રજ્યા-પરિપાલના-સૂત્ર સમાપ્ત થયું. તત્ત્વથી પ્રવ્રજ્યા-પરિપાલના સૂત્ર સમાપ્ત થયું.

સંયમગ્રહણ કર્યું અને સંયમની ક્રિયાઓ કરી એટલા માત્રથી પ્રવ્રજ્યાનું પરિપાલન નથી પરંતુ પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યું તે પ્રકારે સમિતિ-ગુપ્તિની પરિણતિપૂર્વક પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરીને, ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા-દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે પ્રવ્રજ્યાનું પરિપાલન કરવામાં આવે તો ઉત્તરોત્તર ઉત્તમભાવની પ્રાપ્તિ દ્વારા પ્રવ્રજ્યા મોક્ષનું કારણ બને તેને બતાવનાર પ્રસ્તુત સૂત્ર છે તે બતાવવા માટે અહીં પ્રવ્રજ્યા-પરિપાલન-સૂત્ર સમાપ્ત થયું એટલું ન કહેતાં તત્ત્વથી પ્રવ્રજ્યા-પરિપાલનાસૂત્ર સમાપ્ત થયું એમ કહેલ છે.

પંચસૂત્રની વ્યાખ્યામાં ચોથા સૂત્રની વ્યાખ્યા પૂર્ણ થઈ.

# पञ्चमं

# प्रव्रज्याफलसूत्रम् ।

**અવતરણિકા :**

इदानीं पञ्चमसूत्रव्याख्या प्रक्रम्यते। अस्य चायमभिसंबन्धः-इहानन्तरसूत्रे प्रव्रजितस्य चर्योक्ता, इह तु परं तत्फलमभिधातुमाह-

**અવતરણિકાર્થ :**

હવે પાંચમા સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરાય છે અને આનો=પાંચમા સૂત્રનો, આ=આગળમાં કહેવાશે એ, સંબંધ છે અને તે સંબંધ બતાવે છે– અહીં=પંચસૂત્ર ગ્રંથમાં, અનન્તર સૂત્રમાં=ચોથા સૂત્રમાં, પ્રવ્રજિતની ચર્યા કહેવાયી. અહીં=પ્રસ્તુત સૂત્રમાં, વળી, પ્રકૃષ્ટ એવું તેનું ફળ=પ્રવ્રજ્યાનું ફળ, કહેવા માટે સૂત્રકાર કહે છે–

**સૂત્ર :**

स एवमभिसिद्धे, परमबंभे, मंगलालए, जम्म-जरा-मरणरहिए, पहीणासुहे, अणुबंधसत्तिवज्जिए, संपत्तनियसरूवे, अकिरिए, सहावसंठिए, अणंतनाणे, अणंतदंसणे।

**સૂત્રાર્થ :**

**તે=જેનો પ્રક્રમ કરાયેલો છે તેવો પ્રવ્રજ્યાને કરનાર, આ રીતે=આગળના સૂત્રમાં કહ્યું એ રીતે, અભિષિદ્ધ=પ્રવ્રજ્યાના ફળરૂપ મોક્ષને પ્રાપ્ત થયો છતો, પરમ બ્રહ્મરૂપ છે, મંગલનું સ્થાન છે, જન્મ-જરા-મરણ રહિત છે, અશુભ જેનું ક્ષય થયું છે તેવો છે, અનુબંધશક્તિથી રહિત છે, સંપ્રાપ્ત નિજસ્વરૂપવાળો, અક્રિય, સ્વભાવમાં સંસ્થિત, અનંતજ્ઞાન, અનંતદર્શનવાળો છે.**

**ટીકા :**

स एवमभिसिद्धे परमबंभे मंगलालये जम्म-जरा-मरणरहिएत्यादि। स प्रक्रान्तः प्रव्रज्याकारी, एवमुक्तेन सुखपरम्पराप्रकारेण अभिषिद्धः सन् । किंभूत इत्याह- परमब्रह्म सदाशिवत्वेन । मङ्गलालयः गुणोत्कर्षयोगेन । जन्म-जरा-मरणरहितो निमित्ताभावेन । यथोक्तम्-

दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः ।। इति [ तत्त्वार्थका.८ ]

**प्रक्षीणाशुभः एकान्तेन, अनुबन्धशक्तिवर्जितः अशुभमङ्गीकृत्य, अत एव संप्राप्तनिजस्वरूपः केवलो जीवः, अक्रियो गमनादिशून्यः, स्वभावसंस्थितः सांसिद्धिकधर्मवान् । अत एवाह-अनन्तज्ञानोऽनन्तदर्शनः ज्ञेयानन्तत्वात् स्वभावश्चास्यायमेव । यथोक्तम्-**

स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत्॥ [ योगदृष्टि.१८३ ]

**ટીકાર્થ :**

'**स एवमभिसिद्धे परमबंभे मंगलालये जम्म-जरा-मरणरहिएत्यादि।**' એ પ્રતિક છે.

તે=પ્રક્રાન્ત પ્રવ્રજ્યાકારી=પ્રસ્તુત ગ્રંથમાં જે પ્રવ્રજ્યાના વર્ણનનો પ્રક્રમ થયો છે તેવી પ્રવ્રજ્યાને કરનાર, આ પ્રકારથી=આગળના સૂત્રમાં કહેલ એ પ્રમાણે સુખની પરંપરાના પ્રકારથી, મોક્ષ અવસ્થાને પામે છે અને આવા મોક્ષને પામેલો છતો (જીવ) કેવા પ્રકારનો છે ? એથી કહે છે– સદાશિવપણું હોવાને કારણે પરમ બ્રહ્મરૂપ છે, ગુણના ઉત્કર્ષનો યોગ હોવાને કારણે મંગલનું સ્થાન છે, જન્માદિના નિમિત્તનો અભાવ હોવાને કારણે જન્મ-જરા-મરણ રહિત છે.

નિમિત્તનો અભાવ હોવાને કારણે સિદ્ધનો આત્મા જન્મ-જરા-મરણ રહિત છે. તેમાં '**यथोक्तम्**' થી સાક્ષી આપે છે–

જે પ્રમાણે અત્યંત દગ્ધ બીજ હોતે છતે અંકુરો પ્રાદુર્ભાવ પામતો નથી, તે પ્રમાણે કર્મબીજ દગ્ધ હોતે છતે ભવરૂપી અંકુરો ફૂટતો નથી.

વળી, તે સિદ્ધનો આત્મા કેવો છે તે બતાવે છે–

એકાંતથી પ્રક્ષીણ થયેલા અશુભવાળો છે. વળી, અશુભને આશ્રયીને અનુબંધશક્તિથી રહિત છે=અશુભ ફળની શક્તિથી રહિત છે. આથી જ= અશુભ ફળની શક્તિથી રહિત છે આથી જ, સંપ્રાપ્ત નિજસ્વરૂપવાળો કેવળ જીવ છે. વળી, અક્રિય છે=ગમનાદિશૂન્ય છે. વળી, સ્વભાવ સંસ્થિત છે= સાંસિદ્ધિક ધર્મવાળો છે=જીવના સ્વભાવરૂપે વર્તતા ધર્મવાળો છે, (પરંતુ ઔપાધિક ધર્મવાળો નથી.) આથી જ કહે છે–

**અનંતજ્ઞાન અને અનંતદર્શનવાળો છે; કેમ કે જ્ઞેયનું અનંતપણું છે, અને આનો=જીવનો આ જ સ્વભાવ છે=જ્ઞાન-દર્શન સ્વભાવ છે.**

**જીવનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે તે બતાવવા 'यथोक्तम्' થી સાક્ષી આપે છે–**

**ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી ચંદ્રની જેમ જીવ રહેલો છે, ચંદ્રિકાની જેમ વિજ્ઞાન રહેલું છે અને વાદળાની જેમ જ્ઞાનનું આવરણ છે.**

**ભાવાર્થ :**

પંચસૂત્રના ત્રીજા સૂત્રમાં બતાવ્યું એ રીતે, પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી ચોથા સૂત્રમાં બતાવ્યું એ રીતે પ્રવ્રજ્યાનું પાલન કરે તો ક્રમસર સુખની પરંપરા વધે છે અને એ રીતે અંતે મોક્ષને પામે છે.

આશય એ છે કે શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો પ્રવ્રજ્યા ગ્રહણ કરતાંની સાથે જીવ સમિતિ-ગુપ્તિવાળો બને છે. સમિતિ-ગુપ્તિથી યુક્ત બનેલો જીવ અત્યંત યત્નપૂર્વક ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં યત્ન કરે તો ઉત્તરોત્તર ગુપ્ત ગુપ્તતર થાય છે, અને જેમ જેમ ગુપ્તિની વૃદ્ધિ થાય છે તેમ તેમ જીવમાં સુખની પરંપરાની વૃદ્ધિ થાય છે; કેમ કે અગુપ્ત માનસવાળાને બાહ્ય પદાર્થો ઉપદ્રવ કરે છે અને બાહ્ય પદાર્થોથી ઉપદ્રવ પામેલો જીવ વિષયોમાં પ્રવૃત્તિ કરીને સુખ મેળવવા મથે છે. જ્યારે યોગીઓ તો ગુપ્તિમાં સુદૃઢ યત્ન કરીને ગુપ્તિના પ્રકર્ષના ઉપાયરૂપ એવા ધ્યાન-અધ્યયનમાં પ્રવૃત્તિ કરે છે, જેના બળથી સુખની પરંપરા વધતી જાય છે અને અંતે પૂર્ણ સુખરૂપ મોક્ષને પામે છે.

તે મોક્ષને પામેલો જીવ કેવો છે ? તે પ્રસ્તુત સૂત્રમાં બતાવે છે– તે મોક્ષને પામેલ આત્મા પરમ બ્રહ્મસ્વરૂપ છે; કેમ કે સદાકાળ માટે સર્વ ઉપદ્રવનો અભાવ છે. તેથી આત્માનું જે નિરુપદ્રવ પરમ બ્રહ્મસ્વરૂપ છે તેમાં તે વર્તે છે.

વળી, તે સિદ્ધનો આત્મા મંગલસ્વરૂપ છે; કેમ કે ગુણોનો ઉત્કર્ષ છે. આશય એ છે કે સાધનાકાળમાં જીવમાં ગુણો પ્રગટે છે અને તે ગુણોનો ઉત્કર્ષ સર્વકર્મનો નાશ થયા પછી થાય છે. અને સિદ્ધના આત્માનાં સર્વ કર્મોનો નાશ થયો છે તેથી તેઓમાં ગુણોનો ઉત્કર્ષ છે, તેથી કલ્યાણનું નિવાસસ્થાન છે અર્થાત્ પૂર્ણ કલ્યાણની પ્રાપ્તિ તેમને થયેલ છે.

વળી, તે સિદ્ધનો આત્મા જન્મ-જરા-મરણાદિ રહિત છે; કેમ કે જન્માદિના નિમિત્તરૂપ એવા કર્મોનો અભાવ છે. આમ બતાવીને એ કહેવું છે કે સિદ્ધના આત્માને સંસારી જીવો જેવી જન્મ-જરા-મરણાદિની કોઇ વિડંબના નથી.

સિદ્ધના આત્માઓને નિમિત્તના અભાવના કારણે જન્માદિ નથી તેમાં સાક્ષી આપે છે. તેનો ભાવ આ પ્રમાણે છે–

જેમ કોઇ બીજને બાળી નાંખવામાં આવે તો તે બીજથી અંકુરો પેદા થતો નથી, તેમ સિદ્ધના આત્માઓએ કર્મરૂપી બીજને બાળી નાખ્યું છે તેથી નવા જન્મની પ્રાપ્તિરૂપ ભવનો અંકુરો ફુટતો નથી.

વળી, તે સિદ્ધના આત્માનાં અશુભ એકાંતથી પ્રક્ષીણ થયેલ છે. આશય એ છે કે જીવને માટે વિડંબના કરે તેવો ભાવ તે અશુભ કહેવાય અને તેવો અશુભ ભાવ સર્વાર્થસિદ્ધમાં પણ સર્વથા ક્ષીણ થયો નથી; કેમ કે સર્વાર્થસિદ્ધમાંથી પણ ચ્યવન થાય છે અને ફરી તેઓને જન્મની પણ પ્રાપ્તિ થાય છે. અને જ્યારે સર્વાર્થસિદ્ધમાં છે ત્યારે પણ ઇન્દ્રિયો આદિના પ્રવૃત્તિકાળમાં કંઇક શ્રમ થાય છે જે જીવ માટે સુખરૂપ નથી, તેથી ઘણું અશુભ ક્ષીણ થવા છતાં કંઇક અશુભ પણ છે; જ્યારે સિદ્ધના આત્માઓમાં એકાંતે=સર્વથા અશુભ ક્ષીણ થયેલું છે.

વળી, તે સિદ્ધનો આત્મા અશુભને આશ્રયીને અનુબંધશક્તિ રહિત છે અર્થાત્ વર્તમાનમાં તો અશુભ નથી પરંતુ ભવિષ્યમાં ક્યારે પણ અશુભની પ્રાપ્તિ થાય તેવી શક્તિ નથી, તેથી પૂર્ણ સુખવાળા છે. આશય એ છે કે ઉપદ્રવકારી એવાં કર્મ જીવ માટે અશુભ છે, અને તે અશુભ કર્મ સિદ્ધને સંપૂર્ણ નાશ થઇ ગયું છે અને ફરી ઉત્પન્ન થાય તેવું પણ નથી. આથી તે સિદ્ધનાં આત્મા સંપૂર્ણ નિજસ્વરૂપવાળા છે=કેવલ જીવરૂપ છે પરંતુ કર્મયુક્ત અને દેહયુક્ત એવા જીવરૂપ નથી.

વળી, સિદ્ધના આત્માઓ ગમનાદિ ક્રિયાથી શૂન્ય છે, માટે અક્રિય છે અને પોતાના સ્વભાવમાં સંસ્થિત છે=સાંસિદ્ધિક ધર્મવાળા છે=જીવના સ્વભાવભૂત એવા ધર્મવાળા છે અને આથી જ અનંત જ્ઞાન અને અનંત દર્શનવાળા છે.

સિદ્ધના આત્માઓને જ્ઞાનદર્શનવાળા ન કહેતાં અનંતજ્ઞાનવાળા કેમ કહ્યા છે ? તેથી કહે છે–

જ્ઞેય અનંત છે તેથી તેઓનું જ્ઞાન પણ અનંત છે. આશય એ છે કે સિદ્ધના આત્માઓ જ્ઞાન-દર્શનસ્વભાવવાળા છે, એ અપેક્ષાએ વિચારીએ તો અનંત જ્ઞાન, અનંત દર્શન કહેવાની જરૂર નથી. પરંતુ જ્ઞાનના વિષય એવા જ્ઞેય પદાર્થો અનંત છે અને તે સર્વનું જ્ઞાન તેઓને છે, તેથી તેમના જ્ઞાન-દર્શનને અનંત કહેલા છે. અને તે અનંત જ્ઞાન-દર્શન એ સિદ્ધના આત્માઓનો સ્વભાવ છે.

જીવનો સ્વભાવ જ્ઞાન-દર્શન કેમ છે ? તેમાં સાક્ષી આપે છે. તેનો ભાવ આ પ્રમાણે છે–

ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી જીવ ચંદ્ર જેવો છે. આશય એ છે કે સંસારી જીવોની કર્મવાળી પ્રકૃતિ છે, પરંતુ પોતાની શુદ્ધ પ્રકૃતિ નથી. કર્મરહિત જીવનો વિચાર કરીએ તો પોતાની શુદ્ધ પ્રકૃતિ છે અને તે પ્રકૃતિથી વિચારીએ તો જીવ ચંદ્ર જેવો શીતળ છે. જેમ ચંદ્રમાં શીતળતા વર્તે છે તેમ આત્મામાં કષાયના ઉપદ્રવો ન હોવાથી સહજ શીતળતા વર્તે છે, અને જેમ ચંદ્રમાં પ્રકાશમય ચંદ્રિકા છે તેમ આત્મામાં વિજ્ઞાન વર્તે છે. અને જેમ ચંદ્ર ઉપર વાદળનું આવરણ આવે તો ચંદ્ર પોતાના સ્વરૂપે દેખાય નહીં, તેમ આત્મા ઉપર કર્મનું આવરણ છે માટે આત્માનું પોતાનું સ્વરૂપ દેખાતું નથી. આનાથી એ ફલિત થાય છે કે જો કર્મનું આવરણ હઠી જાય તો આત્મા વિજ્ઞાનમય પ્રતીત થાય છે.

**અવતરણિકા :**

**अथ कीदृशोऽसौ वर्णरूपाभ्याम्? इत्याशङ्कापोहायाह –**

**અવતરણિકાર્થ :**

**હવે સિદ્ધનો આત્મા વર્ણ અને રૂપ દ્વારા કેવો છે ? એ પ્રકારની આશંકાના નિવારણ માટે કહે છે–**

**★ વર્ણ શબ્દથી કાળો, નીલો, પીળો આદિ વર્ણ લેવાના છે. અને જ્યાં વર્ણ હોય ત્યાં રસ, ગંધ, સ્પર્શ, હોય છે. તેથી ઉપલક્ષણથી વર્ણ શબ્દથી, રસ, ગંધ આદિ સર્વ ગ્રહણ કરવાના છે અને રુપથી=સ્વરૂપઅર્થક રુપ શબ્દથી, અરૂપી સત્તા ગ્રહણ કરવાની છે અને ઉપલક્ષણથી સંસ્થાન ગ્રહણ કરવાનું છે.**

सूत्र :

से न सद्दे, न रूवे, न गंधे, न रसे, न फासे, अरूविणी सत्ता, अणित्थंत्थसंठाणा, अणंतवीरिया, कयकिच्चा, सव्वाबाहाविवज्जिया, सव्वहा निरवेक्खा, थिमिया, पसंता । असंजोगिए एसाणंदे, अओ चेव परे मए ।

सूत्रार्थ :

મુક્ત આત્મા શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી.

તો કેવો આત્મા છે ? તેથી બતાવે છે–

અરૂપી સત્તા છે.

જો તે અરૂપી સત્તા હોય તો તેનું સંસ્થાન હોવું જોઇએ. તે અરૂપી સત્તા કેવા સંસ્થાનવાળી છે તે બતાવતા કહે છે–

અનિત્થંસ્થસંસ્થાનવાળી છે=અચોક્કસ આકારવાળી છે.

વળી, તે સિદ્ધના આત્માની સત્તા કેવી છે ? તે બતાવે છે–

વળી, તે સિદ્ધનાં આત્માની અરૂપી સત્તા અનંત વીર્યવાળી, કૃતકૃત્ય, સર્વબાધાથી રહિત, સર્વથા નિરપેક્ષ, સ્તિમિત=નિસ્તરંગ સમુદ્ર જેવી, પ્રશાન્ત છે. અસાંયોગિક આનંદવાળી છે. આથી જ=નિરપેક્ષ હોવાને કારણે જ, સિદ્ધના આત્માઓની સત્તા પ્રધાન આનંદ મનાયેલ છે.

ટીકા :

से न सद्दे इत्यादि । स सिद्धः न शब्दो न रूपं न गन्धो न रसो न स्पर्शः, पुद्गलधर्मत्वादमीषाम् । अभावस्तर्हीत्येतदपि नेत्याह-अरूपिणी सत्ता ज्ञानवत् । अनित्थंस्थसंस्थाना, इदंप्रकारमापन्नमित्थम्, इत्थं स्थितमित्थंस्थम्, न इत्थंस्थम् अनित्थंस्थं संस्थानं यस्या अरूपिण्याः सत्तायाः सा यथोक्ता । अनन्तवीर्या इयं सत्ता प्रकृत्यैव । तथा कृतकृत्या तन्निष्पादनेन निवृत्ततच्छक्तिः, सर्वाबाधाविवर्जिता द्रव्यतो भावतश्च । सर्वथा निरपेक्षा, तच्छक्त्यपगमेन ।

**अत एव स्तिमिता प्रशान्ता सुखप्रकर्षादनुकूला निस्तरङ्गमहोदधिकल्पा । एतस्या एव परमसुखत्वमभिधातुमाह असांयोगिक एष आनन्दः सुखविशेषः। अत एव निरपेक्षत्वात् परो मतः प्रधान इष्टः ।**

**ટીકાર્થ :**

'से न सद्दे इत्यादि ।' એ પ્રતિક છે.

તે સિદ્ધનો આત્મા શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી; કેમ કે શબ્દાદિનું પુદ્ગલધર્મપણું છે. તો પછી=શબ્દાદિરૂપ નથી તો પછી, અભાવ છે એ પણ નથી=અભાવરૂપ પણ નથી એથી કરીને કહે છે–

જ્ઞાનની જેમ અરૂપી સત્તા છે.

જો તે અરૂપી સત્તા હોય તો તેનું સંસ્થાન હોવું જોઈએ. તેથી અરૂપી સત્તા કેવા સંસ્થાનવાળી છે તે બતાવવા કહે છે–

અનિત્થંસ્થ સંસ્થાનવાળી સત્તા છે.

અનિત્થંસ્થ સંસ્થાનવાળી સત્તાનો અર્થ કરે છે– इत्थं=આ પ્રકારે પ્રાપ્ત= ચોક્કસ આકારે પ્રાપ્ત, તે ઈત્થં અને इत्थं स्थितं=આ પ્રકારે રહેલ=ચોક્કસ આકારે રહેલ, તે ઈત્થંસ્થ અને ન ઈત્થંસ્થ=અનિત્થંસ્થ=અચોક્કસ આકારે રહેલ એવું સંસ્થાન છે જે અરૂપી સત્તાને, તે અરૂપી સત્તા યથોક્ત છે. અનિત્થંસ્થ સંસ્થાનવાળી છે=અચોક્કસ કોઈક સંસ્થાન દરેક સિદ્ધના આત્માનું છે.

વળી, આ સિદ્ધનાં આત્માની સત્તા પ્રકૃતિથી જ અનંતવીર્યવાળી છે. વળી, સિદ્ધના આત્માની સત્તા કૃતકૃત્ય છે=તેના નિષ્પાદન દ્વારા=કાર્યના નિષ્પાદન દ્વારા નિવૃત્ત થઈ છે તેની શક્તિ અર્થાત્ કાર્યની શક્તિ જેને તેવી અરૂપી સત્તા છે. વળી, તે સિદ્ધના આત્માની અરૂપી સત્તા દ્રવ્યથી અને ભાવથી સર્વબાધાથી રહિત છે. વળી, તે અરૂપીની સત્તા સર્વથા નિરપેક્ષ છે; કેમ કે અપેક્ષાની શક્તિનો અપગમ છે. આથી જ=અરૂપીની સત્તા સર્વથા નિરપેક્ષ છે આથી જ, સ્તિમિત અને પ્રશાંત છે=સુખનો પ્રકર્ષ હોવાને કારણે અનુકૂળ સત્તા છે કે જે પ્રશાંતરૂપ છે, અને તરંગ

**વગરના સમુદ્ર જેવી સત્તા છે જે સ્તિમિતરૂપ છે. આનું જ=સ્તિમિત અને પ્રશાંત એવી સત્તાનું જ, પરમસુખપણું કહેવાની ઇચ્છાથી કહે છે–**

**અસાંયોગિક આ આનંદ છે=સુખવિશેષ છે. આથી જ=નિરપેક્ષ હોવાથી જ પ્રધાન મનાયો છે=પ્રધાન આનંદ ઇષ્ટ છે.**

**ભાવાર્થ :**

સિદ્ધનો આત્મા કેવો છે તે બતાવે છે–

સિદ્ધનો આત્મા શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ નથી. આમ બતાવીને સિદ્ધનો આત્મા પાંચેય ઇન્દ્રિયોથી અગ્રાહ્ય છે તેમ બતાવ્યું; કેમ કે ઇન્દ્રિયોથી ક્રમસર શબ્દાદિભાવોનું ગ્રહણ થાય છે અને ક્રમસર શબ્દાદિ ભાવો પુદ્ગલના ધર્મો છે. જો આત્મા શબ્દાદિભાવવાળો નથી તો કોઈને શંકા થાય કે આત્મા અભાવરૂપ છે ? આ શંકાના નિરાકરણ માટે કહે છે કે આત્મા શબ્દાદિભાવરૂપ નથી તેમ અભાવરૂપ પણ નથી પરંતુ અરૂપી એવા જ્ઞાનની જેમ અરુપી સત્તારૂપ આત્મા છે. આમ બતાવીને સિદ્ધનો આત્મા જ્ઞાનની જેમ ઇન્દ્રિયથી અગ્રાહ્ય છે. છે તેમ બતાવ્યું.

વળી, સિદ્ધનો આત્મા સત્તાવાળો છે તો તેનો આકાર કેવો છે ? તેવી જિજ્ઞાસા થાય. તેથી બતાવ્યું કે સિદ્ધના આત્માનો કોઇ ચોક્કસ આકાર નથી, તેનો આકાર અચોક્કસ છે. જેમ પાણીનો આકાર તેના ભાજન પ્રમાણે હોય છે, તેમ સિદ્ધના આત્માનો આકાર તેના છેલ્લા ભવના શરીરના આકારને અનુરૂપ હોય છે. અને છેલ્લા ભવનું શરીર દરેકને નાનું-મોટું અનેક પ્રમાણવાળું હોય છે અને સિદ્ધિગમનકાળમાં તે શરીર જે રીતે અવસ્થિત હોય તેને અનુરૂપ ત્રીજો ભાગ ન્યૂન થાય તે રૂપ પિંડીભૂત થયેલ સિદ્ધનો આત્મા છે અને તે તેનું સંસ્થાન છે.

વળી, તે અરૂપી સત્તા કેવી છે, તે બતાવે છે–

સિદ્ધના આત્માની અરૂપી સત્તા પ્રકૃતિથી જ અનંતવીર્યવાળી છે અર્થાત્ જીવ જેમ જ્ઞાનવાળો છે તેમ પ્રકૃતિથી જ વીર્યવાળો છે અને તે વીર્ય સંપૂર્ણ કર્મના ક્ષયથી પ્રગટ થયું હોવાથી અનંત છે. તો પ્રશ્ન થાય કે જો જીવમાં અનંતવીર્ય છે તો કેમ કોઇ કૃત્ય કરતું નથી ?

સિદ્ધના આત્માની સત્તાએ સર્વકૃત્યો નિષ્પાદન કર્યાં છે તેથી કૃત્ય કરવાની શક્તિ તેમની નિવૃત્ત થઇ ગઇ છે. આશય એ છે કે સિદ્ધના આત્મા જો પોતાને ઇષ્ટ વસ્તુ કાંઇ પ્રાપ્ત કરવાની બાકી હોય તો તેના માટે પોતાની વીર્યશક્તિ ફોરવે, પરંતુ સિદ્ધના આત્માએ પોતાને જે કાંઇ પ્રાપ્ત કરવા જેવું હતું તે પ્રાપ્ત કરી લીધું છે, તેથી હવે તેઓએ પોતાનું વીર્ય કોઇ કૃત્યમાં ફોરવવાનું રહેતું નથી.

વળી, તે સિદ્ધના આત્માની સત્તા દ્રવ્યથી અને ભાવથી સર્વ બાધાથી રહિત છે. આશય એ છે કે સિદ્ધના આત્મા શરીરકર્માદિથી રહિત છે માટે દ્રવ્યથી કોઇ બાધા નથી, અને અંતરંગ કોઇ કષાયનો ઉપદ્રવ નથી તેથી ભાવથી પણ કોઇ બાધા નથી. તેથી સિદ્ધના આત્માની સત્તા સર્વબાધાથી રહિત છે.

વળી, સિદ્ધના આત્માની સત્તા સર્વથા નિરપેક્ષ છે; કેમ કે અપેક્ષાની શક્તિનો અપગમ છે. મોહનો ઉદય અપેક્ષા પેદા કરે છે. સિદ્ધના આત્મામાં મોહનીય કર્મની સત્તા નથી. તેથી અપેક્ષા પેદા કરવાની શક્તિ ચાલી ગઇ છે, માટે સિદ્ધના આત્માની સત્તા સર્વથા નિરપેક્ષ છે.

સિદ્ધના આત્માની સત્તા સર્વથા નિરપેક્ષ છે, આથી જ સિદ્ધના આત્મા નિસ્તરંગ સમુદ્ર જેવા સ્થિર છે. અને સુખનો પ્રકર્ષ હોવાને કારણે અનુકૂળ એવી પ્રશાંતતા તેમનામાં વર્તે છે. આશય એ છે કે અપેક્ષા તરંગો પેદા કરનાર છે અને સુખના અપકર્ષને કરનાર છે. સિદ્ધના આત્માને સર્વથા અપેક્ષા નહિ હોવાને કારણે સુખનો પ્રકર્ષ છે અને આત્મપ્રદેશોમાં ખળભળાટરૂપ તરંગ પણ નથી.

વળી, નિસ્તરંગ અને પ્રશાંત એવી અરૂપીની સત્તા પરમસુખરૂપ છે. એને બતાવે છે–

અસાંયોગિક આનંદ આ છે=સિદ્ધના આત્માને અસાંયોગિક એવો આનંદ છે અને આથી જ તે સુખ સૌથી શ્રેષ્ઠ સુખ છે. આશય એ છે કે સાંયોગિક આનંદ હંમેશાં હાનિ-વૃદ્ધિ પામે છે. વળી, સંયોગ વિયોગઅંતવાળો છે તેથી સાંયોગિક આનંદ સદા રહી શકે તેમ નથી માટે તે સુખ પ્રકૃષ્ટ સુખ કહી શકાય નહિ. જ્યારે સિદ્ધનો આત્મા સર્વથા સંયોગ વગરનો છે અને ભાવથી પણ સર્વથા નિરપેક્ષ છે. તેથી સદા માટે પૂર્ણસ્વસ્થતારૂપ સુખનો અનુભવ કરે છે, જે સુખ તરતમતાવાળું નથી પણ પરાકાષ્ઠાવાળું હોય છે અને ક્યારેય જનારું નથી. તેથી કોઇપણ પ્રકારના દુઃખના સ્પર્શ વગરનું કેવળ સુખ જ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અસાંયોગિક આનંદ પ્રકૃષ્ટ સુખ છે. તેને સ્પષ્ટ કરવા માટે સાંયોગિક સુખ પ્રકૃષ્ટ નથી એ બતાવવા માટે કહે છે–

**સૂત્ર :**

**अवेक्खा अणाणंदे, संजोगो विओगकारणं, अफलं फलमेयाओ, विणिवायपरं खु तं, बहुमयं मोहाओ अबुहाणं, जमेत्तो विवज्जओ, तओ अणत्था अपज्जवसिया । एस भावरिपू परे अओ वुत्ते उ भगवया ।**

**સૂત્રાર્થ :**

**અપેક્ષા અનાનંદ છે=દુઃખ છે, સંયોગ વિયોગનું કારણ છે, સંયોગથી થયેલું ફળ અફળ છે; કેમ કે તે=સાંયોગિક ફળ, વિનિપાતપર છે.**

**અહીં પ્રશ્ન થાય કે સાંયોગિક સુખ અફળ છે તો લોકોને કેમ માન્ય છે ? તેથી કહે છે–**

**મોહના કારણે અબુધ જીવોને=સામાન્ય જીવોને, બહુમત છે; જે કારણથી આનાથી=મોહથી, વિપર્યય છે=અફળમાં ફળ બુદ્ધિ છે, તેનાથી=વિપર્યયથી, અનર્થો અપર્યવસિત છે=અંત વગરના અનર્થો છે. આ=મોહ, પર=પ્રકૃષ્ટ, ભાવશત્રુ છે. આથી જ ભગવાન વડે કહેવાયું છે (જે અધ્યાહાર છે.)**

**ટીકા :**

इहैव व्यतिरेकमाह- **अपेक्षाऽनानन्दः**, औत्सुक्यदुःखत्वात् । अपेक्ष्यमाणाप्त्या तन्निवृत्तौ दोषमाह-**संयोगो वियोगकारणम्**, तदवसानतया स्वभावत्वात् । **अफलं फलमेतस्मात्** संयोगात्। किम्? इत्यत आह-**विनिपातपरमेव तत्** सांयोगिकफलम् । कथमिदं बहुमतम् ? इत्याह-**बहुमतं मोहादबुधानां** पृथग्जनानाम्। तत्रापि निबन्धनमाह- **यदतो विपर्ययः**=मोहादत एवाफले फलबुद्धिः ( मोहात् विपर्ययः अत एव अफले फलबुद्धिः ) । **ततो विपर्ययादनर्थाः** असत्प्रवृत्त्या **अपर्यवसिताः** सानुबन्धतया । **एवमेष भावरिपुः परो मोहः**, **अत एवोक्तो भगवता** तीर्थकरेण । यथोक्तम्-

अण्णाणतो रिपू अण्णो, पाणिणं णेव विज्जइ ।
एत्तोऽसक्किरिया तीए, अणत्था विस्सतोमुहा ॥ [ ]

★ 'मोहादत एवाफले फलबुद्धिः' નાં બદલે 'मोहात् विपर्ययः अत एव अफले फलबुद्धिः' આ પ્રમાણે પાઠ હોવો જોઈએ.

**ટીકાર્થ :**

અહીં જ=પૂર્વમાં કહ્યું કે અસાંયોગિક આનંદ પ્રકૃષ્ટ છે એમાં જ, વ્યતિરેકને કહે છે=અસાંયોગિક આનંદ કરતાં વિપરીત એવો સાંયોગિક આનંદ પ્રકૃષ્ટ નથી, તેને કહે છે–

અપેક્ષા અનાનંદ છે કેમ કે ઔત્સુક્યનું દુઃખપણું છે. અહીં પ્રશ્ન થાય કે અપેક્ષ્યમાણ પદાર્થની પ્રાપ્તિથી ઔત્સુક્ય દુઃખની નિવૃત્તિ થશે, માટે સુખ પ્રાપ્ત થશે. તેમાં દોષને કહે છે– સંયોગ વિયોગનું કારણ છે; કેમ કે વિયોગમાં અવસાનપણા વડે કરીને સંયોગનું સ્વભાવપણું છે અર્થાત્ સંયોગનો સ્વભાવ જ વિયોગના અંતવાળો છે. આ સંયોગથી થતું ફળ અફળ છે. સંયોગથી થતું ફળ અફળ કેમ છે ? એથી કરીને કહે છે–

તે=સાંયોગિક ફળ વિનિપાતપર જ છે.

અહીં પ્રશ્ન થાય કે સાંયોગિક ફળ અફળ છે તો આ કેમ બહુમત છે ? અર્થાત્ બધા જીવોને કેમ માન્ય છે ? એથી કહે છે–

મોહના કારણે અબુધ જીવોને=સામાન્ય જીવોને, બહુમત છે. તેમાં પણ =મોહનાં કારણે અબુદ્ધ જીવોને બહુમત છે તેમાં પણ, કારણને કહે છે–

જે કારણથી આનાથી=મોહથી, વિપર્યય છે, આથી જ અફળમાં ફળ બુદ્ધિ છે, અને તે વિપર્યયથી અસત્ પ્રવૃત્તિ હોવાને કારણે અપર્યવસિત અનર્થો છે.

અપર્યવસિત અનર્થો કેમ છે, તેમાં હેતુ બતાવે છે –

સાનુબંધપણું છે. આથી જ=મોહથી અપર્યવસિત અનર્થો છે આથી જ, ભગવાન તીર્થંકરવડે આ=મોહ, આ રીતે=પૂર્વમાં 'अपेक्षाऽनान्द' છે ત્યાંથી માંડીને અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, પ્રકૃષ્ટ ભાવરિપુ કહેલ છે અને તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે–

**જીવનો અજ્ઞાનથી અન્ય કોઇ શત્રુ નથી જ. આનાથી=અજ્ઞાનથી, અસત્ ક્રિયા થાય છે અને તેનાથી=અસત્ ક્રિયાથી, ચારે બાજુથી અનર્થો થાય છે.**

★ મૂળ સૂત્રકારે 'ભગવાન વડે કહેવાયું છે' તેમ કહેલ. ટીકાકારે ટીકામાં '**यथोक्तम्**' થી તે ક્યાં કહ્યું છે તે વાત કહેલ છે પરન્તુ પોતે જે કહે છે તેના સાક્ષીરૂપે આ પાઠ નથી. સામાન્ય રીતે પોતે જે કહેતા હોય તે કથનની પુષ્ટિરૂપે '**यथोक्तम्**' થી સાક્ષી અપાય છે પરન્તુ અહીં સાક્ષીરૂપે આ કથન નથી પરન્તુ ભગવાને જે કહ્યું છે તે બતાવવા '**यथोक्तम्**' થી કહેલ છે.

**ભાવાર્થ :**

અસાંયોગિક આનંદ પ્રકૃષ્ટ છે. એમાં જ વ્યતિરેકને બતાવે છે. આશય એ છે કે અસાંયોગિક સુખ પ્રકૃષ્ટ છે એ બતાવવા માટે સાંયોગિક સુખ પ્રકૃષ્ટ નથી તે બતાવે છે, જેથી અર્થથી એ સિદ્ધ થાય કે અસાંયોગિક સુખ પ્રકૃષ્ટ છે.

સાંયોગિક સુખ પ્રકૃષ્ટ કેમ નથી એ બતાવવા માટે કહે છે – અપેક્ષા આનંદ નથી; કેમ કે ઔત્સુક્ય દુઃખરૂપ છે. આશય એ છે કે સંસારીજીવોને કોઇપણ પ્રકારના પદાર્થની ઇચ્છા થાય છે તે અપેક્ષા છે, અને તે ઇચ્છા પોતે આનંદ નથી, પરંતુ ઇચ્છિત એવા પદાર્થને મેળવવા માટે ઔત્સુક્યનો ભાવ છે, અને ઔત્સુક્યભાવ એ દુઃખ છે; કેમ કે જો ઔત્સુક્ય એ સુખ હોય તો તેનું શમન કરવા માટે ઇચ્છિત પદાર્થને મેળવવા માટેની આવશ્યકતા રહે નહિ. અને એથી ઔત્સુક્યથી વિહ્વળ થયેલો જીવ ઇચ્છિત પદાર્થને મેળવીને માત્ર ક્ષણિક સુખને અનુભવે છે, તેથી ઔત્સુક્ય એ સ્વયં સુખ નથી.

અહીં કોઇને પ્રશ્ન થાય કે ઔત્સુક્ય પોતે ભલે સુખ નથી, પણ જે પદાર્થને મેળવવાની ઇચ્છા છે તે પદાર્થની પ્રાપ્તિથી તે ઉત્સુકતા નિવર્તન પામશે, અને તેનાથી તો જીવને સુખની પ્રાપ્તિ થશે, તેના નિરાકરણ માટે કહે છે –

ઇચ્છિત પદાર્થને મેળવીને જે ક્ષણિક સુખ અનુભવે છે તેમાં પણ દુઃખની પ્રાપ્તિ છે; કેમ કે સંયોગ વિયોગનું કારણ છે.

આશય એ છે કે જીવને પદાર્થ મેળવવાની ઇચ્છા થાય ત્યારે પ્રયત્ન કરીને ઇચ્છિત પદાર્થ મેળવે છે ત્યારે ઇચ્છાનું દુઃખ નિવર્તન પામે છે, તો પણ પ્રાપ્ત થયેલા પદાર્થનું સુખ વિયોગનું કારણ છે; અને જ્યારે તે પદાર્થનો વિયોગ થશે

ત્યારે દુઃખ ઉત્પન્ન થશે. સંયોગના સુખની પ્રાપ્તિ પહેલાં પણ ઇચ્છારૂપ દુઃખ ઉત્પન્ન થાય છે, અને જ્યારે જીવ તે પદાર્થને પ્રાપ્ત કરવા યત્ન કરે છે ત્યારે પણ શ્રમરુપ દુઃખ પ્રાપ્ત થાય છે, અને પદાર્થને પ્રાપ્ત કરે છે ત્યારે ઇચ્છાનું દુઃખ દૂર થાય છે, અને ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિકૃત ક્ષણિક સુખ થાય છે, તો પણ જેનો સંયોગ પ્રાપ્ત થયો છે તેનો વિયોગ અવશ્ય થશે ત્યારે ફરી દુઃખ ઉત્પન્ન થશે. માટે સાંયોગિક સુખ અનેક પ્રકારનાં દુઃખોથી આક્રાન્ત છે, માટે સુખ નથી. આમ છતાં કોઇકને એવું લાગે કે ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિથી જીવને સુખની પ્રાપ્તિ તો થાય છે, તેથી કહે છે –

આ સંયોગની પ્રાપ્તિથી થતું સુખરૂપ ફળ અફળ છે; કેમ કે તે સાંયોગિક ફળ વિનિપાતપર છે=શાશ્વત રહી શકે તેવું નથી. જે સુખ શાશ્વત રહી શકે તેવું નથી તેવું સાંયોગિક સુખ પરમાર્થથી સુખ નથી.

આશય એ છે કે જે જીવ તત્ત્વને જુએ છે તે જાણે છે કે અસાંયોગિક સુખ એ જીવનો સ્વભાવ છે અને અસાંયોગિક સુખ આવ્યા પછી ક્યારેય જતું નથી; જ્યારે સાંયોગિક સુખ ઔત્સુક્યઆદિ દુઃખોથી યુક્ત પણ છે અને સાંયોગિક સુખ આવ્યા પછી અવશ્ય ચાલ્યું પણ જાય છે, માટે અસાંયોગિક સુખની આગળ આ સાંયોગિક સુખ તુચ્છ અને અસાર છે. તેથી વિચારકને તે અફળ છે તેમ જણાય છે.

અહીં પ્રશ્ન થાય કે લોકોને સાંયોગિક સુખ કેમ બહુમત છે ? તેથી કરીને કહે છે –

મોહને કારણે સામાન્ય જીવોને તે સાંયોગિક સુખ ગમે છે. જો તેમનામાં મોહ ન હોય તો તેઓ પણ અસાર એવા સાંયોગિક સુખને છોડીને અસાંયોગિક સુખની ઇચ્છા કરે. અહીં પ્રશ્ન થાય કે સામાન્ય જીવોને મોહને કારણે સાંયોગિક સુખ ઇષ્ટ છે, તેમાં કારણ શું ? તેથી કહે છે –

મોહને કારણે તેઓને વિપર્યય છે અને આથી અફળ એવા સાંયોગિક સુખમાં ફળની બુદ્ધિ છે.

આશય એ છે કે સંસારી જીવોને વિપર્યાસ વર્તે છે. તેથી અસાંયોગિક સુખ શું છે તેની લેશમાત્ર પણ તેઓને ખબર નથી અને આથી તેઓ તુચ્છ અને અસાર એવા સાંયોગિક સુખમાં સુખબુદ્ધિ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે સંસારી જીવોને વિપર્યયના કારણે સાંયોગિક સુખમાં સુખબુદ્ધિ થાય છે, તો પણ સંયોગની પ્રાપ્તિથી તો સુખનો અનુભવ કરે છે, તેથી કહે છે–

આ વિપર્યાસને કારણે અંત વગરના અનર્થોની પરંપરા છે.

આશય એ છે કે સાંયોગિક સુખમાં સુખબુદ્ધિ થવાને કારણે સંસારી જીવો આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે, અને તેનાથી ક્લિષ્ટકર્મ બાંધીને દુર્ગતિની પરંપરારૂપ અનર્થોની પ્રાપ્તિ કરે છે અને વિપર્યાસ હોવાને કારણે તે અનર્થોની પરંપરા અંત વગર સતત ચાલે છે. આનાથી એ પ્રાપ્ત થયું કે જીવનો મોહ એ પરમ ભાવશત્રુ છે; કેમ કે જીવને મોહ હોવાને કારણે સાંયોગિક સુખમાં સુખબુદ્ધિ થાય છે, અને તેના કારણે ક્લિષ્ટકર્મ બાંધીને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત કરે છે. માટે જીવને જે કાંઇ અનર્થો પ્રાપ્ત થયા તેનું મુખ્ય કારણ તેનામાં વર્તતો મોહ છે અને તે ભાવશત્રુ છે. અહીં ભાવશત્રુ કહેવાથી એ કહેવું છે કે સંસારમાં જે શત્રુ છે તે દ્રવ્યશત્રુ છે અને તે આ ભવમાં માત્ર જીવનું અનર્થ કરી શકે છે; જ્યારે મોહરૂપી શત્રુ તો જીવના ભાવોને કુત્સિત કરીને જીવને દુઃખની પરંપરાનું સર્જન કરે છે, માટે મોહ એ ભાવશત્રુ છે અને સર્વ શત્રુમાં પરમ શત્રુ છે. આથી જ ભગવાન તીર્થંકર વડે કહેવાયું છે અને તેનો ભાવ આ પ્રમાણે છે–

પ્રાણીનો અજ્ઞાનથી અન્ય શત્રુ વિદ્યમાન નથી અને આનાથી=અજ્ઞાનથી અસત્ ક્રિયા થાય છે=આરંભ-સમારંભરૂપ અસત્ ક્રિયા થાય છે અને તે અસત્ ક્રિયાને કારણે જીવને ચારે બાજુથી અનર્થોની પ્રાપ્તિ થાય છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સામાન્ય જીવોને મોહને કારણે સાંયોગિક સુખ ઇષ્ટ છે પરન્તુ પરમાર્થથી તે સુખ નથી તે સિદ્ધ કર્યું. હવે સિદ્ધના જીવને સંયોગ નથી તે બતાવતાં કહે છે–

સૂત્ર :

नागासेण जोगो एयस्स । से सरूवसंठिए । नागासमण्णत्थ, न सत्ता सदंतरमुवेइ । अचिंतमेयं केवलिगम्मं तत्तं । निच्छयमयमेयं । विजोगवं च जोगो त्ति न एस जोगो, भिण्णं लक्खणमेयस्स न एत्थावेक्खा, सहावो खु एसो अणंतसुहसहावकप्पो । उवमा एत्थ न विज्जइ । तब्भावेऽणुभवो परं तस्सेव । आणा एसा जिणाणं सव्वण्णूणं अवितहा एगंतओ । न वितहत्ते निमित्तं । न चानिमित्तं कज्जं ति निदंसणमेत्तं तु नवरं –

સૂત્રાર્થ :

આકાશની સાથે સિદ્ધના આત્માનો સંયોગ નથી, તે=સિદ્ધનો આત્મા સ્વરૂપમાં સંસ્થિત છે.

અહીં શંકા થાય કે જો આકાશમાં સિદ્ધનો આત્મા સંસ્થિત નથી પરંતુ પોતાના સ્વરૂપમાં સંસ્થિત છે તો આધાર વગર કઇ રીતે રહી શકે ? તેથી કહે છે –

આકાશ અન્ય આધારમાં નથી (પરંતુ પોતાના સ્વરૂપમાં સંસ્થિત છે.)

આકાશ અન્ય આધારમાં નથી તેમાં યુક્તિ બતાવે છે –

સત્તા સદન્તરને=અન્ય સત્તાને, પામતી નથી.

આ=સિદ્ધના આત્માનો આકાશની સાથે સંબંધ નથી પરંતુ પોતાના સ્વરૂપમાં સંસ્થિત છે એ, કેવલીગમ્ય અચિન્ત્ય તત્ત્વ છે. આ=આકાશની સાથે સિદ્ધના આત્માનો સંબંધ નથી એ, નિશ્ચયનયનો મત છે.

સિદ્ધના આત્માઓ પણ આકાશને છોડીને ક્યાં નિવાસ કરી શકે ? તેથી આકાશ સાથે યોગ નથી એમ કહેવાય ? તેના ખુલાસારૂપે કહે છે–

અને વિયોગવાળો યોગ છે, એથી કરીને આ યોગ=સિદ્ધના આત્માઓનો આકાશ સાથેનો યોગ, નથી. આનું=આકાશની સાથે સિદ્ધના યોગનું, ભિન્ન લક્ષણ છે. આમાં=આકાશ સાથેનાં યોગમાં, સિદ્ધના જીવોને અપેક્ષા નથી.

**અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માને અપેક્ષા નથી તો લોકાન્ત સુધી ગમન કેમ કરે છે ? તેથી કહે છે –**

**આ=લોકાન્ત સુધી ગમન સ્વભાવ એ, અનંત સુખના સ્વભાવ જેવો સ્વભાવ =સિદ્ધના જીવોનો સ્વભાવ છે. અહીંયાં=સિદ્ધના સુખમાં, ઉપમા વિદ્યમાન નથી, પરંતુ તેના ભાવમાં=સુખના સદ્ભાવમાં, તેનો જ=સિદ્ધના જીવનો જ, અનુભવ પ્રમાણ છે.**

**અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના જીવોને સુખ છે એ કેવી રીતે જણાય? એથી કહે છે –**

**સર્વજ્ઞ એવા જિનોની આ આજ્ઞા છે=આ વચન છે. (આથી જ) એકાંતે અવિતથ છે. (કેમ કે) વિતથમાં નિમિત્ત નથી અને અનિમિત્ત કાર્ય નથી. એથી કરીને કેવલ નિદર્શન માત્ર આ છે=આગળમાં કહેવાશે એ દૃષ્ટાન્ત માત્ર છે.**

**ટીકા :**

यदि संयोगो दुष्टः कथं सिद्धस्याकाशेन न स दुष्टः ? इत्याशङ्क्याह-**नाकाशेन सह योग एतस्य** सिद्धस्य । किम् ? इत्यत आह-**स स्वरूपसंस्थितः** सिद्धः । कथमाधारमन्तरेण स्थितिः ? इत्याशङ्क्याह-**नाकाशमन्यत्राधारे** । अत्रैव युक्ति-**न सत्ता सदन्तरमुपैति,** न चाऽन्यथाऽन्यदन्यत्र( न च अन्यद अन्यत्र ) । **अचिन्त्यमेतत्** प्रस्तुतं **केवलिगम्यं** तत्त्वम् । तथा **निश्चयमतमेतत्,** व्यवहारमतं त्वन्यथा, सत्यपि तस्मिन्निदं तत्संयोगशक्तिक्षयात् सूपपन्नमेव । अभ्युच्चयमाह-**वियोगवांश्च योग इति कृत्वा नैष योगः** सिद्धाकाशयोरिति भिन्नं **लक्षणमेतस्या**धिकृतयोगस्य । **न चात्रापेक्षा** सिद्धस्य । कथं लोकान्ताकाशगमनम् ? इत्याह-**स्वभाव एवैष** तस्य **अनन्तसुखस्वभावकल्पः** कर्मक्षयव्यङ्ग्यः । कीदृशमस्यानन्तं सुखम्? इत्याह-**उपमाऽत्र न विद्यते** सिद्धसुखे । यथोक्तम्-

स्वयं वेद्यं हि तद् ब्रह्म, कुमारी स्त्रीसुखं यथा ।
अयोगी न विजानाति, सम्यग् जात्यन्धवद् घटम् ॥ [ ]

अत एवाह-**तद्भावे** सिद्धसुखभावे **अनुभवः परं तस्यैव** । एतदपि कथं

ज्ञायते? इत्याह- **आज्ञा एषा जिनानां** वचनमित्यर्थः किंविशिष्टानाम्? इत्याह- **सर्वज्ञानाम्** । अत एव **अवितथा** एकान्ततः सत्येत्यर्थः । कुतः? इत्याह-न **वितथत्वे निमित्तं** रागाद्यभावात् । उक्तं च-

रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं नास्ति ॥ [ ]

**न चानिमित्तं कार्यमित्यपि तथा जिनाज्ञा । एवं स्वसंवेद्यं सिद्धसुखमि**-त्याप्तवादः ।

**निदर्शनमात्रं तु नवरं** सिद्धसुखस्येदं वक्ष्यमाणलक्षणम् ।

★ '**न चाऽन्यथाऽन्यदन्यत्र**' ના બદલે અહીં '**न च अन्यथा**' પછી '**न च अन्यद अन्यत्र**' એવો પાઠ હોવાની સંભાવના છે અને તે પ્રમાણે અર્થ કરેલ છે.

★ અહીં '**यथोक्तम्**' થી જે સાક્ષી આપી છે તે શ્લોક **योगबिन्दु** માં ૫૦૫ છે. ફક્ત તેનો પ્રથમપાદ '**स्वयंवेद्यं हि तद् ब्रह्म**' છે તેના સ્થાને '**अस्यावाच्योऽयमानन्दः**' છે અને તે શ્લોકને સામે રાખીને અહીં અર્થ કરેલ છે.

★ '**उक्तं च**' થી જે સાક્ષી આપી છે તેમાં '**वा**' એ '**च**'કારના અર્થમાં છે.

★ ઉદ્ધરણમાં '**मोहात्**' શબ્દ મોહનીય કર્મના ઉદયથી થતો મોહ બતાવતું નથી પરંતુ પદાર્થને યથાર્થ જાણવામાં જે મોહ થાય તેને બતાવે છે, અને આ મોહ સર્વજ્ઞ સિવાય સર્વ જીવોને થઇ શકે છે માટે મોહનો અર્થ કેવલજ્ઞાનનો અભાવ કરેલ છે.

**ટીકાર્થ :**

**જો સંયોગ જ દુષ્ટ છે તો સિદ્ધના આત્માનો આકાશની સાથે તે સંયોગ દુષ્ટ કેમ નથી ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**આ સિદ્ધના આત્માનો આકાશની સાથે યોગ નથી. સિદ્ધના આત્માનો આકાશની સાથે કેમ યોગ નથી ? એથી કરીને કહે છે –**

**તે=સિદ્ધનો આત્મા સ્વરૂપમાં સંસ્થિત છે.**

**સિદ્ધના આત્માની આધાર વગર કેવી રીતે સ્થિતિ થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

આકાશ અન્ય આધારમાં નથી. એમાં જ=આધાર વગર આકાશ રહેલ છે એમાં જ, યુક્તિ કહે છે –

સત્તા સદન્તરને=અન્ય સત્તાને, પ્રાપ્ત કરતી નથી અને અન્યથા નથી= સત્તા અન્યથા નથી. (તેમ=જેમ આકાશ અન્ય આધારમાં નથી તેમ) અન્ય= આકાશ સિવાયના અન્ય પદાર્થો, અન્યત્ર નથી=આકાશમાં નથી (પરંતુ સ્વરૂપમાં છે).

આ=પ્રસ્તુત=દરેક પદાર્થો સ્વરૂપમાં રહે છે એ પ્રસ્તુત, કેવલીગમ્ય અચિન્ત્ય તત્ત્વ છે=આકાશરૂપ આધાર વગરના સિદ્ધના આત્મા આદિ પદાર્થો આકાશમાં રહેતા નથી પરંતુ સ્વરૂપમાં રહે છે એ પ્રસ્તુત તત્ત્વ અચિન્ત્ય કેવલીગમ્ય છે, અને આ=દરેક પદાર્થો સ્વરૂપમાં રહે છે એ, નિશ્ચયનયનો મત છે.

વળી, વ્યવહારનયનો મત અન્યથા છે=સિદ્ધના આત્મા આદિ પદાર્થો આકાશમાં રહે છે, તે પ્રકારનો વ્યવહારનયનો મત છે.

અહીં પ્રશ્ન થાય કે જો વ્યવહારનયના મત પ્રમાણે જો સિદ્ધના આત્માઓ આકાશમાં રહે છે તેમ સ્વીકારીએ તો સિદ્ધના આત્માઓનો આકાશ સાથેનો સંબંધ દુષ્ટ માનવો પડશે. તેથી કહે છે –

તે હોતે છતે પણ=વ્યવહારનયથી સિદ્ધના આત્માઓ આકાશમાં હોતે છતે પણ, આ સૂપપન્ન જ છે=સિદ્ધના આત્માને આકાશ સાથે સંબંધ નથી એ ઘટે જ છે; કેમ કે તેમાં=સિદ્ધનાં આત્મામાં, સંયોગશક્તિનો ક્ષય છે.

સિદ્ધના આત્માને આકાશ સાથે વ્યવહારનયથી સંયોગ હોવા છતાં સંયોગશક્તિના ક્ષયના કારણે સંયોગ નથી જ, તેને દૃઢ કરવા માટે અભ્યુચ્ચયને કહે છે –

વિયોગવાળો યોગ છે એથી કરીને, સિદ્ધનો અને આકાશનો આ યોગ નથી =વિયોગવાળો આ યોગ નથી.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનય સિદ્ધના આત્માનો આકાશની સાથે કેવા પ્રકારના લક્ષણવાળો યોગ માને છે ? એથી કરીને કહે છે –

**આનું=અધિકૃતયોગનું, અર્થાત્ વ્યવહારનયને માન્ય સિદ્ધના આત્મા સાથે આકાશના યોગનું લક્ષણ ભિન્ન છે. અહીં પ્રશ્ન થાય કે આકાશ સાથે વિયોગવાળો યોગ સિદ્ધને કેમ નથી તેથી કહે છે– અને અહીં=આકાશ સાથેના યોગમાં, સિદ્ધને અપેક્ષા નથી.**

અહીં પ્રશ્ન થાય કે જો સિદ્ધનાં આત્માને આકાશ સાથેના યોગમાં અપેક્ષા નથી તો સર્વકર્મનો નાશ કર્યા પછી લોકના અંતમાં સિદ્ધના જીવોનું ગમન કેમ છે ? એથી કરીને કહે છે –

**અનંતસુખસ્વભાવ જેવો કર્મક્ષયથી વ્યંગ્ય=પ્રગટ થનારો, આ=લોકાન્ત સુધી ગમન, તેનો=સિદ્ધના જીવનો, સ્વભાવ જ છે.**

**પૂર્વમાં કહ્યું કે સિદ્ધના જીવનો અનંતસુખસ્વભાવ જેવો લોકાન્ત સુધી ગમનનો સ્વભાવ છે. તેથી શંકા થાય કે સિદ્ધનું અનંત સુખ કેવું છે ? એથી કહે છે –**

**અહીં=સિદ્ધના સુખમાં ઉપમા વિદ્યમાન નથી. તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે –**

**જે પ્રમાણે કુંવારી કન્યા સ્ત્રીના સુખને જાણતી નથી અને જાત્યન્ધ પુરુષ ઘટને જેમ સમ્યક્ જાણતો નથી, તેમ અયોગી=અકેવલી, સ્વયંવેદ્ય એવા તે બ્રહ્મને=તે સિદ્ધના સુખને, ખરેખર સમ્યક્ જાણતો નથી.**

**આથી જ=સિદ્ધના સુખમાં ઉપમા નથી આથી જ, કહે છે–**

**પરં=પરન્તુ, તેના ભાવમાં=સિદ્ધના સુખના સદ્‌ભાવમાં, તેનો જ=સિદ્ધના આત્માનો જ, અનુભવ પ્રમાણ છે. આ પણ=સિદ્ધના આત્માનો અનુભવ છે એ પણ, કેવી રીતે જણાય ? એથી કરીને કહે છે –**

**જિનોની આ આજ્ઞા છે=વચન છે.**

**કેવા વિશેષણથી વિશિષ્ટ એવા જિનની આજ્ઞા છે? એથી કરીને કહે છે–**

**સર્વજ્ઞ એવા જિનની આ આજ્ઞા છે.**

**આથી જ=સર્વજ્ઞ એવા જિનની આ આજ્ઞા છે આથી જ, એકાંતથી અવિતથ છે=સત્ય છે.**

**કેમ એકાંતથી અવિતથ છે ? એથી કરીને કહે છે –**

**અસત્ય બોલવામાં નિમિત્ત નથી; કેમ કે રાગાદિનો અભાવ છે. રાગાદિના અભાવમાં મૃષાવચનનું નિમિત્ત નથી તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે–**

**રાગથી, દ્વેષથી અને મોહથી=કેવળજ્ઞાનનાં અભાવરૂપ અજ્ઞાનથી, મૃષાવાક્ય કહેવાય છે. જેને આ દોષો નથી=રાગ, દ્વેષ અને અજ્ઞાન નથી, તેને મૃષા બોલવાનું કારણ નથી;**

**અને *અનિમિત્ત કાર્ય* છે એ પ્રમાણે પણ નથી, તે પ્રકારની જિનની આજ્ઞા છે=નિમિત્તથી જ કાર્ય થાય છે તે પ્રકારની જિનની આજ્ઞા છે.**

**આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધના સુખના ભાવમાં સિદ્ધનો અનુભવ જ પ્રમાણ છે એ રીતે, સ્વસંવેદ્ય સિદ્ધનું સુખ છે એ પ્રકારનો આપ્તવાદ છે= સર્વજ્ઞ એવા જિનનો વાદ છે.**

**સિદ્ધના સુખમાં ઉપમા નથી તો આગળમાં સ્વયં ગ્રંથકાર સિદ્ધનું સુખ દૃષ્ટાન્ત દ્વારા કેમ બતાવે છે ? અને શાસ્ત્રમાં પણ સિદ્ધના સુખને ઉપમાથી બતાવેલ છે તે કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે–**

**સિદ્ધના સુખનું આ=આગળમાં કહેવાતા લક્ષણવાળું, ફક્ત દૃષ્ટાન્ત માત્ર છે=વ્યાપ્તિ ગ્રાહક દૃષ્ટાન્ત નથી, માત્ર સાધ્યની સદૃશતાને બતાવનારું દૃષ્ટાન્ત છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંયોગ વિયોગનું કારણ છે, અપેક્ષાના દુઃખથી આક્રાન્ત છે અને અસદ્પ્રવૃત્તિ દ્વારા અનર્થની પરંપરાનું કારણ છે. તેથી એ ફલિત થયું કે સંયોગ સર્વ અનર્થનું બીજ છે.

અહીં શંકા થાય કે "સર્વકર્મથી રહિત એવા સિદ્ધના આત્માને પણ આકાશની સાથે સંબંધ છે", તે દુષ્ટ કેમ નહિ ? આ પ્રકારની આશંકા સિદ્ધના આત્માનો આકાશ સાથે સંબંધ સ્વીકારીને વ્યવહારનયથી કરેલ છે, અને તેનું નિરાકરણ કરતાં કહે છે કે "સિદ્ધના આત્માનો આકાશ સાથે સંબંધ નથી," આ કથન નિશ્ચયનયને સામે રાખીને કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્મા પણ લોકમાં જ રહે છે, તેથી આકાશ સાથે સંબંધ કેમ નથી અર્થાત્ આકાશ સાથે સંબંધ છે. તેથી કહે છે–

સિદ્ધના આત્મા તેના સ્વરૂપમાં રહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્મા કર્મરહિત હોવાથી પોતાના સ્વરૂપમાં રહેલા હોવા છતાં આકાશના આધાર વિના કેમ રહી શકે ? કેમ કે કોઈપણ વસ્તુને રહેવા માટે આધાર જોઈએ તેના નિરાકરણ માટે કહે છે –

આકાશ અન્ય આધારમાં નથી. જેમ આકાશને રહેવા માટે અન્ય આધારની જરૂર નથી અને આકાશ પોતાના સ્વરૂપમાં રહે છે, તેમ સિદ્ધનો આત્મા પણ પોતાના સ્વરૂપમાં રહે છે. તેથી સિદ્ધના આત્માને આધારની જરૂર નથી.

આ રીતે આકાશના દૃષ્ટાન્તથી સિદ્ધના આત્મા પોતાના સ્વરૂપમાં રહેલા છે, આકાશમાં રહેલા નથી, તે બતાવ્યું. તેમાં યુક્તિ બતાવે છે –

સત્તા સદન્તરને=અન્ય સત્તાને પામતી નથી અને અન્યથા નથી=સત્તા અન્યથા નથી. આનાથી એ ફલિત થાય કે જેમ પદાર્થમાં રહેલી સત્તામાં બીજી સત્તા નથી, છતાં સત્તા પોતાનું અસ્તિત્વ ધરાવે છે અર્થાત્ અન્ય પદાર્થોમાં સત્તા છે માટે અન્ય પદાર્થ અસ્તિત્વ ધરાવે છે. જ્યારે સત્તામાં બીજી સત્તા નથી તો પણ સત્તા પોતાનું અસ્તિત્વ ધરાવે છે પરંતુ અન્યથા નથી અર્થાત્ અસત્ નથી. તેમ આકાશ પણ અન્ય આધાર વગર રહે છે.

આટલું કથન કર્યા પછી ગ્રંથકાર બતાવે છે કે, જેમ આકાશ અન્યત્ર નથી અર્થાત્ બીજા આધારમાં નથી, પરન્તુ પોતાનામાં રહે છે તેમ અન્ય પદાર્થો પણ =જીવપુદ્ગલઆદિ અન્ય પદાર્થો પણ અન્યત્ર નથી=આકાશમાં નથી, પરંતુ પોતાના સ્વરૂપમાં રહે છે.

અહીં પ્રશ્ન થાય કે જીવ-પુદ્ગલઆદિ લોકાકાશમાં વર્તે છે તે પ્રકારનો પ્રસિદ્ધ વ્યવહાર છે, છતાં બધા પદાર્થો આકાશમાં નથી પણ પોતાના સ્વરૂપમાં છે, તે નક્કી કેવી રીતે થાય ? તેથી કહે છે –

આ=પ્રસ્તુત અચિંત્ય કેવલીગમ્ય તત્ત્વ છે=બધા પદાર્થો પોતાના સ્વરૂપમાં રહે તે છદ્મસ્થ માટે અચિંત્ય છે પરંતુ કેવલીગમ્ય છે. આશય એ છે કે કયા પદાર્થો ક્યાં રહે છે તેનો નિર્ણય છદ્મસ્થ કરી શકતા નથી. માત્ર સ્થૂલ ચક્ષુથી જોઈને વ્યવહારનય કહે છે કે 'ઘટ' ભૂતલમાં રહે છે અથવા 'હું' ભૂતલમાં રહું છું અથવા 'હું' લોકમાં રહું છું. વસ્તુતઃ પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ કેવલી જુએ

છે અને કેવલી જુએ છે કે સર્વ પદાર્થો પોતાના સ્વરૂપમાં રહે છે અને સર્વ પદાર્થો જ્યાં રહેલા છે ત્યાં વર્તતા આકાશ આદિ દ્રવ્યો હોવા છતાં તેઓનો પરસ્પર કોઈ સંબંધ નથી. પદાર્થનું આવું સ્વરૂપ છદ્મસ્થ માટે અચિંત્ય છે. કેવલી કેવલજ્ઞાનથી આ સ્વરૂપ સાક્ષાત્ જુએ છે અને આ નિશ્ચયનયનો મત છે.

અહીં વિશેષ એ છે કે વ્યવહારનયથી આત્મા લોકાકાશમાં રહેલો છે તે પ્રમાણે સિદ્ધના આત્માઓ પણ લોકાકાશમાં રહેલા છે અર્થાત્ સિદ્ધના આત્માને આકાશ સાથે સંયોગ છે અને નિશ્ચયનયથી દરેક પદાર્થો પોતાના સ્વરૂપમાં રહેલા છે પણ આકાશમાં રહેલા નથી અર્થાત્ સિદ્ધના આત્માને આકાશ સાથે સંયોગ નથી. અને તે રીતે નિશ્ચયનયનાં મતે વિચારીએ તો સંસારીજીવને પણ કર્મ સાથે સંબંધ નથી. તેથી પૂર્વમાં 'સંયોગ દુષ્ટ છે' તેમ સ્થાપન કર્યું. તે નિશ્ચયનયથી સંગત થાય નહિ. આમ છતાં વ્યવહારનયથી તે સ્થાનમાં કર્મની સાથે આત્માનો સંયોગ દુષ્ટ છે એમ કહ્યું અને જ્યારે સિદ્ધના આત્મા સાથે આકાશના સંયોગની વાત આવી ત્યારે સંયોગ દુષ્ટ નથી એમ નિશ્ચયનયને સામે રાખીને વાત કરી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જો નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારવાનું હોય તો નિશ્ચયનયને સામે રાખીને સંસારી જીવને કર્મનો સંયોગ નથી તેમ સ્વીકારવું જોઈએ અને જો તે સ્થાનમાં વ્યવહારનયની દૃષ્ટિને સામે રાખીને આત્માની સાથે કર્મનો સંયોગ સ્વીકારીને સંયોગને દુષ્ટ સ્થાપન કર્યું તો પછી આકાશ સાથેના સંયોગના સ્થાનમાં પણ વ્યવહારનયથી સંયોગ દુષ્ટ છે તેમ કેમ ન સ્વીકાર્યું ?

આનું સમાધાન એ છે કે જે સ્થાનમાં જે નય તત્વને બતાવવામાં ઉપકારક હોય તે સ્થાનમાં તે નયને ગ્રહણ કરવું ઉચિત ગણાય, અન્ય નય નહિ. તેથી જીવ કર્મ સાથે સંયોગવાળો છે અને તે સંયોગ દુષ્ટ બતાવીને સિદ્ધનું અસાંયોગિક સુખ શ્રેષ્ઠ છે તે બતાવવું હોય ત્યારે વ્યવહારનયથી કર્મનો સંયોગ જીવની સાથે છે તેમ સ્વીકારીને બતાવી શકાય અને એ સ્થાનમાં નિશ્ચયનયનું યોજન કરવું દોષરૂપ છે અને જ્યારે કર્મરહિત શુદ્ધ આત્માના સ્વરૂપને જાણવા માટે અને શુદ્ધ આત્માના સ્વરૂપનું ધ્યાન કરવા માટે શુદ્ધ આત્માના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક હોય ત્યારે નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને સંસારી જીવોમાં પણ કર્મનો સંયોગ નથી તેવો બોધ કરાવવો આવશ્યક છે તેથી પોતાના શુદ્ધ સ્વરૂપનો બોધ કરાવવા અર્થે શુદ્ધ નિશ્ચયનયથી આપણે પણ કર્મરહિત છીએ તેમ બતાવાય છે. તેમ પ્રસ્તુતમાં આત્મા સાથેનો કર્મનો વ્યવહારનયને માન્ય સંયોગ દુષ્ટ બતાવ્યા

પછી આકાશ સાથે સિદ્ધના આત્માનો સંયોગ કર્મના સંયોગ જેવો દુષ્ટ નથી તે બતાવવા અર્થે નિશ્ચયનયની દૃષ્ટિ ગ્રહણ કરીને પ્રથમ એ બતાવવું આવશ્યક છે કે પરમાર્થથી સિદ્ધના આત્માને આકાશ સાથે સંયોગ નથી, જેથી સિદ્ધના જીવોને અસાંયોગીક સુખ છે તે સિદ્ધ થાય.

વળી, વ્યવહારનયથી સિદ્ધના આત્મા સાથે આકાશનો સંયોગ છે તે પણ કર્મના સંયોગ જેવો દુષ્ટ નથી તે બતાવવા માટે કહે છે–

વ્યવહારનયનો મત વળી અન્યથા છે, આશય એ છે કે વ્યવહારનય આકાશ સિવાયના સર્વ પદાર્થોનો આકાશ સાથે સંયોગ છે તેમ માને છે, પરંતુ સર્વ પદાર્થો તેના સ્વરૂપમાં રહે છે તેમ માનતો નથી. અને તે પ્રમાણે સ્વીકારીએ તો સિદ્ધના આત્માનો આકાશ સાથે સંબંધ છે તે પ્રાપ્ત થાય, અને સંયોગને દુષ્ટ કહીએ (કારણ કે સંયોગ વિયોગનું કારણ છે) તો સિદ્ધના આત્માનો આકાશ સાથેનો સંયોગ દુષ્ટ છે એમ માનવું પડે. તેથી કહે છે–

વ્યવહારનયના મતે સિદ્ધના આત્માઓ આકાશમાં રહેલા હોવા છતાં પણ આ=સિદ્ધના આત્માનો આકાશ સાથે સંયોગ નથી એ ઘટે છે; કેમ કે સિદ્ધના આત્મામાં સંયોગની શક્તિનો ક્ષય થયેલો છે. આશય એ છે કે સંયોગની શક્તિથી થતો સંયોગ દુષ્ટ છે, અને સંસારી જીવોમાં સંયોગની શક્તિથી થતો સંયોગ છે અને તેના કારણે કર્મ, શરીરઆદિનો પણ સંયોગ છે, જે વિડંબનાનું કારણ છે, માટે દુષ્ટ છે. જ્યારે સિદ્ધના આત્માઓમાં તેવી સંયોગશક્તિ રહેલી નથી, પરંતુ સિદ્ધના આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત છે, માટે પરમાર્થથી સિદ્ધના આત્માને આકાશ સાથે સંયોગ નથી એ ઘટે છે. અને તેને દૃઢ કરવા માટે અભ્યુચ્ચયને (સમુચ્ચયને) કહે છે–

વિયોગવાળો સંયોગ છે, એથી કરીને સિદ્ધના આત્માનો અને આકાશનો આ સંયોગ નથી; એથી કરીને અધિકૃતસંયોગનું લક્ષણ=વ્યવહારનયને માન્ય એવા સિદ્ધના આત્મા અને આકાશના સંયોગનું લક્ષણ, જુદું છે.

આશય એ છે કે પૂર્વમાં ગ્રંથકારે સંયોગને દુષ્ટ સ્થાપેલો તે સંયોગ વિયોગવાળો છે. સિદ્ધના આત્માઓને સિદ્ધશિલા ઉપર વર્તતા આકાશ સાથેના સંયોગનો ક્યારેય પણ વિયોગ થવાનો નથી. તેથી સિદ્ધના આત્માઓનો જે

આકાશ સાથે સંયોગ છે તેનું લક્ષણ જુદું છે, અને તે સંયોગને અમે દુષ્ટ કહેતા નથી. પરંતુ વિયોગવાળો સંયોગ છે તેને અમે દુષ્ટ કહીએ છીએ.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માનો આકાશ સાથેનો સંયોગ હોવા છતાં ભલે તે વિયોગવાળો ન હોય તો પણ દુષ્ટ કેમ નથી ? તેથી કહે છે –

અહીં સિદ્ધના જીવોને અપેક્ષા નથી. આકાશ સાથેના સંયોગમાં સિદ્ધના આત્માઓને અપેક્ષા નથી, જ્યારે સંસારી જીવોને ઇષ્ટ પદાર્થોના સંયોગમાં અપેક્ષા છે, અને તેથી પ્રયત્ન કરીને સંયોગ પ્રાપ્ત કરે છે; જે વિયોગ ફળવાળો છે અને અસત્ પ્રવૃત્તિ દ્વારા અનર્થફળવાળો છે માટે દુષ્ટ છે.

સિદ્ધના જીવોને અપેક્ષા નથી. અને તેથી સિદ્ધો સર્વથા નિરપેક્ષ પરિણામવાળા છે એમ કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે, જીવ યોગનિરોધ દ્વારા કર્મનો ક્ષય અઢીદ્વીપમાં કરે છે, અને લોકાન્ત અઢીદ્વીપ ઉપર છે, અને જો સિદ્ધના જીવોને અપેક્ષા ન હોય તો તેઓનું લોકાન્તગમન કેમ થયું ? એથી કરીને કહે છે –

કર્મક્ષયથી વ્યઙ્ગ્ય અનંતસુખના સ્વભાવ જેવો, સિદ્ધના આત્માનો લોકના અંત સુધી જવાનો સ્વભાવ છે. આશય એ છે કે સિદ્ધના જીવોને મારે સિદ્ધશિલા ઉપર જવું છે તેવો કોઈ અધ્યવસાય નથી, પરંતુ સિદ્ધના આત્માનો સ્વભાવ એવો છે કે જો કર્મરહિત થાય તો ઊર્ધ્વગમન થાય, અને લોકને અંતે ધર્માસ્તિકાયનો અંત આવે છે તેથી લોકાન્તથી ઊર્ધ્વ તેઓનું ગમન થતું નથી. જેમ સિદ્ધના આત્માને અનંત સુખ મેળવવાનો પણ અભિલાષ નથી છતાં સર્વ કર્મક્ષય થવાથી તેઓને સ્વભાવથી અનંત સુખનું વેદન થાય છે, તેવી રીતે સિદ્ધશિલા પ્રત્યે જવાનો અભિલાષ નહિ હોવા છતાં લોકાન્ત સુધી તેઓનું ગમન થાય છે.

પૂર્વમાં કહેલું કે સિદ્ધના જીવોને અસાંયોગિક આનંદ છે અને તે પ્રકૃષ્ટ આનંદ છે, અને તેને પ્રકૃષ્ટ બતાવવા માટે બતાવ્યું કે સાંયોગિક આનંદ તેવો પ્રકૃષ્ટ નથી, પરંતુ અનર્થની પરંપરાવાળો છે. ત્યાં આનુષંગિક શંકા થઈ કે સિદ્ધના આત્માનો પણ આકાશની સાથે સંયોગ છે તે પણ કર્મનાં સંયોગ જેવો દુષ્ટ છે. માટે તે પણ અનર્થરૂપે થશે. તેનું સમાધાન કરીને હવે સિદ્ધના આત્માનું અનંત સુખ કેવું છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં મૂળસૂત્રમાં કહે છે–

સિદ્ધના સુખમાં ઉપમા વિદ્યમાન નથી. આશય એ છે કે જે જીવને જે વસ્તુનો અનુભવ હોય તે અનુભવવાળી વસ્તુની ઉપમાથી તેને જેનો બોધ ન હોય તેનો બોધ કરાવી શકાય. પરંતુ સંસારમાં જે કાંઇ પણ સુખનો અનુભવ છે તેમાંથી પ્રકર્ષવાળા સુખને પણ ગ્રહણ કરવામાં આવે, તો તેનાથી પણ, સિદ્ધના સુખની તુલના થઇ શકે નહિ. માટે સિદ્ધનું સુખ સિદ્ધના આત્મા કેવું અનુભવે છે તે ઉપમા દ્વારા બતાવી શકાય તેવું નથી.

સિદ્ધના આત્મા કેવું સુખ અનુભવે છે તે ઉપમા દ્વારા બતાવી શકાય તેવું નથી, તેમાં સાક્ષીપાઠ આપે છે. જેમ કુંવારી કન્યા સ્ત્રીના સુખનો અનુભવ કરી શકતી નથી તેમ અયોગી જીવ સિદ્ધના સુખને જાણતો નથી. વળી, જેમ જાત્યન્ધ પુરુષ ઘટને સમ્યગ્ જાણતો નથી તેમ અયોગી=અકેવળી સિદ્ધના સુખને સમ્યગ્ જાણતો નથી, પરંતુ સિદ્ધનું સુખ સ્વસંવેદ્ય છે. અને તેનો ભાવ આ પ્રમાણે છે–

જેમ કુંવારી કન્યા ભોગના સુખની કલ્પના પણ કરી શકતી નથી, તેમ સંસારમાં ભોગરસિક જીવો ભોગસામગ્રીથી થતા સુખની કલ્પના કરી શકે છે, પણ સિદ્ધના સુખની કલ્પનામાત્ર પણ કરી શકતા નથી, અને જેઓ યોગી= કેવલી છે તેઓ સિદ્ધના સુખને વાસ્તવિક રીતે સમજી શકે છે, કેવલી સિવાય અન્ય જીવો સિદ્ધના સુખને સમજી શકતા નથી. આમ છતાં કેવલીનાં વચન પ્રત્યેની શ્રદ્ધાના કારણે કેવલીનાં વચનથી કે શાસ્ત્રવચનથી કાંઇક કલ્પના કરી શકે છે, તો પણ સિદ્ધના સુખને બતાવવા માટે કોઇ ઉપમા વિદ્યમાન નથી, તેથી કેવલી ઉપમા દ્વારા તેને બતાવી શકતા નથી. જયારે ભોગરસિક જીવોને તો મોક્ષાર્થને કહેનારા શાસ્ત્રવચનમાં રસ પેદા થતો નથી, પરંતુ એમ જણાય છે કે મોક્ષમાં જયાં કોઇ ભોગસામગ્રી ન હોય ત્યાં સુખ કઇ રીતે સંભવી શકે ? માટે મોક્ષના સુખને કહેનારાં શાસ્ત્રવચનો એ માત્ર વચનનો વિલાસ છે, એમ તેઓને ભાસે છે.

વળી, જે જીવ જન્મથી અંધ છે તે જીવને ઘટનું સમ્યક્ જ્ઞાન થઇ શકતું નથી, જોકે તે જીવ હસ્તસ્પર્શથી કંઇક ઘટનું જ્ઞાન કરી શકે છે, પરંતુ ચક્ષુથી જેણે ઘટ જોયો છે તેને જેવું ઘટનું જ્ઞાન થાય છે તેવું ઘટનું સમ્યક્ જ્ઞાન જાત્યન્ધને થઇ શકતું નથી. તેમ જીવ અનાદિથી અસર્વજ્ઞ છે તેથી તે જાત્યન્ધ જેવો છે, અને તેને અહીં અયોગીથી ગ્રહણ કરેલ છે, અને જેમ જાત્યન્ધ જીવ ઘટને સમ્યક્

જાણતો નથી તેમ અયોગી પણ સિદ્ધના સુખને સમ્યક્ જાણી શકતો નથી. આમ છતાં જાત્યન્ધ જીવ પણ હસ્તસ્પર્શ દ્વારા કંઈક ઘટનું જ્ઞાન કરી શકે છે, તેમ અયોગી કેવલીના વચનથી કંઈક મોક્ષના સુખને સમજી શકે છે, અને જેઓ અત્યંત ભોગસુખના રસવાળા છે તેવા જીવો તો મોક્ષમાં ભોગસામગ્રી નથી તેથી ત્યાં સુખ કઇ રીતે સંભવી શકે ? અર્થાત્ ન સંભવી શકે, તેમ માને છે, માટે કેવલીનું વચન પણ તેમને મોક્ષમાં સુખ છે તેવી પ્રતીતિ કરાવી શકતું નથી. પરંતુ સંસારનો રાગ કંઈક ઘટ્યો છે તેવો છદ્મસ્થ જીવ કાંઈક ધર્મને અભિમુખ થાય છે, અને યોગીના વચનથી સિદ્ધના સુખને કંઈક જાણે છે, તો પણ યોગી =કેવલી જે રીતે સિદ્ધના સુખને જાણે છે તે રીતે છદ્મસ્થ સમ્યક્ જાણતો નથી.

સિદ્ધનું સુખ સિદ્ધના આત્માઓને સ્વસંવેદ્ય છે તેથી સિદ્ધના આત્માનો અનુભવ સિદ્ધના સુખને સ્વીકારવા પ્રમાણભૂત છે. સિદ્ધના આત્માઓને તેવો અનુભવ છે તેમ આપણે કઇ રીતે નક્કી કરી શકીએ ? એથી કહે છે –

સર્વજ્ઞ એવા જિનનું આ વચન છે કે, સિદ્ધના સુખમાં ઉપમા વિદ્યમાન નથી અર્થાત્ સંસારમાં ઉત્કટમાં ઉત્કટ સુખને ગ્રહણ કરીએ તો પણ તેની ઉપમાથી સિદ્ધના સુખને બતાવી શકાય નહિ. આનાથી નક્કી થાય કે જગતમાં ઉત્કર્ષવાળું પૂર્ણ સુખ સિદ્ધના આત્માને છે. સર્વજ્ઞ એવા જિનનું આ વચન છે, એથી કરીને એકાંત સત્ય વચન છે; કેમ કે જીવ રાગથી, દ્વેષથી અને અજ્ઞાનથી વિપરીત કથન કરે છે, અને જેઓને રાગ, દ્વેષ અને અજ્ઞાન નથી તેઓ સર્વજ્ઞ હોવાથી અવિતથ સિદ્ધના સુખને જોઇ શકે છે માટે તેમનું વચન એકાંતે સત્ય છે; કેમ કે વિપરીત કથનનું નિમિત્ત રાગાદિભાવો છે

જે વ્યક્તિમાં રાગાદિ ત્રણેય ભાવો નથી તેમનું વચન ક્યારેય પણ મિથ્યા હોય નહિ. તેમાં સાક્ષી આપે છે–

રાગથી, દ્વેષથી કે મોહથી મૃષા વચન બોલાય છે અને જેને રાગ, દ્વેષ અને અજ્ઞાન નથી તેને મૃષા બોલવાનું કારણ નથી. અહીં મોહનો અર્થ મોહનીયકર્મનો ઉદય ગ્રહણ કરવાનો નથી પરંતુ કેવલજ્ઞાનનો અભાવ ગ્રહણ કરવાનો છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વજ્ઞ એવા જિનમાં રાગ, દ્વેષ અને અજ્ઞાન નહિ હોવા છતાં નિમિત્ત વગર મૃષાવચન થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિવારણ માટે કહે છે –

અનિમિત્ત કાર્ય નથી. એથી કરીને પણ સર્વજ્ઞ એવા જિનનું વચન એકાંતે સત્ય છે. આશય એ છે કે જીવની પ્રકૃતિ મૃષાભાષા બોલવાની નથી, આમ છતાં જીવમાં કર્મના કારણે રાગની, દ્વેષની કે મોહની પરિણતિ હોય તો તે નિમિત્તને પામીને જીવ મૃષાભાષા બોલે છે. તે અપેક્ષાએ અનિમિત્ત કાર્ય નથી તેમ કહેલ છે. અને ટીકામાં '**तथा जिनाज्ञा**' તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે જેમ સંસારી જીવોનું પરભવમાં ગમન કર્મના નિમિત્તથી થાય છે, તેથી જે પ્રકારનું કર્મ હોય તે પ્રકારના ભવમાં તેનું ગમન થાય છે; તેમ મૃષાભાષણ પણ રાગ, દ્વેષ અને અજ્ઞાન નિમિત્તથી થાય છે, પણ જીવના સ્વભાવથી મૃષાભાષણ થતું નથી, તે પ્રકારે જિનની આજ્ઞા છે=જિનનું વચન છે.

વળી, સિદ્ધના સુખની જેમ કોઇ ઉપમા આપી શકાય તેમ નથી તેમ સિદ્ધના સુખને બતાવવાનો બીજો કોઇ ઉપાય પણ નથી, પરંતુ સિદ્ધનું સુખ સ્વસંવેદ્ય છે. તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે સિદ્ધનું સુખ સિદ્ધના આત્માઓને સ્વસંવેદ્ય હોય છે, એ પ્રમાણે આપ્તનો વાદ છે અર્થાત્ આપ્ત એવા સર્વજ્ઞનું કથન છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના સુખને બતાવવાનો ઉપાય ન હોય તો આગળમાં દૃષ્ટાન્તથી સિદ્ધનું સુખ કેમ બતાવ્યું છે તેથી કહે છે –

ફક્ત આગળમાં કહેવાશે તે દૃષ્ટાન્તમાત્ર છે અર્થાત્ તે દૃષ્ટાન્તના બળથી સિદ્ધનું સુખ કેવું હોય છે તેની છદ્મસ્થ જીવો કંઇક કલ્પના કરી શકે છે. વસ્તુતઃ સિદ્ધનું સુખ સિદ્ધના આત્માઓને સ્વસંવેદ્ય હોય છે, અને કેવલી કેવલજ્ઞાનથી તેને જુએ છે અને કેવલીના વચનથી છદ્મસ્થ જાણી શકે છે કે ઉપમાતીત એવું સિદ્ધનું સુખ છે.

**સૂત્ર :**

**सव्वसत्तुक्खए सव्ववाहिविगमे सव्वत्थसंजोगेणं सव्विच्छासंपत्तीए जारिसमेयं एत्तोऽणंतगुणं खु तं, भावसत्तुक्खयादितो । रागादयो भावसत्तू, कम्मोदया वाहिणो, परमलद्धीओ उ अत्था, अणिच्छेच्छा इच्छा । एवं सुहुममेयं, न तत्तओ इयरेण गम्मइ, जइसुहमिवाजइणा, आरुग्गसुहं व रोगिण त्ति विभासा । अचिंतमेयं सरूवेणं ।**

સૂત્રાર્થ :

સર્વશત્રુનો ક્ષય થયે છતે, સર્વવ્યાધિનો નાશ થયે છતે, સર્વ અર્થના સંયોગથી, સર્વ ઇચ્છાની સંપ્રાપ્તિથી જેવા પ્રકારનું આ=સુખ, થાય છે. (તેવા પ્રકારનું સિદ્ધનું સુખ છે.) આથી કરીને તે=સિદ્ધનું સુખ, અનંતગણું જ છે; કેમ કે ભાવશત્રુનો ક્ષયાદિ થયેલ છે.

તે ભાવશત્રુ આદિ શું છે તે બતાવે છે –

રાગાદિ ભાવશત્રુ છે, કર્મનો ઉદય વ્યાધિ છે, પરમલબ્ધિઓ અર્થો છે, અનિચ્છાની ઇચ્છા એ ઇચ્છા છે. આ રીતે=સિદ્ધના સુખમાં ઉપમા વિદ્યમાન નથી અને આ ફક્ત દૃષ્ટાન્તમાત્ર છે એ રીતે, આ=સિદ્ધનું સુખ, સૂક્ષ્મ છે, તત્ત્વથી=પરમાર્થથી, બીજા વડે જણાતું નથી. જેમ અયતિ દ્વારા યતિનું સુખ અને રોગી દ્વારા આરોગ્યનું સુખ જણાતું નથી એ પ્રમાણે=સિદ્ધનું સુખ સૂક્ષ્મ છે અને પરમાર્થથી અન્ય વડે જણાતું નથી એ પ્રમાણે, વિભાસા કરવી=વિકલ્પ કરવો. આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, સિદ્ધનું સુખ સ્વરૂપથી અચિંત્ય છે.

ટીકા :

सव्वसत्तुक्खयेत्यादि । सर्वशत्रुक्षये सति, तथा सर्वव्याधिविगमे, एवं सर्वार्थसंयोगेन सता, तथा सर्वेच्छासंप्राप्त्या यादृशमेतत् सुखं भवति अतोऽनन्तगुणमेव सिद्धसुखम् । कुतः इत्याह-भावशत्रुक्षयादितः । आदिशब्दाद् भावव्याधिविगमादयो गृह्यन्ते । तथा चाह-रागादयो भावशत्रवः राग-द्वेष-मोहाः, जीवापकारित्वात् । कर्मोदया व्याधयः, तथा जीवपीडनात् । परमलब्धयस्त्वर्थाः, परार्थहेतुत्वेन । अनिच्छेच्छा इच्छा, सर्वथा तन्निवृत्त्या । एवं सूक्ष्ममेतत् सुखम्, न तत्त्वतः परमार्थेन इतरेण गम्यते । असिद्धेन निदर्शनमाह-यतिसुखमिवायतिना, विशिष्टक्षायोपशमिकभाववेद्यत्वादस्य, एवमारोग्यसुखमिव रोगिणेति । उक्तं च-

रागाईणमभावे, जं होइ सुहं तयं जिणो मुणइ ।
ण हि सण्णिवायगहिओ, जाणइ तदभावजं सोक्खं ॥ [ ]

इति विभाषा कर्त्तव्या । सर्वथाऽचिन्त्यमेतत् स्वरूपेण सिद्धसुखं न( नः ) तत्त्वतो मतेरविषयत्वात् ।

**ટીકાર્થ :**

'सव्वसत्तुक्खयेत्यादि ।' એ પ્રતીક છે.

સર્વશત્રુનો ક્ષય થયે છતે અને સર્વવ્યાધિનું વિગમન થયે છતે, એ રીતે= જેમ સર્વશત્રુનો ક્ષય અને સર્વ વ્યાધિનું વિગમન થયું એ રીતે, સર્વઅર્થનો સંયોગ થવાથી અને સર્વ ઈચ્છાની સંપ્રાપ્તિથી જેવા પ્રકારનું આ=સુખ, થાય છે (તેવા પ્રકારનું સિદ્ધનું સુખ છે). આથી કરીને=સર્વ શત્રુનો ક્ષય થયે છતે અને સર્વવ્યાધિનું વિગમન થયે છતે અને સર્વ અર્થનો સંયોગ થવાથી અને સર્વ ઈચ્છાની સંપ્રાપ્તિથી જેવા પ્રકારનું આ સુખ થાય છે તેવા પ્રકારનું સિદ્ધનું સુખ છે એથી કરીને, સિદ્ધનું સુખ અનંતગણું જ છે.

સિદ્ધનું સુખ કેમ અનંતગણું છે ? એથી કરીને કહે છે–

ભાવશત્રુક્ષયાદિના કારણે અનંતગણું છે. ભાવશત્રુક્ષયાદિમાં 'આદિ' શબ્દથી ભાવવ્યાધિનાશ આદિનું ગ્રહણ કરવાનું છે.

અને તે રીતે=જે રીતે ભાવશત્રુઆદિ છે તે રીતે, કહે છે–

રાગાદિ=રાગ, દ્વેષ અને મોહ ભાવશત્રુઓ છે; કેમ કે જીવને અપકારી છે; કર્મના ઉદયો વ્યાધિ છે; કેમ કે તે પ્રકારે=જે પ્રકારે જીવનું કર્મ છે તે પ્રકારે, જીવને પીડન કરનાર છે.

વળી, પરમલબ્ધિઓ અર્થ છે; કેમ કે પરાર્થનો હેતુ છે. અનિચ્છાની ઈચ્છા એ ઈચ્છા છે; કેમ કે સર્વથા તેની નિવૃત્તિ છે=અનિચ્છાની ઈચ્છાથી સર્વથા ઈચ્છાની નિવૃત્તિ છે.

આ રીતે=સર્વશત્રુક્ષયાદિ ચાર વસ્તુથી સિદ્ધના જીવોનું સુખ છે એ રીતે, આ=સિદ્ધનું સુખ સૂક્ષ્મ છે, તત્ત્વથી=પરમાર્થથી, ઈતર દ્વારા=જેને સર્વશત્રુક્ષયાદિ થયા નથી તેવી વ્યક્તિ દ્વારા, જણાતું નથી.

અસિદ્ધરૂપે દૃષ્ટાન્તને બતાવે છે અર્થાત્ જે દૃષ્ટાન્તમાં ઈત્તર વડે સિદ્ધનું સુખ અસિદ્ધ છે તેની પ્રતીતિ થાય છે તે સ્વરૂપે દૃષ્ટાન્તને બતાવે છે –

**જેમ અયતિથી યતિનું સુખ અનુભવાતું નથી; કેમ કે આનું=યતિના સુખનું, વિશિષ્ટ ક્ષાયોપશમિક ભાવથી વેદ્યપણું છે. એ રીતે=યતિનું સુખ અયતિથી જણાતું નથી એ રીતે, રોગી વડે આરોગ્યના સુખનું વેદન કરી શકાતું નથી, તેમ ઈતર વડે=સંસારી જીવો વડે, પરમાર્થથી સૂક્ષ્મ એવું સિદ્ધનું સુખ વેદન કરી શકાતું નથી એમ અન્વય છે.**

**યતિનું સુખ સંસારી જીવોથી અનુભવાતું નથી, આરોગ્યનું સુખ રોગીથી અનુભવાતું નથી, તેમ સંસારી જીવો વડે સિદ્ધનું સુખ અનુભવાતું નથી માત્ર દૃષ્ટાન્તથી કંઈક સમજી શકાય છે. તેમાં उक्तं च થી સાક્ષી આપે છે–**

**રાગાદિના અભાવમાં જે સુખ થાય છે તેને જિન અનુભવે છે; જે કારણથી સન્નિપાતથી ગૃહિત થયેલ જીવ તેના અભાવથી=સન્નિપાતના અભાવથી, થતું સુખ જાણતો નથી= અનુભવતો નથી.**

**એ પ્રકારની વિભાસા કરવી જોઈએ=સિદ્ધનું સુખ સિદ્ધના આત્મા સિવાય બીજો અનુભવતો નથી, માત્ર દૃષ્ટાન્તથી બીજાઓ સમજી શકે છે, એવો વિકલ્પ કરવો જોઈએ.**

પૂર્વમાં દૃષ્ટાન્તથી સિદ્ધનું સુખ બતાવ્યું અને અંતે કહ્યું કે આ સિદ્ધનું સુખ સૂક્ષ્મ છે, ઈતરથી ગમ્ય નથી અને તેમાં દૃષ્ટાન્ત આપ્યું કે યતિનું સુખ અયતિથી અને આરોગ્યનું સુખ રોગીથી અનુભવાતું નથી.

હવે તે કથનનું નિગમન કરતાં બતાવે છે –

**આ=સિદ્ધનું સુખ, સ્વરૂપથી આપણને સર્વથા અચિંત્ય છે; કેમ કે તત્ત્વથી સિદ્ધનું સુખ મતિજ્ઞાનનો અવિષય છે. (અહીં न ને સ્થાને नः, ભાસે છે અને તે પ્રમાણે અર્થ કરેલ છે.)**

**ભાવાર્થ :**

મોક્ષનું સ્વરૂપ દૃષ્ટાન્તથી સમજાવે છે – જેમ સંસારમાં કોઈ જીવના અનેક શત્રુઓ હોય અને તે શત્રુઓ તરફથી સતત ઉપદ્રવ થવાને કારણે તે પીડિત હોય, અને તેમાંથી એકાદ શત્રુ પણ નાશ પામે તો તેને આનંદ થાય છે, અને તે જીવના સર્વ શત્રુઓનો ક્ષય થાય તો તેને ઘણો આનંદ થાય છે; વળી, જે જીવને શરીરમાં અનેક રોગો હોય અને તેમાંથી એકાદ રોગ નાશ પામે તો તેને આનંદ થાય છે,

અને તે જીવના સર્વ રોગોનો નાશ થાય તો ઘણો આનંદ થાય છે; આ રીતે જેમ શત્રુ અને વ્યાધિરૂપ પ્રતિકૂળ ભાવોના સંપૂર્ણ નાશથી તે સુખ થાય છે, તેવી રીતે જો પોતાને ઇષ્ટ એવો એકાદ અર્થ પણ પ્રાપ્ત થાય છે ત્યારે તેને આનંદ થાય છે, પરંતુ સર્વ ઇષ્ટ અર્થો જો તેને મળી જાય તો તેને અત્યંત આનંદ થાય છે. વળી, તે જીવને ઘણી બધી ઇચ્છાઓ હોય તેમાંથી એકાદ ઇચ્છા પૂર્ણ થાય ત્યારે તેને આનંદ થાય છે, પરંતુ બધી ઇચ્છાઓ પૂર્ણ થાય ત્યારે તેને અત્યંત આનંદ થાય છે. આ રીતે સર્વ શત્રુના ક્ષયથી, સર્વ વ્યાધિઓના નાશથી, સર્વ ઇષ્ટ અર્થોની પ્રાપ્તિથી અને સર્વઇચ્છાઓની પૂર્તિથી જીવને જેવું સુખ થાય છે, તેવું સિદ્ધનું સુખ છે. માટે સિદ્ધનું સુખ સંસારનાં સર્વ સુખ કરતાં અનંતગણું છે. આ રીતે દૃષ્ટાન્તથી સિદ્ધનું સુખ કેવું હોય તે સમજાવ્યું.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માને સર્વશત્રુક્ષયઆદિ કઇ રીતે પ્રાપ્ત થયા છે ? તેથી તેને સ્પષ્ટ કરવા માટે કહે છે –

જેમ સંસારમાં બાહ્યશત્રુ જીવને અપકાર કરે છે, તેમ રાગ, દ્વેષ અને મોહની પરિણતિ પણ જીવને અપકાર કરે છે; અને તે જીવના અંતરંગ પરિણામરુપ છે તેથી ભાવશત્રુ છે. કેમ કે આ પરિણતિથી જીવ ક્લેશનો અનુભવ કરે છે અને તેથી ક્લિષ્ટ કર્મો બાંધે છે, અને તેના ફળરૂપે સંસારમાં જીવ અનેક કદર્થનાઓ પામે છે. માટે અવાંતર અસંખ્ય ભેદોથી સહિત એવા રાગ, દ્વેષ અને મોહ જીવને અપકાર કરનારા છે, અને અપકાર કરનારા એવા આ અસંખ્ય ભાવશત્રુઓ મોહનો નાશ થવાથી નાશ પામે છે. તેથી જીવને સર્વશત્રુઓના ક્ષયથી જેવું સુખ થાય તેવું સુખ વીતરાગને થાય છે.

જીવને કર્મનો ઉદય વ્યાધિરૂપ છે; કેમ કે કર્મનો ઉદય જીવને વિડંબના કરનાર છે. રાગાદિના પરિણામથી જીવ કર્મ બાંધે છે, અને તે કર્મપુદ્ગલો જીવ સાથે સંબંધ પામીને જીવદ્રવ્યની વિકૃતિ કરે છે અને આ વિકૃતિ જીવને ચારેય ગતિમાં અનેક પ્રકારની પીડા કરે છે. જ્યારે આત્મા સર્વકર્મોથી રહિત થાય છે ત્યારે કર્મના ઉદયરૂપ વ્યાધિ જવાથી સર્વરોગોથી રહિત એવા ભાવઆરોગ્યનો અનુભવ કરે છે. આથી સિદ્ધના આત્માઓને સર્વશત્રુઓના ક્ષય અને સર્વવ્યાધિઓના નાશથી થનારું સુખ અનુભવ સિદ્ધ છે.

વળી, જેમ સંસારમાં કોઈપણ અનુકૂળ પદાર્થની પ્રાપ્તિથી સુખ થાય છે, તેમ સિદ્ધના જીવોને પણ અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિથી સુખ થાય છે. પરંતુ સિદ્ધના જીવો માટે અનૂકૂળ પદાર્થ પરમલબ્ધિઓ છે; કેમ કે પરોપકારનો હેતુ છે. તે આ રીતે–

જેમ સંસારમાં શરીરને અને ઈન્દ્રિયને અનુકૂળ એવા પદાર્થો જીવને સુખના કારણ બને છે, તેમ આત્માને માટે કર્મના વિગમનથી પ્રગટ થયેલ અનેક લબ્ધિઓ સુખનું કારણ બને છે. જેમ સંસારી જીવોને ધનાદિની પ્રાપ્તિ થઈ હોય તો તેના દ્વારા કુટુમ્બ, સ્વજનોનો તે ઉપકાર કરી શકે છે, તેમ કેવલી કર્મના વિગમનથી પ્રગટ થયેલી લબ્ધિઓથી અનેક જીવોનો ઉપકાર કરી શકે છે. છદ્મસ્થ અવસ્થામાં પણ જેમ ક્ષયોપશમભાવની લબ્ધિઓથી મહાત્મા ઘણા જીવોનો ઉપકાર કરે છે, તે રીતે કેવલજ્ઞાનની લબ્ધિ પ્રાપ્ત થવાથી કેવલીઓ પણ ઉપદેશાદિ દ્વારા ઘણા જીવો પર ઉપકાર કરે છે. માટે લબ્ધિઓ પરોપકારનું કારણ છે, તેથી જેઓને સર્વલબ્ધિરૂપ અર્થો પ્રાપ્ત થયા છે તેઓને સર્વ અર્થોની પ્રાપ્તિથી ઘણું સુખ થાય છે.

વળી, સંસારમાં ઘણી બધી ઇચ્છાઓ હોય, તેમાંથી એકાદ ઇચ્છા પૂર્ણ થાય છે ત્યારે જીવને આનંદનો અનુભવ થાય છે, તો પણ, સંસારમાં સર્વ ઇચ્છાઓ ક્યારેય પૂર્ણ થઇ શકતી નથી. અને જ્યારે જીવને સંસારના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવે છે ત્યારે જ્ઞાન થાય છે કે સર્વ ઇચ્છાની પ્રાપ્તિનું સુખ પ્રાપ્ત કરવું હોય તો અનિચ્છાની જ ઇચ્છા કરવા જેવી છે; કેમ કે ઇચ્છા સ્વયં સુખ નથી પણ ઈચ્છાના શમનથી સુખ થાય છે. સંસારમાં કોઈ એક વસ્તુની ઇચ્છા થાય અને તે ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે તે ઇચ્છા શમે છે તેથી સુખ થાય છે, પરંતુ ઇચ્છા સ્વયં સુખરૂપે વેદન થતી નથી. વળી, એક ઇચ્છા શમે છે ત્યાં અન્ય ઇચ્છાઓ ઊભી થાય છે, તેથી ઇચ્છાઓનું દુઃખ જીવંત રહે છે. માટે પૂર્ણ સુખી થવું હોય તો અનિચ્છાની ઇચ્છા કરવા જેવી છે; કેમ કે અનિચ્છાની પ્રગટ થયેલી ઇચ્છા ધીરે ધીરે સર્વ ઇચ્છાઓને નિવૃત્ત કરીને જીવમાં અનિચ્છાનો પરિણામ પ્રગટ કરશે, તેથી સર્વ ઇચ્છાઓની પૂર્ણ થયેલી અવસ્થા જીવને પ્રાપ્ત થશે. તેથી સિદ્ધના આત્માઓને સર્વ ઇચ્છાઓની પૂર્તિકૃત સુખ છે.

આ રીતે દૃષ્ટાન્તથી સિદ્ધનું સુખ કંઇક બતાવ્યું તો પણ પરમાર્થથી સિદ્ધના આત્મા સિવાય અન્યને તે જણાય તેમ નથી, તે બતાવવા અર્થે કહે છે –

આ સુખ સૂક્ષ્મ છે અર્થાત્ ઉપરમાં વર્ણન કર્યું કે સર્વશત્રુઆદિના નાશથી જે સુખ થાય છે એ સુખ સૂક્ષ્મ છે અને પરમાર્થથી સિદ્ધના આત્માઓ સિવાય તે સુખ કોઇ અનુભવી શકતા નથી. એમાં દૃષ્ટાન્ત બતાવે છે –

જેમ અયતિ યતિનું સુખ અનુભવી શકતા નથી, રોગી આરોગ્યનું સુખ અનુભવી શકતા નથી તેમ સંસારીજીવો વડે સિદ્ધનું સુખ અનુભવાતું નથી.

આશય એ છે કે સાધુનું કઠોર જીવન જોઇને સંસારી જીવોને એમ જ જણાય છે કે મહાત્મા પરલોક અર્થે ઘણું દુઃખ વેઠે છે, પણ વિશિષ્ટ ક્ષયોપશમભાવના કારણે ઉપશમનું સુખ મહાત્માઓ જે અનુભવે છે તેવું સુખ સંસારી જીવો અનુભવી શકતા નથી. આમ છતાં કંઇક નિર્મળ પ્રજ્ઞા પ્રગટી હોય તો શાસ્ત્રોના વચનથી કંઇક બોધ માત્ર કરી શકે છે, પરંતુ સાક્ષાત્ તે સુખનો અનુભવ તો યતિ કરી શકે છે; અને તેવી રીતે રોગી જીવ આરોગ્યના સુખનો સાક્ષાત્ અનુભવ કરી શકતો નથી, ક્વચિત્ તે વિચારક હોય તો કાંઇક વિચાર દ્વારા નિરોગીનું સુખ સમજી શકે છે, પરંતુ સાક્ષાત્ તે સુખનો અનુભવ કરી શકતો નથી.

સંસારી જીવો જેમ યતિનું સુખ અને રોગી જીવો જેમ આરોગ્યનું સુખ અનુભવી શકતા નથી, તેમ છદ્મસ્થ જીવો સિદ્ધના સુખનો અનુભવ કરી શકતા નથી, સિદ્ધના સુખનો અનુભવ તો સાક્ષાત્ સિદ્ધનો આત્મા કરી શકે છે. કેવલજ્ઞાનથી કેવલી ભગવંતો તે સુખને માત્ર સ્પષ્ટ જાણી શકે છે, અને છદ્મસ્થ શાસ્ત્રના વચનથી અને પૂર્વમાં બતાવેલા દૃષ્ટાન્તથી, તે સુખ કેવું છે તેનો સામાન્ય બોધ માત્ર કરી શકે છે.

હવે પૂર્વના કથનનું નિગમન કરતાં કહે છે –

સિદ્ધનું સુખ આપણને સ્વરૂપથી સર્વથા અચિન્ત્ય છે; કેમ કે તત્ત્વથી મતિજ્ઞાનનો અવિષય છે. આશય એ છે કે જેમ રોગી આરોગ્યનું સુખ રોગકાળમાં મતિજ્ઞાનથી વેદન કરી શકતા નથી અથવા તો યતિનું સુખ અયતિ સંવેદન કરી શકતા નથી, તેથી તેના માટે તે સુખ સર્વથા અચિન્ત્ય છે; તેમ છદ્મસ્થ માટે સિદ્ધનું સુખ સર્વથા અચિન્ત્ય છે; કેમ કે સિદ્ધનું સુખ મતિજ્ઞાનનો વિષય નથી, પરંતુ કેવલજ્ઞાનનો વિષય છે. જોકે સમ્યગ્દૃષ્ટિ જીવ યતિનું સુખ અનુભવી શકતો નથી, પરંતુ અનુમાનથી કે યુક્તિથી સમજી શકે છે; તેમ સિદ્ધનું સુખ પણ ભગવાનના વચનની શ્રદ્ધાવાળા જીવો દૃષ્ટાન્તથી કે આગમવચનથી

સમજી શકે છે, તો પણ તેનું વેદન કોઈ કરી શકતું નથી. સાધુને પણ કષાયોના ઉપશમનું કંઈક સુખ હોય છે, આમ છતાં તેમને માટે પણ સિદ્ધનું સુખ તો સર્વથા અચિન્ત્ય છે. જેમ રોગીને રોગના ઉપશમથી કંઈક આરોગ્યનું સુખ હોવા છતાં પૂર્ણ આરોગ્યના સુખનું વેદન થતું નથી, તેમ મતિજ્ઞાનથી સિદ્ધના સુખનું વેદન થતું નથી, માત્ર મતિજ્ઞાનથી કે શ્રુતવચનથી સિદ્ધના સુખની આછી આછી કલ્પના થઈ શકે છે.

**ઉત્થાન :**

પૂર્વે સિદ્ધનું સુખ કેવું છે તે બતાવ્યું, હવે કાળમાનથી સિદ્ધનું સુખ કેવું છે તે બતાવવા અર્થે કહે છે –

**સૂત્ર :**

**साइअपज्जवसियं एगसिद्धावेक्खाए, पवाहओ अणाई । ते वि भगवंतो एवं, तहाभव्वत्ताइभावओ ।**

**विचित्तमेयं तहाफलभेएणं । नाविचित्ते सहकारिभेओ । तदवेक्खो तओ त्ति अणेगंतवाओ तत्तवाओ । स खलु एवं इयरहेगंतो । मिच्छत्तमेसो, न एत्तो ववत्था । अणारहयमेयं ।**

**संसारिणो उ सिद्धत्तं नाबद्धस्स मुत्ती, सद्दत्थरहिया । अणाइमं बंधो पवाहेणं अईयकालतुल्लो, अबद्धबंधणे अमुत्ती पुणोबंधपसंगाओ अविसेसो बद्धमुक्काणं । अणाइजोगे वि विओगो कंचणोवलनाएणं ।**

**સૂત્રાર્થ :**

**સિદ્ધનું સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહથી અનાદિ છે=અનાદિ અપર્યવસિત છે. તે પણ સિદ્ધ ભગવંતો આવા છે=એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે.**

**અહીં પ્રશ્ન થાય કે બધા જીવોમાં ભવ્યત્વાદિ સમાન હોતે છતે, તે બધા જીવો સાથે જ કેમ મોક્ષમાં જતા નથી ? જેથી એક જીવની અપેક્ષાએ સિદ્ધનો**

આત્મા સાદિ અપર્યવસિત છે, અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે, તેમ કહેલ છે તેથી કહે છે –

તથાભવ્યત્વાદિના ભાવને કારણે એક જીવની અપેક્ષાએ સાદિ અપર્યવસિત અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત સિદ્ધ ભગવંતો છે.

તથાભવ્યત્વાદિભાવને કારણે સિદ્ધ ભગવંતો ભિન્ન ભિન્ન કાળમાં કેમ મોક્ષમાં જાય છે ? તેથી કહે છે –

તે પ્રકારના ફળભેદના કારણે આ=તથાભવ્યત્વાદિ, વિચિત્ર છે. અવિચિત્ર તથાભવ્યત્વાદિ હોતે છતે સહકારીભેદ થાય નહિ. તેની અપેક્ષાએ= તથાભવ્યત્વાદિની અપેક્ષાએ, તે છે=સહકારીભેદ છે, એથી કરીને અનેકાંતવાદ તત્ત્વવાદ છે. તે=અનેકાંતવાદ, ખરેખર આ રીતે છે=તથાભવ્યત્વાદિ ભાવ હોતે છતે છે, ઇતરથા એકાંતવાદ છે. આ=એકાંતવાદ મિથ્યા છે. આનાથી= એકાંતવાદથી વ્યવસ્થા નથી. આ=એકાન્તવાદનું આશ્રયણ, અનાર્હત છે= ભગવાનનું વચન નથી

સિદ્ધ ભગવંતો તથાભવ્યત્વાદિના કારણે સિદ્ધ થાય છે તે જ સ્થાપન કરવા માટે બીજી યુક્તિ આપે છે –

સંસારીનું સિદ્ધપણું છે, અબદ્ધની મુક્તિ નથી.

મુક્તિ કેમ નથી તેથી કહે છે –

શબ્દાર્થરહિત છે=મુક્તિ શબ્દના અર્થથી રહિત છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે અબદ્ધની મુક્તિ નથી, તેથી અર્થથી એ ફલિત થાય કે બંધ અનાદિમાન છે. ત્યાં શંકા કરતાં કહે છે–

અતીતકાલ તુલ્ય પ્રવાહથી અનાદિમાન બન્ધ છે. અબદ્ધને બંધન સ્વીકારવામાં ફરી બન્ધનો પ્રસંગ હોવાથી અમુક્તિની પ્રાપ્તિ થશે, અને તે રીતે બદ્ધ અને મુક્તનો અવિશેષ પ્રાપ્ત થશે.

અહીં પ્રશ્ન થાય કે અનાદિ કર્મનો સંયોગ હોય તો મોક્ષ કઇ રીતે થઇ શકે? તેથી કહે છે –

**સુવર્ણપત્થરના દૃષ્ટાન્તથી અનાદિ સંયોગમાં પણ વિયોગ અવિરુદ્ધ છે.**

**ટીકા :**

**साद्यपर्यवसितं** प्रमाणतः **एकसिद्धापेक्षया**, न तु तत्प्रवाहमधिकृत्य, **प्रवाहतस्त्वनादि** तदोघमाश्रित्य । तथा चाह-**तेऽपि भगवन्तः सिद्धा एवम्**, एकसिद्धापेक्षया साद्यपर्यवसिताः, प्रवाहापेक्षया अनाद्यपर्यवसिता इति । **समाने** भव्यत्वादौ कथमेतदेवम्? इत्याह- **तथाभव्यत्वादिभावात्**, तथाफलपरिपाकीह तथाभव्यत्वम् ।

अत एवाह-**विचित्रमेतत्** तथाभव्यत्वादि । कुतः? इत्याह-**तथाफलभेदेन** कालादिभेदभाविफलभेदेनेत्यर्थः। **समाने** भव्यत्वे सहकारिभेदात् फलभेद इत्याशङ्कापोहायाह-**नाविचित्रे** तथाभव्यत्वादौ **सहकारिभेदः** । किमित्यत आह-**तदपेक्षस्तक** इति, तदतत्स्वभावत्वे तदुपनिपाताभावादिति **अनेकान्तवादस्तत्त्ववादः**, सर्वकारणसामर्थ्यापादनात् ।

**ટીકાર્થ :**

સિદ્ધનું સુખ પ્રમાણથી=કાલમાનથી, એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે, પરંતુ સિદ્ધના જીવોના પ્રવાહને આશ્રયીને (સાદિ અપર્યવસિત) નથી, પ્રવાહથી તેના ઓઘને આશ્રયીને=સિદ્ધના સમૂહને આશ્રયીને અનાદિ છે=અનાદિ અપર્યવસિત છે. અને તે રીતે=જે રીતે સિદ્ધનું સુખ સાદિ અપર્યવસિત અને અનાદિ અપર્યવસિત છે તે રીતે, સિદ્ધના આત્માઓ પણ છે, તે કહે છે–

તે પણ સિદ્ધ ભગવંતો આમ જ છે=એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે. 'इति' શબ્દ સિદ્ધનું સુખ અને સિદ્ધના જીવોના પ્રમાણના=કાલમાનના, કથનની સમાપ્તિ માટે છે.

અહીં પ્રશ્ન થાય કે બધા સિદ્ધના આત્માઓમાં ભવ્યત્વાદિ સમાન હોતે છતે આ આમ કેમ છે ?=એક જીવની અપેક્ષાએ સિદ્ધનો આત્મા સાદિ અપર્યવસિત

છે અને પ્રવાહની અપેક્ષાએ સિદ્ધનો આત્મા અનાદિ અપર્યવસિત છે એ આમ કેમ છે ? એથી કરીને સૂત્રમાં કહે છે –

તેવા પ્રકારના ભવ્યત્વાદિના ભાવના કારણે એક જીવની અપેક્ષાએ સાદિ અપર્યવસિત અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે એમ અન્વય છે.

★ અહીં '**समाने भव्यत्वादौ**' માં '**आदि**' પદથી સમાન જીવત્વ ગ્રહણ કરવાનું છે.

અહીં શંકા થાય કે ભવ્યાત્વાદિના ભાવને કારણે જીવો ભિન્ન ભિન્ન કાળમાં સિદ્ધ થાય છે તેમ કેવી રીતે નક્કી થાય ? જેથી એક સિદ્ધની અપેક્ષાએ સિદ્ધનો આત્મા સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ સિદ્ધના જીવો અનાદિ અપર્યવસિત છે, એમ સ્વીકારી શકાય ? આ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –

**અહીં=તથાભવ્યત્વાદિ પાંચ કારણોમાં, તથાભવ્યત્વ=જે પ્રકારનું કાર્ય થાય છે તેવા પ્રકારનું યોગ્યત્વ, તથાફલપરિપાકી છે=જે પ્રકારે ભિન્ન ભિન્ન કાળે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિરૂપ ફળ થાય છે તે પ્રકારના ફળના પરિપાકવાળું છે.**

**આથી જ કહે છે=તથાભવ્યત્વ તથાફલપરિપાકી છે એથી જ કહે છે –**

**આ=તથાભવ્યત્વાદિ વિચિત્ર છે.**

★ અહીં **तथाभव्यत्वादि**માં **आदि** પદથી બાકીનાં ચાર કારણોનું અને આગળમાં પણ જ્યાં જ્યાં તથાભવ્યત્વાદિ આવે છે ત્યાં ત્યાં સર્વત્ર બાકીનાં ચાર કારણોનું ગ્રહણ કરવાનું છે.

**કેમ તથાભવ્યત્વાદિ વિચિત્ર છે ? એથી કરીને કહે છે –**

**તે પ્રકારના ફળભેદને કારણે=કાલાદિના ભેદમાં થનારા ફળભેદને કારણે, તથાભવ્યત્વાદિ વિચિત્ર છે.**

★ અહીં **कालादि**માં **आदि** પદથી ક્ષેત્ર અને ભાવનું ગ્રહણ કરવાનું છે.

બધા જીવોમાં સમાન ભવ્યત્વ હોવા છતાં સહકારીના ભેદથી ફળભેદ છે, પરંતુ તથાભવ્યત્વાદિના વૈચિત્ર્યથી ફળભેદ નથી. એ પ્રકારની શંકાને દૂર કરવા માટે કહે છે –

**તથાભવ્યત્વાદિ અવિચિત્ર હોતે છતે સહકારીભેદ નથી.**

**તથાભવ્યત્વાદિ અવિચિત્ર હોતે છતે સહકારીભેદ કેમ નથી ? એથી કહે છે–**

**તેની અપેક્ષાવાળો=તથાભવ્યત્વાદિની અપેક્ષાવાળો, તે છે=સહકારીભેદ છે. એથી કરીને તથાભવ્યત્વાદિ સમાન હોતે છતે સહકારીભેદ નથી.**

તથાભવ્યત્વાદિની અપેક્ષાવાળો સહકારીભેદ છે, તેમાં યુક્તિ બતાવે છે –

**તેનું=તથાભવ્યત્વાદિનું, અતત્ સ્વભાવપણું હોતે છતે=સહકારીભેદપ્રાપ્તિ નહિ કરવાનું સ્વભાવપણું હોતે છતે, તેનો=સહકારીભેદનાં ઉપનિપાતનો, અભાવ છે=પ્રાપ્તિનો અભાવ છે, એથી કરીને=તથાભવ્યત્વાદિના વૈચિત્ર્યમાં સહકારીનો ભેદ છે એથી કરીને, અનેકાંતવાદ તત્ત્વવાદ છે; કેમ કે સર્વકારણોના સામર્થ્યનું આપાદન છે.**

**ભાવાર્થ :**

આ સિદ્ધનું સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને સર્વ સિદ્ધોને આશ્રયીને વિચારીએ તો પ્રવાહથી સિદ્ધનું સુખ અનાદિ અપર્યવસિત છે. આમ બતાવીને એ કહેવું છે કે જગતમાં સિદ્ધના જીવોનું સુખ પહેલાં ક્યારેય ન હતું ને પાછળથી પ્રગટ થયું તેમ નથી, પરંતુ અનાદિકાળથી તે સુખનો અનુભવ કરનારા જીવો પણ છે; તે અપેક્ષાએ પ્રવાહથી વિશુદ્ધનું સુખ અનાદિ અપર્યવસિત છે. અને જે જીવ સાધના કરીને સિદ્ધ અવસ્થાને પામે છે, તે જીવની અપેક્ષાએ તે સુખ સાદિ અપર્યવસિત છે; કેમ કે જ્યારે તે જીવ મોક્ષમાં પહોંચશે ત્યારે તેનો પ્રારંભ થશે અને તે પ્રાપ્ત થયેલું સુખ ક્યારેય જવાનું નથી. માટે પ્રવ્રજ્યાનું ફળ અચિન્ત્ય કોટિના સિદ્ધના સુખની પ્રાપ્તિ છે તેમ પ્રસ્તુત કથનથી બતાવવું છે.

વળી, જેમ સિદ્ધનું સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને સર્વ સિદ્ધોને આશ્રયીને અનાદિ અપર્યવસિત છે, તેમ સિદ્ધ ભગવંતો પણ એક જીવની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે. આમ બતાવીને એ કહેવું છે કે, જેમ સિદ્ધનું સુખ સદા છે તેમ સિદ્ધના આત્માઓ પણ જગતમાં સદા છે. જે જીવો સાધના કરીને સિદ્ધપદને પામે છે તે પછી ફરી ક્યારેય સંસારમાં પાછા આવતા નથી. માટે પ્રવ્રજ્યાના

ફળરૂપ આવી ઉત્તમ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ છે કે જેના પછી ફરી ક્યારેય સંસારની કદર્થના નથી. **'इति'** શબ્દ સિદ્ધના આત્માઓ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત અને સર્વ સિદ્ધોની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે એ કથનની સમાપ્તિ માટે છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધના જીવો પ્રવાહથી અનાદિ છે અને એક જીવની અપેક્ષાએ સાદિ છે. ત્યાં પ્રશ્ન થાય કે બધા જીવોમાં ભવ્યત્વ ચેતનત્વ આદિ ભાવો સમાન છે તો પછી બધા ભિન્ન ભિન્ન કાળે સિદ્ધિને કેમ પામે છે ? શંકાકારનો આશય એ છે કે, જ્યારે સંસારી જીવોમાં ભવ્યત્વ સમાન હોય અને જીવત્વ પણ સમાન હોય તો બધા જીવોએ એક જ કાળમાં મોક્ષમાં જવું જોઈએ, તેથી ચાર ભાંગામાંથી સાદિ-અનંતનો એક ભાંગો પ્રાપ્ત થવો જોઈએ. આમ છતાં ભિન્ન ભિન્ન કાળે જીવો સિદ્ધ થાય છે તેનું કારણ શું છે ? તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, મોક્ષમાં જનારા જીવોમાં સિદ્ધિગમન યોગ્યત્વરૂપ ભવ્યત્વ અને જીવત્વ આદિ ભાવો સમાન હોવા છતાં તથાભવ્યત્વાદિ પાંચ કારણો સમાન નથી, તેથી દરેક જીવના તેવા પ્રકારના તથાભવ્યત્વાદિને કારણે તે તે રીતે તે તે કાળમાં તેઓ મોક્ષને પામે છે. માટે ભિન્ન ભિન્ન કાળમાં મોક્ષની પ્રાપ્તિ સંગત છે.

અહીં પ્રશ્ન થાય કે તથાભવ્યત્વ શું છે કે જેથી ભિન્ન ભિન્ન કાળમાં સિદ્ધના જીવો મોક્ષમાં જાય છે ? તેથી કહે છે –

તથાભવ્યત્વાદિમાં તે પ્રકારના ફળના પરિપાકને કરનાર તથાભવ્યત્વ છે. અર્થાત્ જે પ્રકારે જે કાળમાં જે રીતે ફળ પ્રગટ થાય છે, તે પ્રકારના ફળના પરિપાકને કરનાર તેવા પ્રકારનું ભવ્યત્વ છે. તેથી જે જીવમાં જેવું ભવ્યત્વ છે તેવો ફળનો પરિપાક થાય છે. આથી જ દરેક જીવોનું ભવ્યત્વ ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન રીતે પરિપાકને પામે છે. તેથી સિદ્ધના જીવો ભિન્ન ભિન્ન કાળે મોક્ષમાં જાય છે તે વાત સંગત છે.

અહીં તથાભવ્યત્વ તેવા પ્રકારના ફળનું પરિપાકી છે તેમ કહ્યું, અને પૂર્વમાં કહ્યું કે તથાભવ્યત્વાદિ પાંચ કારણોને કારણે કાર્યભેદ થાય છે. તેથી નક્કી થાય છે કે જેમ દરેક જીવોનું તથાભવ્યત્વ જુદું છે તેમ દરેક જીવોનું પુરુષકાર પણ તથાફલપરિપાકી છે અર્થાત્ જે કાળમાં જે રીતે કાર્ય થાય છે તે પ્રકારના જ ફળને કરે તેવો પુરુષકાર છે. તે રીતે કર્મઆદિમાં પણ સમજી લેવું.

તથાભવ્યત્વાદિના ભાવને કારણે ભિન્ન ભિન્ન કાળે જીવો મોક્ષમાં જાય છે તે વાતને સ્પષ્ટ કરવા માટે કહે છે –

તથાભવ્યત્વાદિ વિચિત્ર છે અર્થાત્ દરેક જીવોનું તેવા પ્રકારનું ભવ્યત્વ, તેવા પ્રકારનો પુરુષકાર, તેવા પ્રકારનું કર્માદિ વિચિત્ર છે. તેથી તે તે પ્રકારે કાળ, ક્ષેત્ર અને ભાવના ભેદથી સિદ્ધિગમનરૂપ તેવા પ્રકારનો ફળભેદ થાય છે. આશય એ છે કે જે વ્યક્તિનું ભવ્યત્વ જે કાળમાં, જે ક્ષેત્રમાં અને જે રીતે મોક્ષમાં જવાના સ્વભાવવાળું હોય, તે પ્રમાણે તે કાળમાં, તે ક્ષેત્રમાં અને તે રીતે તે પરિપાક પામે છે; અને જીવનો પુરુષકાર પણ તે પ્રકારનો થાય છે કે જેથી તે કાળ, તે ક્ષેત્ર અને તે તીર્થંકરાદિભાવને પામીને તે સિદ્ધ થાય છે. તે રીતે કર્મ આદિ પણ સમજી લેવાં.

તથાભવ્યત્વાદિના વૈચિત્ર્યથી કાર્યભેદ થાય છે એ કથન નિશ્ચયનયનું છે. તેની સામે વ્યવહારનયની માન્યતાથી શંકા કરતાં કહે છે –

દરેક જીવોનું સમાન ભવ્યત્વ હોવા છતાં સહકારીના ભેદથી ફળભેદ છે તેમ માનીએ તો ભિન્ન ભિન્ન કાળમાં સર્વની મુક્તિ સંગત થઈ જશે, અને દરેક જીવોનું ભવ્યત્વ જુદું છે તેમ માનવાની જરૂર રહેશે નહિ. આશય એ છે કે જે જીવો મોક્ષમાં જાય છે તે સર્વ જીવોનું ભવ્યત્વ સમાન છે, પરંતુ ભિન્ન બાહ્ય સામગ્રીરૂપ સહકારીભેદની પ્રાપ્તિ થવાથી ફળભેદ થાય છે.

જેમ એક માટીના પિંડના બે ભાગ કરીને ગ્રહણ કરવામાં આવે અને એક ભાગને ભિન્ન સહકારી મળે તો રમકડાં થાય છે અને અન્યભાગને ભિન્ન સહકારી મળે તો ઘડો થાય છે, આમ છતાં તે બન્ને માટી તો સમાન છે.

જો કે એક માટીના પિંડના બે ભાગ ગ્રહણ કરીને એક ભાગમાંથી રમકડાં બને છે અને અન્ય ભાગમાંથી ઘડો બને છે ત્યારે, નિશ્ચયનયથી તે માટીના બન્ને પિંડોમાં જુદી યોગ્યતા છે. તેથી જે માટીના પિંડને ઘટની સામગ્રી મળી તે માટીના પિંડમાં ઘટના સહકારીને પ્રાપ્ત કરવાની યોગ્યતા હતી. અને જે માટીના પિંડને રમકડાંની સામગ્રી મળી તે માટીના પિંડમાં રમકડાંના સહકારીને પ્રાપ્ત કરવાની યોગ્યતા હતી. તેથી સહકારીભેદની યોગ્યતા બન્ને માટીના પિંડમાં જુદી જુદી હતી. તો પણ વ્યવહારનયથી તે રમકડાંની અને ઘડાની માટી સમાન યોગ્યતાવાળી છે તેમ કહેવામાં આવે છે. આ પ્રકારના વ્યવહારનયની દૃષ્ટિને

સામે રાખીને કોઈને શંકા થાય કે, બધા જીવોમાં સમાન ભવ્યત્વ હોવા છતાં સહકારીના ભેદથી ફળભેદ છે પરંતુ તથાભવ્યત્વાદિના વૈચિત્ર્યથી ફળભેદ નથી તેના નિવારણ માટે નિશ્ચયનયની દૃષ્ટિથી કહે છે –

તથાભવ્યત્વના અવૈચિત્ર્યમાં સહકારીનો ભેદ થઈ શકે નહિ; કેમ કે તેની અપેક્ષાવાળો=તથાભવ્યત્વાદિની અપેક્ષાવાળો, સહકારીનો ભેદ છે. આશય એ છે કે એક માટીના પિંડમાંથી બે ભાગ કરીને કુંભાર એક ભાગમાંથી ઘડો બનાવે અને અન્ય ભાગમાંથી રમકડાં બનાવે, ત્યારે તે પિંડના બન્ને ભાગોમાં તેવા પ્રકારનો સ્વભાવ હતો કે ભિન્ન સહકારીને પામીને ભિન્ન રૂપે પરિણમન પામે. આથી સ્થૂલદૃષ્ટિથી તે માટીના બન્ને ભાગો સમાન સ્વભાવવાળા છે તેમ લાગે છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવે તો તે માટીના પિંડના બન્ને અંશોમાં જુદા પ્રકારનું ભવ્યત્વ હતું જેથી જુદા સહકારી પ્રાપ્ત થયા; કેમ કે જુદા સહકારીના ભેદને પ્રાપ્ત થવાનો સ્વભાવ માટીના પિંડના તે બન્ને ભાગોમાં ન હોય તો જુદા સહકારીની પ્રાપ્તિ તેમને થાય નહિ. આથી નક્કી થાય છે કે એક પિંડના બન્ને ભાગોમાં કથંચિત્ જુદો સ્વભાવ છે, અને તેથી જુદા સહકારીની પ્રાપ્તિ થઈ એમ નિશ્ચયનય કહે છે. તે રીતે પ્રસ્તુતમાં જે જીવો મોક્ષમાં જાય છે તે સર્વ જીવોમાં ભવ્યત્વ ભવ્યત્વરૂપે સમાન છે; કેમ કે સિદ્ધિગમનયોગ્યત્વ બધામાં સમાન છે; તો પણ તથાભવ્યત્વરૂપે ભવ્યત્વ અસમાન છે, તેથી દરેક જીવો પોતાના તે તે પ્રકારના ભવ્યત્વને કારણે જુદા જુદા સહકારી કારણોને પ્રાપ્ત કરે છે માટે ભિન્ન ભિન્ન કાલાદિથી મોક્ષ સંગત થાય છે. અને આમ સ્વીકારવાથી અનેકાન્તવાદનું સ્થાપન થાય છે; કેમ કે દરેક જીવમાં રહેલું ભવ્યત્વ કથંચિત્ સદૃશ છે અને કથંચિત્ વિસદૃશ છે એ રૂપ અનેકાંતવાદ સ્વીકારાય છે.

ભવ્યત્વમાં કથંચિત્ સદૃશપણારૂપ અને કથંચિત અસદૃશપણારૂપ અનેકાંત છે આથી સદૃશભવ્યત્વપણાને કારણે સદૃશ મોક્ષ પ્રાપ્ત થાય છે અને અસદૃશ ભવ્યત્વપણાને કારણે મોક્ષમાં જનારા દરેક જીવો ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન ભાવોથી મોક્ષમાં જાય છે.

જેમ મોક્ષમાં જનારા જીવોનું તથાભવ્યત્વ જુદું છે તેમ તથાપુરુષકાર પણ જુદો છે તેથી મોક્ષમાં જનારા દરેક જીવો સંસારના ઉચ્છેદને અનુકૂળ પ્રયત્ન કરે છે તો પણ તે તે પ્રકારે જુદા જુદા સમયે જુદો જુદો પ્રયત્ન પણ કરે છે જેથી

જુદા જુદા સહકારીને પ્રાપ્ત કરીને ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન ભાવથી મોક્ષમાં જાય છે. તેથી જેમ દરેક જીવોનું તથાભવ્યત્વ જુદું છે અને ભવ્યત્વ સમાન છે, તેમ સિદ્ધિગમનને અનુકૂળરૂપે પુરુષકાર સમાન છે તો પણ તે તે રૂપે તથાપુરુષકાર અસમાન પણ છે. તે રીતે અન્ય ત્રણ કારણો પણ કથંચિત્ સમાન અને કથંચિત્ અસમાન છે. અને તેમ સ્વીકારવાથી પાંચે કારણોમાં અનેકાન્તવાદનું સ્થાપન થયું અને તે તત્ત્વવાદ છે; કેમ કે આ રીતે પાંચ કારણોના સામર્થ્યનું આપાદન થાય છે. તે આ રીતે –

પાંચે કારણો કથંચિત્ સમાન અને કથંચિત્ અસમાન સ્વીકારવાથી મોક્ષરૂપ કાર્યની અપેક્ષાએ પાંચે કારણો સમાન છે, અને મોક્ષરૂપ કાર્યની નિષ્પત્તિ દરેક જીવોની ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન ભાવરૂપે થાય છે. તે અપેક્ષાએ અસમાન પણ છે. તેથી જેવું કાર્ય થયું તેવા કાર્યને અનુરૂપ સર્વ કારણોનાં સામર્થ્યનું આપાદન થયું.

**ઉત્થાન :**

દરેક જીવોની ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન ભાવરુપે થાય છે.

તથાભવ્યત્વાદિનું વૈચિત્ર્ય સ્વીકારવાથી અનેકાન્તવાદ કેમ પ્રાપ્ત થાય છે તે વાત યુક્તિથી બતાવે છે–

**ટીકા :**

**स खल्वनेकान्तवाद एवं तथाभव्यत्वादिभावे, इतरथैकान्तः, सर्वथा· भव्यत्वादेस्तुल्यतायाम् । ततः किम् ? इत्याह-मिथ्यात्वमेष एकान्तः । कुतः? इत्याह-नातो व्यवस्था एकान्तात्,भव्यत्वाभेदे सहकारिभेदस्यायोगात्, तत्कर्मताऽभावात्, कर्मणोऽपि कारकत्वात्, अतत्स्वभावस्य च कारकत्वा-संभवादिति भावनीयम् । अत एवाह-अनार्हतमेतदेकान्ताश्रयणम् ।**

**★ અહીં 'सर्वथा भव्यत्वादे' માં 'आदि' પદથી બાકીના ચારે કારણોનું ગ્રહણ કરવાનું છે અને 'तथाभव्यत्वादि' માં 'आदि' પદથી બાકીના ચાર કારણોનું ગ્રહણ કરવાનું છે.**

**ટીકાર્થ :**

**તે અનેકાન્તવાદ ખરેખર આ રીતે=પૂર્વે બતાવ્યું એ રીતે વૈચિત્ર્યવાળા તથાભવ્યત્વાદિ ભાવમાં છે. આવું ન માનો તો=તથાભવ્યત્વાદિનું વૈચિત્ર્ય ન માનો તો, સર્વથા ભવ્યત્વાદિની તુલ્યતામાં એકાન્ત છે તેથી શું ?=સર્વથા ભવ્યત્વાદિની તુલ્યતામાં એકાન્ત છે તેથી શું ? એથી કરીને મૂળસૂત્રમાં કહે છે –**

**આ=એકાન્ત મિથ્યાત્વ છે.**

**એકાન્ત મિથ્યાત્વ કેમ છે ? એથી કરીને મૂળસૂત્રમાં કહે છે –**

**આનાથી=એકાન્તથી, વ્યવસ્થા નથી; કેમ કે ભવ્યત્વનો અભેદ હોતે છતે સહકારીભેદનો અયોગ છે.**

ભવ્યત્વના અભેદમાં સહકારીભેદનો અયોગ કેમ છે ? તેમાં હેતુ બતાવતાં કહે છે –

**તેની=સહકારીભેદની, કર્મતાનો અભાવ હોવાથી ભવ્યત્વના અભેદમાં સહકારીભેદનો અયોગ છે એમ અન્વય છે.**

અહીં કોઈને પ્રશ્ન થાય કે ભવ્યત્વના અભેદમાં સહકારીભેદની કર્મતા નથી તો પણ સહકારીભેદરૂપ કાર્ય પ્રાપ્ત થાય છે, તેમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

**કર્મનું પણ કારકપણું છે. તેથી ભવ્યત્વમાં સહકારીભેદની કર્મતા ન હોય તો સહકારીભેદરૂપ કાર્ય થાય નહિ એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે બધાનું ભવ્યત્વ સરખું છે, છતાં સહકારીભેદની કર્મતા છે, તેમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**અતત્સ્વભાવવાળા ભવ્યત્વનું=સહકારી ભેદની કર્મતાને અનુકૂળ ભવ્યત્વ ન હોય તો અતત્સ્વભાવવાળા ભવ્યત્વનું, સહકારીભેદરૂપ કાર્યના કારકપણાનો સંભવ નહિ હોવાથી બધાનું ભવ્યત્વ સરખું હોય તો સહકારી ભેદની કર્મતા માની શકાય નહિ એમ અન્વય છે.**

**इति**=એ પ્રકારે=એકાન્તથી વ્યવસ્થા નથી એ પ્રકારે, ભાવન કરવું.

**આથી જ કહે છે=પૂર્વમાં સ્થાપન કર્યું કે એકાન્તવાદ મિથ્યા છે, એથી જ કહે છે –**

**આ=એકાન્તનું આશ્રયણ અનાર્હત છે=ભગવાનના વચનથી વિરૂદ્ધ છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અનેકાન્તવાદ તત્ત્વવાદ છે અને તે અનેકાન્તવાદ તો સંગત થાય કે દરેક જીવોના ભવ્યત્વાદિ ભાવો ભવ્યત્વાદિરૂપે સમાન હોય અને તથાભવ્યત્વાદિરૂપે જુદા હોય. જો તેમ ન માનો તો એકાન્તવાદ આવે અને એકાન્તવાદ મિથ્યાવાદ છે; કેમ કે આ રીતે એકાન્તવાદ સ્વીકારવાથી વ્યવસ્થા સંગત થતી નથી. અને તે એકાન્તવાદ સ્વીકારવાથી વ્યવસ્થા કેમ સંગત થતી નથી તે યુક્તિથી બતાવે છે –

મોક્ષમાં જનારા દરેક જીવોનું ભવ્યત્વ સર્વથા સમાન હોય તો સહકારીભેદનો યોગ તેઓને થઈ શકે નહિ. આશય એ છે કે સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ દરેકનું સમાન છે, તો પણ ભિન્ન ભિન્ન સહકારીને પામીને ભિન્ન ભિન્ન કાળમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન તીર્થંકરાદિ ભાવથી જીવો સિદ્ધિને પામે છે. તેથી જેમ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ દરેક જીવોનું સમાન છે, તેમ ભિન્ન ભિન્ન સહકારીને પ્રાપ્ત કરવાનું ભવ્યત્વ જુદું છે, તેમ માનીએ તો તે જીવ તેવા પ્રકારના સ્વભાવને કારણે ભિન્ન ભિન્ન સહકારીને પ્રાપ્ત કરીને ભિન્ન ભિન્ન કાળમાં મોક્ષમાં જાય છે, તે વાત સંગત થાય.

અહીં પ્રશ્ન થાય કે ભવ્યત્વ બધાનું સમાન હોવા છતાં જીવના પ્રયત્નથી સહકારીભેદ પ્રાપ્ત થયો તેમ સ્વીકારીએ તો શું વાંધો ? જેથી સહકારીના ભેદના કારણરૂપ ભવ્યત્વને જુદું માનવું પડે નહિ. આ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –

જો ભવ્યત્વ સરખું હોય તો સહકારીભેદરૂપ કાર્યનું તે કારણ બને નહિ, તેથી સહકારીભેદની કર્મતાનો અભાવ પ્રાપ્ત થાય. આશય એ છે કે જેમ "**कुम्भकारः घटं करोति**" બોલાય છે ત્યાં કુંભકાર ઘટનો કર્તા છે, ઘટ કર્મ છે અને ઘટ કાર્ય પણ છે અને ઘટ કાર્ય પ્રત્યે કુંભારનો યત્ન માટીમાં છે. તેથી

માટીમાં ઘટ બનાવવાને અનુકૂળ કુંભારનો યત્ન છે એમ પ્રાપ્ત થાય છે. તેથી ઘટરૂપ કાર્યનું કર્મ ઘટરૂપે પરિણમન પામતી માટી છે. તે આ રીતે– કુંભારના પ્રયત્નથી ઘટરૂપ કાર્ય પ્રગટ થાય છે તે નિષ્પન્ન થયેલો ઘટ એ કાર્ય છે, અને કુંભાર માટીને ઘટરૂપે પરિણમન પમાડવાનો જે પ્રયત્ન કરે છે તેનાથી ઘટરૂપે પરિણમન પામતી માટી કર્મ છે. આથી ઘટરૂપ કાર્ય પ્રતિ ઘટરૂપે પરિણમન પામતી માટી કર્મરૂપ કારક બને છે. તેમ જીવના પ્રયત્નથી સહકારીભેદરૂપ કાર્ય થાય છે, ત્યારે સહકારીભેદરૂપ કાર્યસ્વરૂપે પરિણમન પામતું એવું તે જીવનું તેવા પ્રકારનું ભવ્યત્વ કર્મરૂપ કારક છે.

હવે જો દરેક જીવોનું ભવ્યત્વ સમાન માનીએ તો સહકારીભેદરૂપ કાર્યસ્વરૂપે તે ભવ્યત્વ પરિણમન પામે નહિ. જેમ કુંભાર પાણીમાં ઘટને અનુકૂળ યત્ન કરે તો પણ ઘટકર્મતા પાણીમાં આવે નહિ, કેમ કે ઘટની યોગ્યતા પાણીમાં નથી તેમ દરેક જીવોનું ભવ્યત્વ સર્વથા સમાન હોય તો સમાન સહકારીત્વરૂપ કાર્યની કર્મતા દરેક જીવોના ભવ્યત્વમાં આવી શકે, પરંતુ સહકારીભેદરૂપ કાર્યની કર્મતા પ્રાપ્ત થાય નહિ; કેમ કે સહકારીભેદરુપ કાર્યની કર્મતા સમાનભવ્યત્વ હોય તો સ્વીકારી શકાય નહિ. અને મોક્ષમાં જનારા દરેક જીવો સહકારીભેદને પ્રાપ્ત કરે છે, તેથી સહકારીભેદરૂપ કાર્યની કર્મતા અવશ્ય જીવના ભવ્યત્વમાં માનવી પડે અને તેમ સ્વીકારીએ તો સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ બધાનું સમાન હોવા છતાં તે પ્રકારના સહકારીભેદની પ્રાપ્તિને અનુકૂળ યોગ્યતા દરેક જીવોમાં જુદી પણ છે, તેમ માનવું પડે. અને તેથી તેનું ભવ્યત્વ સિદ્ધિગમનયોગ્યતારૂપે સમાન હોવા છતાં સહકારીભેદના યોગ્યત્વરૂપે જુદું પણ છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો સહકારીભેદની કર્મતા ભવ્યત્વમાં પ્રાપ્ત થાય.

અહીં કોઈ કહે કે સહકારીભેદની કર્મતા ન હોય તો પણ પ્રયત્નથી સહકારીભેદની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ એક જ માટીનો પિંડ કોઈ ગ્રહણ કરે અને તેના બે ભાગ કરીને એક ભાગમાંથી ઘટ બનાવવાનો પ્રયત્ન કરે તો ઘટ થાય, અને અન્ય ભાગમાંથી રમકડાં બનાવવાનો પ્રયત્ન કરે તો રમકડાં થાય. આમ છતાં બન્ને માટીમાં યોગ્યતા સમાન છે, માત્ર કુંભારના પ્રયત્નથી સહકારીનો

ભેદ પ્રાપ્ત થયો છે. તે રીતે દરેક જીવોમાં સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ સર્વથા સમાન છે, આમ છતાં જીવના પ્રયત્નને કારણે સહકારીનો ભેદ પ્રાપ્ત થયો, તેથી કાર્યભેદ થયો, તેમ માનીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે કહે છે –

કાર્ય પ્રતિ કર્મનું પણ કારકપણું છે. આશય એ છે કે કુંભાર માટીમાંથી ઘટ કરે છે ત્યારે માટી ઘટરૂપે પરિણમન પામે છે. તે વખતે જેમ ઘટરૂપ કાર્ય પ્રતિ કુંભાર કારક છે તેમ ઘટરૂપે પરિણમન પામતી માટી પણ કારક છે. આથી છએ કારકોને કાર્ય પ્રતિ કારણ તરીકે સ્વીકારવામાં આવે છે. આથી જેમ કર્તા કાર્ય પ્રતિ કારણ છે તેમ કર્મ પણ કાર્ય પ્રતિ કારણ છે. આથી ઘટરૂપકાર્ય પ્રતિ ઘટાકાર રૂપે પરિણમન પામતી માટી પણ કારણ છે. જો માટીમાં તે પ્રકારની યોગ્યતા ન હોય તો તે કારણ બને નહિ. જેમ કે પાણીમાં ઘટ બનવાની યોગ્યતા નથી માટે પાણી ઘટનું કારણ બનતું નથી. તે જ રીતે પ્રસ્તુતમાં જીવના ભવ્યત્વમાં ભેદ ન હોય તો ભિન્ન સહકારીરૂપ કાર્ય સ્વરૂપે તે પરિણમન પામે નહિ. માટે કર્મને પણ કાર્ય પ્રતિ કારણ સ્વીકારીએ તો સહકારીભેદને અનુકૂળ ભવ્યત્વનો પણ ભેદ માનવો જોઇએ, જેથી તે ભવ્યત્વ સહકારીભેદરૂપે પરિણમન પામે.

હવે, સહકારીભેદરુપ કર્મનું પણ કારકપણું છે, તેને સ્પષ્ટ કરવા માટે કહે છે– અતત્સ્વભાવના કારકપણાનો અસંભવ છે અર્થાત્ દરેક જીવોનું ભવ્યત્વ સમાન હોય તો=સહકારી પ્રાપ્તિને અનુકૂળ ભવ્યત્વ સમાન હોય તો, સહકારીભેદરુપ કાર્યનું કારક તે ભવ્યત્વ બને નહિ અને ભવ્યત્વને સહકારીભેદનું કારક માનો તો તે સહકારીભેદરૂપ કાર્યનું કર્મ બને, અને સહકારીભેદને અનુકૂળ એવો ભવ્યત્વનો સ્વભાવ માનો તો, દરેકનું ભવ્યત્વ જુદા જુદા સહકારીભેદને અનુકૂળ છે તેથી જુદું જુદું છે, અને સિદ્ધિગમનયોગ્યત્વરૂપે છે તેથી સમાન છે એ પ્રકારે ભાવન કરવું જોઇએ.

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે એકાન્તવાદ મિથ્યા છે અને તેને દઢ કરવા માટે કહે છે– આથી જ આ એકાન્તવાદને સ્વીકારવો તે ભગવાનના વચનથી વિરુદ્ધ છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે યથાર્થ પદાર્થને યુક્તિથી સંગત કરે તેવું વચન સર્વજ્ઞનું છે જે અનેકાન્તવાદરૂપ છે.

**ટીકા :**

प्रस्तुतप्रसाधकमेव न्यायान्तरमाह-**संसारिण एव सिद्धत्वम्**, नान्यस्य। कोऽयं नियमः? इत्याह-**नाबद्धस्य मुक्तिः** तात्त्विकी इत्याह-**शब्दार्थरहिता**, बन्धाभावेन।

**ટીકાર્થ :**

સિદ્ધ ભગવંતો પણ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે. તે કઈ રીતે સંગત છે તેનું પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું, તે પ્રસ્તુતના પ્રસાધક જ ન્યાયાન્તરને=યુક્તિઅન્તરને, કહે છે–

સંસારીનું જ સિદ્ધપણું છે અન્યનું નહિ, એ નિયમ કેમ છે ? એથી કરીને કહે છે –

અબદ્ધને મુક્તિ નથી, અબદ્ધને તાત્વિક મુક્તિ નથી એથી કરીને કહે છે–

બંધનો અભાવ હોવાથી=અબદ્ધને બંધનો અભાવ હોવાથી, શબ્દાર્થ રહિત છે=શબ્દાર્થ રહિત મુક્તિ છે.

**ભાવાર્થ :**

કેટલાક દર્શનકારો આત્માને નિત્યમુક્ત માને છે. તેમના મત પ્રમાણે સિદ્ધ ભગવંતો કોઈક જીવની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે તે સંગત થાય નહિ, પરંતુ તે દર્શનકારના મત પ્રમાણે આત્મા નિત્યમુક્ત છે માટે અનાદિ અપર્યવસિતપણું સર્વજીવની અપેક્ષાએ સંગત થાય પણ તે કથન સંગત નથી તે બતાવવા માટે ગ્રંથકાર યુક્તિ આપે છે કે, સંસારી જીવ સાધના કરીને સિદ્ધ થાય છે, પરન્તુ નિત્ય મુક્ત એવો આત્મા સાધના કરીને મુક્ત થાય છે એમ નથી અર્થાત્ કોઈ જીવ નિત્ય મુક્ત નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે આ નિયમ કેમ છે ? અર્થાત્ સંસારી જ મુક્ત થાય છે, નિત્ય મુક્ત આત્મા સાધના કરીને મુક્ત થાય છે તેમ માનીએ તો શું વાંધો? અર્થાત્ આત્માને નિત્યમુક્ત માનીએ તો શું વાંધો ? તેથી કહે છે–

જે આત્મા કર્મથી બદ્ધ નથી તે મુક્ત થયો તેમ કહેવું તે તાત્ત્વિક નથી.

વચનપ્રયોગ માત્ર છે. કેમ કે મુક્તિ શબ્દનો અર્થ છે કે પહેલાં બંધાયેલો હતો અને તે બંધનથી મુક્ત થયો. અને જે પહેલાં બંધાયેલો નથી તે મુક્ત થયો તેમ કહેવું તે 'મુક્તિ' શબ્દના અર્થરહિત વચનપ્રયોગરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ સાધના કરીને બંધનથી મુક્ત થાય છે, તેથી એક જીવની અપેક્ષાએ સિદ્ધ ભગવંત સાદિ અપર્યવસિત છે તેમ માની શકાય, પરંતુ કોઈપણ જીવ અનાદિ અપર્યવસિત સિદ્ધ છે તેમ માની શકાય નહિ.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અબદ્ધને મુક્તિ નથી. તેથી એ ફલિત થયું કે આત્મા અનાદિથી બદ્ધ છે. વળી, જીવ કર્મ બાંધે છે તેથી જીવના પ્રયત્નથી બંધાયેલું કોઈ કર્મ અનાદિનું નથી. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે કર્મબંધ પ્રવાહથી અનાદિમાન છે. ત્યાં શંકા કરતાં કહે છે –

**ટીકા :**

**अयं चानादिमान् बन्धः प्रवाहेण=संतत्या कथं युक्तिसङ्गतोऽभूतिभावेन ? इत्याह- अतीतकालतुल्यः, स हि प्रवाहेणानादिमाननुभूतवर्त्तमानभावश्च । यथोक्तम्-**

भवति स नामातीतः, प्राप्तो यो नाम वर्तमानत्वम् ।
एष्यंश्च नाम स भवति, यः प्राप्स्यति वर्तमानत्वम् ॥ [ ]

**ટીકાર્થ :**

**અને પ્રવાહથી=સંતતિથી, આ=અનાદિમાન બંધ, યુક્તિથી કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થઈ શકે નહિ; કેમ કે અભૂતિભાવ છે અર્થાત્ બંધને પ્રવાહરૂપે અનાદિમાન માનો તેથી કોઈ બંધ પ્રથમ થયો તેમ માની શકાય નહિ. તેથી પ્રથમ કર્મનો બંધરૂપે પ્રારંભ નથી, અને બંધ સતત થતો હોવા છતાં પ્રથમરૂપે અભૂતિભાવવાળો છે માટે પ્રવાહથી અનાદિમાન બંધ છે તે કથન કઈ રીતે યુક્તિથી સંગત થાય ? એથી કરીને કહે છે –**

(બંધ) અતીતકાળ તુલ્ય છે.

અને તેને સ્પષ્ટ કરતાં કહે છે–

**તે=અતીતકાળ, ખરેખર પ્રવાહથી અનાદિમાન છે અને અનુભૂત વર્તમાનભાવવાળો છે.**

**અતીતકાળ ખરેખર પ્રવાહથી અનાદિમાન છે અને અનુભૂત વર્તમાનભાવવાળો છે તેમાં 'यथोक्तम्' થી સાક્ષી આપે છે –**

જે વર્તમાનત્વને પ્રાપ્ત છે તે અતીત થાય છે અને જે વર્તમાનત્વને પ્રાપ્ત કરશે તે ભવિષ્ય છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અબદ્ધને મુક્તિ નથી. તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે મોક્ષ પામતાં પહેલાં આત્મા કર્મથી બદ્ધ છે, અને આત્મા અનાદિનો છે તેથી તે અનાદિથી કર્મબંધવાળો પણ છે. અને વળી આત્મા કર્મ બાંધે છે, તેથી દરેક કર્મ સાદિ પણ છે. આથી જૈનદર્શન કર્મબંધને પ્રવાહથી અનાદિ માને છે. ત્યાં કોઇ શંકા કરે છે, કે પ્રવાહથી કર્મનો બંધ અનાદિવાળો છે તે કથન યુક્તિથી કઇ રીતે સંગત થઇ શકે ? અર્થાત્ સંગત થઇ ન શકે. તે આ રીતે –

બંધ પદાર્થ એ છે કે પહેલાં આત્મા કર્મથી બંધાયેલો ન હતો અને પાછળથી બંધાયો; કેમ કે કર્મબંધની ભૂતિ=નિષ્પતિ થાય છે. અને જે વસ્તુ નિષ્પન્ન થતી હોય તેને પ્રવાહથી અનાદિમાન સ્વીકારવી કઇ રીતે સંગત થઇ શકે ? એ પ્રકારની શંકા રાખીને મૂળસૂત્રમાં કહ્યું છે કે, પ્રવાહથી અનાદિમાન બંધ અતીત કાળતુલ્ય છે. જેમ અતીતકાળની દરેક ક્ષણો કોઇક કાળમાં વર્તમાનરૂપે ઉત્પન્ન થયેલી તેથી જે ક્ષણમાં તે વર્તમાનરૂપે ઉત્પન્ન થઇ તે ક્ષણમાં તેની ઉત્પતિ હતી તો પણ અતીતકાળ પ્રવાહથી અનાદિમાન છે તે રીતે જીવના પ્રયત્નથી દરેક ક્ષણે કર્મ બંધાય છે તો પણ પ્રવાહથી કર્મબંધ અનાદિનો છે.

**ઉત્થાન :**

અહીં વિચારકને શંકા થાય કે, જીવ પ્રયત્નથી કર્મ બાંધે છે તેથી દરેક કર્મના બંધનો પ્રારંભ છે, માટે કોઇ કર્મો અનાદિનાં નથી એ નક્કી થાય છે. આમ છતાં અતીતકાળના દૃષ્ટાન્તમાત્રથી અતીતકાળની જેમ બંધ પ્રવાહથી અનાદિમાન છે તેમ ગ્રંથકારે સ્થાપન કર્યું. પરંતુ તેમ ન સ્વીકારીએ અને એમ સ્વીકારીએ કે

પ્રથમ જીવ કર્મ વગરનો હતો અને ત્યારપછી તે બંધનો પ્રવાહ ચાલુ છે, તો શું વાંધો ? તેના નિરાકરણ માટે કહે છે –

**ટીકા :**

**किं चाऽबद्धबन्धने प्रथमम्, अमुक्तिर्मुक्त्यभावः। कुतः? इत्याह- पुनर्बन्धप्रसङ्गात्, अबद्धत्वेन हेतुना । तथा चाह-अविशेषो बद्धमुक्तयोरिति । अनादिमति बन्धे मोक्षाभावः तत्स्वाभाविकत्वेनेत्याशङ्कानिरासायाह- अनादियोगेऽपि सति वियोगोऽविरुद्ध एव काञ्चनोपलज्ञातेन, लोके तथा दर्शनात्, योगो बन्ध इत्यनर्थान्तरम् ।**

**ટીકાર્થ :**

અને વળી પ્રથમ અબદ્ધના બંધનમાં મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય. કેમ અબદ્ધના બંધનમાં મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય ? એથી કરીને કહે છે –

ફરી બંધનો પ્રસંગ પ્રાપ્ત થાંય=સાધના કરીને મોક્ષમાં ગયા પછી ફરી બંધનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેમાં હેતુ બતાવે છે– અબદ્ધ હોવાને કારણે ફરી બંધનો પ્રસંગ પ્રાપ્ત થાય અર્થાત્ જેમ પ્રથમ અબદ્ધ હતો ને પછી બદ્ધ થયો તેમ મુક્તિ થયા પછી પણ ફરી બંધનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અને તે રીતે મૂળસૂત્રમાં કહે છે=અબદ્ધના બંધનને સ્વીકારવામાં આવે તો મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય તે રીતે મૂળસૂત્રમાં કહે છે.

બધ્ધ અને મુક્તનો અવિશેષ છે, એથી કરીને મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય એ પ્રકારે 'इति' શબ્દથી દ્યોતિત થાય છે.

અનાદિમાન બંધ હોતે છતે મોક્ષનો અભાવ છે; કેમ કે તત્સ્વાભાવિકપણું =બંધનું સ્વાભાવિકપણું, છે એ પ્રકારની આશંકાના નિવારણ માટે કહે છે –

અનાદિયોગ હોતે છતે પણ કાંચન-ઉપલના દૃષ્ટાન્તથી વિયોગ અવિરુદ્ધ જ છે; કેમ કે લોકમાં તે પ્રકારે દેખાય છે=લોકમાં કાંચન અને ઉપલનો અનાદિ સંયોગ હોવા છતાં વિયોગ થાય છે તે પ્રકારે દેખાય છે.

અહીં પ્રશ્ન થાય કે અનાદિ બંધની વાત ચાલતી હતી ત્યાં અનાદિયોગ હોતે છતે વિયોગ થાય એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

**યોગ અને બંધ એ અનર્થાન્તર છે=એકાર્થવાચી શબ્દ છે.**

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અતીતકાળતુલ્ય પ્રવાહથી અનાદિમાન બંધ છે. તેને બદલે એમ માનીએ કે આત્મા પ્રથમ બંધાયેલો ન હતો અને પાછળથી બંધાયો તો મુક્તિના અભાવની પ્રાપ્તિ થાય.

અહીં પ્રશ્ન થાય કે આત્મા પ્રથમ બંધાયેલો ન હતો, આમ છતાં પાછળથી કર્મબંધ થયો અને સાધના કરીને મોક્ષમાં જાય છે, તેમ માનો તો મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય નહિ. તેથી કહે છે –

કોઈ જીવ સાધના કરીને મોક્ષમાં ગયો અને મુક્ત થયો, તો પણ ફરી તે કર્મ બાંધશે; કેમ કે જેમ પ્રથમ કર્મબંધ ન હતો છતાં કર્મ બાંધ્યાં, તેમ મોક્ષમાં ગયા પછી પણ કર્મબંધ વગરનો આત્મા ફરી કર્મ બાંધશે. તેથી બદ્ધ અને મુક્તમાં સમાનતા આવશે અર્થાત્ અત્યારે જે બદ્ધ છે તે કાલે મુક્ત થઈ શકે છે, અને જે અત્યારે મુક્ત છે તે ફરી કાલે બદ્ધ થઈ શકે છે. તેથી જે જીવો બંધાયેલા છે તેઓ સંસારની વિડંબનાને પામે છે, પરંતુ જેઓ મુક્ત થયા તેઓ સદા માટે સંસારની વિડંબનાથી રહિત છે એમ કહી શકાશે નહિ.

કોઈને શંકા થાય કે, જો કર્મના બંધને અનાદિ સ્વીકારવામાં આવે તો જીવનો કર્મ સાથે બંધરૂપે જ રહેવાનો સ્વભાવ છે તેમ માનવું પડે, તેથી બંધ એ જીવનો સ્વાભાવિક પરિણામ છે તેમ પ્રાપ્ત થાય, અને જે સ્વાભાવિક પરિણામ હોય તે દૂર થઈ શકે નહિ. જેમ ચેતનામાં ચેતનત્વ ધર્મ સ્વભાવ છે તો તેનો અભાવ થઈ શકે નહિ, તે રીતે બંધનો અભાવ થાય નહિ. તેમ સ્વીકારીએ તો મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય. માટે બંધ અનાદિમાન સ્વીકારી શકાય નહિ. આ પ્રકારની આશંકાના નિરાકરણ માટે સૂત્રકાર કહે છે –

અનાદિનો યોગ હોવા છતાં પણ સુવર્ણનાં પત્થરના દૃષ્ટાન્તથી વિયોગ અવિરુદ્ધ છે. આશય એ છે કે લોકમાં દેખાય છે કે સુવર્ણનો પત્થર ખાણમાંથી નીકળે છે ત્યારે મળથી યુક્ત હોય છે, પરંતુ ખાણમાંથી શુદ્ધ સુવર્ણ ક્યારેય પ્રાપ્ત થતું નથી, અને શુદ્ધિની પ્રક્રિયાથી મળરહિત શુદ્ધ સુવર્ણની પ્રાપ્તિ થાય છે. તે રીતે આત્મા પણ અનાદિકાળથી કર્મરૂપ મળના યોગવાળો હોવા છતાં કર્મરૂપ મળનો વિયોગ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

**ઉત્થાન :**

પૂર્વમાં અનાદિમાન બંધ સ્વીકારીને બંધ અને મોક્ષની સંગતિ થાય છે તેમ બતાવ્યું. ત્યાં પૂર્વપક્ષ અનાદિમાન બંધ ન સ્વીકારીને દિદક્ષાથી પણ બંધ અને મોક્ષની સંગતિ કરે છે, તેનું ગ્રંથકાર નિરાકરણ કરે છે.

**સૂત્ર :**

**ण दिदिक्खा अकरणस्स । ण यादिट्ठम्मि एसा । ण सहजाए णिवित्ती। ण निवित्तीए आयट्ठाणं । ण यण्णहा तस्सेसा । ण भव्वत्ततुल्ला णाएणं। ण केवलजीवरूवमेयं । ण भाविजोगावेक्खाए तुल्लत्तं, तदा केवलत्तेण सयाऽविसेसाओ । तहासहावकप्पणमप्पमाणमेव । एसेव दोसो परिकप्पियाए । परिणामभेया बंधादिभेदो त्ति साहू, सव्वणयविसुद्धीए णिरुवचरिओभयभावेणं ।**

**સૂત્રાર્થ :**

**અકરણને દિદૃક્ષા=જોવાની ઇચ્છા, નથી અને અદૃષ્ટમાં આ=દિદૃક્ષા, નથી.**

**અહીં કોઇને શંકા થાય કે અબદ્ધને સહજ દિદૃક્ષા થાય છે. તેના નિરાકરણ માટે કહે છે –**

**સહજ એવી દિદૃક્ષાની નિવૃત્તિ થાય નહિ, અને નિવૃત્તિ માનીએ તો આત્માનું સ્થાન=અસ્તિત્વ રહે નહિ.**

**અહીં પૂર્વપક્ષી કહે કે આત્માથી દિદૃક્ષા જુદી છે, તેથી સાધના કરીને દિદૃક્ષાની નિવૃત્તિ થવા છતાં આત્માનું સ્થાન રહેશે. તેથી કહે છે –**

**અન્યથા=આત્માથી અવ્યતિરિક્ત દિદૃક્ષા ન માનો તો, તેની=આત્માની, આ=દિદૃક્ષા, નથી.**

**અહીં પૂર્વપક્ષી કહે છે કે જેમ ભવ્યત્વ આત્માથી અવ્યતિરિક્ત છે, છતાં સાધનાથી ભવ્યત્વની નિવૃત્તિ થાય છે, તેમ આત્માથી અવ્યતિરિક્ત એવી દિદૃક્ષાની પણ સાધનાથી નિવૃત્તિ થાય છે. તેને ગ્રંથકાર કહે છે –**

**ન્યાયથી=યુક્તિથી ભવ્યત્વતુલ્ય દિદૃક્ષા નથી. (કેમ કે) આ=ભવ્યત્વ, કેવળ જીવરૂપ નથી.**

**અહીં કોઇને પ્રશ્ન થાય કે ભાવિકર્મ સાથે યોગની અપેક્ષાએ ભવ્યત્વનું દિદૃક્ષા સાથે તુલ્યપણું છે. તેનું નિરાકરણ કરતાં કહે છે –**

**ભાવિયોગની અપેક્ષાએ ભવ્યત્વનું તુલ્યપણું નથી; કેમ કે ત્યારે=ભાવિકર્મ સાથે સંયોગનો અભાવ થાય ત્યારે, કેવલપણું હોવાને કારણે=જીવ કર્મરહિત એકલો હોવાને કારણે, સદા અવિશેષ છે=દિદૃક્ષા થયા પહેલાં અને કર્મનાશ થયા પછી સદા અવિશેષ છે.**

**અહીં પૂર્વપક્ષી કહે કે દિદૃક્ષાનો તેવો જ સ્વભાવ છે કે કર્મબંધ પૂર્વે પ્રગટ થાય છે અને સાધના કરીને મોક્ષમાં ગયા પછી દિદૃક્ષા ક્યારેય પ્રગટ થતી નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે –**

**તેવા પ્રકારના સ્વભાવની=ભાવાભાવરૂપ સ્વભાવની, કલ્પના અપ્રમાણ જ છે. આ જ=પ્રમાણાભાવ લક્ષણ જ, પરિકલ્પનામાં દોષ છે.**

**"संसारिणो उ सिद्धत्तं .... परिकप्पियाए" સુધીનાં કથનનું નિગમન કરતાં કહે છે–**

**પરિણામભેદથી=જીવના પરિણામના ભેદથી બંધાદિનો ભેદ છે એ સાધુ છે =સંગત છે; કેમ કે સર્વનયથી વિશુદ્ધિ છે.**

**પૂર્વમાં કહ્યું કે સંસારીનું સિદ્ધપણું છે અને અબદ્ધને મુક્તિ નથી. તેનાથી એ ફલિત થયું કે પરિણામના ભેદથી બંધાદિનો ભેદ માનવો ઉચિત છે. તેમાં યુક્તિ આપી કે સર્વનયની વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી હવે સર્વનયની વિશુદ્ધિ કેમ છે, તેમાં હેતુ કહે છે –**

**નિરુપચરિત ઉભયભાવ હોવાને કારણે સર્વનયની વિશુદ્ધિ છે, એ પ્રકારે અન્વય છે.**

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રવાહથી બંધ અનાદિમાન છે અને તે અનાદિમાન બંધ અતીતકાળ તુલ્ય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે અતીતકાળની દરેક ક્ષણો ભલે વર્તમાનનો

અનુભવ કરીને પ્રવાહથી અનાદિ હોય, પરંતુ બંધને પ્રવાહથી અનાદિમાન ન સ્વીકારીએ તો શું વાંધો ? તેના જવાબરૂપે ગ્રંથકારે કહેલ કે બંધને અનાદિમાન ન માનીએ તો શાશ્વત મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય અને તે રીતે બંધ અને મુક્તિની સમાનતા પ્રાપ્ત થાય. તેથી કઈ રીતે બંધને આદિમાન સ્વીકારી શકાય કે જેથી શાશ્વત મુક્તિની સંગતિ થાય, તે બતાવવા અર્થે પૂર્વપક્ષી જે કહે છે તે બતાવીને તેનું નિરાકરણ કરે છે.

**ટીકા :**

**आदावबद्धस्य दिदृक्षा, बद्धमुक्तस्य तु न सेति दोषाभावादादिमानेव बन्धोऽस्त्वित्याशङ्कापोहायाह-न दिदृक्षाऽकरणस्येन्द्रियरहितस्य, बद्धस्य चैतानि। तथा न चादृष्टे एषा दिदृक्षा, द्रष्टुमिच्छा दिदृक्षेति कृत्वा । सहजैवैषेत्यारेका-निराकरणायाह-न सहजाया निवृत्तिर्दिदृक्षायाः, चैतन्यवत् । अस्तु वेयमित्यभ्युपेत्य दोषमाह-न निवृत्तौ दिदृक्षाया आत्मनः स्थानम्, तदव्यतिरेकात् । तथा चाह-नान्यथा तस्यैषा, आत्मनो दिदृक्षाऽयोगात् । तदव्यतिरेकेऽपि भव्यत्वस्येव तन्निवृत्तौ दोषाभाव इत्याशङ्कापोहायाह-न भव्यत्वतुल्या न्यायेन दिदृक्षा । कुतः? इत्याह-न केवलजीवरूपमेतद् भव्यत्वम् । दिदृक्षा तु केवलजीवरूपेत्यर्थः ।**

**ટીકાર્થ :**

આદિમાં અબદ્ધને દિદક્ષા છે. વળી, બદ્ધમુક્તને તે નથી એથી કરીને દોષાભાવ હોવાથી આદિમાન જ બંધ હો એ પ્રકારની આશંકાના નિવારણ માટે કહે છે અર્થાત્ આદિમાં અબદ્ધ એવા આત્માને દિદક્ષા=જોવાની ઈચ્છા, થાય છે તેથી આત્મા કર્મથી બંધાય છે, અને કર્મથી બંધાયા પછી બંધને કારણે થતી સંસારની કદર્થના જોઈને સાધના કરે છે, ત્યારપછી મુક્ત થાય છે, અને આ રીતે બદ્ધ થઈને જે મુક્ત થયેલા છે તેઓને દિદક્ષા થતી નથી માટે કર્મબંધ નથી. આમ સ્વીકારવાથી સાધના કરીને મુક્ત થયેલાને ફરી કર્મબંધની પ્રાપ્તિરૂપ દોષના અભાવ છે, માટે આદિમાન બંધ છે. એ પ્રકારની આશંકાના નિવારણ માટે સૂત્રકાર કહે છે–

અકરણને=ઈન્દ્રિયરહિતને દિદક્ષા નથી અને બદ્ધને=કર્મથી બંધાયેલાને, આ=ઈન્દ્રિયો, છે અને તે રીતે=કર્મથી બંધાયેલાને ઈન્દ્રિયો છે અને ઈન્દ્રિય

રહિતને દિદક્ષા નથી તે રીતે, અદૃષ્ટ પદાર્થમાં=પૂર્વે નહિ જોયેલા પદાર્થમાં, આ =દિદક્ષા, નથી; કેમ કે જોવાની ઇચ્છા દિદક્ષા છે.

આ દિદક્ષા સહજ જ છે, એ પ્રકારની શંકાના નિરાકરણ માટે સૂત્રમાં કહે છે –

સહજ એવી દિદક્ષાની ચૈતન્યની જેમ નિવૃત્તિ નથી.

અથવા આ દિદક્ષા સહજ હો એ પ્રકારે સ્વીકારીને દોષને કહે છે–

દિદક્ષાની નિવૃત્તિમાં આત્માનું સ્થાન નથી; કેમ કે તેનો=દિદક્ષાનો, અવ્યતિરેક છે=આત્માથી અભેદ છે.

અને તે રીતે કહે છે=આત્માથી દિદક્ષા જુદી નથી તે રીતે કહે છે–

અન્યથા આત્માથી દિદક્ષાનો અભેદ સ્વીકારવામાં ન આવે તો તેની= આત્માની, આ=દિદક્ષા નથી; કેમ કે આત્માને દિદક્ષાનો અયોગ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આત્મા સાથે દિદક્ષાનો અવ્યતિરેક હોવા છતાં પણ =અભેદ હોવા છતાં પણ, ભવ્યત્વની જેમ તેની નિવૃત્તિમાં=દિદક્ષાની નિવૃત્તિમાં, દોષનો અભાવ છે=આત્માના અસ્તિત્વના સ્વીકારના અભાવરૂપ દોષનો અભાવ છે, એ પ્રકારની શંકાને દૂર કરવા માટે કહે છે–

ન્યાયથી દિદક્ષા ભવ્યત્વ તુલ્ય નથી. દિદક્ષા ભવ્યત્વ તુલ્ય કેમ નથી ? એથી કરીને કહે છે –

આ=ભવ્યત્વ, કેવળ જીવરૂપ નથી, વળી, દિદક્ષા કેવળ જીવરૂપ છે એ પ્રકારનો અર્થ છે.

**ઉત્થાન :**

અહીં પૂર્વપક્ષી કહે કે દિદક્ષાથી પ્રકૃતિનો ભાવિમાં યોગ થાય છે, તે અપેક્ષાએ દિદક્ષા ભવ્યત્વ તુલ્ય છે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

**ટીકા :**

**न भावियोगापेक्षया** महदादिभावे तदा **केवलत्वेन** **तुल्यत्वं** दिदृक्षायाः भव्यत्वेन । अत्र युक्तिमाह-**तदा केवलत्वेन** भावियोगाभावे **सदा अविशेषात्**, तथा सांसिद्धिकत्वेन तदूर्ध्वमपि दिदृक्षापत्तिरिति हृदयम् ।

**ટીકાર્થ :**

ભાવિયોગ અપેક્ષાથી=દિદક્ષા પછી ભવિષ્યમાં કર્મનો યોગ થાય છે તે અપેક્ષાથી, મહદાદિભાવ હોતે છતે=પ્રકૃતિના વિકારરૂપ મહદાદિભાવ હોતે છતે, દિદક્ષાનું ભવ્યત્વની સાથે તુલ્યપણું છે એમ ન કહેવું.

અહીં=ભાવિયોગની અપેક્ષાએ દિદક્ષાનું ભવ્યત્વ સાથે તુલ્યપણું નથી એમાં, યુક્તિને કહે છે–

ત્યારે=જીવનો પ્રકૃતિની સાથે યોગ થયો તેની પૂર્વે, કેવલપણું હોવાના કારણે =દિદક્ષાનું કેવલપણું હોવાના કારણે, ભાવિયોગના અભાવમાં=દિદક્ષાના ઉત્તરભાવિ એવા કર્મના યોગના અભાવમાં, સદા અવિશેષ હોવાથી=કર્મબંધ થયો તેના પૂર્વે અને કર્મનો નાશ થયા ત્યાર પછી એ રૂપ સર્વ કાળમાં આત્મા અવિશેષ હોવાથી, ભવ્યત્વની સાથે દિદક્ષાનું તુલ્યપણું નથી એમ અન્વય છે. તે રીતે=કર્મબંધ પૂર્વે શુધ્ધ આત્મામાં દિદક્ષા થઈ તે રીતે, સાંસિદ્ધિકપણું હોવાને કારણે=દિદક્ષાનું સાંસિદ્ધિકપણું હોવાના કારણે, તેના ઊર્ધ્વમાં પણ=કર્મનાશ થયા પછી પણ, દિદક્ષાની આપત્તિ છે એ પ્રકારે તાત્પર્ય છે.

★ 'तदूर्ध्वमपि' માં 'अपि' થી એ કહેવું છે કે કર્મબંધની પૂર્વે તો દિદક્ષા હતી તેમ કર્મનાશ થયા પછી પણ દિદક્ષાની આપત્તિ છે.

**ટીકા :**

एवंस्वभावैवेयं दिदृक्षा या महदादिभावाद् विकारदर्शने केवलावस्थायां निवर्त्तते इत्येतदाशङ्क्याह-तथास्वभावकल्पनं कैवल्याविशेषे प्रक्रमाद दिदृक्षाया भावाभावस्वभावकल्पनमप्रमाणमेव, आत्मनस्तद्भेदापत्तेः प्रकृति-पुरुषाधिकत्वेन तद्भावापत्त्येति गर्भः । अत एवाह-एष एव दोषः प्रमाणा-भावलक्षणः परिकल्पितायां दिदृक्षायामभ्युपगम्यमानायाम्, तथाहि-परिकल्पिता न किञ्चित्, कथं तत्र प्रमाणवृत्तिरिति ।

**ટીકાર્થ :**

આવાસ્વભાવવાળી આ દિદક્ષા છે, જે મહાદાદિભાવથી=કર્મપ્રકૃતિના

વિકારરૂપ મહદાદિભાવથી, વિકારનું દર્શન થયે છતે, કેવલ અવસ્થામાં= કર્મરહિત એવી જીવ અવસ્થામાં, નિવર્તન પામે છે. એ પ્રકારની આશંકા કરીને કહે છે –

કૈવલ્ય અવિશેષ હોતે છતે=કર્મબંધ પૂર્વે અને કર્મનાશ થયા પછી જીવમાં કેવલપણું અવિશેષ હોતે છતે, પ્રક્રમથી દિદક્ષાનું તેવા પ્રકારના સ્વભાવનું કલ્પન =ભાવાભાવ સ્વભાવનું કલ્પન, અપ્રમાણ જ છે; કેમ કે આત્માથી તેના= દિદક્ષાના, ભેદની આપત્તિ હોવાથી=પ્રકૃતિ અને પુરૂષથી અધિકપણા વડે કરીને તદ્ભાવની આપત્તિ હોવાથી=દિદક્ષાનાં સદ્ભાવની પ્રાપ્તિ હોવાથી, દિદક્ષાનાં ભાવાભાવ સ્વભાવનું કલ્પન અપ્રમાણ છે એમ અન્વય છે.

આથી જ કહે છે=દિદક્ષાના તેવા સ્વભાવની કલ્પના અપ્રમાણ છે, આથી જ કહે છે –

પરિકલ્પિત દિદક્ષા સ્વીકારાયે છતે આ જ=પ્રમાણાભાવલક્ષણ જ= પ્રમાણાભાવરૂપ જ દોષ છે.

અને તે પ્રમાણાભાવરૂપ દોષને '**तथाहि**' થી બતાવે છે –

પરિકલ્પિત એવી દિદક્ષા કંઇ નથી=વાસ્તવિક નથી.

ત્યાં=તેવા પ્રકારની દિદક્ષા સ્વીકારવામાં, કેવી રીતે પ્રમાણની વૃત્તિ હોય? અર્થાત્ ન હોય.

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

**ઉત્થાન :**

મૂળસૂત્રમાં '**संसारिणो उ सिद्धतं.....परिकप्पियाए**' સુધીનાં કથનનું નિગમન કરતાં કહે છે –

**ટીકા :**

**तदेवं व्यवस्थिते सति परिणामभेदादात्मन इति प्रक्रमः, बन्धादिभेदो बन्ध-मोक्षभेद इति=एतत् साधु प्रमाणोपपन्नम्, न खल्वन्ययोगवियोगौ विहाय**

**मुख्यः परिणामभेदः, भवाच्च मुक्तिरनादिमांश्च भव इति नीत्या, अत एवाह- सर्वनयविशुद्ध्या अनन्तरोदितं साधु, फलोपदर्शनायाह-निरुपचरितोभय-भावेन, प्रक्रमात् मुख्यबन्धमोक्षभावेन ।**

**ટીકાર્થ :**

આ રીતે વ્યવસ્થિત હોતે છતે=પૂર્વમાં યુક્તિથી સ્થાપ્યું કે પ્રવાહથી અનાદિમાન બંધ છે એ રીતે વ્યવસ્થિ હોતે છતે, આત્માના પરિણામના ભેદ થી બંધાદિનો ભેદ છે=બંધ અને મોક્ષનો ભેદ છે, એ સાધુ છે=પ્રમાણ ઉપપન્ન છે=પ્રમાણ થી ઘટે છે.

ખરેખર અન્યના યોગ અને વિયોગને છોડીને મુખ્ય પરિણામનો ભેદ નથી, અને ભવથી મુક્તિ છે, અને અનાદિમાન ભવ છે, એ પ્રકારની નીતિથી આત્માના પરિણામના ભેદથી, બંધ અને મોક્ષનો ભેદ પ્રમાણ ઉપપન્ન છે એ પ્રકારે અન્વય છે.

આથી જ કહે છે=પરિણામના ભેદથી બંધાદિનો ભેદ પ્રમાણ ઉપપન્ન છે, આથી જ કહે છે –

સર્વનયની વિશુદ્ધિ હોવાથી અનન્તરમાં કહેલું સુંદર છે=પરિણામના ભેદથી બંધાદિનો ભેદ છે એ સુંદર છે.

ફળઉપદર્શન માટે કહે છે=પરિણામના ભેદથી બંધાદિનો ભેદ સ્વીકારવાથી શું પ્રાપ્ત થાય ? એ રૂપ ફળને બતાવવા માટે કહે છે –

નિરુપચરિત ઉભયભાવને કારણે પ્રક્રમથી મુખ્ય બંધ-મોક્ષ ભાવને કારણે, સર્વનયની વિશુદ્ધિ થાય છે, અને સર્વનયની વિશુદ્ધિને કારણે પૂર્વમાં કહેલું કથન સાધુ છે=સુંદર છે એમ અન્વય છે.

**ભાવાર્થ :**

**'आदावबद्धस्य .... केवलजीवरूपेत्यर्थः ।'**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અબદ્ધને કર્મબંધ માનવામાં મુક્તિનો અભાવ પ્રાપ્ત થશે; કેમ કે બદ્ધ અને મુક્તમાં અવિશેષ પ્રાપ્ત થાય છે. તેના નિરાકરણરૂપે કોઈ કહે છે કે,

જીવ પહેલાં અબદ્ધ હતો. પછી તેને દિદક્ષા થઇ તેથી પ્રકૃતિથી બંધાણો, બંધાયા પછી યોગીઓના ઉપદેશાદિથી જાણીને અને બંધાયેલી અવસ્થાની વિષમતા યોગીઓ પાસેથી જાણીને તેમાંથી છૂટવાનો ઉપાય પણ જાણીને તે પ્રમાણે છૂટવાના ઉપાયમાં યત્ન કરે તો બંધથી મુક્ત થાય છે. મુક્ત થયા પછી તેને દિદક્ષાની કદર્થના પૂર્વમાં જણાયેલી હોવાથી ફરી દિદક્ષા થતી નથી. તેથી અબદ્ધને બંધ સ્વીકારવા છતાં સાધના કરીને મુક્ત થયા પછી ફરી કર્મબંધ માનવાનો પ્રસંગ આવે નહિ. આ રીતે અબદ્ધ એવા આત્માને કર્મબંધ સ્વીકારીને મુક્તિની સંગતિ કોઇક કરે છે, તેનું નિરાકરણ કરતાં કહે છે –

ઇન્દ્રિયરહિતને દિદક્ષા હોતી નથી અને કર્મથી બંધાયેલા આત્માને જ ઇન્દ્રિય હોય છે. તેથી પૂર્વમાં આત્મા કર્મથી બદ્ધ ન હતો ત્યારે ઇન્દ્રિયરહિત હોવાથી તેણે કોઇ જ વસ્તુ જોઇ જ નથી. તેથી કોઇ વસ્તુને જોવાની ઇચ્છારૂપ દિદક્ષા પણ થઇ શકતી નથી. માટે પ્રથમ આત્મા કર્મબંધથી રહિત કેવળ આત્મા હતો, અને તેને દિદક્ષા થઇ માટે કર્મથી બંધાયો, તેમ કહી શકાય નહિ.

આશય એ છે કે જે જીવ કર્મથી બંધાયેલો હોય તેને જ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે, અને ઇન્દ્રિયોને કારણે જ વિષયોને જાણવા માટેની કુતુહલવૃત્તિરૂપ દિદક્ષા થાય છે. પરંતુ જે કર્મથી રહિત શુદ્ધ આત્મા છે તેને ઇન્દ્રિય નહિ હોવાથી ઇન્દ્રિયના વિષયને જાણવા વિષયક કુતુહલવૃત્તિસ્વરૂપ દિદક્ષા થઇ શકે નહિ.

વળી, જીવ સામાન્યથી જે પદાર્થ જુએ છે તેને જ વિશેષ જોવાની ઇચ્છા થાય છે, પરંતુ કર્મરહિત એવી કેવલ આત્માની અવસ્થામાં ઇન્દ્રિય નહિ હોવાથી ઇન્દ્રિયોના વિષયભૂત ભાવો સામાન્યથી પણ જોવાયા નથી, તેથી તેને વિશેષથી જોવાની ઉત્સુકતારૂપ દિદક્ષા થઇ શકે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે દિદક્ષા સહજ છે તેથી ઇન્દ્રિયથી જ થાય છે તેવો નિયમ નથી. માટે કર્મરહિત આત્માને પણ દિદક્ષા થઇ શકે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે –

જો દિદક્ષાને સહજ માનો તો દિદક્ષાની નિવૃત્તિ થઇ શકે નહિ. જેમ જીવનો ચૈતન્ય સ્વભાવ સહજ છે પણ કર્મકૃત નથી તેથી ક્યારેય પણ જીવનું ચૈતન્ય નિવર્તન પામતું નથી, તેમ દિદક્ષા પણ સહજ માનીએ તો જીવના સ્વભાવરૂપ જ પ્રાપ્ત થાય, માટે તેની નિવૃત્તિ થઇ શકે નહિ.

આ રીતે દિદક્ષાને સહજ માનીને પણ અબદ્ધ આત્માને કર્મબંધ સ્વીકારી શકાય નહિ તેમ સ્થાપન કર્યું. હવે પૂર્વપક્ષી કહે છે તેમ દિદક્ષાને સહજ માની લઈએ, તો પણ દોષ છે તેમ બતાવે છે –

જીવ સહજ એવી દિદક્ષાથી પ્રકૃતિ સાથે બંધાય છે, અને સાધના કરીને જ્યારે મુકત થાય છે ત્યારે સહજ એવી દિદક્ષાથી મુક્ત થાય છે, તેમ માનો તો આત્માનું સ્થાન રહે નહિ અર્થાત્ આત્માનો અભાવ પ્રાપ્ત થાય, કેમ કે કેવલ આત્મા હતો ત્યારે તેમાં સહજ સ્વભાવરૂપ દિદક્ષા હતી તેથી તે દિદક્ષાનો આત્મા સાથે અભેદ છે તેમ માનવું પડે, અને જ્યારે સાધનાથી દિદક્ષાની નિવૃત્તિ થાય છે ત્યારે આત્માથી અભિન્ન એવી દિદક્ષા નિવૃત્ત થતી હોવાને કારણે આત્માની પણ નિવૃત્તિ થાય છે તેમ માનવું પડે. તેમ સ્વીકારીએ તો મોક્ષ જીવના અભાવ સ્વરૂપ પ્રાપ્ત થાય. અને જો આ દિદક્ષાને આત્માથી જુદી માનીએ તો તે આત્માની દિદક્ષા નથી, કેમ કે આત્માની સાથે દિદક્ષાનો અયોગ છે તેમ માનવું પડે.

આશય એ છે કે જેમ આત્માનું જ્ઞાન તે આત્માથી અવ્યતિરિક્ત છે, તેમ દિદક્ષાને પણ આત્માથી અવ્યતિરિક્ત માનીએ તો દિદક્ષાની નિવૃત્તિથી આત્માની નિવૃત્તિ થાય; અને જેમ આત્માથી કર્મ જુદા છે તેમ આત્માથી દિદક્ષાને જુદી માનો તો તે દિદક્ષા આત્માની નથી, પરંતુ કર્મની જેમ કોઈક આગંતુક પદાર્થ છે તેમ માનવું પડે, અને તેમ માનો તો કર્મબંધ પહેલાં આત્મા કેવલ આત્મા હતો તેથી તેને દિદક્ષા છે તેમ માની શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે જેમ આત્માની સાથે ભવ્યત્વનો અવ્યતિરેક છે, આમ છતાં જીવ જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે ભવ્યત્વ નિવૃત્ત થાય છે તો પણ આત્માનું અવસ્થાન મોક્ષમાં છે, તેમ મોક્ષમાં દિદક્ષાની નિવૃત્તિ થતી હોવા છતાં પણ આત્માનું અવસ્થાન રહેશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે –

ન્યાયથી દિદક્ષા ભવ્યત્વ તુલ્ય નથી; કેમ કે ભવ્યત્વ કેવળ જીવરૂપ=શુધ્ધ જીવરૂપ નથી. જ્યારે પૂર્વપક્ષીના મત પ્રમાણે તો જીવ જ્યારે અબદ્ધ હતો ત્યારે કેવળ જીવ હતો, અને ત્યારે કેવળ એવા જીવને=શુદ્ધ એવા જીવને, દિદક્ષા થઈ. તેથી પૂર્વપક્ષીના મત પ્રમાણે કેવળ જીવને દિદક્ષા પ્રાપ્ત થાય, માટે ભવ્યત્વ સાથે દિદક્ષાનું તુલ્યપણું થાય નહિ.

આશય એ છે કે જૈનદર્શનની માન્યતા પ્રમાણે જીવ કર્મવાળો છે ત્યારે જ જીવમાં પારિણામિક ભાવરૂપ ભવ્યત્વ છે. તેથી ભવ્યત્વ એ કર્મકૃત ભાવ નહિ હોવા છતાં કર્મવાળી અવસ્થામાં વર્તતો જીવનો ભાવ છે, અને આથી કર્મરહિત અવસ્થામાં તે ભવ્યત્વ ભાવ નિવૃત્ત થાય છે. જ્યારે પૂર્વપક્ષી તો પ્રથમ આત્માને અબદ્ધ માને છે અને અબદ્ધ એવા આત્માને દિદક્ષા થઈ એમ સ્વીકારે છે. તેથી દિદક્ષા કેવળ જીવસ્વરૂપ છે તેમ માનવું પડે; અને દિદક્ષાની નિવૃત્તિ થાય તેમ સ્વીકારીએ તો દિદક્ષાની સાથે જીવની પણ નિવૃત્તિ સ્વીકારવી પડે. જ્યારે ભવ્યત્વની નિવૃત્તિ થવા છતાં જીવની નિવૃત્તિ માનવાનો પ્રસંગ આવે નહિ; કેમ કે કેવળ જીવરૂપ ભવ્યત્વ નથી. જ્યારે પૂર્વપક્ષીના મત પ્રમાણે દિદક્ષા તો કેવળ જીવરૂપ છે; કેમ કે પૂર્વપક્ષીએ બંધને આદિમાન સ્વીકારવા માટે કહ્યું છે કે પહેલા આત્મા અબદ્ધ હતો અને તેને દિદક્ષા થઈ, તેથી તે કર્મ સાથે બંધાયો. માટે તેના મત પ્રમાણે દિદક્ષા કેવળ જીવરૂપ છે એ અર્થ ફલિત થાય. તેથી તેના મત પ્રમાણે દિદક્ષાની નિવૃત્તિ સ્વીકારવામાં આવે તો આત્માની નિવૃત્તિ સ્વીકારવાનો પ્રસંગ આવે.

**ભાવાર્થ :**

**'न भावियोगापेक्षया ... हृदयम् ।'**

અહીં પૂર્વપક્ષી કહે કે, પૂર્વમાં આત્મા બદ્ધ ન હતો છતાં તેને વિષયોને જોવાની ઈચ્છારૂપ દિદક્ષા થઈ તેથી તેને કર્મબંધ થયો, અને તે દિદક્ષા ભવ્યત્વતુલ્ય નહિ હોવા છતાં કર્મબંધ થયા પછી જે દિદક્ષા છે તે દિદક્ષા ભવ્યત્વ તુલ્ય છે; કેમ કે ભવ્યત્વ પણ કર્મવાળી અવસ્થામાં જીવમાં વર્તે છે તેમ કર્મબંધ થયા પછી કર્મવાળા જીવમાં દિદક્ષા વર્તે છે, અને જેમ મોક્ષમાં ગયા પછી ભવ્યત્વ નિવર્તન પામે છે છતાં આત્માનું અસ્તિત્વ રહે છે, તેમ મોક્ષમાં ગયા પછી દિદક્ષાનું નિવર્તન થવા છતાં આત્માનું અસ્તિત્વ રહેશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે –

જીવ પહેલાં કર્મબંધ વગરનો હતો પછી દિદક્ષાને કારણે ભાવિમાં કર્મનો યોગ થયો તે અપેક્ષાએ જીવમાં મહદાદિભાવો હોવા છતાં પણ=કર્મના કાર્યરૂપ મહદાદિભાવો હોવા છતાં પણ, ત્યારે=દિદક્ષાથી કર્મબંધ થયો તેની પૂર્વે, દિદક્ષાનું કેવળપણું હોવાના કારણે દિદક્ષાનું ભવ્યત્વ સાથે તુલ્યપણું નથી.

આશય એ છે કે દિદક્ષાથી એક વખત કર્મબંધ થયા પછી જીવમાં જે દિદક્ષા

થાય છે તે દિદક્ષાને ગ્રહણ કરીને વિચારીએ તો દિદક્ષા ભવ્યત્વ સાથે તુલ્ય છે; કેમ કે કર્મબંધ થયા પછી જે દિદક્ષા થઇ છે તે દિદક્ષા કર્મવાળા જીવની પરિણતિ છે. પરંતુ જ્યારે જીવે કર્મ બાંધ્યાં ન હતાં ત્યારે જે સૌ પ્રથમ દિદક્ષા થઇ તે દિદક્ષા કેવળ જીવરૂપ હતી. અને જેમ કર્મબંધ પૂર્વેની અવસ્થામાં અને કર્મબંધવાળી અવસ્થામાં જીવત્વ સમાન છે તેમ કર્મબંધ થયા પછીની દિદક્ષા અને પૂર્વેની દિદક્ષા વ્યક્તિના ભેદથી ભિન્ન હોવા છતાં દિદક્ષારૂપે સમાન છે તેથી ભવ્યત્વતુલ્ય દિદક્ષા નથી કેમ કે ભવ્યત્વ કેવળ કર્મવાળા જીવમાં રહે છે જ્યારે પૂર્વપક્ષીએ કલ્પના કરેલ દિદક્ષા, કર્મવાળા જીવ અને કર્મરહિત જીવમાં પણ રહે છે. માટે ભવ્યત્વની નિવૃત્તિ થવા છતાં સિદ્ધ અવસ્થામાં કેવળ જીવ રહી શકે છે જ્યારે દિદક્ષા તો કર્મવગરના જીવમાં પણ હતી તેથી તે જીવના સ્વભાવરૂપ છે તેમ માનવું પડે. તેથી તેની નિવૃત્તિ સ્વીકારવામાં આવે તો જીવના અસ્તિત્વની નિવૃત્તિ માનવાનો પ્રસંગ આવે.

આ વાતમાં યુક્તિ બતાવતાં કહે છે –

જીવે કર્મબંધ કર્યો તેના પૂર્વે જીવમાં જે દિદક્ષા હતી તે કેવળ હતી અર્થાત્ કર્મ વગરના જીવમાં હતી, તેથી કર્મ વગરના શુધ્ધ આત્મામાં હતી અને જ્યારે જીવમાં કર્મનો યોગ થયો ત્યારે જીવમાં જે દિદક્ષા આવી તે કર્મબંધ વગરની જીવની અવસ્થાની અપેક્ષાએ ભાવિમાં જે કર્મનો યોગ થયો તે કર્મબંધવાળી અવસ્થામાં વર્તતી દિદક્ષા છે અને જ્યારે સાધના કરીને દિદક્ષાથી બાંધેલા કર્મના અભાવની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવ કર્મબંધવાળી અવસ્થાની પૂર્વમાં જેવો કર્મરહિત હતો તેવો જ કર્મનાશ પછી બને છે. તેથી કર્મબંધ પહેલાં જેવો જીવ હતો, અને સાધના કરીને મોક્ષમાં ગયો ત્યારે જેવો જીવ છે, તે બન્ને કાળમાં સદા જીવ સમાન છે. આમ છતાં કર્મબંધ પૂર્વે કેવળ જીવમાં દિદક્ષા આવી તેથી દિદક્ષા એ જીવનો સાંસિદ્ધિક ધર્મ છે અર્થાત્ જીવના સ્વભાવરૂપ ધર્મ છે તેમ માનવું પડે; કેમ કે તે દિદક્ષારૂપ ભાવ અન્ય કોઇથી કરાયેલો નથી પરંતુ શુદ્ધ જીવમાં સહજ રીતે પ્રગટ થયેલો છે. તેથી જેમ કર્મબંધ પૂર્વે આત્મામાં દિદક્ષારૂપ સાંસિદ્ધિક ધર્મ પ્રગટ થયો તેમ સાધના કરીને મોક્ષમાં ગયા પછી પણ દિદક્ષારૂપ સાંસિદ્ધિક ધર્મ પ્રગટ થવાની આપત્તિ આવે. અને તેમ સ્વીકારીએ તો મુક્ત થયેલાને ફરી સંસારની આપત્તિ આવે.

**ભાવાર્થ :**

**एवंस्वभावैवेयं .... प्रमाणवृत्तिरिति ।**

અહીં પૂર્વપક્ષી કહે કે, આ દિદક્ષા એવા સ્વભાવવાળી છે કે પહેલાં કેવળ જીવમાં પ્રગટ થાય છે, અને દિદક્ષાને કારણે જીવ કષાય આદિ કરે છે જેનાથી આ સંસારના સર્વ વિકારો પ્રગટ થાય છે. અને જીવને જ્યારે આ દિદક્ષાની કદર્થના સમજાઇ ગઇ ત્યારે યોગસાધના કરીને તેનું નિવર્તન કરે તો કર્મથી મુક્ત અવસ્થામાં તે ફરી પ્રગટ થતી નથી. આમ સ્વીકારવાથી અનાદિમાન કર્મ માનવાની આવશ્યકતા રહેતી નથી અને શુદ્ધ એવો પણ આત્મા પ્રથમ દિદક્ષાથી કર્મ બાંધે છે અને સાધના પછી જ્યાં સુધી દિદક્ષા વર્તે છે ત્યાં સુધી આ સંસારના પરિભ્રમણનું ચક્ર ચાલે છે, અને જ્યારે સંસારનું વાસ્તવિક સ્વરૂપ અને પોતાના શુદ્ધ આત્માનું સ્વરૂપ યોગીઓના વચનથી તે જીવ જાણે છે, ત્યારે તેને થાય છે કે આ દિદક્ષાએ આ સંસારરૂપ મહાઅનર્થને પેદા કર્યો છે, માટે સાધના કરીને હું દિદક્ષાનો ઉચ્છેદ કરું, જેથી સંપૂર્ણ કર્મરહિત અવસ્થા મને પ્રાપ્ત થાય. અને આ રીતે કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થયા પછી, પૂર્વે દિદક્ષાની કદર્થના જીવે અનુભવેલ હોવાથી, ફરી દિદક્ષાને તે જીવ કરતો નથી, જેથી મુક્ત થયા પછી ફરી સંસારમાં જન્મની આપત્તિ પણ આવતી નથી.

તેને ગ્રંથકાર કહે છે કે તેવા પ્રકારનો દિદક્ષાનો સ્વભાવ કલ્પવો અપ્રમાણરૂપ છે.

આશય એ છે કે કર્મબંધની પૂર્વઅવસ્થામાં કેવળ જીવ છે અને કર્મનાશ પછી પણ કેવળ જીવ છે, તેથી કર્મબંધ પૂર્વે અને કર્મનાશ થયા પછી કેવળ જીવરૂપ અવિશેષ હોતે છતે, પૂર્વમાં દિદક્ષાનો ભાવ થાય છે અને પછી દિદક્ષાનો ભાવ ક્યારેય થતો નથી તેવા સ્વભાવની કલ્પના કરવી અપ્રમાણ છે; કેમ કે આત્માથી દિદક્ષાના ભેદની આપત્તિ છે અર્થાત્ પુરુષ અને પ્રકૃતિ બેય કરતાં જુદો દિદક્ષારૂપ પરિણામ સ્વીકારવાની આપત્તિ છે.

આશય એ છે કે પૂર્વમાં પણ કેવળ આત્મા હતો છતાં તે શુદ્ધ આત્મામાં દિદક્ષા પ્રગટી, અને પછી પણ કેવળ આત્મા છે છતાં ક્યારેય દિદક્ષા પ્રગટતી નથી; તેથી એ પ્રાપ્ત થાય કે દિદક્ષા નામનો કોઇ સ્વતંત્ર પદાર્થ છે, જે પુરુષ કરતાં જુદો છે, અને તે કર્મબંધ પૂર્વે પ્રગટ થયો અને કર્મનાશ થયા પછી તે પ્રગટ થતો નથી. તેથી પુરુષ અને

પ્રકૃતિ એ રૂપ જે બે પદાર્થો સર્વને માન્ય છે તેનાથી ત્રીજા પદાર્થની કલ્પના કરવાનો પ્રસંગ આવે, માટે દિદક્ષાનો તેવો સ્વભાવ=પૂર્વે કેવળજીવમાં દિદક્ષા પ્રગટ થાય છે અને મુક્ત થયા પછી કેવળ જીવ હોવા છતાં દિદક્ષા પ્રગટ થતી નથી તેવો સ્વભાવ, મનાય નહિ.

તેથી એ પ્રાપ્ત થાય કે અનાદિકાળથી જીવ પ્રવાહથી કર્મવાળો છે માટે તેનામાં દિદક્ષા વર્તે છે, અને મુક્ત થયા પછી દિદક્ષા થતી નથી; કેમ કે કર્મવાળી અવસ્થામાં વર્તતો જીવનો દિદક્ષા પરિણામ છે.

પૂર્વમાં કહ્યું કે દિદક્ષામાં ભાવાભાવ સ્વભાવની કલ્પના અપ્રમાણ છે તેને સ્પષ્ટ કરવા માટે કહે છે –

દિદક્ષાની તે પ્રકારની પરિકલ્પનામાં પ્રમાણાભાવ લક્ષણ દોષ છે; કેમ કે પુરુષ અને પ્રકૃતિથી ત્રીજો ભેદ માનનાર કોઈ શાસ્ત્ર વચન નથી, અને શુદ્ધ આત્મામાં દિદક્ષા પહેલાં હોય છે અને પછી નથી હોતી, તેવું પ્રત્યક્ષ ક્યાંય દેખાતું નથી. તેથી શાસ્ત્રવચનના બળથી કે પ્રત્યક્ષ દર્શનના બળથી તેવા સ્વભાવવાળી દિદક્ષા છે તેમ માની શકાય નહિ માટે પ્રમાણાભાવલક્ષણ દોષ છે. અને પરિકલ્પિત એવી તે દિદક્ષા કાંઈ વાસ્તવિક નથી, તેથી ત્યાં પ્રમાણની પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે? અર્થાત્ થઈ શકે નહિ.

**ભાવાર્થ :**

**'तदेवं ..... मोक्षभावेन ।'**

મૂળસૂત્રમાં **'संसारिणो उ सिद्धत्तं .... सदृत्थरहिया'** એ પ્રકારનું કથન શરૂ કર્યું ત્યારથી માંડીને **'परिकप्पियाए'** સુધીના કથનનું નિગમન કરતાં કહે છે –

આ પ્રકારે વ્યવસ્થિત હોતે છતે=સંસારી જ સિદ્ધ થાય છે, અબદ્ધને મુક્તિ નથી એ પ્રકારે વ્યવસ્થિત હોતે છતે, આત્માના પરિણામના ભેદથી બંધાદિનો ભેદ પ્રમાણથી ઘટે છે.

આશય એ છે કે આત્માને અન્યના સંયોગરૂપ પરિણામથી બંધ અને અન્યના વિયોગરૂપ પરિણામથી મોક્ષ નિરુપચરિત છે એ વાત સંગત થાય છે; કેમ કે ભવથી જીવને મુક્તિ થાય છે અને અનાદિ જીવનો ભવ છે એ નીતિથી ભય અને મોક્ષ નિરુપચરિત છે તેથી એ પ્રાપ્ત થાય કે અનાદિકાળથી જીવ, આત્માથી

ભિન્ન એવા કર્મ અને દેહના સંયોગવાળો છે, તે રૂપ કર્મયુક્ત જીવનો પરિણામ અને કર્મરહિત એવો જીવનો જે પરિણામ, આવા બે પરિણામને કારણે જ નિરુપચરિત એવા બંધ અને મોક્ષ ઘટે છે, માટે નિરુપચરિત બંધ અને મોક્ષ એ પ્રમાણથી ઉપપન્ન છે; કેમ કે તેમાં સર્વનયની વિશુદ્ધિ છે. તે આ રીતે–

ભાવઘટને સર્વનયો ઘટરૂપે સ્વીકારે છે, જ્યારે ચિત્રના ઘટને વ્યવહારનય ઘટ કહે છે અથવા ઘટ એ પ્રકારના શબ્દપ્રયોગને પણ ઘટ કહે છે, પરંતુ ભાવઘટને તો વ્યવહારનય પણ ઘટ કહે છે અને નિશ્ચયનય પણ ઘટ કહે છે; કેમ કે ભાવઘટમાં ઘટ શબ્દની અર્થક્રિયા છે. તેથી ભાવઘટને ઘટ કહેવો તે નિરુપચરિત ઘટ પદાર્થ છે, તેથી સર્વનયને ભાવઘટ ઘટરૂપે માન્ય છે. તે રીતે અન્ય સાથેના સંયોગ એ રૂપ બંધ અને અન્ય સાથેના વિયોગરૂપ મોક્ષ એ નિરુપચરિત પદાર્થ છે, માટે તે નિરુપચરિત પદાર્થને બધા નયો સ્વીકારે છે. તેથી અન્યના સંયોગથી બંધ અને અન્યના વિયોગથી મોક્ષ એ સ્વીકારવામાં સર્વનયની વિશુદ્ધિ છે માટે એ કથન પ્રમાણભૂત છે.

જોકે નિશ્ચયનય સંસાર અવસ્થામાં પણ આત્માને કર્મથી જુદો માને છે, પરંતુ તે શુદ્ધ આત્માને જોનાર નિશ્ચયનય છે, જ્યારે અહીં તો બંધ પદાર્થ શું ચીજ છે અને મોક્ષ પદાર્થ શું ચીજ છે તેને જોનારો નિશ્ચયનય છે. અને અન્યનો સંયોગ તે બંધ અને અન્યનો વિયોગ તે મોક્ષ તેવો અર્થ કરીએ તો બંધ શબ્દની અર્થક્રિયા બંધમાં ઘટે છે, અને મોક્ષ શબ્દની અર્થક્રિયા મોક્ષમાં ઘટે છે, તેથી નિશ્ચયનય અન્યના સંયોગને બંધ અને અન્યના વિયોગને મોક્ષ સ્વીકારે છે અને વ્યવહારનય પણ તેમ સ્વીકારે છે તેથી સર્વનય અન્યના સંયોગને બંધરૂપે સ્વીકારે છે અને અન્યના વિયોગને મોક્ષરૂપે સ્વીકારે છે. ફક્ત વ્યવહારનય જેમ કર્મના સંબંધને બંધ માને છે તેમ કોઈને લોઢાની બેડીમાં નાંખવામાં આવે તો તેને પણ બંધ કહે છે, અને કર્મની બેડીમાંથી છૂટ્યો ત્યારે હું મુક્ત થયો એમ પણ કહે છે; જ્યારે નિશ્ચયનય તો આત્મા સાથે અન્યના સંયોગને બંધ કહે છે અને અન્યના વિયોગને મોક્ષ કહે છે, જે વ્યવહારનયને પણ માન્ય છે. અને આવો બંધ-મોક્ષ સ્વીકારવાથી નિરુપચરિત એવા બંધ-મોક્ષની પ્રાપ્તિ થઈ, તેથી સર્વનયની વિશુદ્ધિ છે. અને સર્વનયની વિશુદ્ધિ હોવાને કારણે બંધ અને મોક્ષ પ્રમાણ-ઉપપન્ન છે, એ પ્રકારે ટીકામાં જોડાણ છે.

ટીકામાં કહ્યું કે ફળઉપદર્શન માટે કહે છે– અને ફળઉપદર્શન બતાવતાં કહ્યું કે નિરુપચરિત ઉભયભાવ છે. તેનો આશય એ છે કે મૂળસૂત્રમાં "સંસારીનું સિદ્ધપણું છે અને અબદ્ધને મુક્તિ નથી" તેમ કહ્યું, તેથી નિરુપચરિત બંધ-મોક્ષની પ્રાપ્તિ થઇ, તે ફળ ઉપદર્શનરૂપ છે. અને આવું ફળ બતાવવાથી બધા નયોની વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને જે બધા નયોને માન્ય હોય તેવું કથન પ્રમાણ ઉપપન્નરૂપ છે, એ પ્રકારે ટીકામાં જોડાણ છે.

**અવતરણિકા :**

**एवं द्रव्यास्तिकमतमधिकृत्य कृता निरूपणा, पर्यायास्तिकमतमधिकृत्याह–**

**અવતરણિકાર્થ :**

**આ રીતે=મૂળ સૂત્રમાં संसारिणो उ सिद्धत्तं .... सद्दत्थरहिया આ કથન કર્યું ત્યારથી માંડીને णिरुवचरिओभयमार्वेणं અત્યારસુધી જે કથન કર્યું એ રીતે, દ્રવ્યાસ્તિકમતને આશ્રયીને બંધ અને મોક્ષની નિરૂપણા કરાઇ. પર્યાયાસ્તિકમતને આશ્રયીને બંધ અને મોક્ષની નિરૂપણા કરતા સૂત્રકાર કહે છે –**

**ભાવાર્થ :**

દ્રવ્યાસ્તિકનય આત્મદ્રવ્યને જેમ સ્વીકારે છે તેમ આત્માથી પૃથક્ કર્મને પણ પુદ્ગલદ્રવ્યરૂપે સ્વીકારે છે, અને તે બેના સંયોગથી બંધ અને મોક્ષની વ્યવસ્થા માને છે, તે વાત અત્યાર સુધીના નિરુપણથી ગ્રંથકારે કરી. હવે પર્યાયાસ્તિકનયને આશ્રયીને બંધ અને મોક્ષનું નિરુપણ કરે છે. પર્યાયાસ્તિકનય આત્માથી અપૃથક્ભૂત કર્મને માને છે અને આથી પર્યાયાસ્તિકનય ઉપર ચાલનાર નિશ્ચયનય રાગાદિપરિણામરૂપ ભાવકર્મને કર્મ તરીકે સ્વીકારે છે, પરંતુ આત્માથી સ્વતંત્ર પુદ્ગલદ્રવ્યને કર્મ તરીકે સ્વીકારતો નથી; અને પર્યાયાસ્તિકનય ઉપર ચાલનાર મુખ્ય રીતે બૌદ્ધમત છે અને તેની કર્મવિષયક જે એકાંત માન્યતા છે, તેનું ખંડન કરીને આત્માથી સ્વતંત્ર કર્મદ્રવ્યને સ્વીકારીએ તો બંધ અને મોક્ષની વ્યવસ્થા થાય, તે વાત હવે પછી ગ્રંથકાર બતાવે છે –

**સૂત્ર :**

**ण अप्पभूयं कम्मं । ण परिकप्पियमेयं । ण एवं भवादिभेदो । ण भवाभावो उ सिद्धी, ण तदुच्छेदे अणुप्पाओ । ण एवं समंजसत्तं । णाणादिमं**

भवो । ण हेउफलभावो । तस्स तहासहावकप्पणमजुत्तं, णिराहारन्नयत्तओ णिओगेणं । तस्सेव तहाभावे जुत्तमेयं । सुहुममट्ठपयं। विचिंतियव्वं महापण्णाए त्ति ।

**સૂત્રાર્થ :**

આત્મભૂત કર્મ નથી. આ=કર્મ, પરિકલ્પિત નથી.

કર્મ આત્મભૂત કે પરિકલ્પિત કેમ નથી ? એથી કરીને કહે છે–

આ રીતે=આત્મભૂત કે પરિકલ્પિત કર્મ માનવામાં આવે એ રીતે, ભવાદિનો ભેદ નથી.

★ 'भवादि' માં 'आदि' પદથી મોક્ષનું ગ્રહણ કરવાનું છે.

વળી, ભવનો અભાવ સિદ્ધિ=મોક્ષ નથી; કેમ કે તેના=ભવના, ઉચ્છેદમાં અનુત્પાદ નથી=ઉત્પાદ છે.

અહીં પૂર્વપક્ષી પ્રશ્ન કરે કે અનુત્પાદ માનીએ તો શું વાંધો ? તો ગ્રંથકાર કહે કે, જો વિદ્યમાનનો ઉચ્છેદ થઇ શકે તો અવિદ્યમાન પણ ઉત્પન્ન થાય, તો શું વિરોધ આવે ? તેની સામે ફરી પૂર્વપક્ષી કહે કે તેમ સ્વીકારી લઇએ તો શું વાંધો ? અર્થાત્ જો વિદ્યમાનનો ઉચ્છેદ થાય તો અવિદ્યમાન પણ ઉત્પન્ન થાય તેમ સ્વીકારી લઇએ, તો શું વાંધો ? તેના નિરાકરણ અર્થે ગ્રંથકાર કહે છે –

આ રીતે=જે અસદ્ હોય તે ઉત્પન્ન થાય એ રીતે, સમંજસપણું નથી.

સમંજસપણું કેમ નથી ? એથી કહે છે–

અનાદિમાન ભવ નથી=જે અસદ્ હોય તે ઉત્પન્ન થાય છે તેમ માનીએ તો અનાદિમાન ભવ નથી.

અહીં પ્રશ્ન થાય કે અનાદિમાન ભવ નથી એમ સ્વીકારીએ તો શું વાંધો ? એથી કહે છે –

હેતુફળભાવ નથી=આદ્ય ક્ષણ ફળ નથી અને ચરમક્ષણ હેતુ નથી તેમ માનવું પડે. પૂર્વપક્ષી કહે કે આદ્યક્ષણ કોઇનું કાર્ય નથી અને ચરમક્ષણ કોઇનું કારણ નથી તેમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે–

તેનો=પદાર્થનો, તેવો સ્વભાવ=કંઇ ન હોય ને ઉત્પન્ન થાય છે અને હોય

**તે સર્વથા નાશ થાય છે તેવો સ્વભાવ, કલ્પવો અયુક્ત છે; કેમ કે નિયોગથી =નક્કી, નિરાધાર અન્વયપણું છે.**

**અહીં પ્રશ્ન થાય કે, શું માનીએ તો આત્માનો તથાસ્વભાવ સ્વીકારી શકાય? તેથી કહે છે –**

**તેના જ=આત્મદ્રવ્યના જ, તથાભાવમાં=કર્મરહિત ભવના અભાવરૂપ ભાવમાં, આ=તથાસ્વભાવ, કલ્પવો એ યુક્ત છે.**

**અહીં પ્રશ્ન થાય કે, કેવી રીતે નક્કી થઇ શકે કે આત્માના જ તથાભાવમાં તથાસ્વભાવ કલ્પવો યુક્ત છે ? અને પૂર્વમાં જે રીતે પૂર્વપક્ષીએ તથાસ્વભાવ કહ્યો તે રીતે તથાસ્વભાવ કલ્પવો અયુક્ત છે તેથી કહે છે–**

**અર્થપદ સૂક્ષ્મ છે=પદાર્થના તાત્પર્યને બતાવનાર એવું તથાસ્વભાવ-કલ્પનરૂપ અર્થને કહેનારૂ પદ સૂક્ષ્મ છે, (માટે) મહાપ્રજ્ઞાથી ચિંતવન કરવું જોઇએ.**

**ઉત્થાન :**

પર્યાયાસ્તિકનય આત્માથી પૃથક્ભૂત કર્મ નથી માનતો તેથી પર્યાયાસ્તિકનય ઉપર ચાલનાર બૌદ્ધનો એક મત કર્મને આત્મભૂત માને છે અને બૌદ્ધનો અન્યમત પરિકલ્પિત માને છે. તે બન્નેનું પ્રથમ નિરાકરણ કરે છે.

**ટીકા :**

**नात्मभूतं कर्म, न बोधस्वलक्षणमेवेत्यर्थः, तथा न परिकल्पितमसदेवैतत् कर्म वासनादिरूपम् । कुतः? इत्याह-नैवं भवादिभेदः । आत्मभूते परिकल्पिते वा कर्मणि बोधमात्राविशेषेण क्षणभेदेऽपि मुक्तक्षणभेदवन्न भवाऽपवर्गविशेषः।**

**ટીકાર્થ :**

આત્મભૂત=બોધસ્વલક્ષણ જ, કર્મ નથી અને પરિકલ્પિત=અસદ્ જ, આ =વાસનાદિરૂપ કર્મ નથી. કેમ નથી ? એથી કરીને કહે છે –

આ રીતે=આત્મભૂત અથવા પરિકલ્પિત કર્મ માનીએ એ રીતે, ભવાદિનો ભેદ નથી=ભવ અને મોક્ષનો ભેદ નથી.

કેમ ભવાદિનો ભેદ નથી તે સ્પષ્ટ કરે છે –

**આત્મભૂત અથવા પરિકલ્પિત કર્મ હોતે છતે, બોધમાત્રનો અવિશેષ હોવાને કારણે ક્ષણભેદમાં પણ મુક્ત ક્ષણના ભેદની જેમ અર્થાત્ મુક્તની પ્રથમ ક્ષણ અને મુક્તની બીજી ક્ષણમાં જેમ ક્ષણ સિવાય અન્ય ભેદ નથી તેમ ભવ અને મોક્ષનો ભેદ નથી.**

**ભાવાર્થ :**

**नात्मभूतं कर्म .....**

પર્યાયાસ્તિકનય, નિશ્ચયનયની દૃષ્ટિથી પદાર્થને જુએ છે અને તે માને છે કે જીવદ્રવ્ય અને કર્મદ્રવ્ય બે સ્વતંત્ર છે, અને કોઈ દ્રવ્ય પોતાનો પરિણામ અન્યને આપતું નથી, તેથી કર્મનો પરિણામ આત્માને પ્રાપ્ત થતો નથી કે આત્માનો પરિણામ કર્મને પ્રાપ્ત થતો નથી. તો પછી સંસાર અને મોક્ષની વચ્ચે ભેદ કઈ રીતે સંગત થાય ? તે બતાવવા માટે અશુદ્ધ નિશ્ચયનય આત્માના અશુદ્ધ ભાવોને સ્વીકારે છે, અને તે અશુદ્ધ નિશ્ચયનયની એકાંત દૃષ્ટિથી ચાલનાર બૌદ્ધમત કહે છે કે, આત્મભૂત કર્મ છે પરંતુ આત્માથી સ્વતંત્ર પુદ્ગલદ્રવ્યરૂપ કર્મ નથી, અને તે આત્મભૂત કર્મ કેવા સ્વરૂપવાળું છે ? તો કહે છે– બોધસ્વલક્ષણરૂપ જ તે કર્મ છે.

બૌદ્ધનો અન્યમત કહે છે કે આ કર્મ વાસનાદિરૂપ છે અને તે અસત્ છે અર્થાત્ પરિકલ્પિત છે. આશય એ છે કે, વાસ્તવમાં જીવ જ્ઞાનસ્વરૂપ છે, અને જીવને પોતાનું અજ્ઞાન હોવાને કારણે હું કર્મથી બંધાયેલો છું એવા પ્રકારની મિથ્યાવાસના છે. વાસ્તવિક મિથ્યાવાસના એ જીવનું સ્વરૂપ નથી પરંતુ તે પરિકલ્પિત એવું જીવનું સ્વરુપ છે એમ બૌદ્ધનો બીજો મત કહે છે

બૌદ્ધનો પ્રથમ મત બોધરૂપ જ કર્મ કહે છે અને બૌદ્ધનો બીજો મત મિથ્યાવાસનારુપ પરિકલ્પિત કર્મ કહે છે.

બૌદ્ધની આ બન્ને માન્યતાઓનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે –

જો આવું સ્વીકારીએ તો ભવ અને મોક્ષનો ભેદ રહે નહિ. ભવ અને મોક્ષનો ભેદ કેમ રહે નહિ ? તે સ્પષ્ટ કરતાં કહે છે કે, જો કર્મને આત્મભૂત માનીએ તો એ અર્થ

પ્રાપ્ત થાય કે જીવથી અતિરિક્ત કર્મરૂપ કોઈ વસ્તુ નથી, પરંતુ બોધરૂપ જીવ છે અને સંસારમાં પણ તે જીવ બોધસ્વરૂપ જ છે અને મોક્ષમાં પણ તે જીવ બોધસ્વરૂપ જ છે; કેમ કે આત્મભૂત કર્મ સ્વીકારવામાં આત્માથી અતિરિક્ત કર્મ પ્રાપ્ત થતું નથી. વળી, પરિકલ્પિત કર્મ સ્વીકારવામાં પણ આત્માથી અતિરિક્ત કર્મ પ્રાપ્ત થતું નથી. જેમ કોઈ જીવ મોક્ષમાં ગયો તેની પ્રથમ ક્ષણ અને બીજી ક્ષણમાં ક્ષણકૃત ભેદ છે, પરંતુ પ્રથમ ક્ષણમાં પણ બોધસ્વરૂપ આત્મા છે અને બીજી ક્ષણમાં પણ બોધસ્વરૂપ આત્મા છે, તેથી મુક્ત આત્માની પ્રથમ ક્ષણ અને બીજી ક્ષણમાં પ્રથમ ક્ષણ અને બીજી ક્ષણકૃત માત્ર ભેદ છે, તે સિવાય અન્ય ભેદ નથી, તેમ સંસારઅવસ્થામાં અને મુક્તઅવસ્થામાં પણ કેવળ બોધરૂપ આત્મા છે, પરંતુ ક્ષણકૃત ભેદ સિવાય અન્ય કોઈ સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થારુપ ભેદ નથી. તેથી સંસાર અને મુક્ત અવસ્થા વચ્ચેનો ભેદ માત્ર ક્ષણકૃત ભેદ જેવો ભેદ છે, પણ ભવ અને અપવર્ગ = મોક્ષ, જેવો ભેદ નથી; કેમ કે સંસારઅવસ્થામાં પણ આત્મભૂત કર્મ સ્વીકારનારના મતે બોધથી અતિરિક્ત કર્મ નથી અને પરિકલ્પિત કર્મ સ્વીકારનારનાં મતે પણ વાસ્તવિક કર્મ નથી, પરંતુ કલ્પનાકૃત જ કર્મ છે. માટે બન્ને મત પ્રમાણે ભવઅવસ્થામાં આત્મા બોધરૂપ છે અને મુક્તઅવસ્થામાં પણ આત્મા બોધરૂપ છે. તેથી ભવ અને મોક્ષ એ શબ્દમાત્રરૂપ કથન છે, વાસ્તવિક બોધરૂપ આત્મામાં, આ સંસારી અને આ મુક્ત એ રૂપ ભેદ સ્વીકારવામાં, ભેદક કોઈ વસ્તુ નથી.

**ઉત્થાન- :**

પૂર્વમાં આત્માથી પૃથક્કર્મ માન્યા વગર બંધ અને મોક્ષની સંગતિ થઈ શકે નહિ તેનું સ્થાપન કર્યું. હવે બૌદ્ધનો એક મત સંતાનના ઉચ્છેદરૂપ મોક્ષ કહે છે તેનું નિરાકરણ કરીને કર્મરહિત શુદ્ધ આત્માનું અસ્તિત્વ જ મોક્ષ છે તે સ્થાપન કરવા માટે કહે છે –

**ટીકા :**

**तथा न भवाभाव एव सिद्धिः सन्तानोच्छेदरूपा प्रध्यातप्रदीपोपमा । अत्र युक्तिमाह-न तदुच्छेदेऽनुत्पादः, न सन्तानोच्छेदेऽनुत्पादस्तस्यैव, किं तर्हि ? उत्पाद एव, यथाऽसौ सन्नुच्छिद्यते, एवमसन्नप्युत्पद्यतामिति को विरोधः? यद्येवं ततः किम् ? इत्याह-नैवं समञ्जसत्वं न्यायोपपन्नत्वम् । कथम् ? इत्याह-एवं हि**

नानादिमान् भवः संसारः, कदाचिदेव सन्तानोत्पत्तेः। तथा न हेतुफलभावः, चरमाऽऽद्यक्षणयोरकारण-कार्यत्वात् । पक्षान्तरनिरासायाह-तस्य तथास्वभाव-कल्पनमयुक्तम् । कुतः? इत्याह-निराधारान्वयत्वतो नियोगेन, अयमत्र भावार्थः- स्वो भाव इत्यात्मीया सत्ता स्वभावः। एवं च स निवृत्तिस्वभाव इति निराधारान्वयकृतो यद्वाऽन्वयाभावस्तन्निवृत्तेस्तत्त्वादिति । नियोगग्रहणम् 'अवश्यमिदमित्थम्, अन्यथा शब्दार्थायोगात्' इति ख्यापनार्थम् । एवमाद्यक्षणेऽपि भावनीयम् । अत एवाह- **तस्यैव तथाभावे युक्तमेतत्** तथास्वभावकल्पनमिति **सूक्ष्ममर्थपदमेतद** भावगम्यत्वात्, **विचिन्तितव्यं महाप्रज्ञया**, अन्यथा ज्ञातुमशक्यत्वादिति ।

**ટીકાર્થ :**

तथा=અને, ભવનો અભાવ જ સિદ્ધિ નથી.

અહીં 'एव' કારથી શું પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

પ્રધ્યાત પ્રદીપની ઉપમા જેવો સંતાનઉચ્છેદરૂપ ભવનો અભાવ જ સિદ્ધિ નથી, પરંતુ કર્મના સંયોગરૂપ ભવનો અભાવ હોતે છતે શુદ્ધ આત્માના સંતાનરૂપ સિદ્ધિ છે, એ અર્થ મૂળસૂત્રમાં 'उ' શબ્દ 'एव' કારાર્થક છે તેનાથી પ્રાપ્ત થાય છે.

અહીંયાં=સંતાનના ઉચ્છેદરૂપ મોક્ષ નથી એમ માનવામાં યુક્તિને કહે છે –

તેના ઉચ્છેદમાં=ભવરૂપ સંતાનના ઉચ્છેદમાં, અનુત્પાદ નથી.

તે પદાર્થ સ્પષ્ટ કરે છે –

સંતાનના ઉચ્છેદમાં તેનો જ=આત્માનો જ, અનુત્પાદ નથી.

તો શું છે ? તેથી કહે છે –

ઉત્પાદ જ છે અર્થાત્ ભવરૂપે સંતાનનો ઉચ્છેદ હોવા છતાં ભવના અભાવરૂપ શુદ્ધ આત્માના સંતાનનારૂપે ઉત્પાદ જ છે=ઉત્પત્તિ જ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સંતાનના ઉચ્છેદરૂપ જ સિદ્ધિ માનીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકાર કહે છે –

જે રીતે આ=ભવમાં સત્ એવો આત્મા, ઉચ્છેદ પામે છે, એ રીતે જે આત્મા નથી એવો અસત્ પણ ઉત્પન્ન થાય એ પ્રમાણે સ્વીકારવામાં તારા મતમાં શું વિરોધ થશે ? અર્થાત્ તારા મત પ્રમાણે જેમ સંતાનનો ઉચ્છેદ થાય છે તેમ શૂન્યમાંથી ભવરૂપ સંતાનની ઉત્પત્તિ પણ માનવાનો પ્રસંગ આવશે.

અહીં પૂર્વપક્ષી કહે કે, જો આમ છે=જેમ સંતાનના ઉચ્છેદથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તેમ અસત્ પણ સંતાનની ઉત્પત્તિ થાય એમ છે તેમ સ્વીકારીએ તેથી શું=તેમાં શું વાંધો ? એથી કરીને સૂત્રકાર કહે છે –

આ રીતે=હોય તે ઉચ્છેદ થાય અને ના હોય તે ઉત્પન્ન થાય એ રીતે, સમંજસપણું નથી=ન્યાયથી ઘટતું નથી.

કેમ ન્યાયથી ઘટતું નથી ? એથી કરીને કહે છે –

આ રીતે=જે ન હોય તે ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારીએ એ રીતે, અનાદિમાન ભવ=સંસાર નથી; કેમ કે ભવના સંતાનની ક્યારેક જ ઉત્પત્તિ છે. तथा=તે રીતે =કયારેક સંતાનની ઉત્પત્તિ થાય છે અને કયારેક સંતાનનો ઉચ્છેદ થાય છે તેમ સ્વીકારીએ તે રીતે, હેતુફળભાવ નથી; કેમ કે ભવની ચરમક્ષણ અકારણ છે અને ભવની આદ્યક્ષણ અકાર્યરૂપ છે.

અહીં કોઈ કહે કે, પદાર્થનો તેવો જ સ્વભાવ છે કે પ્રથમ અસદ્ હોવા છતાં ઉત્પન્ન થાય, અને ચરમ ક્ષણે સત્ પણ અસત્ થઈ જાય, તેમ માનો તો શું વાંધો ?

આવા પ્રકારના પક્ષાન્તરના નિરાસ=નિરાકરણ માટે સૂત્રકાર કહે છે–

તેનો=પદાર્થનો, તેવો સ્વભાવ કલ્પવો=પ્રથમ ક્ષણમાં વગર કારણે ઉત્પન્ન થાય છે તેવો સ્વભાવ, અને ચરમક્ષણનું કોઈ કાર્ય નથી તેવો સ્વભાવ કલ્પવો અયુક્ત છે.

ઉપર દર્શાવ્યો તેવો સ્વભાવ કલ્પવો કેમ અયુક્ત છે ? એથી કરીને કહે છે–

નિયોગથી નિરાધાર અન્વય હોવાના કારણે તેવો સ્વભાવ કલ્પવો અયુક્ત છે.

અહીં=નિરાધાર અન્વય છે એ કથનમાં આ=આગળમાં કહેવાશે એ, ભાવાર્થ છે. સ્વનો ભાવ, એટલે આત્મીય સત્તા=સ્વભાવ. અહીં ભાવ શબ્દ સત્તા અર્થમાં છે, તેથી સ્વભાવનો "પોતાની સત્તા" એવો અર્થ થાય છે. અને આ રીતે=પૂર્વપક્ષીએ આત્માનો તથાસ્વભાવ કલ્પ્યો એ રીતે, તે=આત્મા નિવૃત્તિસ્વભાવવાળો છે, એથી કરીને નિરાધાર અન્વય કરાયો.

અથવા અન્વયનો અભાવ છે; કેમ કે તેની નિવૃત્તિનું=આત્માની નિવૃત્તિનું, તત્પણું છે=અન્વય અભાવપણું છે.

'इति' શબ્દ 'अयमत्र भावार्थः' ના કથનની સમાપ્તિ અર્થક છે.

સૂત્રમાં 'નિયોગ'ના ગ્રહણથી શું અર્થ પ્રાપ્ત થાય છે તે બતાવે છે—

અવશ્ય આ=તથાસ્વભાવ કલ્પવો એ, આવો છે=નિરાધાર અન્વયવાળો છે. અન્યથા=નિરાધાર અન્વયવાળો ન માનો તો શબ્દાર્થનો અયોગ છે= તથાસ્વભાવરૂપ શબ્દના અર્થનો અયોગ છે, એવું બતાવવા માટે 'નિયોગ'નું ગ્રહણ છે.

આ રીતે=જેમ ચરમક્ષણમાં નિયોગથી, નિરાધાર અન્વય દોષ બતાવીને અકારણત્વની સિદ્ધિ કરી એ રીતે, આદ્યક્ષણમાં પણ=અસત્ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવાથી પ્રાપ્ત થતી આદ્યક્ષણમાં પણ, ભાવન કરવું=જેમ તથાસ્વભાવ કલ્પવામાં નિયોગથી નિરાધાર અન્વયરૂપ દોષ બતાવીને ચરમક્ષણમાં અકારણત્વનું ભાવન કર્યું તેમ આદ્યક્ષણ પણ અકાર્યરૂપ છે એ પ્રમાણે ભાવન કરવું.

अत एव=આથી જ=પૂર્વમાં સ્થાપન કર્યું કે પૂર્વપક્ષીએ જે રીતે તથાસ્વભાવની કલ્પના કરી તે અયુક્ત છે તો વિચારકને પ્રશ્ન થાય કે હવે શું યુક્ત છે ? એથી જ કહે છે –

તેના જ=આત્માના જ, તથાભાવમાં=ભવના અભાવરૂપ ભાવમાં, આ= તથાસ્વભાવ કલ્પવો, इति=એ યુક્ત છે આ=તથાસ્વભાવના કલ્પનરૂપ પદ સૂક્ષ્મઅર્થપદ=સૂક્ષ્મઅર્થને બતાવનાર પદ, છે.

આ અર્થપદ સૂક્ષ્મ કેમ છે? તેમાં હેતુ કહે છે— ભાવગમ્ય છે. માટે મહાપ્રજ્ઞાથી

**ચિંતવન કરવું જોઈએ; કેમ કે અન્યથા=મહાપ્રજ્ઞા વગર, જાણવું અશક્ય છે.**

***ભાવાર્થ :***

બૌદ્ધના ચાર મતો છે અને તે ઋજુસૂત્રાદિ પાછળના ચાર નય ઉપર ચાલનારા છે. તેમાં જે મત મોક્ષમાં આત્માને આલયવિજ્ઞાનરૂપ સ્વીકારે છે તેઓ કહે છે કે, આત્મા ક્ષણિક હોવા છતાં પ્રતિક્ષણ તેનું સંતાન ઉત્પન્ન થયા કરે છે, અને સાધના કરીને મોક્ષ મળે ત્યારે પ્રવૃત્તિવિજ્ઞાનનું સંતાન ચાલ્યું જાય છે અને આલયવિજ્ઞાનનું સંતાન ચાલે છે, તે મોક્ષ છે.

આશય એ છે કે આત્મા બૌદ્ધમત પ્રમાણે ક્ષણિક છે, આમ છતાં પોતાની ઉત્તરમાં પોતાના સંતાનને પેદા કરે છે. જેમ દીવાની જ્યોત પોતાની ઉત્તરમાં પોતાના સદૃશ અન્ય દીવાની જ્યોતને પેદા કરે છે, તેમ આત્મા ક્ષણિક હોવા છતાં પોતાની ઉત્તરમાં પોતાના સંતાનને પેદા કરે છે. વસ્તુતઃ પ્રતિક્ષણ નવી જ્યોત હોય છે પણ સદૃશતાને કારણે આ તે જ જ્યોત છે તેમ ભાસે છે. તે રીતે જ્યોતની જેમ આત્મા પ્રતિક્ષણ નવો નવો ઉત્પન્ન થાય છે તો પણ પોતાના સંતાનમાં 'હું તે જ છું' તેમ ભાસે છે, તેથી આત્માને 'હું નિત્ય છું' તેમ લાગે છે. તેથી આત્મા પ્રત્યે સ્નેહ થાય છે અને પોતાના સુખના ઉપાય માટે આ સંસારની સર્વ પ્રવૃત્તિઓ છે તેવું જ્ઞાન તેને થાય છે. તેથી આત્મામાં બાહ્યપ્રવૃત્તિ કરાવે તેવો, પ્રવૃત્તિવિજ્ઞાનનો પ્રવાહ ચાલે છે, અને તે પ્રવાહ સંસારઅવસ્થામાં છે અને જ્યારે આત્માને જ્ઞાન થાય છે કે 'હું ક્ષણિક છું' અને તે ક્ષણિકનું જ્ઞાન પણ માત્ર શબ્દજ્ઞાનથી ચરિતાર્થ થતું નથી પરંતુ સાધના કરીને જ્યારે ક્ષણિકઆત્માનો બોધ સ્પષ્ટ પ્રગટે છે, ત્યારે પોતે ક્ષણિક હોવાથી આત્મા પ્રત્યેનો સ્નેહ રહેતો નથી. અને આત્માના સ્નેહના ઉચ્છેદને કારણે રાગ વગરનો થયેલો આત્મા પ્રવૃત્તિ કરવાના પરિણામવાળો નથી; કેમ કે રાગથી પ્રવૃત્તિ થાય છે. અને આ પ્રવૃત્તિવિજ્ઞાનનો નાશ થવાથી આત્માના ભવનો ઉચ્છેદ થાય છે, અને મોક્ષ અવસ્થામાં **'अहं', 'अहं'** એ પ્રકારની પ્રતીતિ કરાવે તેવું આલયવિજ્ઞાન પ્રગટે છે, અને તે આલયવિજ્ઞાનનું સંતાન તે મુક્ત અવસ્થા છે.

★ પોતાના સ્વરૂપમાં લય=આલય. આલય વિજ્ઞાન=**अहं अहं** નું જ્ઞાન. પ્રવૃત્તિવિજ્ઞાન=સંસારની સર્વ પ્રવૃત્તિ કરાવે તેવું જ્ઞાન.

આ મત પ્રમાણે આત્મભૂત કર્મ અથવા પરિકલ્પિત કર્મનો સ્વીકાર છે જેનું પૂર્વમાં નિરાકરણ કર્યું.

હવે એક બૌદ્ધનો મત કહે છે કે, દીવો જેમ બુઝાઇ જાય છે તેમ સંસાર અવસ્થામાં વર્તતા જીવના સંતાનનો ઉચ્છેદ થાય એટલે ભવનો અભાવ થાય, તે મોક્ષ છે. આશય એ છે કે સંસારમાં જીવ પ્રતિક્ષણ નાશ પામે છે, પરંતુ તેનું સંતાન ચાલે છે. તેથી તે સંતાનમાં રહેલાને પ્રતીતિ થાય છે કે મેં આ સંસારની પ્રવૃત્તિઓ કરી તેથી સંસારની સર્વ કદર્થનાઓને હું અત્યારે અનુભવું છું, અને સાધના કરું તો મારા સંતાનનો ઉચ્છેદ થાય; તેથી જેમ દીપક બુઝાઇ જાય તેમ મારું અસ્તિત્વ મટી જાય, જેથી આ સંસારની કદર્થના હવે પછી મને પ્રાપ્ત થાય નહિ. આ પ્રકારની મોક્ષની સાધનાના અર્થે કેટલાક બૌદ્ધો ઉપદેશ આપે છે તે મતનું નિરાકરણ કરતાં ટીકાકાર કહે છે –

સંતાનના ઉચ્છેદમાં અનુત્પાદ નથી અર્થાત્ સંતાનનો ઉચ્છેદ થવા છતાં તેનો ઉત્પાદ જ છે.

આશય એ છે કે પૂર્વમાં જે સંતાન છે તે કર્મના સંયોગવાળું સંતાન છે, અને તે સંતાનનો ઉચ્છેદ થવા છતાં કર્મરહિત આત્માનો ઉત્પાદ જ છે, પરંતુ આત્માનો સર્વથા અભાવ થાય તેવો સંતાનનો ઉચ્છેદ નથી. અને તેમાં યુક્તિ આપતાં કહે છે–"જે પ્રમાણે ભવરુપે સત્ એવો આત્મા ઉચ્છેદ પામે છે એ રીતે અસત્ એવો આત્મા પણ ઉત્પન્ન થાઓ" તેમ સ્વીકારવામાં શું વિરોધ આવે?

આશય એ છે કે બૌદ્ધ જેમ કહે છે કે સાધના કરીને જીવ સર્વથા અભાવરૂપ થઇ જાય છે, પરંતુ મોક્ષઅવસ્થારૂપે આત્માનો કોઇ ઉત્પાદ નથી, તેને ગ્રંથકાર કહે છે કે, જેમ સંસારમાં 'તે હતો અને ઉચ્છેદ થઇ ગયો' તે રીતે કોઇ જીવ સંસારમાં 'ન હતો તે પણ ઉત્પન્ન થયો' તેમ સ્વીકારવામાં શું વાંધો આવે ? અર્થાત્ બૌદ્ધને માનવું પડે કે, જેમ સંતાનના ઉચ્છેદરૂપ મોક્ષ છે, તેમ જગતમાં જે આત્મા સર્વથા નથી તે પણ ક્યારેક ઉત્પન્ન થાય છે. ગ્રંથકારના આ કથનમાં પૂર્વપક્ષી કહે કે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? અર્થાત્ જેમ સાધના કરવાથી સંતાનના ઉચ્છેદરૂપ આત્માનો સર્વથા અભાવ થાય છે, તેમ જે આત્મા જગતમાં નથી તેનું પણ સંતાન ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારી લઇએ, તો શું વાંધો ? તેને ગ્રંથકાર કહે છે –

આમ સ્વીકારવામાં સમંજસપણું નથી અર્થાત્ ન્યાયથી ઘટતું નથી. અહીં પૂર્વપક્ષી કહે કે કેમ ન્યાયથી ઘટતું નથી ? એથી કરીને કહે છે – જે આત્મા જગતમાં નથી તે

ઉત્પન્ન થાય છે એમ સ્વીકારીએ તો અનાદિમાન ભવ છે તેમ માની શકાય નહિ; કેમ કે ક્યારેક સંતાનની ઉત્પત્તિ થઇ તેમ પૂર્વપક્ષીના મતે નક્કી થાય છે. તેથી જે જીવો જગતમાં ન હતા તેઓ ક્યારેક ઉત્પન્ન થયા અને ત્યાંથી જ ભવની શરૂઆત થઇ, તેની પૂર્વે ભવ ન હતો તેમ માનવું પડે. અહીં પૂર્વપક્ષી કહે છે અનાદિમાન ભવ નથી તેમ સ્વીકારીએ તો શું વાંધો ? અર્થાત્, અનાદિમાન ભવ નથી પરંતુ જ્યારે સંતાન ઉત્પન્ન થાય છે ત્યારે ભવ ઉત્પન્ન થાય છે તેમ માનીએ તો શું વાંધો ? એથી કરીને કહે છે કે, તે રીતે સ્વીકારવાથી હેતુફળભાવ નથી અર્થાત્ જ્યારે જીવ સાધના કરીને સંતાનનો ઉચ્છેદ કરે છે ત્યારે ચરમક્ષણ કોઇનો હેતુ નથી તેમ માનવું પડે, અને જે જીવ પૂર્વમાં ન હતો તેનું સંતાન ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ ક્ષણ કોઇનું કાર્ય નથી તેમ માનવું પડે, અને વચલી ક્ષણોમાં પૂર્વક્ષણ કારણ છે અને ઉત્તરક્ષણ કાર્ય છે તેમ માનવું પડે.

આશય એ છે કે, જ્યારે કોઇ સંતાન ઉત્પન્ન થયું ત્યારે સંતાનની પ્રથમ ક્ષણ વગર કારણે ઉત્પન્ન થઇ, અને બીજી ક્ષણ પ્રથમ ક્ષણથી પેદા થઇ, તેમ ઉત્તર ઉત્તર ક્ષણ પૂર્વ-પૂર્વ ક્ષણથી પેદા થઇ તેમ માનવું પડે, અને ભવની અંતિમ ક્ષણ પછી કોઇ કાર્ય નથી તેથી અંતિમ ક્ષણ કોઇ કાર્યનું કારણ નથી, તેમ માનવું પડે.

અહીં પૂર્વપક્ષી કહે કે, પહેલા ન હોય તે સહજ ઉત્પન્ન થાય, ઉત્પન્ન થયા પછી ઉત્તર-ઉત્તરને પેદા કરે અને આ રીતે સંતાન ચાલવાથી ભવની વિડંબણા તેને પ્રાપ્ત થાય, અને આ વિડંબણાનું જ્ઞાન થવાથી સંસાર પ્રત્યે નિર્વેદ થાય, અને સાધના કરીને ભવનો-અંત લાવે ત્યારે તેના આત્માનું સંતાન સદા માટે ચાલ્યું જાય. તેવો જીવનો સ્વભાવ માનીએ તો શું વાંધો? તેનું નિરાકરણ કરતાં કહે છે કે, આત્માનો તેવો સ્વભાવ કલ્પવો અયુક્ત છે, કેમ અયુક્ત છે ? તેથી કહે છે – નક્કી નિરાધાર અન્વયત્વની પ્રાપ્તિ છે, માટે અયુક્ત છે.

આશય એ છે કે, સ્વનો ભાવ=પોતાની સત્તા તે સ્વભાવ છે. અર્થાત્ કોઇકરુપે પોતાનો ભાવ છે તેનો વાચક સ્વભાવ શબ્દ છે. તેથી એ પ્રાપ્ત થાય કે 'મારી સત્તા' તે સ્વભાવ શબ્દનો અર્થ થાય, અને સંતાન સદા માટે ચાલ્યું જાય તેવો સ્વભાવ કલ્પવો એટલે નિવૃત્તિ સ્વભાવ કલ્પવો એવો અર્થ થાય. તેથી એ પ્રાપ્ત થાય કે, સાધનાની અંતિમ ક્ષણ સુધી આત્માની કોઇકરુપે સત્તા છે અને પછી આત્મા નથી અને તે આત્મા નિવૃત્તિ સ્વભાવવાળો છે અર્થાત્ જ્યારે ભવનો ઉચ્છેદ થાય છે ત્યારે આત્મા નથી, તેથી આત્માના નિવૃત્તિ સ્વભાવનો કોઇ આધાર નથી. જેમ કોઇ કહે કે શશશૃંગનો

જગતમાં નહિ રહેવાનો સ્વભાવ છે, તો તે સ્વભાવનો કોઈ આધાર નથી તેમ માનવું પડે. તે રીતે પ્રસ્તુતમાં સંસારઅવસ્થા પછીની ક્ષણમાં આત્મામાં નહિ રહેવાનો સ્વભાવ છે તેમ માનીએ, તો તે સ્વભાવનો આધાર કોઈ નહિ હોવાથી નિરાધાર એવા સ્વભાવનો અન્વય ત્યાં પ્રાપ્ત થાય. આશય એ છે કે, પૂર્વની ક્ષણમાં તો તે આત્મા હતો, તેમ પૂર્વ ક્ષણમાં તો તે રહેવાના સ્વભાવવાળો પણ હતો, પરંતુ નહિ રહેવાના સ્વભાવવાળો તો ભવના ઉચ્છેદના કાળમાં જ છે. તેથી સંસારકાળમાં તે જીવનો તેવો સ્વભાવ હતો કે ભવના ઉચ્છેદકાળમાં નહિ રહેવાના સ્વભાવવાળો બનશે. તેથી જ્યારે ભવનો ઉચ્છેદ થાય છે ત્યારે તે આત્મા નહિ રહેવાના સ્વભાવવાળો બને છે, અને તે નહિ રહેવાના સ્વભાવનો કોઈ આધાર નથી તેમ અવશ્ય માનવું પડે. અને તેમ સ્વીકારીએ તો તેવા સ્વભાવનો કોઈ આધાર નથી તેથી અવશ્ય નિરાધાર અન્વય નામનો દોષ પ્રાપ્ત થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ભવની ચરમક્ષણનો જ તેવો સ્વભાવ છે કે જે પછીની ક્ષણમાં સંતાનને પેદા કરતું નથી, તેથી તેવા સ્વભાવનો આધાર ભવની ચરમક્ષણ છે, માટે નિરાધાર અન્વયરૂપ દોષ પ્રાપ્ત થશે નહિ. તેના નિરાકરણ માટે '**यद्वा**'થી બીજો વિકલ્પ કરે છે અથવા અન્વયનો અભાવ છે; કેમ કે તેની નિવૃત્તિનું=સંતાનની નિવૃત્તિનું તત્ત્વ છે=અન્વયઅભાવપણું છે.

આશય એ છે કે પૂર્વપક્ષી કહે કે ભવમાં વર્તતા સંતાનની ચરમક્ષણનો તેવો સ્વભાવ છે કે ત્યારપછીની ક્ષણમાં સંતાન પેદા કરતી નથી, તેથી તથાસ્વભાવનો આધાર સંતાનની ચરમક્ષણ છે, માટે તથાસ્વભાવનો કોઈ આધાર નથી તે પ્રકારનો દોષ પૂર્વે જે ગ્રંથકારે આપ્યો તે પ્રાપ્ત થશે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે આ પ્રમાણે સ્વીકારીએ તો અન્વયનો અભાવ પ્રાપ્ત થશે અર્થાત્ ભવકાળમાં જે સંતાન ચાલતું હતું તેમાં આત્મદ્રવ્યનો અન્વય હતો, તેથી તે સંતાનમાં અનુગત એવો અન્વયી આત્મા છે, તેથી પોતાના આત્માના હિતાર્થે તે સાધના કરે છે. જો કોઈ અન્વયી આત્મા ન હોય તો પૂર્વ સંતાનને ઉત્તર સંતાન સાથે કોઈ સંબંધ નહિ હોવાથી પોતાના હિતાર્થે કોઈ પ્રવૃત્તિ કરે નહિ. માટે સંસારના સંતાનમાં અન્વયી આત્મા છે. માટે યોગીઓ સાધના કરીને અનુગત એવા આત્માના હિત માટે પ્રવૃત્તિ કરે છે. હવે જો ભવની ચરમક્ષણનો તેવો સ્વભાવ માનીએ કે ઉત્તરની ક્ષણમાં તેનું સંતાન પેદા થતું નથી, તો એમ માનવું પડે કે સંસારઅવસ્થામાં આત્માના સંતાનમાં અન્વય હતો, અને ચરમક્ષણ પછી તે અન્વયનો અભાવ છે; કેમ કે સંતાનની નિવૃત્તિ એ અન્વયના અભાવરૂપ છે.

મૂળસૂત્રમાં નિયોગથી નિરાધાર અન્વયપણું છે તેમ કહ્યું ત્યાં નિયોગનું ગ્રહણ "અવશ્ય આ આમ જ છે" તે બતાવવા માટે છે અર્થાત્ પદાર્થનો તેવો સ્વભાવ માનવામાં આવે તો અવશ્ય નિરાધાર અન્વય માનવો પડે તે બતાવવા માટે છે. અને તેમાં યુક્તિ બતાવે છે –

નિરાધાર અન્વય સ્વભાવ નથી તેમ માનો તો તથાસ્વભાવશબ્દના અર્થનો અયોગ છે; કેમ કે તથાસ્વભાવ એટલે સંસારની ચરમક્ષણ પછી નહિ રહેવાનો સ્વભાવ એવો અર્થ થાય છે. તેથી સંસારની ચરમક્ષણ પછી આત્માનાનિવૃત્તિ સ્વભાવનો આધાર કોઈ નથી એ અર્થ પ્રાપ્ત થાય છે. તેથી નિરાધાર અન્વયરૂપ દોષની પ્રાપ્તિ થાય છે.

એ રીતે=જે રીતે ચરમક્ષણમાં તથાસ્વભાવની કલ્પના અયુક્ત છે તેમ બતાવ્યું એ રીતે, પ્રથમ ક્ષણમાં પણ ભાવન કરવું તેમ કહ્યું. તેનો આશય એ છે કે જો આત્મા અનાદિ નથી તેમ માનીએ અને પ્રથમ ઉત્પન્ન થાય છે તેમ માનીએ તો એમ માનવું પડે કે પ્રથમ ક્ષણની પૂર્વમાં તેવો સ્વભાવ હતો કે કંઈ ન હોય અને ભવની ઉત્પત્તિ થાય. તેથી તેવા સ્વભાવનો આધાર પ્રથમ ક્ષણ પૂર્વે કોઈ ન હોવાથી નિરાધાર અન્વયની પ્રાપ્તિ છે; અથવા તો એમ માનીએ કે પ્રથમ ક્ષણનો તેવો સ્વભાવ છે કે કારણ વગર ઉત્પન્ન થાય, તો તથાસ્વભાવના અન્વયના અભાવની પ્રાપ્તિ થાય; કેમ કે પ્રથમ ક્ષણ પૂર્વે કાંઈ ન હતું છતાં ભવની પ્રથમ ક્ષણ ઉત્પન્ન થઈ, તેથી પ્રથમ ક્ષણ સાથે કોઈ વસ્તુનો અન્વય નથી એ પ્રમાણે ભાવન કરવું.

**अत एवाह–** પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે સંતાન ઉચ્છેદરૂપ મોક્ષ છે, અને તેમ સ્વીકારવામાં પૂર્વપક્ષીએ યુક્તિ આપી કે પદાર્થનો તેવો સ્વભાવ છે કે ભવની ચરમક્ષણ પછી તેનો ઉચ્છેદ થાય છે તેનું ગ્રંથકારે યુક્તિથી નિરાકરણ કર્યું કે તેવા સ્વભાવની કલ્પના કરવી અયુક્ત છે આથી જ કહે છે–

તેના જ=ભવના જ, તથાભાવમાં=મોક્ષરૂપ ભાવમાં, આ=તથાસ્વભાવનું કલ્પન યુક્ત છે, એ પ્રમાણે સૂક્ષ્મઅર્થપદ આ છે; કેમ કે ભાવગમ્ય છે. એ પ્રકારે કહ્યું તેનો આશય એ છે કે, ભવમાં કર્મયુક્ત આત્માનું સંતાન ચાલે છે, અને ભવના સંતાનનો ઉચ્છેદ થાય છે ત્યારે કર્મરહિત એવા શુદ્ધ આત્માનું સંતાન ચાલે છે, તેમ માનીએ તો એમ સિદ્ધ થાય કે, ભવ અવસ્થાવાળા આત્માનો તે પ્રકારે=શુદ્ધ

અવસ્થારૂપે, સદ્ભાવ થાય છે; કેમ કે આત્માનો તેવો જ સ્વભાવ છે કે ભવસ્થ આત્મા સાધના કરે અને ભવની ચરમક્ષણ આવે ત્યારપછી આત્માનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય. તેથી સિદ્ધ અવસ્થાની પ્રથમ ક્ષણનો તેવો સ્વભાવ છે કે ભવસ્થ આત્મા સાધના કરે અને ભવની ચરમ ક્ષણ પછી આત્મા શુદ્ધ ભાવરૂપે, પ્રગટ થાય, અને આ તથાસ્વભાવનો આધાર સિદ્ધની પ્રથમ ક્ષણ છે, તેથી નિરાધાર અન્વયની પ્રાપ્તિ નથી. એ પ્રકારે આ સૂક્ષ્મઅર્થપદ છે; કેમ કે ભાવગમ્ય છે.

તાત્પર્ય એ છે કે સંતાનના ઉચ્છેદમાં તથાસ્વભાવની કલ્પના થઇ શકે નહિ અને ભવના ઉચ્છેદથી શુદ્ધ આત્માના સંતાનની નિષ્પત્તિ થાય છે તેમ સ્વીકારીએ તો તથાસ્વભાવની કલ્પના થઇ શકે તે પ્રકારના સૂક્ષ્મઅર્થને કહેનાર આ પદ છે; કેમ કે ભાવથી ગમ્ય છે અર્થાત્ પદાર્થનાં વાસ્તવિક સ્વરૂપને જોવાની માર્ગાનુસારી નિર્મળ પ્રજ્ઞા હોય તો ગમ્ય છે, પરંતુ માત્ર સ્વદર્શનની માન્યતા પ્રત્યેના વલણથી જોવામાં આવે તો એમ જ લાગે કે ભવના અભાવરૂપ=સંતાનના ઉચ્છેદરુપ સિદ્ધિ માનીએ તો તથાસ્વભાવની કલ્પના ન થાય અને કર્મવાળો આત્મા સાધના કરીને કર્મવગરનો થાય તેમ માનીએ તો તથાસ્વભાવની કલ્પના થઇ શકે તેવો નિર્ણય કઇ રીતે થઇ શકે ? અર્થાત્ થઇ શકે નહિ તેમ લાગે, પરંતુ મધ્યસ્થ નિર્મળ પ્રજ્ઞા હોય અને સ્વદર્શનનો પક્ષપાત ન હોય તો સૂક્ષ્મઅર્થને કહેનારુ આ પદ છે. માટે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીએ તો અનુભવથી તે વાત સંગત જણાય તેમ છે માટે મહાપ્રજ્ઞાથી તેનો વિચાર કરવો જોઇએ. અન્યથા=મહાપ્રજ્ઞાથી વિચારવામાં ન આવે તો તે જાણી શકાય તેવું નથી.

**અવતરણિકા :**

**आनुषङ्गिकमभिधाय प्रकृतमाह –**

**અવતરણિકાર્થ :**

આનુષંગિક કહીને પ્રકૃતને કહે છે–

**ભાવાર્થ :**

પૂર્વમાં મૂળસૂત્રમાં '**साइअपज्जवसियं.......पवाहओ अणाई**' કથન કર્યું. ત્યારપછી '**ते वि भगवंतो एवं ..... महापण्णाए त्ति**' સુધીનું કથન આનુષંગિક કથન છે તે કહીને હવે જે સિદ્ધનું સુખ સાદિ અપર્યવસિત છે તે પ્રકૃતને કહે છે–

सूत्र :

अपज्जवसियमेव सिद्धसुक्खं एत्तो चेवुत्तमं इमं, सव्वहा अणुस्सुगत्ते अणंतभावाओ । लोगंतसिद्धिवासिणो एए । जत्थ एगो तत्थ णियमा अणंता । अकम्मुणो गई पुव्वपओगेण अलाबुप्प-भिइणायओ । नियमो अओ चेव । अफुसमाणगईए गमणं । उक्करिसविसेसओ इयं । अव्वोच्छेदो भव्वाणं अणंतभावेण, एयमणंताणंतयं, समया एत्थ णायं । भव्वत्तं जोगयामेत्तमेव केसिंचि पडिमाजोग्गदारुणिदंसणेणं, ववहारमयमेयं, एसो वि तत्तंगं पवित्तिविसोहणेण, अणेगंतसिद्धिओ, निच्छयंगभावेण परिसुद्धो उ केवलं । एसा आणा इह भगवओ, समंतभद्दा तिकोडिपरिसुद्धीए अपुणबंधगाइगम्मा ।

सूत्रार्थ :

એ રીતે=પૂર્વમાં કહ્યું કે સિદ્ધનું સુખ સાદિ અપર્યવસિત છે એ રીતે, સિદ્ધનું સુખ અપર્યવસિત છે=અનંતકાળ સુધી સદા રહેનારું છે, આથી જ આ=સિદ્ધનું સુખ, ઉત્તમ છે; કેમ કે સર્વથા અનુત્સુકપણું હોતે છતે કાળના અંત વગર સદા રહેનાર છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના જીવો ક્યાં રહે છે ? એથી કહે છે –

આ=સિદ્ધના જીવો, લોકના અંતમાં સિદ્ધિપુરીમાં વસનારા છે, અને સિદ્ધિપુરીમાં જ્યાં એક સિદ્ધ છે ત્યાં નિયમા અનંતા સિદ્ધો છે.

અહીં પ્રશ્ન થાય કે જીવ મનુષ્યક્ષેત્રમાં સિદ્ધિને પામે છે તો લોકના અંતમાં કઇ રીતે પહોંચ્યા ? એથી કહે છે –

પૂર્વપ્રયોગ વડે અકર્મવાળા સિદ્ધના આત્માઓની લોકાન્ત સુધીની ગતિ તુંબડા આદિના દૃષ્ટાન્તથી છે.

લોકાન્તમાં ગયા પછી સિદ્ધના જીવોનું ગમનાગમન કેમ નથી ? એ પ્રકારની આશંકા કરીને કહે છે.

આનાથી=તુંબડાના દૃષ્ટાન્તથી, જ નિયમ છે=ઉપરમાં ગયા પછી ગમનાગમન નથી, એ પ્રકારનો નિયમ છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના જીવો સમયાન્તરને સ્પર્શ્યા વગર જે સમયમાં કર્મમુક્ત થાય છે તે જ સમયમાં સિદ્ધશિલા ઉપર કઇ રીતે પહોંચે છે ? એથી કરીને કહે છે –

આકાશપ્રદેશને સ્પર્શ્યા વગર અસ્પૃશદ્‌ગતિથી સિદ્ધના જીવોનું ગમન છે.

અહીં પ્રશ્ન થાય કે મનુષ્યક્ષેત્રથી સિદ્ધક્ષેત્ર સુધી પહોંચવામાં વચમાં આવતા પ્રદેશોને સ્પર્શ્યા વગર ગમન કઇ રીતે શક્ય બને ? એથી કરીને કહે છે–

ઉત્કર્ષવિશેષથી આ=અસ્પૃશદ્‌ગતિ, છે.

અહીં પ્રશ્ન થાય કે આત્માઓ અનાદિકાળથી મોક્ષમાં જઇ રહ્યા છે અને કાળ અંત વગરનો છે, તેથી કોઇક કાળે બધા ભવ્યો જ્યારે મોક્ષમાં પહોંચી જશે ત્યારે મોક્ષગમનની પ્રક્રિયા બંધ થશે ? તેના નિરાકરણ માટે કહે છે –

અનંત. સંખ્યા હોવાને કારણે ભવ્યોનો અવ્યવચ્છેદ છે=કાળ કરતાં પણ ભવ્યોની ઘણી મોટી અનંતસંખ્યા હોવાને કારણે, સર્વ ભવ્યો મોક્ષમાં જશે તેથી ભવ્યનો વ્યવચ્છેદ થશે તેમ નથી; કેમ કે આ ભવ્યો અનંતાનંત છે. એમાં કાળના સમયરૂપ દૃષ્ટાન્ત છે.

પ્રતિમાયોગ્ય લાકડાના દૃષ્ટાન્તથી કેટલાક જીવોનું ભવ્યત્વ યોગ્યતામાત્ર જ છે.

આ=કેટલાક જીવોનું ભવ્યત્વ યોગ્યતામાત્ર છે એ, વ્યવહારનયનો મત છે. આ પણ=વ્યવહારનય પણ, તત્ત્વાંગ છે; કેમ કે પ્રવૃત્તિનું વિશોધન છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનયથી પ્રવૃત્તિનું વિશોધન કેમ છે ? એથી કહે છે–

અનેકાન્તની સિદ્ધિ હોવાથી (વ્યવહારનયથી પ્રવૃત્તિનું વિશોધન છે.).

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનય એક નય છે તેથી વ્યવહારનયને

સ્વીકારવાથી વ્યવહારનય અને નિશ્ચયનયરૂપ અનેકાન્તની સિદ્ધિ કઇ રીતે થાય ? અર્થાત્ અનેકાન્તની સિદ્ધિ થઇ શકે નહિ તેથી કહે છે—

વળી, નિશ્ચયનયના અંગભાવ વડે=કારણભાવ વડે, પરિશુદ્ધ=ભગવાનની આજ્ઞા અપેક્ષાવાળો, કેવળ=વ્યવહારનય છે. (આથી વ્યવહારનયને સ્વીકારવાથી, વ્યવહારનય અને નિશ્ચયનયરૂપ ઉભયના સ્વીકારરૂપ અનેકાન્તની સિધ્ધિ થાય છે.)

અહીં=વ્યવહારનયના સ્વીકારમાં, આ=ઉભયનયગર્ભ, અથવા સંપૂર્ણ પંચસૂત્રમાં કહેવાયેલી ભગવાનની આજ્ઞા છે.

તે ભગવાનની આજ્ઞા કેવી છે, તે સ્પષ્ટ કરે છે—

સમંતભદ્ર છે, ત્રિકોટીથી પરિશુદ્ધ છે અને અપુનર્બંધક આદિ જીવોથી ગમ્ય છે.

ટીકા :

अपर्यवसितमेवमुक्तेन विधिना सिद्धसौख्यम् । अत एव कारणादुक्तमिदम् । एतदेव स्पष्टमभिधातुमाह-सर्वथाऽनुत्सुकत्वे सति अनन्तभावात् कारणात् । क्व निवास एषाम् ? इत्याह-लोकान्तसिद्धिवासिन एते । चतुर्दशरज्ज्वात्मकलोकान्ते या सिद्धिः प्रशस्तक्षेत्ररूपा तद्वासिन एते सिद्धाः । कथं व्यवस्थिताः ? इत्याह-यत्रैकः सिद्धस्तत्र क्षेत्रे नियमान्नियोगेनानन्ताः सिद्धाः । उक्तं च -

जत्थ य एगो सिद्धो, तत्थ अणंता भवक्खयविमुक्का ।
अण्णोण्णमणाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ।। [ आव.नि.९७५ ]

कथमिह कर्मक्षये लोकान्तगमनम् ? इत्याह-अकर्मणः सिद्धस्य गतिरितो लोकान्तं पूर्वप्रयोगेण हेतुना, तत्स्वाभाव्यात् । कथमेतदेवं प्रतिपत्तव्यम् ? इत्याह-अलाबुप्रभृतिज्ञाततः, अष्टमृल्लेपलिप्तजलक्षिप्ताधोनिमग्नतदपगमोर्ध्वगमनस्वभावालाबुवत् प्रभृतिग्रहणादेरण्डफलादिग्रहः । ऊर्ध्वगमनं तत्रैव वाऽसकृद्गमनागमनं किं न ? इत्येतदाशङ्क्याह-नियमोऽत एव अलाबुप्रभृतिज्ञाततः एक( एव )।समयादिः ( अनेकसमयानाम् ) । उत्पलपत्रशतव्यतिभेददृष्टान्तेन एकसमये न तद्गतिर्युक्तेत्याशङ्कापोहायाह-अस्पृशद्गत्या गमनं सिद्धस्य सिद्धिक्षेत्रं प्रति, स्पृशद्गतिमदपेक्षया

चोत्पलपत्रशतव्यतिभेददृष्टान्तः । कथमियं संभवति ? इत्याह- उत्कर्षविशेषत इयम्, गत्युत्कर्षविशेषदर्शनादेवमस्पृशद्गतिः संभवतीति भावनीयम् ।

**ટીકાર્થ :**

આ રીતે=ઉક્ત વિધિથી=પૂર્વમાં કહ્યું કે સિદ્ધનું સુખ સાદિ અપર્યવસિત છે એ પ્રકારની વિધિથી, સિદ્ધનું સુખ અપર્યવસિત છે. આ જ કારણથી=સિદ્ધનું સુખ સાદિ અપર્યવસિત છે આ જ કારણથી, આ=સિદ્ધનું સુખ ઉત્તમ છે.

એને જ=સિદ્ધનું સુખ ઉત્તમ છે એને જ, સ્પષ્ટ કરવા માટે કહે છે –

સર્વથા અનુત્સુકત્વ હોતે છતે અનંત ભાવ હોવાને કારણે સિદ્ધનું સુખ ઉત્તમ છે, એમ અન્વય છે.

આમનો=સિદ્ધના જીવોનો, ક્યાં નિવાસ છે ? એથી કરીને કહે છે –

આ=સિદ્ધના જીવો, લોકાન્ત=લોકના અંતમાં રહેલ, સિદ્ધિપુરીમાં વસનારા છે.

હવે તે અર્થ સ્પષ્ટ કરે છે–

ચર્તુદશરજ્જુઆત્મકલોક, તેના અંતમાં જે પ્રશસ્ત ક્ષેત્રરૂપ સિદ્ધિપુરી, તેના વાસી આ=સિદ્ધના જીવો, છે.

સિદ્ધના જીવો સિદ્ધક્ષેત્રમાં કેવી રીતે રહેલા છે ? એથી કરીને કહે છે –

જ્યાં એક સિદ્ધ છે તે ક્ષેત્રમાં નિયમથી=નિયોગથી, અનંતા સિદ્ધો છે.

એક ક્ષેત્રમાં અનંતા સિદ્ધો છે, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે –

અને જ્યાં એક સિદ્ધ છે ત્યાં ભવક્ષયને કારણે મુક્ત થયેલા, સુખને પ્રાપ્ત કરેલા એવા અનંતા જીવો અન્યોન્ય બાધા વગર સુખી રહે છે.

અહીં=સંસારમાં, કર્મનો ક્ષય થયે છતે લોકાન્તગમન કેવી રીતે છે ? એથી કરીને કહે છે –

અહીંથી=સંસારમાંથી, અકર્મવાળા એવા સિદ્ધની ગતિ લોકાન્ત સુધી પૂર્વપ્રયોગરૂપ હેતુથી છે; કેમ કે તેનો=જીવનો સ્વભાવ છે=ઊર્ધ્વ જવાનો સ્વભાવ છે.

**આ=લોકાન્તગમન, આ રીતે=જીવના સ્વભાવથી છે એ રીતે, કેમ સ્વીકારી શકાય ? એથી કરીને કહે છે– "अलाबुप्रभृतिज्ञाततः"=તુંબડુ વગેરેના દૃષ્ટાન્તથી સિદ્ધના જીવોનું લોકાન્તગમન છે એમ સ્વીકારી શકાય છે.**

તે દૃષ્ટાન્તને સ્પષ્ટ કરે છે –

**આઠ માટીના લેપથી લિપ્ત અને જળમાં ફેંકાયેલા અને અધોમાં ડૂબેલા અને તેના અપગમથી=માટીના અપગમથી, ઊર્ધ્વગમનના સ્વભાવવાળા તુંબડાની જેમ સિદ્ધના જીવો ઊર્ધ્વગમનના સ્વભાવવાળા છે.**

**અહીં 'अलाबुप्रभृति' માં 'प्रभृति' શબ્દથી એરંડફલાદિનું ગ્રહણ કરવાનું છે.**

**અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માઓ કર્મથી મુક્ત થયા પછી ઊર્ધ્વગમન કરે છે અને ત્યાં જ=સિદ્ધશિલા ઉપર જ વારંવાર ગમન-અગમન કેમ કરતા નથી ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**આથી જ=અલાબુ વગેરેના દૃષ્ટાન્તથી જ, નિયમ છે.**

★ '**अलाबुप्रभृतिज्ञाततः**' પછી '**एक**' શબ્દ છે ત્યાં '**एव**' શબ્દ હોવો જોઈએ એમ ભાસે છે.

**અનેક સમયોનો ઉત્પલપત્રશતવ્યતિભેદ દૃષ્ટાન્ત હોવાને કારણે એક સમયમાં સિદ્ધની ગતિ યુક્ત નથી એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –**

**અસ્પૃશદ્ગતિથી સિદ્ધના જીવોનું સિદ્ધિક્ષેત્ર પ્રતિ ગમન છે અને સ્પૃશદ્ગતિવાળાની અપેક્ષાએ ઉત્પલપત્રશતવ્યતિભેદ દૃષ્ટાન્ત છે.**

★ અહીં '**उत्पलपत्रशतव्यतिभेददृष्टान्तेन**' શબ્દની પૂર્વે '**समयादिः**' શબ્દ છે ત્યાં '**अनेकसमयानाम्**' શબ્દ હોવો જોઈએ અને તે રીતે અર્થ કરેલ છે.

**કેવી રીતે આ=સિદ્ધના જીવોની અસ્પૃશદ્ગતિ, સંભવે છે એથી કરીને કહે છે –**

**આ=સિદ્ધના જીવોની અસ્પૃશદ્ગતિ, ઉત્કર્ષવિશેષથી સંભવે છે.**

ઉત્કર્ષવિશેષથી અસ્પૃશદ્ગતિ સંભવે છે તે સ્પષ્ટ કરે છે.

**ગતિના ઉત્કર્ષવિશેષનું દર્શન હોવાને કારણે આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ રીતે, અસ્પૃશદ્ગતિ સંભવે છે, એ રીતે ભાવન કરવું જોઇએ.**

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધનું સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને સિદ્ધના જીવોની પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે, એ રીતે સિદ્ધનું સુખ અપર્યવસિત છે. આશય એ છે કે સિદ્ધમાં ગયા પછી સિદ્ધના જીવો સદા સિદ્ધમાં રહેવાના છે માટે એક વખત પ્રગટ થયેલું સિદ્ધનું સુખ સદા માટે રહેવાનું છે, પરંતુ સંસારના દેવભવાદિનાં સુખોની જેમ પરિમિતકાળ રહેવાનું નથી, આથી સિદ્ધનું સુખ સાદિ અનંત ભાંગે છે માટે સિદ્ધનું સુખ ઉત્તમ છે.

સિદ્ધનું સુખ સંસારના સુખ કરતાં ઉત્તમ કેમ છે ? તેને સ્પષ્ટ કરવા માટે કહે છે–

સર્વથા અનુત્સુકપણું હોતે છતે અનંતકાળ સુધી રહેનાર છે માટે સિદ્ધનું સુખ ઉત્તમ છે. આશય એ છે કે સંસારમાં ભૌતિક સામગ્રીથી જે સુખનો અનુભવ થાય છે ત્યાં પ્રથમ ઉત્સુકતા પ્રગટે છે, અને ત્યારપછી ભૌતિક સામગ્રીની પ્રાપ્તિથી તે ઉત્સુકતા શમે છે તેથી સુખ થાય છે.

જે જીવોને પાપાનુબંધીપુન્યથી ભૌતિક સામગ્રી મળે છે તેઓને ભોગનું આકર્ષણ ઘણું હોય છે, તેથી તેઓને ભોગની ઉત્સુકતા શમવાને બદલે અધિક અધિક ઘણી ઉત્સુકતાઓ થાય છે, તેથી તેઓને તે પુન્ય પણ સુખનો અનુભવ કરાવી શકતું નથી. તો પણ જે જીવોને પુન્યાનુબંધીપુન્યથી ભૌતિક સામગ્રી મળે છે તેઓને ભૌતિક સામગ્રીમાં ઉત્સુકતા મંદ હોવાને કારણે, જ્યારે ભૌતિક સામગ્રી મળે છે ત્યારે તે ઉત્સુકતા શમે છે, તેથી સુખનો અનુભવ થાય છે. જેમ જેમ પુન્યાનુબંધીપુન્ય પરિપક્વ થતું જાય છે તેમ તેમ તે પુન્યના વિપાકકાળમાં ઉત્સુકતા ઘટતી જાય છે, અને જ્યારે અતિપરિપક્વ પુન્યાનુબંધીપુન્ય વિપાકમાં આવે છે ત્યારે જીવને પ્રાપ્ત થયેલી ભૌતિક સામગ્રીમાં ઉત્સુકતા હોતી નથી પણ વિરક્તભાવ હોય છે અને જેમ જેમ વિરક્તભાવ વધારે તેમ તેમ સુખ વધે છે. આથી જ અત્યંત પરિપક્વ પુન્યાનુબંધીપુન્યવાળા જીવો ઉત્તમ વૈભવકાળમાં પણ ભોગોથી વિરક્ત થઇને સંયમ ગ્રહણ કરે છે ત્યારે પૂર્વ કરતાં અધિક સુખ થાય છે. સંયમની સાધના કરીને જ્યારે વીતરાગ બને છે ત્યારે ઉત્સુકતા સર્વથા ચાલી જાય છે. સિદ્ધના જીવોમાં વીતરાગભાવ હોવાને કારણે સર્વથા અનુત્સુકતા

છે અને સિદ્ધઅવસ્થાને પામ્યા પછી તેમનામાં પ્રગટ થયેલું સુખ ક્યારેય જનારું નથી, તેથી સંસારના સર્વ સુખ કરતાં અતિશયવાળું સુખ સિદ્ધમાં છે, માટે તે ઉત્તમ સુખ છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધનું સુખ ઉત્તમ છે, ત્યાં પ્રશ્ન થાય કે ઉત્તમ સુખવાળા એવા સિદ્ધના આત્માઓ ક્યાં વસે છે ? એથી કહે છે –

ચૌદરજ્જુઆત્મક જે લોક છે તેના અંતમાં સ્ફટિકની સિદ્ધશિલા છે, તેના ઉપર તેઓ વસનારા છે. અને ત્યાં કઇ રીતે રહેલા છે ? તે સ્પષ્ટ કરે છે – જ્યાં એક સિદ્ધનો આત્મા છે ત્યાં નિયમથી અનંતા સિદ્ધના જીવો છે. તેમાં આવશ્યક નિર્યુક્તિનો સાક્ષીપાઠ આપેલ છે. તેનાથી એ ફલિત થાય છે કે "લોકના અંતમાં પરસ્પર બાધા વગર એક ક્ષેત્રમાં અનંત સિદ્ધના આત્માઓ સુખે રહેલા છે".

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સિદ્ધના આત્માઓ લોકાન્તે રહેલા છે. ત્યાં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માઓ કર્મનો ક્ષય તો મનુષ્યલોકમાં કરે છે તો પછી કર્મરહિત એવા તેઓ લોકના અંતે કઇ રીતે જાય છે તેથી કહે છે –

સિદ્ધના જીવોનો તેવો સ્વભાવ હોવાને કારણે પૂર્વપ્રયોગથી લોકાન્તે જાય છે. આશય એ છે કે જેમ દંડ વડે ચક્રનું ભ્રમણ કરવામાં આવે, ત્યારપછી દંડ લઇ લેવામાં આવે તો પણ દંડ અમુક સમય સુધી ચક્ર ભ્રમણ કરે છે; તે રીતે સિદ્ધનો આત્મા પૂર્વમાં ક્રિયાવાળો હતો અર્થાત્ મોક્ષમાં પહોંચ્યો તેના પૂર્વે સંસારઅવસ્થામાં ક્રિયાવાળો હતો, તે ક્રિયાના પ્રયોગથી લોકના અન્તમાં તેઓનું ગમન થાય છે. તેનું કારણ જીવનો તેવો સ્વભાવ છે કે કર્મથી મુક્ત થાય ત્યારે ઊર્ધ્વગમન કરે. અને તેમાં દૃષ્ટાન્ત બતાવે છે –

જેમ તુંબડું આઠ માટીના લેપથી લિપ્ત થયેલું હોય અને સમુદ્રમાં ફેંકાયેલું હોય, અને આઠ માટીના લેપના કારણે સમુદ્રમાં નીચે ડૂબેલું હોય, પણ માટી દૂર થાય ત્યારે તે તુંબડું ઊર્ધ્વગમનના સ્વભાવવાળું હોવાથી સમુદ્રની સપાટી ઉપર આવે છે; તેમ આઠ કર્મના પડલરૂપ માટીથી લેપાયેલો જીવ હતો અને સંસારરૂપી સમુદ્રમાં ફેંકાયેલો હતો, ત્યારે ચારે ગતિમાં પરિભ્રમણ કરતો હતો; અને જ્યારે કર્મરૂપી માટીનો લેપ દૂર થઇ ગયો ત્યારે ઊર્ધ્વગમનના સ્વભાવને કારણે જીવ લોકના અંતે પહોંચે છે. વળી, જેમ તુંબડું સમુદ્રની સપાટી ઉપર આવીને અટકી જાય છે, પરંતુ સમુદ્રની સપાટીથી ઉપર પાણી નહિ હોવાથી હવે ઊર્ધ્વગમન કરતું નથી, તેમ કર્મથી રહિત થયેલો આત્મા, ગતિમાં સહાયક

ધર્માસ્તિકાયદ્રવ્ય લોકના અંત સુધી છે તેથી ત્યાં સુધી જાય છે. ત્યારપછી ગતિમાં સહાયક દ્રવ્યનો અભાવ હોવાથી સિદ્ધના આત્માઓ લોકથી આગળ અલોકમાં જતા નથી. તેથી સર્વ સિદ્ધના આત્માઓનું લોકના અંતમાં અવસ્થાન છે, અલોકમાં અવસ્થાન નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માઓ લોકના અંત સુધી જાય છે ત્યારપછી ત્યાં જ રહે છે ? વારંવાર નીચે આવવું અને ઉપર જવું એવું ગમનાગમન કેમ કરતા નથી ? તેથી કહે છે –

તુંબડાના દૃષ્ટાન્તથી જ આ નિયમ છે. આશય એ છે કે માટી વગરનું તુંબડું સમુદ્રની સપાટી ઉપર આવ્યા પછી સમુદ્રમાં અધોગમન-ઊર્ધ્વગમનરૂપ વારંવાર આવ-જા કરતું નથી, પરંતુ માટી વગરનું હોવાથી સમુદ્રની સપાટી ઉપર સદા રહે છે. તે દૃષ્ટાન્તથી સિદ્ધના આત્માઓ કર્મરહિત હોવાથી સિદ્ધશિલા ઉપર પહોંચ્યા પછી ગમનાગમન કરતા નથી.

અહીં વિશેષ એ છે કે, સમુદ્રમાં મત્સ્ય આદિ જીવો છે તેઓ ઇચ્છા પ્રમાણે ઊર્ધ્વગમન પણ કરે છે અને અધોગમન પણ કરે છે, જેનું કારણ તે મત્સ્યોની સ્વઇચ્છા છે; પરંતુ તુંબડાની કોઈ ઇચ્છા હોતી નથી તો પણ માટીરહિત તુંબડું સ્વભાવથી સમુદ્રની સપાટી ઉપર રહે છે; તેમ સિદ્ધના આત્માઓની ઉપર જવાની કે નીચે આવવાની કોઈ ઇચ્છા નથી, આમ છતાં કર્મરહિત હોવાથી સ્વભાવથી લોકના અંતે રહે છે, પણ ગમનાગમન કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે જેમ કમળનાં સો પાંદડાઓ એક ઉપર એક મૂકવામાં આવેલાં હોય અને કોઈ યુવાન પુરુષ અતિબળવાન હોય અને પોતાના પૂરા બળથી ભાલાથી આ કમળનાં પાંદડાંઓને વીંધે, તો એક સમયમાં સર્વ પાંદડાંઓ વીંધાઈ જાય છે; તેમ એક સમયમાં સિદ્ધનો આત્મા લોકના અંતે પહોંચે છે, એ પ્રકારનું દૃષ્ટાન્ત શાસ્ત્રમાં અપાય છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહિ; કેમકે કમળનાં સો પાંદડાં બળવાન પુરુષથી ભાલાના એક ઘાથી વીંધવામાં આવે છે ત્યારે પણ અસંખ્યાતા સમયો પસાર થાય છે. તેથી અનેક સમયથી તે પાંદડાંની વીંધાવાની ક્રિયા છે, માટે તે દૃષ્ટાન્ત વડે કરીને સિદ્ધનો આત્મા એક સમયમાં લોકાન્તે પહોંચે છે તેમ કહેવું યુક્ત નથી. આ પ્રકારની શંકાને સામે રાખીને ગ્રંથકાર કહે છે –

સિદ્ધના આત્માઓનું સિદ્ધિક્ષેત્ર પ્રતિ ગમન અસ્પૃશદ્ગતિથી છે અને કમળનાં પાંદડાં વીંધાવાની ક્રિયાનું શાસ્ત્રમાં અપાયેલ દૃષ્ટાન્ત સ્પૃશદ્ગતિની અપેક્ષાએ છે. માટે અપેક્ષાએ કથન હોવાના કારણે શાસ્ત્રમાં અપાયેલ કમળનાં પાંદડાનાં દૃષ્ટાન્તમાં કોઈ વિરોધ નથી તાત્પર્ય એ છે કે ભાલાના એક ઘાથી કમળનાં સો પાંદડાંને વીંધવાની ક્રિયામાં ભાલો ક્રમસર દરેક પાંદડાને વીંધે છે, પણ એકી સાથે પાંદડાંઓ વીંધાતાં નથી; પણ સ્થૂલ વ્યવહારથી એમ દેખાય છે કે એક ઘાએ બધાં પાંદડાંઓ વીંધાઈ ગયાં. પરંતુ પરમાર્થથી તો ભાલો કમળનાં દરેક પાંદડાંઓને ક્રમસર સ્પર્શે છે, અને એક એક પાંદડાંમાંથી પસાર થતાં પણ અસંખ્યાત સમયો લાગે છે. આ રીતે કમળનાં પાંદડાંની વીંધાવાની ક્રિયાનું દૃષ્ટાન્ત સ્પૃશદ્ગતિ અપેક્ષાએ છે, અને માત્ર સ્થૂલદૃષ્ટિથી એક સમયમાં સર્વ પાંદડાંઓ વીંધાઈ જાય છે તેમ એક સમયમાં સિદ્ધનો આત્મા લોકના અંતે પહોંચે છે એમ સમજાવવા માટે વ્યવહારનયથી આ દૃષ્ટાન્ત આપવામાં આવે છે, જ્યારે નિશ્ચયનયથી વિચારીઓ તો સિદ્ધના આત્માઓનું સિદ્ધિક્ષેત્ર પ્રતિ ગમન અસ્પૃશદ્ગતિથી થાય છે અર્થાત્ સિદ્ધના આત્માઓ તો પોતે જ્યાં છે ત્યાંથી સર્વ કર્મથી મુક્ત થાય ત્યારે એક સમયમાં સિદ્ધશિલા ઉપર પહોંચે છે અર્થાત્ સમયાન્તરને પણ સ્પર્શ્યા વગર અસ્પૃશદ્ગતિથી સિદ્ધશિલા ઉપર પહોંચે છે. માટે નયસાપેક્ષ બન્ને કથન હોવાથી પરસ્પર કોઈ વિરોધ નથી.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના આત્માઓ મનુષ્યક્ષેત્રમાંથી સિદ્ધશિલા ઉપર એક સમયમાં જાય છે, તેથી વચલા આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના કઈ રીતે સિદ્ધશિલા ઉપર જઈ શકે ? તેથી કહે છે –

ઉત્કર્ષવિશેષને કારણે સિદ્ધના આત્માઓની અસ્પૃશદ્ગતિ છે. અને તે પદાર્થને સ્પષ્ટ કરે છે.

સંસારમાં ગતિનો ઉત્કર્ષવિશેષ=ગતિની તરતમતા દેખાય છે. એ રીતે ઉત્કર્ષવિશેષથી સિદ્ધના આત્માઓની અસ્પૃશદ્ગતિનો સંભવ છે. આશય એ છે કે સંસારમાં સતત ગતિમાન પદાર્થોની ગતિમાં તરતમતા જોવા મળે છે. જો સતત ગતિમાન પદાર્થો એક એક સમયમાં એક એક આકાશપ્રદેશને સ્પર્શીને ગતિ કરે તો ગતિમાં તરતમતા પ્રાપ્ત થાય નહિ; કેમ કે વચમાં આવતા જેટલા આકાશપ્રદેશોને સ્પર્શે તેટલા સમયોમાં તેઓ સ્થાનાન્તર પહોંચી શકે, તેથી સતત ગતિમાન પદાર્થોની ગતિ સદા સમાન પ્રાપ્ત થાય. જ્યારે ગતિમાન પદાર્થોની ગતિમાં તરતમતા પ્રત્યક્ષથી

દેખાય છે. તેથી અર્થથી એ માનવું પડે કે જે ગતિમાન પદાર્થ અન્ય કરતાં અધિક ગતિથી જાય છે તે એક સમયમાં અધિક આકાશપ્રદેશનું ઉલ્લંઘન કરે છે. તે આ રીતે–

કોઇ પરમાણુઆદિ મંદગતિથી સતત ગમનશીલ હોય અને મનુષ્યલોકમાંથી ચૌદ રાજલોકના છેડે પહોંચે, તો મનુષ્યલોકથી ચૌદ રાજલોકના છેડે પહોંચતાં વચમાં જેટલા આકાશપ્રદેશો આવે તેટલા સમયો લાગે; અને કોઇ અન્ય પરમાણુઆદિની તીવ્ર ગતિ હોય તો એક સમયમાં ચૌદ રાજલોકના છેડે પહોંચે છે, અને વચમાં જેટલા આકાશપ્રદેશો આવે તે સર્વને પણ સ્પર્શે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, તીવ્ર ગતિમાન પદાર્થો એક સમયમાં અનેક આકાશપ્રદેશોને સ્પર્શે છે અને પરમાણુઆદિ પણ જ્યારે તીવ્ર ગતિથી ચૌદ રાજલોકના છેડે જાય છે, ત્યારે જો સાતમા સમયમાં મનુષ્યલોકમાં હોય તો આઠમા સમયમાં ચૌદ રાજલોકના છેડે પહોંચે છે. પરમાણુઆદિની જેમ સિદ્ધોની ગતિ ઉત્કર્ષવિશેષવાળી હોવાથી સિદ્ધના જીવો એક સમયમાં સિદ્ધશિલા પર પહોંચે છે, ફક્ત સિદ્ધના જીવોની એટલી વિશેષતા છે કે પરમાણુઆદિ સાતમા સમયે મનુષ્યલોકમાં હોય છે અને આઠમા સમયે ચૌદ રાજલોકના છેડે પહોંચે છે; અને સિદ્ધનો આત્મા એક સમયમાં મનુષ્યલોકના આકાશપ્રદેશથી માંડીને ચૌદ રાજલોકના છેડા સુધીના વચલા આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના અસ્પૃશદ્ગતિથી, સમયાન્તર વિના જાય છે માટે જો સાતમા સમયે સર્વકર્મથી મુક્ત થાય તો સાતમા સમયે સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, પરમાણુઆદિ એક સમયમાં અનેક આકાશપ્રદેશોને સ્પર્શે છે તેથી સ્પૃશદ્ગતિથી સમયાન્તરમાં ચૌદ રાજલોકના છેડે પહોંચે છે; અને સિદ્ધનો આત્મા સમયાન્તરને સ્પર્શ્યા વિના તે સમયે જ ચૌદ રાજલોકના છેડે પહોંચે છે, તે અસ્પૃશદ્ગતિથી જાય છે, તેથી મનુષ્યલોકના આકાશપ્રદેશથી માંડીને ચૌદ રાજલોકના છેડા સુધીના વચલા આકાશપ્રદેશોને સિદ્ધનો આત્મા સ્પર્શ કરતો નથી, માત્ર જે મનુષ્યક્ષેત્રમાં સર્વકર્મથી મુક્ત થયા એટલા મનુષ્યક્ષેત્રના આકાશપ્રદેશોને જ સ્પર્શે છે અને ચૌદ રાજલોકના છેડે જઇને જ્યાં રહે છે તે આકાશપ્રદેશોને સ્પર્શે છે આમ ઉત્કર્ષવિશેષને કારણે સિદ્ધનાં આત્માઓની અસ્પૃશદ્ગતિ છે.

**ટીકા :**

**सिद्धस्यापुनरागमनात्, कालस्य चानादित्वात्, षण्मासान्तः प्रायोऽनेकसिद्धेर्भव्योच्छेदप्रसङ्ग इति विभ्रमनिरासार्थमाह–अव्यवच्छेदो भव्यानामनन्तभावेन तथा**

सिद्धिगमनादावपि । वनस्पत्यादिषु कायस्थितिक्षयदर्शनादनन्तस्याऽपि राशेः क्षयोपपत्तेः पुनः संशय इति तद्व्यवच्छित्त्यर्थमाह-एतदनन्तानन्तकम् । भव्यानन्तकमनन्तानन्तकम्, न युक्तानन्तकादि, समया अत्र ज्ञातम्, तेषां प्रतिक्षणमतिक्रमेऽनुच्छेदोऽनन्तत्वात् ।

कथं तर्हि एतदुच्यते –

ऋतुर्व्यतीतः परिवर्त्तते पुनः, क्षयं प्रयातः पुनरेति चन्द्रमाः ।
गतं गतं नैव तु संनिवर्त्तते, जलं नदीनां च नृणां च जीवितम् ॥ [ सौन्दरनन्दे ९/२८ ] इति ।

उच्यते, एतद व्यवहारतस्तूच्यते, अन्यथा तस्यैव परावृत्तौ बाल्याद्यनिवृत्तिः, तस्य तद्बाल्याद्यापादनस्वभावत्वादिति परिभावनीयम् । अतो न क्षयो भव्यानामिति स्थितम् । एवं च सति भव्यत्वं योग्यतामात्रमेव सिद्धिं प्रति केषाञ्चित्प्राणिनां ये न कदाचिदपि सेत्स्यन्ति । तथा चागमः-

भव्वा वि न सिज्झिसंति केइ [ ] इत्यादि ।

भव्यत्वं सिद्धिगमनयोग्यत्वम् । फलगम्या च योग्यता । को वा एवमभव्येभ्यो विशेषो भव्यानाम् ? इत्याशङ्काव्यपोहायाह-प्रतिमायोग्यदारुनिदर्शनेन, तथाहि-तुल्यायां प्रति [ मा ]ऽनिष्पत्तौ तथाप्येकं दारु प्रतिमायोग्यं ग्रन्थ्यादिशून्यतया, न तदन्यत् तद्युक्ततयेत्याविद्वदङ्गनादिसिद्धमेतत् ।

**ટીકાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધના આત્માઓ એક જીવની અપેક્ષાએ સાદિ અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત છે. આનાથી એ ફલિત થાય કે સિદ્ધના જીવોનું અપુનરાગમન છે અર્થાત્ મોક્ષમાં ગયા પછી જીવો ફરી સંસારમાં આવતા નથી, અને કાળનું અનાદિપણું છે. છ માસની અંદર પ્રાયે કરીને અનેક સિદ્ધો થાય છે તેથી ભવ્ય જીવોના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, એ પ્રકારના વિભ્રમના નિરાસ માટે સૂત્રકાર કહે છે –

તે પ્રકારે=છ મહિનાની અંદરમાં પ્રાયે કરીને અનેક સિદ્ધો થાય છે તે પ્રકારે, સિદ્ધિગમન આદિ હોતે છતે પણ ભવ્યોનો અનંત ભાવ હોવાને કારણે અવ્યવચ્છેદ છે.

★ અહીં '**सिद्धिगमनादावपि**' માં '**आदि**' પદથી કાલનું અનાદિપણું છે અને સિદ્ધિસ્થાનમાં ગયેલા જીવોનું ફરી આગમન નથી તેનું ગ્રહણ કરવાનું છે. અને 'अपि' પદથી એ કહેવું છે કે છ મહિનામાં પ્રાયે કરીને અનેક સિદ્ધ થતા ન હોય તો ભવ્ય જીવોનો ઉચ્છેદ ન થાય, પરંતુ છ મહિનામાં પ્રાયે કરીને અનેક સિદ્ધો થાય છે તો પણ ભવ્યોનો ઉચ્છેદ નહિ થાય.

**વનસ્પતિકાય આદિમાં કાયસ્થિતિનો ક્ષય દેખાય છે તેથી અનંત પણ રાશિના ક્ષયની ઉપપત્તિ હોવાથી ફરી સંશય થાય કે સિદ્ધો અનંત હોવા છતાં અનંતકાળે સર્વ ભવ્ય જીવોનો વ્યવચ્છેદ થશે એથી કરીને તેની વ્યવચ્છિતિ માટે અર્થાત્ એ પ્રકારની શંકાના નિરાકરણ માટે ગ્રંથકાર કહે છે –**

★ અહીં '**वनस्पत्यादिषु**' માં '**आदि**' પદથી એકેન્દ્રિયની કાયસ્થિતિનું ગ્રહણ કરવાનું છે.

**આ=ભવ્યોની અનંતસંખ્યા અનંતાનંતક છે પરંતુ યુક્તઅનંતકઆદિ નથી. આમાં=ભવ્યોની અનંતઅનંતક સંખ્યા છે એમાં, સમયો=કાળના સમયો, દૃષ્ટાન્ત છે; કેમ કે તેઓનું=કાળના સમયોનું, પ્રતિક્ષણ અતિક્રમ થયે છતે અનુચ્છેદ છે; કેમ કે અનંતપણું છે=અંત ન થાય તેટલો અનંતકાળ છે.**

**પૂર્વમાં કહ્યું કે પ્રતિક્ષણ કાળ પસાર થાય છે તો પણ કાળનો ઉચ્છેદ થતો નથી. ત્યાં કોઈ શંકા કરતાં કહે છે કે, તો આ=આગળમાં કહેવાય છે એ, કેવી રીતે કહેવાય છે ? અને તે જ બતાવે છે –**

**"વ્યતીત થયેલી ઋતુ ફરી પરિવર્તન પામે છે, ક્ષયને પ્રાપ્ત થયેલો ચંદ્રમા ફરી આવે છે, પરંતુ ગયેલું ગયેલું=વહી ગયેલું, નદીનું પાણી અને મનુષ્યોનું જીવન પાછું આવતું નથી જ."**

**આ પ્રકારની શંકાના નિવારણ માટે ગ્રંથકાર 'उच्यते' થી કહે છે –**

**આ=ઉદ્ધરણની સાક્ષી આપી એ, વ્યવહારથી વળી કહેવાય છે –**

**અન્યથા અર્થાત્ વ્યવહારથી ન માનો અને ઋતુ પરિવર્તન પામે છે તેમ માનો તો, તેની જ=તે ઋતુની જ, પરાવૃત્તિમાં બાલાદિની અનિવૃત્તિ થશે; કેમ કે તેનું= કાળનું, તદ્=તે જીવના, બાલાદિ-આપાદન-સ્વભાવપણું છે એ પ્રકારે પરિભાવન કરવું જોઈએ.**

આથી કરીને=કાળની જેમ અનંત અનંત સંખ્યાવાળા ભવ્ય જીવો છે આથી કરીને, ભવ્યોનો ક્ષય નથી, એ પ્રકારે સ્થિત છે. અને આમ હોતે છતે=ભવ્યોનો ક્ષય નથી એમ હોતે છતે, સિદ્ધિ પ્રત્યે કેટલાક પ્રાણીઓનું યોગ્યતામાત્ર જ ભવ્યત્વ છે, જેઓ ક્યારેય પણ સિદ્ધ થશે નહિ.

અને તે પ્રકારે આગમ છે=કેટલાક ભવ્યો ક્યારેય પણ સિદ્ધ થશે નહિ તે પ્રકારે આગમ છે, અને તે આગમ બતાવે છે –

કેટલાક ભવ્ય પણ સિદ્ધ થશે નહિ ઈત્યાદિ.

★ અહીં '**इत्यादि**' થી કેટલાક ભવ્યો પણ સિદ્ધ થશે નહિ, એ પ્રકારના કથનને કહેનારા અન્ય આગમોનો સંગ્રહ કરવાનો છે.

ભવ્યત્વ સિદ્ધિગમનયોગ્યત્વ છે અને યોગ્યતા ફલગમ્ય છે, એ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે કેટલાક ભવ્યો સિદ્ધ થશે નહિ એ રીતે, અભવ્યોથી ભવ્યોનો શું જ વિશેષ છે, અર્થાત્ કાંઈ વિશેષ નથી એ પ્રકારની આશંકાને દૂર કરવા ગ્રંથકાર કહે છે–

★ અહીં '**को वा**' માં '**वा**' શબ્દ '**एव**'કાર ના અર્થમાં છે.

પ્રતિમાયોગ્ય લાકડાના દૃષ્ટાન્તથી જે ભવ્યો મોક્ષમાં જવાના નથી તે ભવ્યોનો અને અભવ્યોનો ભેદ છે. અને તે દૃષ્ટાન્ત '**तथाहि**' થી સ્પષ્ટ કરે છે–

પ્રતિમાની અનિષ્પત્તિ તુલ્ય હોવા છતાં=પ્રતિમાયોગ્ય લાકડું અને અપ્રતિમાયોગ્ય લાકડું બન્નેમાંથી પ્રતિમાની અનિષ્પત્તિ સમાન હોવા છતાં, તો પણ એક લાકડું પ્રતિમાયોગ્ય છે, કેમ કે ગાંઠો આદિથી શૂન્ય છે અને તેનાથી અન્ય પ્રતિમા યોગ્યથી અન્ય, લાકડું પ્રતિમાયોગ્ય નથી, કેમ કે તેનાંથી યુક્તપણું છે=ગાંઠો આદિથી યુક્તપણું છે.

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

આ=સામે પડેલા બે લાકડાને જોઈને આ ગાંઠવિનાનું લાકડું પ્રતિમાયોગ્ય છે અને આ ગાંઠવાળું લાકડું પ્રતિમાયોગ્ય નથી એ, વિદ્વાનથી માંડીને સ્ત્રી આદિ સર્વને સિદ્ધ છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે જે જીંવ મોક્ષમાં જાય છે તે સાદિ અપર્યવસિત છે. તેથી એ ફલિત થાય છે કે સિદ્ધમાં ગયેલો જીવ ફરી સંસારમાં આવતો નથી. અને વળી કાલ અનાદિ છે, અને શાસ્ત્રવચનના આધારે એ મનાય છે કે છ મહિનાની અંદરમાં નિયમા ઓછામાં ઓછો એક સિદ્ધ અવશ્ય થાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે પ્રાયે કરીને છ મહિનામાં અનેક સિદ્ધો થાય અને જઘન્યથી એક સિદ્ધ અવશ્ય થાય. તેથી જગતમાં જે ભવ્ય જીવો છે તે સાધના કરીને આ રીતે મોક્ષમાં જાય છે, તો એક કાળ એવો આવશે કે બધા ભવ્યો મોક્ષમાં પહોંચી જશે, તેથી સંસારમાં ભવ્યના વિચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે. આ પ્રકારના ભ્રમને દૂર કરવા માટે ગ્રંથકાર કહે છે –

છ મહિનામાં જઘન્યથી એક સિદ્ધ અવશ્ય થાય છે, અને સિદ્ધમાં ગયેલા જીવો પાછા આવતા નથી, તો પણ ભવ્યોની સંખ્યા અંત વગરની હોવાના કારણે સદા મોક્ષગમન ચાલુ હોવા છતાં ભવ્યનો વ્યવચ્છેદ થવાનો નથી.

અહીં શંકા થાય છે કે વનસ્પતિકાયની સ્થિતિ અનંતકાળની છે, આમ છતાં તે કાયસ્થિતિનો ક્ષય દેખાય છે; તેમ અનંત પણ ભવ્યના જીવોની સંખ્યા આ રીતે મોક્ષમાં જતી હોય તો કોઇક એવો કાળ આવશે કે બધી રાશિ ક્ષય થઇ જશે. આ પ્રકારના સંશયના વ્યવચ્છેદ માટે ગ્રંથકાર કહે છે –

ભવ્યોની સંખ્યા અનંતઅનંતકની છે પરંતુ યુક્તઅનન્તક આદિ નથી અને તેમાં દૃષ્ટાન્ત સમયનું છે; સમયો પ્રતિક્ષણ પસાર થાય છે તો પણ સમયોનો અંત આવતો નથી, તેમ ભવ્યજીવો છ-છ મહિને અવશ્ય મોક્ષમાં જાય છે તો પણ તેમનો અંત આવતો નથી.

શંકાકારનો આશય એ છે કે, સંસારમાં કોઇ જીવ વનસ્પતિકાય આદિમાં જાય અને વનસ્પતિરૂપે ફરી ફરી વનસ્પતિકાયમાં કેટલો કાળ થઇ શકે ? એ પ્રકારનો પ્રશ્ન કરીને શાસ્ત્રમાં કહેલ છે કે, વનસ્પતિના જીવો ફરી ફરી વનસ્પતિરૂપે અનંતકાળ સુધી થઇ શકે છે. તે રીતે કોઇ જીવ વનસ્પતિમાં ઉત્પન્ન થાય, અને ફરી ફરી વનસ્પતિ અને પૃથ્વીકાયઆદિ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થયા કરે, અને તે રીતે વનસ્પતિ અને પૃથ્વીકાય આદિમાં એકેન્દ્રિયરૂપે ઉત્કૃષ્ટથી અનંતકાળની કાયસ્થિતિ પસાર કરે છે તો પણ તે કાયસ્થિતિનો ક્ષય થાય છે; કેમ કે એકવખત

વનસ્પતિઆદિમાં ગયા પછી ઉત્કૃષ્ટથી અનંતકાળ કાઢીને પણ તે જીવ અવશ્ય ત્રસકાયને પામે છે, આ પ્રકારનાં શાસ્ત્રવચનો છે. તેથી એ ફલિત થાય કે અનંતકાળની કાયસ્થિતિનો પણ ક્ષય થઈ શકે છે, તેમ અનંત સંખ્યાવાળા ભવ્યજીવો પણ સદા મોક્ષમાં જતા હોય તો એક કાળ એવો આવશે કે ભવ્યની સંખ્યાનો ક્ષય થશે. આ પ્રકારની શંકાના નિરાકરણ માટે ગ્રંથકાર કહે છે –

વનસ્પતિ આદિ જીવોની કાયસ્થિતિ અનંત સંખ્યાની છે પરંતુ તે અનંતઅનંતક નથી પરંતુ યુક્તઅનંતકરૂપ છે, જ્યારે ભવ્યની સંખ્યા તો અનંતઅનંતક જ છે માટે તેની સંખ્યાનો ક્ષય થઈ શકે નહિ. જેમ કાળના સમયો પણ અનંતઅનંતક છે તેથી પ્રતિક્ષણ કાળ ક્ષય પામી રહ્યો છે તો પણ કાળનો ક્યારેય અંત આવતો નથી; કેમ કે સમયોની સંખ્યા અનંતઅનંતક છે તેમ ભવ્ય જીવોની સંખ્યા પણ અનંતઅનંતક છે માટે ભવ્યનો ક્યારેય વિચ્છેદ થશે નહિ.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે, શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવાયું છે કે "વ્યતીત થયેલી ઋતુ પરિવર્તિત પામે છે, ક્ષય પામેલો ચંદ્રમાં ફરી આવે છે પરંતુ ગયેલ નદીનું પાણી અને ગયેલું મનુષ્યનું જીવન પાછું આવતું નથી." આ વચન બતાવે છે કે કાળ પરિવર્તન પામે છે અર્થાત્ ગયેલો કાળ ફરી આવે છે; કેમ કે ઋતુ એ કાળરૂપ છે અને પસાર થયેલી ઋતુ ફરીવાર આવે છે, તેથી ગયેલો કાળ ફરી આવે છે એ પ્રકારનો અર્થ થાય છે, અને કાળ પરાવર્તન પામે છે. આથી કાળ ક્યારેય ઉચ્છેદ પામતો નથી. જો ગયેલો કાળ ફરી ન આવતો હોય તો કાળનો અવશ્ય ઉચ્છેદ થાય. જ્યારે ભવ્ય જીવ મોક્ષમાં જાય છે તે ફરી આવતો નથી, તેથી કાળની જેમ ભવ્ય જીવની પરાવૃત્તિ નહિ હોવાથી ભવ્યના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, આ પ્રકારનો શંકાકારનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે –

વળી, વ્યવહારથી આ કહેવાય છે. આશય એ છે કે પૂર્વમાં જે ઉદ્ધરણની સાક્ષી આપી તે કથન વ્યવહારનયથી કહેવાય છે. ગયેલી ઋતુ ક્યારેય પાછી આવતી નથી, પરંતુ ગયેલી ઋતુ સદૃશ બીજી ઋતુ આવે છે ત્યારે તે ઋતુ ફરી આવી તેમ કહેવાય છે. તેવું ન માનો તો તે ઋતુ ફરી આવે છે તેમ સ્વીકારવું પડે, અને તેમ સ્વીકારીએ તો બાલાદિભાવોની નિવૃત્તિ થાય નહિ; કેમ કે જે ઋતુમાં મનુષ્ય જન્મેલો તે જ ઋતુ ફરી આવે, તેથી ફરી ફરી તે ઋતુ આવવાથી તે બાલભાવમાંથી યુવાન થઈ શકે નહિ; કેમ

કે કાળના ગમનથી બાલ યુવાન થાય છે. હવે જો ગયેલો કાળ ફરી આવતો હોય તો પૂર્વમાં જે કાળમાં તે બાલભાવમાં હતો તે કાળ ફરી આવવાથી તે વ્યક્તિનો બાલભાવ ફરી આવશે; કેમ કે જે ઋતુમાં તે જન્મેલો તે ઋતુ જવાથી તે મોટો થયો પરંતુ તે ઋતુ ફરી આવે છે ત્યારે તેટલો જ નાનો થઇ જશે, તેથી યુવાન થઇ શકે નહિ. તેથી પરમાર્થથી ગયેલો કાળ ફરી આવતો નથી. માત્ર ઉપદેશ આપવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહેલ છે કે ગયેલી ઋતુ પાછી આવે છે, ગયેલો ચંદ્રમાં ફરી પાછો આવે છે; કેમ કે આ રીતે ઋતુનું પરિવર્તન સદા ચાલ્યા કરે છે અને ચંદ્રનું આગમન સદા આવ્યા કરે છે; પરંતુ જેમ નદીનું પાણી વહી જાય તે પાછું આવતું નથી, તેમ મનુષ્યનું આયુષ્ય પાછું આવતું નથી. તેથી આ મનુષ્યભવ પૂરો થાય તે પહેલાં જ આત્મહિત માટે ઉદ્યમ કરવો જોઇએ, આ પ્રકારે ઉપદેશ અર્થે વ્યવહારનયથી ઉદ્ધરણનું કથન છે. માટે તેના બળથી કાળનું ફરી આગમન સ્વીકારીને કાળનું દૃષ્ટાન્ત ભવ્યના અનુચ્છેદમાં સંગત નથી=ઉચ્છેદમાં સંગત છે, તેમ કહી શકાય નહિ.

આનાથી ભવ્યોનો ક્ષય નથી તે વસ્તુ સિદ્ધ થઇ, અને આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થયું કે મોક્ષગમન પ્રતિ કેટલાક જીવોનું ભવ્યત્વ યોગ્યતામાત્ર રૂપ છે; કેમ કે કેટલાક જીવો ભવ્ય હોવા છતાં ક્યારેય પણ મોક્ષમાં જવાના નથી. અને તેમાં આગમની સાક્ષી આપે છે–

"કેટલાક ભવ્યો પણ મોક્ષમાં જવાના નથી" એ પ્રકારનું આગમનું વચન છે.

અહીં કોઇને શંકા થાય કે ભવ્યત્વ એ મોક્ષમાં જવાની યોગ્યતારૂપ છે, અને યોગ્યતા ફળથી જણાય છે અર્થાત્ કાર્ય થતું હોય તો તેમાં યોગ્યતા છે એમ ફળથી જણાય છે. અને જો એમ માનવામાં આવે કે ભવ્ય પણ કેટલાક મોક્ષમાં જતા નથી તો અભવ્ય કરતાં મોક્ષમાં નહિ જનાર ભવ્યનો ભેદ શું છે ? અર્થાત્ કોઇ ભેદ નથી; કેમ કે જેમ અભવ્ય ક્યારેય મોક્ષમાં જવાનાં નથી તેમ કેટલાક ભવ્યો પણ ક્યારેય મોક્ષમાં જવાના નથી. તેથી આ ભવ્ય છે અને આ અભવ્ય છે તેવો શબ્દમાત્રનો ભેદ છે, વસ્તુતઃ અભવ્ય અને મોક્ષમાં નહિ જનાર ભવ્ય, સમાન છે. આ પ્રકારની શંકાને દૂર કરવા માટે સૂત્રમાં કહે છે –

પ્રતિમાયોગ્ય લાકડાના દૃષ્ટાન્તથી જે ભવ્યો મોક્ષમાં જવાના નથી તે ભવ્યોનો અને અભવ્યોનો ભેદ છે. આશય એ છે કે જેમ કેટલુંક લાકડું ગાંઠોવાળું હોય છે તેથી તે લાકડામાંથી પ્રતિમા થઇ શકે નહિ, માટે કહેવામાં આવે છે કે આ

લાકડું પ્રતિમાયોગ્ય નથી. વળી, અન્ય લાકડું ગાંઠો વગરનું છે, તેથી કહેવામાં આવે છે કે, આ લાકડામાંથી પ્રતિમા ઘડી શકાય તેવી છે આમ છતાં પ્રતિમાયોગ્ય લાકડામાંથી પણ કેટલાક લાકડામાંથી ક્યારેય પ્રતિમા ન બને તેવું વિદ્વાનથી માંડીને સ્ત્રી આદિને પણ સિદ્ધ છે. તેથી યોગ્ય પણ લાકડામાંથી સામગ્રી ન મળે તો પ્રતિમા થતી નથી, તેમ મોક્ષમાં જવાને યોગ્ય એવા પણ ભવ્યજીવોને અન્ય કારણરૂપ સામગ્રી ન મળે તો મોક્ષમાં જાય નહિ. આમ છતાં જે ભવ્યજીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા છે છતાં સામગ્રીની પ્રાપ્તિ થવાની નથી તેથી પોતાના ભવ્યત્વને ખીલવીને મોક્ષમાં જવાના નથી તો પણ, અભવ્ય અને મોક્ષમાં નહિ જનારા ભવ્યો વચ્ચે ભેદ છે.

**ટીકા :**

**न चात्रापि तत्तत्स्वभावत्वादिविकल्पचिन्ता कार्या । कुतः? इत्याह-व्यवहार-मतमेतत्, अयं चैवं व्यवस्थित इति भावितमेव । न चायं संवृतिरूप इत्याह-एषोऽपि तत्त्वाङ्गम्, एषोऽपि व्यवहारनयः परमार्थाङ्गम् इह प्रक्रमे, तथा-योग्यताबुद्धेरपि सन्निबन्धनत्वात्, तत्स्वभावाविशेषे तु दार्वन्तरवद् योग्यदारुण्यपि तथाबुद्ध्यसिद्धेरित्यादि निर्लोठितमन्यत्रेति ।**

**ટીકાર્થ :**

**અને અહીં પણ=લાકડામાં પણ, તે તે સ્વભાવત્વઆદિરુપ=જે જે કાર્ય થાય છે તે તે સ્વભાવત્વ આદિરુપ, વિકલ્પનું ચિંતવન કરવું નહિ.**

**કેમ ચિંતવન ન કરવું ? એથી કરીને સૂત્રમાં કહે છે –**

**આ વ્યવહારનયનો મત છે. અને આ=વ્યવહારનય, આ રીતે=કાર્ય ન થાય તો પણ કાર્યયોગ્યને યોગ્યરૂપે સ્વીકારે છે એ રીતે, વ્યવસ્થિત છે, એ પ્રમાણે ભાવિત જ છે=શાસ્ત્રમાં કહેવાયેલું જ છે.**

★ '**अत्रापि**' માં '**अपि**' પદથી એ કહેવું છે કે ભવ્યત્વમાં તત્તત્સ્વભાવત્વ આદિ વિકલ્પનું ચિંતવન ન કરવું, પરંતુ લાકડામાં પણ તત્તત્સ્વભાવત્વ આદિ વિકલ્પનું ચિંતવન ન કરવું.

★ '**तत्तत्स्वभावत्वआदि**' માં '**आदि**' પદથી જે જે પ્રકારનું કાર્ય થાય છે તે તે પ્રકારની સહકારી સામગ્રીની પ્રાપ્તિનું ગ્રહણ કરવાનું છે.

**અને આ=વ્યવહાર, સંવૃતિરૂપ નથી=કાલ્પનિક નથી. એ પ્રમાણે કહે છે –**

**આ પણ=વ્યવહારનય પણ, તત્ત્વાંગ છે.**

તેને સ્પષ્ટ કરે છે –

**આ પણ=વ્યવહારનય પણ, અહીંયાં=પ્રક્રમમાં=ભવ્યત્વની વિચારણારૂપ પ્રક્રમમાં, પરમાર્થ અંગ છે; કેમ કે તે પ્રકારની યોગ્યતાની બુદ્ધિનું પણ સદ્ નિબંધનપણું છે=પદાર્થમાં રહેલ યોગ્યતારૂપ વિદ્યમાન ભાવનાં કારણે છે. વળી, તત્સ્વભાવનું અવિશેષપણું હોતે છતે=પ્રતિમાને યોગ્ય લાકડાનું અને પ્રતિમાને અયોગ્ય લાકડાનું અવિશેષપણું હોતે છતે, દારુ અંતરની જેમ=પ્રતિમાને અયોગ્ય લાકડાની જેમ, યોગ્ય દારુમાં પણ=પ્રતિમાને યોગ્ય લાકડાંમાં પણ, તે પ્રકારની બુદ્ધિની અસિદ્ધિ હોવાથી=આ લાકડું પ્રતિમાને અયોગ્ય છે એ પ્રકારની બુદ્ધિની અસિદ્ધિ હોવાથી, યોગ્યતાની બુદ્ધિ સદ્ નિબંધન છે એ પ્રકારે અન્વય છે.**

**इत्यादि='एषोऽपि तत्त्वाङ्गम्' થી માંડીને 'बुद्ध्यसिद्धेः' ઇત્યાદિ, કથન अन्यत्र =અન્ય ગ્રંથમાં, ટીકાકારે કહેલું છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

★ '**एषोऽपि व्यवहारनयः**' માં '**अपि**' થી એ કહેવું છે કે નિશ્ચયનય તો પરમાર્થરૂપ છે પણ વ્યવહારનય પણ પરમાર્થનું અંગ છે.

★ '**तथायोग्यताबुद्धेरपि**' માં '**तथा**' થી એ કહેવું છે કે લાકડામાંથી પ્રતિમા ન થાય તો પણ પ્રતિમા થઇ શકે તેવા પ્રકારની યોગ્યતાની બુદ્ધિ સદ્ નિબંધન છે અને '**अपि**' થી એ કહેવું છે કે તે પ્રકારની અયોગ્યતાની બુદ્ધિ તો સદ્ નિબંધન છે પરંતુ તે પ્રકારની યોગ્યતાની બુદ્ધિ પણ સદ્ નિબંધન છે

★ '**योग्यदारुण्यपि**' માં '**अपि**' થી એ કહેવું છે કે અયોગ્ય દારુમાં તો આ અયોગ્ય દારુ છે એ પ્રકારની બુદ્ધિની થાય છે, પરંતુ યોગ્ય દારુમાં પણ તે પ્રકારની=જે પ્રકારની અયોગ્ય દારુમાં થાય છે તે પ્રકારની બુદ્ધિની અસિદ્ધિ છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે કેટલાક ભવ્યો મોક્ષમાં જવાના નથી તો પણ પ્રતિમાયોગ્ય લાકડાના દૃષ્ટાન્તથી ભવ્ય જીવો અને અભવ્ય જીવોનો સ્વભાવભેદ છે, ત્યાં *નિશ્ચયનયની દૃષ્ટિથી શંકા કરતાં ટીકાકાર કહે છે–*

જે જે લાકડામાંથી જે જે કાર્ય થાય છે તે તે લાકડામાંથી તે કાર્ય થવાનો સ્વભાવ છે, અન્ય કાર્ય થવાનો સ્વભાવ નથી, એ પ્રકારે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો, જે લાકડામાંથી પ્રતિમા થતી નથી એ લાકડામાં પ્રતિમાયોગ્ય સ્વભાવ નથી, અને પ્રતિમાયોગ્ય સામગ્રી મેળવવાનો પણ સ્વભાવ નથી, માટે તે લાકડાને પ્રતિમાયોગ્ય કહી શકાય નહિ. તે રીતે કેટલાક જીવો ભવ્ય છે છતાં ક્યારેય મોક્ષે જવાનાં નથી તેમ વ્યવહારનય કહે છે તેવા જીવોમાં મોક્ષની સામગ્રી મેળવવાનો સ્વભાવ નથી અને મોક્ષમાં જવાનો પણ સ્વભાવ નથી તેમ નિશ્ચયનય માને છે. તેને ગ્રંથકાર કહે છે કે તેમ માનવું ઉચિત નથી; કેમ કે આ વ્યવહારનયનો મત છે. આશય એ છે કે નિશ્ચયનયથી, જે કાર્ય થાય તે જ સ્વભાવ તે વસ્તુમાં છે તેમ માની શકાય, તો પણ વ્યવહારનયથી જે વસ્તુમાં જે કાર્ય થઇ શકે તેવો પ્રામાણિક વ્યવહાર થતો હોય, તો તે વસ્તુમાંથી તે કાર્ય ન થાય તો પણ તે કાર્ય થવાનો સ્વભાવ છે તેમ સ્વીકારાય છે; અને આથી ગાંઠ વગરનું લાકડું છે તેમાંથી પ્રતિમા થઇ શકે તેવો વ્યવહાર વર્તે છે, આમ છતાં તે લાકડામાંથી પ્રતિમા ન થાય તો પણ તે લાકડું પ્રતિમાયોગ્ય છે તેમ વ્યવહારનય સ્વીકારે છે. તે રીતે સામગ્રી મળે તો મોક્ષમાં જવાની યોગ્યતા જે જીવોમાં સર્વજ્ઞ જુએ છે અને સામગ્રીના અભાવને કારણે તેઓ મોક્ષમાં જવાના નથી, તેમ પણ સર્વજ્ઞ જુએ છે. તો પણ સર્વજ્ઞે તેઓને ભવ્ય તરીકે કહેલા છે; અને જે જીવો મોક્ષમાં જઇ શકે તેવી યોગ્યતા વગરના છે તેઓને અભવ્ય તરીકે કહેલા છે.

ટીકામાં કહ્યું છે કે "આ રીતે આ વ્યવહારનય વ્યવસ્થિત છે, એ પ્રકારે શાસ્ત્રમાં ભાવિત છે જ" તેનો આશય એ છે કે **अयं**=આ=વ્યવહારનય, આ રીતે=જે વસ્તુમાં જે કાર્યની યોગ્યતા હોય તે વસ્તુમાંથી તે કાર્ય ન થાય તો પણ તે વસ્તુ તે કાર્યને યોગ્ય છે એ રીતે, સ્વીકાર કરવારૂપે વ્યવસ્થિત છે, એ પ્રમાણે શાસ્ત્રકારો કહે છે.

બૌદ્ધમત નિશ્ચયનય ઉપર ચાલનાર છે અને તે બૌદ્ધમત વ્યવહારનયને સંવૃતિરૂપ કહે છે અર્થાત્ કાલ્પનિક કહે છે. અને તે દૃષ્ટિને સામે રાખીને ટીકાકાર કહે છે કે આ વ્યવહારનય સંવૃતિરૂપ છે અર્થાત્ કાલ્પનિક છે, એમ ન કહેવું. એ બતાવવા માટે સૂત્રકાર કહે છે –

આ વ્યવહારનય પણ તત્ત્વનું અંગ છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનય કઇ રીતે તત્ત્વનું અંગ છે તે સ્પષ્ટ કરવા માટે ટીકાકાર કહે છે – જે લાકડામાંથી પ્રતિમા થતી નથી, આમ છતાં પ્રતિમા થઇ શકે તેવા પ્રકારની યોગ્યતા છે એવી પ્રામાણિક બુદ્ધિ થાય છે તે સદ્ નિબંધન છે અર્થાત્ વસ્તુમાં રહેલ યોગ્યતારૂપ વિદ્યમાન ભાવ છે તેના કારણે છે. જો તે લાકડામાં પ્રતિમા થવાની યોગ્યતા જ ન હોય તો જાણકાર આ લાકડું પ્રતિમાને યોગ્ય છે એમ કહી શકે નહિ. જ્યારે જાણકાર કહી શકે છે કે આ લાકડામાંથી પ્રતિમા થઇ શકે તેમ છે, આમ છતાં તેને ઘડવા માટે શિલ્પી યત્ન ન કરે તો તે લાકડામાંથી પ્રતિમા ન પણ થાય, તો પણ પ્રતિમાઅયોગ્ય લાકડા કરતાં પ્રતિમાયોગ્ય લાકડું જુદું છે. તેમ સંસારમાં જે જીવો છે તેમાંથી કેટલાક જીવો ક્યારેય પણ મોક્ષમાં જવાના નથી. આમ છતાં સર્વજ્ઞ કેવળજ્ઞાનના બળથી જાણીને કહી શકે છે કે જે જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા હોવા છતાં સામગ્રી નહિ મળવાને કારણે ક્યારેય મોક્ષમાં જવાના નથી તો પણ તે ભવ્યજીવો છે. અને કેટલાક જીવો તે ભવ્યજીવો કરતાં જુદા પ્રકારના સ્વભાવવાળા છે અને તેઓ પણ ક્યારેય મોક્ષમાં જવાના નથી, તો પણ ભવ્યજીવો કરતાં વિલક્ષણ સ્વભાવ હોવાને કારણે સર્વજ્ઞ તેઓને અભવ્યરૂપે જુએ છે. તેથી ભવ્યાભવ્યનો વિભાગ તે રીતે સર્વજ્ઞે વ્યવહારનયથી બતાવ્યો છે.

વળી, આ સ્વભાવભેદ યુક્તિસંગત છે અને તે દૃઢ કરવા માટે ટીકાકાર કહે છે – જેમાંથી પ્રતિમા થવાની નથી એવું પ્રતિમાયોગ્ય લાકડું, અને પ્રતિમાઅયોગ્ય લાકડું આ બન્નેનો સ્વભાવ જો સમાન હોય, તો પ્રતિમાઅયોગ્ય લાકડાની જેમ પ્રતિમાયોગ્ય લાકડામાં જાણકારને તે પ્રકારની બુદ્ધિ થવી જોઇએ નહિ અર્થાત્ આ લાકડું પ્રતિમાયોગ્ય છે તે પ્રકારની બુદ્ધિ થવી જોઇએ નહિ. પરંતુ આવી બુદ્ધિ થાય છે, માટે પ્રતિમાયોગ્ય લાકડાનો અને પ્રતિમાઅયોગ્ય લાકડાનો સ્વભાવભેદ છે.

**'इत्यादि'** કથન ટીકાકાર વડે અન્ય ગ્રંથમાં નિર્લોઠિત છે અર્થાત્ અન્યગ્રંથમાં ટીકાકારે કહેલ છે.

મૂળસૂત્રમાં **'एसो वि तत्तंगं'** છે, તેનું જોડાણ પૂર્વના કથન સાથે છે, તે આ રીતે –

પૂર્વમાં કહ્યું કે આ વ્યવહારનયનો મત છે, ત્યાં પ્રશ્ન થાય કે વ્યવહારનય

તો કાલ્પનિક છે તેમ બૌદ્ધ માને છે, તે દૃષ્ટિને સામે રાખીને કહ્યું કે આ વ્યવહારનય કાલ્પનિક નથી પરંતુ તત્ત્વનું અંગ છે અને એ જ વાતને ટીકામાં સ્પષ્ટ કરી. તેથી એ પ્રાપ્ત થાય કે, જે જીવો ભવ્ય છે આમ છતાં ક્યારેય મોક્ષમાં જવાના નથી તો પણ અભવ્ય જીવોના સ્વભાવ કરતા જુદો સ્વભાવ હોવાને કારણે વ્યવહારનયથી તેઓને ભવ્ય કહેલ છે અને આ વ્યવહારનયનો મત ભવ્ય અને અભવ્યજીવોમાં રહેલા સ્વરૂપભેદના કારણે છે પરંતુ કલ્પનામાત્રથી ભવ્ય અને અભવ્યનો ભેદ કરાયેલો નથી; કેમ કે અભવ્ય જીવો કરતાં ભવ્ય જીવોનું સ્વરૂપ જુદું છે માટે વ્યવહારનય મોક્ષમાં નહિ જનારા એવા પણ ભવ્યજીવોને ભવ્યરૂપે સ્વીકારે છે. માટે આ વ્યવહારનય તત્ત્વાંગ છે.

હવે '**एषोऽपि तत्त्वाङ्गम्**' એ પદની આવૃત્તિ કરીને=ફરી ઉચ્ચારણ કરીને, બીજી રીતે અર્થ કરે છે. અને તે બતાવવા માટે ટીકાકાર કહે છે –

**ટીકા :**

**अनुष्ठानमेवाधिकृत्याह-एषोऽपि तत्त्वाङ्गम् । यथोक्तम् -**

**जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छये मुयह ।**
**ववहारणयुच्छेए तित्थुच्छेओ जतोऽवस्सं ॥ [ पञ्चवस्तुके गा. १७२ ]**

**अत एषोऽपि व्यवहारनयस्तत्त्वाङ्गं प्रवृत्तौ मोक्षाङ्गमित्यर्थः । कुतः? इत्याह- प्रवृत्तिविशोधनेन, तन्मतेन प्रव्रज्यादिप्रदानात् परलोकप्रवृत्तिविशोधनेन, इत्थमनेकान्तसिद्धितः सन्नीत्या, तथा निश्चयाङ्गभावेन, एवं प्रवृत्त्याऽपूर्वकरणादिप्राप्तेः, परिशुद्धस्तु केवलमाज्ञापेक्षी पुष्टालम्बनः ।**

**ટીકાર્થ :**

**અનુષ્ઠાનને આશ્રયીને સૂત્રકાર કહે છે=આશય એ છે કે પૂર્વમાં 'एषोऽपि तत्त्वतत्वाङ्गम्' શબ્દનો અર્થ પદાર્થના સ્વરૂપને આશ્રયીને કરેલ, હવે અનુષ્ઠાનને આશ્રયીને તે શબ્દનો અર્થ સૂત્રકાર કહે છે –**

**અનુષ્ઠાનને આશ્રયીને આ વ્યવહારનય તત્ત્વાંગ છે તે બતાવવા માટે 'यथोक्तम्' થી સાક્ષી આપે છે જે 'સમયસાર' ગ્રંથની છે, જેનો અર્થ આ પ્રમાણે છે–**

"જિનમતને સ્વીકારો છો તો વ્યવહાર-નિશ્ચયમાં મોહ પામો નહિ; જે કારણથી વ્યવહારના ઉચ્છેદમાં તીર્થનો ઉચ્છેદ અવશ્ય છે."

**अत एषोऽपि=આથી આ પણ=વ્યવહારનય પણ, પ્રવૃત્તિમાં તત્ત્વાંગ છે=મોક્ષનું અંગ છે, એ પ્રકારનો અર્થ છે.**

**કેમ મોક્ષનું અંગ છે ? એથી કરીને કહે છે –**

**પ્રવૃત્તિનું વિશોધન થવાને કારણે=વ્યવહારનયના મતથી પ્રવ્રજ્યાઆદિ પ્રદાનના કારણે પરલોકની પ્રવૃત્તિનું વિશોધન થતું હોવાને કારણે, (વ્યવહારનય મોક્ષનું કારણ છે.)**

★ '**प्रव्रज्यादि**' માં '**आदि**' પદથી પ્રવ્રજ્યાના પાલનનું ગ્રહણ કરવાનું છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનય પ્રમાણે પ્રવ્રજ્યાદિ આપવાથી પરલોકની પ્રવૃત્તિની વિશુદ્ધિ કેમ થાય છે ? એથી કહે છે –

**इत्थ=આ રીતે સન્નીતિથી અનેકાન્તની સિદ્ધિ હોવાથી (પરલોકની પ્રવૃત્તિની) વિશુદ્ધિ થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનયને સ્વીકારવાથી સન્નીતિથી અનેકાન્તની સિદ્ધિ કઇ રીતે થાય ? એથી કરીને કહે છે –

**तथा=અને નિશ્ચયનયનો અંગભાવ હોવાને કારણે=નિશ્ચયનયનું કારણ હોવાને કારણે વ્યવહારનય સ્વીકારવાથી અનેકાન્તની સિધ્ધિ થાય છે એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનય નિશ્ચયનયનો અંગભાવ કેમ છે ? અર્થાત્ કારણભાવ કેમ છે ? એથી કહે છે –

**एवं=આ રીતે, પ્રવૃત્તિથી=વ્યવહારનયને માન્ય પ્રવ્રજ્યા આદિ પ્રદાનની પ્રવૃત્તિથી, અપૂર્વકરણાદિની પ્રાપ્તિ હોવાથી વ્યવહારનય નિશ્ચયનયનું કારણ છે એમ અન્વય છે.**

★ '**प्रवृत्त्याऽपूर्वकरणादिप्राप्तेः**' માં '**आदि**' પદથી સામર્થ્યયોગની પ્રાપ્તિ ગ્રહણ કરવાની છે.

કયો વ્યવહારનય નિશ્ચયનયનો અંગભાવ છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**વળી, પરિશુદ્ધ એવો કેવળ વ્યવહારનય અર્થાત્ અપરિશુદ્ધ વ્યવહારનય નહિ પરન્તુ ફક્ત પરિશુદ્ધ એવો વ્યવહારનય, નિશ્ચયનયનો અંગભાવ છે.**

**પરિશુદ્ધ વ્યવહારનય કેવો છે, તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**ભગવાનની આજ્ઞાની અપેક્ષાવાળો અને પુષ્ટાલંબનવાળો વ્યવહારનય પરિશુદ્ધ છે.**

આવો પરિશુદ્ધ વ્યવહારનય નિશ્ચયનયનો અંગભાવ છે, તેથી જે સાધુ શુદ્ધ વ્યવહારનયનું આલંબન લે તેને અવશ્ય નિશ્ચયનયની પ્રાપ્તિ થાય. તેથી વ્યવહારનયના આલંબનને કારણે સન્નીતિથી અનેકાન્તની સિદ્ધિ છે, અને તેથી પરલોકની પ્રવૃત્તિનું વિશોધન છે, એ પ્રકારે જોડાણ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં બતાવ્યું એ રીતે, પદાર્થને આશ્રયીને યોગ્યતા અને અયોગ્યતાનો ભેદ કરનાર વ્યવહારનય તત્ત્વાંગ છે તે સિદ્ધ કર્યું. હવે અનુષ્ઠાનને આશ્રયીને આ વ્યવહારનય તત્ત્વાંગ છે તે બતાવવા અર્થે કહે છે –

**ભાવાર્થ :**

આશય એ છે કે પાંચમુ સૂત્ર પ્રવ્રજ્યાના ફળરૂપ મોક્ષનું સ્વરૂપ બતાવવા માટે રચાયેલ છે, અને તે સ્વરૂપનું વર્ણન કરતાં શંકા થઈ કે, જો આ રીતે ભવ્ય જીવો-સતત મોક્ષમાં જતા હોય તો ભવ્ય જીવોનો ઉચ્છેદ થશે. તેનું સમાધાન કર્યું કે ભવ્યો અનંતાઅનંત સંખ્યાવાળા છે, માટે ભવ્યજીવોનો ઉચ્છેદ થશે નહિ.

ત્યાં પ્રશ્ન થયો કે કેટલાક ભવ્યો ક્યારેય મોક્ષમાં પહોંચશે નહિ તે સ્વીકારીએ તો, જે ભવ્યો મોક્ષમાં જવાના નથી તેને અભવ્ય જ કહેવા પડે. તેનું સમાધાન કર્યું કે, જે જીવો મોક્ષમાં જવાના નથી છતાં અભવ્ય જીવો કરતાં વિલક્ષણ સ્વભાવવાળા છે તેઓને વ્યવહારનય ભવ્યરૂપે સ્વીકારે છે, અને તે વ્યવહારનયની માન્યતા પણ કાલ્પનિક નથી પરંતુ ભવ્ય અને અભવ્ય જીવમાં રહેલા વાસ્તવિક સ્વરૂપભેદને આશ્રયીને છે, માટે વ્યવહારનય તત્ત્વને જોનારો છે.

આ રીતે પાંચમા સૂત્રમાં પ્રારંભ કરાયેલી પ્રવ્રજ્યાના ફળરૂપ સિદ્ધના સ્વરૂપની વાત પૂરી થઈ. હવે જે રીતે વ્યવહારનય પદાર્થના સ્વરૂપને જોવામાં તત્ત્વાંગરૂપ છે તેમ અનુષ્ઠાનને આશ્રયીને પણ વ્યવહારનય તત્ત્વાંગ છે તે

બતાવીને, પ્રસ્તુત પંચસૂત્ર આખો ગ્રંથ કઇ રીતે નિશ્ચય અને વ્યવહારને અવલંબીને તત્ત્વની પ્રાપ્તિનું કારણ છે, તે બતાવવા અર્થે મૂળસૂત્રમાં '**एसो वि तत्तंगं**' એ શબ્દની આવૃત્તિ કરીને, અનુષ્ઠાનને આશ્રયીને વ્યવહારનય તત્વાંગ કઇ રીતે છે તે બતાવવા સૂત્રકાર '**पवित्तिविसोहणेण**' થી જુદી રીતે પદાર્થ જોડે છે જેને ટીકાકાર સ્પષ્ટ કરે છે.

અનુષ્ઠાનને આશ્રયીને વ્યવહારનય તત્ત્વાંગ છે તેમાં ટીકાકાર પૂર્વનાં મહાપુરૂષોનાં "સમયસાર" ગ્રંથની સાક્ષી આપે છે અને જે પંચવસ્તુમાં પણ ગાથા ૧૭૨ છે જેનો અર્થ આ પ્રમાણે છે – "જો તમે જિનમતને સ્વીકારતા હો તો વ્યવહારનય અને નિશ્ચયનયનો ત્યાગ કરો નહિ; કેમ કે વ્યવહારનયનો ઉચ્છેદ કરશો તો તીર્થનો ઉચ્છેદ થશે. આથી વ્યવહારથી પણ દીક્ષા લીધી છે તે પ્રવ્રજિત જ છે". તેનો ભાવ આ પ્રમાણે છે –

ભગવાનના મતને જે સ્વીકારતો હોય તેને જેમ ઉચિતસ્થાને નિશ્ચયનયનું આલંબન આવશ્યક છે તેમ ઉચિતસ્થાને વ્યવહારનયનું આલંબન પણ આવશ્યક છે; કેમ કે વ્યવહારનયનું આલંબન લેવામાં ન આવે તો સંયમના પરિણામ અર્થે નિશ્ચયનયના આલંબનથી માત્ર ભાવમાં જ યત્ન કરવાનો રહે, અને તેમ કરવાથી પ્રવ્રજ્યાનો જે વ્યવહાર પ્રવર્તે છે તે પ્રવર્તે નહિ. અને જો પ્રવ્રજ્યાનો વ્યવહાર પ્રવર્તે નહિ તો ભગવાનના શાસનનો ઉચ્છેદ થાય; કેમ કે યોગ્ય જીવો પ્રવ્રજ્યા ગ્રહણ કરીને સંયમમાં યત્ન કરે તો જ ભગવાનનું શાસન પ્રવર્તી શકે. જો સંયમમાર્ગનો ઉચ્છેદ થાય તો ઘણા યોગ્ય જીવોને માર્ગની અપ્રાપ્તિને કારણે, ન તો નિશ્ચયનયની પ્રાપ્તિ થાય અને ન તો વ્યવહારનયની પ્રાપ્તિ થાય, તેથી દુરંત સંસારની વૃદ્ધિ થાય. માટે કલ્યાણના અર્થીએ પોતાની યોગ્યતાને જોઇને વ્યવહારનયના અવલંબનથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ, અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી માત્ર પ્રવ્રજ્યાગ્રહણથી મોક્ષ નથી કે પ્રવ્રજ્યાની ક્રિયાઓથી મોક્ષ નથી પરંતુ નિશ્ચયનયને અભિમત ભાવપ્રવ્રજ્યાથી મોક્ષ છે, તેથી નિશ્ચયનયનું અવલંબન લઇને ભાવપ્રવ્રજ્યા પ્રગટ થાય તે રીતે વ્યવહારનયને માન્ય પ્રવ્રજ્યાની ક્રિયામાં સુદૃઢ યત્ન કરવો જોઇએ, જેથી વ્યવહારનયની ક્રિયાઓ દ્વારા નિશ્ચયનયને માન્ય ભાવપ્રવ્રજ્યાની પ્રાપ્તિ થાય, અને ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય. આ પ્રકારનું ઉદ્ધરણનું તાત્પર્ય છે.

હવે ટીકાકાર કહે છે કે પ્રવૃત્તિમાં આ વ્યવહારનય તત્ત્વાંગ છે અર્થાત્ વ્યવહારનય મોક્ષનું અંગ છે; કેમ કે વ્યવહારનયની પ્રવૃત્તિથી પરલોકની પ્રવૃત્તિની વિશુદ્ધિ થાય છે. આશય એ છે કે મોક્ષપ્રાપ્તિનાં બે અંગ છે. (૧) નિશ્ચય અંગ અને (૨) વ્યવહાર અંગ.

જેમ નિશ્ચયઅંગ પરલોકની પ્રવૃત્તિની વિશુદ્ધિ કરે છે તેમ વ્યવહારઅંગ પણ પ્રવ્રજ્યાદિ આપવા દ્વારા યોગ્ય જીવની પરલોકની પ્રવૃત્તિની વિશુદ્ધિ કરે છે, અને આમ સ્વીકારવાથી સન્નીતિથી અનેકાન્તની સિદ્ધિ છે. આશય એ છે કે ભાવથી કર્મબંધ થાય છે અને ભાવથી કર્મનો વિચ્છેદ થાય છે, તેથી જે ભાવો કર્મબંધનાં કારણો છે તેને દૂર કરવા જોઈએ, અને જે ભાવો કર્મબંધના ઉચ્છેદનાં કારણો છે તેમાં યત્ન કરવો જોઈએ. આમ છતાં તે ભાવોની નિષ્પત્તિ ઉચિત ક્રિયાથી થઈ શકે છે, તેથી પોતાની યોગ્યતાનો વિચાર કરીને પ્રવ્રજ્યાઆદિમાં યત્ન કરવો જોઈએ અને માંત્ર પ્રવ્રજ્યા ગ્રહણ કરીને કે માત્ર પ્રવ્રજ્યાની ક્રિયાઓ કરીને સંતોષ માનવો જોઈએ નહિ, પરંતુ તે પ્રવ્રજ્યાની ક્રિયાઓ મોક્ષને અનુકૂળ ભાવો પ્રગટ કરે તે રીતે કરવી જોઈએ જેથી સન્નીતિથી નિશ્ચય અને વ્યવહારરૂપ અનેકાન્તની સિદ્ધિ થાય.

અહીં પ્રશ્ન થાય કે વસ્તુતઃ મોક્ષની પ્રાપ્તિ તો જીવના સંવરભાવથી થાય છે, અને તે સંવરભાવ માટે તો અંતરંગ યત્ન આવશ્યક છે, પરંતુ બાહ્ય ક્રિયાની શું આવશ્યક્તા છે ? તેથી કહે છે –

કેવળ=ફક્ત પરિશુદ્ધ વ્યવહારનય નિશ્ચયનયનો અંગભાવ છે અર્થાત્ નિશ્ચયનયનું કારણ છે. તેથી પરિશુદ્ધ વ્યવહારનયમાં જે જીવ યત્ન કરે છે તેને અવશ્ય નિશ્ચયનયને અભિમત ભાવ પ્રગટ થાય છે અર્થાત્ વ્યવહારનયના સેવનથી નિશ્ચયનયની પ્રાપ્તિ થાય છે, અને સાધક જીવમાં વ્યવહારનયના સેવનરૂપ અને નિશ્ચયનયના સેવનરૂપ અનેકાંત પ્રગટે છે. તેના કારણે પરલોકની પ્રવૃત્તિ વિશુદ્ધ બને છે, એ પ્રકારનું જોડાણ છે.

અહીં વ્યવહારનય નિશ્ચયનયનો અંગભાવ કેમ છે ? તે બતાવવા માટે ટીકાકાર કહે છે – આ રીતે વ્યવહારનયની પ્રવૃત્તિ કરવાથી અપૂર્વકરણ આદિની પ્રાપ્તિ

થાય છે અને તે અપૂર્વકરણઆદિ મોક્ષને અનુકૂળ એવા જીવના પરિણામરૂપ છે અને તેને નિશ્ચયનય મોક્ષનું કારણ માને છે. તેથી વ્યવહારનયની પ્રવ્રજ્યાની પ્રવૃત્તિથી નિશ્ચયનયને માન્ય એવા અપૂર્વકરણાદિ ભાવ પ્રગટે છે. માટે વ્યવહારનય નિશ્ચયનયનું કારણ છે તે બતાવવા માટે વ્યવહારનયને નિશ્ચયનયનો અંગભાવ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે કેવા પ્રકારના વ્યવહારનયનું સેવન નિશ્ચયનયનું કારણ બને ? તેથી કહે છે –

કેવળ પરિશુદ્ધ વ્યવહારનય નિશ્ચયનયનું કારણ બને છે, પરંતુ અપરિશુદ્ધ એવો વ્યવહારનય નિશ્ચયનયનું કારણ નથી. તે પરિશુદ્ધ એવો કેવળ વ્યવહારનય કેવો છે? તે સ્પષ્ટ કરવા માટે ટીકાકાર કહે છે – જે વ્યવહાર ભગવાનની આજ્ઞાની અપેક્ષાવાળો છે અને ભાવને પેદા કરવા માટે ઉપયોગી એવા પુષ્ટાલંબનને ગ્રહણ કરનાર છે, તે વ્યવહારનય ફક્ત પરિશુદ્ધ છે, અન્ય નહિ.

આશય એ છે કે તત્ત્વનો જાણકાર જીવ પોતાની ચિત્તની ભૂમિકા, શારીરિક શક્તિ અને સાંયોગિક શક્તિનું સમ્યક્ આલોચન કરીને, પોતાની ભૂમિકા પ્રમાણે ભગવાનના વચનનું અવલંબન લઇને ક્રિયામાં દૃઢ યત્ન કરે તો, તે ક્રિયા, પોતાની ભૂમિકાને અનુરૂપ મોક્ષને અનુકૂળ એવા, ઉપર ઉપરના ભાવોને અવશ્ય પ્રગટ કરે છે. તેથી ક્રિયામાં કરાયેલો યત્ન વ્યવહારનયના સેવનરૂપ છે, અને તે ક્રિયાથી જે ભાવો પ્રગટ થાય છે તે નિશ્ચયનયના સેવનરૂપ છે. આ રીતે પરિશુદ્ધ વ્યવહારનય પરંપરાએ અપૂર્વકરણઆદિની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે. તેથી જેમ મોક્ષની પ્રાપ્તિમાં નિશ્ચયનય કારણ છે તેમ વ્યવહારનય પણ કારણ છે.

**ઉત્થાન :**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પરિશુદ્ધ વ્યવહારનય નિશ્ચયનયનું અંગ હોવાને કારણે તેનું અવલંબન લેવાથી અનેકાન્તની સિદ્ધિ થાય છે. એ અનેકાન્તની સિદ્ધિ કેવી છે, તે બતાવવા માટે કહે છે –

**અથવા**

અત્યાર સુધી પંચસૂત્રમાં જે વર્ણન કર્યું તે ભગવાનની આજ્ઞારૂપ છે, અને તે કેવું છે, તે બતાવવા માટે કહે છે–

**ટીકા :**

एषाऽऽज्ञेह भगवत उभयनयगर्भा, अथवा सर्वैव पञ्चसूत्रोक्ता । किंविशिष्टा? इत्याह-समन्तभद्रा, सर्वतो निर्दोषा । कथम्? इत्याह-त्रिकोटिपरिशुद्धया कषच्छेद-तापपरिशुद्धया । इयं च भागवती सदाज्ञा सर्वैव अपुनर्बन्धकादिगम्या। अपुनर्बन्धकादयो ये सत्त्वाः । उत्कृष्टां कर्मस्थितिं तथा अपुनर्बन्धकत्वेन ये क्षपयन्ति ते खल्वपुनर्बन्धकाः, आदिशब्दान्मार्गाभिमुख-मार्गपतितादयः परिगृह्यन्ते दृढप्रतिज्ञालोचकादिलिङ्गाः, एतद्गम्येयम्, न संसाराभिनन्दिगम्या, तेषां ह्यतो विषयप्रतिभासमात्रं ज्ञानमुदेति, न तद्धेयत्वादिवेदकमिति । उक्तं च-

न यथाऽवस्थितं शास्त्रं, खल्वङ्के ( खल्वज्ञो ) वेत्ति जातुचित् ।
ध्यामलादपि बिम्बात्तु, निर्मलः स्यात् स्वहेतुतः ॥ [ ]

**ટીકાર્થ :**

અહીં=પરલોકની પ્રવૃત્તિમાં, આ ભગવાનની આજ્ઞા છે=પૂર્વમાં સ્થાપન કર્યું કે પરિશુદ્ધ વ્યવહારનયના સેવનથી અનેકાન્તની સિદ્ધિ થાય છે એ રૂપ ઉભયનયગર્ભ ભગવાનની આજ્ઞા છે. અથવા પંચસૂત્રોમાં કહેવાયેલી સર્વ જ ભગવાનની આજ્ઞા છે.

ભગવાનની આજ્ઞા કેવી વિશિષ્ટ છે ? એથી કરીને કહે છે –

ભગવાનની આજ્ઞા સમંતભદ્રા છે=સંપૂર્ણ નિર્દોષ છે.

કેમ ભગવાનની આજ્ઞા સંપૂર્ણ નિર્દોષ છે ? એથી કરીને કહે છે –

ત્રિકોટી પરિશુદ્ધ હોવાને કારણે=કષ, છેદ અને તાપથી પરિશુદ્ધ હોવાને કારણે, ભગવાનની આજ્ઞા સંપૂર્ણ નિર્દોષ છે, એ પ્રકારનો અન્વય છે.

અને સર્વ જ આ ભાગવતી સદાજ્ઞા અપુનર્બંધક આદિ જીવોથી ગમ્ય છે=સમજી શકાય તેવી છે

અપુનર્બંધક આદિ જે જીવો છે તે કેવા છે ? તે બતાવે છે–

જે જીવો ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને તે પ્રકારે=ફરી ક્યારેય ન બંધાય તે પ્રકારે, અપુનર્બંધકપણા વડે કરીને ક્ષપણા કરે છે તેઓ ખરેખર અપુનર્બંધક છે.

'आदिशब्दान्' માં 'आदि' પદથી માર્ગાભિમુખ અને માર્ગપતિત આદિનું ગ્રહણ કરવાનું છે. અપુનર્બંધક આદિ જીવો કેવા છે, તે સ્પષ્ટ કરે છે–

દૃઢપ્રતિજ્ઞાવાળા અને આલોચકાદિલિંગવાળા અપુનર્બંધક આદિ જીવો છે. આમનાથી=અપુનર્બંધકઆદિથી ગમ્ય, આ=ભગવાનની આજ્ઞા છે. સંસાર અભિનંદી જીવોથી ગમ્ય ભગવાનની આજ્ઞા નથી. જે કારણથી તેઓને=સંસાર અભિનંદી જીવોને, આનાથી=ભગવાનના આગમથી વિષયપ્રતિભાસમાત્ર જ્ઞાન ઉત્પન્ન થાય છે, (પરંતુ) તેના=ભગવાનના વચનથી જણાતા એવા પદાર્થના, હેયત્વાદિનું વેદક જ્ઞાન પેદા થતું નથી.

'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

★ 'दृढप्रतिज्ञालोचकादिलिङ्गाः' માં 'आदि' પદથી અપૂર્વપ્રાપ્તિનો હર્ષ, પ્રમાદનો ત્યાગ વગેરે ગ્રહણ કરવાનું છે.

★ સૂત્રમાં 'અપુનર્બંધકગમ્ય' શબ્દ છે. તેનો સમાસ ખોલતાં બતાવે છે કે અપુનર્બંધક આદિ જે સત્ત્વો છે=જીવો છે, તેનાથી ગમ્ય આ છે=ભગવાનની આજ્ઞા છે. સંસાર અભિનંદી જીવોથી ગમ્ય નથી, આ પ્રમાણે ટીકામાં યોજન છે. અને ટીકામાં અપુનર્બંધક આદિ જે જીવો છે એટલું કહ્યા પછી અપુનર્બંધક આદિ જે જીવો છે તે કેવા છે તે બતાવેલ છે, અને તે બતાવ્યા પછી 'आदि' શબ્દથી કોને ગ્રહણ કરવા છે તે બતાવીને ત્યારપછી 'गम्या' સાથેના સમાસનું જોડાણ કરેલ છે.

★ 'तेषां' પછી 'हि' શબ્દ છે તે 'यस्मात्' ના અર્થમાં છે.

★ 'तद्धेयत्वादि' માં 'आदि' પદથી ઉપાદેયત્વનું ગ્રહણ કરવાનું છે.

સંસાર અભિનંદી જીવોને ભગવાનનાં શાસ્ત્રોથી પણ સાચું જ્ઞાન થતું નથી. તેમાં 'उक्तं च' થી સાક્ષી આપતાં કહે છે–

યથાવસ્થિત શાસ્ત્રને ક્યારેય અજ્ઞ જાણતો નથી. વળી, ધ્યામલ પણ બિમ્બથી=દીવાથી, સ્વહેતુને કારણે નિર્મળ બિંબ થાય છે=દીપક થાય છે.

★ 'खल्वङ्को' ના સ્થાને 'खल्वज्ञो' શબ્દ હોવો જોઈએ. પાઠશુદ્ધિ મળી નથી.

★ 'खलु' શબ્દ વાક્યલંકારમાં છે.

**ભાવાર્થ :**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે અનુષ્ઠાનને આશ્રયીને પણ વ્યવહારનય મોક્ષનું અંગ છે; કેમ કે પરિશુદ્ધ વ્યવહારનયથી નિશ્ચયનય પ્રગટે છે, તેથી નિશ્ચય અને વ્યવહારરૂપ અનેકાન્તની સિદ્ધિ થાય છે. હવે આ કથનનું નિગમન કરતાં કહે છે –

"વ્યવહાર-નિશ્ચયરૂપ ઉભયનયગર્ભ આ ભગવાનની આજ્ઞા છે." આનાથી એ ફલિત થાય કે, આત્મકલ્યાણ કરવું હોય તો સાધક આત્માએ માત્ર વ્યવહારમાં પ્રયત્ન કરવો એ પણ ઉચિત નથી અને માત્ર નિશ્ચયનયનું અવલંબન લેવું એ પણ ઉચિત નથી; પણ નિશ્ચયનયનું કારણ બને એ રીતે પરિશુદ્ધ વ્યવહારમાં યત્ન કરવો જોઈએ, જેથી અનેકાન્તની સિદ્ધિ થાય અને પરિણામે મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય.

આ રીતે સૂત્રમાં બતાવેલ '**एसा आणा इह भगवओ**'નો અર્થ કરીને "અથવા" થી બીજી રીતે ટીકાકાર તેનું યોજન કરતાં કહે છે –

પંચસૂત્રમાં પહેલા સૂત્રથી માંડીને પાંચમુ સૂત્ર અત્યાર સુધી બતાવ્યું તે સર્વ ભગવાનની આજ્ઞારૂપ છે. આમ બતાવીને એ કહેવું છે કે, મોક્ષમાં જવા માટે જે ક્રમથી પંચસૂત્રકારે આ પંચસૂત્રો બતાવ્યાં છે તે ક્રમથી ભૂમિકા પ્રમાણે યત્ન કરવો જોઈએ, તે ભગવાનની આજ્ઞા છે. અને આ આજ્ઞા કેવી છે તે બતાવે છે–

સમંતભદ્ર છે = સંપૂર્ણ નિર્દોષ છે. સંપૂર્ણ નિર્દોષ કેમ છે, તેમાં યુક્તિથી બતાવે છે– કષ, છેદ અને તાપથી પરિશુદ્ધ હોવાને કારણે ત્રિકોટી પરિશુદ્ધ આ ભગવાનની આજ્ઞા છે.

આશય એ છે કે જેમ સોનું કષ, છેદ અને તાપથી શુદ્ધ હોય તો ૧૦૦ ટચનું સોનું છે તેમ નક્કી થાય છે. 'કષ' ની પરીક્ષામાં કસોટી પત્થર ઉપર કસીને બાહ્યથી સોનું દેખાય તો તે 'કષશુદ્ધ' કહેવાય. પરંતુ બાહ્યથી સોનું દેખાય તો પણ અંદર વચ્ચે કોઈ અન્ય ધાતુ નીકળી શકે છે તેથી સુવર્ણને કસોટી પત્થર ઉપર કસ્યા પછી સુવર્ણરૂપે નિર્ણય થવા છતાં વિશેષરુપે નિર્ણય કરવા માટે તેને છેદ કરીને પરીક્ષા કરવામાં આવે છે. કષથી શુદ્ધરુપે નક્કી થયેલું સુવર્ણ છેદવામાં આવે અને અંદર અન્ય ધાતુ ન હોય ત્યારે તે 'છેદશુદ્ધ' છે એમ કહેવાય. આમ

છતાં સુવર્ણની સાથે અન્ય ધાતુ કંઈક અંશમાં મિશ્ર હોય તો સુવર્ણને કસવાથી કે છેદવાથી સુવર્ણરુપે ભાસવા છતાં પરિપૂર્ણ શુદ્ધ સુવર્ણ ન પણ હોઈ શકે. તેથી સુવર્ણની પરીક્ષા કષથી કર્યા પછી, છેદીને કરવામાં આવે છે તેમ છતાં શુદ્ધ સુવર્ણ છે કે નહિ તેનો અંતિમ નિર્ણય તાપથી અર્થાત્ અગ્નિ વડે તપાવીને કરવામાં આવે છે અને જો સુવર્ણમાં લેશ પણ અન્ય ધાતુ મિશ્રિત ન હોય તો તે સુવર્ણ 'તાપશુદ્ધ' છે તેમ કહેવાય.

આમ સુવર્ણની પરીક્ષા ક્રમસર પ્રથમ કષથી, પછી છેદથી અને અંતે તાપથી થાય છે અને ત્રણે પરીક્ષામાંથી પસાર થયેલું સુવર્ણ જ શુદ્ધ સુવર્ણ છે પરંતુ એકાદ પરીક્ષામાંથી પસાર થયેલું સુવર્ણ અશુદ્ધ રહેવાની સંભાવના રહી શકે છે. તે રીતે સર્વજ્ઞ અને વીતરાગનું વચન જીવને પૂર્ણસુખની પ્રાપ્તિનું એકાંત કારણ છે તેથી તે કષ, છેદ અને 'તાપશુદ્ધ' છે તે આ રીતે –

જે વચનથી જીવ પૂર્ણ સુખની પ્રાપ્તિ કરે તે વચન પરિપૂર્ણ શુદ્ધ કહેવાય. સર્વજ્ઞ અને વીતરાગનું વચન પૂર્ણ સુખનું અવશ્ય કારણ છે, તેથી તે કષ, છેદ અને તાપથી શુદ્ધ છે.

'કષશુદ્ધ'– જેમ કષથી કસોટીપત્થર ઉપર કસીને સુવર્ણ શુદ્ધ છે કે નહિ તે નક્કી કરાય છે, તેમ શાસ્ત્રવચનમાં બતાવેલ વિધિ અને નિષેધ મોક્ષને અનુકૂળ છે કે નહિ તેનો નિર્ણય કરીને નક્કી કરાય છે કે આ શાસ્ત્ર કષશુદ્ધ છે કે નથી. જો શાસ્ત્રમાં બતાવેલાં વિધિવાક્યો અને નિષેધવાક્યો મોક્ષને અનુકૂળ હોય તો તે શાસ્ત્ર કષશુદ્ધ છે

'છેદશુદ્ધ'– કષથી શુદ્ધરૂપે નક્કી થયેલું સુવર્ણ પણ છેદવામાં આવે તો અંદર અન્ય ધાતુ ન હોય ત્યારે તે છેદથી શુદ્ધ છે તેમ કહેવાય. તે રીતે ભગવાનનાં વિધિ-નિષેધરૂપ વચનો મોક્ષને અનુકૂળ હોવા છતાં તેને પોષક એવી ઉચિત ક્રિયા તે શાસ્ત્રમાં બતાવાયેલી છે કે નહિ, તેના ઉપરથી તે શાસ્ત્ર છેદશુદ્ધ છે કે નહિ, તેમ નક્કી થાય છે. જો વિધિ અને નિષેધને અનુરૂપ ઉચિત ક્રિયાઓ બતાવવામાં આવેલ ન હોય, તો કષથી શુદ્ધ પણ શાસ્ત્ર છેદથી શુદ્ધ નથી. જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધને અનુરૂપ સર્વ ઉચિત ક્રિયાઓ બતાવાયેલી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ છે તેમ નક્કી થાય.

'તાપશુદ્ધ'– જેમ સોનું કષ અને છેદથી શુદ્ધ હોવા છતાં તાપથી શુદ્ધ ના

હોય તો પૂર્ણ શુદ્ધ સોનું નથી તેમ જે શાસ્ત્રમાં પદાર્થની વ્યવસ્થા સર્વનયને અવલંબીને યથાર્થ હોય તે શાસ્ત્ર જ તાપશુદ્ધ છે. જેમ કે આત્માને એકાંતે નિત્ય કે એકાંતે ક્ષણિક માને તો તે વચનથી સાધના કરવાથી મને ફળ મળશે તેમ સ્વીકારી શકાય નહિ માટે તે વચન સર્વાંશ શુદ્ધ નથી. પણ જે શાસ્ત્ર આત્માને પરિણામી માને છે તે શાસ્ત્ર તાપશુદ્ધ છે; કેમકે જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધ મોક્ષને અનુરુપ હોય, તે વિધિ નિષેધને પોષક સર્વ ભૂમિકાને ઉચિત ક્રિયા હોય આમ છતાં આત્માને પરિણામી ન માનવામાં આવે તો તે અંશમાં પ્રરુપણા મિથ્યા છે. તેથી વિચારક વ્યક્તિને તે શાસ્ત્ર વચનો ઉપાદેય જણાય નહિ તેથી મોક્ષનો ઉપદેશ અને મોક્ષની સાધના વ્યર્થ છે તેમ સિદ્ધ થાય. તેથી જો અનુભવને અનુરુપ પરિણામી આત્માદિરુપ પદાર્થનું સ્વરુપ જે શાસ્ત્રમાં ન બતાવાયું હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ નથી અને જે શાસ્ત્ર આત્માને પરિણામી માને છે તે શાસ્ત્ર તાપશુદ્ધ છે.

આ સૂત્રમાં બતાવેલ વિધિથી જો કોઇ જીવ યત્ન કરે તો અવશ્યમોક્ષ પામે તેવી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થાય તેવી વ્યવસ્થા બતાવેલ છે અને આ ત્રણ પરીક્ષા પ્રસ્તુતમાં વ્યવહારનય અને નિશ્ચયનય સ્વીકારવાથી આ રીતે સંગત છે—

વ્યવહારનય પોતાની ભૂમિકાને અનુરૂપ અપ્રમાદભાવથી યોગમાર્ગમાં ઉચિત પ્રવૃત્તિ કરવાનું કહે છે, અને નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિમાં પ્રયત્ન કરવાનું કહે છે. નિશ્ચયનયને માન્ય એવી પરિણતિને લક્ષ્યરૂપે કરીને વ્યવહારનયને માન્ય એવી પોતાની ભૂમિકાને અનુરુપ ઉચિત પ્રવૃત્તિમાં યત્ન કરવામાં આવે તો તે વ્યવહારનયની પ્રવૃત્તિથી અવશ્ય નિશ્ચયનયને અભિમત ભાવો પ્રગટે છે અને નિશ્ચયનયને માન્ય એવા ભાવોનું કારણ બને તેવી પ્રવૃત્તિ શુદ્ધ વ્યવહારનયને માન્ય છે. તેથી શુદ્ધવ્યવહારનયમાં યત્ન કરવામાં આવે તો વ્યવહારનયનું પણ પાલન થાય છે અને તેનાથી નિશ્ચયનયને માન્ય એવી પરિણતિ પણ પ્રગટ થાય છે અને આવા શુદ્ધ વ્યવહારનયમાં યત્ન કરવાની ભગવાનની આજ્ઞા છે અને તે રીતે શુદ્ધ વ્યવહારનયમાં યત્ન કરવામાં આવે તો ઉત્તર ઉત્તર નિશ્ચયનયને અભિમત પરિણતિ પ્રગટ થાય છે અને ક્રમે મોક્ષની પ્રપ્તિ થાય છે માટે ભગવાનની આજ્ઞા વ્યવહારનય અને નિશ્ચયનયરુપ છે જે કષ-છેદ-તાપરુપ ત્રિકોટીથી પરિશુદ્ધ છે; કેમકે આત્માને પરિણામી માનીને નિશ્ચયનયનું કારણ બને તે રીતે વ્યવહારનય સેવનની વિધિ બતાવે છે.

અથવા તો આ પંચસૂત્રમાં વર્ણન કરાયેલી ભગવાનની આજ્ઞા કષ-છેદ-તાપશુદ્ધ છે; કેમ કે પંચસૂત્રમાં બતાવેલા ક્રમથી જ કોઈ વ્યક્તિ સમ્યક્ યત્ન કરે તો પ્રથમ દુષ્કૃતનો વિમુખભાવ પ્રગટે અને સુકૃતનો સન્મુખભાવ પ્રગટે ત્યારપછી જ્યારે સુકૃત સેવવાનો બલવાન અભિલાષ થાય ત્યારે, તે સુકૃત સમ્યક્ નિષ્પન્ન કરવા માટે સાધુધર્મપરિભાવન આદિ સૂત્રો બતાવેલ છે તે પ્રકારે કોઈ વ્યક્તિ પ્રયત્ન કરે, તો ક્રમે કરીને સર્વવિરતિ, અસંગભાવ આદિની અવશ્ય પ્રાપ્તિ કરે છે. આમ, પંચસૂત્રમાં સંસારનો ઉચ્છેદ કરાવે તેવી વ્યવસ્થા બતાવેલ છે, તેથી પરિપૂર્ણ કષ-છેદ-તાપશુદ્ધ એવી ભગવાનની સર્વ આજ્ઞા પંચસૂત્રમાં છે.

ભગવાનની આ સદ્આજ્ઞા અપુનર્બંધક આદિ જીવો સમજી શકે તેવી છે; કેમ કે અપુનર્બંધક આદિ જીવોમાં તેવા રાગાદિ ભાવો મંદ થયેલા છે, તેથી તેઓ તત્ત્વનું આલોચન કરનારા છે, અને તત્ત્વનું આલોચન કરીને આત્મહિત સાધવા માટે દૃઢ પ્રતિજ્ઞા કરે તેવા પણ છે. તેથી આવા જીવો ભગવાનની આ આજ્ઞાને પરમાર્થથી સમજી શકે તેવા છે, પરંતુ સંસારઅભિનંદી જીવો આ આજ્ઞાને સમજી શકે તેવા નથી; કેમ કે તેઓ કદાચ આ ગ્રંથ ભણે તો પણ તેઓને માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન માત્ર પ્રગટે છે, પરંતુ મારા માટે શું કરવું ઉચિત છે અને શું કરવું અનુચિત છે એવો હેય-ઉપાદેયનો વિવેક થતો નથી.

આશય એ છે કે કોઈ યોગ્ય ગુરુ પ્રસ્તુત પંચસૂત્ર ગ્રંથ ભવાભિનંદી જીવો આગળ તેમના ક્ષયોપશમ અનુસાર યથાર્થ રીતે સમજાવતા હોય, અને ઉચિત સ્થાને તેમણે શું કરવું જોઈએ તેનું ધ્યાન પણ ખેંચતા હોય, તો પણ તે જીવોમાં તેવા પ્રકારના રાગાદિ મંદ નહિ થયેલા હોવાથી, હિત સાધવા માટે ઉચિત વિવેક પ્રગટ થતો નથી. જ્યારે અપુનર્બંધક આદિ જીવોમાં તેવી લાયકાત હોય છે કે યોગ્ય ગુરુ તે જીવોના ક્ષયોપશમને અનુરૂપ પ્રસ્તુત ગ્રંથ ઉચિત રીતે સમજાવે, તો તે આલોચના કરે અને વિચારે કે, આ સંસારના ઉચ્છેદ માટે મારે સુપ્રણિધાનપૂર્વક ચતુઃશરણગમનમાં પ્રથમ યત્ન કરવો આવશ્યક છે, જેથી અરિહંત આદિ ચારે પ્રત્યેના શરણભાવના કારણે મારામાં કાંઈક આત્મબળ પ્રગટે, જેના બળથી દુષ્કૃતની નિંદા કરીને હું દુષ્કૃતથી વિમુખભાવવાળો બનું, અને સુકૃતની અનુમોદના કરીને સુકૃતને અભિમુખ થાઉં, અને તે શક્તિસંચય થયા પછી ક્રમસર ધર્મગુણો માટે યત્ન કરું, જેથી પારમાર્થિક ધર્મ પ્રગટ થાય.

જ્યારે ભવાભિનંદી જીવોમાં હજુ રાગાદિની આકુળતા હોવાને કારણે શાસ્ત્રીય પદાર્થો ઉપદેશક જે રીતે સમજાવે છે તે રીતે તેઓ આલોચના કરતા નથી, અને શાસ્ત્રે બતાવેલી વિધિ પ્રમાણે મારે યત્ન કરીને આત્મગુણો ખીલવવા જોઈએ તેવી દૃઢ પ્રતિજ્ઞાવાળા હોતા નથી. તેથી યોગ્ય ગુરુ પંચસૂત્રને યથાર્થ સમજાવે તો પણ ભગવાનની આ સદ્આજ્ઞાના પરમાર્થને તેઓ સમજી શકતા નથી. જ્યારે અપુનર્બંધક આદિ જીવો તેના પરમાર્થને સમજી શકે છે.

★ અહીં '**अपुनर्बंधकादि**' માં '**आदि**' પદથી માર્ગાભિમુખ અને માર્ગપતિતનું ગ્રહણ કરવાનું છે, અને ટીકામાં બતાવેલ '**मार्गपतितादि**' માં '**आदि**' પદથી સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ વગેરેને ગ્રહણ કરવાના છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક જીવો સમ્યક્ત્વની નજીકની ભૂમિકાવાળા છે, તેનાથી વધુ નજીકની ભૂમિકાવાળા માર્ગાભિમુખ જીવ છે અને તેનાથી પણ વધુ નજીકની ભૂમિકાવાળા માર્ગપતિત જીવ છે. તેથી અપુનર્બંધક કરતાં માર્ગાભિમુખ જીવ ભગવાનની આજ્ઞાનું આલોચન વધારે સારું કરે છે, અને માર્ગાભિમુખ જીવ કરતાં માર્ગપતિત જીવ ભગવાનની આજ્ઞાનું વિશેષ આલોચન કરે છે; કેમ કે અપુનર્બંધક જીવોને જેવો ભગવાનની સદ્આજ્ઞાનો બોધ થાય છે તેના કરતાં માર્ગાભિમુખ જીવોને વિશેષ બોધ થાય છે અને તેના કરતાં પણ માર્ગપતિત જીવોને હજી વિશેષ બોધ થાય છે અને સમ્યક્દૃષ્ટિને ભગવાનની આજ્ઞાનો પારમાર્થિક યથાર્થ બોધ થાય છે. જ્યારે અપુનર્બંધકજીવોને પરિપૂર્ણ પારમાર્થિક યથાર્થ બોધ થતો નહિ હોવા છતાં તેની સન્મુખ ભૂમિકાવાળો યથાર્થ બોધ થાય છે; અને સંસાર અભિનંદી જીવોને ઉપદેશક દ્વારા જે વર્ણન કરવામાં આવે છે તે શબ્દોનો સામાન્ય બોધ થાય છે, પરંતુ ભગવાનની સદ્આજ્ઞાના પરમાર્થને તેઓ લેશ પણ સમજી શકતા નથી. આથી તેઓ વ્યવહારનયને આશ્રયીને ક્રિયાઓ કરે તો પણ તેઓની ક્રિયા લેશ પણ સંવેગના પરિણામવાળી નહીં હોવાથી નિશ્ચયનયનું દૂરવર્તી પણ કારણ બનતી નથી. તેથી આ સૂત્રને ગ્રહણ કરીને ભવાભિનંદી જીવો કદાચ ક્રિયાઓ કરે તો પણ સંવેગ વગરની તેઓની ક્રિયા મોક્ષનું કારણ બનતી નથી. જ્યારે અપુનર્બંધક જીવોને જો યોગ્ય ઉપદેશક પ્રસ્તુત પંચસૂત્ર ગ્રંથ તેમની ભૂમિકા પ્રમાણે યથાર્થ સમજાવે તો તેઓ શ્રવણ-કાળમાં તે સૂત્રોની સમ્યગ્ આલોચના કરે અને શ્રવણકાળમાં તેઓને સંવેગ પણ પેદા થાય *અને પંચસૂત્રકારે દુષ્કૃતગર્હા આદિમાં જે પ્રકારના પ્રણિધાનપૂર્વક દુષ્કૃતગર્હા આદિ*

કરવાનું કહ્યું છે, તે પ્રકારે મારે પણ દુષ્કૃતગર્હા આદિ કરવાં છે, તે પ્રકારનો દૃઢ સંકલ્પ પણ થાય, આમ છતાં ક્રિયાકાળમાં તેવો દૃઢ યત્ન ન થતો હોય તો પણ પોતાના પ્રમાદનો તેઓને સંત્રાસ હોય છે, તેથી અપુનર્બંધકને આલોચક અને દૃઢપ્રતિજ્ઞાવાળા કહ્યા છે.

આવા પણ જીવો પ્રાથમિક ભૂમિકામાં હોય તો ક્રિયાકાળમાં તેઓ સંવેગ પ્રગટ કરી શકે નહિ, પરંતુ જ્યારે તે અપુનર્બંધક માર્ગાભિમુખ બને ત્યારે પૂર્વ કરતાં કંઈક વિશેષ સંવેગ પ્રગટ કરી શકે છે, અને માર્ગપતિત બને ત્યારે ક્રિયાકાળમાં પણ અર્થપ્રયોગ માત્રની પ્રીતિ હોવાથી=માત્ર ક્રિયાની રુચિ નથી પણ ભાવનિષ્પન્ન કરવાની રુચિ હોવાથી કંઈક અંશે સંવેગના ભાવોને પણ કરી શકે છે. અને આ રીતે યત્ન કરીને જ્યારે તે જીવ દુષ્કૃત પ્રત્યે તીવ્ર જુગુપ્સાવાળો અને સુકૃત પ્રત્યે તીવ્ર પક્ષપાતવાળો બને છે, ત્યારે તેનામાં સમ્યક્ત્વગુણ પ્રગટે છે, અને સમ્યક્ત્વ ગુણ પ્રગટ્યા પછી વિવેકપૂર્વક ધર્મનું પરિભાવન કરીને ક્રમસર સંયમને પણ ગ્રહણ કરે છે અને યાવત્ મોક્ષને પણ પામે છે. જ્યારે સંસાર અભિનંદી જીવ પ્રસ્તુત શાસ્ત્ર સાંભળીને પણ માત્ર વિષયપ્રતિભાસજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેથી તેના જ્ઞાનથી હિતને અનુકૂળ લેશ પણ પ્રવૃત્તિ થતી નથી.

સંસાર અભિનંદી જીવોને વિષયપ્રતિભાસજ્ઞાન થાય છે, તેમાં સાક્ષી આપતાં **'उक्तं च'** થી કહે છે. તેનો ભાવ આ પ્રમાણે છે –

અજ્ઞ જીવોને કોઈ યથાવસ્થિત શાસ્ત્રનો બોધ કરાવનાર હોય તો પણ તેઓ ક્યારેય યથાવસ્થિત શાસ્ત્રનો બોધ કરી શકતા નથી. અહીં અજ્ઞ શબ્દથી ભવાભિનંદી જીવને ગ્રહણ કરવાનો છે, અને તેવા જીવને પ્રસ્તુત ગ્રંથ કોઈ યથાર્થ સમજાવનાર હોય તો પણ તેને સંવેગ ઉત્પન્ન થતો નથી. તે બતાવે છે કે શાસ્ત્રના પરમાર્થને તે સમજતો નથી પરંતુ શાસ્ત્રવચનથી વિષયપ્રતિભાસ-જ્ઞાન-માત્ર તેને થાય છે; કેમ કે શાસ્ત્રનો પરમાર્થ સંવેગમાં છે અને શાસ્ત્રની ઉચિત પ્રવૃતિઓ સંવેગના પ્રકર્ષ દ્વારા મોક્ષનું કારણ છે, આ જાતનો પરમાર્થ સંસારરસિયા જીવોને થઈ શકે નહીં.

હવે ઉદ્ધરણના ઉત્તરાર્ધથી અપુનર્બંધક આદિ જીવો કેવા છે તે બતાવે છે –

જેમ મલિન પણ દીપકથી સ્વહેતુના કારણે નિર્મળ દીપક પ્રગટે છે– આશય એ છે કે જેમ દીવો અતિ ધુમાડાવાળો હોય તો પણ તે દીવામાંથી બીજો સારી સામગ્રીથી બનાવવામાં આવેલો દીવો પ્રગટાવવામાં આવે તો તે દીવો નિર્મળ પ્રગટ

થાય છે. તેમ પ્રસ્તુત પંચસૂત્ર સમજાવનાર ઉપદેશક, કદાચ તેવી નિર્મળ પ્રજ્ઞાવાળા ન હોય તો પણ તે ગ્રંથના ઉપદેશથી પ્રજ્ઞાવાળા અપુનર્બંધક આદિ જીવોને પોતાની ભૂમિકા પ્રમાણે નિર્મળ બોધ થાય છે, તેનું કારણ તેમનામાં રહેલી તેવી યોગ્યતા છે. જેમ મલિન દીપકમાંથી પણ યોગ્ય સામગ્રીથી બનાવેલો નવો દીવો નિર્મળ થાય છે તેનું કારણ તે નવા દીવાની સામગ્રી છે, તેમ અપુનર્બંધકની તેવા પ્રકારની યોગ્યતા છે, તેથી અયોગ્ય પણ ગુરુથી સંવેગ પેદા થાય તેવો નિર્મળ બોધ તેમને થાય છે. આમ છતાં આવા જીવોને વિશેષ ઉપદેશક મળે તો વિશેષ સંવેગ પણ પેદા થાય છે, પરંતુ તે અર્થ અહીં બતાવવો નથી, તેથી દૃષ્ટાન્તથી એ બતાવ્યું કે મલિન દીપકમાંથી પણ પોતાની નિર્મળ સામગ્રીથી નિર્મળ દીપક પ્રગટ થાય છે, તેમ સારા ઉપદેશકના અભાવમાં પણ કેટલાક અપુનર્બંધકાદિને નિર્મળ બોધ થઈ શકે છે.

**અવતરણિકા :**

अपुनर्बन्धकत्वादिलिङ्गमाह –

**અવતરણિકાર્થ :**

**પૂર્વમાં કહ્યું કે આ ભગવાનની આજ્ઞા અપુનર્બંધક આદિ જીવોથી ગમ્ય છે. તેથી જિજ્ઞાસા થાય કે અપુનર્બંધક આદિ જીવો કેવા હોય છે ? તેથી અપુનર્બંધક આદિના લિંગને કહે છે–**

**સૂત્ર :**

**एयपियत्तं खलु एत्थ लिंगं, ओचित्तपवित्तिविन्नेयं, संवेगसाहगं नियमा । न एसा अन्नेसिं देया । लिंगविवज्जयाओ तप्परिण्णा । तयणुग्गहट्ठाए आमकुंभोदगनासनाएणं । एसा करुण त्ति वुच्चइ एगंतपरिसुद्धा अविराहणाफला तिलोगनाहबहुमाणेणं निस्सेयससाहिग त्ति पव्वज्जाफलसुत्तं ॥ ५ ॥**

**॥ समत्तं पंचसुत्तं ॥**

**સૂત્રાર્થ :**

**અહીં=અપુનર્બંધક આદિમાં, આનું પ્રિયપણું=આજ્ઞાનું પ્રિયપણું, લિંગ છે, ઔચિત્યની પ્રવૃત્તિથી વિજ્ઞેય છે=ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિથી આજ્ઞાનું પ્રિયપણું**

જણાય તેવું છે, આ આજ્ઞાપ્રિયપણું નિયમથી સંવેગનું સાધક છે. આ=ભગવાનની આજ્ઞા, અન્યોને=અપુનર્બંધક સિવાયના જીવોને આપવી નહીં. અપુનર્બંધકના લિંગના વિપર્યયથી તેની પરિજ્ઞા છે=સંસારઅભિનંદી જીવોનો નિર્ણય છે. કાચા ઘડામાં પાણીના ન્યાસના દૃષ્ટાન્તથી તેઓના અનુગ્રહ માટે=સંસારઅભિનંદી જીવોના અનુગ્રહ માટે, (આજ્ઞા આપવી જોઇએ નહિ). આ=અયોગ્યને ભગવાનનું વચન ન આપવું એ, કરુણા છે એ પ્રમાણે કહેવાય છે. (આ કરૂણા) એકાંત પરિશુદ્ધ છે, અવિરાધના ફળવાળી છે અને ત્રણલોકના નાથ એવા ભગવાનના બહુમાનને કારણે નિઃશ્રેયસ=મોક્ષ સાધિકા છે. 'त्ति' શબ્દ પાંચમા સૂત્રની સમાપ્તિ માટે છે.

**પ્રવ્રજ્યાફળ સૂત્ર સમાપ્ત થયું.**

**પંચસૂત્ર સમાપ્ત થયું.**

**ટીકા :**

**एतत्प्रियत्वं खल्वत्र लिङ्गम्**, आज्ञाप्रियत्वमपुनर्बन्धकादिलिङ्गम् । प्रियत्वमुपलक्षणं श्रवणाभ्यासादेः । एतदप्यौचित्यप्रवृत्तिविज्ञेयम्, तदाराधनेन तद्बहुमानात्। औचित्यबाधया तु प्रवृत्तौ न तत्प्रियत्वम्, मोह एवासाविति । एतत्प्रियत्वमेव विशेष्यते-**संवेगसाधकं नियमात्** यस्य भागवती सदाज्ञा प्रिया तस्य नियमतः संवेग इति । यत एवमतो **नैषा अन्येभ्यो देया**, नैषा भागवती सदाज्ञा अन्येभ्योऽपुनर्बन्धकादिव्यतिरिक्तेभ्यः संसाराभिनन्दिभ्यो देया । कथं ते ज्ञायन्ते ? इत्याह-**लिङ्गविपर्ययात् तत्परिज्ञा**, प्रक्रमादपुनर्बन्धकादिलिङ्गविपर्ययात् *सज्ज्ञानद्वेषादिलक्षणात् तत्परिज्ञा संसाराभिनन्दिपरिज्ञा* । उक्तं च-

क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फला-रम्भसङ्गतः ॥ [ योगदृष्टि.७६, योगबिन्दौ ८७ ]

किमिति न तेभ्यो देया ? इत्याह-**तदनुग्रहार्थं** संसाराभिनन्दिसत्त्वानुग्रहार्थम् । उक्तं च-

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वरे ॥ [ लोकतत्त्वनिर्णये ७ ]

इहैव निदर्शनमाह-**आमकुम्भोदकन्याससज्ञातेन** । उक्तं च-

आमे घडे निहित्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ [ पञ्चवस्तुके गा. ९८२ ]

एषा करुणोच्यते, अयोग्येभ्यः सदाज्ञाऽप्रदानरूपा । किंविशिष्टा? इत्याह- एकान्तपरिशुद्धा, तदपायपरिहारेण । अत एवेयमविराधनाफला सम्यगालोचनेन, न पुनर्ग्लानापथ्यप्रदाननिबन्धनकरुणावत् तदाभासेति । इयं चैवंभूता त्रिलोकनाथबहुमानेन हेतुना निःश्रेयससाधिकेति । किमुक्तं भवति ? नाऽनागमिकस्येयं भवति, किन्तु परिणतागमिकस्य । अस्य च भगवत्येवं बहुमानः। एवं चेयं मोक्षसाधिकैव सानुबन्धशुभप्रवृत्तिभावेन । प्रव्रज्याफलसूत्रं समाप्तम्, एवं पञ्चमसूत्रव्याख्या समाप्ता ॥

॥ समाप्तं पञ्चसूत्रकं व्याख्यानतोऽपि ॥

**ટીકાર્થ :**

અહીં=અપુનર્બંધકમાં, આનું=આજ્ઞાનું, પ્રિયપણું લિંગ છે.

તે અર્થ સ્પષ્ટ કરે છે–

આજ્ઞાપ્રિયપણું અપુનર્બંધકઆદિનું લિંગ છે. પ્રિયપણું=આજ્ઞાપ્રિયપણું, શ્રવણ-અભ્યાસઆદિનું ઉપલક્ષણ છે.

આ પણ=આજ્ઞાપ્રિયપણું પણ, ઔચિત્યપ્રવૃત્તિથી વિજ્ઞેય છે કેમ કે ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિ દ્વારા તેની આરાધનાને કારણે=આજ્ઞાની આરાધનાને કારણે, તેનું=આજ્ઞાનું, બહુમાન થાય છે. વળી, ઔચિત્યની બાધાથી પ્રવૃત્તિમાં= શાસ્ત્રાભ્યાસની પ્રવૃત્તિમાં, તેનું પ્રિયપણું નથી=આજ્ઞાનું પ્રિયપણું નથી. આ મોહ જ છે=ઔચિત્યની બાધાથી શાસ્ત્રાભ્યાસની પ્રવૃત્તિ મોહ જ છે. એથી કરીને (આજ્ઞા પ્રિયપણું નથી.) આનું પ્રિયપણું જ=આજ્ઞાનું પ્રિયપણું જ, વિશેષ રીતે બતાવે છે– નિયમથી સંવેગનું સાધક છે. તે સ્પષ્ટ કરે છે– જેને ભગવાનની સદાજ્ઞા પ્રિય છે તેને નિયમથી સંવેગ છે એથી કરીને આજ્ઞાનું પ્રિયપણું નિયમથી સંવેગસાધક છે એ અર્થ 'इति' શબ્દથી બતાવેલ છે. જે કારણથી આમ છે=પૂર્વમાં કહ્યું એમ છે અર્થાત્ આ ભગવાનની આજ્ઞા અપુનર્બંધક આદિ જીવોથી ગમ્ય છે એમ છે. આથી આ= ભગવાનની આજ્ઞા, અન્યને=ભવાભિનંદી જીવોને, આપવી નહિ અને એ પદાર્થ ટીકાકાર સ્પષ્ટ કરે છે–

**આ ભગવાનની સદ્આજ્ઞા અપુનર્બંધક આદિથી વ્યતિરિક્ત અન્ય એવા સંસારાભિનંદી જીવોને આપવી નહિ. કેવી રીતે તેઓ=સંસારાભિનંદી જીવો, ઓળખી શકાય છે ? એથી કરીને કહે છે–**

**લિંગના વિપર્યયથી=અપુનર્બંધક આદિના લિંગના વિપર્યયથી, તેની= સંસારાભિનંદી જીવોની, પરિજ્ઞા છે=તેઓનું જ્ઞાન થાય છે.**

અહીં લિંગ વિપર્યયમાં કોના લિંગનું વિપર્યય ગ્રહણ કરવું તે બતાવવા માટે કહે છે–

**પ્રક્રમથી=અપુનર્બંધક આદિનો પ્રક્રમ ચાલે છે તે અપુનર્બંધક આદિના પ્રક્રમથી, સદ્જ્ઞાનદ્વેષાદિ લક્ષણરૂપ અપુનર્બંધક આદિના લિંગના વિપર્યયથી, તેની પરિજ્ઞા છે =સંસારાભિનંદી જીવોનું જ્ઞાન થાય છે.**

★ અહીં '**सज्ज्ञानद्वेषादि**' માં '**आदि**' પદથી સદ્જ્ઞાન યથા-તથા ભણવાની પ્રવૃત્તિનું ગ્રહણ કરવાનું છે.

**પૂર્વમાં કહ્યું કે સદ્જ્ઞાનદ્વેષાદિથી આ સંસારાભિનંદી જીવો છે તેવો બોધ થાય છે, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે.**

ક્ષુદ્ર, લાભમાં રતિવાળો, દીન, મત્સરી, ભયવાળો, શઠ, અજ્ઞ, નિષ્ફળ આરંભથી યુક્ત ભવાભિનંદી હોય.

**તેઓને ભગવાનની આજ્ઞા કેમ આપવી જોઇએ નહિ ? એથી કહે છે–**

**તેના અનુગ્રહ માટે=સંસારાભિનંદી જીવોના અનુગ્રહ માટે, ઉપદેશકે ભગવાનની આજ્ઞા તેમને આપવી જોઇએ નહિ.**

**સંસારાભિનંદી જીવોને ભગવાનની આજ્ઞા તેમના અનુગ્રહ માટે આપવી જોઇએ નહિ, તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે –**

અપ્રશાન્ત મતિમાં શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન નવા ઊઠેલા જ્વરમાં ઔષધની જેમ દોષ માટે છે.

**અહીંયા જ=સંસારાભિનંદી જીવોને ભગવાનની આજ્ઞા ન આપવી જોઇએ તેમાં જ, દૃષ્ટાન્તને કહે છે.**

કાચા ઘડામાં પાણીના ન્યાસના દૃષ્ટાન્તથી સંસારાભિનંદી જીવોને ભગવાનની આજ્ઞા આપવી જોઈએ નહિ એમ અન્વય છે તેમાં 'उक्तं च' થી સાક્ષી આપે છે–

જે પ્રમાણે કાચા ઘડામાં નાખેલું પાણી તેનો=પાણીનો, અને ઘટનો વિનાશ કરે છે એ રીતે સિદ્ધાન્તનું રહસ્ય અલ્પ આધાર પ્રાણીનો=ભવાભિનંદીજીવોનો, વિનાશ કરે છે.

અયોગ્ય જીવને સદ્આજ્ઞા અપ્રદાનરૂપ આ કરુણા કહેવાય છે.

કેવા પ્રકારની વિશિષ્ટ આ કરુણા છે ? એથી કરીને કહે છે.

આ કરુણા એકાંત પરિશુદ્ધ છે; કેમ કે તેના=સંસારાભિનંદી જીવના, અપાયનો =અનર્થનો પરિહાર છે. આથી જ આ=કરુણા, અવિરાધના ફળવાળી છે; કેમ કે સમ્યગ્ આલોચન છે. પરંતુ ગ્લાનને અપથ્ય આપવાના કારણભૂત એવી કરુણાની જેમ તદ્ આભાસવાળી નથી=સમ્યગ્ કરુણાના આભાસવાળી નથી. એથી કરીને, એકાંત પરિશુદ્ધ છે, એ પ્રકારે અન્વય છે. અને ભગવાન પ્રત્યેના બહુમાનરૂપ હેતુના કારણે આવા પ્રકારની આ=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારની એકાંત પરિશુદ્ધ કરુણા, નિઃશ્રેયસ સાધિકા છે=મોક્ષનું કારણ છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.

આનાથી શું કહેવાયેલું છે ? (તે સ્પષ્ટ કરે છે.)–

આગમના નહિ જાણકારને આ=એકાંત પરિશુદ્ધ કરુણા, થતી નથી પરંતુ પરિણત આગમવાળાને થાય છે, અને આને=પરિણીત આગમવાળાને, આ રીતે=અયોગ્યને સૂત્ર દાન ન આપ્યું એ રીતે, ભગવાનમાં બહુમાન થાય છે. અને આ રીતે=અયોગ્ય પ્રત્યે કરુણાથી સૂત્ર ન આપવાને કારણે ભગવાનનું બહુમાન થયું એ રીતે, આ= કરુણા મોક્ષસાધિકા જ છે; કેમ કે સાનુબંધ શુભપ્રવૃત્તિનો સદ્ભાવ છે. પ્રવ્રજ્યાફળ સૂત્ર સમાપ્ત થયું. આ રીતે પંચસૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ.

વ્યાખ્યાનથી પણ પંચસૂત્ર સમાપ્ત થયું.

★ 'व्याख्यानतोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે ગ્રંથથી તો પંચસૂત્ર સમાપ્ત થયું. પણ વ્યાખ્યાનથી પણ પંચસૂત્ર સમાપ્ત થયું.

**ભાવાર્થ :**

પૂર્વમાં બતાવ્યું કે આ ભગવાનની આજ્ઞા સમંતભદ્ર છે, ત્રિકોટી પરિશુદ્ધ

છે અને અપુનર્બંધક આદિ જીવોથી સમજી શકાય તેવી છે, તેથી અપુનર્બંધક જીવ કેવો હોય તે સ્પષ્ટ કરે છે. આ ભગવાનની આજ્ઞા પ્રત્યે જેને પ્રીતિ હોય તેના ઉપરથી જણાય છે કે આ અપુનર્બંધક આદિ જીવ છે, અને ઉપલક્ષણથી આજ્ઞાના શ્રવણની અને આજ્ઞાના અભ્યાસની પ્રીતિથી જણાય છે કે આ અપુનર્બંધક આદિ જીવ છે.

આશય એ છે કે કોઈ ઉપદેશક ભગવાનની આજ્ઞા શું છે તે યથાર્થ રીતે સમજાવતો હોય ત્યારે શ્રોતાના ક્ષયોપશમને સામે રાખીને તે રીતે સમજાવતા હોય, કે જેથી શ્રોતાને ભગવાનની આજ્ઞા કેવી એકાંતે હિતકારી છે તેનો બોધ થઈ શકે; અને તે સાંભળીને જે શ્રોતાને પ્રીતિ ઉત્પન્ન થાય કે, ભગવાને આ સંસાર સાગરને પાર પામવા માટે ઉચિત ઉપાય બતાવ્યો છે અને ખરેખર તેમાં જ યત્ન કરવા જેવો છે, તેના ઉપરથી નક્કી થાય કે આ શ્રોતાને આજ્ઞા પ્રત્યે પ્રીતિ છે. વળી, કોઈક જીવને તેવા કોઈ ઉપદેશક ન મળ્યા હોય, આમ છતાં તે જીવ સંસારથી તરવાની અભિલાષાવાળો હોય, અને સંસાર તરવાના ઉપાયરૂપે ભગવાનનું વચન છે એ પ્રકારે કોઈક રીતે તેણે જાણ્યું હોય, અને તેથી ભગવાનના વચન પરત્વે પ્રીતિ વર્તતી દેખાય, તો જણાય કે આનામાં આજ્ઞાપ્રિયત્વ છે. તેથી તે અવશ્ય અપુનર્બંધક હશે કે સમ્યક્દૃષ્ટિ હશે. જો સ્થૂલબોધપૂર્વક આજ્ઞાની પ્રીતિ હોય તો અપુનર્બંધક છે અને સૂક્ષ્મ બોધપૂર્વક આજ્ઞાની પ્રીતિ હોય તો સમ્યગ્દષ્ટિ છે. વળી, કોઈક જીવ શાસ્ત્ર શ્રવણ કરવામાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવામાં પ્રીતિને ધારણ કરતો હોય, તેથી શાસ્ત્રનો યથાર્થ અર્થ મારે સમજવો છે માટે તે રીતે યત્ન કરે કે જેથી શાસ્ત્રનો સમ્યગ્ બોધ થઈ શકે, અને તેના માટે યોગ્ય ગુરુ કે યોગ્ય ઉપદેશક માટે પણ યત્ન કરે, અને તે રીતે શાસ્ત્રશ્રવણ અને શાસ્ત્રાભ્યાસ કરતો દેખાય અને આજ્ઞા પ્રત્યે તેની પ્રીતિ પણ દેખાતી હોય, તો પણ નક્કી થાય છે કે આ અપુનર્બંધક આદિ છે; કેમ કે શાસ્ત્ર-શ્રવણ કે શાસ્ત્રાભ્યાસની ક્રિયાઓ પણ તે જીવ ઔચિત્યપૂર્વક કરે છે, તેનાથી નક્કી થાય છે કે તે જીવ ભગવાનની આજ્ઞાની આરાધના કરે છે; કેમકે જે જીવોને ભગવાનના વચન પ્રત્યેનું બહુમાન હોય છે તેઓ અવશ્ય વિધિપૂર્વક શાસ્ત્રને સમજવા માટે યત્ન કરે છે. અને જેઓ ઔચિત્યની બાધાથી જેમ તેમ શાસ્ત્ર ભણવા માટે પ્રયત્ન કરે છે, અથવા તો જયાં ત્યાંથી જે તે રીતે શાસ્ત્રશ્રવણ કરે છે, તેઓમાં આજ્ઞાપ્રિયત્વ નથી પણ મોહનો પરિણામ છે, અને તેવા જીવો પ્રસ્તુત શાસ્ત્ર ભણવા માટે યોગ્ય નથી.

ક્વચિત્ કોઈક જીવ અજ્ઞાનને કારણે યથા-તથા રીતે શાસ્ત્ર ભણતો હોય કે

જેની તેની પાસેથી સાંભળતો હોય, આમ છતાં જ્યારે કોઈક શાસ્ત્રવચનથી કે કોઈક ઉપદેશક પાસેથી તેને જાણવા મળ્યું કે આ રીતે તો શાસ્ત્ર ભણવાથી હિત થાય નહિ પરંતુ ઔચિત્યપૂર્વક શાસ્ત્ર ભણવાથી કે શાસ્ત્ર સાંભળવાથી હિત થાય અને તે પ્રમાણે કરવાની તેનામાં રુચિ પ્રગટે તેમ હોય તો તેવા જીવમાં પણ આજ્ઞાપ્રિયત્વ પ્રગટ થવાની યોગ્યતા હોવાથી તે જીવ અપુનર્બંધક છે.

વળી, આજ્ઞાપ્રિયત્વ નિયમથી સંવેગનું સાધક છે. સંવેગ એટલે સંસારના ભૌતિક પદાર્થોથી પર થઈને સર્વ કર્મ રહિત એવા આત્માને પ્રગટ કરવાની ઈચ્છા, આનાથી એ સ્પષ્ટ થાય છે કે જે જીવને મોક્ષની અભિલાષા શાસ્ત્રવચનના શ્રવણથી થતી હોય અને જેમ જેમ શાસ્ત્ર ભણતો જાય તેમ તેમ મોક્ષ પ્રત્યેનું આકર્ષણ વધતું જાય, તે બતાવે છે કે તેનામાં આજ્ઞાની પ્રીતિ છે. અને જેને ભગવાનની આજ્ઞાની પ્રીતિ હોય તે જીવ જેમ જેમ શાસ્ત્ર ભણતો જાય તેમ તેમ મોક્ષનું સ્વરૂપ તેને સ્પષ્ટ સ્પષ્ટતર દેખાય છે, જેથી મોક્ષની ઈચ્છા વધતી જાય છે; કેમ કે મોક્ષ એ પૂર્ણસુખમય અને સર્વ દુઃખથી રહિત એવી જીવની અવસ્થા છે અને તેનો એક ઉપાય આ ભગવાનની આજ્ઞા છે તેવો બોધ થવાથી મોક્ષ સાધવા માટે તે જીવ વિશેષ-વિશેષ ભગવાનના વચન અનુસાર પ્રયત્નશીલ બને છે, તેથી નક્કી થાય છે કે આવો જીવ આ ગ્રંથ ભણવા માટે યોગ્ય છે.

આ રીતે અપુનર્બંધકનું લક્ષણ બતાવ્યા પછી હવે કહે છે કે જે અપુનર્બંધક નથી તેઓને આજ્ઞા આપવી જોઈએ નહિ=ભગવાનનું વચન તેમને આપવું જોઈએ નહિ; કેમ કે તેમને ભગવાનનું વચન આપવાથી તેઓનું અહિત થાય છે. અહીં જિજ્ઞાસા થાય કે આ જીવો અપુનર્બંધક નથી અને સંસારાભિનંદી છે તે કેવી રીતે નક્કી થાય? તેથી કહે છે કે અપુનર્બંધકથી વિપરીત લક્ષણવાળા જે જીવો છે તે સંસારાભિનંદી છે. અને તેવો કેવા છે તે સ્પષ્ટ કરતાં કહે છે કે સદ્જ્ઞાન પ્રત્યે દ્વેષાદિવાળા છે.

આશય એ છે કે જીવ ધર્મ સાંભળવા આવે ત્યારે તેની મુદ્રા માત્રથી ઉપદેશક જાણી શકે નહિ કે આ જીવ સંસાર અભિનંદી છે કે અપુનર્બંધક છે, પરંતુ જ્યારે ઉપદેશક ભગવાનનાં વચનો જીવની ભૂમિકા અનુસાર યોગ્ય જીવોને સમજાવતા હોય, અને જ્યારે કહેવામાં આવે કે, ભગવાનનો ધર્મ આ સંસારથી પર એવી મોક્ષ અવસ્થા માટે કરવાનો છે અને મોક્ષ ભોગના સંક્લેશથી રહિત છે અને મોક્ષમાં રહેલા આત્માઓ જ્ઞાનમય છે અને ઉપદ્રવ વગરની જ્ઞાન અવસ્થા સુખરૂપ છે, આવું વચન સાંભળીને સંસાર અભિનંદી જીવને દ્વેષ થાય છે; કેમ કે તે માને છે કે જ્યાં ભોગો

નથી, જ્યાં અનુકૂળ વિષયો નથી ત્યાં સુખ શું હોય ? માટે સર્વથા સુખ વગરની એવી નિઃસાર અવસ્થા માટે જે શાસ્ત્રવચનો ઉપદેશ આપે છે તે શાસ્ત્રવચનો પણ નિઃસાર છે. આવું જ્યારે શ્રોતાને જણાય ત્યારે નક્કી થાય છે કે આવો જીવ આ શાસ્ત્ર ભણવા માટે અયોગ્ય છે; કેમ કે સદ્દશાસ્ત્ર પ્રત્યે દ્વેષ જ બતાવે છે કે તેઓ ભવાભિનંદી છે.

ભવાભિનંદી જીવોને સદ્દ્જ્ઞાનાદિ પ્રત્યે દ્વેષ થાય છે તેમ પૂર્વમાં બતાવ્યું. હવે ભવાભિનંદી જીવો કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવવા માટે '**उक्तं च**' થી સાક્ષી આપે છે, તેનો અર્થ આ પ્રમાણે છે–

ભવાભિનંદી જીવો પ્રકૃતિથી ક્ષુદ્ર હોય છે, તેથી યોગમાર્ગને સમજી શકે તેવી તેઓની પ્રકૃતિ હોતી નથી. તેનું કારણ એ છે કે તેઓને ભવના કારણરૂપ ભોગોનું આકર્ષણ અતિ છે. જેમ સંસારમાં પણ જે જીવોને ભોગનું આકર્ષણ અતિ હોય તેઓ સ્વાર્થપ્રધાન હોય છે. તેમ ભવાભિનંદી જીવો પણ સ્વાર્થપ્રધાન હોય છે તેથી પરાર્થપ્રધાન એવા યોગમાર્ગને તેઓ સમજી શકતા નથી.

ભવાભિનંદી જીવો સંસારના આકર્ષણથી કવચિત્ સત્શાસ્ત્રો ભણે તો પણ ભોગનો અતિરાગ હોવાના કારણે તેઓ સત્શાસ્ત્રોના પરમાર્થને સમજી શકતા નથી; અને ક્વચિત્ અપુનર્બંધક આદિ જીવોમાં પણ ભોગના રાગને કારણે સ્વાર્થવૃત્તિ દેખાય તેથી તેઓમાં ક્ષુદ્રતા છે એમ લાગે, તો પણ તેઓમાં ભોગનો રાગ ભવાભિનંદી જીવો કરતાં કંઈક ઓછો હોવાથી, ભોગના ત્યાગને બતાવનાર સત્શાસ્ત્રો સાંભળે ત્યારે તેમનામાં ક્ષુદ્રતાનો ભાવ અલ્પ અલ્પતર થતો જાય છે અને ઔદાર્યઆદિ ગુણો પણ પ્રગટવા માંડે છે, તેથી ભોગ પ્રત્યેના તીવ્રરાગવાળા ભવાભિનંદી જીવોમાં જેવી ક્ષુદ્રતા છે તેવી ક્ષુદ્રતા અપુનર્બંધક આદિમાં નથી. આથી જ અપુનર્બંધક જીવો શાસ્ત્રને પામીને યોગમાર્ગમાં કંઈક યત્ન કરીને આગળ વધી શકે છે, જ્યારે ભવાભિનંદી જીવોને ભોગનો રાગ અતિશય હોવાને કારણે સત્શાસ્ત્રો પણ તેમને સમ્યગ્ પરિણમન પામી શકતાં નથી. આથી જ સત્શાસ્ત્રોના વચનો પ્રત્યે તેમને દ્વેષ થાય છે.

વળી, ભવાભિનંદી જીવો લાભમાં રતિવાળા હોય છે અર્થાત્ સંસારના ભૌતિક પદાર્થને પ્રાપ્ત કરવાની લાલસાવાળા હોય છે. જોકે અપુનર્બંધક આદિ જીવોને પણ ભૌતિક પદાર્થો મેળવવાની ઇચ્છા થાય છે, તો પણ ભવાભિનંદી જીવોની જેમ ભોગનું આકર્ષણ નથી, તેથી તેમની ભોગની ઇચ્છા મંદ છે. તેથી ભૌતિક પદાર્થોની ક્યારેક ઇચ્છા થાય છે તો પણ ભૌતિક પદાર્થોના ત્યાગનો ઉપદેશ આપનાર સત્શાસ્ત્રનાં વચનો તેમનો રુચિનો વિષય બને છે.

વળી, ભવાભિનંદી જીવો દીન હોય છે અર્થાત્ સદા કલ્યાણને નહિ જોનારા હોય છે. અહીં દીન શબ્દ ભિખારી આદિના અર્થમાં ગ્રહણ કરવાનો નથી; કેમ કે ક્યારેક ભવાભિનંદી જીવો બાહ્ય સમૃદ્ધિવાળા પણ હોય છે. તો પણ જેમ ભિખારીએ ક્યારેય ઉચ્ચકોટિની ભોગ સામગ્રી જોઇ નથી, તેથી લોકમાં દીન કહેવાય છે, તેમ તત્ત્વને જોવા માટે કારણ બને તેવી અંતરંગ સમૃદ્ધિ ભવાભિનંદી જીવોએ જોઇ નથી, તેથી સદા અકલ્યાણને જોનારા છે. માટે બાહ્યસમૃદ્ધિ વગરના ભિખારી જેમ દીન હોય છે તેમ સર્વથા અંતરંગ સમૃદ્ધિ વગરના ભવાભિનંદી જીવો દીન હોય છે. જ્યારે અપુનર્બંધક આદિ જીવો તો શાસ્ત્રવચન દ્વારા કંઇક કલ્યાણમાર્ગને જોઇ શકનારા છે, માટે તેઓ આ ગ્રંથ ભણવા માટે યોગ્ય છે.

વળી, ભવાભિવનંદી જીવ મત્સરી હોય છે અર્થાત્ બીજાનું કલ્યાણ સહન ન કરી શકે તેવી પ્રકૃતિવાળા હોય છે. આશય એ છે કે ક્વચિત્ ભવાભિનંદી જીવ બીજાનું સારું જોઇને દ્વેષવાળો ન હોય તેવું પણ બને, પણ જે જીવોને ભોગ પ્રત્યે ઘણું આકર્ષણ હોય, તેંવા જીવોનો બીજાની પાસે રહેલી ઘણી ભોગ સામગ્રી જોંઇને ઈર્ષ્યા થાય તેવો સ્વભાવ હોય છે; કેમ કે જેમને ભોગનો રાગ અતિશય હોય તેમને પોતાના કરતાં બીજાની પાસે વધારે ભોગસામગ્રી હોય તો તેઓ સહન કરી શકે નહિ, માટે તેઓને મત્સરી કહ્યા છે.

વળી, ભવાભિનંદી જીવો હંમેશાં ભયવાળા હોય છે. ક્વચિત્ ભવાભિનંદી જીવો શ્રીમંતાઇ કે રાજવૈભવને પામેલા હોય અને અતિ બલિષ્ટ હોય ત્યારે નિર્ભય દેખાય તો પણ મૃત્યુનો ભય, સંપત્તિના નાશનો ભય, રોગનો ભય, આદિ સાત ભયો તેઓને સતત હોય છે, અને આથી તે પ્રકારના સાત ભયોને દૂર કરવામાં પોતાની શક્તિ વાપરતા હોય છે. જ્યારે અપુનર્બંધક જીવોને ભોગાદિનો રાગ કંઇક ઘટેલો હોય છે, તેથી મૃત્યુ આદિનો ભય હોવા છતાં કંઇક સ્વસ્થતાપૂર્વક આત્મહિત સાધવાનો તેઓ પ્રયત્ન કરે છે. જ્યારે ભવાભિનંદી જીવો ક્યારેય ધર્મની પ્રવૃત્તિ કરતા નથી અને ક્વચિત્ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પણ આ સાત ભયથી બચવાના ઉપાયરૂપે તેઓની ધર્મની પ્રવૃત્તિ હોય છે.

વળી, ભવાભિનંદી જીવો શઠ હોય છે અર્થાત્ માયાવી હોય છે; કેમ કે જે જીવોને ભોગનો રાગ અતિશય હોય તેવા જીવો ભોગ મેળવવા માટેનો ઉપાય માયા દેખાય ત્યારે માયા પણ અવશ્ય કરે. ક્વચિત્ કોઇ તેવા નિમિત્તને પામીને માયા ન કરે તો પણ બલવાન ભોગનો રાગ પ્રાયઃ જીવને ભોગના ઉપાયરૂપ દેખાય ત્યારે માયામાં

યત્ન કરાવે. અને અપુનર્બંધક આદિ પણ ક્વચિત્ માયા કરતા હોય તો પણ ભોગનો રાગ શિથિલ હોવાથી તેમની માયા છૂટી જવાની સંભાવના હોય છે તેથી સાનુબંધ માયા હોતી નથી, જ્યારે ભવાભિનંદી જીવો ક્વચિત્ માયા ન કરતા હોય તો પણ બળવાન ભોગનો રાગ સામગ્રી મળતા માયા પેદા કરે તેવી શક્તિવાળો હોય છે. તેથી તેવા ભવાભિનંદી જીવોને શઠ કહેલ છે.

વળી, ભવાભિનંદી જીવો અજ્ઞ હોય છે. ક્વચિત્ મતિજ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર હોય તો મહા બુદ્ધિધન પણ દેખાય, તો પણ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકે તેવી નિર્મળ બુદ્ધિ નહિ હોવાથી મૂર્ખ છે, તેથી દુર્લભ એવા મનુષ્યભવને પામીને પણ ભોગસામગ્રીની પ્રાપ્તિમાં જીવનનું સાફલ્ય જુએ છે. અને ક્વચિત્ ધર્મ પણ કરવાની મનોવૃત્તિ કરે તો પણ ભોગસામગ્રીના ધ્યેયથી ધર્મમાં યત્ન કરે છે, તેથી તત્ત્વને જોવામાં તેઓ મૂર્ખ છે અને આવા જીવો સંસાર પ્રત્યેના બહુમાનવાળા હોય છે અને તેથી સર્વત્ર અતત્ત્વના અભિનિવેશને કારણે નિષ્ફળ આરંભવાળા હોય છે; કેમ કે જે આરંભ સંસારના ઉચ્છેદનું કારણ ન હોય તે સર્વ આરંભ નિષ્ફળ આરંભ છે.

અહીં પ્રશ્ન થાય કે આવા ભવાભિનંદી જીવોને ભગવાનની સદ્આજ્ઞા કેમ આપવી જોઈએ નહિ ? તેથી ગ્રંથકાર કહે છે કે, સંસાર અભિનંદી જીવોના અનુગ્રહ માટે તેમને ભગવાનના વચનરૂપ સદ્આજ્ઞા આપવી જોઈએ નહિ. આશય એ છે કે સંસારઅભિનંદી જીવોને સત્શાસ્ત્રમાં બતાવેલા માર્ગ પ્રત્યે રુચિ થાય તેમ નથી, અને તેથી તેવા જીવોને સત્શાસ્ત્રો સમજાવવામાં આવે તો તેના પ્રત્યે દ્વેષ થવાથી ક્લિષ્ટ કર્મો બાંધે, તેથી દુરંત સંસારનું પરિભ્રમણ થાય; અને કદાચ તેવા કોઈક ભૌતિક પદાર્થના પ્રલોભનથી ધર્મ કરવાની વૃત્તિ થાય, તો પણ મહાઅર્થવાળા એવા ધર્મમાં અલ્પાર્થતાની બુદ્ધિ થવાથી ધર્મની હીનતા કરે છે. તાત્પર્ય એ છે કે ધર્મ પરમ સુખમય એવો મોક્ષ આપવા સમર્થ છે તેવા ધર્મને, કલેશને કરાવનાર એવા તુચ્છ ભોગોના અર્થે કરીને તેઓ ધર્મની હીનતા કરે છે અને સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે. તેથી તેવા જીવોના હિત માટે શાસ્ત્ર ભણાવવાનો નિષેધ કરવામાં આવે છે, અને તેમાં સાક્ષી આપતા '**उक्तं च**' થી કહે છે–

"જેમ નવા તાવમાં ઔષધ તાવની વૃદ્ધિ માટે છે, તેમ અપ્રશાન્ત મતિવાળાને શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન દોષ માટે છે." આશય એ છે કે ભોગોના આકર્ષણને કારણે જેઓનું ચિત્ત કંઈક અંશથી પણ ઉપશાન્ત પામ્યું નથી, તેવા જીવોની મતિ

અપ્રશાન્ત છે, અને તેથી ભોગોને સારરૂપે જુએ છે અને આથી તેવા જીવોને સંસારાભિનંદી કહેવામાં આવે છે. અને આવા જીવોને શાસ્ત્રના પારમાર્થિક ભાવો બતાવવામાં આવે તો શાસ્ત્રવચન પ્રત્યે દ્વેષ થાય છે; કેમ કે બળવાન ભોગનો રાગ ભોગના અભાવરૂપ મોક્ષ પ્રત્યે રુચિ થવા દેતો નથી. વળી, મોક્ષનો ઉપદેશ આપનાર શાસ્ત્ર વચન તેને ગમતું નથી, જે શાસ્ત્ર પ્રત્યેના દ્વેષરુપ છે અને તેઓને શાસ્ત્રનો પરમાર્થ બતાવવા છતાં મોક્ષના ઉપાયભૂત સન્માર્ગ પ્રત્યે વલણ થતું નથી, પરન્તુ મોક્ષમાર્ગ પ્રત્યે વિમુખભાવ અધિક થાય છે. જેમ નવા જ્વરમાં ઔષધ જ્વરની વૃદ્ધિનું કારણ બને છે તેમ સંસારાભિનંદી જીવો પાસે સત્શાસ્ત્રોનું પ્રતિપાદન તેઓના દોષની વૃદ્ધિ માટે થાય છે અને તેમાં દૃષ્ટાન્ત આપે છે–

જેમ કાચા ઘડામાં પાણી નાખવામાં આવે તો ઘડાનો અને પાણીનો વિનાશ થાય છે, તેમ સદ્શાસ્ત્રો ધારણ કરવા માટે અયોગ્ય એવા ભવાભિનંદી જીવોને શાસ્ત્રવચનો આપવામાં આવે તો તે શાસ્ત્રવચન વિપરીત પરિણામ પામવાના કારણે શાસ્ત્રનો અને તે જીવરૂપ આધારનો વિનાશ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સદ્શાસ્ત્ર પરમકલ્યાણનું કારણ છે તેથી ભવાભિનંદીને પણ સદ્આજ્ઞા આપવાથી જે કાંઇ થોડો પણ લાભ થાય તે માટે પણ સદ્આજ્ઞા આપવી જોઇએ પરન્તુ ઉદાર હૈયાવાળા મહાત્માએ ભગવાનના વચન આપવામાં કૃપણતા કરવી જોઇએ નહિ તેથી કહે છે– "અને આ તેઓ પ્રત્યે કરુણા છે અર્થાત્ સદ્આજ્ઞા તેઓને નહિ આપવી તે તેઓના પ્રત્યેની કરુણા છે." આશય એ છે કે સાચી કરુણા તે કહેવાય કે જે તેઓના હિતનું કારણ બને. અહીં પ્રસ્તુતમાં જેનું હૈયું કરુણાવાળું છે તેવા મુનિઓ અયોગ્ય જીવો પ્રત્યેની કરુણાથી તેઓને સત્શાસ્ત્ર આપતા નથી, અને આ રીતે તેઓને સત્શાસ્ત્ર નહિ આપવાથી તેઓના અનર્થનો પરિહાર થાય છે. તેથી આ કરુણા એકાંતે પરિશુદ્ધ છે; કેમ કે તેઓના હૈયામાં તે જીવો પરત્વે કરુણા વર્તે છે કે તેઓનું અહિત ન થાય અને તદ્અર્થે તેઓને શાસ્ત્ર આપતા નથી. તેથી આ શાસ્ત્ર નહિ આપવાની ક્રિયા તે તેઓના અહિતના પરિહારરૂપ જ છે.

"આવી કરુણા કરનાર મહાત્માઓ સમ્યગ્ આલોચનાપૂર્વક કરુણા કરનાર હોવાથી તેઓની કરુણા સત્શાસ્ત્રોની અવિરાધના ફળવાળી છે." આશય એ છે કે, અયોગ્ય જીવો પ્રત્યેના દ્વેષથી મહાત્માઓ અયોગ્ય જીવોને શાસ્ત્ર આપતા નથી

તેમ નથી, પરંતુ તેઓ સમ્યગ્ આલોચન કરે છે કે આ શાસ્ત્ર આપવાથી તેમનું હિત થશે કે નહિ, અને જ્યારે તેઓને જણાય છે કે શાસ્ત્ર હિતનું કારણ હોવા છતાં સામેના જીવને હિતનું કારણ બને તેમ નથી, પરંતુ અહિતનું કારણ બને તેમ છે. આથી મહાત્માઓ તેવા જીવોને શાસ્ત્રનો ઉપદેશ આપતા નથી. માટે તેઓની તે કરુણા શાસ્ત્રના વિરાધનાના ફળવાળી નથી પરંતુ અવિરાધનાના ફળવાળી છે; કેમ કે શાસ્ત્રે તેવા જીવોને સત્શાસ્ત્રો નહિ આપવાની આજ્ઞા કરેલ છે.

"વળી, તેઓની આ કરુણા ગ્લાનને અપથ્ય આપવાના કારણભૂત એવી કરુણાની જેમ કરુણા નથી." આશય એ છે કે કોઈ માંદો માણસ હોય અને વારંવાર અપથ્યની યાચના કરતો હોય, અને કોઈના હૈયામાં કરુણા થાય કે તેને ખાવાની ખૂબ ઇચ્છા છે માટે મારે આપવું જોઈએ, તો તે કરુણા સ્થૂળથી દયાળુભાવરૂપ દેખાય પરંતુ અવિચારકતામાંથી પેદા થયેલી તે કરુણા છે. જ્યારે તેવા સ્થાને કોઈ વિચારક જીવ હોય તો તે માંદા માણસની કરુણાથી તે અપથ્ય માંગે તો પણ તેને આપે નહિ, અને વિચારે કે, જો મારે આ માંદા માણસનું હિત કરવું હોય તો મારે તેને અપથ્ય આપવું જોઈએ નહિ. તેથી જેમ વિવેકવાળાની કરુણા એકાંત પરિશુદ્ધ છે અને વિવેકવગરના જીવની કરુણા વિચાર્યા વિના માંદા માણસના અહિતનું કારણ બને તેવી હોવાથી આભાસિક કરુણા છે તે રીતે જે સાધુઓ વિવેકસંપન્ન છે તેઓ સંસારાભિનંદી જીવો પ્રત્યે હિત બુદ્ધિથી કરુણા કરીને તેઓને સત્શાસ્ત્ર આપતા નથી, અને જેઓ વિવેક વગરના છે તેવા અવિચારક સાધુઓ ભવાભિનંદી જીવો પ્રત્યે કરુણા કરીને તેઓને સત્શાસ્ત્ર આપે છે અને તેઓનો વિનાશ કરે છે. તેથી તેઓની કરુણા આભાસિક કરુણા છે. વિવેકી સાધુ જાણે છે કે ભવાભિનંદી જીવો પાસે સત્શાસ્ત્રોનું પ્રતિપાદન તેઓના માટે દોષરૂપ બને છે, તેથી અધિક અનર્થ નિવારણના આશયથી તેઓને સત્શાસ્ત્ર આપતા નથી. પરંતુ આ અયોગ્ય છે તેમ વિચારીને તેમના પ્રત્યે દ્વેષથી સત્શાસ્ત્રો આપવાનો પરિહાર કરતા નથી, અને આ પ્રકારની વિવેકવાળી કરુણા ભગવાનના વચન પ્રત્યેના બહુમાનના કારણે હોવાથી ઉપદેશકના મોક્ષનું કારણ છે.

આશય એ છે કે જે મહાત્માઓને ભગવાનના વચન પ્રત્યે બહુમાન છે તેવા સાધુઓ જગતના જીવમાત્ર પ્રત્યે કરુણાવાળા છે અને જગતના જીવમાત્રનું એકાંત હિત ઇચ્છે છે તેથી જે જીવોમાં જેવી યોગ્યતા છે તે જીવોને તે પ્રમાણે ઉપદેશ આપે છે અને ભવાભિનંદી જીવોના હિત માટે જ તેમને ઉપદેશ આપતા નથી; કેમ કે

ભગવાને ભવાભિનંદીજીવોને ઉપદેશ આપવાનો નિષેધ કર્યો છે. તેથી વિવેકીસાધુની અયોગ્યજીવોને શાસ્ત્ર નહિ આપવાની પ્રવૃત્તિ પણ ભગવાનના વચન અનુસાર ઉચિત પ્રવૃત્તિરુપ હોવાથી મોક્ષનું કારણ છે.

જે સાધુ આગમના પરમાર્થને જાણતા નથી તેવા સાધુને આવી કરુણા થતી નથી, પરંતુ પરમાર્થને જાણનાર એવા પરિણત આગમવાળા સાધુને આવી વિવેકવાળી કરુણા થાય છે; અને આવા વિવેકવાળા સાધુ ભવાભિનંદી જીવોના ઉપકાર અર્થે સદ્આજ્ઞા આપતા નથી ત્યારે ભગવાન પ્રત્યે બહુમાન વધે છે; કારણ કે ભગવાનના વચનનું સ્મરણ કરીને અયોગ્ય જીવોના ઉપકાર માટે ભગવાનના વચન અનુસાર તેવા મહાત્માઓની શાસ્ત્ર નહિ આપવાની પ્રવૃત્તિ છે. આથી ભગવાનની આજ્ઞાના પાલનના કારણે તેઓની આ સાનુબંધ શુભપ્રવૃત્તિ બને છે, માટે અવશ્ય મોક્ષ સાધક છે; કેમ કે, જેઓ સર્વ પ્રવૃત્તિ ભગવાનના વચન અનુસારે કરે છે, તેઓ જ્યારે યોગ્ય જીવોને શાસ્ત્રના પરમાર્થ બતાવે છે ત્યારે પણ શુભપ્રવૃત્તિ કરે છે, અને અયોગ્ય જીવોને શાસ્ત્રનો પરમાર્થ બતાવતા નથી ત્યારે પણ શુભપ્રવૃત્તિ કરે છે તેથી સાનુબંધ એવી તે શુભ પ્રવૃત્તિ મોક્ષને સાધનારી છે.

આ પ્રવ્રજ્યાફળ સૂત્ર સમાપ્ત થયું. એ રીતે પાંચમાસૂત્રની વ્યાખ્યા સમાપ્ત થઈ.
વ્યાખ્યાનથી પણ પંચસૂત્રગ્રંથ સમાપ્ત થયો.

**ઉત્થાન :**

ટીકાનું અંતિમ મંગલ કરે છે–

**ટીકા :**

**नमः श्रुतदेवतायै भगवत्यै । सर्वनमस्कारार्हेभ्यो नमः । सर्ववन्दनार्हान्वन्दे। सर्वोपकारिणामिच्छामो वैयावृत्यम् । सार्वानुभावादौचित्येन मे धर्मे प्रवृत्तिर्भवतु । सर्वे सत्त्वाः सुखिनः सन्तु, सर्वे सत्त्वाः सुखिनः सन्तु, सर्वे सत्त्वाः सुखिनः सन्तु ॥**

**। पञ्चसूत्रकटीका समाप्ता ।**

**कृतिः सिताम्बराचार्यहरिभद्रस्य, धर्मतो याकिनीमहत्तरासूनोः ।**

। ग्रन्थाग्रमनुष्टुप्छन्दोद्देशतः शतान्यष्टावशीत्यधिकानि ८८०।

**ટીકાર્થ :**

ભગવાન શ્રુતદેવતાને નમસ્કાર કરું છું. સર્વ નમસ્કાર યોગ્યને નમસ્કાર કરું છું. સર્વ વંદન યોગ્યને વંદન કરું છું. સર્વ ઉપકારીઓના વૈયાવચ્ચને ઇચ્છું છું. સર્વના અનુભાવથી=સર્વની કૃપાથી, ઔચિત્યપૂર્વક મારી ધર્મની પ્રવૃત્તિ થાઓ. સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો સુખી થાઓ.

**પંચસૂત્રની ટીકા સમાપ્ત થઈ.**

**ધર્મથી યાકિની મહત્તરા સાધ્વીના પુત્ર એવા શ્વેતામ્બર આચાર્ય હરિભદ્રની કૃતિ છે.**

**અનુષ્ટુપ્છન્દના ઉદ્દેશથી ગ્રંથનું પ્રમાણ આઠસો અધિક એંસી=૮૮૦ શ્લોક પ્રમાણ છે.**

**ભાવાર્થ :**

પંચસૂત્ર ગ્રંથ વ્યાખ્યાનથી સમાપ્ત થયા પછી ટીકાકાર આખા ગ્રંથની ટીકાની સમાપ્તિમાં મંગલાચરણ કરે છે, ત્યાં સૌ પ્રથમ ભગવાન શ્રુતદેવતાને નમસ્કાર કરે છે. શ્રુતદેવતા એટલે ભગવાનના વચન સ્વરૂપ શ્રુતજ્ઞાન અને તેને નમસ્કાર કરવાથી પોતાની શ્રુત પ્રત્યેની ભક્તિ વધે છે અને તે ભક્તિથી પોતાનું કલ્યાણ થાય છે, તેથી સૌથી પ્રથમ શ્રુતદેવતાને નમસ્કાર કરે છે. સૌ પ્રથમ શ્રુતદેવતાને નમસ્કાર કરવા પાછળ ગ્રંથકારનો આશય, પ્રસ્તુત શ્રુતગ્રંથ પ્રત્યેની પોતાની ભક્તિ અતિશયિત કરીને શ્રુતને સમ્યગ્ પરિણમન પમાડવાનો છે. એટલું જ નહિ પણ આ શ્રુત યોગ્ય જીવોને પણ પરંપરાએ સમ્યગ્ પરિણમન પામે કે જેથી જગતના જીવો પર ઉપકાર થાય; કેમ કે ગ્રંથના અંતમાં કરાયેલો નમસ્કાર હંમેશા ગ્રંથની અવિચ્છિન્ન પરંપરા ચાલે તે અર્થે હોય છે. તે પ્રમાણે યોગ્ય જીવોને આ ગ્રંથ અવિચ્છિન્નપણે પરિણમન પામ્યા કરે તેવા આશયથી ગ્રંથકારે આ ગ્રંથના અંતમાં શ્રુતદેવતાને નમસ્કાર કરેલ છે.

વળી, શ્રુતદેવતાને નમસ્કાર કર્યા પછી નમસ્કારકરવાયોગ્યએવા સર્વજીવોને નમસ્કાર કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો મોક્ષને પામ્યા છે કે મોક્ષ પામવા માટે મોક્ષમાર્ગમાં યત્ન કરી રહ્યા છે તેવા સર્વ જીવોને નમસ્કાર કરવાથી મોક્ષ અને મોક્ષમાર્ગ પ્રત્યે બહુમાનભાવ વધે છે, જે પરમકલ્યાણનું કારણ છે.

આ રીતે ગ્રંથકાર સર્વ નમસ્કારયોગ્યજીવોને નમસ્કાર કર્યા પછી પણ સંતોષ ન પામવાથી સર્વ વંદનયોગ્યજીવોને વંદન કરે છે. જોકે જેઓ નમસ્કાર કરવાયોગ્ય છે તેઓ જ વંદન કરવા યોગ્ય છે, તો પણ નમસ્કારયોગ્યને નમસ્કાર માત્ર કરવાથી ટીકાકારને સંતોષ ન થયો તેથી તેઓના વંદનયોગ્ય પર્યાયને ઉપસ્થિત કરીને તેઓને વંદન પણ કરે છે, જેથી ભાવનો પ્રકર્ષ થાય.

આ રીતે શ્રુતદેવતાને અને નમસ્કારયોગ્યજીવોને નમસ્કાર કર્યા પછી અને વંદન કર્યા પછી ભાવની વૃદ્ધિ અર્થે સર્વ ઉપકારી જીવોના વૈયાવચ્ચને ઇચ્છે છે અર્થાત્ ભક્તિને ઇચ્છે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરોએ આ માર્ગનું સ્થાપન કરીને જે ઉપકાર કર્યો છે, અને તીર્થંકરોએ બતાવેલો જે માર્ગ ગણધર આદિ પુરુષોએ યોગ્ય જીવોને પ્રદાન કર્યો છે, અને તેની અવિચ્છિન્ન પરંપરાથી પોતાને જે માર્ગ મળ્યો છે, તે સર્વ પોતાના ઉપકારી છે. અને તેઓના પ્રત્યે હૈયામાં ઊઠેલી ભક્તિથી ગ્રંથકાર મંગલાચરણ કરતાં કહે છે કે તે સર્વેની હું ભક્તિ કરવાને ઇચ્છું છું. આ પ્રકારની ભાવનાથી પોતાનામાં કૃતજ્ઞતા ગુણ વિકસે છે, અને સર્વ ઉપકારીઓ દ્વારા પરંપરાથી આ ગ્રંથ પોતાને જે પ્રાપ્ત થયો તેના કારણે તેની પ્રાપ્તિના કારણભૂત એવા સર્વ ઉપકારીનું સ્મરણ કરે છે અને તેમની ભક્તિ કરવાનો અભિલાષ કરે છે, જેથી તેમનાથી પ્રાપ્ત થયેલું આ શ્રુત સમ્યગ્ પરિણમન પામે.

વળી, ઉપર દર્શાવ્યા એટલા શુભ ભાવ કર્યા પછી પણ સંતોષ નહિ થવાથી ગ્રંથકાર અભિલાષ કરે છે કે, આ સર્વ ઉપકારીના અનુભાવથી મારી ધર્મની પ્રવૃત્તિ ઉચિત થાઓ. આનાથી એ પ્રાપ્ત થાય કે, જે તીર્થંકરોએ આ સન્માર્ગ સ્થાપ્યો તે ભગવાન વીર પોતાના પરમ ઉપકારી છે, અને તેમનો બતાવેલો માર્ગ પોતાના સુધી જે આચાર્યોએ પહોંચાડ્યો છે તે સર્વ પોતાના ઉપકારી છે. અને તે સર્વ ઉપકારીઓને યાદ કરીને ટીકાકાર ઇચ્છે છે કે તે સર્વની કૃપાથી મારી ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ ધર્મમાં થાઓ. આનાથી એ અભિવ્યક્તિ થાય છે કે ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ અતિદુષ્કર છે, આમ છતાં, ઉપકારીઓની કૃપાથી તે સંભવિત છે. માટે તેઓના ઉપકારને યાદ કરીને ગ્રંથકાર અભિલાષ કરે છે કે ઉપકારીઓની કૃપાથી તેમનાં વચનો મને તે રીતે પરિણમન પામો કે જે રીતે પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ કરવાનું ગ્રંથકારે વિધાન કર્યું છે, જેથી પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિ કરીને હું આ સંસારસાગરથી પાર પામું.

આશય એ છે કે પ્રસ્તુત ગ્રંથ ગ્રંથકારે પોતાની મતિથી કરેલ નથી. આથી જ, શરૂઆતમાં પ્રથમ પંચસૂત્રમાં જ કહેલ છે કે **"जे एवमाइक्खंति"** તેથી એ ફલિત થાય કે સર્વજ્ઞના વચન અનુસાર આ ગ્રંથ નિર્માણ થયેલો છે અને સુવિહિત પરંપરાથી પોતાના સુધી પહોંચ્યો છે. અને તેઓની પોતાના ઉપર કૃપા વર્તે તો આ ગ્રંથમાં જે દિશા બતાવી છે તે દિશામાં ઉચિત પ્રવૃત્તિ કરીને પોતે પોતાનામાં ધર્મ નિષ્પન્ન કરી શકે; કેમ કે સદ્ધર્મની પ્રવૃત્તિ અતિદુષ્કર છે, અને આવા અભિલાષના બળથી સંચિત થયેલી શક્તિથી સંભવિત પણ છે.

આ રીતે, ટીકાના અંતમાં ટીકાકારે કરવા જેવું મંગલાચરણ કર્યું અને કરવા જેવી ઉત્તમ ભાવનાઓ પણ કરી, અને તે ભાવનાના પ્રકર્ષ અર્થે અંતે અભિલાષ કરે છે કે "જગતના સર્વ જીવો સુખી થાઓ" અને તે ભાવનાને અતિશયિત કરવા અર્થે ટીકાકાર તે શબ્દો પુનઃ પુનઃ ત્રણ વાર ઉચ્ચારે છે, જેથી જગતના જીવમાત્રની હિતની કામના પોતાનામાં પ્રકર્ષવાળી થાય. વળી જગતના જીવોનું હિત સર્વજ્ઞના વચનના પરિણમનથી થાય છે, તેવું ગ્રંથકારની બુદ્ધિમાં સંસ્થિત છે. તેથી 'સર્વ જીવો સુખી થાઓ' એ કથન દ્વારા એ અભિલાષ વ્યક્ત કરે છે કે જગતના જીવોને આ ભગવાનનું શાસન સમ્યક્ પ્રાપ્ત થાય કે જેથી જગતના જીવમાત્ર સુખી થાય.

પંચસૂત્રની ટીકા સમાપ્ત થઈ.

સાધુધર્મથી ભાવિત થયેલા મુમુક્ષુ માતા-પિતાદિ પ્રત્યેના ઉચિતકૃત્યો કરીને વિધિપૂર્વક સંયમગ્રહણ કરે તો અવશ્ય સામાયિક ઉચ્ચરાવતાની સાથે ભાવથી પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિ પરિણમન પામે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત સાધુ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા પ્રતિક્ષણ સંયમના કંડકની વૃદ્ધિને પ્રાપ્ત કરે અને બારમાસના સંયમપર્યાયથી અનુત્તરવાસીના સુખ કરતાં પણ અધિક સુખનો અનુભવ થાય તેવી તેજોલેશ્યાને પ્રાપ્ત કરે અને કોઈક જીવ તે જ ભવમાં કેવળજ્ઞાન પામે અને કોઈક જીવ તે ભવમાં કેવળજ્ઞાન ન પામે તો ઉત્તરોત્તર ઉત્તમભવોને પ્રાપ્ત કરીને તીર્થંકરઆદિ ભવની પ્રાપ્તિવાળા ચરમભવની પ્રાપ્તિ કરે છે.

અંતે, પૂર્ણસુખમય મોક્ષને પ્રાપ્ત કરે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૬૬૦૪૯૧૧

Printed by : SURYA OFFSET Ph. : 3732366
Title Designed by : JINESHWAR, (M) 98240 15514